*અભિનવ હેમ લઘુપ્રક્રિયાને સર્જનયાત્રાનું આરંભ બિંદુ ગણીએ તો મારી આ યાત્રા બાવીશ વરસની થઈ. આટ આટલા વરસોથી લખું છું. છતાં ગ્રંથસ્થ કૃતિઓની સંખ્યાથી કોઈને આંજી શકું તેમ નથી. વરસો કે ગણિતનો મેળ બેસાડવા પ્રયત્ન પણ કર્યો નથી. મારાથી થાય એ રીતે શબ્દની સાધના કરી રહ્યો છું. શબ્દની આંગળી ઝાલી જ્યાં–જ્યાં હું ગયો છું એ મુકામોનો હિસાબ હવે ૨૪૭ પ્રકાશનોએ પહોંચે છે. આયુષ્ય કર્મ અને દેહનામ કર્મ આદિનો સથવારો રહે તો હજી શબ્દોના સંગાથે વધુને વધુ પંથ કાપવાની ભાવના ભાવું છું. જે કંઈ લખ્યું છે એ ફરી વાંચવાનો સમય ન મળે એવી તાણ વચ્ચે જીવવાનું થયું છે. શ્વાસ લઉં છું કે વિચરું છું ત્યારે નહીં, પણ કંઈક લખી શકું છું ત્યારે જ જીવું છું. છતાંયે લખવામાં સમગ્ર જીવનનો વ્યાપ આવી જાય છે, એવા ભ્રમમાં પણ નથી. હા, આ સર્જન એ પ્રાણવાયુ સમ જરૂર બની રહે છે.*

**આગમ સાધનામાં આઠેક વર્ષ પસાર થયા છે** અને આગમ સંબંધી આ **નવમું વિરાટ પ્રકાશન** આપ સૌના કરકમલોનો સ્પર્શ પામી રહ્યું છે. આગમ શ્રુતના ચાર મુખ્ય અનુયોગમાં આ **કથાનુયોગ** સંબંધી સર્જન છે જેમાં મૂળ આગમોની સાથે તેની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામ અંગોનો સમાવેશ કરી કથાઓનું સંકલન, ગોઠવણી અને (પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાંથી) ગુજરાતી અનુવાદ કરેલ છે. જેને મુખ્ય દશ વિભાગો દ્વારા છ પુસ્તકોમાં ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં રજૂ કરું છું.

વર્તમાન કાળે સ્વીકૃત પીસ્તાળીશ આગમો અને તેના વૃત્ત્યાદિનો આધાર લઈને સંકલિત કરાયેલ આ આગમ કથાનુયોગમાં જો કથાને ધ્યાનથી વાંચવામાં આવે તો તેમાં દ્રવ્યાનુયોગ તથા ચરણકરણાનુયોગ પણ ગુંથાએલો નજરે પડે છે. જો કથાને મનન કરી તેના નિષ્કર્ષોને ચિંતવવામાં પુરુષાર્થ થાય તો અદ્‌ભુત સત્યો અને તત્ત્વોથી આત્મા વૈરાગ્ય વાસિત થતો રહે અને ચિત્તતંત્રને ચોંટ આપે તેવો સમર્થ છે.

**આગમસાહિત્યમાં** જ – નાયાધમ્મકહા, ઉવાસગદસા, અંતગડદસા, અનુત્તરોપપાતિકદસા, વિપાકસૂત્ર, નિરયાવલિકા, કલ્પવતંસિકા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા અને વણ્હિદસા એટલા આગમસૂત્રો તો પ્રત્યક્ષતયા કથાનુયોગનું પ્રાધાન્ય ધરાવે જ છે. જ્યારે ઉવવાઈ અને રાયપ્પસેણિય એ બંને આગમોમાં દ્રવ્યાનુયોગ અને ચરણાનુયોગની ગુંથણી હોવા છતાં પ્રધાનતા તો કથાનુયોગની જ છે. વળી વિશાળકાય રૂપ ધરાવતા ભગવતીજી અંગ સૂત્રોમાં અનેક કથાઓ વણી લેવામાં આવી છે. તો ઉત્તરાધ્યયન સૂત્ર પણ કથાથી સમૃદ્ધ બનેલ છે.

સમવાય અંગસૂત્ર ઉત્તમપુરુષોના ચરિત્રોમાં અનેક પૂરક માહિતી પૂરી પાડે છે. તો આચારાંગને જોયા વિના ભગવંત મહાવીરના કથા અણસ્પર્શી જ રહે. દ્રવ્યાનુયોગ

પ્રાધાન્ય છતાં આર્દ્રકુમાર આદિ માટે સૂયગડાંગ જોવું જ રહ્યું અને પદાર્થોની એકથી દશની ગણના છતાં ઠાણાંગ સૂત્રની વૃત્તિમાં કથા તો મળે જ છે. ગણિતાનુયોગ પ્રાધાન્ય છતાં જંબૂદ્વીપપન્નત્તિ સૂત્ર વિના ભગવંત ઋષભનું ચરિત્ર અને ભરતચક્રવર્તી કથા અધૂરી જ રહી હોત. તો જીવ–અજીવ આદિ પદાર્થોની પ્રજ્ઞાપના કરતા જીવાજીવાભિગમની વૃત્તિ પણ ક્યાંક ક્યાંક કથાઓનું દર્શન કરાવવાનું ચૂક્યું નથી.

ચાર મૂળસૂત્રોમાં આવશ્યક સૂત્રની પંચાંગી તો લખલુંટ ખજાના જેવું છે. આગમોમાં સૌથી વિપુલ સાહિત્ય જો ક્યાંય પ્રાપ્ત થતું હોય તો તે છે આવશ્યકસૂત્રના ચૂર્ણિ–વૃત્તિ–ભાષ્ય અને નિર્યુક્તિ. તેની સાથે સાથે ઓઘ અને પિંડનિર્યુક્તિ પણ આચારની સમજ આપતી વેળા વિવિધ દોષોનો નિર્દેશ કરતા અનેક દૃષ્ટાંતો પૂરા પાડે જ છે. પણ જો દૃષ્ટાંતમાળાની ગુંથણી જ કરવી હોય તો નિશીથ, બૃહત્કલ્પ, વ્યવહાર અને જીતકલ્પ સૂત્રના ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ જેટલી વિપુલ માહિતી તો અંગસૂત્ર અને ઉપાંગસૂત્રો પણ પૂરી પાડતા નથી. મહાનિશીથ સૂત્ર તો સચોટ કથાના વૈભવરૂપ છે જ. તો દસાસુયકખંધ છેદસૂત્ર એ શ્રેણિક–ચેલ્લણા દ્વારા ભગવંત વંદનાર્થે જતા શ્રાવકોની ઋદ્ધિનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડેલ છે. નંદી આદિ ચૂલિકા સૂત્ર પણ કથાનકથી અણસ્પર્શ્યા નથી જ તો પયન્ના સૂત્ર પણ કથાનો અંગુલિ નિર્દેશ તો કરે જ છે.

આટલા બધાં આગમોમાં કથાઓના વર્ણનથી આપણે સહેજે એવો વિચાર સ્ફૂરે કે, અધધ ! આટલું કથાસાહિત્ય છે આપણી પાસે ? તો તમને ભગવંતના શાસનકાળ વખતના એક માત્ર નાયાધમ્મકહા સૂત્ર સુધી અવશ્ય દોરી જવા પડશે. જ્યારે **નાયાધમ્મકહા સૂત્રનું કદ ૫,૭૬,૦૦૦ શ્લોક પ્રમાણ હતું ત્યારે તેમાં નાની–મોટી થઈને સાડા ત્રણ કરોડ કથાઓ હતી.** આ તો થઈ માત્ર એક જ અંગસૂત્રની વાત. બીજા સૂત્રોમાં આવતી કથાઓ તો અલગ. તેની સામે અમે વર્તમાનકાલીન આગમોમાં પીસ્તાળીશે આગમ, તેની પ્રાપ્ત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ આદિ બધું જ સાહિત્ય એકઠું કરીને એક–એક પાત્રની માહિતીને એક જ સ્થાને સંગૃહિત કરી તો પણ મળ્યા માત્ર ૮૫૨ કથાનક અને ૧૮૭ દૃષ્ટાંતો. ખેર ! છેદસૂત્રો અને આવશ્યક સૂત્રનું વિવેચન સાહિત્ય ફંફોસતા દૃષ્ટાંતોની સંખ્યા હજી વધી શકે છે. પણ ક્યાં સાડા ત્રણ કરોડનું કથા સાહિત્ય અને ક્યાં આજે મળતી માંડ–માંડ હજાર–બારસો કથાઓ !!!

તો પણ મને સંતોષ છે કે, પૂજ્યપાદ્ આગમોદ્ધારક શ્રી આનંદસાગર સૂરિશ્વરજીના અધૂરા રહી ગયેલા સ્વપ્નોને પરિપૂર્ણ કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું અને અનેકાનેક પૂજ્ય શ્રી, શ્રમણીવૃંદ અને શ્રુતપ્રેમીઓના દ્રવ્યભાવયુક્ત સહકાર, પ્રેરણા, ભાવના, આશીર્વાદ અને પ્રાર્થનાઓના પ્રેરકબળોથી ગણધર કૃત્ શબ્દોને પુનઃ શબ્દદેહ અર્પી કિંચિત્ ચેતના પૂરી શક્યો છું.

– મુનિ દીપરત્નસાગર

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
શ્રી આનંદ ક્ષમા લલિત સુશીલ સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમ–કથાનુયોગ–૬

## ખંડ-૬ દેવ–દેવી કથાનક

આગમ કથાનુયોગનો આ છટ્ઠો ખંડ છે. આ ખંડમાં દેવો અને દેવીઓની કથા છે. જો કે તેમાં સ્વતંત્ર કથાનકનું પ્રમાણ ઓછું છે અને પૂર્વ ભવે થયેલ શ્રમણ અથવા શ્રમણીઓ પછી દેવ કે દેવી થયા હોય. ત્યારપછી તેઓ ભગવંતની પર્યુપાસના કરવા અથવા નૃત્યવિધિ પ્રદર્શિત કરવા અથવા કોઈ–કોઈને પ્રતિબોધ કરવા આવ્યા હોય – તેવી તેવી કથાઓના સંદર્ભો વિશેષ છે.

દેવ અને દેવીઓના ચાર વિભાગ મેં આગમોમાંથી તારવેલા છે.

– (૧) દેવ કે દેવી – જે સ્વતંત્ર કથાનક રૂપે વિસ્તારથી કે સંક્ષેપથી હોય.

– (૨) દેવ કે દેવી – જેનો નામોલ્લેખ તો હોય, પણ તેની કોઈ કથા ન હોય.

– (૩)મૃત્યુ કે કાળધર્મ પામીને દેવ થયા હોય તેવો માત્ર ઉલ્લેખ હોય.

– (૪) જેમનો માત્ર પિશાચ કે અન્ય કોઈ દેવરૂપે ઉલ્લેખ હોય પણ તેનું નામ ક્યાંય ન હોય તેવા દેવો

..... જેમના વિસ્તાર કે સંક્ષિપ્ત કથાનક છે, તેમાં શક્યતઃ કથાઓ અથવા તે–તે કથાના સંદર્ભોનો આ વિભાગમાં સમાવેશ કરેલ છે. જેમકે – વિજય દેવ.

..... જેમનો માત્ર ઉલ્લેખ છે, તેવા દેવ કે દેવી – જેમકે અંબ, અંબરિસ આદિ પરમાધામી દેવો, અન્નજૃંભક આદિ જૃંભક દેવો, ઉત્તરકુરુ આદિ ક્ષેત્રાધિપતિ દેવો, અંગારક આદિ ૮૮ ગ્રહ દેવો..... આવા આવા દેવોના માત્ર ઉલ્લેખ છે. તેની કોઈ કથા–વિશેષ નથી. તો આવા દેવોનો આ કથાનુયોગમાં સમાવેશ કર્યો નથી.

..... જે કથાઓમાં માત્ર ઉલ્લેખ હોય કે અમુક વ્યક્તિ જેમકે આનંદ, સુલસા આદિ મૃત્યુ પામીને દેવ થયા કે ધર્મરુચિશ્રમણ, દ્રૌપદી શ્રમણી આદિ કાળધર્મ પામીને દેવ થયા. પણ દેવ કે દેવીરૂપે જન્મ્યા પછી દેવ કે દેવીના ભવ સંબંધી કોઈ જ કથાનક ન હોય તો તેવા દેવ–દેવીનો પણ આ વિભાગમાં અલગ કોઈ નિર્દેશ કર્યો નથી.

..... માત્ર ઉપસર્ગ કરવા આવેલ કોઈ દેવ કે પિશાચ આદિ હોય અથવા ઉલ્લેખ હોય પણ તેનું નામ ન હોય – જેમકે સુલસાની પરીક્ષા કરવા આવેલ દેવ, કામદેવને ઉપસર્ગ કરેલ દેવ આદિ, તો આવા આવા દેવોનો અહીં અલગ ઉલ્લેખ નથી કર્યો.

એક મર્યાદા સ્વીકાર :–

કથાઓના સંકલન વખતે તેમના–તેમના દેવભવની વિશેષતા દર્શાવતી કથાઓમાંથી સંભવતઃ નામો કે ઉલ્લેખો મેં જુદા નોંધ્યા હતા જ. તો પણ કેટલાંક દેવ–દેવીઓના અતિ સામાન્ય કે સંક્ષિપ્ત ઉલ્લેખો જ આવ્યા હોય તો તેવા નામો દૃષ્ટિપથની બહાર જતાં આ વિભાગમાં નોંધ ન પામ્યા હોય તેવું બન્યાનો પૂર્ણ સંભવ છે. અલબત આગમ કથાનુયોગમાં આવી કથા તો છૂટી નથી જ ગઈ. માત્ર આ વિભાગમાં નામોલ્લેખ ન થયો હોય તેમ બની શકે.

**૦ વિજયદેવ કથા :-**

જંબૂદ્વીપમાં ચાર દ્વાર છે – તે આ પ્રમાણે વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. – x – x – x – હે ભગવન્ ! વિજય દ્વારને વિજય દ્વાર કેમ કહે છે ? હે ગૌતમ ! વિજયદ્વારમાં વિજય નામનો મહર્દ્ધિક, મહાદ્યુતિવાળો – યાવત્ – મહાન્ પ્રભાવવાળો અને એક પલ્યોપમની સ્થિતિવાળો દેવ રહે છે.

આ વિજયદેવ ૪૦૦૦ સામાનિક દેવો, ચાર સપરિવાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદાઓ, સાત અનીકો, સાત અનીકાધિપતીઓ અને ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોનું વિજયદ્વારનું, વિજય રાજધાનીનું અને અન્ય ઘણાં જ વિજય રાજધાનીના નિવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય કરતો – યાવત્ – દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરતો હતો. આ કારણથી હે ગૌતમ ! વિજયદ્વારને વિજયદ્વાર કહેવાય છે. અથવા હે ગૌતમ ! વિજયદ્વારનું આ નામ શાશ્વત છે.

**૦ વિજયા રાજધાની :-**

હે ભગવન્ ! વિજયદેવની વિજયા નામની રાજધાની ક્યાં છે ? હે ગૌતમ ! વિજયદ્વારની પૂર્વમાં તિર્છા અસંખ્ય દ્વીપ–સમુદ્રોને પાર કર્યા પછી અન્ય જંબૂદ્વીપમાં બાર યોજન ગયા પછી છે. આ રાજધાની ૧૨,૦૦૦ યોજન લાંબી–પહોળી તથા ૩૭,૯૪૮ યોજનથી કંઈક અધિક પરિધિ છે. તે વિજયા રાજધાની ચારે તરફથી એક પ્રાકાર દ્વારા ઘેરાયેલી છે. તે પ્રાકાર સાડા સાડત્રીશ યોજન ઊંચો છે. તેનો વિષ્કંભ મૂળમાં સાડા બાર યોજન, મધ્યમાં છ યોજન, એક કોસ અને ઉપર ત્રણ યોજન અડધો કોસ છે. આ રીતે તે મૂળમાં વિસ્તૃત, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર પાતળી છે. તે બહારથી ગોળ અને અંદરથી ચોરસ તથા ગાયની પૂંછના આકારે છે. તે સર્વ સ્વર્ણમય છે, સ્વચ્છ છે – યાવત્ – પ્રતિરૂપ છે. તે પ્રાકાર વિવિધ પ્રકારના પંચવર્ણી કપિશીર્ષકોથી સુશોભિત છે. તે આ પ્રમાણે – કૃષ્ણ – યાવત્ – સફેદ. તે કાંગરા લંબાઈમાં અડધો કોશ, પહોળાઈમાં ૫૦૦ ધનુષ્, ઊંચાઈમાં કંઈક ન્યૂન અડધો કોશ છે.

**૦ વિજયા રાજધાની સંબંધી વર્ણનનો સંક્ષેપ :-**

*(અહીં વિજયદેવના મુખ્ય અધિકારને આશ્રીને કથા હોવાથી વિજયા રાજધાની સંબંધી ભૌગોલિક વર્ણનનો સંક્ષેપ કરેલ છે. જિજ્ઞાસુઓ જીવાજીવાભિગમ સૂત્ર–૧૭૩ માં વિસ્તૃત વર્ણન જોઈ શકે છે.)*

વિજયા રાજધાનીની એક–એક બાહામાં ૧૨૫–૧૨૫ દ્વાર છે. તે દ્વારોની બંને તરફ નૈષેધિકાઓમાં બબ્બે ચંદન કળશ પરિપાટી છે ઇત્યાદિ. તે દ્વારોની બંને તરફની નૈષેધિકાઓમાં બબ્બે પ્રકંઠક છે. તે પ્રકંઠકો ઉપર પ્રત્યેક પર અલગ–અલગ પ્રાસાદાવતંસક છે, તે વિજ્યારાજધાનીની ચારે દિશાઓમાં ૫૦૦–૫૦૦ યોજનના અપાંતરાલ છોડ્યા પછી ચાર વનખંડ છે. આ પ્રત્યેક વન એક–એક પ્રાકારથી પરિવેષ્ઠિત છે – યાવત્ – ત્યાં અનેક વાણવ્યંતર દેવ–દેવીઓ રહે છે, સુવે છે, ઊભે છે, બેસે છે, પડખાં બદલે છે, રમણ કરે છે, લીલા કરે છે, ક્રીડા કરે છે – યાવત્ – પોતાના કલ્યાણકારી ફળવિપાકનો અનુભવ કરતા વિચરે છે.

તે વનખંડોના ઠીક મધ્યભાગમાં અલગ–અલગ પ્રાસાદાવતંસક છે. તે–તે

પ્રાસાદાવતંસકોની ઠીક મધ્યમાં સિંહાસન છે. ત્યાં ચાર દેવ રહે છે, જે મહર્દ્ધિક – યાવત્ – પલ્યોપમની સ્થિતિવાળા છે. વિજય રાજધાનીની અંદર બહુસમરમણીય ભૂમિભાગ છે. તે બહુસમરમણીય ભૂમિભાગના મધ્યમાં એક મોટું ઉપરિકાલયન છે. તે ઉપરિકાલયનની ઉપર બહુસમરમણીય ભૂમિભાગ છે. તે બહુસમરમણીય ભૂમિભાગના ઠીક મધ્યમાં એક મોટો મૂલ પ્રાસાદાવતંસક છે. તે પ્રાસાદાવતંસકના ઠીક મધ્ય ભાગમાં એક મોટી મણિ-પીઠિકા છે. તેના ઉપર એક મોટું સિંહાસન છે.

**૦ વિજયદેવની સુધર્માસભા :–**

તે મૂલ પ્રાસાદાવતંસકની ઉત્તર–પૂર્વમાં વિજયદેવની સુધર્માસભા છે, જે સાડા બાર યોજન લાંબી, સવા છ યોજન અને એક કોશ પહોળી તથા નવ યોજન ઊંચી છે. તે સેંકડો સ્તંભ પર સ્થિત છે. તેની વજ્રવેદિકા પ્રાસાદીય અને દર્શનીય છે. શ્રેષ્ઠ તોરણ પર રતિ ઉત્પન્ન કરનારી શાલભંજિકાઓ છે. સુસંબદ્ધ, પ્રધાન અને મનોજ્ઞ આકૃતિવાળા પ્રશસ્ત વૈડૂર્યરત્નના નિર્મળ તેના સ્તંભ છે. તેનો ભૂમિભાગ વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્નોથી ખચિત છે. તેના સ્તંભો વજ્રમય વેદિકાયુક્ત હોવાથી સુંદર લાગે છે – x x – x – તે સુધર્માસભા અપ્સરાઓના સમુદાયથી વ્યાપ્ત છે યાવત્ પ્રતિરૂપ છે.

તે સુધર્માસભાની ત્રણ દિશાઓમાં ત્રણ દ્વાર છે તે દ્વારની આગળ મુખમંડપ છે. તે મુખમંડપોની આગળ અલગ–અલગ પ્રેક્ષાઘર મંડપ છે તેના ઠીક મધ્યભાગમાં અલગ–અલગ વજ્રમય અક્ષપાટક છે. તે વજ્રમય અક્ષપાટકના ઠીક મધ્યભાગમાં અલગ–અલગ મણિપીઠિકા છે. તે મણિપીઠિકાઓ ઉપર અલગ–અલગ સિંહાસન છે.

તે પ્રેક્ષાઘર મંડપોની આગળ ત્રણ દિશાઓમાં ત્રણ મણિપીઠિકા છે. તે મણિપીઠિકાઓ ઉપર અલગ–અલગ ચૈત્યસ્તૂપ છે. – x – x – x – તે ચૈત્યસ્તૂપની ચારે દિશાઓમાં અલગ–અલગ ચાર મણિપીઠિકા છે. તે ચારે પર અલગ–અલગ ચાર જિન (અરિહંત)ની પ્રતિમા છે. જે જિનોત્સેધ પ્રમાણ છે, પર્યંકાસને બેઠેલી છે તેનું મુખ સ્તૂપ તરફ છે. આ અરિહંતના નામ – ઋષભ, વર્ધમાન, ચંદ્રાનન અને વારિષેણ છે.

તે ચૈત્યસ્તૂપોની આગળ ત્રણ દિશાઓમાં અલગ–અલગ મણિપીઠિકા છે. તે મણિપીઠિકાઓની ઉપર અલગ–અલગ ચૈત્યવૃક્ષ છે. – x – x – x – x – તે ચૈત્યવૃક્ષોની આગળ ત્રણે દિશામાં ત્રણ મણિપીઠિકાઓ છે. તે મણિપીઠિકા ઉપર અલગ–અલગ મહેન્દ્રધ્વજ છે તે મહેન્દ્રધ્વજોની આગળ ત્રણે દિશાઓમાં ત્રણ નંદા પુષ્કરિણી છે. તે પુષ્કરિણીઓની ત્રણે દિશાઓમાં અલગ–અલગ ત્રિસોપાનપ્રતિરૂપક છે. તે સુધર્મા-સભામાં ૬૦૦૦ મનોગુલિકાઓ છે. તે મનોગુલિકાઓમાં અનેક સોનાચાંદીના ફલક છે. તે ફલકમાં ઘણાં જ વજ્રમય નાગદંતક છે.

તે સુધર્માસભામાં ૬૦૦૦ ગોમાનસિકાઓ છે. તે ગોમાનસિકામાં સોના–ચાંદીના અનેક ફલક છે, તે ફલકોમાં અનેક વજ્રમય નાગદંતક છે, તેમાં સીકા છે. સીકામાં ધૂપઘટિકાઓ છે. તે સુધર્માસભામાં બહુસમરમણીય ભાગ છે. તે બહુસમરમણીય ભૂમિભાગની ઠીક મધ્યમાં એક મણિપીઠિકા છે. તેના ઉપર માણવક ચૈત્યસ્તંભ છે. તે ચૈત્યસ્તંભની ઉપર અને નીચે છ–છ કોશને છોડીને વચ્ચેના સાડાચાર યોજનમાં

સોનાચાંદીના અનેક ફલક છે. તે ફલકમાં અનેક વજ્રમય નાગદંતક છે. તે નાગદંતકમાં અનેક સીકા છે. સીકામાં ગોળ સમુદ્‌ગક છે. તે સમુદ્‌ગકોમાં અનેક જિનઅસ્થીઓ છે.

આ જિનઅસ્થીઓ તે **વિજયદેવ** અને અન્ય બીજા અનેક વાણવ્યંતર દેવ–દેવીઓ માટે અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ છે. તે માણવક ચૈત્યસ્તંભની પૂર્વમાં એક મોટી મણિપીઠિકા છે. તેના ઉપર મોટું સિંહાસન છે, માણવક ચૈત્યસ્તંભની પશ્ચિમમાં એક મોટી મણિપીઠિકા છે. તેના ઉપર એક મોટું દેવશયનીય છે – × – × – તે દેવશયની ઇશાન દિશામાં એક મોટી મણિપીઠિકા છે. તે મણિપીઠિકા ઉપર નાનો મહેન્દ્રધ્વજ છે. તેની પશ્ચિમમાં વિજયદેવનો ચૌપાલ નામનો શસ્ત્રાગાર છે. ત્યાં વિજયદેવના પરિઘરત્ન આદિ રાખેલા છે.

**૦ સિદ્ધાયતન વર્ણન સંક્ષિપ્તમાં :–**

*(સિદ્ધાયતન, તેમાં રહેલી જિનપ્રતિમા અને સન્મુખ રહેલ વસ્તુનું સુંદર વર્ણન છે. જિજ્ઞાસુઓએ જીવાજીવાભિગમ સૂત્ર–૧૭૭ ખાસ જોવું)*

સુધર્માસભામાંની ઇશાનમાં એક વિશાળ સિદ્ધાયતન (જિનાલય) છે. – × – × – તે સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગમાં એક વિશાળ મણિપીઠિકા છે. તેના ઉપર એક વિશાળ દેવછંદક છે. તે દેવચ્છંદકમાં જિનોત્સેધ પ્રમાણ ૧૦૮ જિનપ્રતિમા રહેલી છે. *(પ્રતિમા વર્ણન ખાસ જોવાલાયક છે.)* આ સમગ્ર પ્રતિમા સુવર્ણ અને રત્નોની બનેલી છે.

જિનેશ્વર પરમાત્માની પ્રતિમાની પાછળ એક–એક છત્રધારિણી પ્રતિમા છે. તે જિનપ્રતિમાઓની બંને બાજુએ એક–એક ચામરધારી પ્રતિમા છે તે જિનપ્રતિમાની આગળ બબ્બે નાગપ્રતિમા, બબ્બે યક્ષપ્રતિમા, બબ્બે ભૂત પ્રતિમા, બબ્બે કુડધર પ્રતિમા છે. *(આ સર્વે પ્રતિમાઓનું વર્ણન ખાસ જોવાલાયક છે.)*

આ જિનપ્રતિમાઓની આગળ ૧૦૮–૧૦૮ ઘંટા, ચંદનકળશ, ઝારી, આદર્શ, સ્થાન, પાત્રી, સુપ્રતિષ્ઠક, મનોગુલિકા, ઘડા, ચિત્રક, રત્નકરંડક, હયકંઠક – યાવત્ – વૃષભકંઠક, પુષ્પચંગેરી – યાવત્ – લોમહસ્ત ચંગેરીઓ, પુષ્પપટલક, તેલસમુદ્‌ગક – યાવત્ – ધૂપકડુચ્છુક છે. તે સિદ્ધાયતનની ઉપર અનેક અષ્ટમંગલ, ધ્વજા, છત્રાતિછત્ર છે. જે ઉત્તમ આકારના સોળ રત્ન – યાવત્ – રિષ્ટરત્નોથી ઉપશોભિત છે.

**૦ ઉપપાત આદિ સભા–વર્ણન સંક્ષેપમાં :–**

તે સિદ્ધાયતનની ઉત્તર–પૂર્વ દિશામાં એક મોટી ઉપપાત સભા છે. મધ્યમાં બહુસમરમણીય ભૂમિભાગ છે. તેની મધ્યે એક મોટી મણિપીઠિકા છે. તે મણિપીઠિકા ઉપર એક મોટું દેવશયનીય છે. તે ઉપપાતસભાના ઇશાન ખૂણામાં એક મોટું સરોવર છે. તે સરોવરની ઇશાન દિશામાં એક મોટી અભિષેકસભા છે.

આ અભિષેકસભાની ઇશાન દિશામાં એક વિશાળ અલંકાર સભા છે. ત્યાં એક મણિપીઠિકા પર સપરિવાર સિંહાસન છે. તે સિંહાસન પર વિજયદેવના અલંકારને યોગ્ય ઘણી સામગ્રી રાખેલી છે. તે આલંકારિક સભાની ઇશાન દિશામાં એક મોટી વ્યવસાય સભા છે. તે સિંહાસન પર વિજયદેવનું પુસ્તકરત્ન રાખેલ છે. તે વ્યવસાયસભાની ઇશાન દિશામાં એક મોટી બલિપીઠ છે.

**૦ વિજય દેવનો ઉપપાત (જન્મ) :–**

તે કાળે, તે સમયે વિજયદેવ વિજયા રાજધાનીની ઉપપાતસભામાં દેવશયનીયમાં દેવદૂષ્યની અંદર અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ શરીરમાં વિજયદેવરૂપે ઉત્પન્ન થયો. ત્યારપછી તે ઉત્પત્તિની પછી પાંચ પ્રકારની પર્યાપ્તિથી પૂર્ણ થયો. તે આ પ્રમાણે – આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, આનપ્રાણપર્યાપ્તિ અને ભાષામનપર્યાપ્તિ.

ત્યારપછી વિજયદેવને આવા પ્રકારનો અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે, મારે માટે પહેલા શું શ્રેયસ્કર છે અને પછી શું શ્રેયસ્કર છે. મારે પહેલા શું કરવું જોઈએ અને પછી શું કરવું જોઈએ. મારા માટે પહેલા અને પછી શું હિતકારી, સુખકારી, કલ્યાણકારી, નિઃશ્રેયસકારી અને પરલોકમાં સાથે આવનાર છે. તે આવા પ્રકારનું ચિંતન કરે છે.

ત્યારપછી તે સામાનિક પર્ષદાના દેવ વિજયદેવ તરફ જાય છે અને વિજયદેવને હાથ જોડીને મસ્તકે અંજલિ કરીને જય–વિજયથી વધાવે છે. પછી તેઓએ કહ્યું, હે દેવાનુપ્રિય ! આપની વિજયા રાજધાનીના સિદ્ધાયતનમાં જિનોત્સેધ પ્રમાણ ૧૦૮ જિન (અરિહંત) પ્રતિમાઓ છે અને સુધર્માસભાના માણવક ચૈત્યસ્તંભ પર વજ્રમય ગોળ મંજૂષાઓમાં ઘણી જ જિન અસ્થિઓ છે – જે આપ દેવાનુપ્રિયને અને વિજયા રાજધાનીમાં રહેનારા અનેક દેવો તથા દેવીઓને માટે અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય છે, જે કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ તથા પર્યુપાસના કરવા યોગ્ય છે. આપ દેવાનુપ્રિયને માટે પહેલા પણ શ્રેયસ્કર છે, પછી પણ શ્રેયસ્કર છે, યાવત્ પહેલા પણ હિતકારી છે પછી પણ હિતકારી છે. યાવત્ પરલોકમાં પણ સાથે આવનાર થશે. એમ કહીને તેઓ જોર–જોરથી જયજયકાર શબ્દ કરે છે.

**૦ વિજયદેવનો ભવ્ય અભિષેક :–**

તે સામાનિક પર્ષદાના દેવો પાસેથી આ સાંભળીને તે વિજયદેવ હર્ષિત અને સંતુષ્ટ થયો – યાવત્ – તેનું હૃદય વિકસિત થયું. પછી તે દેવશયનીયમાંથી ઊભો થયો, દેવદૂષ્ય યુગલ ધારણ કર્યું. દેવશયનીયથી નીચે ઉતર્યો. ઉપપાતસભાના પૂર્વ દ્વારેથી બહાર નીકળ્યો. જ્યાં હ્રદ હતું ત્યાં આવ્યો. હ્રદની પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાના તોરણેથી તેમાં પ્રવેશ કર્યો, પૂર્વ દિશાના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતર્યો અને જળમાં અવગાહન કર્યું. જલમજ્જન અને જલક્રીડા કરી. એ રીતે અત્યંત પવિત્ર અને શુચિભૂત થઈને હ્રદથી બહાર નીકળ્યો. પછી અભિષેકસભાએ ગયો. અભિષેકસભાની પ્રદક્ષિણા કરીને પૂર્વદિશાના દ્વારેથી તેમાં પ્રવેશ કર્યો. પૂર્વ દિશા તરફ મુખ કરી સિંહાસન પર બેઠો.

ત્યારપછી વિજયદેવની સામાનિક પર્ષદાના દેવોએ પોતાના આભિયોગિક દેવોને બોલાવ્યા અને કહ્યું, જલ્દીથી વિજયદેવના મહાર્થ, મહાર્ઘ, મહાર્હ અને વિપુલ અભિષેકની તૈયારી કરો. ત્યારે તે આભિયોગિક દેવ હર્ષિત, સંતુષ્ટ થયા – યાવત્ – તેઓનું હૃદય વિકસિત થયું. હાથ જોડી મસ્તકે અંજલિ કરી વિનયનપૂર્વક તેઓએ આ આજ્ઞા સ્વીકારી.

ત્યારપછી તેઓ ઇશાન દિશામાં ગયા. વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજનનો દંડ કાઢ્યો. રત્નોના તથાવિધ બાદર પુદ્ગલોને છોડ્યા અને યથાસૂક્ષ્મ

પુદ્ગલોને ગ્રહણ કર્યા. પછી બીજી વખત પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થયા.

ત્યારપછી ૧૦૦૮–૧૦૦૮ સોનાના, ચાંદીના, મણિઓના, સોના–ચાંદીના, સોના–મણિના, ચાંદી–મણિના અને માટીના કળશો. ૧૦૦૮ ઝારીઓ, આજ પ્રકારે આદર્શક, સ્થાલ – યાવત્ – લોમહસ્તપટલક ૧૦૮–૧૦૮ સિંહાસન, છત્ર, ચામર ધ્વજા અને તેલ સમુદ્ગક અને ૧૦૮ ધૂપ કડુચ્છક વિકુર્વ્યા. તે સ્વાભાવિક અને વૈક્રિય કળશો – યાવત્ – ધૂપકડુચ્છકોને લઈને વિજયા રાજધાનીથી નીકળ્યા.

ત્યારપછી ઉત્કૃષ્ટ – યાવત્ – ઉદ્ધુત દિવ્ય દેવગતિથી તિર્છી દિશામાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોની મધ્યમાંથી જતા, તે ક્ષીરસમુદ્ર પાસે આવ્યા, ત્યાંથી ક્ષીરોદક લઈને ત્યાંના ઉત્પલ, કમલ – યાવત્ – શતપત્ર અને સહસ્રપત્રોને ગ્રહણ કર્યા. ત્યાંથી પુષ્કરોદ સમુદ્રમાંથી પુષ્કરોદ અને ઉત્પલ, કમલ – યાવત્ – સહસ્રપત્ર ગ્રહણ કર્યા. ત્યાંથી સમયક્ષેત્રમાં જ્યાં ભરત અને ઐરાવત વર્ષક્ષેત્ર હતા અને માગધ, વરદામ, પ્રભાસ તીર્થ હતા ત્યાં આવ્યા. પછી તીર્થોદકને અને તીર્થની માટીને લઈને ગંગા, સિંધુ, રક્તા, રક્તાવતી મહાનદીઓના જળ અને માટી લીધા.

ત્યારપછી લઘુહિમવંત અને શિખરી વર્ષધર પર્વતે આવ્યા. ત્યાંથી સર્વઋતુઓના શ્રેષ્ઠ સર્વે જાતિના ફૂલો, સર્વે જાતિની ગંધો, સર્વે જાતિના માલ્યો, સર્વ પ્રકારની ઔષધીઓ અને સિદ્ધાર્થકોને લીધા. પછી પદ્મદ્રહ અને પુંડરિકદ્રહનું જળ અને ઉત્પલ, કમલ – યાવત્ – શતપત્ર, સહસ્રપત્રોને લીધા. પછી હિમવત્ અને હિરણ્યવત્ ક્ષેત્રોમાં રોહિતા, રોહિતાંશા, સુવર્ણકુલા અને રૂપ્યકૂલા મહાનદીઓ પરથી જળ અને માટી ગ્રહણ કર્યા. પછી શબ્દાપાતિ અને માલ્યવંત નામના વૃત્તવૈતાઢ્ય પર્વતો પરથી સર્વ ઋતુઓના શ્રેષ્ઠ ફૂલો – યાવત્ – સિદ્ધાર્થકોને લીધા.

પછી મહાહિમવંત અને રુક્મિ વર્ષધર પર્વતના સર્વ ઋતુઓના પુષ્પાદિ લીધા. પછી મહાપદ્મદ્રહ અને મહાપુંડરીક દ્રહના ઉત્પલ કમલાદિ ગ્રહણ કર્યા. પછી હરિવર્ષ અને રમ્યક વર્ષક્ષેત્રની હરકાંતા, હરિકાંતા, નરકાંતા, નારિકાંતા નદીઓના જળ અને માટી લીધા. પછી વિકટાપાતી અને ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતોના શ્રેષ્ઠ ફૂલ આદિ ગ્રહણ કર્યા. પછી નિષધ અને નીલવંત વર્ષધર પર્વતોના પુષ્પાદિ લીધા. પછી તિગીંછી દ્રહ અને કેસરી દ્રહના જળ અને ઉત્પલાદિ ગ્રહણ કર્યા.

ત્યારપછી પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહની સીતા અને સીતોદા મહાનદીના જળ અને માટી ગ્રહણ કર્યા. પછી બધી જ ચક્રવર્તી વિજયના બધાં માગધ, વરદામ અને પ્રભાસ નામના તીર્થોના જળ અને માટી લીધા. બધાં વક્ષસ્કાર પર્વતોના ફૂલો આદિ લીધા. બધી અંતરનદીઓના જળ અને માટી લીધા. ત્યાંથી મેરુ પર્વતે જઈને ભદ્રશાલ વન, સોમનસવન, નંદનવન અને પાંડુકવનના સર્વઋતુઓના ફળ – યાવત્ – સિદ્ધાર્થક આદિ, ગોશીર્ષ ચંદન, મલયચંદનાદિ ગ્રહણ કર્યા.

ત્યારપછી બધાં આભિયોગિક દેવો એકઠા થઈને જંબૂદ્વીપના પૂર્વ દિશાના દ્વારથી નીકળ્યા – યાવત્ – વિજયા રાજધાનીની પ્રદક્ષિણા કરીને અભિષેકસભામાં વિજયદેવની પાસે આવ્યા. હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને જય–વિજય શબ્દોથી વધાવ્યા. તે

મહાર્થ, મહાર્ઘ અને મહાર્હ વિપુલ અભિષેક સામગ્રીને ઉપસ્થિત કરી (લાવીને મૂકી).

ત્યારપછી ૪૦૦૦ સામાનિક દેવ, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદાના દેવ, સાત અનીક, સાત અનીકાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને અન્ય ઘણાં જ વિજયા રાજધાની નિવાસી દેવ–દેવીઓના તેમના સ્વાભાવિક અને ઉત્તર વૈક્રિયથી નિર્મિત શ્રેષ્ઠ કમલના આધારવાળા, સુગંધિત શ્રેષ્ઠ જળથી ભરેલા, ચંદન ચર્ચિત, ગળામાં સૂત્ર બાંધેલા, પદ્મકમળથી ઢાંકેલા, સુકુમાર અને મૃદુ કરતલોમાં પરિગૃહીત ૧૦૦૮ સોનાના – યાવત્ – ૧૦૦૮ માટીના કળશોને સર્વ જળથી, સર્વ માટીથી, સર્વ ઋતુઓના શ્રેષ્ઠ સર્વ પુષ્પોથી – યાવત્ – સર્વૌષધિ અને સરસવથી સંપૂર્ણ પરિવાર આદિ ઋદ્ધિ, દ્યુતિ, સેના અને આભિયોગ્ય સમુદયની સાથે, સમસ્ત આદરથી, વિભૂતિથી, વિભૂષાથી, સંભ્રમથી દિવ્ય વાદ્યોના ધ્વની સહિત, મહતિ એવી ઋદ્ધિ, દ્યુતિ, બળ, સમુદાય અને વાદ્યોના શબ્દોથી શંખ, પણવ, નગારા, ભેરી, ઝલ્લરી, ખરમુહી, હુડુક્ક, મુરજ, મૃદંગ અને દુંદુભિના નિનાદ અને ગૂંજની સાથે તે વિજયદેવને ઘણાં ઉલ્લાસથી અભિષિક્ત કરે છે.

ત્યારપછી તે વિજયદેવના મહાન્ ઇન્દ્રાભિષેક સમયે કોઈ દેવ દિવ્ય સુગંધિત, જળની વર્ષા એ રીતે કરે છે કે જેથી વધારે પાણી ન ઢોળાય, કીચડ પણ ન થાય અને રજકણ તથા ધૂળ દબાય જાય. કોઈ દેવ તે વિજયા રાજધાનીને નિહતરજ, નષ્ટરજ, ભ્રષ્ટરજ, પ્રશાંતરજ, ઉપશાંત રજવાળી બનાવે છે. કોઈ દેવ રાજધાનીને અંદર અને બહારથી જળથી સિંચિત્ કરે છે. સંમાર્જન કરી, છાણ વગેરેથી લીંપે છે. તેની ગલી અને બજારોમાં શુદ્ધ જળ છાંટે છે. કોઈ દેવ મંચાતિમંચ બનાવે છે.

કોઈ દેવ જયસૂચક વિજય–વૈજયંતી નામક પતાકાઓથી વિજયા રાજધાનીને સજાવે છે, કોઈ દેવ વિજયા રાજધાનીને ચૂના વગેરેથી પોતવામાં અને ચંદરવા આદિ બાંધવામાં તત્પર છે. કોઈ દેવ ગોશીર્ષ ચંદન આદિથી હાથોને લિંપીને પાંચે આંગળી સહિત હાથના થાપા લગાવે છે. કોઈ દેવ ઘર–ઘરના દરવાજે ચંદનના કળશ રાખે છે. કોઈ દેવ ચંદન ઘટ અને તોરણોથી દરવાજાને સજાવે છે. કોઈ દેવ પુષ્પમાળાઓથી તે રાજધાનીને સજાવે છે. કોઈ દેવ પંચવર્ણી શ્રેષ્ઠ સુગંધિત ફૂલોના પુંજોથી યુક્ત કરે છે તો કોઈ ગંધથી મધમધીત કરે છે કોઈ સોના, ચાંદી, રત્ન, વજ્ર, ફૂલમાળા સુગંધિત દ્રવ્યો, સુગંધિત ચૂર્ણ, વસ્ત્ર કે આભરણોની વર્ષા કરે છે, તો કોઈ દેવ હિરણ્ય – યાવત્ – આભરણોને વિતરીત કરી રહ્યા છે.

કોઈ દેવ દ્રુત, વિલંબિત, દ્રુતવિલંબિત, અંચિત, રિભિત, અંચિતરિભિત, આરભટ, ભસોલ, આરભટભસોલ, ઉત્પાત, નિપાત પ્રવૃત્ત, સંકુચિત, પ્રસારિત, રચિત, ભ્રાંત, સંભ્રાંત નામની નાટકવિધિઓને પ્રદર્શિત કરી રહ્યા હતા. કોઈ દેવ તત, વિતત, ઘન, ઝૂષિર વાજિંત્ર વગાડે છે. કોઈ દેવ ઉત્ક્ષિપ્ત, પ્રવૃત્ત, મંદ અને રોચિતાવસાન ગીત ગાય છે, કોઈ દાર્ષ્ટાન્તિક, પ્રતિશ્રુતિક, સામાન્યતોનિપાતિક, લોકમધ્યાવસાન અભિનય કરે છે.

કોઈ દેવ સ્વયં પોતાને પાતળા કરે છે, ફૂલાવે છે, તાંડવ કે લાસ્યનૃત્ય કરે છે, છુ છુ કરે છે, કોઈ આ ચારે ક્રિયાઓ કરે છે. કોઈ દેવ આસ્ફોટન, વલ્ગન, ત્રિપદી છેદન અને ઉક્ત ત્રણે ક્રિયા કરે છે, કોઈ કોઈ દેવ ઘોડાની માફક હણહણાટ, હાથીની માફક

ગુડ ગુડ કે રથનો ઘનઘનાટ કરે છે તો કોઈ આ ત્રણે ક્રિયા કરે છે કોઈ કોઈ દેવ ઉછળે છે, છલાંગ મારે છે, કુદે છે તો કોઈ આ ત્રણે કરે છે. કોઈ – કોઈ દેવ સિંહનાદ કરે છે, આઘાત કરે છે, પ્રહાર કરે છે તો કોઈ ત્રણે ક્રિયાઓ કરે છે કોઈ કોઈ હક્કાર, બુક્કાર, થક્કાર કે પુત્કાર કરે છે કોઈ નામ સંભળાવવા લાગે છે તો કોઈ આ બધું સાથે કરે છે. કોઈ કોઈ દેવ ઉછળે છે, પડે છે, તિર્છા જાય છે. તો કોઈ બધી ક્રિયાઓ કરે છે.

કોઈ કોઈ દેવ બળવા માંડે છે, તાપથી તપે છે, ગર્જના કરે છે, વિજળીઓ ચમકાવે છે, વર્ષા કરે છે, કોઈ કોઈ દેવોનું સંમેલન કરે છે, હવામાં ન આવે છે, શોર મચાવે છે, હર્ષોલ્લાસ પ્રગટ કરે છે, દેવોદ્યોત કરે છે, દેવ વિદ્યુત્ કરે છે, ચેલોત્ક્ષેપ કરે છે. કોઈ કોઈ દેવાના હાથમાં ઉત્પલ, કમલ – યાવત્ – સહસ્રપત્ર છે. કોઈ દેવના હાથમાં ઘંટા – યાવત્ – ધૂપકડુચ્છક છે.

આ પ્રકારે તે દેવો હર્ષિત અને સંતુષ્ટ થાય છે – યાવત્ – હર્ષના કારણે તેઓના હૃદય વિકસિત થઈ રહ્યા છે. તેઓ વિજયા રાજધાનીમાં ચારે તરફ દોડી રહ્યા છે.ત્યારપછી તે ૪૦૦૦ સામાનિક દેવ – યાવત્ – ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવ તથા વિજયા રાજધાનીના નિવાસી અનેક વાણવ્યંતર દેવ–દેવીઓ તે શ્રેષ્ઠ કમલો પર પ્રતિષ્ઠિત – યાવત્ – ૧૦૮ સુવર્ણકળશો – યાવત્ – ૧૦૮ માટીના કળશોથી – યાવત્ – સર્વ ઔષધીઓ – યાવત્ – સિદ્ધાર્થકોથી સર્વ ઋદ્ધિની સાથે – યાવત્ – વાદ્યોના ધ્વનિ સાથે અતીવ ઉત્સાહપૂર્વક તે વિજયદેવનો ઇન્દ્ર–અભિષેક કરે છે.

ત્યારપછી તેઓ બધાં મસ્તકે અંજલિ જોડીને કહે છે કે, હે નંદ ! આપનો જય થાઓ – વિજય થાઓ. આપ ન જીતેલાને જીતો અને જીતેલાનું પાલન કરો. દેવોમાં ઇન્દ્ર– અસુરોમાં ચમરેન્દ્ર, નાગકુમારોમાં ધરણેન્દ્ર, મનુષ્યોમાં ભરત ચક્રવર્તી માફક આપ ઉપસર્ગ રહિત થાઓ. અનેક પલ્યોપમ અને સાગરોપમ સુધી – યાવત્ – ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોનું, આ વિજયા રાજધાનીનું અને રાજધાનીમાં નિવાસ કરતા અનેક વાણવ્યંતર દેવો અને દેવીઓનું આધિપત્ય – યાવત્ – આજ્ઞૈશ્વર્ય અને સેનાધિપત્ય કરતા વિચરો. આ પ્રમાણે કહીને ઘણાં મોટે–મોટેથી જય–જય શબ્દોને પ્રયોગ કરે છે.

**૦ વિજયદેવે અલંકૃત થઈને કરેલ ધાર્મિક વાંચન તથા પૂજા :–**

ત્યારપછી તે વિજયદેવ મહાન્ અભિષેકથી અભિષિક્ત થઈને સિંહાસનેથી ઉઠીને અભિષેકસભાના પૂર્વ દ્વારેથી બહાર નીકળ્યો. અલંકારસભાની પ્રદક્ષિણા કરીને પૂર્વ દિશાના દ્વારેથી તેમાં પ્રવેશ કર્યો. પછી શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો. પછી તે વિજયદેવની સામાનિક પર્ષદાના દેવોએ આભિયોગિક દેવાને બોલાવીને કહ્યું કે, જલ્દીથી વિજયદેવના આલંકારિક ભાંડ લાવો.

ત્યારે વિજયદેવનું શરીર સર્વ પ્રથમ રુંછળાવાળા સુકોમલ દિવ્ય સુગંધિત ગંધકાષાયિક વસ્ત્રથી સ્વચ્છ કર્યું. સરસ ગોશીર્ષ ચંદનનો શરીરે લેપ કર્યો. પછી શ્વાસના વાયુથી ઉડી જાય, નેત્રોને મનોહર લાગે, તેવા સુંદર રંગ અને મૃદુસ્પર્શયુક્ત, ઘોડાની લાર કરતાં પણ અધિક મૃદુ અને સફેદ તેમજ જેના કિનારે સોનાના તાર ખચિત છે, આકાશ અને સ્ફટિક રત્ન માફક સ્વચ્છ, અક્ષત એવા દિવ્ય, દેવદૂષ્ય યુગલને ધારણ કર્યું.

એકાવલી, મુક્તાવલી, કનકાવલી અને રત્નાવલી હાર પહેર્યો. કડા, ત્રુટિત, અંગદ, કેયૂર, દશે આંગળીઓમાં વીંટી, કટિસૂત્ર, અસ્થિસૂત્ર, મુરવી, કંઠમુખી, પ્રાલંબ, કુંડલ, ચૂડામણી અને વિવિધ પ્રકારના અનેક રત્નોથી જડિત મુગટ ધારણ કર્યો. ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ માળાઓથી કલ્પવૃક્ષની માફક પોતાને અલંકૃત્ અને વિભૂષિત કર્યો. દર્દર મલય ચંદનની સુગંધિત ગંધથી પોતાના શરીરને સુગંધિત કર્યું અને દિવ્ય સુમનરત્ન ધારણ કર્યું. ત્યારપછી તે વિજયદેવ કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર અને આભરણાલંકારથી અલંકૃત થઈને સિંહાસનેથી ઊભો થયો. આલંકારિકસભાના પૂર્વ દ્વારેથી નીકળીને વ્યવસાયસભા પાસે આવ્યો. પ્રદક્ષિણા કરીને પૂર્વના દ્વારેથી તેમાં પ્રવિષ્ટ થયો. શ્રેષ્ઠ સિંહાસને પૂર્વાભિમુખ થઈને બેઠો.

ત્યારપછી તે વિજયદેવના આભિયોગિક દેવે પુસ્તકરત્ન લાવીને આપ્યું. ત્યારે તે વિજયદેવ તે પુસ્તક રત્નને ગ્રહણ કરે છે, ખોલે છે, તેનું વાંચન કરે છે. ધાર્મિક મર્મને ગ્રહણ કરે છે, પાછું મૂકીને ઊભો થાય છે અને વ્યવસાયસભાના પૂર્વ દ્વારેથી બહાર નીકળી નંદાપુષ્કરિણીની પ્રદક્ષિણા કરીને પૂર્વના દ્વારેથી તેમાં પ્રવેશ કરે છે. પૂર્વના ત્રિસોપાન પ્રતિરૂપકથી નીચે ઉતરી હાથ–પગ ધુએ છે. પછી એક મોટી શ્વેત ચાંદીની અને મત્ત હાથીની મુખાકૃતિ સદૃશ વિમલજળથી ભરેલી ઝારીને ગ્રહણ કરે છે. ત્યાંના ઉત્પલ, કમલ – યાવત્ – શતપત્ર, સહસ્રપત્ર કમળોને લે છે. નંદા પુષ્કરિણીથી બહાર નીકળીને જ્યાં સિદ્ધાયતન (અરિહંતનું ચૈત્ય) છે, ત્યાં જવાનો સંકલ્પ કર્યો.

ત્યારપછી વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવ – યાવત્ – બીજા પણ ઘણાં જ વાણવ્યંતર દેવ અને દેવીઓ કોઈ હાથમાં ઉત્પલ કમળ લઈને – યાવત્ – કોઈ શતપત્ર, સહસ્રપત્ર કમળ લઈને વિજયદેવની પાછળ–પાછળ ચાલ્યા. તે વિજયદેવના અનેક આભિયોગિક દેવ અને દેવીઓ કોઈ હાથમાં કળશ લઈને – યાવત્ – ધૂપ કડુચ્છક લઈને વિજયદેવની પાછળ–પાછળ ચાલતા હતા. ત્યારે તે વિજયદેવ સર્વ પ્રકારની ઋદ્ધિ અને દ્યુતિની સાથે – યાવત્ – વાદ્ય ધ્વનિ વચ્ચે સિદ્ધાયતનની પ્રદક્ષિણા કરીને પૂર્વદિશાના દ્વારેથી સિદ્ધાયતનમાં પ્રવેશ કરે છે.

ત્યારપછી જ્યાં દેવછંદક છે ત્યાં આવે છે અને જિન (અરિહંત)ની પ્રતિમાને જોતાની સાથે પ્રણામ કરે છે. પછી લોમહસ્તક લઈને જિનપ્રતિમાઓનું પ્રમાર્જન કરે છે. સુગંધિત ગંધોદક વડે તેને સ્નાન કરાવે છે, દિવ્ય સુગંધિત ગંધકાષાયિકથી પ્રતિમાજીના અંગોને સ્વચ્છ કરે છે. સરસ ગોશીર્ષ ચંદન વડે લેપન કરે છે, પછી જિનપ્રતિમાઓને અક્ષતથી વધાવીને શ્વેત અને દિવ્ય દેવદૂષ્ય યુગલ પહેરાવે છે. શ્રેષ્ઠ, પ્રધાન ગંધો વડે, માલ્યો વડે પૂજે છે, પછી ફૂલ ચઢાવે છે, ગંધ ઉવેખે છે, માળા ચઢાવે છે, વર્ણક–ચૂર્ણ અને આભરણો ચઢાવે છે. પછી ઉપરથી નીચે લટકતી એવી વિપુલ અને ગોળ લાંબી લાંબી માળાઓ ચડાવે છે.

ત્યારપછી સ્વચ્છ, સફેદ, રજતમય અને ચમકતા ચોખા વડે તે જિનપ્રતિમાની આગળ આઠ–આઠ મંગલોનું આલેખન કરે છે. તે આઠ મંગલ આ પ્રમાણે – સ્વસ્તિક, શ્રીવત્સ – યાવત્ – દર્પણ. પછી કચગ્રાહ માફક ગૃહિત અને કરતલથી મુક્ત થઈને

વિખેરાએલા પંચવર્ણી પુષ્પોથી પુષ્પોપચાર કરે છે. ચંદ્રકાંત, વજ્ર અને વૈડૂર્યમણીથી યુક્ત નિર્મળ દંડવાળા, કંચન–મણી અને વિવિધરૂપોથી ચિત્રિત, કાળો અગરુ–શ્રેષ્ઠ કુંદરુક્ક અને લોબાનની ધૂપની ઉત્તમ ગંધથી યુક્ત, વૈડૂર્યમય કડૂચ્છક લઈને ધૂપ ઉવેખીને સાત–આઠ ડગલા પાછળ જઈને જિનવરોની ૧૦૮ વિશુદ્ધ શ્લોકોથી યુક્ત, મહાછંદવાળી, અર્થયુક્ત, અપુનરુક્ત સ્તોત્રોથી સ્તુતિ કરે છે.

સ્તુતિ કર્યા પછી ડાબો ઘૂંટણ ઊંચો રાખીને તથા જમણો ઘૂંટણ જમીને લગાડીને ત્રણ વખત પોતાના મસ્તકને જમીન પર નમાવે છે, પછી થોડું ઊંચું ઉઠાવીને પછી પોતાની કટક અને ત્રુટિતથી સ્તંભિત ભુજાઓને સંકુચિત કરી, બે હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને આ પ્રમાણે બોલ્યો–

અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ – યાવત્ – સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત સિદ્ધોને નમસ્કાર થાઓ. આ પ્રમાણે કહીને વંદન–નમસ્કાર કરીને સિદ્ધાયતનના મધ્ય ભાગે આવ્યો. દિવ્ય જળધારાથી તેનું સિંચન કર્યું. સરસ ગોશીર્ષ ચંદનથી હાથોને લીંપીને પાંચે આંગળી સહિત થાપા લગાવ્યા. અર્ચના કરી, પંચવર્ણી પુષ્પોથી પુષ્પોપચારયુક્ત કર્યા અને ધૂપ ઉવેખ્યો. ધૂપ કરીને સિદ્ધાયતનના દક્ષિણ દ્વારે ગયો.

ત્યાં જઈને લોમ હસ્તક લઈને શાખા, શાલભંજિકા તથા વ્યાલરૂપકનું પ્રમાર્જન કર્યું – યાવત્ – આભરણો ચઢાવ્યા. મોટી–મોટી માળાઓ લટકાવી, ફૂલો વડે પુષ્પોપચાર કર્યો. ધૂપ આપીને મુખમંડપના બહુ મધ્યભાગે ગયો, ત્યાં લોમહસ્તક વડે પ્રમાર્જના કરી, દિવ્ય ઉદકધારાથી સિંચન કર્યું – યાવત્ – પંચવર્ણી ફૂલોનો ઢેર કર્યો, ધૂપ કર્યું, પછી મુખમંડપના પશ્ચિમ દ્વારે આવ્યો.

ત્યાં આવીને લોમહસ્તક લીધું અને દ્વાર શાખાઓ, શાલભંજિકાઓ અને વ્યાલરૂપકનું લોમહસ્તકથી પ્રમાર્જન કર્યું, દિવ્ય ઉદકધારાથી સિંચન કર્યું – યાવત્ – પંચવર્ણી પુષ્પોથી ઉપચાર કર્યો. ધૂપ દીધો. પછી તે વિજયદેવ ઉત્તર દિશાની સ્તંભપંક્તિ તરફ ગયો. ત્યાં પણ પ્રમાર્જનાદિ કર્યા. પછી મુખમંડપના પૂર્વ દ્વારે ગયો – યાવત્ – દ્વારની અર્ચના કરી, એ પ્રમાણે દક્ષિણ દ્વારે પણ સમજી લેવું.

પછી પ્રેક્ષાઘર મંડપના બહુમધ્ય ભાગમાં જ્યાં વજ્રમય અખાડો હતો, મણિપીઠિકા હતી, સિંહાસન હતું, ત્યાં આવ્યો. લોમહસ્તક વડે તે બધાંની પ્રમાર્જના કરી, પછી પ્રેક્ષાઘર મંડપના પશ્ચિમ દ્વારે ઉત્તરની સ્તંભપંક્તિ, પૂર્વ દ્વાર અને દક્ષિણ દ્વારે પણ એ જ પ્રમાણે કથન કરી લેવું, પછી જ્યાં ચૈત્યસ્તૂપ છે ત્યાં આવ્યો, લોમહસ્તકથી ચૈત્યસ્તૂપની પ્રમાર્જનાદિ વિધિ કરી. પછી પશ્ચિમની મણિપીઠિકા અને જિનપ્રતિમા છે ત્યાં ગયો. જઈને જિનપ્રતિમાને જોતાંની સાથે જ નમસ્કાર કર્યા, પ્રમાર્જના–પૂજાદિ કર્યા.

એ જ પ્રમાણે ઉત્તરની – પૂર્વની અને દક્ષિણની મણિપીઠિકા અને જિનપ્રતિમાના વિષયમાં પણ જાણવું. પછી દાક્ષિણાત્ય ચૈત્યવૃક્ષ, ત્યાંથી મહેન્દ્રધ્વજ, ત્યાંથી દાક્ષિણાત્ય નંદા પુષ્કરિણી પાસે આવ્યો. બધે જ પ્રમાર્જનાદિ કર્યા – યાવત્ – ધૂપ દીધો. ત્યારપછી સિદ્ધાયતનની પ્રદક્ષિણા કરતો જ્યાં ઉત્તર દિશાની નંદા પુષ્કરિણી છે ત્યાં ગયો. તે જ પ્રકારે મહેન્દ્રધ્વજ – યાવત્ – મણિપીઠિકા અને જિનપ્રતિમા સંબંધે કથન કરવું.

ત્યારપછી ત્યાંથી ઉત્તરના પ્રેક્ષાઘરમંડપમાં, ત્યાંથી ઉત્તરના મુખમંડપમાં, ત્યાંથી સિદ્ધાયતનના પૂર્વ દ્વારે આવ્યો. સર્વત્ર પૂર્વવત્ અર્ચના કરીને પૂર્વના મુખ મંડપના દક્ષિણ, ઉત્તર અને પૂર્વવર્તી દ્વારોમાં ક્રમથી પૂર્વોક્ત પ્રકારે પૂજા કરીને પૂર્વ દ્વારેથી નીકળીને પૂર્વપ્રેક્ષા મંડપમાં આવીને પૂર્વવત્ અર્ચના કરી, પછી તે જ પ્રકારે ચૈત્યસ્તૂપ, જિનપ્રતિમા, ચૈત્યવૃક્ષ, માહેન્દ્રધ્વજ અને નંદાપુષ્કરિણીની પૂજા અર્ચનાદિ કરીને ત્યાંથી સુધર્માસભા તરફ જવાનો સંકલ્પ કર્યો. ત્યારે તે વિજયદેવ – યાવત્ – સર્વ પ્રકારની ઋદ્ધિ સહિત વાદ્યધ્વનિ સાથે સુધર્માસભાની પ્રદક્ષિણા કરીને પૂર્વદિશાના દ્વારેથી તેમાં પ્રવેશ્યો. જિનઅસ્થીઓને જોતાં જ પ્રણામ કર્યા. લોમહસ્તક લઈને તે વર્તુળાકાર ગોળ મંજૂષાનું પ્રમાર્જન કર્યું, મંજૂષા ખોલી, તેમાં રાખેલા જિન અસ્થીઓને લોમહસ્તકથી પ્રમાર્જ્યા, સુગંધિત ગંધોદકથી એકવીશ વખત ધોયા –યાવત્ – ધૂપ આપ્યો. ત્યારપછી માણવક ચૈત્ય સ્તંભનું લોમહસ્તકથી પ્રમાર્જન કરી – યાવત્ – ધૂપ આપ્યો. ત્યારપછી સુધર્માસભાના મધ્ય ભાગે આવી સિંહાસનની પ્રમાર્જના આદિ પૂર્વવત્ અર્ચના કરી.

ત્યારપછી મણિપીઠિકા, દેવશયનીય, મહેન્દ્રધ્વજ, ચૌપાલક નામક પ્રહરણ કોષ, સુધર્માસભાનું દક્ષિણ દ્વાર આદિની પૂર્વવત્ પૂજા કરી પછીની બધી વક્તવ્યતા સિદ્ધાયતનની માફક જાણવી. બધી જ સભાઓની પૂજાનું કથન સુધર્માસભા મુજબ જાણવું. ફર્ક માત્ર એ કે ઉપપાતસભામાં દેવશયનીયની પૂજાનું કથન કરવું અને શેષ સભાઓમાં સિંહાસનોની પૂજાનું કથન કરવું હૃદની પૂજાનું કથન નંદાપુષ્કરિણીની માફક કરવું. વ્યવસાય સભામાં પુસ્તકરત્નનું લોમહસ્તકથી પ્રમાર્જન – યાવત્ – અર્ચના કરી. ત્યારપછી સિંહાસનનું પ્રમાર્જન – યાવત્ – ધૂપ ઉવેખ્યો. શેષ સર્વકથન પૂર્વવત્.

ત્યારપછી તે વિજયદેવ જ્યાં બલિપીઠ છે ત્યાં ગયો, ત્યાં અર્ચાદિ કરી, આભિયોગિક દેવોને બોલાવીને કહ્યું, હે દેવાનુપ્રિયો ! વિજયા રાજધાનીના શ્રૃંગાટકો, ત્રિકો, ચતુષ્કો, ચત્વરો, ચતુર્મુખો, મહાપથો અને સામાન્ય પથોમાં, પ્રાસાદોમાં, પ્રાકારોમાં, અટ્ટાલિકાઓમાં, ચર્યાઓમાં, દ્વારોમાં, ગોપુરોમાં, તોરણોમાં, વાવડીઓમાં, પુષ્કરિણીઓમાં – યાવત્ – સરોવરોની પંક્તિઓમાં, આરામોમાં, ઉદ્યાનોમાં, કાનનોમાં, વનોમાં, વનખંડોમાં, વનરાજીઓમાં પૂજા અર્ચના કરો, આ કાર્ય સંપન્ન કરીને જણાવો.

ત્યારે તે આભિયોગિક દેવોએ વિજયદેવની આજ્ઞાનુસાર કાર્ય સંપન્ન કર્યું. ત્યારે વિજયદેવ તે સાંભળીને હર્ષિત – યાવત્ – વિકસિત હૃદયવાળો થયો. પછી તે નંદાપુષ્કરિણી ગયો. પૂર્વના તોરણેથી તેમાં પ્રવેશ કર્યો – યાવત્ – હાથ–પગ ધોઈને, આચમન કરીને સ્વચ્છ અને પરમશુચિભૂત થઈને નંદાપુષ્કરિણીથી બહાર આવ્યો. સર્વઋદ્ધિપૂર્વક – યાવત્ – વાદ્ય ધ્વનિસહ સુધર્માસભાની પૂર્વ દ્વારેથી પ્રવેશ કર્યો તથા જઈને સિંહાસન પર પૂર્વાભિમુખ કરીને બેઠો.

**૦ વિજયદેવની પર્ષદા અને પરિવાર વર્ણન :–**

ત્યારે તે વિજયદેવના ૪૦૦૦ સામાનિક દેવ પશ્ચિમોત્તર, ઉત્તર અને ઉત્તર પૂર્વમાં પહેલાથી રાખેલા ૪૦૦૦ ભદ્રાસનો પર બેઠા, ચાર અગ્રમહિષીઓ પૂર્વદિશામાં રાખેલા ભદ્રાસનો પર બેઠી. તે વિજયદેવની દક્ષિણપૂર્વ દિશામાં આભ્યંતર પર્ષદાના ૮૦૦૦ દેવો,

દક્ષિણ દિશામાં મધ્યમપર્ષદાના ૧૦,૦૦૦ દેવો, દક્ષિણપશ્ચિમમાં બાહ્ય પર્ષદાના ૧૨,૦૦૦ દેવો પૂર્વથી રખાયેલા ભદ્રાસને બેઠા. એ જ પ્રમાણે પશ્ચિમ દિશામાં સાત અનીકાધિપતિ, પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવો પહેલાથી રાખેલા અલગ–અલગ ભદ્રાસનો પર બેઠા.

તે આત્મરક્ષક દેવો લોઢાના ખિલાથી યુક્ત કવચને શરીર પર ખેંચીને પહેરીને બેઠા હતા, ધનુષ્‌ની પટ્ટિકાને મજબૂતીથી પકડી હતી, ગળામાં ગ્રૈવેયક અને વિમલ સુભટ ચિહ્નપટ્ટને ધારણ કરેલ હતા. તેઓએ આયુધો અને શસ્ત્રોને ધારણ કર્યા હતા. ધનુષ્‌ લીધા હતા અને તેના તૂણીરોમાં વિવિધ પ્રકારના બાણો ભર્યા હતા. કોઈ કોઈના હાથોમાં ધનુષ્‌, ચારુ, ચર્મ, દંડ, તલવાર, પાશ અને ઉક્ત બધાં શસ્ત્રાદિ હતા. તે આત્મરક્ષક દેવો રક્ષા કરવામાં, દત્તચિત્ત, ગુપ્ત હતા. તેમના સેતુ બીજા દ્વારા ગમ્ય ન હતા. તેઓ યુક્ત અને પોતાના આચરણ અને વિનયમાં કિંકરભૂત હતા.

ત્યારે તે વિજયદેવ ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત અનીકો, સાત અનીકાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવો તથા વિજયદ્વાર, વિજયારાજધાની અને વિજયારાજધાનીના નિવાસી અનેક દેવો અને દેવીઓનું આધિપત્ય, પુરોવર્તિત્વ, સ્વામિત્વ, ભટ્ટિત્વ, મહત્તરકત્વ, આજ્ઞા ઐશ્વર્ય કરતો એવો અને બધાનું પાલન કરતો, મોટેથી વગાડાતા વાદ્યો, નૃત્ય, ગીત, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘનમૃદંગ આદિના ધ્વનિની સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરતો હતો.

હે ભગવન્‌ ! વિજયદેવનું આયુષ્ય કેટલું છે ? હે ગૌતમ ! વિજયદેવનું આયુષ્ય એક પલ્યોપમનું છે. હે ભગવન્‌ ! વિજયદેવના સામાનિક દેવોનું આયુ કેટલું છે ? હે ગૌતમ ! એક તે પણ પલ્યોપમનું છે.

આ પ્રકારે તે વિજયદેવ આવી મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબળ, મહાયશ અને મહાસુખવાળો તેમજ મહાપ્રભાવશાળી છે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૩૨૩, ૩૨૫;* *જીવા. ૧૭૨ થી ૧૮૦;*

— x — x —

## ૦ શક્રેન્દ્ર કથા – કાર્તિક શ્રેષ્ઠી કથા :–

*સ્પષ્ટીકરણ :– શક્ર એ પહેલા દેવલોક સૌધર્મકલ્પનો અધિપતિ છે. તેની કથા અત્રે લેવાના મુખ્ય બે કારણો છે :– (૧) તેનો પૂર્વભવ મળે છે તે અને (૨) શક્રનું વિસ્તૃત સ્વરૂપ દર્શાવવા માટે.*

*આ સિવાય શક્રનો ઉલ્લેખ તો આગમમાં અનેકાનેક પ્રસંગોમાં અને સ્થાનોમાં આવ્યા જ કરે છે. તે સર્વે સ્થાનોનો નિર્દેશ અમે કર્યો નથી. તો પણ ઘણાં બધાં સ્થાનોનો નિર્દેશ કર્યો છે. જે અત્રે આપેલા આગમ સંદર્ભોને આધારે જોઈ શકાશે.*

*જેમ ભગવંત મહાવીર કે ગૌતમના સર્વે આગમ સંદર્ભો કે સ્થાનોનો નિર્દેશ ન કરી શકાય કેમકે તે નામો વારંવાર આવ્યા જ કરે છે. તેમ શક્રનો નિર્દેશ પણ આગમમાં વિપુલ સ્થાને જોવા મળતો હોય તેથી ઉલ્લેખ ન કરી શકાય. પણ મહત્ત્વના પ્રસંગોનો નિર્દેશ માત્ર કરેલ છે.*

*અહીં શક્રનું ફક્ત કથાનક સ્વરૂપ જ અમારું વિષયક્ષેત્ર હોવાથી તે જ્યાં જ્યાં પ્રશ્નકર્તા કે ભગવંતના પર્યુપાસક અથવા વંદનકર્તારૂપે આવેલ હોય તે–તે વાતનું કથામાં સ્થાન અપાયેલ નથી.*

*શક્રની માફક ઇશાનેન્દ્ર અને ચમરેન્દ્રની કથા નોંધી છે, કેમકે તેમના પૂર્વભવ અને વર્તમાન ભવનો વિશિષ્ટ સંદર્ભ જોવા મળે છે. પરંતુ એ જ રીતે બત્રીશ ઇન્દ્રો (બીજા મતે ચોસઠે ઇન્દ્રો)ના નામોલ્લેખ કે પરિવાર આદિ માત્ર હોય તે–તે એકપણ કથાની નોંધ દેવ–દેવી વિભાગમાં કરેલ નથી. એ મર્યાદાનો આ વિભાગમાં સ્વીકાર કરીએ છીએ.*

*એ જ રીતે પ્રત્યેક ઇન્દ્રોની અગ્રમહિષી, લોકપાલ ઇત્યાદિના નામે ભલે આગમમાં હોય પણ તેમની–તેમની કથાઓ ન આવતી હોવાથી તે બધાંના નામ–નિર્દેશાદિ કર્યા નથી. તે માટે અલગથી "आगम देव कोसो" જેવું અલગ પુસ્તક બને.*

*० આગમ સંદર્ભ :–*

*(અમારી સામાન્ય પરિપાટી કથાને અંતે જ આગમ સંદર્ભ સ્થળ નિદર્શનની રહી છે. તો પણ અહીં શક્રના સંદર્ભોનું વૈપુલ્ય દર્શાવવા આ નોંધ પહેલા કરી છે.)*

*આયા. ૫૨૦, ૫૨૫, ૫૩૨, ૫૩૩; ઠા.મૂ. ૪૩૮, ૬૮૨ની વૃ;*
*ઠા.(મૂ.) ૯૮, ૧૬૨, ૨૧૪, ૨૭૦, ૨૭૪, ૨૮૭, ૩૨૯, ૪૩૮, ૪૩૯, ૫૫૬, ૬૭૪, ૬૭૫, ૬૮૨, ૬૮૩, ૭૨૩, ૭૮૧, ૯૧૯, ૯૯૨; સમ. ૧૦૮, ૧૫૭, ૧૬૩;*
*ભગ. ૧૫૫ થી ૧૫૭, ૧૬૪ થી ૧૬૬, ૧૭૨ થી ૧૭૭, ૧૯૪, ૧૯૫, ૧૯૮ થી ૨૦૦, ૨૦૪, ૨૨૭, ૩૭૨ થી ૩૭૪, ૪૮૭, ૪૮૯, ૪૯૧, ૪૯૨, ૬૦૧, ૬૧૭, ૬૨૯, ૬૬૭, ૬૬૮, ૬૭૩, ૬૭૫, ૭૦૮, ૭૨૭ + (આ સૂત્રોની વૃત્તિ);*
*નાયા. ૮૭, ૯૬, ૯૮, ૧૦૩, ૧૦૬, ૨૧૫, ૨૨૦, ૨૩૭; ઉવા. ૨૫, ૨૭;*
*જીવા. ૨૯૪, ૩૨૫, ૩૩૦ થી ૩૩૪; પન્ન. ૨૨૭, ૨૨૮ + વૃ;*
*જંબૂ. ૧૩, ૪૬, ૮૪, ૯૦, ૧૬૭, ૧૯૪, ૧૯૭ થી ૧૯૯, ૨૨૭ થી ૨૩૫, ૨૪૩, ૨૪૪;*
*નિર. ૧૮; પુપ્ફિ. ૮; વીર. ૩, ૩૬;*
*દેવિં. ૧૬૩, ૧૭૦, ૧૭૫, ૧૮૯, ૧૯૩, ૨૦૦, ૨૨૦, ૨૩૪, ૨૪૧;*
*આવ.નિ. ૧૮૯, ૧૯૦, ૧૯૯, ૪૬૧, ૫૦૧, ૫૧૬, ૫૧૭ + (બધાંની વૃત્તિ)*
*આવ.ચૂ.૧–પૃ. ૧૧૭, ૧૩૪, ૧૪૦, ૧૮૧, ૨૨૧, ૨૩૭, ૨૩૮, ૨૫૦, ૩૦૧, ૩૧૩, ૩૧૫, ૩૨૧, ૪૧૧, ૪૧૨; આવ.નિ. ૧૮૮, ૪૭૧ની વૃત્તિ;*
*આવ.મ.વૃ.પૃ. ૨૩૫, ૨૫૩, ૨૬૮, ૩૦૦; ઉત્ત. ૨૩૪, ૨૮૭, ૨૮૯, ૩૫૦, ૬૦૩;*
*કલ્પસૂત્ર–મૂળ–૧૪, ૧૫, ૧૬ થી ૨૬ + વૃત્તિ; કલ્પસૂત્ર–ચૂ.પૃ. ૮૫, ૯૫*
*કલ્પસૂત્ર–મૂ.૨૦૯ થી વૃત્તિ; તિત્થો. ૧૮૮;*

— x — x —

**૦ શક્રેન્દ્ર પરીચય :–**

તે કાળે, તે સમયે શક્ર નામક દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરંદર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન, દક્ષિણાર્ધલોકાધિપતિ, બત્રીશલાખ વિમાનોનો સ્વામી, ઐરાવત હાથી પર સવારી કરનાર, સુરેન્દ્ર, રજરહિત આકાશ જેવા નિર્મળ વસ્ત્રધારી, માળાયુક્ત મુગટ ધાર કરેલો, ઉજ્જ્વળ સુવર્ણના સુંદર ચિત્રિત ચંચળ કુંડળોથી જેનું કપાળ સુશોભિત છે, દેદીપ્યમાન શરીરધારી, પરમ ઋદ્ધિશાળી, પરમદ્યુતિશાળી, મહાનૂબલી, મહાયશસ્વી, પરમપ્રભાવક, પંચવર્ણી પુષ્પોની લાંબી માળાને ધારણ કરેલો

અત્યંત સુખી સુધર્મા સભામાં શક્ર નામના ઇન્દ્રાસન પર બેઠો હતો.

તે શક્ર બત્રીશ લાખ વિમાનો, ૮૪,૦૦૦ સામાનિક દેવો, તેત્રીશ ગુરુસ્થાનીય ત્રાયસ્ત્રિંશક દેવો, ચાર લોકપાલો, પરિવારસહિત આઠ અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત અનીકો, સાત અનીકાધિપતિઓ, ૩,૩૬,૦૦૦ અંગરક્ષક દેવો, તથા સૌધર્મકલ્પવાસી અન્ય અનેક દેવો તથા દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામીત્વ, ભતૃત્વ, મહત્તરકત્વ, અગ્રેસરત્વ, આજ્ઞાઐશ્વર્યત્વ સૈનાપત્ય કરતો આ બધાનું પાલન કરતો, નૃત્ય, ગીત, કળા, કૌશલ્ય સાથે વગાડાઈ રહેલા તલ, તાલ, ત્રુટિત, વીણા, ઝાંઝ, ઢોલ, મૃદંગના મેઘ સમાન ગંભીર તથા મધુર ધ્વનિ સાથે દિવ્ય ભોગોને ભોગવતો વિચરી રહ્યો હતો.

તેની આઠ અગ્રમહિષી આ પ્રમાણે હતી – પદ્મા, શિવા, શચી, અંજૂ, અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી. આ પ્રત્યેક દેવીનો સોળ–સોળ હજાર દેવીઓનો પરિવાર હતો. આઠે દેવીઓ બીજી સોળ–સોળ હજાર દેવીઓ વિકુર્વવા સમર્થ છે.

તેના ચાર લોકપાલો – સોમ, યમ, વરુણ અને કુબેર હતા.

તેની ત્રણ પર્ષદા હતી – બાહ્ય, મધ્યમ અને અભ્યંતર, જેના નામો સમિતા, ચંડા અને જાયા પણ છે.

તેની સાત સેનાઓ હતી. તે આ પ્રમાણે – હાથી, ઘોડા, રથ, સુભટ, વૃષભ, નાટકીયા અને ગંધર્વ. પ્રત્યેક સેનાનો એક–એક સેનાધિપતિ હતો.

તેના ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો હતા – તે આ પ્રમાણે – ઉત્તરમાં ૮૪,૦૦૦, દક્ષિણમાં ૮૪,૦૦૦, પૂર્વમાં ૮૪,૦૦૦ અને પશ્ચિમમાં ૮૪,૦૦૦.

શક્રની પાદુકા વૈડૂર્યરત્ન, ઉત્તમ જાતનું રિષ્ટરત્ન, અંજનરત્ન વડે ચતુર કારીગરે બનાવેલી હોય તેવી, દેદીપ્યમાન, ચંદ્રકાંતાદિ મણિ અને કર્કેતન રત્નોથી જડેલી હતી.

તેનો નિવાસ મંદરપર્વતના અગ્નિખૂણામાં ઉત્તમ ગુલ્માદિ ચાર પુષ્કરિણીઓના મધ્યમાં રહેલા ઉત્તમ પ્રાસાદમાં પણ સપરિવાર હોય છે. તેમજ મેરુ પર્વતના સૌમનસવનથી આગળ શક્રેન્દ્રનો ઉત્તમ પ્રાસાદ છે. વળી મેરુ પર્વતની ચૂલિકાની પૂર્વમાં પાંડુકવનમાં ૫૦ યોજન ગયા પછી આવતા એક વિશાળ ભવનનો તે અધિષ્ઠાયક દેવ છે.

તેના વિમાનનું નિર્માણ આદિ કાર્યપાલક નામનો આભિયોગિક દેવ કરે છે. હરિણેગમેષી દેવ તેની પદાતિસેનાનો અધિકારી છે, જે શક્રના દૂત તરીકે પણ કાર્યકરે છે. જેમકે – દેવાનંદા અને ત્રિશલાના ગર્ભનું સંક્રમણ તેણે કરેલું હતું.

શક્રના વિમાનનું નામ પાલક અને તેની સભામાં રહેલી ઘંટાનું નામ સુઘોષા છે. વિમાન એક લાખ યોજન વિસ્તીર્ણ છે. તેનો મહેન્દ્રધ્વજ ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ છે.

તે દેવેન્દ્ર દેવરાજ શક્ર અનેક દેવ અને દેવીઓની વિકુર્વણા કરીને પરિપૂર્ણ જંબૂદ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે. અલબત્ત આ તેની વિકુર્વણા શક્તિ માત્ર છે, શક્રેન્દ્રે આ વિકુર્વણા કદી કરી નથી, કદી કરતો નથી અને કદાપી કરશે પણ નહીં. એ જ પ્રમાણે શક્રેન્દ્ર કાલવર્ષી મેઘ વૃષ્ટિકાય વરસાવી શકે છે. જે ભગવંતના જન્મ આદિ કલ્યાણકે વરસાવે છે.

આ શક્રેન્દ્ર સમ્યગ્વાદી હોય છે, તે સત્ય, મૃષા આદિ ચારે પ્રકારની ભાષાઓ

બોલે છે. તે સાવદ્ય કે નિરવદ્ય બંને પ્રકારની ભાષા બોલે છે. કેમકે જ્યારે તે સૂક્ષ્મકાયથી મુખ ઢાંક્યા વિના બોલે છે ત્યારે તે સાવદ્ય ભાષા બોલે છે અને મુખને ઢાંકીને બોલે છે ત્યારે તે નિરવદ્ય ભાષા બોલે છે. આ દેવેન્દ્ર દેવરાજ શક્ર ભવસિદ્ધિક છે – ભવ્ય છે – સમ્યદૃષ્ટિ છે – યાવત્ – ચરમ છે.

**૦ શક્રનો પૂર્વભવ :–**

તે કાળે, તે સમયે વિશાખા નામની નગરી હતી. ત્યાં બહુપુત્રિક નામક ચૈત્ય હતું. કોઈ વખતે શ્રમણ ભગવંત મહાવીર ત્યાં પધાર્યા – યાવત્ – પર્ષદા પર્યુપાસના કરવા લાગી. તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર – યાવત્ – દિવ્ય વિમાનમાં બેસીને ત્યાં આવ્યો. આભિયોગિક દેવો પણ સાથે આવ્યા – યાવત્ – શક્રેન્દ્રે બત્રીશ પ્રકારની નાટ્ય વિધિ પ્રદર્શિત કરી. જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં પાછો ગયો.

ત્યારે ગૌતમે તેના પૂર્વભવ સંબંધી પૃચ્છા કરી.

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભારત વર્ષમાં હસ્તિનાપુર નામક નગર હતું. ત્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં કાર્તિક નામે એક શ્રેષ્ઠી રહેતો હતો, જે ધનાઢ્ય – યાવત્ – કોઈથી પરાભવ પ્રાપ્ત કરે તેવો ન હતો. તેનું વણિકોમાં અગ્રસ્થાન હતું. તે – તે ૧૦૦૮ વ્યાપારીઓમાં ઘણાં કાર્યોમાં, કારણોમાં અને કૌટુંબિક વ્યવહારોમાં પૂછવા યોગ્ય હતો – યાવત્ – ચક્ષુભૂત હતો. તે કાર્તિક શ્રેષ્ઠી તે ૧૦૦૮ વેપારીઓનું આધિપત્ય – યાવત્ – પાલન કરતો હતો.

ભગવંત મુનિસુવ્રત પધાર્યા, – x – x – x – કાર્તિક શ્રેષ્ઠીએ પ્રવ્રજ્યા અંગીકાર કરવા સંકલ્પ કર્યો – x – x – x – ૧૦૦૮ વણિકો સાથે દીક્ષા ગ્રહણ કરી. – x – x – શક્રરૂપે ઉત્પન્ન થયો – x – x – તેની બે સાગરોપમની સ્થિતિ છે. – x – x – ત્યાંથી ચ્યવી મનુષ્યરૂપે જન્મ લઈ મોક્ષે જશે (ઇત્યાદિ કાર્તિક શ્રેષ્ઠીની કથા શ્રમણ વિભાગમાં વિસ્તારથી આવી ગયેલ છે, ત્યાં જોઈ લેવી.)

**૦ શક્રના વિવિધ નામોનો અર્થ :–**

–૦– શક્ર – શક્ર નામના સિંહાસન પર બેસનારો હોવાથી શક્ર.
–૦– દેવરાજ – કાંતિ વગેરે ગુણોથી દેવોમાં અધિક શોભતો હોવાથી.
–૦– વજ્રપાણી – હાથમાં વજ્રને ધારણ કરતો હોવાથી વજ્રપાણિ
–૦– પુરંદર – દૈત્યોના નગરોનો વિનાશ કરનારો હોવાથી પુરંદર.
–૦– શતક્રતુ – શ્રાવકની પ્રતિમા સો વખત સુધી વહન કરી હોવાથી.
–૦– સહસ્રાક્ષ – હજાર લોચનવાળો, ઇન્દ્રને ૫૦૦ દેવો મંત્રી છે, તે ૫૦૦ મંત્રીઓની હજાર આંખો ઇન્દ્રનું જ કાર્ય કરનારી છે તેથી સહસ્રાક્ષ.
–૦– મઘવા – મહામેઘો જેને વશ છે અથવા મઘ નામક દેવ વિશેષ જેને વશ છે તેથી તે મઘવા કહેવાય છે.
–૦– પાકશાસન – પાક નામના અસુરોને શિક્ષા કરનારો હોવાથી.
–૦– ઐરાવણવાહન – ઐરાવણ હાથી જેનું વાહન છે તે.

—૦— સૌધર્મેન્દ્ર — સૌધર્મ દેવલોકનો અધિપતિ હોવાથી સૌધર્મેન્દ્ર.

**૦ ગર્ભસંક્રમણ પ્રસંગ :–**

જ્યારે ભગવંત મહાવીરનો જીવ દેવાનંદાની કુક્ષિમાં આવ્યો ત્યારે ઇન્દ્રને આવો આધ્યાત્મિક – યાવત્ – મનોગત સંકલ્પ થયો. – x – x – x – હરિણેગમેષી દેવને આજ્ઞા કરી – x – x – x – દેવાનંદાની કુક્ષિમાંથી ભગવંત મહાવીરને ત્રિશલા માતાની કુક્ષિમાં સંક્રમાવ્યા (*ઇત્યાદિ વર્ણન તીર્થંકર ચરિત્રમાં* ભગવંત મહાવીર કથામાં *આવી ગયું છે.*)

**૦ કોણિકને સંગ્રામમાં સાથ આપવો :–**

જ્યારે સેચનક હાથી અને દિવ્ય હાર નિમિત્તે કોણિક રાજાએ ચેટક રાજા સાથે યુદ્ધ કર્યું ત્યારે બે મહાસંગ્રામો થયા હતા :– (૧) મહાશિલા કંટક સંગ્રામ અને (૨) રથમૂશલ સંગ્રામ. આ મહાસંગ્રામમાં કોણિકને શક્રેન્દ્રએ સાથ આપેલો. (*જેનું સવિસ્તર વર્ણન* કોણિક રાજાની કથામાં *મહાશિલાકંટક તથા રથમૂસલ સંગ્રામમાં આવી ગયેલ છે.*)

**૦ વંશ સ્થાપનાની શાશ્વત પ્રવૃત્તિ :–**

જ્યારે ઋષભદેવની ઉંમર એક વર્ષથી કંઈક ન્યૂન હતી, ત્યારે પ્રથમ તીર્થંકરના વંશની સ્થાપના કરવી – એ શક્રનો આચાર છે, એમ વિચારી શક્ર આવ્યો. ભગવંત પાસે ખાલી હાથે કેમ જવું ? એમ વિચારી શક્રેન્દ્ર એક મોટી ઇક્ષુયષ્ટિ લઈને નાભિકુલકરના ખોળામાં બેઠેલા ભગવંત પાસે આવ્યો – x – x – x – ત્યારે ભગવંતને ઇક્ષુનો અભિલાષ થવાથી તેનો "ઇક્ષ્વાકુ" એવો વંશ સ્થાપ્યો (*આ કથા તીર્થંકર ચરિત્રમાં* ભગવંત ઋષભની કથામાં *આવી ગયેલ છે ત્યાં જોવી.*)

**૦ અરિહંતના કલ્યાણકોમાં શક્રની ઉપસ્થિતિ :–**

કોઈપણ તીર્થંકરના જન્મ, દીક્ષા, નાણ અને નિર્વાણના પ્રસંગે શક્ર પોતાનો શાશ્વત આચાર જાણી આવે છે. તે–તે કલ્યાણકોની મહાઋદ્ધિ પૂર્વક ઉજવણી કરે છે. જેનું સવિસ્તર વર્ણન તીર્થંકર ચરિત્રોમાં ભગવંત ઋષભ, ભગવંત મલ્લી અને ભગવંત મહાવીરકથામાં આવેલ છે. (*આ રોમાંચક અને અદ્‌ભુત વર્ણન તે–તે કથાઓમાંથી ખાસ જોવું.*)

**૦ તીર્થંકર સમીપે પ્રશ્નો પૂછવા કે વિવિધ પ્રસંગોએ આવવું :–**

શક્રેન્દ્ર સમ્યગ્‌દૃષ્ટિ અને ભવસિદ્ધિક હોય છે. તે કલ્યાણક પ્રસંગો સિવાય પણ અનેક વખત ભગવંતની દેશના શ્રવણ કરવા, પર્યુપાસના કરવા, દર્શન–વંદન કરવા આવતો હોય છે. ભગવંતને વિવિધ પ્રશ્નો પૂછી પોતાના સંશયનું નિવારણ કરે છે અને પોતાની શ્રદ્ધા વધુને વધુ દૃઢ બનાવે છે. તેમ અનેક પ્રસંગોએ શક્ર ભગવંત પાસે આવતા હોય છે.

ભગવતી સૂત્રમાં આવા પ્રશ્નો આવે છે – હે ભગવંત અવગ્રહ કેટલા પ્રકારે કહ્યો છે ? – હે ભગવન્ ! શું મહર્દ્ધિક – યાવત્ – મહાસૌખ્ય સંપન્ન દેવ બાહ્ય પુદ્‌ગલો તે ગ્રહણ કર્યા વિના અહીં આવવા સમર્થ છે ? નિગોદનું સ્વરૂપ શું છે ? – ઇત્યાદિ ઇત્યાદિ. આવા પ્રશ્નો અન્યાન્ય આગમોમાં પણ શક્ર દ્વારા પૂછાયાના દૃષ્ટાંત જોવા મળે છે. એ જ રીતે ભગવંતના ઉપસર્ગ પ્રસંગે, તપના પારણા પ્રસંગે, સુખશાતા પૃચ્છાર્થે શક્રના આગમનની વાત આવે છે.

**૦ વિવિધ શ્રાવક કે શ્રમણના દૃઢ ધર્મીત્વની પ્રશંસા :–**

શક્ર ગુણાનુરાગી હોય છે. આગમોમાં એવા પ્રસંગો નજરે પડે છે. જેમાં શક્રેન્દ્ર શ્રાવકના અથવા શ્રમણોના દૃઢધર્મીત્વની પ્રશંસા કરી હોય. જેમકે – કામદેવ શ્રાવક, શ્રેણિક આદિ માટે શક્રએ દેવોની સભામાં કહેલું કે, તેઓ નિર્ગ્રંથ પ્રવચનમાં એવા દૃઢ છે કે કોઈ દેવ કે દાનવ ઇત્યાદિ તેમને ચલિત કરવા સમર્થ નથી. ભગવંત મહાવીર માટે પણ આવી જ પ્રશંસા કરેલી – પછી સંગમ દેવે ઉપસર્ગ કર્યા. ઇત્યાદિ.

**૦ સનત્કુમાર ઇન્દ્રનું આધિપત્ય :–**

જ્યારે શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર વચ્ચે કોઈ વિષયમાં વિસંવાદ થાય છે ત્યારે તેઓ સનત્કુમાર ઇન્દ્રનું સ્મરણ કરે છે. સનત્કુમારેન્દ્ર જે પણ કંઈ કહે છે તેને તે બંને ઇન્દ્રો માન્ય કરે છે. તેમની આજ્ઞા, સેવા, આદેશ અને નિર્દેશમાં રહે છે.

**૦ અસુરેન્દ્રનો ઉત્પાત :–**

કોઈ વખતે અસુરેન્દ્રએ ઉત્પાત કર્યો – યાવત્ – શક્રેન્દ્રએ વજ્ર છોડ્યું. અસુરેન્દ્રએ ભગવંત મહાવીરનું શરણું ગ્રહણ કર્યું. તેથી ભગવંતની આશાતના ન થાય તે માટે તેને શક્રેન્દ્ર એ જવા દીધો. *(આ કથા ભગવંત મહાવીરની કથામાં જોવી)*

**૦ શક્રના દિવ્ય ભોગ :–**

તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર એક મહાન્ ચક્ર સદૃશ ગોળાકાર સ્થાન વિકુર્વે છે. જે લંબાઈ–પહોડાઈમાં એક લાખ યોજન અને પરિધિ ત્રણ લાખ યોજન અને કંઈક અધિક સાઢાતેર અંગુલ હોય છે. તેનો અત્યંત સમતલ અને રમણીય ભૂમિભાગ હોય છે – યાવત્ – મણિઓનો મનોજ્ઞ સ્પર્શ હોય છે. તે ચક્રાકારના મધ્ય ભાગે એક મહાન્ પ્રાસાદાવતંસક વિકુર્વે છે. જે ૫૦૦ યોજન ઊંચુ હોય છે. તેનો વિષ્કંભ ૨૫૦ યોજન હોય છે. તે પ્રભાપુંજથી વ્યાપ્ત હોય છે – યાવત્ તે દર્શનીય અને અભિરૂપ હોય છે. ઇત્યાદિ. ત્યાં લંબાઈ–પહોડાઈમાં આઠ યોજનની મણિપીઠિકા હોય છે. તેના પર મહાન્ દેવશય્યા હોય છે. ત્યાં શક્ર પરિવારસહિત આઠ પટ્ટરાણીઓ સાથે દિવ્યભોગો ભોગવે છે.

— x — x —

## 0 ઇશાનેન્દ્ર કથા – તામલિતાપસ કથા :–

*સ્પષ્ટીકરણ :– ઇશાન એ બીજા દેવલોક ઇશાનનો અધિપતિ છે. તેની કથા અત્રે લેવાના મુખ્ય બે કારણો છે :– તેનો પૂર્વ ભવ મળે છે તે, ઇશાનેન્દ્રનું શક્રની માફક વિસ્તૃત સ્વરૂપ દર્શાવવું તે.*

*ઇશાનેન્દ્રનો ઉલ્લેખ આગમોમાં ઘણે સ્થાને જોવા મળેલ છે તે સર્વે સ્થાનોનો નિર્દેશ ન કરવા છતાં. ઘણાં બધાં આગમ સ્થળનો નિર્દેશ અત્રે કરેલ છે.*

*ઇશાનેન્દ્રનું કથા સ્વરૂપ એ જ અમારું કાર્યક્ષેત્ર હોવાથી ઇશાનેન્દ્રના સામાનિક, લોકપાલ, અગ્રમહિષી ઇત્યાદિના આયુ, સ્થાન, રાજધાની આદિ વિગતો આ કથાનકમાં સમાવેલ નથી.*

*જો કે ઇશાનેન્દ્રના પ્રસંગો, ભગવંતની પાસે, દેશના શ્રવણ કે અન્યાન્ય પ્રસંગે તેનું આગમન શક્રેન્દ્ર જેટલું જોવા મળતું નથી, તેથી વિશેષ કથા વિસ્તાર શક્ય નથી.*

*૦ આગમ સંદર્ભ :–*

*(શક્રેન્દ્રની માફક અહીં પણ આગમ સંદર્ભ અંતે આપવાને બદલે પહેલા આપ્યા છે.)*
*આયા. ૫૨૫; ઠા. ૯૮, ૧૬૨, ૨૧૪, ૨૭૦, ૨૭૪, ૨૮૭, ૩૨૯, ૪૩૮*
*૪૩૯, ૫૫૭, ૬૭૪, ૬૭૫, ૬૮૨, ૬૮૩, ૭૨૩, ૭૮૧, ૮૩૯, ૯૧૯, ૯૯૨;*
*સમ. ૬૨, ૧૦૮, ૧૩૮, ૧૫૯; ભગ. ૧૫૭, ૧૫૮, ૧૬૦ થી ૧૬૬, ૨૦૪, ૨૦૮,*
*૪૮૭; ૪૮૯, ૬૦૨, ૬૧૭, ૭૦૮, ૭૨૭; નાયા. ૧૦૩,૨૨૦, ૨૩૯;*
*જીવા. ૨૯૪, ૩૨૫, ૩૩૦ થી ૩૩૪; પન્ન. ૨૨૮, ૨૨૯, ૨૩૪;*
*જંબૂ. ૪૬, ૧૬૭, ૧૯૪, ૧૯૮, ૧૯૯, ૨૩૦ થી ૨૩૫, ૨૪૩; વીર. ૩૬;*
*દેવિં. ૧૬૩, ૧૭૦, ૧૭૫, ૧૮૯, ૨૦૦, ૨૨૦, ૨૩૪, ૨૪૧; આવ.નિ. ૫૧૭ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૩૧૫; કલ્પસૂત્ર–મહાવીર ચરિત્ર–વૃત્તિ*

— x — x —

**૦ ઇશાનેન્દ્ર પરીચય :–**

તે કાળે, તે સમયે ઇશાન નામના બીજા કલ્પ (દેવલોક)નો અધિપતિ, ઇશાનેન્દ્ર, અટ્ઠાવીસ લાખ વિમાનોનો સ્વામી, ઉત્તરાર્ધ લોકાધિપતિ, શૂલપાણિ, વૃષભવાહન, નિર્મળ આકાશ જેવા રજરહિત સ્વચ્છ વસ્ત્ર પહેરેલો, યથોચિતરૂપે માળા અને મુગટ ધારણ કરેલો, નવ સુવર્ણ નિમિત્ત મનોહર કુંડલ પહેરેલો – જે કાનથી ગળા સુધી લટકી રહ્યા હતા તેનાથી દીપ્ત મુખવાળો, અત્યધિક સમૃદ્ધિ, મહાદ્યુતિ, મહાયશ, મહાબલ, મહાપ્રભાવ, સુખસૌભાગ્ય યુક્ત, દેદીપ્યમાન શરીરવાળો, સર્વ ઋતુઓના ફૂલોની બનેલી માળા, જે ગળાથી ઘૂંટણ સુધી લટકતી હતી, તેને ધારણ કરેલો ઇશાન કલ્પમાં ઇશાનાવતંસક વિમાન ઇશાન સિંહાસન પર બેઠો હતો.

તે ૨૮ લાખ વૈમાનિક દેવો, ૮૦,૦૦૦ સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક, ગુરુ સ્થાનીય દેવો, ચાર લોકપાલો, પરિવાર સહિત આઠ પટ્ટરાણીઓ, ત્રણ પર્ષદા, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, ચારે દિશામાં એંશી–એંશી હજાર એવા કુલ ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવો, ઇશાનકલ્પવાસી એવા બીજા અનેક દેવો અને દેવીઓનું આધિપત્ય, પુરાપતિત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞેશ્વરત્વ, સેનાપતિત્વ કરતો તે દેવરાજ ઇશાનેન્દ્ર નિરવચ્છિન્ન નાટ્ય, ગીત, નિપુણ વાદકોના વાદ્યોના ધ્વનિનું શ્રવણ કરતો, દિવ્ય અને વિપુલ ભોગ ભોગવતો વિચરતો હતો.

ઇશાનેન્દ્રના ઇશાન વિમાને રહેલી ઘંટાનું નામ મહોઘોષા છે, તેના પદાતિ–સેનાધિપતિનું નામ લઘુપરાક્રમ છે, વિમાનચાલક અને વિમાનની વિકુર્વણા કરનાર દેવનું નામ પુષ્પક છે. તેના વિમાનનું નામ પણ પુષ્પક છે. તેનું યાન વિમાન એક લાખ યોજન વિસ્તીર્ણ છે. મહેન્દ્રધ્વજ ૧૦૦૦ યોજન વિસ્તીર્ણ છે.

આભિયોગ્ય શ્રેણિ અંતર્ગત્ સીતા મહાનદીના ઉત્તરમાં રહેલી શ્રેણીઓ ઇશાનેન્દ્રની છે. મેરુપર્વતના ઇશાન ખૂણામાં શ્રીકાંતા આદિ ચાર પુષ્કરિણીઓ વચ્ચે રહેલો ઉત્તમ પ્રાસાદ પણ ઇશાનેન્દ્રનું નિવાસસ્થાન છે. સૌમનસ વનમાં આગળના ભાગે પણ ઇશાનેન્દ્રનો ઉત્તમ પ્રાસાદ છે.

– દેવરાજ ઇશાનેન્દ્રની ત્રણ પર્ષદા કહી છે. સમિતા, ચંડા અને જાયા. જે બીજી રીતે બાહ્ય, મધ્યમ અને અભ્યંતર એ ત્રણ નામે પણ ઓળખાય છે.

– ઇશાનેન્દ્રના ચાર લોકપાલ છે. સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ.

– ઇશાનેન્દ્રની સાત સેના આ પ્રમાણે – પાયદળ, અશ્વ, હસ્તિ, મહિષ, રથ, નટ અને ગંધર્વ – સેના. આ સાત સેનાના સાત સેનાધિપતિ હોય છે.

– ઇશાનેન્દ્રની આઠ અગ્રમહિષીઓ આ પ્રમાણે છે – કૃષ્ણા, કૃષ્ણારાજી, રામા, રામરક્ષિતા, વસુ, વસુગુપ્તા, વસુમિત્રા અને વસુંધરા.

– ઇશાનેન્દ્ર પોતાની વિકુર્વણા શક્તિથી અનેક દેવ–દેવીઓને વિકુર્વે તો તે સંપૂર્ણ જંબૂદ્વીપ કરતા પણ કિંચિત્ અધિક સ્થળને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે. જો કે આ તો ફક્ત તેનું સામર્થ્ય જણાવે છે. કદાપી કોઈ ઇશાનેન્દ્રએ આવી વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

– ઇશાનેન્દ્ર કાલવર્ષી મેઘ વૃષ્ટિકાયની ભગવંતના જન્મ, દીક્ષા, નાણ અને નિર્વાણ કલ્યાણકોએ વૃષ્ટિ કરવા ઇચ્છે તો કરી શકે છે. એ જ રીતે તમસ્કાયની પણ વિકુર્વણા કરવાને સમર્થ હોય છે.

ઇશાનેન્દ્ર સ્થિતિ બે સાગરોપમ કરતા કંઈક અધિક હોય છે.

ઇશાનેન્દ્રની આભ્યંતર પર્ષદામાં ૧૦,૦૦૦ દેવ, મધ્યમ પર્ષદામાં ૧૨,૦૦૦ દેવ અને બાહ્ય પર્ષદામાં ૧૪,૦૦૦ દેવ હોય છે. આભ્યંતર પર્ષદામાં ૯૦૦, મધ્યમ પર્ષદામાં ૮૦૦ અને બાહ્ય પર્ષદામાં ૭૦૦ દેવીઓ હોય છે.

ઇશાનેન્દ્ર સમ્યગ્વાદી હોય છે. તે સત્ય, મૃષા આદિ ચારે પ્રકારની ભાષાઓ બોલે છે – યાવત્ તે ચરમ છે *ઇત્યાદિ વર્ણન શક્રેન્દ્ર અનુસાર જાણવું.*

**૦ ઇશાનેન્દ્રનો પૂર્વભવ – તામલિતાપસની કથા :–**

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું – યાવત્ – પર્ષદા નીકળી.

તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઇશાનેન્દ્ર ઇશાન કલ્પમાં ઇશાનાવતંસક વિમાનમાં (*જે પ્રમાણે* સૂર્યાભદેવમાં *વર્ણન આવે છે, તે પ્રમાણે અહીં પણ ઇશાનેન્દ્રના વિષયમાં જાણવું*) – યાવત્ – દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય પ્રભાવ સહ બત્રીશ પ્રકારની દિવ્ય નાટ્યવિધિઓને દેખાડી – યાવત્ – જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં ગયો.

**૦ ઇશાનેન્દ્રની દેવદ્યુતિ વિષયક પ્રશ્નોત્તર :–**

હે ભગવન્ ! એ પ્રમાણે કહીને ભગવન્ ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વંદના–નમસ્કાર કર્યા. વંદના–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! અહો ! દેવેન્દ્ર દેવરાજ ઇશાન મહાઋદ્ધિવાળો – યાવત્ – મહાપ્રભાવશાળી છે. હે ભગવન્ ! ઇશાનેન્દ્રની તે દિવ્યઋદ્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ ક્યાં ગયો ? ક્યાં અનુપ્રવિષ્ટ થયો ?

હે ગૌતમ ! શરીરમાં ચાલ્યો ગયો. શરીરમાં અનુપ્રવિષ્ટ થઈ ગયો.

હે ભગવન્ ! એવું કેમ કહો છો કે, શરીરમાં ચાલી ગઈ – યાવત્ – પ્રવેશી ગઈ.

હે ગૌતમ ! જેમ કોઈ એક કૂટાગારશાળા હોય, બંને બાજુથી લીંપેલી હોય, ગુપ્ત હોય, ગુપ્ત દ્વાર હોય, નિર્વાત હોય, હવા પ્રવેશી ન શકે તેવી ગંભીર હોય. તે કૂટાગાર શાળાથી બહુ દૂર કે બહુ નીકટ નહીં, ત્યાં એક વિશાળ જનસમૂહ, એક મોટી મેઘ ઘટાને,

વરસતી મેઘ ઘટાને અને પ્રચંડ વાયુ આંધીને જુએ. જોઈને તે કૂટાગાર શાળામાં પ્રવેશીને રહે. તે રીતે હે ગૌતમ ! તે દેવદ્યુતિ આદિ શરીરમાં ચાલી ગઈ. શરીરમાં પ્રવેશી ગઈ.

હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઇશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ કેવી રીતે પ્રાપ્ત કર્યો ? કઈ રીતે લબ્ધ કર્યો ? કઈ રીતે અધિગત કર્યો ? તે પૂર્વભવમાં કોણ હતો ? તેનું નામ અને ગોત્ર શું હતું ? તે કયા ગામ કે નગર અથવા – યાવત્ – સન્નિવેશમાં રહેતો હતો ? તેણે શું આપેલું ? શું ભોગવેલું ? શું કરેલ હતું ? શું આચરેલું ? ક્યા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પાસે એક પણ એવું ક્યું આર્ય અને ધાર્મિક સુવચન શ્રવણ કે અવધારણ કરેલું ? જે નિમિત્તે દેવેન્દ્ર દેવરાજ ઇશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવ પ્રભાવ પ્રાપ્ત કર્યો કે પૂર્ણરૂપે અધિગત કર્યો ?

**૦ તામલિ મૌર્યપુત્ર અને તેની પ્રાણામા પ્રવ્રજ્યા ગ્રહણેચ્છા :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપ નામક દ્વીપના ભારતવર્ષમાં તામ્રલિપ્ત નામની નગરી હતી. તે નગરીમાં મૌર્યપુત્ર તામલી નામક ગૃહપતિ રહેતો હતો, જે આઢ્ય – યાવત્ – અપરિભૂત હતો.

ત્યારે કોઈ દિવસે તે મૌર્યપુત્ર તામલી ગૃહપતિને રાત્રિના મધ્યભાગમાં કુટુંબ જાગરિકામાં જાગરણ કરતા આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે, પૂર્વમાં કરેલ, પ્રાચીન સુઆચરિત, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ કરેલ કર્મોના કલ્યાણ ફળરૂપ પ્રભાવ હજી ઉદીયમાન છે. જેનાથી મારા ઘરમાં હિરણ્યની, સુવર્ણની, ધનની, પુત્રોથી, પશુઓની વૃદ્ધિ થઈ રહી છે. વિપુલ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, ચંદ્રકાંતમણિ, પ્રવાલ, માણિક આદિ સારભૂત ધનની પ્રતિદિન વૃદ્ધિ થઈ રહી છે. તો શું એકાંતરૂપે પૂર્વકૃત, પુરાતન, સુચારુરૂપે આચરિત, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ કૃત કર્મોના નાશની ઉપેક્ષા કરતો રહ્યો છું. હવે મારે શું કરવું ?

જ્યાં સુધી હું હિરણ્યથી વધી રહ્યો છું – યાવત્ – અધિકાધિક વૃદ્ધિ પામી રહ્યો છું તથા જ્યાં સુધી મારા મિત્ર, જ્ઞાતિજન, નિજક, સ્વજન, સંબંધી, પરિજન મારો આદર કરે છે, સત્કાર–સન્માન કરે છે, મને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ માનીને મારી પર્યુપાસના કરે છે, ત્યાં સુધીમાં મારે સ્વયં મારું કલ્યાણ કરી લેવું જરૂરી છે. તેથી આગામી દિવસે – યાવત્ – સૂર્ય જ્વલંત તેજસહિત ઉદિત થાય ત્યારે સ્વયમેવ લાકડાના પાત્ર બનાવડાવી કે ગ્રહણ કરીને પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવી મિત્રો, જ્ઞાતિજનો – યાવત્ – પરિજનોને વિપુલ અશનાદિ ભોજન, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર આદિથી સત્કાર, સન્માન કરી, તેઓને પૂછીને તથા મારા મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને અને તેને પૂછીને મુંડિત થઈને પ્રાણામા નામક પ્રવ્રજ્યા અંગીકાર કરું.

પ્રવ્રજિત થઈને તત્કાલ જ આ અભિગ્રહ ધારણ કરીશ કે યાવજ્જીવન નિરંતર છટ્ઠ–છટ્ઠનો તપ કરીશ. સૂર્ય સમક્ષ હાથ ઊંચા કરી આતાપના લઈશ. પારણાના દિવસે આતાપનાભૂમિથી ઉતરીને સ્વયં કાષ્ઠપાત્ર લઈ તામ્રલિપ્તી નગરીમાં ઉચ્ચ–નીચ અને મધ્યમ સ્થિતિવાળા કૂળોમાંથી વિધિપૂર્વક ભિક્ષા લઈ ફક્ત શુદ્ધ ઓદન લઈને તેને એકવીશ વખત પાણીથી ધોઈને ખાઈશ. આવા પ્રકારે તેણે સંકલ્પ કર્યો.

ત્યારપછી પ્રાતઃકાળ થયો – યાવત્ – જ્વલંત તેજ સાથે સહસ્રરશ્મિ સૂર્ય ઉદિત થયો ત્યારે સ્વયમેવ કાષ્ઠપાત્ર બનાવ્યા. પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન તૈયાર કરાવ્યું. કરાવીને સ્નાન કર્યું. બલિકર્મ કર્યું. કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કર્યા, પછી શુદ્ધ, પ્રાવેશ્ય, માંગલિક ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મૂલ્યવાન્ આભુષણોથી શરીરને અલંકૃત્ કર્યું. ભોજન સમયે ભોજન મંડપમાં સુખાસને બેસીને મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનોની સાથે તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજનને ચાખતા–સ્વાદ લેતા, બીજાને પીરસતા અને ખાતા વિહરવા લાગ્યા.

**૦ તામલી દ્વારા પ્રાણામા પ્રવ્રજ્યા સ્વીકાર :–**

તે તામલી ગૃહપતિએ ભોજન કર્યું. ભોજન બાદ મુખ સ્વચ્છ કર્યું, ધોયું અને પરમ શુદ્ધ થયો. પછી પોતાના મિત્રો, નિજક – યાવત્ – પરિજનોનું વિપુલ અશન આદિથી વસ્ત્ર, માળા, ગંધ, અલંકારોથી સત્કાર, સન્માન કર્યા. તેઓની સન્મુખ પોતાના મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપ્યો. પછી તે મિત્રો, જ્ઞાતિજનો – યાવત્ – મોટા પુત્રને પૂછીને મુંડિત થઈને પ્રાણામા પ્રવ્રજ્યા અંગીકાર કરી. પ્રવ્રજ્યા લેતાની સાથે જ અભિગ્રહ લીધો–

યાવજ્જીવન મારે છટ્ઠ–છટ્ઠ તપ કરવો – યાવત્ – તપસહિત ઊંચા હાથ કરીને, સૂર્ય સન્મુખ આતાપનાભૂમિમાં આતાપના લેતો વિચરણ કરે છે. છટ્ઠના પારણે આતાપનાભૂમિથી નીચે ઉતરે છે. સ્વયમેવ કાષ્ઠપાત્રોને લઈને તામ્રલિપ્તી નગરીના ઉચ્ચ, નીચ, મધ્યમ સ્થિતિવાળો ઘરોમાં ગૃહ સામુદાનિક ભિક્ષા લેવાની વિધિપૂર્વક ભિક્ષા માટે ભ્રમણ કરે છે. માત્ર શુદ્ધ ચાવલ ગ્રહણ કરે છે. ચાવલને એકવીશ વખત ધુવે છે. તેનો આહાર કરે છે.

**૦ પ્રાણામા પ્રવ્રજ્યાનો અર્થ :–**

હે ભગવન્ ! તેને પ્રાણામા પ્રવ્રજ્યા કેમ કહે છે ? હે ગૌતમ ! જે પ્રાણામા પ્રવ્રજ્યા લે છે, તે જેને પણ જુએ છે તેને અર્થાત્ – ઇન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્ય કે કોટ્ટક્રિયને અથવા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ કે સાર્થવાહને અથવા કાગડો, કુતરો કે ચાંડાલને જોઈને ઉચ્ચને જોઈને ઉચ્ચ રીતે, નીચને જોઈને નીચી રીતિથી પ્રણામ કરે છે. જેને જે રીતે જુએ તેને તે રીતે પ્રણામ કરે છે. તે કારણથી તેને પ્રાણામા પ્રવ્રજ્યા કહેવાય છે.

**૦ તામલી દ્વારા પાદોપગમન સંલેખના ગ્રહણ :–**

ત્યારપછી તે તામલી મૌર્યપુત્ર તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહિત બાલતપકર્મ દ્વારા સૂકાઈ ગયો – યાવત્ – તેની બધી નસો દેખાવા લાગી. એવો દુર્બળ થઈ ગયો. ત્યારે કોઈ દિવસે મધ્યરાત્રિએ અનિત્ય જાગરિકાથી જાગરણ કરતા તે બાલતપસ્વી તામલીને આવો સંકલ્પ – યાવત્ – ઉત્પન્ન થયો.

હું આ ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહિત, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, શોભાયુક્ત, ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, મહાપ્રભાવશાળી તપકર્મથી સૂકાઈ ગયો છું, રૂક્ષ થઈ ગયો છું – યાવત્ – મારી બધી નસો દેખાવા લાગી છે. તેથી જ્યાં સુધી મારામાં ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે, પુરુષાકાર પરાક્રમ છે ત્યાં સુધી મારે શ્રેયસ્કર છે કે

આવતી કાલે સૂર્ય ઉગ્યા બાદ તામ્રલિપ્તી નગરીમાં જઈને જોયેલાને, જાણીતાને, પાષંડોને, ગૃહસ્થોને, પૂર્વ પરિચિતોને, પર્યાયસંગતિકોને પૂછીને તામ્રલિપ્તી નગરીના મધ્યભાગથી નીકળીને પાદુકા, કુંડીકા – આદિ ઉપકરણોને અને કાષ્ઠ પાત્રોને એકાંત સ્થાનમાં રાખીને તામ્રલિપ્તી નગરીના ઇશાન ખૂણામાં નિર્વર્તનિક મંડળને જોઈને સંલેખના તપ દ્વારા આત્માને નિર્મળ કરીને આહાર–પાણીનો ત્યાગ કરી પાદપોપગમન અનશન સ્વીકારી મરણની આકાંક્ષા ન કરતો વિચરું.

આ પ્રમાણે વિચારીને બીજે દિવસે સૂર્ય ઉગ્યા બાદ તે તામ્રલિપ્તી નગરીમાં ગયો. જોયેલા, જાણીતા, પાષંડી, ગૃહસ્થ, પૂર્વ પરિચિત, પર્યાય સંગતિકને પૂછીને નગરી મધ્યેથી નીકળ્યો. પાદુકા, કુંડીકા આદિ ઉપકરણો અને કાષ્ઠપાત્રોને એકાંતમાં રાખ્યા. તામ્રલિપ્તીના ઇશાન દિશામાં જઈને નિર્વર્તનીક મંડલને જોઈને સંલેખના તપ દ્વારા આત્માને પરિમાર્જિત કરી આહાર–પાણીનો ત્યાગ કરી પાદોપગમન અનશન સ્વીકાર્યું.

**૦ બલીચંચાવાસી અસુરકુમારો દ્વારા પ્રાર્થના :–**

તે કાળે, તે સમયે બલિચંચા રાજધાની ઇન્દ્ર અને પુરોહિત રહિત હતી. ત્યારે તે બલિચંચા રાજધાની નિવાસી અનેક દેવો અને દેવીઓએ તે બાલ તપસ્વી તામલીને અવધિજ્ઞાન વડે જોયો. જોઈને એકબીજાને બોલાવ્યા. બોલાવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિયો ! બલિચંચા રાજધાની હાલ ઇન્દ્ર અને પુરોહિત રહિત છે. આપણે બધાં ઇન્દ્રને આધીન રહેનારા અને ઇન્દ્રાધિષ્ઠિત છીએ. આપણાં બધાં કાર્યો ઇન્દ્રાધીન છે. આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી નગરીના ઇશાન ખૂણામાં – યાવત્ – સંલેખના સ્વીકારીને પાદોપગમન અનશન ધારણ કરીને રહેલ છે. તો આપણે માટે એ શ્રેયરૂપ છે કે આપણે તામલી બાલતપસ્વીને બલિચંચા રાજધાનીમાં ઇન્દ્રરૂપે આવવાનો સંકલ્પ કરાવીએ. આ પ્રમાણે વિચારી પરસ્પર એકમેકની વાત સ્વીકારી.

ત્યારપછી તેઓ બલિચંચા રાજધાનીના મધ્યમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં રુચકેન્દ્ર ઉત્પાત પર્વત છે ત્યાં આવ્યા. વૈક્રિય સમુદ્દ્ઘાત કર્યો. વિકુર્વણા કરીને ઉત્તર વૈક્રિયરૂપ બનાવ્યું. પછી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ, ચંડ, જયવતી, નિપુણ, શીઘ્ર, ઉદ્ધૂત દિવ્ય દેવગતિથી તિર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્રોની મધ્યેથી થઈને જંબૂદ્વીપના ભરતક્ષેત્રની તામ્રલિપ્તી નગરીએ આવ્યા. ત્યાં બાલતપસ્વી તામલી મૌર્યપુત્રની આસપાસ, સન્મુખ ઊભા રહીને દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ યુક્ત દિવ્ય બત્રીસ પ્રકારની નાટ્યવિધિ દેખાડી, તામલી બાલતપસ્વીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા. પછી આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય ! બલિચંચા રાજધાનીમાં રહેનારા અમે અસુરકુમાર દેવો અને દેવીઓ છીએ. આપ દેવાનુપ્રિયને વંદના–નમસ્કાર, સત્કાર, સન્માન કરીએ છીએ. આપને કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યરૂપ માની પર્યુપાસના કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! હાલ બલિચંચા રાજધાની ઇન્દ્ર અને પુરોહિત રહિત છે અને હે દેવાનુપ્રિય ! અમે ઇન્દ્રાધીન અને ઇન્દ્રાધિષ્ઠિત છીએ. તેથી આપ બલિચંચા રાજધાનીનો આદર કરો, સ્વામિત્વ ગ્રહણ કરો, સ્મરણ કરો, તેના માટે વિચાર કરો, નિદાન કરો, ઇન્દ્રરૂપમાં સ્વામી થવાનો સંકલ્પ કરો.

જેથી તમે મૃત્યુ પામીને બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થશો, ત્યારે તમે અમારા ઇન્દ્ર થશો. ત્યારે અમે તમારી સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરીશું.

ત્યારે તે તામલી બાલતપસ્વીએ તે બલિચંચા રાજધાની નિવાસી અનેક અસુરકુમાર દેવો અને દેવીઓની વાતને સાંભળીને તેનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો. પણ મૌન ધારણ કરીને રહ્યો. ત્યારપછી તે બલિચંચા રાજધાની નિવાસી અનેક અસુરકુમાર દેવો અને દેવીઓએ તે તામલી મૌર્યપુત્રને બીજી વખત, ત્રીજી વખત પ્રદક્ષિણા કરીને યાવત્ એ જ પ્રમાણે ફરી ફરી વિનંતી કરી – x – x – x – તો પણ તામલી બાલતપસ્વીએ તે વાતનો આદર કે સ્વીકાર ન કર્યો. પણ મૌન રહ્યો.

ત્યારપછી જ્યારે તામલી બાલતપસ્વીએ કંઈ પણ ઉત્તર ન આપ્યો ત્યારે તે બલિચંચા રાજધાની નિવાસી અનેક દેવ અને દેવીઓ તે તામલી તાપસ દ્વારા અનાદૃત થઈને, પોતાની વાત ન સ્વીકારાવાથી જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા.

**૦ તામલીનો ઇશાનેન્દ્રરૂપે ઉપપાત :–**

તે કાળે, તે સમયે ઇશાન કલ્પ ઇન્દ્ર અને પુરોહિત રહિત હતો.

તે સમયે તે તામલી બાલતપસ્વી પરિપૂર્ણ ૬૦,૦૦૦ વર્ષનો તાપસ પર્યાય પાલન કરીને, અંતે બે માસની સંલેખના દ્વારા આત્માને ભાવિત કરીને, અનશન દ્વારા ૧૨૦ ભક્તોનું છેદન કરીને મરણ કાળે મૃત્યુ પામીને ઇશાનકલ્પમાં ઇશાનાવતંસક વિમાનની ઉપપાતસભામાં દેવદૂષ્યથી આચ્છાદિત દેવશય્યા પર અંગૂલના અસંખ્યાતમાં ભાગની અવગાહનાથી ઇશાન દેવેન્દ્રના વિરહ કાળમાં ઇશાન દેવેન્દ્રરૂપે ઉત્પન્ન થયો.

ત્યારપછી તત્કાળ ઉત્પન્ન થયેલ દેવેન્દ્ર દેવરાજ ઇશાન પાંચ પ્રકારની પર્યાપ્તિઓ દ્વારા પર્યાપ્તપણાને પ્રાપ્ત થયો. આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામનઃપર્યાપ્તિ.

**૦ અસુરકુમારો દ્વારા રોષથી તામલીના શરીરની હીલણા :–**

ત્યારપછી બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક દેવ અને દેવી તામલી બાલતપસ્વીના મૃત્યુ થયાનું અને ઇશાન કલ્પે દેવેન્દ્રરૂપે ઉત્પન્ન થયાનું જાણીને ક્રોધિત, રુષ્ટ, કુપિત અને ચંડિકાવત્ થઈને દાંતોને કચકચાવતા બલિચંચા રાજધાનીના મધ્યભાગથી નીકળ્યા. નીકળીને ઉત્કૃષ્ટ ગતિથી – યાવત્ – તામ્રલિપ્તી નગરીમાં જ્યાં બાલતપસ્વી તામલીનું શરીર પડેલું હતું ત્યાં આવ્યા. પછી તે મૃતશરીરના ડાબા પગમાં દોરી બાંધી, પછી ત્રણ વખત તેના મુખ ઉપર થુંક્યા. પછી તામ્રલિપ્તી નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ અને સામાન્ય માર્ગોમાં ઘસેડતા ઘસેડતા અને જોર જોરથી અવાજ કરીને ઉદ્‌ઘોષણા કરતા આ પ્રમાણે બોલવા લાગ્યા–

અરે ઓ ! સ્વયં પોતાની જાતે વેશ ધારણ કરનારા અને પ્રાણામા પ્રવ્રજ્યાથી દીક્ષિત થનારા તામલી બાલતપસ્વી કોણ છે ? ઇશાન કલ્પનો ઇશાન દેવેન્દ્ર દેવરાજ પણ કોણ છે ? આ પ્રમાણે બોલી તામલી બાલ તપસ્વીના શરીરની હીલના, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના, તર્જના, પીટ્ટણ, કદર્થના અને પ્રવ્યથિત કરવા લાગ્યા અને જેમ ફાવે તેમ તેના મૃત શરીરને ઘસેડવા લાગ્યા અને આ પ્રમાણે હીલના, નિંદા – યાવત્ – કદર્થના કરતા, ઉલટું–સીધું શરીર ઘસેડીને એકાંત સ્થાને ફેંકી દીધું. ફેંકીને પાછા ચાલ્યા ગયા.

**૦ ઇશાન દ્વારા બલિચંચા રાજધાનીનું દહન :–**

ત્યારે તે ઇશાનકલ્પવાસી અનેક દેવો અને દેવીઓ બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણાં અસુરકુમાર દેવો અને દેવીઓને તામલી બાલતપસ્વીના શરીરની હીલણા, નિંદા, ખિંસા, ગર્હા, અવમાનના, તર્જના, તાડના, કદર્થના, પ્રવ્યથના મૃતશરીરને અહીં–તહીં ઘસેડતા આદિ કૃત્ય જોઈને ક્રોધાભિભૂત – યાવત્ – દાંતાને કચકચાવતા જ્યાં ઇશાન દેવેન્દ્ર દેવરાજ હતા ત્યાં આવીને બંને હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય–વિજય શબ્દોથી વધાવીને આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિય ! બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક દેવ–દેવીઓ આપ દેવાનુપ્રિયને કાલગત જાણીને અને ઇશાનકલ્પમાં ઇન્દ્રરૂપે ઉત્પન્ન થયેલા જોઈને ક્રોધાભિભૂત થઈને – યાવત્ – એકાંત સ્થાનમાં ફેકે છે. ફેંકીને જે દિશામાંથી પ્રગટ થયા હતા, તે જ દિશામાં પાછા ચાલ્યા ગયા. ત્યારે દેવેન્દ્ર દેવરાજ ઇશાને તે ઇશાન કલ્પવાસી અનેક દેવ–દેવીની આ વાતને સાંભળી, અવધારી, ક્રોધાભિભૂત થઈને – યાવત્ – દાંત કચકચાવી ત્યાં જ દેવશય્યા પર બેઠેલા તે ઇશાનેન્દ્રે કપાળમાં ત્રણ સળ ચઢાવી, ભૃકુટી ખેંચીને બલિચંચા રાજધાનીને સપક્ષ અને અપ્રતિદિશામાં જોયું.

ત્યારે તે બલિચંચા રાજધાની દેવેન્દ્ર દેવરાજ ઇશાન દ્વારા સપક્ષ અને સપ્રતિદિશામાં જોવાયાથી તેના દિવ્ય પ્રભાવથી અંગારા જેવી, આગના કણો જેવી, રાખ જેવી, તપેલી રેતીના કણ જેવી થઈ ગઈ અને પ્રજ્વલિત લપેટો જેવી થઈ ગઈ.

**૦ અસુરકુમાર દેવો દ્વારા ઇશાનેન્દ્રની ક્ષમા પ્રાર્થના :–**

ત્યારપછી બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવ–દેવીઓ બલિચંચા રાજધાનીને અંગાર જેવી – યાવત્ – આગમાં લપેટાયેલી જોઈને ભયભીત, ત્રસ્ત, સંત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયાક્રાંત થઈને અહીં–તહીં ભાગતા, દોડતા, ભાગદૌડ કરતા એકબીજાના શરીરને ચોંટીને ઊભા રહી ગયા.

ત્યારપછી બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમાર દેવ–દેવી દેવેન્દ્ર દેવરાજ ઇશાનને કોપાયમાન થયેલો જાણીને, દેવેન્દ્ર દેવરાજ ઇશાનની તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્યદેવ પ્રભાવ અને દિવ્ય તેજોલેશ્યાને સહન ન કરતા, સપક્ષ–સપ્રતિદિશામાં ઊભા રહીને બંને હાથ જોડી, દશ નખ ભેગા કરી મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડીને જય–વિજય શબ્દોથી વધાવે છે વધાવીને આ પ્રમાણે બોલ્યા–

અહો ! આપ દેવાનુપ્રિયની દિવ્ય દેવઋદ્ધિ – યાવત્ પ્રભાવ અમે જોઈ લીધો છે. હે દેવાનુપ્રિય ! અમે આપની ક્ષમા માંગીએ છીએ. હે દેવાનુપ્રિય ! આપ અમને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. અમે ફરીથી આવું નહીં કરીએ. એ પ્રમાણે કહીને વિનયપૂર્વક તે અપરાધને માટે વારંવાર ક્ષમા માંગે છે. ત્યારબાદ જ્યારે તે બલિચંચા રાજધાની નિવાસી અસુરકુમાર દેવો અને દેવીઓએ પોતાના અપરાધને માટે દેવેન્દ્ર દેવરાજ ઇશાનની વિનયપૂર્વક અને સારી રીતે ક્ષમા યાચના કરી ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ ઇશાને પોતાની તે દિવ્ય દેવઋદ્ધિ – યાવત્ – તેજોલેશ્યાનું પ્રતિસંહરણ કર્યું.

હે ગૌતમ ! ત્યારથી બલિચંચા રાજધાની નિવાસી અનેક દેવ–દેવીઓ દેવેન્દ્ર

દેવરાજ ઇશાનનો આદર કરે છે, આજ્ઞા માને છે, સત્કાર–સન્માન કરે છે, કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યરૂપ માનીને વિનયપૂર્વક તેની સેવા કરે છે અને ત્યારથી દેવેન્દ્ર દેવરાજ ઇશાનની આજ્ઞામાં, સેવામાં, આદેશ અને નિર્દેશમાં રહે છે.

હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઇશાને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ આ પ્રકારે લબ્ધ, પ્રાપ્ત અને પૂર્ણરૂપે અધિગત કરેલ છે.

**૦ ઇશાનેન્દ્રની સ્થિતિ અને ગતિ :–**

હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઇશાનની સ્થિતિ કેટલા કાળની છે ?

હે ગૌતમ ! તેની સ્થિતિ સાધિક બે સાગરોપમની કહી છે.

હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઇશાન આયુક્ષય, ભવક્ષય, સ્થિતિક્ષય થાય પછી અનંતર તે દેવલોકથી ચ્યવિત થઈને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! તે મહાવિદેહમાં જન્મ લઈને સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**૦ ઇશાનેન્દ્રના દિવ્ય ભોગ :–**

હે ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઇશાન ભોગ્ય મનોજ્ઞ દિવ્ય સ્પર્શાદિ વિષયભોગોનો ઉપભોગ કરવા ઇચ્છે છે, ત્યારે તે કયા પ્રકારે કરે છે ?

હે ગૌતમ ! તે સમયે દેવેન્દ્ર દેવરાજ ઇશાન એક મહાન્ ચક્ર સદૃશ ગોળાકાર સ્થાનની વિકુર્વણા કરે છે. જે લંબાઈ–પહોળાઈમાં એક લાખ યોજન હોય છે. તેની પરિધિ ત્રણ લાખ યોજનથી કંઈક અધિક સાડાતેર અંગુલ હોય છે. ચક્ર સમાન ગોળાકાર તે સ્થાનની ઉપર અત્યંત સમતલ અને રમણીય ભૂભાગ હોય છે – યાવત્ – મણિઓનો મનોજ્ઞ સ્પર્શ હોય છે. તે ચક્રાકાર સ્થાનના ઠીક મધ્યભાગમાં એક મહાન્ પ્રાસાદાવતંસકની વિકુર્વણા કરે છે. જે ઊંચાઈમાં ૫૦૦ યોજન હોય છે. તેનો વિષ્કંભ ૨૫૦ યોજન હોય છે તે પ્રાસાદ અત્યંત ઊંચો અને પ્રભાપુંજથી વ્યાપ્ત હોવાથી હસતો હોય તેમ લાગે છે – યાવત્ – તે દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય છે.

તેનો ભીતરનો ભૂભાગ અત્યંત સમ અને રમણીય હોય છે. ઇત્યાદિ વર્ણન – ત્યાં મણિઓનો સ્પર્શ હોય છે પર્યંત જાણવું. ત્યાં લંબાઈ–પહોળાઈમાં આઠ યોજનની મણિપીઠિકા હોય છે. જે વૈમાનિક દેવોની મણિપીઠિકાની સમાન હોય છે. તે મણિપીઠિકાની ઉપર તે એક મહાન્ દેવશય્યાની વિકુર્વણા કરે છે, ત્યાં ઇશાનેન્દ્ર પોતપોતાના પરિવારસહિત આઠ અગ્રમહિષીઓની સાથે ગંધર્વાનીક અને નાટ્યાનીક સાથે જોરજોરથી આહત થતા નાટ્ય, ગીત, વાદ્યોના શબ્દો દ્વારા – યાવત્ – દિવ્ય ભોગ્ય ભોગોનો ઉપભોગ કરે છે.

**૦ સનત્કુમારનું આધિપત્ય :–**

જ્યારે શક્ર અને ઇશાનેન્દ્રને કોઈ કૃત્ય કે કરણીય હોય છે, ત્યારે પરસ્પર મળે છે. હે દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ અને હે ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ એમ કહીને પરસ્પર સંબોધિત કરે છે. જો બંનેમાં કોઈ વિવાદ થાય તો સનત્કુમારેન્દ્રનું મનમાં સ્મરણ કરે છે ત્યારે સનત્કુમારેન્દ્ર પ્રગટ થાય છે. તે જે કંઈ કહે તેને આ બંને ઇન્દ્રો માને છે. આ બંને ઇન્દ્રો

તેમની આજ્ઞા, સેવા અને નિર્દેશમાં રહે છે.

**૦ અરિહંતોના કલ્યાણકમાં ઇશાનેન્દ્રની ઉપસ્થિતિ :–**

કોઈ પણ અરિહંત પરમાત્માના જન્મ, દીક્ષા, નાણ અને નિર્વાણ કલ્યાણકોમાં ઇશાનેન્દ્ર ઉપસ્થિત થાય છે. જન્માભિષેક, નિષ્ક્રમણાભિષેક, નિષ્ક્રમણ શિબિકા વહન, નાણકલ્યાણક મહોત્સવ, નિર્વાણ ક્રિયા આદિમાં ઇશાનેન્દ્ર આવે છે. આ વાતનો ઉલ્લેખ ભગવંત ઋષભ, ભગવંત મલ્લી અને ભગવંત મહાવીરની કથામાં થયો છે.

— x — x —

## 0 ચમરેન્દ્ર કથા – પૂરણ તાપસ કથા :–

*સ્પષ્ટીકરણ :– ચમર એ ભવનપતિનો એક ઇન્દ્ર છે. તેની કથા અહીં લેવાના શક્ર અને ઇશાન–ઇન્દ્રની કથા જેવા જ બે કારણ છે :– (૧) ચમરેન્દ્રનો પૂર્વભવ મળે છે તે અને (૨) ચમરેન્દ્ર વિસ્તૃત સ્વરૂપ, પરીચય, વિગતો આગમોમાં અનેક સ્થાને જોવા મળેલી છે તે છે.*

*ચમરેન્દ્રનો ઉલ્લેખ આગમોમાં અનેક સ્થાને આવે છે. તેમાંના શક્યતઃ સ્થાનોનો નિર્દેશ અત્રે આગમ સંદર્ભમાં કરેલ છે.*

*જો કે અમારું કાર્યક્ષેત્ર કથાનુયોગ હોવાથી ચમરેન્દ્ર પરીચય, પૂર્વભવની પૂરણ તાપસની કથા અને ચમરેન્દ્રના જીવનના મહત્ત્વના પ્રસંગોનો અમે જરૂર ઉલ્લેખ કર્યો છે, પરંતુ તેની અગ્રમહિષી, લોકપાલ, રાજધાની, અવધિસ્વરૂપ ઇત્યાદિ સંબંધિત વિગતોને અત્રે સ્પર્શેલ નથી.*

*ઇશાનેન્દ્ર માફક ચમરેન્દ્રનું વર્ણન કે પ્રસંગો પણ શક્રેન્દ્ર જેટલા આવતા નથી. તેથી કથાનો વિશેષ વિસ્તાર શક્ય નથી.*

*૦ આગમ સંદર્ભ :–*

*(શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્રની માફક ચમરેન્દ્રના આગમ સંદર્ભો પણ કથાને અંતે આપવાના બદલે પૂર્વે આપવાનું કારણ તેની વિપુલતા દર્શાવવાનો જ છે.)*

*આયા. ૫૨૭, ૫૩૨; ઠા. ૯૮, ૧૬૨, ૨૭૦, ૨૮૭, ૪૩૭, ૪૩૮, ૫૮૬, ૬૮૨, ૬૮૩; ૯૧૮, ૧૦૦૩ + (આ બધાની)વૃત્તિ; સમ. ૪૧, ૪૨, ૧૦૮ થી ૧૧૨, ૧૨૯, ૧૪૨;*
*ભગ. ૧૦૫, ૧૪૦, ૧૫૧ થી ૧૫૫, ૧૭૦ થી ૧૭૬, ૧૯૩, ૨૦૧, ૨૦૬, ૩૭૩, ૩૭૪, ૪૮૭ થી ૪૮૯, ૫૮૬, ૬૮૭; નાયા. ૧૦૩, ૨૨૦, ૨૨૧; પણ્હા. ૧૯;*
*જીવા. ૧૫૫, ૧૫૬; પન્ન. ૨૦૫, ૨૦૮, ૨૧૦, ૨૧૧; જંબૂ. ૪૬;*
*દેવિં. ૧૫, ૨૧, ૨૮, ૨૯, ૩૯, ૪૧, ૪૫, ૫૨; આવ.નિ. ૫૧૮, ૫૨૪ + વૃ;*
*કલ્પસૂત્ર–દશ આશ્ચર્ય–વૃત્તિ*

— x — x —

**૦ ચમરેન્દ્રનો પરીચય :–**

ભવનવાસી દેવોમાં અસુરકુમાર જાતિના દેવોમાં દાક્ષિણાત્ય અસુર કુમારોનો ઇન્દ્ર ચમર છે. આ ચમરેન્દ્ર ત્યાં ૩૪ લાખ ભવનાવાસોનું *(વૈમાનિક દેવોમાં વિમાન હોય છે, જ્યારે ભવનપતિ દેવોના ભવન હોય છે, તેથી અહીં ૩૪ લાખ ભવનોનું એમ લખેલ છે.)*, ૬૪,૦૦૦

સામાનિકોનું, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલોનું, સપરિવાર એવી પાંચ અગ્રમહિષીઓનું, ત્રણ પર્ષદાનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, ૨,૫૬,૦૦૦ આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણાં જ દાક્ષિણાત્ય અસુરકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામિત્વ, અગ્રેસરત્વ, ભતૃત્વ, આજ્ઞાઐશ્વર્યત્વ, મહત્તરકત્વ સેનાપતિત્વ આદિ કરતો – યાવત્ – દિવ્ય ભોગ ભોગવતો વિચરણ કરી રહ્યો છે.

તેનું સ્થાન મેરુપર્વતના દક્ષિણમાં ૧,૮૦,૦૦૦ યોજન મોટી રત્નપ્રભા પૃથ્વી મધ્યે ૧,૭૮,૦૦૦ યોજન ક્ષેત્રમાં આવેલું છે. જ્યાં દાક્ષિણાત્ય અસુરકુમાર દેવોના ૧,૩૪,૦૦૦ ભવનાવાસ છે.

તેના મુગટ કે આભૂષણોમાં અંકિત ચિન્હ "ચૂડામણિ" છે. તે સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિવાળો, મહાબલિ, મહાયશસ્વી, મહાનુભાગ, મહાસુખી, હારથી સુશોભિત વક્ષસ્થળવાળો, કડા અને બાજુબંધોથી સ્તંભિત ભૂજાવાળો, અંગત, કુંડલ, કર્ણપીઠનો ધારક, હાથમાં વિચિત્ર આભુષણોયુક્ત, વિચિત્ર પુષ્પમાળા અને મસ્તકે મુગટ ધારણ કરેલો, કલ્યાણકારી ઉત્તમ વસ્ત્ર, માળા અને અનુલેપનનો ધારક, દેદીપ્યમાન શરીર વાળો, લાંબી વનમાળાને ધારણ કરેલો તથા દિવ્ય એવા વર્ણ, ગંધ, સ્પર્શ, સંહનન, સંસ્થાન, ઋદ્ધિ, દ્યુતિ, પ્રભા, અર્ચિ, તેજ અને લેશ્યાથી યુક્ત હતો.

આ અસુરકુમારોના રાજા ચમરેન્દ્ર કાળો, મહાનીલ સમાન, નીલની ગોળી, ગવલ, અળસીના ફૂલ, વિકસિત કમળ સમાન નિર્મળ, શ્વેત, રક્ત, તામ્ર નેત્રોવાળો, ગરુડ જેવી વિશાળ, સીધી, ઊંચી નાકવાળો, પુષ્ટ, તેજસ્વી મૂંગા તથા બિંબફળ સમાન હોઠવાળો, શ્વેત, વિમળ, નિર્મળ, ચંદ્રખંડ, જામેલું દહીં, શંખ, ગાયનું દૂધ, કુંદ, જલકણ અને મૃણાલિકા સમાન ધવલ દંત પંક્તિવાળો, તપનીય સુવર્ણ સમાન લાલ તળીયા–તાળવું અને જીભવાળો, અંજન તથા મેઘસમાન કાળા અને રુચકરત્ન સમાન રમણીય અને સ્નિગ્ધ વાળવાળો, ડાબા કાનમાં કુંડલનો ધારક લાલ વસ્ત્રવાળો હતો.

અસુરકુમાર રાજ અસુરેન્દ્ર ચમરની ત્રણ પ્રકારની પર્ષદા છે. સમિતા, ચંડા અને જાયા. સમિતા આભ્યંતર પરિષદ્ છે, ચંડા મધ્યમ અને જાયા બાહ્ય છે.

ચમરેન્દ્રના ચાર લોકપાલ છે. સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ.

ચમરેન્દ્રની પાંચ અગ્રમહિષીઓ છે – કાલી, રાત્રિ, રજની, વિદ્યુત, મેઘા આ દરેક દેવીનો ૮૦૦૦–૮૦૦૦નો પરિવાર છે. તેમજ બીજી આઠ–આઠ હજાર દેવીઓને વિકુર્વવાની શક્તિ ધરાવે છે.

ચમર અસુરેન્દ્રની સાત સેનાઓ છે અને સાત સેનાપતિઓ છે. તે આ પ્રમાણે – પાયદળસેના, અશ્વસેના, હસ્તિસેના, મહિષસેના, રથસેના, નટસેના, ગંધર્વસેના, પાયદળસેના સેનાપતિનું નામ દ્રુમ છે, કિન્નર–રથ સેનાપતિ છે, રિષ્ટ–નટ સેનાપતિ છે અને ગીતરતિ – ગંધર્વસેનાનો અધિપતિ છે.

ચમરેન્દ્રની પાયદળ સેનામાં સાત સૈન્યસમૂહ છે. પહેલા સમૂહમાં ૬૪,૦૦૦ બીજા સમૂહમાં ૧,૨૮,૦૦૦ દેવ છે એ રીતે પછી–પછીના સૈન્યસમૂહમાં તેનાથી બમણા–બમણા દેવો રહેલા છે.

અસુરેન્દ્ર ચમરનો તિગિચ્છકૂટ પર્વત મૂળમાં ૧૦૨૨ યોજન છે. ૧૭૨૧ યોજન ઊંચો છે. તેની સુધર્માસભા ૩૬ યોજન ઊંચી છે. તે ૫૧૦૦ સ્તંભોથી રચિત છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરની રાજધાની ચમરચંચા છે અને ચમરચંચ નામે આવાસ છે.

ચમરેન્દ્રની વિકુર્વણા શક્તિ – તે વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈને સંખ્યાત યોજનનો લાંબો દંડ કાઢે છે, સ્થૂળ પુદ્‌ગલોને છોડી દે છે, સૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. પછી બીજી વખત વૈક્રિય સમુદ્‌ઘાત કરે છે. એ રીતે અનેક અસુરકુમાર દેવો અને દેવીઓ દ્વારા પરિપૂર્ણ જંબૂદ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે. તદુપરાંત તિર્છાલોકમાં પણ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રપર્યંતના સ્થળો આકીર્ણ – યાવત્ – ગાઢાવગાઢ કરી શકે છે. પણ તે કદાપી તેવું કરતો નથી – કર્યું નથી અને કરશે પણ નહીં.

અસુરેન્દ્ર ચમરની આભ્યંતર પર્ષદામાં ૨૪,૦૦૦ દેવો, મધ્યમ પર્ષદામાં ૨૮,૦૦૦ દેવો અને બાહ્ય પર્ષદામાં ૩૨,૦૦૦ દેવો છે. અભ્યંતર પર્ષદામાં ૩૫૦, મધ્યમ પર્ષદામાં ૩૦૦ અને બાહ્ય પર્ષદામાં ૨૫૦ દેવીઓ છે.

**૦ ભગવંત–વંદનાર્થે ચમરનું આગમન, ચમરની ગતિ વિષયે પૃચ્છા :–**

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું – યાવત્ – ભગવંત ત્યાં પધાર્યા. પરિષદ્ પર્યુપાસના કરવા લાગી.

તે કાળે, તે સમયે ૬૪,૦૦૦ સામાનિક દેવોથી પરિવૃત્ત અને ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર નામના સિંહાસન પર બેઠેલો અસુરેન્દ્ર અસુરરાજ ચમરે રાજગૃહમાં બિરાજમાન ભગવન્‌ને અવધિજ્ઞાન વડે જોયા – યાવત્ – નાટ્યવિધિ દેખાડી જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

હે ભગવન્ ! અસુરકુમાર દેવોનું અધોગમન સામર્થ્ય છે ? હાં, ગૌતમ ! છે.

હે ભગવન્ ! અસુરકુમાર દેવોનું અધોગમન સામર્થ્ય કેટલું છે ?

હે ગૌતમ ! સાતમી પૃથ્વી (નરક) સુધી તેની જવાની શક્તિ છે. પણ તેઓ ત્રીજી નરક સુધી ગયા છે, જાય છે અને જશે.

હે ભગવન્ ! તેઓ ત્રીજી નરક સુધી જાય તેનું કારણ શું ?

હે ગૌતમ ! પોતાના પૂર્વ શત્રુને દુઃખ આપવા અથવા પૂર્વના સાથીની વેદનાના ઉપશમનને માટે તેઓ ત્રીજી પૃથ્વી સુધી જાય છે.

એ – જ – રી – તે અસુરકુમાર દેવો તીર્છા અસંખ્યાત દ્વીપ સમુદ્રો સુધી જઈ શકે પણ તેઓ નંદીશ્વરદ્વીપ સુધી ગયા છે, જાય છે અને જશે. તેઓ અરિહંત ભગવંતોના જન્મ, નિષ્ક્રમણ, નાણ અને પરિનિર્વાણનો મહોત્સવ કરવાને માટે નંદીશ્વર દ્વીપે ગયા છે – જાય છે કે જશે. એ – જ – રી – તે અસુરકુમાર દેવો અચ્યુતકલ્પ સુધી જવા સમર્થ છે. પણ તેઓ સૌધર્મકલ્પ સુધી ગયા છે, જાય છે અને જશે. તેનું કારણ એ છે કે, જો તેમને વૈમાનિક દેવો સાથે ભવપ્રત્યયિક વૈરાનુબંધ હોય, તો ક્રોધવશ વૈક્રિય શક્તિ દ્વારા વિવિધરૂપ બનાવીને તથા પરકીય દેવીઓની સાથે સંભોગ કરતા,

વૈમાનિકના આત્મરક્ષક દેવોને ત્રાસ પમાડે છે તથા નાના–મોટા રત્નો ચોરીને એકાંતમાં ચાલ્યા જાય છે.

હે ભગવન્ ! કેટલા કાળમાં અસુરકુમાર દેવ ઉર્ધ્વગમન કરે છે ?

હે ગૌતમ ! અનંત ઉત્સર્પિણી કાળ અને અવસર્પિણી કાળ વ્યતીત થયા પછી લોકમાં આશ્ચર્યભૂત એવો આ ભાવ ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! શું અસુરેન્દ્ર અસુરરાજ ચમર પહેલા ક્યારેય સૌધર્મકલ્પ પર્યંત ઉર્ધ્વગમન કરી ચૂક્યો છે ?

હાં, ગૌતમ ! આ અસુરેન્દ્ર અસુરરાજ ચમર સૌધર્મકલ્પે ગયો છે.

અહો ભગવન્ ! આ અસુરેન્દ્ર અસુરરાજ ચમરે આવી મહાઋદ્ધિ અને મહાદ્યુતિ વાળો છે – યાવત્ – તેને આવી દિવ્યઋદ્ધિ યાવત્ કઈ રીતે પ્રાપ્ત થઈ ? કઈ રીતે અભિસમન્વાગત થઈ ?

**૦ ચમરેન્દ્રનો પૂર્વભવ – પૂરણ તાપસ :–**

તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યાચલની તળેટીમાં બેભેલ નામક સન્નિવેશ હતું. ત્યાં પૂરણ નામે ગાથાપતિ રહેતો હતો. તે ઋદ્ધિમાન્ – યાવત્ – દીપ્ત હતો. (અહીં તામલી ગાથાપતિની માફક પૂરણની સર્વ વક્તવ્યતા જાણવી). વિશેષ એ કે ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર બનાવીને – યાવત્ – વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચતુર્વિધ આહાર બનાવી જ્ઞાતિજનો આદિને ભોજન કરાવીને તથા તેમની સમક્ષ મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને – યાવત્ – ચાર ખાનાવાળું કાષ્ઠપાત્ર લઈને "દાનામા" નામની પ્રવ્રજ્યા અંગીકાર કરી.

**૦ પૂરણની દાનામા પ્રવ્રજ્યા :–**

પ્રવ્રજિત થયા બાદ પૂરણે પૂર્વવર્ણિત તામલી તાપસની માફક સર્વ પ્રકારે તપશ્ચર્યા કરી. આતાપના ભૂમિમાં આતાપના લેવા લાગ્યો, ઇત્યાદિ સર્વે કથન પૂર્વવત્ જાણવું – યાવત્ – તે આતાપના ભૂમિથી નીચે ઉતર્યો. પછી સ્વયમેવ ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર લઈને બેભેલ સન્નિવેશમાં ઉચ્ચ–નીચ અને મધ્યમ કુળોમાં ગૃહસમુદાયથી ભિક્ષા વિધિથી ભિક્ષાચરી માટે ભ્રમણ કરવા લાગ્યો.

ભિક્ષાટન કરતા તેણે આ પ્રકારનો વિચાર કર્યો – મારા ભિક્ષાપાત્રના પહેલા ખાનામાં જે કંઈ ભિક્ષા પડશે તેને માર્ગમાં મળતા પથિકોને આપી દઈશ. બીજા ખાનામાં જે કંઈ ભિક્ષા પ્રાપ્ત થશે, તે મારે કાગડા અને કુતરાને આપી દેવી. જે ભિક્ષા ત્રીજા ખાનામાં આવશે તે માછલી અને કાચબાને આપી દઈશ અને ચોથા ખાનામાં જે ભિક્ષા પ્રાપ્ત થશે તેનો હું પોતે આહાર કરીશ. આ પ્રમાણે સારી રીતે વિચાર કરીને બીજે દિવસે સૂર્ય ઉદય થયા બાદ – યાવત્ દીક્ષિત થઈને કાષ્ઠ પાત્રના ચોથા ખાનામાં જે ભિક્ષા મળી તેનો સ્વયં આહાર કર્યો.

ત્યારપછી પૂરણ બાલતપસ્વી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહિત બાળતપશ્ચર્યાને કારણે શુષ્ક અને રૂક્ષ થઈ ગયો. ઇત્યાદિ સર્વે વર્ણન તામલી તાપસ મુજબ જાણવું – યાવત્ – તે બેભેલ સંનિવેશથી નીકળ્યો. તેણે પાદુકા અને કુંડી આદિ

ઉપકરણોને તથા ચાર ખાનાવાળા કાષ્ઠપાત્રને એકાંત પ્રદેશમાં છોડી દીધું. પછી બેભેલ સન્નિવેશના અગ્નિ ખૂણામાં અર્દ્ધનિર્વર્તનિક મંડલરેખા ખેંચીને બનાવ્યું, પ્રમાર્જિત કર્યું. સંલેખના કરી, આરાધના વડે આત્માને ભાવિત કર્યો. પછી યાવજ્જીવનને માટે આહાર–પાણીનું પ્રત્યાખ્યાન કરીને તે પૂરણ તપસ્વીએ પાદપોપગમન અનશન સ્વીકાર્યું.

**૦ પૂરણ તાપસની ગતિ અને ભગવંત મહાવીર :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે હું (ભગવંત મહાવીર) છદ્મસ્થ અવસ્થામાં હતો. મારો દીક્ષાપર્યાય અગિયાર વર્ષનો હતો તે સમયે હું નિરંતર છટ્ઠ–છટ્ઠ તપ કરતો સંયમ અને તપથી મારા આત્માને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ક્રમથી વિચરણ કરતો હતો, ગ્રામાનુગ્રામ ભ્રમણ કરતો જ્યાં સુંસુમારપુર નગર હતું, અશોક વનખંડ નામે ઉદ્યાન હતું, ત્યાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટક પાસે આવ્યો. મેં ત્યાં અટ્ઠમ તપ ગ્રહણ કરેલો. મેં બંને પગને પરસ્પર એકઠા કર્યા, બંને હાથ નીચે તરફ લટકાવ્યા. એક પુદ્ગલ પર દૃષ્ટિ સ્થિર કરી, નિર્નિમેષ નેત્ર, શરીરના અગ્રભાગને કંઈક ઝુકાવી, યથાવસ્થિત ગાત્રોથી અને સમસ્ત ઇન્દ્રિયોને ગોપવીને એક રાત્રિકી મહાભિક્ષુ પ્રતિમા અંગીકાર કરેલી.

તે કાળે, તે સમયે ચમરચંચા રાજધાની ઇન્દ્ર અને પુરોહિત રહિત હતી. અહીં પૂરણ નામનો બાળતપસ્વી બારવર્ષ પર્યંત દાનામાં પ્રવ્રજ્યાનું પાલન કરીને, માસિકી સંલેખનાની આરાધનાથી પોતાના આત્માને ઝોષીત કરીને અનશન દ્વારા સાઈઠ ભક્તોનું છેદન કરીને મૃત્યુ અવસરે મૃત્યુ પામીને ચમરચંચા રાજધાનીની ઉપપાત સભામાં – યાવત્ – ઇન્દ્રરૂપે ઉત્પન્ન થયો. – યાવત્ – તે પાંચે પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત થયો.

**૦ અસુરેન્દ્ર ચમરનો ઉત્પાત :–**

અસુરેન્દ્ર અસુરરાજ ચમર પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત થયો ત્યારે તેણે સ્વાભાવિકરૂપે ઉપર સૌધર્મકલ્પ સુધી અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો. ત્યાં તેણે દેવેન્દ્ર દેવરાજ શક્રને – યાવત્ – દશે દિશાઓને ઉદ્યોતિત અને પ્રકાશિત કરતો જોયો. સૌધર્મકલ્પમાં સૌધર્માવતંસક વિમાનમાં શક્ર નામના સિંહાસન પર બેસીને – યાવત્ – દિવ્ય અને ભોગ્ય ભોગોનો ઉપભોગ કરતો જોઈને ચમરેન્દ્રના મનમાં આંતરિક યાવત્ સંકલ્પ થયો–

અરે ! આ કોણ અપ્રાર્થિત પ્રાર્થક, નિકૃષ્ટ લક્ષણવાળો, લજ્જા અને શોભા રહિત, હીનપુણ્ય, ચૌદશીયો જન્મ્યો છે. જે મને આવા પ્રકારની આ દિવ્ય દેવઋદ્ધિ – યાવત્ – દિવ્યદેવપ્રભાવ લબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત થયા છતાં પણ મારા ઉપર ઉત્સુકતાથી રહિત થઈને દિવ્ય અને ભોગ્ય ભોગોનો ઉપભોગ કરતો વિચરી રહ્યો છે.

આવો વિચાર કરીને ચમરેન્દ્રએ પોતાની સામાનિક પર્ષદાના દેવોને બોલાવીને કહ્યું, હે દેવાનુપ્રિયો ! એ બતાવો કે આ કોણ અનિષ્ટ – યાવત્ – દિવ્ય અને ભોગ્ય ભોગોનો ઉપભોગ કરતો વિચરી રહ્યો છે ?

અસુરેન્દ્ર અસુરરાજ ચમરે સામાનિક પર્ષદાના દેવો આ પ્રમાણે કહ્યું.ત્યારે તેઓ અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા – યાવત્ – તેમનું હૃદય પ્રફુલ્લિત થઈ ગયું. બંને હાથ જોડી દશ નખ ભેગા કરી શિરસાવર્ત્ત પૂર્વક મસ્તકે અંજલિ કરીને તેણે ચમરેન્દ્રને જય–વિજય શબ્દોથી વધાવ્યા. પછી જણાવ્યું કે, દેવાનુપ્રિય ! આ તો દેવેન્દ્ર દેવરાજ શક્ર છે,

જે – યાવત્ – દિવ્ય ભોગ્ય ભોગવતો વિચરે છે.

ત્યારે સામાનિક દેવોની આ વાત સાંભળીને, અવધારીને અસુરેન્દ્ર અસુરરાજ ચમર શીઘ્ર જ ક્રુદ્ધ, રુષ્ટ, કુપિત અને ચંડ–રૌદ્ર થયો. ક્રોધાવેશથી બડબડાટ કરતો બોલ્યો, તે દેવેન્દ્ર દેવરાજ શક્ર કોઈ બીજો છે અને આ અસુરેન્દ્ર અસુરરાજ ચમર કોઈ બીજો છે. તે મહાઋદ્ધિવાળો છે અને હું અલ્પઋદ્ધિવાળો છું. તેથી હે દેવાનુપ્રિયો ! હું ઇચ્છું છું કે, હું જાતે જ તે દેવેન્દ્ર દેવરાજ શક્રના તે સ્વરૂપને ભ્રષ્ટ કરી દઉં. એમ કહીને ચમરેન્દ્ર કોપવશ તપી ગયો. ત્યારપછી તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. અવધિજ્ઞાન વડે મને (ભગવંત મહાવીરને) જોયો. મને જોઈને ચમરેન્દ્રને આવો મનોગત સંકલ્પ થયો કે શ્રમણ ભગવંત મહાવીર – યાવત્ – એક રાત્રિકી મહાપ્રતિમા અંગીકાર કરીને સ્થિત છે. તેથી મારે માટે આ શ્રેયસ્કર થશે કે હું શ્રમણ ભગવંત મહાવીરનો આશ્રય લઈને દેવેન્દ્ર દેવરાજ શક્રને સ્વયમેવ શ્રીભ્રષ્ટ કરું.

તે ચમરેન્દ્ર પોતાની શય્યાથી ઉઠ્યો. દેવદૂષ્ય પહેર્યું. ઉપપાત સભાના પૂર્વ દ્વારેથી નીકળ્યો. સુધર્માસભામાં આવ્યો. જ્યાં ચતુષ્પાલ શસ્ત્રભંડાર હતો ત્યાંથી એક પરિઘરત્ન લીધું. પછી એકલો જ પરિઘરત્નને લઈને અત્યંત રોષાવિષ્ટ થઈને ચમરચંચા રાજધાનીથી નીકળ્યો. તિગિચ્છિકૂટ નામક ઉત્પાત પર્વતની નીકટ આવ્યો. વૈક્રિય સમુદ્‌ઘાત કરીને સંખ્યેય યોજન પર્યંતનું ઉત્તર વૈક્રિયરૂપ બનાવ્યું. ત્યારપછી તે ઉત્કૃષ્ટ – યાવત્ – દિવ્ય દેવગતિથી – યાવત્ – મારી પાસે આવ્યો. મને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી. વંદન–નમસ્કાર કરીને બોલ્યો. હે ભગવન્ ! હું આપનો આશ્રય લઈને સ્વયમેવ દેવેન્દ્ર દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવાને ઇચ્છું છું. પછી તે ઇશાન ખૂણામાં ગયો. વૈક્રિય સમુદ્‌ઘાત કરીને એક મહાઘોર, ઘોરાકૃતિયુક્ત, ભયંકર, ભયંકર આકારવાળું, ભાસ્વર, ભયાનક ગંભીર, ત્રાસદાયક, કાળી કૃષ્ણપક્ષીય અર્ધરાત્રિ અને કાળા અડદોની રાશિ સમાન કાળું, એક લાખ યોજન ઊંચુ, મહાકાય શરીર બનાવ્યું.

તે પોતાના હાથોને પછાડતો, પગ પછાડતો, ગર્જના કરવા લાગ્યો. ઘોડાની જેમ હણહણવા લાગ્યો. હાથી માફક કિલકિલાહટ કરવા લાગ્યો. રથની માફક ધનધનાહટ કરવા લાગ્યો. પગ વડે જોરથી જમીનને પટકવા લાગ્યો. ભૂમિ પર જોરથી આહત કરવા લાગ્યો. સિંહનાદ કરવા લાગ્યો. ઉછળવા લાગ્યો, ત્રિપદી છેદવા લાગ્યો. ડાબી ભુજા ઊંચી કરી, જમણા હાથની તર્જની આંગળી અને અંગુઠાથી નખ દ્વારા પોતાના મુખને તિર્છું ફાડી વિડંબિત કરતો જોરથી કલકલ કરવ લાગ્યો. આ પ્રમાણે કરતો એકલો જ પરિઘરત્ન લઈને ઊંચે ઉડ્યો. જાણે તે અધોલોકને ક્ષુબ્ધ કરતો, પૃથ્વીતલને કંપાવતો, તિર્છા લોકને ખેંચતો, ગગનતલને ફોડતો, ગર્જના કરતો, વિજળી ચમકાવતો, વર્ષા વરસાવતો, ધૂળ ઉડાડતો, તમસ્કાયને વિકુર્વતો, વાણવ્યંતરોને ત્રાસિત કરતો, જ્યોતિષ્ક દેવોને બે ભાગોમાં વિભક્ત કરતો અને આત્મરક્ષક દેવોને ભગાડતો, પરિઘરત્ન આકાશમાં ઘુમાવતો – યાવત્ – અસંખ્ય દ્વીપ સમુદ્ર મધ્યેથી નીકળ્યો.

જ્યાં સૌધર્મકલ્પ હતો, સૌધર્માવતંસક વિમાન હતું, સુધર્મા સભા હતી ત્યાં

પહોંચ્યો. તેણે એક પગ પદ્મવરવેદિકા પર અને બીજો સુધર્મા સભામાં રાખ્યો. પછી જોરથી હુંકાર કરીને તેણે પરિઘરત્નથી ત્રણ વખત ઇન્દ્રકીલને આહત કરીને કહ્યું, તે દેવેન્દ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? ક્યાં છે તેના ૮૪,૦૦૦ સામાનિક દેવ ? – યાવત્ – ક્યાં છે તેના ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવ ? ક્યાં ગઈ તે અપ્સરાઓ ? આજે જ હું બધાંને ખતમ કરી દઈશ. આ પ્રમાણે કરીને ચમરેન્દ્રએ તે અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોહર અને કઠોર ઉદ્‌ગારો કાઢ્યા. ત્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર ચમરેન્દ્રના આ અનિષ્ટ – યાવત્ – અમનોજ્ઞ અને અશ્રુતપૂર્વ કર્ણકટુ વચન સાંભળીને અત્યંત કોપાયમાન થયો. કપાળ પર ત્રણ સળ પાડી, ભૃકુટી ચઢાવી શકેન્દ્રએ ચમરેન્દ્રને આ પ્રમાણે કહ્યું, ઓ ! અપ્રાર્થિત પ્રાર્થક – યાવત્ – હીનપુન્ય ચૌદશીયા ! ચમર ! આજ તું નહીં બચે. આજ તારી ખૈર નથી. એમ કહીને શક્ર સિંહાસનેથી ઉઠ્યો.

**૦ શક્રેન્દ્ર દ્વારા વજ્ર ફેંકવું અને ચમરેન્દ્રનું ભગવંત શરણે જવું :–**

શક્રેન્દ્રએ પોતાનું વજ્ર ઉઠાવ્યું. તે જાજ્વલ્યમાન, વિસ્ફોટક, તડ–તડ શબ્દ કરતું હજારો ઉલ્કાઓ છોડતું, હજારો અગ્નિ જ્વાળાઓ છોડતું, હજારો અંગારા વિખેરતું, હજારો સ્ફૂલિંગોની જ્વાલાઓથી તેના પર દૃષ્ટિ પડતાં જ આંખો ચકાચૌંધ થઈ જાય તેવું, અગ્નિથી અધિક દેદીપ્યમાન, અત્યંત વેગવાન્, ખિલેલા કિંશુક ફૂલની સમાન, મહાભયાવહ અને ભયંકર વજ્રને અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો વધ કરવા છોડ્યું.

ત્યારે તે ચમરેન્દ્રએ જ્યારે તે જાજ્વલ્યમાન – યાવત્ – ભયંકર વજ્ર સામે આવતું જોયું, ત્યારે ત્યાંથી જવાની વિચારણા કરવા લાગ્યો, તેટલામાં તો તેના મુગટની કલગી તૂટી ગઈ, હાથોના આભુષણ લબડી ગયા, પગ, હાથ, કાંખમાંથી પરસેવો ટપકવા લાગ્યો. તે અસુરેન્દ્ર ચમર ઉત્કૃષ્ટ – યાવત્ – દિવ્ય દેવગતિથી – યાવત્ – જ્યાં હું (મહાવીરસ્વામી) હતો ત્યાં આવ્યો. આવીને ભયભીત તથા ભયથી ગદ્‌ગદ્ સ્વરથી યુક્ત ચમરેન્દ્ર – "હે ભગવન્ ! મને આપ જ શરણરૂપ છો" એમ બોલતો મારા બંને પગની વચ્ચે આવીને પડ્યો.

**૦ શક્રેન્દ્ર દ્વારા વજ્ર સંહરણ અને ભગવંતની ક્ષમા યાચના :–**

તે જ સમયે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રકારનો આધ્યાત્મિક – યાવત્ – મનોગત સંકલ્પ થયો કે, અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલા સામર્થ્યવાળો નથી. તેની શક્તિ નથી, તેનો વિષય પણ નથી કે તે અરિહંત ભગવંત, અરિહંત ચૈત્ય કે ભાવિતાત્મા અણગારના આશ્રય વિના સૌધર્મ કલ્પે પહોંચે. નક્કી તેણે કોઈનો આશ્રય લીધો હશે. જો એમ હોય તો તે તથારૂપ અરિહંત આદિની મેં ફેંકેલા વજ્ર વડે અત્યંત આશાતના થતા મને મહાદુઃખ થશે. એમ વિચારી શક્રે અવધિજ્ઞાન વડે મને જોયો – યાવત્ – પશ્ચાત્તાપ કરતો દિવ્ય દેવગતિથી વજ્ર પાછળ દોડ્યો. તેણે વજ્રનું સંહરણ કરી લીધું – યાવત્ – તેણે મને પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા – યાવત્ – મારી ક્ષમાયાચના કરી. પછી અસુરેન્દ્રએ પણ ભગવંત સમક્ષ સપરિવાર દિવ્ય નૃત્યવિધિ દર્શાવી (*આ વર્ણન પૂર્વે ભગવંત મહાવીરની કથામાં આવી ગયેલ છે. તેથી અહીં સંક્ષેપ કર્યો છે.* કથા જુઓ ભગવંત મહાવીર).

**૦ રથમુસલ સંગ્રામમાં કોણિકને મદદ :–**

જ્યારે રાજા કોણિકનું રાજા ચેટક સાથે મહાયુદ્ધ થયું, તેમાં જે રથમુસલ સંગ્રામ થયો ત્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમર લોઢાના બનેલા એક મહાન, કઠિન, કવચની વિકુર્વણા કરીને કોણિકની પાછળ ઊભો રહેલો. (*ઇત્યાદિ વર્ણન કોણિકની કથામાં જોવું*)

**૦ ત્રાયસ્ત્રિંક દેવની ઉત્પત્તિ :–**

અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ત્રાયસ્ત્રિંશક દેવના વિષયમાં શ્યામહસ્તિ અણગારે પ્રશ્ન કર્યો. ત્યારે ભગવંતે ત્રાયસ્ત્રિંશક દેવોની ઉત્પત્તિનું કથાનક જણાવ્યું. (*ચમરેન્દ્ર આદિના ત્રાયસ્ત્રિંશક દેવોની કથા અલગ આપી છે.* કથા જુઓ ત્રાયસ્ત્રિંશકદેવ)

**૦ અરિહંતાદિના કલ્યાણકોમાં ઉપસ્થિતિ :–**

ચમરેન્દ્ર અરિહંત પરમાત્માના જન્મ, દીક્ષા, નાણ અને નિર્વાણના પ્રસંગે આવે છે. જન્માભિષેક, નિષ્ક્રમણાભિષેક કરે છે. નાણ અને નિર્વાણનો મહિમા કરે છે. દીક્ષામાં ભગવંતોની શિબિકાને ઉપાડે છે, ભગવંતના પરિનિર્વાણ પછી ભગવંતની દાઢાને ગ્રહણ કરે છે ઇત્યાદિ વર્ણન પૂર્વે તીર્થંકરોની કથામાં આવી ગયેલ છે – જુઓ ભગવંત ઋષભકથા, ભગવંત મલ્લી કથા, ભગવંત મહાવીર કથા.

૦ ચમરેન્દ્રની સ્થિતિ અને ગતિ :– ચમરેન્દ્રની એક સાગરોપમની સ્થિતિ છે, પછી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે – યાવત્ – સર્વ દુઃખોનો અંત કરશે.

— x — x —

**૦ હરિણેગમેષી દેવની કથા :–**

શક્રેન્દ્રની પદાતિસેનાના અધિકારીનું નામ હરિણેગમેષી છે. તે શક્રનો દૂત પણ છે, શક્રના આદેશ વચનનો પાલનકર્તા પણ છે.

હરિણેગમેષી દેવના જીવનના બે મહત્ત્વના પ્રસંગોનો કથારૂપે ઉલ્લેખ મળે છે :– (૧) ભગવંત મહાવીરનું દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી ત્રિશલા માતાની કુક્ષિમાં ગર્ભ સંહરણ. કુશળતાપૂર્વક આ કાર્યનું વર્ણન (*આ કથા ભગવંત મહાવીરની કથામાં આવી ગઈ છે.*)

(૨) કૃષ્ણ વાસુદેવની માતાના પહેલા છ પુત્રોને જીવંત અવસ્થામાં ત્યાંથી લઈને નાગસારથીની પત્ની મૃતવત્સા સુલસાની પાસે મૂકવા. (*આ કથા ગજસુકુમાલની તથા દેવકીની કથામાં આવી ગયેલ છે.*)

તદુપરાંત જ્યારે ભગવંતનો જન્મ થાય ત્યારે શક્ર હરિણેગમેષી દેવને સુધર્મા સભામાં સુઘોષાઘંટા વગાડી ઉદ્‌ઘોષણા કરવાનું કહે છે. (*જેનું વિસ્તૃત વર્ણન* ભગવંત ઋષભકથા *માં આવી ગયેલ છે, ત્યાંથી જોવું.*)

હરિણેગમેષી નામનો પદાતિ સૈન્યાધિપતિ સનત્કુમારેન્દ્ર, બ્રહ્મલોકેન્દ્ર, મહાશુક્રેન્દ્ર તથા પ્રાણતેન્દ્રનો પણ હોય છે, પણ તેના વિષયમાં કોઈ કથા સ્વરૂપ જોવા મળતું નથી.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૪૩૮, ૬૮૨ + વૃ; સમ. ૨૧૩ની વૃ; ભગ. ૨૨૭ + વૃ;*
*અંત. ૧૩; જંબૂ. ૨૨૭, ૨૩૫; આવ.ભા. ૫૧ થી ૫૩ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૧૪૦, ૨૩૯, ૩૫૭, ૩૫૮; આવ.મ.વૃ.પૃ. ૨૫૪, ૨૫૫;*
*કલ્પ. ૨૭ થી ૨૯ + વૃ;*

**૦ ત્રાયસ્ત્રિંશક દેવોની કથા :–**

કોઈ દિવસે શ્યામહસ્તિ અણગારે શ્રદ્ધાથી – યાવત્ – પોતાના સ્થાનેથી ઊભા થઈને જ્યાં ગૌતમસ્વામી બિરાજતા હતા ત્યાં આવ્યા. ગૌતમસ્વામીને વંદના–નમસ્કાર કરીને – યાવત્ – પર્યુપાસના કરતા આ પ્રમાણે પૂછયું, હે ભદંત ! શું અસુરરાજ, અસુરેન્દ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવ છે ? – હાં, છે –

**૦ અસુરકુમારના ત્રાયસ્ત્રિંશક દેવની ઉત્પત્તિ :–**

હે શ્યામહસ્તિ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપ નામક દ્વીપના ભારતવર્ષમાં કાકંદી નામે નગરી હતી. તેમાં તેત્રીશ ગૃહપતિ શ્રમણોપાસક રહેતા હતા. તેઓ ધનાઢ્ય – યાવત્ - અપરિભૂત હતા. તેઓ જીવ–અજીવના જ્ઞાતા અને પુણ્ય–પાપને હૃદયંગમ કરીને વિચરતા હતા. એક સમય હતો જ્યારે તેઓ પરસ્પર સહાયક ગૃહપતિ શ્રાવકો પહેલા ઉગ્ર, ઉગ્રવિહારી, સંવિગ્ન, સંવિગ્નવિહારી હતા. પણ ત્યારપછી તેઓ પાર્શ્વસ્થ–પાર્શ્વસ્થ વિહારી, અવસન્ન–અવસન્નવિહારી, કુશીલ–કુશીલ વિહારી, યથાછંદ અને યથાછંદ વિહારી થઈ ગયા.

ઘણાં વર્ષો પર્યંત શ્રમણોપાસક પર્યાયનું પાલન કરીને, અર્ધમાસિક સંલેખના દ્વારા શરીરને કૃશ કરીને તથા ત્રીશ ભક્તોનું અનશન દ્વારા છેદન કરીને, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના જ કાલના અવસરે મૃત્યુ પામીને તેઓ અસુરકુમાર રાજ અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવના રૂપે ઉત્પન્ન થયા. – x – x – x -

વળી ત્રાયસ્ત્રિંશક દેવ નામ શાશ્વત છે તેઓ કોઈ સમયે ન હતા – નથી કે નહીં હોય તેમ નથી. – યાવત્ - અવ્યુચ્છિત્તિ નયની અપેક્ષાએ તેઓ નિત્ય છે, પહેલાના દેવો ચ્યવે છે અને બીજા ઉત્પન્ન થાય છે.

**૦ વૈરોચન રાજ બલીન્દ્ર આદિ ઇન્દ્રોના ત્રાયસ્ત્રિંશક દેવો :–**

– બિભેલ સન્નિવેશના તેત્રીશ શ્રમણોપાસકો બલિન્દ્રના ત્રાયસ્ત્રિંશક થયા.

– નાગેન્દ્ર ધરણ, ભૂતાનંદ – યાવત્ મહાઘોષ ઇન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો વિશે પણ આ પ્રમાણે જાણવું.

– ભારત વર્ષના પલાશક સંનિવેશના પરસ્પર સહાયક તેત્રીશ શ્રમણોપાસક ગૃહપતિ એ જ રીતે શક્રેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો થયા.

– ચંપાનગરી નિવાસી તેત્રીશ શ્રમણોપાસક ગૃહપતિ એ જ રીતે ઇશાનેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો થયા.

– આ જ પ્રમાણે સનત્કુમારેન્દ્ર – યાવત્ – અચ્યુતેન્દ્રના વિષયમાં જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૪૮૭;*

— x — x —

**૦ ચંદ્રદેવની કથા :–**

**–૦– સંક્ષિપ્ત પરીચય :–**

ચંદ્ર જ્યોતિષ્ક દેવોનો ઇન્દ્ર છે. પૃથ્વીથી ૮૮૦ યોજન ઊંચે ગયા પછી તેનું સ્થાન

આવે છે. તે ચંદ્રાવતંસક વિમાને રહે છે. તેને ચાર મુખ્ય અગ્રમહિષીઓ છે – ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી અને પ્રભંકરા. તેનો ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાઓનો પરિવાર છે. તેની એક પલ્યોપમની સ્થિતિ છે.

તે રાજગૃહીમાં ભગવંત મહાવીરને વંદનાર્થે આવેલ. ત્યાં ભગવંત સન્મુખ નૃત્યવિધિ દર્શાવીને ગયો.

કૌશાંબીમાં પણ મૂળ વિમાને તે ભગવંત મહાવીરના દર્શનાર્થે આવેલ જે દસ આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય હતું. આ વાત ભગવંત મહાવીર કથામાં આવી ગયેલ છે.

જંબૂદ્વીપમાં બે ચંદ્ર, લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ધાતકી ખંડમાં બાર ચંદ્ર, કાલોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્ર અને અર્ધ પુષ્કરવર દ્વીપમાં ૭૨ ચંદ્ર આવેલા છે. પણ જ્યોતિષ્કેન્દ્ર રૂપે ચંદ્ર તરીકે એક ચંદ્રનો જ ઉલ્લેખ થાય છે.

**૦ ચંદ્રના પૂર્વભવની કથા :–**

પૂર્વભવે તે અંગતિ નામે ગાથાપતિ હતો. ભગવંત પાર્શ્વ પાસે દીક્ષા લીધી. મૃત્યુ બાદ જ્યોતિષ્કેન્દ્ર દેવ થયા. કથા જુઓ "અંગતિ" શ્રમણ.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૭૫–વૃ; સમ. ૧૪૦, ૧૬૭; ભગ. ૨૦૪, ૪૪૦ થી ૪૪૩, ૫૪૬ થી ૫૪૯;*
*નાયા. ૨૩૬; જીવા. ૧૯૫, ૧૯૬, ૨૦૧, ૨૫૧, ૩૦૯ થી ૩૧૧, ૩૧૯;*
*સૂર. ૫૫, ૧૧૭, ૧૧૯ થી ૧૨૧, ૧૨૬, ૧૨૯ થી ૧૯૨;*
*ચંદ્ર. ૫૯, ૧૨૧, ૧૨૩ થી ૧૨૭, ૧૩૦, ૧૩૩ થી ૧૯૬;*
*જંબૂ. ૨૫૦, ૨૫૧, ૨૬૯, ૩૩૮, ૩૫૫; પુષ્ફિ. ૪ + વૃ;*
*દેવિં. ૮૪, ૧૪૮ થી ૧૫૦, ૧૫૭ થી ૧૫૯; કલ્પ.દશ આશ્ચર્યવૃત્તિ*

— x — x —

## ૦ સૂર્યદેવની કથા :–

### –૦– સંક્ષિપ્ત પરીચય :–

જ્યોતિષ્કનો એક ઇન્દ્ર સૂર્ય છે. તે શક્રના લોકપાલ સોમની આજ્ઞામાં રહે છે. તે સૂર્યાવતંસક વિમાનમાં રહે છે. તેને ચાર અગ્રમહિષી છે – સૂર્યપ્રભા, આતપાભા, અર્ચિમાલી અને પ્રભંકરા. તેને પણ પોતાના સામાનિક દેવો વગેરે હોય છે. સૂર્યના પરિવારમાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો, ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે. પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે તેનું સ્થાન છે. સૂર્યની સંખ્યા ચંદ્ર દેવ અનુસાર જ જાણવી ઇત્યાદિ..... સૂર્યના ૮૪ મંડલો કહ્યા છે.

તે રાજગૃહીમાં ભગવંત મહાવીર સન્મુખ નૃત્યવિધિ પ્રદર્શિત કરીને વંદન–નમસ્કાર કરી પોતાના સ્થાને પાછો ફર્યો. કૌશાંબીમાં પણ તે મૂળ વિમાને ભગવંત મહાવીરના દર્શને આવેલ જેની ગણના ચંદ્રની જેમજ દશ આશ્ચર્યોમાંના એક આશ્ચર્યરૂપે થાય છે. આ વાત ભગવંત મહાવીરની કથામાં આવી ગયેલ છે.

### –૦– સૂર્યના પૂર્વભવની કથા :–

પૂર્વભવે તે સુપ્રતિષ્ઠ નામે ગાથાપતિ હતો, તેણે ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા લીધી.

મૃત્યુ બાદ તે સૂર્ય દેવ થયો. કથા જુઓ "સુપ્રતિષ્ઠ" શ્રમણ.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૭૫ની વૃ; સમ. ૧૪૩, ૧૬૭, ૧૭૮; ભગ. ૧૯૪,૨૦૪, ૪૮૯, ૫૪૬, ૫૪૮;*
*નાયા. ૨૩૫; જીવા. ૧૯૫, ૨૦૧, ૨૫૧, ૩૦૮ થી ૩૧૧, ૩૨૧ થી ૩૨૩; પન્ન. ૨૨૬;*
*સૂર. ૨૦,૧૧૭, ૧૧૮, ૧૨૭, ૧૩૦, ૧૯૨, ૧૯૩, ૧૯૫, ૧૯૭;*
*ચંદ્ર. ૨૪, ૧૨૧, ૧૨૨, ૧૩૧, ૧૩૪, ૧૯૬, ૧૯૭, ૧૯૯, ૨૦૧;*
*જંબૂ. ૨૫૨; પુપ્ફિ. ૪; કલ્પ. દશ આશ્ચર્ય–વૃત્તિ*

— x — x —

**૦ શુક્રદેવની કથા :–**

શુક્ર એક જ્યોતિષ્ક દેવ છે, ૮૮ મહાગ્રહોમાંનો એક મહાગ્રહ છે. તે શક્રના લોકપાલ સોમની આજ્ઞામાં રહે છે.

પૂર્વભવે શુક્ર વાણારસીનો સોમિલ નામે બ્રાહ્મણ હતો. કથા જુઓ *સોમિલ બ્રાહ્મણ.*

*૦ આગમ સંદર્ભ :–*

*સમ. ૪૯; ભગ. ૧૯૪; પુપ્ફિ. ૫;*
*સૂર. ૧૯૮, ૨૦૨; ચંદ્ર. ૨૦૨, ૨૦૬; આવ.ચૂ.૧–પૃ. ૨૫૩;*

— x — x —

**૦ પૂર્ણભદ્ર દેવની કથા :–**

આ કથા પૂર્ણભદ્ર શ્રમણમાં આવી ગયેલ છે.

*આગમ સંદર્ભ :–*

*પુપ્ફિ. ૯;*

— x — x —

**૦ માણિભદ્ર દેવની કથા :–**

આ કથા માણિભદ્ર શ્રમણમાં આવી ગયેલ છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પુપ્ફિ. ૧૦;*

— x — x —

**૦ દત્ત, શિવ, બલ અને અનાદૃત દેવની કથા :–**

આ ચારે દેવોની કથા આ જ નામ પ્રમાણે શ્રમણ વિભાગમાં આવેલી છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પુપ્ફિ. ૧૧;*

— x — x —

**૦ સૂર્યાભદેવની કથા :–**

સૂર્યાભ વિમાનનો અધિપતિ એક દેવ. આ સૂર્યાભદેવ એક વખત અહીં આવી ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરી બત્રીશ પ્રકારની નૃત્યવિધિ દર્શાવીને પાછો ગયો. (*અતિ વિસ્તૃત કથા છે.* જુઓ પ્રદેશી શ્રાવક કથા)

પૂર્વભવમાં તે પ્રદેશી રાજાનો જીવ હતો.

૦ *આગમ સંદર્ભ :–*

*ભગ. ૬૭૫; નાયા. ૧૪૫; જંબૂ. ૨૩૯;*
*રાય. ૫ થી ૮૨; આવ.નિ. ૪૬૮ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૨૭૯;*

— x — x —

**૦ દર્દુરદેવની કથા :–**

દર્દુરાવતંસક વિમાનનો એક દેવ હતો. તે દર્દુર દેવે રાજગૃહીમાં ભગવંત મહાવીર સન્મુખ નૃત્યવિધિ પ્રદર્શિત કરી. પૂર્વભવે તે નંદમણિયાર નામે એક ગાથાપતિ હતો. મૃત્યુ બાદ તે દેડકો બન્યો. પછી મૃત્યુ પામીને તે દર્દુર દેવ થયો. *કથા જુઓ નંદમણિયાર.*

૦ *આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૪૫ થી ૧૪૭; ભત્ત. ७૫;*

— x — x —

**૦ મહાશુક્રદેવનો કથા પ્રસંગ :–**

તે કાળે, તે સમયે મહાશુક્રકલ્પમાં મહાસામાન વિમાનમાં મહાઋદ્ધિ – યાવત્ – મહાપ્રભાવ વાળા બે દેવ શ્રમણ ભગવંત મહાવીરની સમીપે આવ્યા. ત્યારપછી તે દેવોએ શ્રમણ ભગવંત મહાવીરને મનથી જ વંદન–નમસ્કાર કર્યા. મનથી જ આ અને આવા પ્રકારનો પ્રશ્ન પૂછ્યો – હે ભદંત ! આપ દેવાનુપ્રિયના કેટલો સો અંતેવાસી શિષ્ય સિદ્ધ થશે – યાવત્ – સમસ્ત દુઃખોનો અંત કરશે ?

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે દેવો દ્વારા મનથી પૂછાયેલા પ્રશ્નનો તે દેવોને મનથી જ આ ઉત્તર આપ્યો. હે દેવાનુપ્રિયો ! મારા ૭૦૦ અંતેવાસીઓ સિદ્ધ થશે – યાવત્ – સર્વે દુઃખોનો અંત કરશે.

ત્યારે મન વડે પૂછાયેલા પ્રશ્નોના શ્રમણ ભગવંત મહાવીર દ્વારા મને વડે જ અપાયેલા આ અને આવા પ્રકારના ઉત્તરોને સાંભળીને તે દેવોઓ હર્ષિત, સંતુષ્ટ – યાવત્ – હર્ષથી વિકસિત હૃદયવાળા થઈને શ્રમણ ભગવંત મહાવીરને વંદના–નમસ્કાર કર્યા, મનથી જ શુશ્રૂષા અને નમન કરતા, સન્મુખ બેસીને યાવત્ પર્યુપાસના કરવા લાગ્યા.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ગૌતમ ગોત્રીય ઇન્દ્રભૂતિ નામના અણગાર – યાવત્ – સમીપમાં ઉત્કુટુક આસને બેસીને – યાવત્ – વિચરણ કરી રહ્યા હતા.

ત્યારે તે ગૌતમસ્વામીને ધ્યાનાંતરિકામાં વર્તતા આવા પ્રકારનો આધ્યાત્મિક – યાવત્ – સંકલ્પ ઉત્પન્ન થયો – મહાઋદ્ધિસંપન્ન – યાવત્ – મહાપ્રભાવશાળી બે દેવ શ્રમણ ભગવંત મહાવીર સમીપે આવ્યા, હું આ દેવોને જાણતો નથી કે તેઓ કયા કલ્પ કે કયા સ્વર્ગ કે કયા વિમાનથી અહીં આવ્યા અને તેમનું પ્રયોજન શું છે ? તેથી હું જાઉં. શ્રમણ ભગવંત મહાવીરને વંદના–નમસ્કાર કરું – યાવત્ – પર્યુપાસના કરું અને પછી પૂછું. આ પ્રમાણે વિચારીને ઊભા થયા, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજમાન હતા, ત્યાં જઈને – યાવત્ – પર્યુપાસના કરવા લાગ્યા.

શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમને કહ્યું, હે ગૌતમ ! ધ્યાનાન્તરિકામાં વર્તતા એવા તને આવો – યાવત્ – સંકલ્પ થાઓ – જેથી તું શીઘ્ર મારી પાસે આવ્યો, તો હે ગૌતમ ! શું આ વાત યથાર્થ છે ? હાં, ભગવન્ ! આ વાત યથાર્થ છે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું, હે ગૌતમ ! તું તે જ દેવો પાસે જા, તે દેવો જ તને આ વિષયમાં કહેશે.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરની આજ્ઞાથી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વંદના–નમસ્કાર કરીને તે દેવો પાસે જવા ઉદ્યત થયા.

ત્યારે તે દેવોએ ગૌતમસ્વામીને પોતાની તરફ આવતા જોયા. જોઈને હર્ષિત – યાવત્ – પ્રફુલ્લિત હૃદય થયા. પોતાના સ્થાનેથી ઊભા થયા. જલ્દીથી તેમની સામે ગયા. ગૌતમસ્વામી પાસે આવીને – યાવત્ – નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! મહાશુક્ર કલ્પના મહાસામાન વિમાનના મહાઋદ્ધિવાળા અમે બે દેવ – યાવત્ – પૂછયું કે કેટલા શિષ્યો સર્વો દુઃખોનો અંત કરશે ? ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે અમારા મન વડે પૂછાયેલા પ્રશ્નનો મન વડે જ ઉત્તર આપતા કહ્યું કે, – યાવત્ – મારા ૭૦૦ શિષ્યો – યાવત્ – સર્વ દુઃખોનો અંત કરશે.

આ રીતે અમારા મનથી જ પૂછાયેલા પ્રશ્નનો શ્રમણ ભગવંત મહાવીર દ્વારા મનથી જ ઉત્તર પ્રાપ્ત કરીને અમે ભગવંતને વંદન–નમસ્કાર કર્યા – યાવત્ – પર્યુપાસના કરી રહ્યા છીએ. આ પ્રમાણે કહીને તે દેવોએ ગૌતમસ્વામીને વંદન–નમસ્કાર કર્યા. ત્યારપછી તે દેવો જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ચાલ્યા ગયા.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૨૨૮;*

— x — x —

**૦ માગધદેવ કથા :–**

માગધ તીર્થનો અધિપતિ દેવ છે. તેના સંબંધનો કથાપ્રસંગ ચક્રવર્તી ભરતની દિગ્વીજય યાત્રા – છ ખંડ સાધનામાં આવે છે, ત્યાંથી જોવો.

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૬૭;* આવ.ચૂ.૧–પૃ. ૧૮૬

— x — x —

**૦ વરદામ દેવ કથા :–**

વરદામ તીર્થનો અધિપતિ દેવ છે તેના સંબંધનો કથાપ્રસંગ ચક્રવર્તી ભરતની દિગ્વીજય યાત્રા – છ ખંડ સાધનામાં આવે છે, ત્યાંથી જોવો.

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૭૩;* આવ.ચૂ.૧–પૃ. ૧૮૭

— x — x —

**૦ પ્રભાસદેવ કથા :–**

પ્રભાસ તીર્થનો અધિપતિ દેવ છે, તેના સંબંધનો કથા પ્રસંગ ચક્રવર્તી ભરતની દિગ્વીજય યાત્રા – છ ખંડ સાધનામાં આવે છે. ત્યાંથી જોવો.

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૭૩;* *આવ.ચૂ.૧–પૃ. ૧૮૯;*

— × — × —

**૦ કૃતમાલ દેવ કથા :–**

તિમિસ્ત્ર ગુફાનો અધિપતિ દેવ છે. તેના સંબંધના બે કથા પ્રસંગો જોવા મળેલ છે. (૧) ચક્રવર્તી ભરતની દિગ્વીજય યાત્રામાં છે, ત્યાં જોવો અને (૨) રાજા કોણિકને તેણે મારી નાંખ્યો તે *જુઓ કોણિક કથા.*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૩૬૦ની વૃ;* *જંબૂ. ૧૮, ૭૫;* *આવ.નિ. ૧૨૮૪ની વૃ;*
*આવ.ચૂ.૨–પૃ. ૧૭૬, ૧૭૭;* *દસ.ચૂ.પૃ. ૫૧;*

— × — × —

**૦ મેઘમુખ નાગકુમાર દેવ કથા :–**

નાગકુમાર દેવોનો એક રાજા, જેને મેઘમુખ કહે છે. આ મેઘમુખ નાગકુમાર દેવ આપાત–કિરાત લોકોના કુળ દેવતા છે. ભરત ચક્રવર્તી સાથેના યુદ્ધમાં સુષેણ સેનાપતિ સૈન્ય લઈને આવ્યો ત્યારે આ દેવોએ આપાત કિરાતોને યુદ્ધમાં ઘણી સહાય કરી હતી. – *કથા જુઓ ભરત ચક્રવર્તી* – દિગ્વીજય યાત્રામાં આ કથા છે.

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૮૪ થી ૯૧;* *આવ.ચૂ.૧–પૃ. ૧૯૬;*

— × — × —

**૦ શૂલપાણી યક્ષની કથા :–**

શૂલપાણી એક વાણવ્યંતર દેવ હતો. તે વર્ધમાનપુરના એક જીર્ણમંદિરમાં રહેલો હતો. પૂર્વભવે તે એક બળદ હતો. તેણે ધનદેવના ઘણાં ગાડાનો ભાર ખેંચ્યો. તેનાથી તેના અસ્થિભંગ થઈ જવાથી, લોકોએ ધ્યાન ન આપવાથી મૃત્યુ પામીને શૂલપાણી યક્ષ થયો. ત્યારપછી તે શૂલપાણીયક્ષે વર્ધમાનપુરમાં લોકોને ખૂબ જ ઉપદ્રવ કર્યો. તેમજ ભગવંત મહાવીરને પણ ઉપસર્ગ કર્યો. *ઇત્યાદિ કથાનક ભગવંત મહાવીરની કથામાં આવી ગયેલ છે.*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૬૧ + વૃ;* *સમ. ૧૫ની વૃ;* *આવ.નિ. ૪૬૧ની વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૨૭૨ થી ૨૭૪;* *આવ.મ.વૃ.પૃ. ૨૬૦, ૨૬૧;*
*કલ્પસૂત્ર–મહાવીર ચરિત્ર–ઉપસર્ગ વર્ણન–વૃત્તિ*

— × — × —

**૦ બલયક્ષની કથા :–**

બલ નામે એક યક્ષ હતો. જે પૂર્વભવે સર્પ હતો. ત્યારે તે મહાવિષયુક્ત અને ઘોર

હતો. જિનવચનથી અનુશાસિત થયેલ તેને કૌશિકાશ્રમમાં શરીર કીડીઓ વડે ખવાઈ ગયું. ત્યારે તેણે આ વેદનાને સમ્યક્તયા અધ્યાસિત કરી, પછી તે બલ નામે મહર્દ્ધિક યક્ષ થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*મરણ. ૫૨૨;*

— x — x —

**૦ સંગમ દેવની કથા :–**

સંગમ નામથી પ્રસિદ્ધ એક દેવ. જ્યારે શક્રે દેવસભામાં ભગવંત મહાવીરની પ્રશંસા કરી ત્યારે ઇર્ષ્યાથી પીડાઈને તેણે ભગવંત મહાવીરને છ માસ સુધી ભયંકર ઉપસર્ગો કર્યા પણ ભગવંતને તે ક્ષોભિત કે ચલાયમાન ન કરી શક્યો. તેથી શક્રેન્દ્ર એ તેના પર કોપાયમાન થઈને સ્વર્ગમાંથી કાઢી મૂક્યો. ત્યારપછી તે મંદર પર્વત પરના શિખર પર રહ્યો. *(આ સમગ્ર કથા ભગવંત મહાવીરમાં તેમના ઉપસર્ગોના વર્ણનમાં આવી ગયેલ છે.)* કથા જુઓ ભગવંત મહાવીર.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા. ૨૦૭ની વૃ;* *ઠા. ૩૯૨ની વૃ;* *આવ.નિ. ૫૦૦ થી ૫૧૫;*
*આવ.ચૂ.૧–પૃ. ૩૧૧ થી ૩૧૪;* *કલ્પસૂત્ર–ભ.મહાવીર કથા–વૃત્તિ*

— x — x —

**૦ વિદ્યુન્માલી દેવની કથા :–**

પંચશૈલ દ્વીપનો એક યક્ષ–વિદ્યુન્માલી દેવ હતો. તેને હાસા અને પ્રહાસા નામે બે દેવીઓ (પત્નીઓ) હતી, તે ચ્યવી ગયો – x – x – x – પછી અનંગસેન કુમારનંદી નામનો સોની – x – x – હાસા પ્રહાસામાં મોહિત થઈને – x – x – આત્મહત્યા કરી, નિયાણું કરી વિદ્યુન્માલી દેવ થયો. *(આ કથા શ્રમણ વિભાગમાં ઉદાયન રાજર્ષિની કથામાં – કુમારનંદીના પ્રબંધમાં આવી ગયેલ છે.* કથા જુઓ ઉદાયન રાજર્ષિ, *આ કથા શ્રમણી વિભાગમાં પ્રભાવતી શ્રમણીની કથામાં પણ આવી ગયેલ છે.* કથા જુઓ પ્રભાવતી.

*૦ આગમ સંદર્ભ :–*

*નિશી.ભા. ૩૧૮૩ની વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૩૯૭;* *આવ.નિ. ૭૭૫ની વૃ;*

— x — x —

**૦ નાગીલ દેવ કથા :–**

પૂર્વે ચંપાનગરીનો એક શ્રાવક હતો. તે કુમારનંદી સોનીનો મિત્ર હતો. આ સોની અનંગસેન નામે પણ ઓળખાતો હતો – x – x – x – કુમારનંદીએ હાસા–પ્રહાસા દેવીને પ્રાપ્ત કરવા અગ્નિમાં બળી જઈને આત્મહત્યા કરી ત્યારે તેનાથી વ્યથિત થઈને નાગીલે દીક્ષા લીધી. ત્યારપછી કાળધર્મ પામીને તે અચ્યુત દેવલોકે દેવ થયો. તેણે વિદ્યુન્માલીદેવ બનેલા પોતાના મિત્ર કુમારનંદીને પ્રતિબોધ કર્યો હતો. *(આ સમગ્ર કથા ઉદાયન રાજર્ષિની કથામાં શ્રમણ વિભાગમાં આવી ગયેલ છે.* કથા જુઓ ઉદાયન.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૩૧૮૪ની ચૂ;* *આવ.ચૂ.૧–પૃ. ૩૯૭, ૩૯૮;* *આવ.નિ. ૭૭૫ની વૃ;*

### ૦ પ્રભાવતી દેવની કથા :–

વિતીભય નગરના ઉદાયનની પત્ની (રાણી) પ્રભાવતી હતી. તેણીએ વ્રત ભંગ થવાને કારણે ગૃહત્યાગ કરી દીક્ષા લીદી. મૃત્યુ બાદ તે દેવ થયો. પ્રભાવતી દેવે આવીને ઉદાયન રાજાને પ્રતિબોધ કર્યો. ઉદાયનને દીક્ષાના માર્ગે વાળ્યો. (*આ કથા શ્રમણ વિભાગમાં ઉદાયન રાજર્ષિની કથામાં આવેલ છે.* કથા જુઓ ઉદાયન, *આ કથા પ્રભાવતી શ્રમણીની કથામાં પણ આવેલ છે.* કથા જુઓ પ્રભાવતી.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૫૮૭; પણ્હ. ૨૦ ની વૃ; નિસી.ભા. ૩૧૮૩ની ચૂ;*
*આવ.ચૂ.૧–પૃ. ૩૯૯, ૪૦૦; ૨–પૃ. ૧૬૪; આવ.નિ. ૭૭૫ની વૃ; ઉત્ત. ૯૫ + વૃ;*

— x — x —

### ૦ હુંડીક દેવની કથા :–

મથુરા નગરીમાં જિનદત્ત નામે શ્રાવક હતો. ત્યાં હુંડિક નામે ચોર હતો. તે નગરમાં ચોરી કરતો હતો. તે કોઈ દિવસે પકડાઈ ગયો. તેને શૂળીએ ચઢાવી દેવાયો. તે વખતે જિનદત્ત શ્રાવક તેની સમીપથી પસાર થઈ રહ્યો હતો. તે ચોરે કહ્યું કે, હે શ્રાવક ! તું અનુકંપક લાગે છે. મને ઘણી જ તૃષા લાગી છે. મને પાણી આપ. હું તરસથી પીડાઈ રહ્યો છું. ત્યારે શ્રાવકે તેને કહ્યું કે, તું આ નમસ્કાર મંત્ર ભણ. તું તેનું સ્મરણ કર એટલામાં હું પાણી લઈને આવું છું, જો તું નમસ્કાર સ્મરણ નહીં કરે તો પાણી લાવવા છતાં તને આપીશ નહીં.

ત્યારે તે ચોર પાણીની લાલચમાં નમસ્કાર મંત્ર ભણવા લાગ્યો. શ્રાવક પણ પાણી લઈને આવ્યો. હમણાં જ પાણી પીવડાવું છે એમ કહીને નમસ્કાર મંત્રનો ઘોષ કર્યો. તેટલામાં તે ચોરનો જીવ નીકળી ગયો. તે હુંડીક ચોર મૃત્યુ પામીને યક્ષદેવ થયો.

તે વખતે ચોરને ફાંસી આપી ત્યાં ધ્યાન રાખતા રાજપુરુષોએ તે જિનદત્ત શ્રાવકને પકડી લીધો, તેઓ સમજ્યા કે આ હુંડીક ચોરનો ભોજનદાયક છે. પકડીને લઈ ગયા. રાજા પાસે આ વાતનું નિવેદન કર્યું. રાજાએ આજ્ઞા કરી કે આને પણ શૂળીએ ચઢાવી દો. ત્યારે શૂળી પર તેના પર આઘાત કર્યો. તે જ વખતે હુંડીક યક્ષ દેવે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. તેણે પોતાના ઉપકારી શ્રાવકની અવદશા જોઈ.

હુંડીક દેવે પર્વત ઉપાડીને (શીલા ઉપાડીને) નગરની ઉપર સ્થિત થયો ને બોલ્યો, આ શ્રાવક ભટ્ટારક છે. તમે જાણતા નથી. તેની ક્ષમાયાચના કરો, નહીં તો આ શિલાને નગર પર ફેંકીશ, સર્વેનું ચૂર્ણ કરી નાંખીશ. ત્યારે લોકો ભયભીત થયા. ક્ષમાયાચના કરી. પછી હુંડીક દેવનું આયતન કર્યું. આ નમસ્કાર મંત્રનું ફળ જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૦૧૨ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૫૯૧;*

— x — x —

**૦ શેલક યક્ષની કથા :–**

લવણ સમુદ્રના રત્નદ્વીપ પર એક વનખંડમાં જેનું યક્ષાયતન છે એવો એક યક્ષ – (વ્યંતર દેવ) તે અશ્વનું રૂપ ધારણ કરીને આઠમ, ચૌદશ, પૂનમ, અમાસના દિવસે નીકળતો અને ત્યાં રહેલાને ઊંચે સ્વરે કહેતો કે કોને તારું ? કોને પાળું ? – x – x – x – તેણે જિનરક્ષિત અને જિનપાલિતની પોતાની પીઠ પર બેસાડ્યા – x – x – x – તેણે અવધિજ્ઞાન વડે જિનરક્ષિતને ચલિત થયેલો જોઈને પીઠ પરથી ઉતારી દીધો, પણ જિનપાલિત નિશ્ચલ રહ્યો, તો તેને ચંપાનગરી પહોંચાડ્યો.

(*આ કથા શ્રમણવિભાગમાં જિનપાલિતની કથામાં વિસ્તારથી આવી ગયેલ છે.*)

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૨૪ થી ૧૩૮;*

— x — x —

**૦ તિષ્યક દેવની કથા :–**

ભગવંત મહાવીરના એક શિષ્યનું નામ તિષ્યક હતું. તેઓ તપોમય જીવન જીવીને કાળધર્મ પામીને સૌધર્મ કલ્પમાં સામાનિક દેવ થયા. (*આ તિષ્યક દેવનું વિસ્તૃત વર્ણન શ્રમણવિભાગમાં* તિષ્યક શ્રમણની કથામાં જોવું.)

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૧૫૬, ૧૬૮;*

— x — x —

**૦ જ્વલન અને દહન દેવની કથા :–**

જ્વલન અને દહન નામે બે શ્રમણ હતા. તેમાં જ્વલન શ્રમણ ઋજુતા સંપન્ન હતા. જ્યારે દહનશ્રમણ માયાની બહુલતાવાળા હતા. બંને કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકે શક્રની અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમની સ્થિતિવાળા દેવ થયા.

ભગવંત મહાવીર સન્મુખ નૃત્યવિધિ પ્રદર્શિત કરી. જ્વલનદેવે જે વિકુર્વણા કરી તે સરળ અને સુંદર થઈ, પણ દહનદેવે જે વિકુર્વણા કરી તે વિપરિત પરિણમી (*આ કથા શ્રમણ વિભાગમાં જ્વલન આદિની કથામાં આવે છે. ત્યાં આ કથા તથા સાથેની ફૂટનોટ ખાસ જોવી*)

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૨૯૯ + વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૧૯૫, ૧૯૬;*

— x — x —

**૦ સાગરચંદ્ર દેવની કથા :–**

દ્વારાવતીના રાજા બલદેવના પુત્ર નિષઢનો પુત્ર સાગરચંદ્ર હતો. તેના લગ્ન કમલામેલા સાથે થયેલા હતા. આ સાગરચંદ્ર શ્રમણોપાસકને પૌષધ પ્રતિમા ગ્રહણ કરીને રહ્યો હતો. ત્યારે નભસેન (ધનદેવે) તેને મરણાંત વેદના આપી. મરીને તે દેવ થયો.

સાગરચંદ્ર દેવે જ્યારે અવધિજ્ઞાનથી જોયું કે યાદવકુમારો નભસેન (ધનદેવ)ને કદર્થના પહોંચાડી રહ્યા છે, ત્યારે દેવલોકથી આવીને બધાંને શાંત પાડ્યા અને નભસેનને ક્ષમા પ્રદાન કરેલી. (*આ કથા બે સ્થાને આવેલી છે.* જુઓ કમલામેલા કથા – *શ્રમણી વિભાગમાં*

*અને જુઓ સાગરચંદ્રકથા – શ્રાવક વિભાગમાં)*

*૦ આગમ સંદર્ભ :–*

*મરણ. ૪૩૪; બુહ.ભા. ૧૭૨ + વૃ; આવ.નિ. ૧૩૪ની વૃ;*

— × — × —

**૦ મુદ્‌ગરપાણી યક્ષની કથા :–**

રાજગૃહીનગરીના પુષ્પારામમાં જેનું મંદિર હતું તેવો એક યક્ષ કુળ પરંપરાથી અર્જુનમાળી તેની પૂજા કરતો હતો. કોઈ વખતે તેના જ મંદિરમાં લલિતા ગોષ્ઠીના છ પુરુષોએ અર્જુનમાળીને બાંધીને, અર્જુનમાળીની બંધુમતીને ભોગવી ત્યારે કલ્પાંત – કકળાટ કરતા અર્જુનમાળીના શરીરમાં મુદ્‌ગરપાણી યક્ષે પ્રવેશ કર્યો. સાતેને મારી નાંખ્યા, પછી તે રોજ છ પુરુષ અને એક સ્ત્રી એમ સાતની હત્યા કરવા લાગ્યો. – × – × – સુદર્શક શ્રાવકના તપ તેજને સહન ન કરી શકવાથી તે અર્જુન માળીના શરીરને છોડીને ચાલ્યો ગયો. (*આ કથા અર્જુનમાળી શ્રમણમાં વિસ્તારથી આવી છે.*)

*૦ આગમ સંદર્ભ :–*

*અંત. ૨૭; ઉત્ત.નિ. ૧૧૦ + વૃ; ઉત્ત.ચૂ.પૃ. ૭૦;*

— × — × —

**૦ કમલદલ યક્ષની કથા :–**

નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય દર્શાવતું આ અતિ લઘુ દૃષ્ટાંત છે. ભક્તપરિજ્ઞા નામક આગમ સૂત્રની ગાથા–૭૮માં સંક્ષિપ્ત ઉલ્લેખ છે.

ખરાબ કાર્ય કરનારો એવો મહાવત, જેને ચોર કહીને શૂળીએ ચડાવવામાં આવેલો હતો, તે પણ "નમોજિણાણં" કહીને શુભધ્યાનમાં મૃત્યુ પામ્યો તો કમલપત્ર જેવી આંખવાળો "કમલદલ" નામે યક્ષ થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*ભત્ત. ૭૮;*

— × — × —

**૦ પુષ્પવતી દેવની કથા :–**

પુષ્પપુરના રાજા પુષ્પકેતુની પત્ની (રાણી)નું નામ પુષ્પવતી હતું. તેમને પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના પુત્ર અને પુત્રી હતા. જ્યારે રાજાએ આ બંને ભાઈબહેનની પરસ્પર પ્રીતિ જોઈ અને બંનેના લગ્ન કર્યા ત્યારે તેના આ અકાર્યથી વ્યથિત થઈને પુષ્પવતીએ દીક્ષા અંગીકાર કરેલી. જે મૃત્યુ બાદ પુષ્પાવતી દેવ થઈ.

પુષ્પવતી દેવે સ્વપ્નમાં પુષ્પચૂલાને નરકના અને સ્વર્ગના દુઃખ તથા સુખ કેવા કેવા હોય તેનું દર્શન કરાવી પ્રતિબોધ પમાડી દીક્ષાના માર્ગે વાળી.

(*આ કથા વિસ્તારથી બે સ્થાને આવેલ છે.* (૧) અર્ણિકાપુત્ર આચાર્યની કથામાં શ્રમણ વિભાગમાં અને (૨) પુષ્પચૂલા શ્રમણીની કથામાં શ્રમણી વિભાગમાં)

*૦ આગમ સંદર્ભ :–*

*બૃહ.ભા. ૧૩૫૧ + વૃ;* *આવ.ચૂ.૧-પૃ. ૫૫૯, ૨-પૃ. ૧૭૭, ૧૭૮;*
*આવ.નિ. ૧૧૯૪ની વૃ;* *નંદી. ૧૦૭ની વૃ;*

— x — x —

**૦ લલિતાંગ દેવની કથા :-**

ભગવંત ઋષભદેવના એક પૂર્વભવે તેઓ ઇશાન કલ્પે લલિતાંગ નામે દેવ હતા. તેની અગ્રમહિષી (પટ્ટરાણી) સ્વયંપ્રભા હતી. તેઓ યુગંધર આચાર્યની વંદનાર્થે એક વખત ગયેલા હતા. (*આ કથા ભગવંત ઋષભદેવ અને શ્રેયાંસકુમારના પૂર્વભવોના સંબંધના વર્ણનમાં વિસ્તારથી આવી ગયેલ છે.* કથા જુઓ ભગવંત ઋષભ)

*૦ આગમ સંદર્ભ :-*

*આવ.ચૂ.૧-પૃ. ૧૬૫, ૧૭૪, ૧૭૭;* *આવ.મ.વૃ.પૃ. ૧૫૭ થી ૧૫૯;*
*કલ્પસૂત્ર-ઋષભચરિત્રની વૃત્તિ.*

— x — x —

**૦ તિંદુકયક્ષની કથા :-**

વાણારસી નગરીમાં તિંદુક નામનું વન હતું. તે વનમાં તિંદુક નામક યક્ષનું યક્ષાયતન હતું. તેને ગંડીતેંદુક યક્ષ પણ કહેતા હતા. ત્યાં તપ અને આરાધના કરી રહેલા હરિકેશમુનિના ગુણોથી તે ઘણો જ પ્રભાવિત થયો હતો.

જ્યારે કોશલ રાજાની પુત્રી ભદ્રાએ હરિકેશમુનિની દુગંછા કરી ત્યારે તિંદુકયક્ષે તેણીને શિક્ષા કરીને ઠેકાણે લાવી દીધેલી. રુદ્રદેવના યજ્ઞમાં ભિક્ષાર્થે ગયેલા મુનિને જ્યારે રુદ્રદેવના શિષ્યોએ વિડંબના પહોંચાડી ત્યારે પણ આ યક્ષે તેમને હથ-મથિત કરી દીધા. (*આ કથા વિસ્તારથી* હરિકેશબલ શ્રમણની કથામાં જોવી.)

*૦ આગમ સંદર્ભ :-*

*ઉત્ત. ૩૬૦ થી ૪૦૬;* *ઉત્ત.નિ. ૩૨૩ + વૃ;* *ઉત્ત.ચૂ.પૃ. ૨૦૨, ૨૦૩;*

— x — x —

**— દેવોની કથાની અંતે કંઈક :-**

*અહીં દેવોના કથાનક સ્વરૂપ જ અમારું કાર્યક્ષેત્ર હોવાથી દેવોસંબંધી અન્ય-અન્ય હકીકતોને આશ્રિને કોઈ જ દેવનું કે તે-તે દેવોના સ્થાન, અવધિવિષય, ભવન, વિમાન, દેવીઓ આદિને અમે નોંધેલ નથી. અન્યથા જીવાજીવાભિગમનો દેવ અધિકાર, પ્રજ્ઞાપના સૂત્રમાં દેવો વિષયક અનેક સ્થાને કથન, ભગવતીજીમાં દેવો સંબંધે ગૌતમસ્વામી આદિના વિવિધ પ્રશ્નોત્તરો આદિ, સ્થાનાંગ અને સમવાયાંગમાં દેવોની નાની-નાની હકીકતોનું તે-તે સ્થાન કે સમવાય આશ્રિત ટૂંકા વર્ણનો આવે જ છે. તે બધાંને એકત્ર કરીએ ત્યારે કથાનુયોગને બદલે દેવકોશ તૈયાર થઈ જાય.*

*— બીજું અનેક શ્રમણ-શ્રમણી આદિ કાળધર્મ બાદ દેવ થયાનો ઉલ્લેખ આવે છે પણ ત્યારપછીની કોઈ કથા ન હોય તો તેનો ઉલ્લેખ અહીં અલગ કર્યો નથી.*

*— કોઈ-કોઈ દેવકથા દૃષ્ટાંત ઉપનય કે અન્ય વિભાગનો વિષય હોય તો અહીં તેની નોંધ ન થઈ હોય કે છૂટી પણ ગઈ હોય તેવો સંભવ છે.*

**— ચોસઠ ઇન્દ્રો વિશે કંઈક :-**

*ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના બધાં મળીને ચોસઠ ઇન્દ્રો પ્રસિદ્ધ છે. જો કે*

*સમવાયાંગના બત્રીશમાં સમવાયમાં વાણવ્યંતરોના ઇન્દ્રોનો ઉલ્લેખ નથી. તેથી ત્યાં બત્રીશ ઇન્દ્રોના જ નામો આપ્યા છે. આ ચોસઠે ઇન્દ્રો સંબંધી વિપુલ માહિતી ઉક્ત આગમોમાં તેમજ દેવેન્દ્ર સ્તવ, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિમાં આવે છે. પણ ત્યાં કથા વસ્તુ નથી.*

*કથા સ્વરૂપે આ ચોસઠે ઇન્દ્રોનો ઉલ્લેખ વિવિધરૂપે બે પ્રકારના પ્રસંગોમાં જોવા મળેલ છે. (૧) ભગવંતના જન્મ, દીક્ષા, નાણ અને નિર્વાણના કલ્યાણકોમાં અને (૨) ભગવંત મહાવીરની કથામાં તેમની છદ્મસ્થા અવસ્થા દરમ્યાન તેમજ ઉપસર્ગો દરમિયાન વિવિધ ઇન્દ્રો ભગવંતની સુખશાતા પૃચ્છા માટે આવેલા ત્યાં–ત્યાં કથાસ્વરૂપ છે.*

*અત્રે અમે માત્ર ચોસઠ ઇન્દ્રોનો નામોલ્લેખ કરીએ છીએ. શક્રેન્દ્ર, ઇશાનેન્દ્ર, ચમરેન્દ્રની કથા પૂર્વે અપાઈ ગઈ છે. બાકીના કથાપ્રસંગો કે કલ્યાણકોમાંની તે–તે ઇન્દ્રોની ઉપસ્થિતિ તીર્થંકર ચરિત્રમાં અપાયેલી ભગવંત ઋષભ કથા, ભગવંત મલ્લી કથા, ભગવંત મહાવીર કથામાં જોવા. તેમાં પણ ભગવંતની છદ્મસ્થાવસ્થાના વિહાર અને ઉપસર્ગ વર્ણન પાસે જોઈ જવું.*

**ચોસઠ ઇન્દ્રોના નામો :–**

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૮; સમ. ૧૦૮;*

**– ભવનપતિના વીશ ઇન્દ્રો :–**

(૧) અસુરકુમારેન્દ્રના બે – ચમર અને બલિ, (૨) નાગકુમારેન્દ્રના બે – ધરણ અને ભૂતાનંદ, (૩) સુવર્ણકુમારેન્દ્રના બે – વેણુદેવ અને વેણુદાસી, (૪) વિદ્યુત્ કુમારેન્દ્રના બે – હરિ અને હરિસ્સહ, (૫) અગ્નિકુમારેન્દ્રના બે – અગ્નિશિખ અને અગ્નિમાણવ, (૬) દ્વીપકુમારેન્દ્રના બે – પૂર્ણ અને વાશિષ્ઠ, (૭) ઉદધિ કુમારેન્દ્રના બે – જલકાંત અને જલપ્રભ, (૮) દિક્કુમારેન્દ્રના બે – અમિતગતિ અને અમિતવાહન, (૯) વાયુકુમારેન્દ્રના બે – વેલંબ અને પ્રભંજન તથા (૧૦) સ્તનિતકુમારેન્દ્રના બે – ઘોષ અને મહાઘોષ. આ રીતે દશ ભવનપતિના બબ્બે મળી કુલ વીશ ઇન્દ્રો થાય.

**– વ્યંતરોના બત્રીશ ઇન્દ્રો :–**

(૧) પિશાચેન્દ્ર બે – કાળ અને મહાકાળ, (૨) ભૂતેન્દ્ર બે – સુરૂપ અને પ્રતિરૂપ, (૩) યક્ષેન્દ્ર બે – પૂર્ણભદ્ર અને માણિભદ્ર, (૪) રાક્ષસેન્દ્રના બે – ભીમ અને મહાભીમ, (૫) કિન્નરેન્દ્ર બે – કિન્નર અને કિંપુરુષ, (૬) કિંપુરુષેન્દ્ર બે – સત્પુરુષ અને મહાપુરુષ, (૭) મહોરગેન્દ્ર બે – અતિકાય, મહાકાય, (૮) ગંધર્વેન્દ્ર બે – ગીતરતિ, ગીતયશ.

(૯) અણપન્નિકેન્દ્ર બે – યથાસન્નિહિત અને સામાન્ય, (૧૦) પણપન્નિકેન્દ્ર બે – ધાત અને વિહાત, (૧૧) ઋષિવાદીન્દ્ર બે – ઋષિ અને ઋષિપાલક, (૧૨) ભૂતવાદીન્દ્ર બે – ઈશ્વર અને મહેશ્વર, (૧૩) કન્દિતેન્દ્ર બે – સુવત્સ અને વિશાળ, (૧૪) મહાકન્દિતેન્દ્ર બે – હાસ્ય અને હાસ્યરતિ, (૧૫) કુષ્માંડેન્દ્ર બે – શ્વેત અને મહાશ્વેત, (૧૬) પતંગેન્દ્ર બે – પતય અને પતયપતિ.

આ રીતે સોળ વ્યંતરોના બબ્બે મળી કુલ બત્રીશ ઇન્દ્રો થયા.

**– જ્યોતિષ્કેન્દ્ર બે – (૧) ચંદ્ર અને (૨) સૂર્ય**

**– વૈમાનિક ઇન્દ્ર – દશ :–**

(૧) સૌધર્મકલ્પે શક્ર, (૨) ઇશાનકલ્પે ઇશાન, (૩) ત્રીજા કલ્પે સનત્કુમાર,

(૪) ચોથા કલ્પે માહેન્દ્ર, (૫) પાંચમાં કલ્પે બ્રહ્મ, (૬) છટ્ઠા કલ્પે લાંતક, (૭) સાતમાં કલ્પે મહાશુક્ર (૮) આઠમા કલ્પે સહસ્રાર, (૯) નવમા અને દશમાં આનત અને પ્રાણત કલ્પનો પ્રાણત નામે ઇન્દ્ર, (૧૦) અગિયારમાં આરણ અને બારમાં અચ્યુત બંને કલ્પનો એક એવો અચ્યુત નામે ઇન્દ્ર. આ રીતે બાર વૈમાનિકોના દશ ઇન્દ્રો થયા.

— x — x —

## ❋ દેવીઓની કથાઓ :–

*(અત્રે દેવીઓની જે કોઈ કથા છે તે બધી કથા પૂર્વે–પૂર્વે મુખ્યત્વે શ્રમણી વિભાગમાં અને કોઈક કોઈક કથા દેવી રૂપે આવી જ ગયેલી છે. તેથી આ બધી કથાની સંક્ષિપ્ત નોંધ અને સંદર્ભ માત્ર જ અત્રે આપેલા છે.) (ચોસઠ ઇન્દ્રોની માફક છપ્પન દિક્કુમરીની પણ નોંધ જ આપેલી છે કે પૂર્વે તીર્થંકર ભગવંતના જન્મકલ્યાણક અવસરે તેમની કથામાં વિસ્તારપૂર્વક આ છપ્પન્ને છપ્પન્ન દિક્કુમરીનું સ્થાન–નામ અને કર્તવ્યની કથા અપાઈ જ ગયેલી હોવાથી આ વિભાગમાં તેનું પુનરાવર્તન કરેલ નથી.)*

### ૦ કાલી આદિ પાંચ દેવીઓની કથા :–

(૧) કાલીદેવી (૨) રાજીદેવી (૩) રજનીદેવી (૪) વિદ્યુત્‌દેવી (૫) મેઘાદેવી.

ચમરેન્દ્રની અગ્રમહિષી એવી આ પાંચ દેવીઓ છે. પૂર્વભવે કાલી, રાજી રજની, વિદ્યુત્ અને મેઘા એ પાંચે શ્રમણીઓ હતા. પાંચેની દીક્ષા ભગવંત પાર્શ્વની સમીપે થઈ, પાંચે કન્યા પુષ્પચૂલા આર્યાની શિષ્યાઓ બન્યા. કાળધર્મ પામીને ચમરેન્દ્રની અગ્રમહિષી રૂપે ઉત્પન્ન થઈ. (*આ પાંચે દેવીઓનો પરિવાર, નિવાસસ્થાન, પૂર્વભવ, પૂર્વભવનું શ્રમણીપણું, ભગવંત મહાવીરના વંદન–દર્શનાર્થે આવવું અને નૃત્યવિધિ દર્શાવી પાછા જવું, તેમનું આયુષ્ય અને ભાવિમાં મહાવિદેહે મોક્ષપર્યંતનું વર્ણન તેમની તેમની કથામાં આવી ગયેલ છે.* કથા જુઓ કાલી, રાજી, રજની, વિદ્યુત્ અને મેઘા શ્રમણી. – શ્રમણી વિભાગમાં આ કથા અપાઈ ગયેલ છે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૪૩૭; ભગ. ૪૮૮; નાયા. ૨૨૦ થી ૨૨૪;*

— x — x —

### ૦ શુંભા આદિ પાંચ દેવીઓની કથા :–

(૧) શુંભા, (૨) નિશુંભા, (૩) રંભા, (૪) નિરંભા, (૫) મદના.

બલીન્દ્રની અગ્રમહિષી એવી આ પાંચ દેવીઓ છે. પૂર્વભવે શુંભા, નિશુંભા, રંભા, નિરંભા અને મદના આ પાંચે શ્રમણીઓ હતા. પાંચે કન્યાની દીક્ષા કાલીની માફક ભગવંત પાર્શ્વનાથ પાસે થઈ. આર્યાપુષ્પચૂલાના શિષ્યાઓ બન્યા. કાળધર્મ પામીને બલીન્દ્રની અગ્રમહિષીઓરૂપે ઉત્પન્ન થઈ.

(*આ પાંચે દેવીઓનો પરિવાર, નિવાસસ્થાન, પૂર્વભવ, પૂર્વભવનું શ્રમણીપણું, તેમનું આયુષ્ય, ભાવિમાં મહાવિદેહે મોક્ષ તથા દેવીના ભવમાં ભગવંત મહાવીર સન્મુખે પ્રગટ થઈને નૃત્યવિધિનું પ્રદર્શન આદિ તેમની–તેમની કથામાં આવી ગયેલ છે.* કથા જુઓ – શુંભા, નિશુંભા, રંભા, નિરંભા અને મદના – પાંચે કથાઓ શ્રમણી વિભાગમાં આવી ગયેલ છે.)

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૪૩૭; ભગ. ૪૮૯; નાયા. ૨૨૫;*

**૦ ઇલા આદિ છ દેવીઓની કથા :–**

(૧) ઇલા, (૨) સતેરા, (૩) સૌદામિની, (૪) ઇન્દ્રા, (૫) ઘના, (૬) વિદ્યુતા.

આ છ એ દેવીઓ ધરણેન્દ્રની અગ્રમહિષીઓ છે. પૂર્વભવે ઇલા, સતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘના અને વિદ્યુતા અલગ–અલગ ગાથાપતિઓની પુત્રીઓ હતી. તેઓએ ભગવંત પાર્શ્વની સમીપે દીક્ષા લીધી. આર્યા પુષ્પચૂલાના શિષ્યાઓ બન્યા. કાળધર્મ પામીને ધરણેન્દ્રની અગ્રમહિષીરૂપે ઉત્પન્ન થઈ. ભગવંત મહાવીરના દર્શન–વંદનાર્થે આવી, નૃત્યવિધિ પ્રદર્શિત કરી પાછી ગઈ.

(*આ છ એ દેવીઓનો પરિવાર, પૂર્વભવ, સ્થાન, સ્થિતિ, પૂર્વભવનું શ્રમણીપણું, ભાવિમાં મહાવિદેહે મોક્ષ ઇત્યાદિ તેમની–તેમની કથાઓમાં આવી ગયેલ છે.* કથા જુઓ – ઇલા, સતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘના અને વિદ્યુતાશ્રમણી – શ્રમણી વિભાગમાં આ કથા છે.)

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| *ઠા. ૫૫૯;* | *ભગ. ૪૮૯;* | *નાયા. ૨૨૬* |
| *પુપ્ફ. ૨;* | *આવ.ચૂ.૧–પૃ. ૪૮૪;* | *આવ.નિ. ૮૪૬ની વૃ;* |

— × — × —

**૦ વેણુદેવ આદિ આઠ ભવનપતિ ઇન્દ્રોની અગ્રમહિષીની કથા :–**

વેણુદેવ, હરિ, અગ્નિશિખ, પૂર્ણ, જલકાંત, અમિતગતિ, વેલંબ અને ઘોષ એ ભવનપતિના આઠે ઇન્દ્રોની છ–છ અગ્રમહિષીઓ કહી છે. છ એ અગ્રમહિષીઓના નામ અને કથા બધું જ ધરણેન્દ્રની છ એ અગ્રમહિષીઓ અર્થાત્ – ઈલા, સતેરા, સૌદામિની, ઇન્દ્રા, ઘના અને વિદ્યુતા – અનુસાર જાણવું અર્થાત્ ધરણ આદિ નવે ઇન્દ્રોની આ ઇલા આદિ નામની જ છ–છ અલગ અલગ દેવીઓ છે બધી (ચોપને ચોપન દેવીઓની કથા એક સમાન છે. જે ધરણેન્દ્રની ઇલા આદિ દેવી અનુસાર જાણવી. *(જો કે ઠાણાંગ અને ભગવતી સૂત્રમાં આ નામોમાં થોડા ફેરફાર છે, તે નોંધપાત્ર છે.)*

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| *ઠા. ૫૫૯;* | *ભગ. ૪૮૯;* | *નાયા. ૨૨૬;* |
| *પુપ્ફ. ૨;* | *આવ.ચૂ.૧–પૃ. ૪૮૪;* | *આવ.નિ. ૮૪૬ની વૃ;* |

— × — × —

**૦ રૂપા આદિ છ દેવીઓની કથા :–**

(૧) રૂપા, (૨) સુરૂપા, (૩) રૂપાંશા, (૪) રૂપકાવતી, (૫) રૂપકાંતા (૬) રૂપપ્રભા.

આ છએ દેવીઓ ભૂતાનંદની અગ્રમહિષીઓ છે. પૂર્વભવે તે રૂપા, સુરૂપા આદિ નામની અલગ–અલગ ગાથાપતિની કન્યાઓ હતી. આ છ એ કન્યાએ ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા અંગીકાર કરેલી. બધી જ આર્યા પુષ્પચૂલાની શિષ્યાઓ બની. કાળધર્મ પામીને રૂપા આદિ છ એ શ્રમણીઓ ભૂતાનંદ ઇન્દ્રની અગ્રમહિષીઓરૂપે ઉત્પન્ન થઈ. ભગવંત મહાવીરના દર્શન–વંદનાર્થે આવી. ભગવંત સન્મુખ નૃત્યવિધિ પ્રદર્શિત કરીને પાછી ગઈ.

(*રૂપા આદિ છ એ દેવીઓનો પરિવાર, નિવાસ સ્થાન, આયુ, પૂર્વભવ, પૂર્વભવનું શ્રમણીપણું,*

*ભાવિમાં મહાવિદેહે ઉત્પન્ન થઈને મોક્ષે જવું ઇત્યાદિ વર્ણન તેમની – તેમની કથાઓમાં આવી ગયેલ છે.* કથા જુઓ – રૂપા, સુરુપા, રૂપાંશા, રૂપકાવતી, રૂપકાંતા અને રૂપપ્રભા શ્રમણી.)

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૫૫૯; ભગ. ૪૮૯; નાયા. ૨૨૭;*

— × — × —

**૦ વેણુદાલી આદિ ભવનપતિ ઇન્દ્રોની અગ્રમહિષીઓની કથા :–**

વેણુદાલી, હરિસ્સહ, અગ્નિમાણવક, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષ. આ ભવનપતિના આઠે ઇન્દ્રોની પ્રત્યેકની છ–છ અગ્રમહિષીઓ છે. જે બધાંના નામ એકસમાન જ છે. ભૂતાનંદની છ અગ્રમહિષીઓ રૂપા, સુરૂપા, રૂપાંશા, રૂપકાવતી, રૂપકાંતા અને રૂપપ્રભા અનુસાર જ આ બધાં ઇન્દ્રોની અગ્રમહિષીની કથા જાણવી. નામો પણ આ જ જાણવા. (અર્થાત્ છ સમાન નામ વાળી અલગ–અલગ નવ ઇન્દ્રોની કુલ ચોપન્ન દેવીઓની કથા એકસમાન છે.)

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૫૫૯; ભગ. ૪૮૯; નાયા. ૨૨૭;*

— × — × —

**૦ કમલા આદિ બત્રીશ દેવીઓની કથા :–**

પિશાચેન્દ્ર કાળની ચાર દેવી – કમલા, કમલપ્રભા, ઉત્પલા, સુદર્શના;
ભૂતીન્દ્ર સુરૂપની ચાર દેવી – રૂપવતી, બહુરૂપા, સૂરૂપા, સુભગા;
યક્ષેન્દ્ર પૂર્ણભદ્રની ચાર દેવી – પુર્ણા, બહુપુત્રિકા, ઉત્તમા, તારકા;
રાક્ષસેન્દ્ર ભીમની ચારે દેવી – પદ્મા, વસુમતી, કનકા, રત્નપ્રભા;
કિન્નરેન્દ્ર કિન્નરની ચાર દેવી – અવતંસા, કેતુમતી, રતિસેના, રતિપ્રિયા;
કિંપુરુષેન્દ્ર સત્પુરુષની ચાર દેવી – રોહિણી, નવમિકા, હ્રી, પુષ્પવતી;
મહોરગેન્દ્ર અતિકાયની ચાર દેવી – ભુજગા, ભુજગાવતી, મહાકચ્છા, ફૂડા
ગંધર્વેન્દ્ર ગીતરતિની ચાર દેવી – સુઘોષા, વિમલા, સુસ્વરા, સરસ્વતી.

આ રીતે વ્યંતરેન્દ્રમાંના ઉત્તર દિશાના આઠ વ્યંતરેન્દ્રની પ્રત્યેકની ચાર–ચાર એવી કમલા, કમલપ્રભા આદિ બત્રીશ દેવીઓ હતી. આ બધી દેવી પોતપોતાના નામના સિંહાસને બિરાજમાન હતી. – × – × – × – ભગવંત મહાવીર સન્મુખ પ્રગટ થઈ – × – × – × – નૃત્યવિધિ દર્શાવી પાછી ફરી.

આ બધી દેવીઓ પૂર્વભવે નાગપુર નગરના અલગ અલગ ગાથાપતિઓની પુત્રી હતી. ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા લીધી. આર્યા પુષ્પચૂલાની શિષ્યા બની. કાળધર્મ પામીને પિશાચ આદિ ઇન્દ્રોની અગ્રમહિષીઓ બની (*ઇત્યાદિ કથા કમલા, કમલપ્રભા આદિ તે–તે શ્રમણીઓની કથામાં આવી ગયેલ છે. તેમના નામ, પૂર્વભવ, આયુ, પરિવાર આદિ તેમની શ્રમણી કથામાં વર્ણવેલ છે. તે માટે* કમલા, કમલપ્રભા ઇત્યાદિ બત્રીશે કથા *શ્રમણી કથા વિભાગમાં જોવી.*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૨૮૭; ભગ. ૪૮૯; નાયા. ૨૨૯ થી ૨૩૩;*

**૦ ઉત્તર દિશાવર્તી વ્યંતરેન્દ્રોની બત્રીશ દેવીની કથા :–**

ઉત્તર દિશાવર્તી આઠ વ્યંતરેન્દ્ર :– (૧) મહાકાલ, (૨) પ્રતિરૂપ, (૩) માણિભદ્ર, (૪) મહાભીમ, (૫) કિંપુરુષ, (૬) મહાપુરુષ, (૭) મહાકાય અને (૮) ગીતયશ – આ આઠે વ્યંતરેન્દ્રોની ઉપર જણાવ્યા મુજબ કમલા, કમલપ્રભા આદિ અનુક્રમે પ્રત્યેકની ચાર–ચાર અર્થાત્ કુલ બત્રીશ દેવીઓ હતી. શેષ સર્વ કથા ઉપરોક્ત કમલા, કમલ પ્રભા સમાન જ જાણવી.

પ્રત્યેક દેવી પૂર્વભવે સાકેત નગરના અલગ–અલગ ગાથાપતિની કન્યાઓ હતી. બત્રીશે કન્યાઓએ દીક્ષા લીધી. કાળધર્મ પામી. મહાકાળ આદિ આઠે પ્રત્યેક વ્યંતરેન્દ્રોની ચાર–ચાર અગ્રમહિષીઓ બની. ભગવંત મહાવીર સન્મુખ ઉપસ્થિત થઈ નૃત્યવિધિ દર્શાવી પાછી ફરી. (કથા કમલા, કમલપ્રભા આદિ શ્રમણી મુજબ જાણવી)

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૨૮૭; ભગ. ૪૮૯; નાયા. ૨૩૪;*

— x — x —

**૦ સૂર્યપ્રભા આદિ ચાર દેવીઓની કથા :–**

(૧) સૂર્યપ્રભા, (૨) આતપા, (૩) અર્ચિમાલી, (૪) પ્રભંકરા.

આ ચારે સૂર્યની અગ્રમહિષી–દેવીઓ હતી. ભગવંત મહાવીર સન્મુખ પ્રગટ થઈ – યાવત્ – નૃત્યવિધિ દર્શાવી પાછી ફરી. પૂર્વભવે અરક્ષુરી નગરીના જુદા જુદા ગાથાપતિઓની પુત્રી હતી, ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા લીધી, આર્યા પુષ્પચૂલાની શિષ્યા બની, કાળધર્મ પામીને સૂર્યની અગ્રમહિષીઓ બની. (*ઇત્યાદિ કથા શ્રમણી વિભાગમાં સૂર્યપ્રભા, આતપા, અર્ચિમાલી અને પ્રભંકરા શ્રમણીઓની કથામાં જોવી.*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૨૮૭; ભગ. ૪૮૯; નાયા. ૨૩૫; જીવા. ૩૨૧;*
*સૂર. ૧૨૬; ચંદ. ૧૩૦; જંબૂ. ૩૫૫;*

— x — x —

**૦ ચંદ્રપ્રભા આદિ ચાર દેવીઓની કથા :–**

(૧) ચંદ્રપ્રભા, (૨) જ્યોત્સનાભા, (૩) અર્ચિમાલી, (૪) પ્રભંકરા.

આ ચારે ચંદ્રની અગ્રમહિષીઓ હતી. ભગવંત મહાવીર સન્મુખ પ્રગટ થઈ – યાવત્ – નૃત્યવિધિ દર્શાવી પાછી ફરી. પૂર્વભવે મથુરા નગરી નિવાસી ચાર અલગ અલગ ગાથાપતિઓની પુત્રીઓ હતી. ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા લીધી, આર્યા પુષ્પચૂલાની શિષ્યા બની. કાળધર્મ પામીને ચંદ્રની અગ્રમહિષીઓ બની. *(ઇત્યાદિ કથા શ્રમણી વિભાગમાં ચંદ્રપ્રભા, જ્યોત્સનાભા, અર્ચિમાલી અને પ્રભંકરા શ્રમણીની કથામાં જોવી)*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૨૮૭; ભગ. ૪૮૯; નાયા. ૨૩૬; જીવા. ૩૧૯;*
*સૂર. ૧૨૬; ચંદ. ૧૩૦; જંબૂ. ૩૫૧;*

— x — x —

**૦ પદ્મા આદિ આઠ દેવીઓની કથા :–**

(૧) પદ્મા, (૨) શિવા, (૩) શચિ, (૪) અંજુ, (૫) રોહિણી, (૬) નવમિકા, (૭) અચલા અને (૮) અપ્સરા. આ આઠ દેવી શક્રેન્દ્રની અગ્રમહિષીઓ છે.

આ આઠેની કથા તે – તે નામે શ્રમણી વિભાગમાં આવી ગયેલ છે. જેમકે – પદ્માશ્રમણી, શિવાશ્રમણી ઇત્યાદિ આઠ. *(આ આઠેના પૂર્વભવ, પરિવાર, સ્થિતિ, નિવાસ, આગામી ભવે મોક્ષગમન ઇત્યાદિ વૃત્તાંત તેમના–તેમના કથાનકોથી જાણવા)*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૭૨૩; ભગ. ૪૮૯; નાયા. ૨૩૭*

— x — x —

**૦ કૃષ્ણા આદિ આઠ દેવીઓની કથા :–**

(૧) કૃષ્ણા, (૨) કૃષ્ણરાજિ, (૩) રામા, (૪) રામરક્ષિતા, (૫) વસુ, (૬) વસુગુપ્તા, (૭) વસુમિત્રા અને (૮) વસુંધરા.

આ કૃષ્ણા આદિ આઠે દેવી ઇશાનેન્દ્રની અગ્રમહિષીઓ હતી.

આ આઠેની કથા તેમના–તેમના નામથી શ્રમણી વિભાગમાં આવી ગયેલ છે. (કથા જુઓ – કૃષ્ણા, કૃષ્ણરાજિ, રામા આદિ આઠે શ્રમણીઓ).

ઇશાનકલ્પથી પોતપોતાના વિમાનમાંથી આવી. ભગવંત મહાવીરની સન્મુખ પ્રગટ થઈ, વંદનાદિ કરી – યાવત્ – નૃત્યવિધિ પ્રદર્શિત કરી પાછી ફરી, કૃષ્ણા આદિ આઠે પૂર્વભવે અલગ–અલગ ગાથાપતિની પુત્રીઓ હતી. આઠે કન્યાએ ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા લીધી. મૃત્યુ પામીને ઇશાનેન્દ્રની અગ્રમહિષી રૂપે ઉત્પન્ન થઈ.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૭૨૩; ભગ. ૪૮૯; નાયા. ૨૩૯, ૨૪૦;*

— x — x —

**૦ બહુપુત્રિકા દેવીની કથા :–**

તે કાળે, તે સમયે સૌધર્મકલ્પના બહુપુત્રિક વિમાનમાં સુધર્માસભામાં બહુપુત્રિકા દેવી બિરાજમાન હતી – x – x – તેણી ૪૦૦૦ સામાનિક દેવીઓ અને ચાર મહત્તરિકાઓથી પરિવરેલી હતી – x – x – સૂર્યાભદેવની સમાન આભિયોગિક દેવોને બોલાવ્યા – x – x – રાજગૃહીના ગુણશીલક ચૈત્યમાં ભગવંત મહાવીર સમીપે આવી – x – x – ૧૦૮ દેવકુમાર અને ૧૦૮ દેવકુમારીઓને તથા અનેક કિશોર–કિશોરીઓને વિકુર્વ્યા – x – x – નાટ્ય વિધિ દેખાડી પાછી ફરી. પૂર્વભવે તે સુભદ્રા નામે વંધ્યા સ્ત્રી હતી – x – x – વંધ્યત્વના અભિશાપથી દીક્ષા લીધી – x – x – બહુપુત્રિકા દેવી થઈ – x – x – આગામી ભવે સોમા બ્રાહ્મણી થશે. બત્રીશ સંતાનોને જન્મ આપશે – x – x – તેનાથી કંટાળી દીક્ષા અંગીકાર કરશે – x – x – કાળધર્મ પામીને સોમ નામે શક્રના સામાનિક દેવ થશે – x – x – ત્યાંથી ચ્યવી મહાવિદેહે મોક્ષે જશે.

(*આ સમગ્ર કથા વિસ્તારથી* સુભદ્રા શ્રમણીની કથામાં *જોવી*)

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૭૫ની વૃ;* *પુષ્ફિ. ૨, ૮;*

— x — x —

**૦ શ્રીદેવી આદિ દશ દેવીઓની કથા :–**

(૧) શ્રીદેવી, (૨) હ્રીદેવી, (૩) ધૃતિદેવી, (૪) કીર્તિદેવી, (૫) બુદ્ધિદેવી, (૬) લક્ષ્મીદેવી, (૭) ઇલાદેવી, (૮) સુરાદેવી, (૯) રસદેવી, (૧૦) ગંધદેવી.

**૦ શ્રીદેવી કથાસાર :–**

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું – x – x – શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા – x – x – પર્ષદા નીકળી. તે કાળે, તે સમયે શ્રીદેવી સૌધર્મકલ્પના અવતંસક વિમાનમાં સુધર્મસભામાં શ્રી નામના સિંહાસન પર ૪૦૦૦ સામાનિક દેવીઓ અને પરિવાર સહિત બેઠી હતી – યાવત્ – બહુપુત્રિકા દેવીની માફક આવી – યાવત્ – ભગવંત મહાવીર સન્મુખ નાટ્યવિધિ દેખાડીને પાછી ફરી.

પૂર્વભવે તે ભૂતા નામે શ્રમણી હતી – x – x – ભગવંત પાર્શ્વ સમીપે દીક્ષા ગ્રહણ કરી – x – x – શરીર બકુશ બની – x – x – કાળધર્મ પામીને સૌધર્મકલ્પે – x – x – x – શ્રીદેવીરૂપે ઉત્પન્ન થઈ. ત્યાં તેની એક પલ્યોપમની સ્થિતિ છે – x – x – ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષે જશે.

(*આ સમગ્ર કથા વિસ્તારથી ભૂતાશ્રમણીની કથામાં આવી ગયેલ છે તેમજ બાકીની નવે દેવીઓની કથા સંબંધી સૂચના પણ ત્યાં આપેલી છે.* કથા જુઓ શ્રીદેવી (ભૂતા શ્રમણી).

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૭૫ની વૃ;* *પુપ્ફ. ૧ થી ૩;*

— x — x —

**૦ હાસા અને પ્રહાસા દેવીની કથા :–**

પંચશૈલદ્વીપે વિદ્યુન્માલી દેવની (પત્ની) એવી બે દેવીઓ હતી. હાસા અને પ્રહાસા. જ્યારે વિદ્યુન્માલી દેવ ચ્યવી ગયો ત્યારે આ બંને દેવીએ વિચાર્યું કે અમારો પતિ કોણ થશે ? – x – x – ચંપાનગરીમાં સ્ત્રીલંપટ એવો એક કુમારનંદી સોની હતો, – x – x – બંને દેવી તેની સન્મુખ આવી. દેવીરૂપ પ્રગટ કર્યું – x – x – તેણીના મોહમાં અંધ બનેલો એવો કુમારનંદી – x – x – તેણીઓના વચનથી નિયાણું કરી બળી મર્યો અને હાસા તથા પ્રહાસા દેવીનો પતિ એવો વિદ્યુન્માલી દેવ થયો.

(*આ કથા ઉદાયન રાજર્ષિ કથાની અંતર્ગત્ આવતા કુમારનંદી સોનીના પ્રબંધમાં વિસ્તારથી આવી ગયેલ છે.* જુઓ ઉદાયન રાજર્ષિ કથા *અંતર્ગત્ કુમારનંદી સોનીનો પ્રબંધ.*)

*નિસી.ભા. ૩૧૮૨, ૩૭૦૦ની ચૂ;* *બૃહ.ભા. ૫૨૨૫ની વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૩૯૭ થી ૪૦૦ મધ્યે;* *આવ.નિ. ૭૭૫ની વૃ;*

— x — x —

**૦ કટપૂતના વ્યંતરીની કથા :–**

ભગવંત મહાવીર છદ્મસ્થાવસ્થામાં વિહાર કરતા–કરતા પાંચમું ચોમાસુ કરીને શાલિશીર્ષ ગામે પધાર્યા, ઉદ્યાનમાં પ્રતિમા ધ્યાને રહેલા. તે વખતે કડકડતી ઠંડી પડતી

હતી ત્યારે કટપૂતના નામે વ્યંતરીએ તેમને જોયા.

ભગવંત ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં હતા ત્યારે વિજયવતી નામે એક અણમાનીતી રાણી હતી. તેણી મૃત્યુ બાદ ઘણાં ભવોમાં ભ્રમણ કરી કટપૂતના નામે વ્યંતરી થયેલી. પૂર્વભવનો રોષ સંભારી તેણીનો દ્વેષ સળગી ઉઠ્યો. તેણીએ તાપસીનું રૂપ વિકુર્વ્યું. વલ્કલના વસ્ત્રો ધારણ કર્યા, જટામાં હિમ જેવું ઠંડુ પાણી ભર્યું. ભગવંતના શરીર પર તે ઠંડુ પાણી છાંટતા-છાંટતા ભગવંતનું આખું શરીર પાણી વડે ભીંજવી દીધું.

ત્યારપછી શીતળ વાયુ વિકુર્વીને ભગવંતને યાતના આપવાનું શરૂ કર્યું. – x – x – આખી રાત્રિ આ રીતે ઉપસર્ગ કર્યો – x – x – x – ભગવંતને ક્ષોભાયમાન ન કરી શકવાથી તે વ્યંતરી છેલ્લે પરાજિત થઈને પ્રભુની સ્તુતિ કરવા લાગી. (*આ કથા ભગવંત મહાવીરને છદ્મસ્થાવસ્થામાં થયેલા ઉપસર્ગોમાં આવે છે.* જુઓ કથા – ભગવંત મહાવીર)

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૪૮૬ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૨૯૨, ૨૯૩;*

— x — x —

**૦ શાલાર્યા વ્યંતરી કથા :–**

ભગવંત મહાવીર સાતમું ચાતુર્માસ પૂર્ણ કરી આલંભિકા નગરીથી વિહાર કરતા-કરતા બહુશાલક નામના ગામે પધાર્યા. ત્યાં શાલવન નામના ઉદ્યાનમાં પ્રતિમા ધ્યાને રહ્યા. ત્યાં શાલાર્યા નામની વ્યંતરી હતી. તેણીએ પ્રતિમા સ્થિત ભગવંતને કટપૂતના વ્યંતરી માફક ઘણાં ઉપસર્ગો કર્યા છતાં ધ્યાનસ્થ પ્રભુ લેશ માત્ર ચલિત ન થયા. ત્યારે ઉપશાંત થયેલી તે વ્યંતરીએ પોતાનો અપરાધ ખમાવી ભગવંતનો મહિમા કર્યો. *(જો કે આ મત આવશ્યક વૃત્તિકારનો છે. આવશ્યક ચૂર્ણિકાર કહે છે કે)* શાલાર્યા ભગવંતની પૂજા કરતી હતી.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૨૯૪; આવ.નિ. ૪૮૯ની વૃ; આવ.મ.વૃ.પૃ. ૨૮૪;*

**૦ સ્વયંપ્રભાદેવીની કથા :–**

ભગવંત ઋષભદેવના પૂર્વભવમાં જ્યારે તે લલિતાંગ નામે દેવ હતા, ત્યારે શ્રેયાંસકુમાર પોતાના પૂર્વભવમાં સ્વયંપ્રભા નામે દેવી હતા. તે લલિતાંગ દેવની અગ્રમહિષી હતી. જે દેવીએ પછી "શ્રીમતી" નામે જન્મ લીધો. લલિતાંગે વજ્રજંઘ નામે જન્મ લીધો. સ્વયંપ્રભાનો જીવ શ્રીમતી વજ્રજંઘની પત્ની થઈ. (*આ કથા ભગવંત ઋષભની કથામાં તેના પૂર્વભવમાં આવી ગયેલ છે.* જુઓ *ભગવંત ઋષભ અને શ્રેયાંસકુમારના ભવોનો સંબંધ.)*

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૩૨૨ની વૃ; આવ.ચૂ.૧–પૃ. ૧૬૫, ૧૭૨;*

— x — x —

**૦ શ્રીદેવીની કથા :–**

લઘુ હિમવંત પર્વતના પદ્મદ્રહ નિવાસી દેવી, આ શ્રીદેવી મહાન્ ઋદ્ધિવાળી – યાવત્ – એક પલ્યોપમની સ્થિતિવાળી દેવી છે. ત્યાં તેમનો ૪૦૦૦ સામાનિક દેવીનો પરિવાર હતો – યાવત્ – તેની બાહ્ય, મધ્યમ અને અભ્યંતર પર્ષદાનું વર્ણન જાણવું.

તે પૂર્વભવે નંદશ્રી સાધ્વી હતા. કથા જુઓ નંદશ્રી શ્રમણી.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૨૧૧ની વૃ; જંબૂ. ૧૨૮ + વૃ; આવ.નિ. ૧૩૦૫ + વૃ;*
*આવ.ચૂ.૨–પૃ. ૨૦૨;*

— x — x —

**૦ સિંધુદેવી કથા :–**

ભરત ચક્રવર્તીએ જ્યારે સિંધુદેવીના ઉપલક્ષમાં અટ્ઠમ કર્યો. ત્યારે સિંધુદેવીનું આસન ચલિત થયું. સિંધુદેવીએ અવધિજ્ઞાનથી જોયું ત્યારે ભરત ચક્રવર્તીને જોયો – યાવત્ – તેણીએ ચક્રવર્તીને ઉપહાર આપ્યો. (*ઇત્યાદિ કથા ભરત ચક્રવર્તીની કથામાં આવી છે.*)

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૭૪;*

— x — x —

*** છપ્પન્ન દિક્કુમારી :–**

(૧) અધોલોકવાસિની :– ૧. ભોગંકરા, ૨. ભોગવતી, ૩. સુભોગા, ૪. ભોગમાલિની, ૫. તોયધારા, ૬. વિચિત્રા, ૭. પુષ્પમાલા, ૮. અનિંદિતા.

(૨) ઉર્ધ્વલોકવાસી – મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા, બલાહકા.

(૩) પૂર્વરુચકવાસી – નંદોત્તરા, નંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા.

(૪)દક્ષિણ રુચકવાસી – સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા, વસુંધરા.

(૫) પશ્ચિમ રુચકવાસી – ઇલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા, સીતા.

(૬) ઉત્તરરુચકવાસી – અલંબુસા, મિશ્રકેશી, પુંડરિકા, વારુણી, હાસા, સર્વપ્રભા, શ્રી, હ્રી

(૭) રુચકકૂટ – ચિત્રા, ચિત્રકનકા, શ્વેતા, સૌદામિની.

(૮) રુચકકૂટ – રૂપા, સુરૂપા, રૂપાસિકા, રૂપકાવતી.

આ નામોમાં કિંચિત્ ફેરફાર પણ આવે છે. સંદર્ભ ભગવંત ઋષભ કથા

— x — x —

મુનિ દીપરત્નસાગર દ્વારા સંકલિત અને અનુવાદિત
દેવ–દેવી કથા વિભાગ પૂર્ણ

# ખંડ-૭ પ્રાણી કથાનક

*આગમ સૂત્રોમાં આવતા કથાનકોમાં વિવિધ પ્રાણીઓની કથા પણ જોવા મળે છે. આ કથામાં બે પ્રકારે અમે કથા વિષયવસ્તુને વિચારેલ છે–*

*(૧) એવી પ્રાણી કથા જેમાં તે–તે પ્રાણીઓએ ગૃહીધર્મ (શ્રાવકધર્મ) સ્વીકારેલ હોય અથવા સમ્યક્ આરાધનાથી સદ્ગતિ પામ્યા હોય – જેમકે દર્દુર દેવ આદિ.*

*(૨) એવી પ્રાણી કથા જેમાં ફક્ત તે પ્રાણીની કથા હોય તેનું કથા સ્વરૂપે તો જરૂર મહત્ત્વ હોય, પરંતુ તે ધર્મ આદિ ન પામ્યા હોય અથવા દુર્ગતિમાં ગયા હોય જેમકે – સેચનક હાથી ...બીજા પ્રકારની કથા તો માત્ર કથારૂપે મહત્ત્વની છે. પણ પહેલા પ્રકારની કથાનું પ્રેરણાદાયી મહત્ત્વ છે. કેમકે તિર્યંચ યોનિ પામ્યા છતાં, તિર્યંચગતિમાં ગૃહીધર્મની આરાધનાથી કે સમ્યક્ ધર્મ પરિપાલનાથી આવા પ્રાણીઓ તેમની ઉત્કૃષ્ટ ગતિ એવા સહસ્રાર નામના આઠમાં કલ્પપર્યંત પણ ઉત્પન્ન થયાના દૃષ્ટાંતો પણ આવતા હોય છે.*

*– આ કારણથી અમે પ્રાણી–કથાનકોનો અલગ વિભાગ કરેલ છે.*

— × — × —

**○ ઉદાયી હાથીની કથા :–**

તે સમયે મહાશિલાકંટક સંગ્રામ ઉપસ્થિત થયો જાણીને કૂણિક રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. તેઓને કહ્યું કે, હે દેવાનુપ્રિય જલ્દીથી "ઉદાયી" નામક હસ્તિરાજને તૈયાર કરો – × – × – × – તેઓએ ભીમ સંગ્રામને યોગ્ય ઉદાર "ઉદાયી" નામના હસ્તિરાજને સુસજ્જિત કર્યા. – × – × – કોણિક રાજા ઉદાયી હસ્તિ પર આરૂઢ થયો – યાવત્ – કૂણિક રાજા કેવળ એક હાથીથી પણ પરાજિત કરવા સમર્થ થઈ ગયો.

રાજગૃહનગરમાં – યાવત્ – પૂછયું કે, હે ભગવન્ ! ઉદાયી નામક પ્રધાનહસ્તિરાજ કઈ ગતિથી મરીને અહીં હસ્તિરાજ રૂપે ઉત્પન્ન થયો ?

હે ગૌતમ તે અસુરકુમાર દેવોમાંથી મૃત્યુ પામીને સીધો જ અહીં ઉદાયી નામના હસ્તિરાજરૂપે ઉત્પન્ન થયો છે.

હે ભગવન્ ! ઉદાયી હસ્તિરાજ અહીંથી કાળના અવસરે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે રત્નપ્રભા પૃથ્વીના એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થશે.

હે ભગવન્ ! ત્યાંથી અનન્તર નીકળીને તે ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે – યાવત્ – તે સર્વ દુઃખોનો અંત કરશે.

*○ આગમ સંદર્ભ :–*
*ભગ.મૂ. ૩૭૨, ૬૯૫ + વૃ;*

— × — × —

**○ ભૂતાનંદ હાથીની કથા :–**

તે સમયે રથમૂસલ સંગ્રામ ઉપસ્થિત થયો જાણીને કૂણિક રાજાએ પોતાના

કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. તેઓને કહ્યું કે, હે દેવાનુપ્રિયો ! જલ્દીથી "ભૂતાનંદ" નામક હસ્તિરાજને તૈયાર કરો – × – × – × – તેઓએ ભીમ સંગ્રામને યોગ્ય ઉદાર "ભૂતાનંદ" હસ્તિરાજને સુસજ્જિત કર્યો – × – × – × – કૂણિક ભૂતાનંદહસ્તિરાજ પર આરૂઢ થઈને રથમૂસલ સંગ્રામમાં ઉતર્યો – × – × – × – કૂણિક રાજા કેવળ એક ભૂતાનંદ હાથી વડે સમગ્ર શત્રુસૈન્ય પરાજિત કરવામાં સમર્થ થયો.

હે ભગવન્ ! તે ભૂતાનંદ હસ્તિરાજ કઈ ગતિથી મરીને સીધો ભૂતાનંદ હસ્તિરાજરૂપે અહીં ઉત્પન્ન થયો ?

હે ગૌતમ ! તે અસુરકુમાર દેવલોકથી મૃત્યુ પામીને સીધો જ ઉત્પન્ન થયો છે.

હે ભગવન્ ! ભૂતાનંદ હસ્તિરાજ મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ?

હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વીના એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસમાં તે ભૂતાનંદ હાથી નૈરયિકરૂપે ઉત્પન્ન થશે.

હે ભગવન્ ! ત્યાંથી નીકળીને તે ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! તે મહાવિદેહે ક્ષેત્રમાં જન્મ લઈને સિદ્ધ થશે – યાવત્ – તે ભૂતાનંદનો જીવ સર્વ દુઃખોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ.મૂ. ૩૭૩, ૬૯૫ + વૃ;*

— × — × —

**૦ સેચનક હાથીની કથા :–**

*(આ કથા વત્તે–ઓછે અંશે પૂર્વ શ્રેણિક રાજા, કોણિક રાજા, વેહલ શ્રમણ કથા શ્રેણિક પુત્ર નંદિષેણની કથા આદિમાં આવી ગયેલ છે. ત્યાં ત્યાં પણ જોઈ જવું.)*

**૦ સેચનક હાથીની ઉત્પત્તિ :–**

કોઈ એક વનમાં હાથીનું જૂથ રહેતું હતું. તે જૂથનો અધિપતિ એવો હાથી જે–જે હાથી ઉત્પન્ન થાય, ત્યારે તે હાથી બચ્ચાને મારી નાંખતો હતો. કોઈ વખતે કોઈ હાથણી પ્રસૂતા થઈ. તે ત્યાંથી સરકીને એકલી વિચરવા લાગી. એમ કરતા અન્યદા કોઈ દિવસે તૃણનો ભારો લઈને તે હાથણી તાપસોના આશ્રમમાં પહોંચી. ત્યાં જઈ તાપસોના પગે પડી. તાપસોએ જાણ્યું કે આ હાથણી આપણા શરણે આવેલી છે. ત્યાં વિશ્વાસપૂર્વક ચરતા–ચરતા તે વીયાણી. તેણીએ એક હાથીપુત્રને જન્મ આપ્યો.

તે હાથણી અવારનવાર હાથીના જૂથમાં જતી આવતી. પાછી આશ્રમે આવીને પોતાના પુત્ર હાથીને દૂધ પીવડાવી ચાલી જતી. એ પ્રમાણે તે હાથી મોટો થયો. ત્યારે તે હાથી જોતો કે તાપસપુત્રો પુષ્પના બગીચાને પાણી વડે સીંચે છે. ત્યારે સેચનક હાથી પણ પોતાની સૂંઢ વડે પાણી સિંચવા લાગ્યો. તેથી તે હાથીનું સેચનક એવું નામ પડી ગયું.

ત્યારપછી યુવાન થયેલો તે હાથી મત્તગજ થઈ ગયો. તેણે હાથીઓના જૂથને જોયું ત્યારે સંજ્ઞાથી જૂથપતિને મારી નાંખ્યો. પોતે જ જૂથપતિ થઈ ગયો. કોઈ વખતે હાથીને પોતાના જ્ઞાનથી ખ્યાલ આવ્યો કે હાથણીએ તેને ગુપ્ત રીતે આ આશ્રમમાં ઉછરેલો હતો. ત્યારે તેના મનમાં થયું કે ભવિષ્યમાં આ રીતે ફરી કોઈ હાથણી અહીં આવી બીજા

હાથીને જન્મ ન આપે, તે માટે તે આશ્રમને નષ્ટ–ભ્રષ્ટ કરી દીધો.

ત્યારે કોપાયમાન થયેલા તાપસોએ રાજગૃહે જઈ શ્રેણિક રાજા પાસે સેચનક હાથીની મહત્તા જણાવી. ત્યારે શ્રેણિકે વિચાર્યું કે, આ હાથીને પકડી લાવવો. પછી તે હાથીને પણ પૂર્વભવની સ્મૃતિથી ખ્યાલ આવી ગયો – યાવત્ – તે પોતે જ શ્રેણિક રાજાની આલાનશાળાએ જઈને રહ્યો. હાથી શાળામાં પ્રધાનહસ્તિ થઈને રહ્યો.

**૦ સેચનકનો પૂર્વભવ :–**

પૂર્વભવે આ સેચનક હાથી કોઈ બ્રાહ્મણ હતો, તે ઘણાં જ યજ્ઞ કરતો હતો. તે વખતે તેણે યજ્ઞપાટક માટે કોઈ દાસ રાખેલો હતો. ત્યારે તે દાસે કહ્યું કે જો મને તમે યજ્ઞની શેષ (ભાગ) આપો તો હું અહીં રહું અન્યથા મારે રહેવું નથી. ત્યારે બ્રાહ્મણમાં તે દાસની વાત સ્વીકારી. દાસ પણ ત્યાં રહ્યો. ત્યારપછી યજ્ઞમાંથી જે કંઈ ભાગ મળતો તેમાંથી તે દાસ સાધુ–સંતોને ભાગ આપતો (વહોરાવતો) એ રીતે આહાર દાન દ્વારા તેણે દેવાયુ બાંધ્યુ. દેવલોકે જઈને તે દાસ શ્રેણિકના પુત્રરૂપે જન્મ્યો. પે'લો યજ્ઞ કર્તા બ્રાહ્મણ પણ સંસાર ભ્રમણ કરતો–કરતો સેચનક હાથી થયો. જ્યારે જ્યારે નંદિષેણ તે હાથી પર આરૂઢ થતો ત્યારે ત્યારે ઓહ–મન–સંકલ્પ થઈ જતો. વિમનસ્ક થઈ જતો.

**૦ સેચનક હાથી સાથે સંકડાયેલ વિવિધ પ્રસંગો :–**

–૦– રાજા શ્રેણિકની એક રાણી ધારિણીને જ્યારે મેઘકુમાર ગર્ભમાં આવ્યા ત્યારે સેચનક ગંધહસ્તિ પર આરૂઢ થઈ નગર યાત્રા કરવાનો દોહદ ઉત્પન્ન થયો – યાવત્ – તેણી રાજા શ્રેણિકની સાથે સેચનક ગંધહસ્તિ પર આરૂઢ થઈને દોહદ પૂર્ણ કર્યો. (*આ આખો પ્રસંગ મેઘકુમાર શ્રમણની કથામાં આવી ગયો છે.* કથા જુઓ મેઘકુમાર)

–૦– કોઈ વખતે આ સેચનક હાથી નદીએ પાણી પીવા ગયેલો. ત્યારે મગરમચ્છે તેને પકડી લીધો. તે વખતે રાજાએ અભયકુમારને કહ્યું, અભયકુમારે કહ્યું કે, જો કોઈ જલકાંત મણિ આપે તો આનો ઉપાય થાય – x – x – x – જલકાંત મણિ પાણીમાં મુકતાં જ પાણી ત્યાંથી ખસવા લાગ્યું. મગર સેચનકને છોડીને જળ સાથે ચાલ્યો ગયો. (*આ સમગ્ર પ્રસંગ કૃતપુણ્યની કથામાં આવી ગયો છે.* કથા જુઓ કૃતપુણ્ય)

–૦– જ્યારે અભયકુમારે દીક્ષા ગ્રહણ કરી ત્યારે શ્રેણિક રાજાએ વિચાર્યું કે, હવે આ રાજ્ય કોણિકને સોંપી દઈશ. તેથી તેણે સેચનક હાથી વેહલ્લકુમારને (હલ્લ)ને ભેટ આપી દીધો. *(આ પ્રસંગ રાજા શ્રેણિક અને કોણિકની કથામાં આવી ગયેલ છે.)*

–૦– સેચનક હાથી લઈને વેહલ્લકુમાર વિવિધ પ્રકારની ક્રીડા કરતો. સેચનક પણ વેહલ્લકુમારની રાણીઓને આશ્ચર્યકારી અને રમણીય જલક્રીડા કરાવતો ત્યારે નગરજનો પરસ્પર વાતો કરતા કે, ખરેખર ! રાજ્યની લક્ષ્મી તો વેહલ્લકુમાર જ ભોગવી રહ્યો છે. (*આ પ્રસંગ કોણિકની કથામાં આવી ગયેલ છે.* કથા જુઓ કોણિક)

–૦– રાજા કોણિકની પત્ની રાણી પદ્માવતીએ તે સેચનક હાથી લઈ લેવા માટે જીદ પકડી, વેહલ્લકુમાર સેચનક હાથીને લઈને વૈશાલી ચેટક રાજા પાસે ચાલ્યો ગયો. પછી સેચનક હાથીને પ્રાપ્ત કરવા માટે રાજા ચેટક અને રાજા કોણિક વચ્ચે મહાસંગ્રામ ખેલાયો. રથમૂસલ અને મહાશિલાકંટક યુદ્ધ થયા. (જુઓ કોણિકની કથા)

### ० સેચનકનું મૃત્યુ અને ગતિ :–

જ્યારે બાર વર્ષ સુધી કોણિક વૈશાલીને ઘેરીને રહ્યો પણ નગર પ્રવેશ કરી શક્યો ન હતો ત્યારે હલ્લ–વિહલ્લ રોજ સેચનક હાથી પર નીકળતા અને કોણિક રાજાના સૈન્યના ઘણાં સૈનિકોને રોજેરોજ મારીને ચાલ્યા જતા – × – × – × – કોણિકે બહાર ખાઈ ખોદાવી તેમાં અંગારા ભરી દીધા. જેથી હાથી કાં તો આવી ન શકે અથવા તેમાં પડીને મૃત્યુ પામે. સેચનક હાથીએ અવધિજ્ઞાન વડે આ વાત જાણી. તેથી હલ્લ–વિહલ્લને લઈને તે આગળ વધતો ન હતો. ત્યારે તે કુમારોએ તેને અંકુશ મારીને કહ્યું કે, તારા નિમિત્તે આ બધી આપત્તિ આવી છે, તો પણ તું આગળ કેમ નથી ચાલતો ? તો પણ સેચનક આગળ જતો નથી. જ્યારે કુમારોએ તે હાથીને ફરજ પાડી ત્યારે સેચનકે તે બંને કુમારોને નીચે ઉતારી દીધા. પોતે ખાઈમાં જઈને પડ્યો. મૃત્યુ પામ્યો અને રત્નપ્રભા નારકીમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયો.

*० આગમ સંદર્ભ :–*

*ભગ. ૬૫૨; નાયા. ૧૮, ૨૨; નિર. ૧૭, ૧૮;*
*આવ.નિ. ૧૨૮૪ની વૃ; આવ.ચૂ.૧–પૃ. ૪૯૮; ૨–પૃ. ૧૭૦, ૧૭૧;*
*ઉત્ત. ૧૬ની વૃ; ઉત્ત.ચૂ.પૃ. ૩૪;*

— × — × —

### ० વાંદરાની કથા :–

દ્વારાવતી નગરીમાં કૃષ્ણ વાસુદેવ હતા. ત્યાં બે વૈદ્ય હતા. ધન્વંતરી અને વેતરણી ધન્વંતરી અભવિ હતો. વેતરણી ભવિ હતો. તેમાં વેતરણી વૈદ્ય સાધુને ગ્લાન હોય ત્યારે ચિકિત્સા કરતો, જેને જે ઔષધાદિ જોઈએ તે આપતો. જ્યારે ધન્વંતરી વૈદ્ય સાવદ્ય અને અસાધુપ્રાયોગ્ય બધું આપતો. જ્યારે તેને કોઈ પૂછતું કે તું આમ કેમ કરે છે ? ત્યારે તે કહેતો કે, મેં કંઈ શ્રમણોને માટે વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ નથી કર્યો.

તે બંને વૈદ્યો મહારંભી અને મહાપરિગ્રહી હતા. દ્વારાવતીમાં બધાની ચિકિત્સા કરતા હતા. કોઈ વખતે કૃષ્ણ વાસુદેવે ભગવંત અરિષ્ટનેમિને પૂછયું કે, આ બંને ઘણી જ વધ આદિ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છે તો મૃત્યુ પામીને કયાં જશે ?

ત્યારે ભગવંતે કહ્યું કે, આ ધન્વંતરી વૈદ્ય મરીને અપ્રતિષ્ઠાન નરકે જશે અને આ વેંતરણી વૈદ્ય ગંગાનદીના કિનારે વિંધ્યપર્વતની ગિરિમાળામાં વાંદરારૂપે ઉત્પન્ન થશે. તે વાનર મોટો થઈને વાનરજૂથનો અધિપતિ થશે. કોઈ વખતે સાર્થની સાથે આવતા સાધુઓને તે વાનર જોશે તે વખતે કોઈ એક સાધુના પગમાં કાંટો વાગીને ખૂંચી જશે. ત્યારે તે સાધુ બાકીના સાધુઓને કહેશે કે, મારી સેવા કરવા રોકાશો તો બધાં મરશો – વ્યથિત થશો. માટે તમે વિહાર કરો હું ભક્ત પ્રત્યાખ્યાન કરીશ.

તે વખતે તે વાનરજૂથપતિ તે પ્રદેશે આવીને સાધુને નિરખતા – યાવત્ – પોતાનો પૂર્વભવ સ્મરણ કરશે. ત્યારે શુભ પરિણામના યોગે વાનરને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થશે. ત્યારે દ્વારાવતીમાં તે વૈદ્ય હતો, સાધુની સેવા કરતો હતો આદિ બધું જ તેને યાદ આવશે. ત્યારપછી તે વાનર સાધુને વંદન કરશે. ત્યારે સાધુના પગમાં લાગેલ કાંટાને

જોશે. ત્યારે તેને ચિકિત્સા શાસ્ત્ર યાદ આવશે. પર્વતમાં રહેલી શલ્યઉદ્ધરણ ઔષધિ અને સંરોહણ વનસ્પતિને લઈને આવશે. શલ્યોદ્ધારણ કરતા કાંટો નીકળી જશે. સંરોહણી વનસ્પતિથી સાધુના પગના ઘાને રુઝાવી દેશે. પછી સાધુની પાસે અક્ષરો લખશે કે હું વેતરણી નામે વૈદ્ય હતો ઇત્યાદિ. ત્યારે સાધુ તેને ધર્મ કહેશે. ત્યારે તે વાનર ભક્તપ્રત્યાખ્યાન કરશે. ત્રણ રાત્રિ દિવસનું અનશન કરી, મૃત્યુ પામી, તે વાનર આઠમાં સહસ્રાર કલ્પે દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકશે.

પોતાના પૂર્વભવ જોશે ત્યારે ત્યાં તેના ધર્મ કહેનાર સાધુને અને પોતાના મૃત શરીરને જોશે. ત્યારે તે વાનરદેવ દેવઋદ્ધિ પ્રગટ કરીને ત્યાં આવશે અને કહેશે કે, હે ભદંત ! આપના પ્રભાવથી હું દેવ થયો છું. મને જણાવો કે હું શું કરું ? પછી તે સાધુને અન્ય સાધુ પાસે લઈ જશે. ત્યારે તે સાધુઓ પૂછશે કે કઈ રીતે અહીં આવ્યા ? ત્યારે તેઓને સમગ્ર વૃત્તાંત કહેશે. અનુકંપાના કારણે મારો આત્મા પાપથી મૂકાયો.

સહસ્રાર કલ્પથી ચ્યવીને તે વાનરદેવ ચારિત્ર ગ્રહણ કરીને મોક્ષે જશે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૩૦૫, ૧૩૦૬;* *આવ.ચૂ.૧–પૃ. ૪૬૦, ૪૬૧;*

— × — × —

**૦ સુમેરુપ્રભ હાથીની કથા :–**

(*આ કથા* મેઘકુમારની કથામાં *તેના પૂર્વભવના વર્ણનરૂપે આવેલી છે.*)

ત્યારે ભગવંત મહાવીરે કહ્યું કે, હે મેઘ ! આજથી પૂર્વે ત્રીજા ભવમાં વૈતાઢ્ય પર્વતના પાદમૂલમાં તું હાથી હતો. વનચરોએ તારું નામ સુમેરુપ્રભ રાખેલું. તે સુમેરુપ્રભ હાથીનો વર્ણ શ્વેત હતો, શંખદળ સમાન ઉજ્જ્વલ, વિમલ, નિર્મળ, દહીં અને ગાયના દૂધના ફીણ તથા ચંદ્રમા સમાન શ્વેતરૂપ હતો. (*ઇત્યાદિ વર્ણન વિસ્તારથી મેઘકુમારમાં જોવું*)

હે મેઘ ! ત્યાં તું ઘણા હાથી, હાથણી, લોટ્ટક, લોટ્ટિકા, કલભ, કલભિકાથી પરિવૃત્ત થઈને – યાવત્ – વિચરતો હતો – × – × – વનમાં દાહ લાગ્યો – × – × – પાણી પીવા ગયો – × – × – કીચડમાં ફસાયો – × – × - યુવાન હાથીએ તને મારી નાંખ્યો. (*આ કથા મેઘકુમારની કથામાં ઘણાં જ વિસ્તારથી અપાયેલી છે.*)

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૩૭;*

— × — × —

**૦ મેરુપ્રભ હાથીની કથા :–**

(*આ કથા પણ મેઘકુમારના પૂર્વભવની જ કથા છે.* કથા જુઓ મેઘકુમાર શ્રમણ)

હે મેઘ ! સુમેરુપ્રભ હાથીના ભવે મૃત્યુ પામીને તું આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતમાં ગંગાનદીના દક્ષિણી કિનારે, વિંધ્યાચલ સમીપે એક મદોન્મત્ત શ્રેષ્ઠ ગંધહસ્તીથી એક શ્રેષ્ઠ હાથણીની કુક્ષિમાં હાથીના બચ્ચારૂપે ઉત્પન્ન થયો. તે હાથણીએ વસંત માસમાં તને જન્મ આપ્યો. હે મેઘ ! તું ગર્ભાવાસથી મુક્ત થઈને ગજકલભક થઈ ગયો. લાલ કમલની સમાન લાલ અને સુકુમાર થયો – × – × – × – ત્યાં વનચરોએ

તારું નામ મેરુપ્રભ રાખ્યું – x – x – ત્યાં ૭૦૦ હાથીઓના જૂથનું અધિપતિત્વ, સ્વામિત્વ, નેતૃત્વ આદિ કરતા, પાલન કરતા વિચરવા લાગ્યો.

કોઈ વખતે વનમાં દાવાનળ લાગ્યો – x – x – જાતિસ્મરણ જ્ઞાનથી તેં પૂર્વભવને જોયો – x – x – દાવાનળથી રક્ષા માટે મોટું મંડલ બનાવ્યું – x – x – દાવાનળ ત્યાં ન પહોંચે તે રીતે સુરક્ષિત કર્યું – x – x – x – બધાં પ્રાણીઓ ત્યાં આવીને રહ્યા – x – x – પગની ખંજવાળ માટે તે પગ ઊંચો કર્યો – x – x – x – કોઈ સસલું ત્યાં ખાલી જગ્યા સમજી ઊભું રહી ગયું – x – x – x – સસલાની દયા આવતા તે અઢી દિવસ સુધી પગને નીચે ન મૂક્યો – x – x – દુઃસ્સહ વેદનાથી મૃત્યુ પામ્યો અને અહીં શ્રેણિક રાજાની રાણી ધારિણીનો પુત્ર મેઘકુમાર થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૩૭;*

— x — x —

**૦ દેડકાની કથા :–**

(*આ કથા વિસ્તારપૂર્વક તેમજ પૂર્વભવ અને પછીના ભવના સંબંધપૂર્વક નંદ મણિયારની કથામાં આવી જ ગઈ છે* – કથા જુઓ નંદમણિયાર – શ્રાવક)

નંદ મણિયાર – x – x – x – સોળ રોગોથી પીડાવા લાગ્યો – x – x – x – તેની કોઈ જ ચિકિત્સા કરી શક્યું નહીં. પોતે બનાવેલી નંદાપુષ્કરિણીમાં અતીવ મૂર્છિત થયો. તે કારણે તેણે તિર્યંચયોનિ સંબંધી આયુષ્ય બાંધ્યુ. આર્ત્તધ્યાનનો વશીભૂત થઈને તે મૃત્યુ અવસરે કાળ કરી નંદા પુષ્કરિણીમાં જ દેડકો થયો.

ત્યારપછી તે (નંદ) દેડકો અનુક્રમે મોટો થયો, સમજદાર થયો, યૌવન પામ્યો. પછી નંદાપુષ્કરિણીમાં રમણ કરતો વિચરવા લાગ્યો – x – x – x –

લોકો દ્વારા નંદ મણિયારની પ્રશંસા સાંભળતા–સાંભળતા – x – x – શુભ પરિણામોને કારણે – યાવત્ – તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ જન્મ યાદ આવ્યો – x – x – ત્યારે તે દેડકાએ પૂર્વના ભવનું શ્રાવકપણું સંભાર્યું – x – x – તે દેડકાએ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ શ્રાવકધર્મ પુનઃ અંગીકાર કર્યો. પછી અભિગ્રહ ધારણ કર્યો કે, આજથી મારે જાવજ્જીવ છટ્ઠ–છટ્ઠની તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતા જ વિચરવું કલ્પે છે. પારણે પણ પ્રાસુકજળ અને મેલથી મારી આજીવિકા ચલાવવી. – x – x – x – શ્રમણ ભગવંત મહાવીર સમોસર્યા – x – x – લોકોના મુખેથી આ વૃત્તાંત સાંભળીને – x – x – વંદના કરવા નીકળ્યો – x – x –

શ્રેણિકરાજા પણ ભગવંતની વંદનાર્થે નીકળ્યો – x – x - તેના એક કિશોર અશ્વના પગથી તે દેડકો કચડાઈ ગયો, તેના આંતરડા બહાર આવી ગયા – x – x – તે દેડકાએ સર્વથા પ્રાણાતિપાત વિરમણ – યાવત્ – સર્વથા પરિગ્રહ વિરમણ વ્રત અંગીકાર કર્યું – x – x – x – જાવજ્જીવ અનશન કર્યું – x – x – દેડકાના ભવમાંથી કાળ કરીને સૌધર્મકલ્પે દર્દુરાવતંસક નામક વિમાનમાં દર્દુરકદેવ થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૪૭;*

— × — × —

**૦ કંબલ અને સંબલ બળદની કથા :–**

*(આ કથા ભગવંત મહાવીરની કથામાં તેમની છદ્મસ્થાવસ્થાના વિચરણ દરમ્યાન તથા જિનદાસ શ્રાવકની કથામાં, સાધુદાસી શ્રાવિકાની કથામાં આવી જ ગયેલ છે.)*

મથુરા નગરીમાં જિનદાસ શ્રાવક અને સાધુદાસી શ્રાવિકા રહેતા હતા – × – × – તેઓ પરમ શ્રાવક હતા, પાંચમાં પરિગ્રહ પરિમાણ વ્રત અંગર્તત્ ચતુષ્પદ સંબંધી પચ્ચકખાણ કરેલા હતા. તેથી પોતાને ત્યાં ગાય, બળદ આદિ કોઈ પશુ રાખતા ન હતા – × – × – × – કોઈ વખતે આભીરણે તેઓને બે હૃષ્ટપુષ્ટ અને મનોહર વાછરડાં તે શ્રાવકયુગલની ઇચ્છા ન હોવા છતાં ભેટ આપ્યા. જેનું નામ કંબલ અને શંબલ હતું.

શ્રાવક યુગલે વિચાર્યું કે, આ બળદને છોડી મૂકીશ તો લોકો તેમને ગાડા કે હળમાં જોડીને દુઃખી કરશે. તેથી ઘેર રાખી બંને બળદોને તેઓ પ્રાસુક ઘાસ અને પાણી વડે પોષણ કરવા લાગ્યા. શ્રાવકદંપતિની ધર્મક્રિયા જોઈને અને પુસ્તક વાંચન શ્રવણ દ્વારા ભદ્રિક પરિણામી બન્યા. શ્રાવકની સાથે તે પણ ઉપવાસ કરવા લાગ્યા – × – × – ×–

કોઈ વખતે શ્રાવકના મિત્રે આ હૃષ્ટપુષ્ટ બળદને જોયા. શ્રાવકને પૂછયા વિના ઉત્સવમાં દોડાવવા લઈ ગયા – × – × – તે બળદોના સાંધા તૂટી ગયા – × – × – શ્રાવકે બળદને ભક્ત પચ્ચકખાણ કરાવ્યું, નવકારમંત્ર સંભળાવ્યો. બંને બળદો મૃત્યુ પામીને નાગકુમાર દેવપણે ઉત્પન્ન થયા – × – × – × – ભગવંત મહાવીરને જ્યારે સુદંષ્ટ્ર દેવે ઉપસર્ગ કર્યો ત્યારે તુરંતના ઉત્પન્ન થયેલા આ મહર્દ્ધિક એવા કંબલ અને શંબલદેવે ભગવંતને ઉપસર્ગ મુક્ત કરાવ્યા – × – × – (*આ કથા વિસ્તારથી જોવા માટે* જુઓ ભગવંત મહાવીર કથા)

*૦ આગમ સંદર્ભ :–*

*બુહ.ભા. ૫૬૨૭, ૫૬૨૮ + વૃ; આવ.નિ. ૪૭૦ થી ૪૭૨ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૨૮૦; આવ.મ.વૃ.પૃ. ૨૭૪, ૨૭૫;*
*કલ્પસૂત્ર–ભ.મહાવીર ચરિત્ર, ઉપસર્ગોના વર્ણનની–વૃત્તિ;*

— × — × —

**૦ ચંડકૌશિકની કથા :–**

(*આ કથા પુરા વિસ્તારથી પૂર્વભવના તથા ભાવિ દેવભવના ઉલ્લેખ સાથે ભગવંત મહાવીરની કથામાં ભગવંતની છદ્મસ્થાવસ્થામાં પહેલા ચાતુર્માસ પછી કરેલા વિહારમાં મોરાક સંનિવેશથી કરેલા વિહારના શિર્ષક હેઠળ આવી ગયેલ છે.* કથા જુઓ ભગવંત મહાવીર)

ભગવંત મહાવીર દક્ષિણ વાચાલથી ઉત્તરવાચાલ પ્રતિ વિહાર કરી જઈ રહ્યા હતા. તેઓ કનકખલ આશ્રમના માર્ગે આગળ વધ્યા. તે માર્ગે ચંડકૌશિક નામનો દૃષ્ટિવિષ સર્પ રહેતો હતો. ભગવંત જાણતા હતા કે આ ભવિજીવ છે, માટે નક્કી પ્રતિબોધ પામવાનો છે. તેથી ચંડકૌશિક પ્રત્યેની કરુણાથી ભગવંત ત્યાં ચાલ્યા.

પૂર્વભવે આ ચંડકૌશિક એક ઉગ્ર તપસ્વી – "ક્ષમક" નામના સાધુ હતા – × –

x – x – પારણે બાળમુનિ સાથે વહોરવા નીકળ્યા – x – x – ચાલતા–ચાલતા એક દેડકી તેમના પગ નીચે આવી મૃત્યુ પામી – x – x – બાળસાધુએ વારંવાર દેડકીની વિરાધના યાદ કરાવતા – x – x – તેઓ ક્રોધિત થઈ બાળસાધુને મારવા દોડ્યા. ત્યારે થાંભલા સાથે અથડાઈ મૃત્યુ પામ્યા. – x – x – જ્યોતિષ્ક દેવ થયા – x – x – કૌશિક તાપસ નામે જન્મ્યા – x – x – અત્યંત ક્રોધી હતા – x – x – ત્યાંજ મૃત્યુ પામી સર્પ થયા. મમત્ત્વ ભાવથી આશ્રમનું રક્ષણ કરવા લાગ્યા.

– x – x – x – ભગવંત મહાવીરથી પ્રતિબોધ પામીને – x – x – પોતાનો અપરાધ ખમાવીને ભક્ત પ્રત્યાખ્યાન અનશન કર્યું – x – x – સમાધિ મૃત્યુ પામી સહસ્રાર કલ્પે દેવ થયા.

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| *સૂય.ચૂ.પૃ. ૧૮૬;* | *ઠા. ૩૯૨ની વૃ;* | *ગચ્છા ૮૨ની વૃ;* |
| *આવ.નિ. ૪૬૮ + વૃ;* | *આવ.ચૂ.૧–પૃ. ૨૭૮, ૨૭૯* | *નંદી. ૧૦૯ની વૃ;* |

*કલ્પસૂત્ર–ભગવંત મહાવીર ચરિત્ર–ઉપસર્ગ વર્ણન સંબંધી–વૃત્તિ;*

— x — x —

**૦ બળદની કથા :–**

(*આ કથા શૂલપાણી યક્ષના પૂર્વભવની કથા છે. ભગવંત મહાવીરના "વિહાર અને ઉપસર્ગાદિ ઘટના" શિર્ષક હેઠળ આવે છે. ભગવંતે દીક્ષા પછી વિહાર શરૂ કર્યો. હજી પ્રથમ ચાતુર્માસ પણ થયું ન હતું તે પૂર્વે અસ્થિક ગ્રામે વિહાર કરીને ગયા ત્યાં શૂલપાણી યક્ષનો ઉપદ્રવ થયો. ત્યાં આ કથા વિસ્તારથી અપાયેલ છે.* કથા જુઓ ભગવંત મહાવીર – ઉપસર્ગાદિ ઘટનામાં)

અસ્થિક નામે ગ્રામનું નામ પહેલા વર્ધમાનક હતું. ત્યાં ધનદેવ નામનો કોઈ વણિક ૫૦૦ ગાડાઓ ભરીને જતો હતો. ત્યાં નીકટમાં વેગવતી નદી આવી. નદીના કીચડમાં ૫૦૦ ગાડા ખૂંચી ગયા. તેમાં એક બળદ ઘણો જોરાવર, ઉત્સાહી અને પાણીદાર હતો. તે બળદને મૂળધૂરી સાથે જોડી દીધો. તેણે બળપૂર્વક બધાં ગાડા કીચડમાંથી ખેંચી દીધા.

તે બળદે શક્તિ બહારની તાકાત વાપરી હોવાથી તે બળદના સાંધા તુટી ગયા, બળદ પડી ગયો. તેથી ધનદેવે તે બળદને નજીકમાં રહેલા વર્ધમાન ગામના અગ્રેસરોને સોંપ્યો. ઘાસ–પાણીની વ્યવસ્થા કરી દીધી. – x – x – x - વર્ધમાન ગ્રામવાસીઓએ બળદની સાર–સંભાળ ન લીધી. તે બળદ જેઠ માસની અતિ ગરમીમાં ભૂખ અને તરસથી પીડાવા લાગ્યો – x – x – x – બળદને સખત દ્વેષ થયો – x – x – અકામ નિર્જરાથી મૃત્યુ પામી તે જ ગામના અગ્નિ ઉદ્યાનમાં શૂલપાણી યક્ષ થયો.

– x – x – x – પૂર્વભવ જાણીને લોકોને મરકીના ઉપદ્રવથી વિડંબના આપવા લાગ્યો – x – x – ગ્રામજનોએ યક્ષની માફી માંગી - x – x – મંદિર બંધાવ્યું. – x – x – ભગવંત મહાવીર પધાર્યા – x – x – x શૂલપાણી યક્ષે ઘણાં જ ઉપસર્ગો કર્યા – x – x – ભગવંતને ચલિત ન કરી શકવાથી ક્ષમા માંગી – x – x – ઉપશાંત થયેલા તે યક્ષે ભગવંતનો મહિમા કર્યો.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૬૧ની વૃ;* *સમ. ૧૫ની વૃ;* *આવ.નિ. ૪૬૧ની વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૨૭૨ થી ૨૭૪;* *આવ.મ.વૃ.પૃ. ૨૬૦, ૨૬૧;*
*કલ્પસૂત્ર–ભગવંત મહાવીર ચરિત્ર–ઉપસર્ગ કથા–વૃત્તિ*

— x — x —

**૦ મહિષ/પાડાની કથા :–**

*(આ કથા માટે દૃષ્ટાંત વિભાગમાં કુંકણકની કથા જોવી)* પાડો પૂર્વભવના જ્ઞાનથી ભક્તપ્રત્યાખ્યાન કરીને દેવલોકે ગયો–

*૦ આગમ સંદર્ભ :–*
*દસ.નિ. ૧૭૬ની વૃ;*

— x — x —

**૦ સર્પની લઘુ કથા :–**

બે મહાવિષ–ઘોર એવા સર્પો હતા. જિનવચન સાંભળી અનુશિષ્ટ બનેલા. તેઓએ ગૃહીધર્મ અંગીકાર કર્યો. કૌશિકાશ્રમે બિલમાં મુખ રાખીને રહ્યા. ત્યારે લોકો તેમને દેવતુલ્ય માની પૂજા કરવા લાગ્યા, ઘી આદિનું વિલેપન કરતા હતા. તેને કારણે ખેંચાઈને આવેલી કીડીઓએ તે સર્પોના શરીરને ચાલણી જેવું કરી દીધું.

ત્યાંથી મૃત્યુ પામીને એક સર્પ વિદ્યુત્ જેવા ચમકતા શરીરવાળો સર્પ થયો બીજો સર્પ નંદનકુળમાં બલ નામનો મહર્દ્ધિક યક્ષ થયો.

*૦ આગમ સંદર્ભ :–*
*મરણ. ૫૨૨, ૫૨૩;*

— x — x —

**૦ હાથીની લઘુકથા :–**

સિંહસેન નામે એક રાજા હતો. તે મૃત્યુ પામીને શ્રેષ્ઠ હાથી થયા. જો તેનું ચરિત્ર સાંભળવામાં આવે તો કયો મનુષ્ય તપમાં પ્રમાદ કરે ? રાજાને સર્પના ડસવાથી તે શલ્લકી વનમાં મૃત્યુ પામ્યો. ત્યારપછી તે સુપ્રશસ્ત ગંધહસ્તી થયો. ત્યાં કોઈ વખત સિંહચંદ્રમુનિ પધાર્યા. તેમને પ્રતિમા ધ્યાને રહેલા જોઈને તે હાથી પ્રતિબોધ પામ્યો. સંવેગવાન્ થયો, પ્રાણવધ, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરીગ્રહથી નિવૃત્ત થયો.

રાગદ્વેષથી નિવૃત્ત થઈને છટ્ઠ-છટ્ઠનું તપ કરતો. પારણે પણ તાપથી તપીને અચિત્ત થયેલ પાણી વડે પોતાને તૃપ્ત કરતો હતો. તપશ્ચર્યાથી તેનું શરીર માંસરહિત અને ધમનિ–શીરા દેખાતી હોય તેવું થઈ ગયું. અલ્પપ્રાણ જણાતા તે મુનિના ઉપદેશને ચિંતવવા લાગ્યો. કોઈ દિવસે ઉનાળામાં પાણી પીવા જતાં તે કાદવમાં ફસાઈ ગયો. ત્યારે પૂર્વ વૈરી કુર્કુટજાતિના સર્પે તેને ડંશ દીધો. ત્યારે મૃતઃપ્રાય બનેલા હાથીએ જિનવચનો સંભારીને ચતુર્વિધ આહારનો ત્યાગ કર્યો. ભાવ વડે જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કર્યા.

ત્યારે વિસ્મિત થયેલા વ્યંતરદેવે આવીને તેનો પૂજા સત્કાર કર્યો, તે હાથી એ સમ્યક્ રીતે આ વેદનાને સહન કરી. કાળધર્મ – મૃત્યુ પામી સાતમા દેવલોકે શ્રી તિલક વિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ થયો.

० આગમ સંદર્ભ :–
મરણ. ૫૧૨ થી ૫૨૦;

— x — x —

**० બકરાની કથા :–**

એક ધિગ્જાતિય અર્થાત્ બ્રાહ્મણ હતો. તેણે તળાવ ખોદાવ્યું. તેજ પાણી વડે દેશમાં દેવકુળ અને બગીચો બનાવ્યો. ત્યાં તેણે યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞમાં બકરાનો વધ કરાતો હતો. કોઈ વખતે તે બ્રાહ્મણ મરીને ત્યાં બકરારૂપે જન્મ્યો. તેના પોતાના જ પુત્રોએ આ બકરાને ગ્રહણ કર્યો. તે બ્રાહ્મણે ખોદાવેલ તળાવે યજ્ઞમાં હોમવા માટે તેને લઈ જવાનો હતો. ત્યારે તે બકરાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના સ્વજનો દ્વારા જ હોમ માટે લઈ જવાતો જાણ્યો. ત્યારે તેને વિચાર આવ્યો કે મારા દ્વારા પ્રવર્તાવાએલ યજ્ઞમાં જ મારો હોમ થવાનો છે.

કોઈ અતિશય જ્ઞાની સાધુ ત્યાંથી નીકળ્યા. તે બોલ્યા કે, જાતે જ વૃક્ષને વાવ્યું. પોતે જ તળાવ ખોદ્યું. દેવ પાસેથી ફળ પણ તેંજ માંગ્યું. હવે શા માટે બેં–બેં કરી રહ્યો છે. ત્યારે બકરો તે સાંભળીને મૌન થઈ ઊભો રહ્યો.

ત્યારે બ્રાહ્મણ વિચારમાં પડ્યો, સાધુ એવું શું બોલ્યા કે, આ બકરો બેં–બેં કરતો બંધ થઈ ગયો. ત્યારે સાધુએ કહ્યું કે, આ તારો જ પિતા છે. જે મરીને બકરો થયો છે. ત્યારપછી બકરાએ પૂર્વભવમાં બ્રાહ્મણ હતો ત્યારે પુત્રની સાથે જ્યાં નિધાન દાટેલું હતું ત્યાં જઈને પગ પછાડ્યો. પુત્રને ખાતરી થતા બકરાને છોડી દીધો. બકરાએ ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. મરીને દેવલોકે ગયો. *(આ કથા અષાઢાચાર્ય શ્રમણ કથામાં આવી છે.)*

*० આગમ સંદર્ભ :–*
*નિસી.ભા. ૩૨ની ચૂ;  દસ.ચૂ.પૂ. ૯૬;  ઉત્ત.નિ. ૧૨૩ની વૃ;*

— x — x —

**મુનિ દીપરત્નસાગર દ્વારા સંકલિત અને અનુવાદિત પ્રાણી કથાઓ સમાપ્ત**

— x — x —

*(અમારું કાર્યક્ષેત્ર આગમો હોવાથી અમે આગમ આધારિત પ્રાણી કથાઓ અત્રે નોંધી છે. પણ તે સિવાયના કથાગ્રંથોમાં પણ બીજી પ્રાણી કથા જોવા મળે છે. જેમકે – ભગવંત ધર્મનાથના શાસનમાં આવતી ઉંદરની કથા. આ કથા ખૂબ જ રસપ્રદ, રોમાંચક અને બોધદાયક છે. ઉંદરના મનોભાવો અને વ્યવહારોનું જે વર્ણન છે તે શ્રાવક કે સાધુને પણ દૃષ્ટાંતરૂપ છે. એ જ રીતે કુવલયમાલામાં આવતી સિંહની કથા કે જેમાં સિંહ બોધ પામ્યો, અનશન કર્યું, સિદ્ધોનું સ્મરણ કર્યું, સંસારની અસારતા ભાવવા લાગ્યો – છેલ્લે નમસ્કાર મંત્ર સ્મરણ કરી મૃત્યુ પામી સાગરોપમની સ્થિતિવાળો દેવ થયો.*

આવી–આવી પ્રાણી કથા બીજે પણ મળે છે. જે ખરેખર મનનીય છે.

— x — x —

# ખંડ-૮ અન્યતીર્થિક કથાનક

*આગમોમાં જેમ શ્રમણ વર્ગની કથા આવે છે, શ્રાવક વર્ગની કથાઓ આવે છે, તેમ પરિવ્રાજક – તાપસ આદિ અન્યતીર્થિકોની કથાઓ પણ આવે છે.*

*જો કે અત્રે સંકલિત કરાએલી કથાઓમાં મોટા ભાગની કથાઓ આ પૂર્વેના તીર્થંકર, ચક્રવર્તી, પ્રત્યેકબુદ્ધ, શ્રમણ, દેવ આદિ વિભાગોમાં આવી જ ગયેલી છે. જેમકે મરીચી, તામલીતાપસ, ધર્મરુચી ઇત્યાદિ. તો નારાયણ, બુદ્ધ જેવા અન્યતીર્થિઓની કથા નથી પણ આવી – અમે આ વિભાગને અલગરૂપે રજૂ કરી રહ્યા છે, તેનું કારણ એ છે કે આગમમાં સમાવિષ્ટ વિવિધ વર્ગોનું નિદર્શન થઈ શકે. વળી જે શ્રમણ નથી, શ્રાવક નથી, દેવ પણ નથી એવા જે પાત્રો છે અને છતાં પણ તે ગૃહસ્થપણામાં પણ ન હોય અને સાધુપણામાં પણ ન હોય તેવા પરિવ્રાજક કે તાપસોને ક્યાં ગોઠવવા ? તો તે માટે આ વિભાગ અલગ ગોઠવેલ છે.*

*જે–જે કથાઓ શ્રમણ કે શ્રાવક કે દેવ કે અન્ય સ્વરૂપે આવી ગયેલ છે. પણ તેઓ પૂર્વે કે પછી તાપસ – પરિવ્રાજક આદિ અન્યતીર્થિકરૂપે હોય કે થયા હોય તેવા–તેવા પાત્રોની સમગ્ર કથા તો પૂર્વે આવેલી જ છે. તેથી અહીં તે કથાના માત્ર પરિવ્રાજકપણાનું સારરૂપ કથન જ કરેલ છે. સમગ્ર કથા પણ નહીં કે સમગ્ર કથાનો સાર પણ નહીં.*

— x — x —

## ૦ મરીચિ કથા :–

(*ભગવંત મહાવીરના પૂર્વભવની આ કથા સર્વ પ્રસિદ્ધ અને સર્વવિદિત જ છે. તીર્થંકર મહાવીર કથામાં આવી જ ગયેલ છે. તો પણ તેની કથાથી જ અન્યતીર્થિક કથાનો આરંભ કરીએ છીએ કેમકે મરીચીને* આદ્ય પરિવ્રાજક કહ્યા છે.)

ભગવંત ઋષભના પૌત્ર અને ભરતના પુત્ર એવા મરીચિએ દીક્ષા ગ્રહણ કરી પણ કોઈ વખતે ઉનાળામાં તાપ આદિ પીડાતા અને અસ્નાન પરીષહ સહન ન થવાથી તેણે સંયમપણાથી વિચલિત થઈ કુલિંગીપણાની વિચારણા કરી તેણે નવો વેશ (પરિવ્રાજકપણું) સ્વ કલ્પનાથી રચ્યું તે આ પ્રમાણે–

**મરીચિનો પરિવ્રાજક વેશ :–**

મરીચિએ શ્રમણપણું ત્યાગી ત્રિદંડીપણું ધારણ કર્યું. હાથમાં ત્રિદંડ ચિહ્ન રાખ્યું, અસ્ત્રા વડે માથે ટકો કરીને ચોટલી રાખવાનું શરૂ કર્યું. સ્થૂળ હિંસા ત્યાગાદિ દેશવિરમણપણું સ્વીકાર્યું, કમંડલ રાખ્યું, ચંદનાદિ વિલેપન શરૂ કર્યું, માથે છત્ર ધારણ કર્યું, પગમાં પાદુકા પહેરી, કાષાયિક (ભગવા) વસ્ત્રો ધારણ કર્યા, પરિમિત જળથી સ્નાન શરૂ કર્યું. ઇત્યાદિ પરિવ્રાજક વેશ ધારણ કર્યો.

મરીચિની આવી વિચિત્ર વેશભૂષા જોઈને લોકોને કુતૂહલ ઉત્પન્ન થવાથી તેની આસપાસ મંડરાવા લાગ્યા. ધર્મ પૂછવા લાગ્યા – x – x – x – જો કે તેઓ જિનપ્રણિત ધર્મની પ્રરૂપણા કરતા હતા – x – x – x –

કોઈ વખતે બિમાર પડેલા મરીચિને થયું કે નિરોગી થયા પછી મારે કોઈને શિષ્ય બનાવવો – x – x – x - કપિલને (કે જે ગૌતમસ્વામીનો જીવ હતો તેને) ભારે કર્મી જાણી પોતાનો શિષ્ય બનાવ્યો. તેની પાસે જ્યારે એમ કહ્યું કે, હે કપિલ ! જિનેશ્વર પ્રરૂપિત માર્ગમાં ધર્મ છે – તેમ મારા માર્ગમાં પણ ધર્મ છે કપિલ આ વાત સાંભળી

પરિવ્રાજક શિષ્ય બન્યો. મરીચિએ આ દુર્વચન વડે એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સંસારનું ભ્રમણ વધાર્યું.

(આવા પરિવ્રાજકપણાની પ્રવૃત્તિ અને પ્રરૂપણાથી ભગવંત મહાવીર મરીચિવાળા આ ત્રીજા ભવથી પંદરમાં ભવ સુધી જેટલા ભવોમાં મનુષ્ય થયા તે પ્રત્યેક ભવે ત્રિદંડી, બ્રાહ્મણ, પરિવ્રાજક જ થયા પણ શ્રમણપણું પામ્યા નહીં.)

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૩૭૪; આવ.નિ. ૧૪૮, ૧૪૯, ૩૧૩, ૩૪૪, ૪૨૩, ૪૨૪, ૪૩૩, ૪૩૮;*
*આવ.ભા. ૩૬, ૩૭; આવ.ચૂ.૧–પૃ. ૧૨૫, ૧૮૨, ૨૧૧, ૨૨૧, ૨૨૮, ૪૮૫;*
*આવ.નિ. ૩૪૩, ૪૨૨ની વૃ; કલ્પ.ભ.મહાવીર પૂર્વભવ–વૃત્તિ;*

— x — x —

**૦ કાલોદાયી આદિ અન્યતીર્થિકોની કથા :–**

(૧) કાલોદાયી, (૨) સેલોદાયી, (૩) સેવાલોદાયી, (૪) ઉદય, (૫) નામોદય, (૬) નમ્મુદય, (૭) અન્નપાલક, (૮) શૈલપાલક, (૯) શંખપાલક, (૧૦) સુહસ્તિ.

(*આ દશ અન્યતીર્થિકોમાં કાલોદાયી તો અન્યતીર્થિકપણું છોડીને દીક્ષા ગ્રહણ કરી શ્રમણ થયાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.* – કથા જુઓ કાલોદાયી શ્રમણ. *બાકીના નવ અન્યતીર્થિકો ભગવંત અનુયાયી બન્યાનું કહેવાય છે, પણ તેના શ્રમણપણાનો ઉલ્લેખ મળેલ નથી.*)

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં ગુણશીલ નામે ચૈત્ય હતું. તે ગુણશીલ ચૈત્યની સમીપે અનેક અન્યતીર્થિકો રહેતા હતા. તે આ પ્રમાણે કાલોદાયી, શૈલોદાયી, શૈવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય, અન્નપાલક, શૈલપાલક, શંખપાલક, સુહસ્તિ ગાથાપતિ.

કોઈ સમયે આ બધાં અન્યતીર્થિકો એક સ્થાને આવ્યા, એકત્રિત થયા, સુખપૂર્વક સારી રીતે બેઠા. પછી તેઓમાં પરસ્પર વાર્તાલાપ આરંભ થયો – એવું સાંભળેલ છે કે શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) પાંચ અસ્તિકાયોનું નિરૂપણ કરે છે – x – x – x – તેમાં માત્ર એક પુદ્ગલાસ્તિકાયને જ શ્રમણ જ્ઞાતપુત્ર રૂપીકાય અજીવકાય કહે છે. તેમની આ વાત કઈ રીતે માની શકાય ?

તે નગરમાં – x – x – x – મદ્રુક નામે શ્રમણોપાસક હતો. – x – x – ભગવંત મહાવીર પધાર્યા. – x – x – x – મદ્રુક શ્રમણોપાસક ઘેરથી નીકળ્યો. ચાલતા–ચાલતા તે અન્યતીર્થિકો પાસેથી થઈને જઈ રહ્યો હતો. ત્યારે તે અન્યતીર્થિકોએ મદ્રુક શ્રમણોપાસકને પોતાની નીકટથી જતો જોયો. તેને જોઈને પરસ્પર તે અન્યતીર્થિકોએ એકબીજાને કહ્યું કે–

હે દેવાનુપ્રિયો ! મદ્રુક શ્રમણોપાસક જઈ રહ્યો છે – x – x – આપણે માટે શ્રેયસ્કર છે કે આપણે આ પ્રશ્ન મદ્રુકને પૂછીએ – યાવત્ – મદ્રુક શ્રમણોપાસક તેઓને નિરુત્તર કરીને ચાલતો થયો. *(આ કથા મદ્રુક શ્રાવકની કથામાં આવી ગયેલ છે ત્યાં જોવી)*

અસ્તિકાય સંબંધી આજ પ્રશ્ન કોઈ દિવસ કાલોદાયી આદિ અન્ય તીર્થિકોએ ગૌતમસ્વામીને પણ પૂછ્યો – x – x – x – ગૌતમસ્વામીએ તેમને પ્રત્યુત્તર આપી

કહ્યું કે, આપ સ્વયં આપના જ્ઞાનથી આ વાત પર ચિંતન કરો.

*(અહીંથી આગળની કથા કાલોદાયી અને ભગવંત વચ્ચેના અસ્તિકાય સંબંધે સંવાદની છે કથા જુઓ કાલોદાયી શ્રમણ – યાવત્ – કાલોદાયીએ ભગવંતને ઘણાં પ્રશ્નો પૂછ્યા – યાવત્ – કાલોદાયી સિદ્ધ, બુદ્ધ – યાવત્ મુક્ત થયા)*

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૩૭૭, ૭૪૪;*

— x — x —

## ૦ દ્વૈપાયન ઋષિની કથા :–

*(આ કથા કૃષ્ણ વાસુદેવની કથા અંતર્ગત્ આવી ગયેલ છે.)*

જ્યારે કૃષ્ણ વાસુદેવે પૂછ્યું કે, આ – x – x – x – દ્વારિકા નગરીનો વિનાશ કયા કારણે થશે ? હે કૃષ્ણ ! નિશ્ચયથી – x – x – આ દ્વારિકા નગરીનો વિનાશ મદિરા, અગ્નિ અને દ્વૈપાયન ઋષિના કોપના કારણે થશે.

આ દ્વૈપાયન ઋષિ બ્રાહ્મણ પરિવ્રાજક વર્ગમાં આવે છે. તેઓ બ્રાહ્મણ શાસ્ત્ર વિશારદ અને શૌચમૂળ ધર્મ પાળે છે ઇત્યાદિ અંબડ પરિવ્રાજક માફક જાણવું.

જ્યારે શાંબકુમાર આદિ દુર્દાન્ત કુમારો મદિરા પાનથી અંધ બનેલા તે કુમારોએ ધ્યાનસ્થ દ્વૈપાયન ઋષિને જોયા. તેને જોઈને શાંબકુમારે કહ્યું કે, આ તાપસ આપણી નગરીને અને અમારા કુળને હણી નાખનાર છે. તો તેને જ મારી નાંખો. ત્યારપછી સર્વે યાદવકુમાર દ્વૈપાયન ઋષિને મારવા લાગ્યા. પૃથ્વી પર પાડી નાખી મૃતપ્રાય કરીને સર્વે દ્વારિકામાં પોતપોતાના ઘરમાં પેસી ગયા.

કૃષ્ણ રામ (બલદેવ)ની સાથે દ્વૈપાયન ઋષિ પાસે ગયા. ક્રોધથી ધમધમતા દ્વૈપાયનને જોયા. અતિ ભયંકર એવા આ ત્રિદંડીને કૃષ્ણે પોતાના વચનોથી શાંત કરવા લાગ્યા – x – x – દ્વૈપાયને કહ્યું કે, મેં સર્વ લોક સહિત દ્વારકાને બાળી નાખવાનું નિયાણું કરેલ છે. તેથી તેમાં કંઈ ફેર નહીં પડે, માત્ર તમને બંનેને હું જવા દઈશ.

દ્વૈપાયન મૃત્યુ પામીને અગ્નિકુમાર દેવ થયા. પૂર્વનું વૈર સંભાળીને દ્વારિકામાં આવ્યા. ત્યાં સર્વે લોકો આયંબિલ આદિ તપધર્મમાં સ્થિત હતા. તેથી કંઈ ન કરી શક્યો. **બારમાં વર્ષપર્યંત** દ્વૈપાયન દ્વારિકાની ફરતે ભમતો રહ્યો. પછી લોકોએ વિચાર્યું કે, દ્વૈપાયન ભ્રષ્ટ થઈને નાસી ગયો છે. લોકો તપ છોડીને સ્વેચ્છાચારી બન્યા. દ્વૈપાયનને અવકાશ મળ્યો. દ્વૈપાયને સંવર્ત વાયુ વિકુર્વ્યો, તેનાથી કાષ્ઠ–તૃણ વગેરે દ્વારિકામાં ઘસડાઈને આવવા લાગ્યું. સમગ્ર દ્વારિકાને કાષ્ઠ વડે ભરી દીધી. પછી અગ્નિ પ્રગટાવી દ્વારિકાને ભસ્મ કરી દીધી – x – x – x – ઇત્યાદિ.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૩૬૦ની વૃ; અંત. ૨૦; ઉવ. ૪૫; દસ.નિ. ૫૬ + વૃ; દસ.ચૂ.પૂ. ૪૧;*

— x — x —

## ૦ નારાયણ, રામગુપ્ત, બાહુક આદિ અન્યતીર્થિની કથા :–

*(ખરેખર આમાં કોઈ કથા છે જ નહીં માત્ર અન્યતીર્થિકોએ વાદમાં રજૂ કરેલો પોતાના પક્ષ છે. જે*

*મિથ્યાત્વવર્ધક માત્ર છે. એટલે કે આ કથા નથી પણ મિથ્યા મત છે.)*

કેટલાંક કુતીર્થિકો સાધુની પ્રતારણાર્થે આ પ્રમાણે કહે છે અથવા – સ્વ વર્ગને શીતલવિહારીઓ આ પ્રમાણે કહેતા સંભળાય છે કે, રામગુપ્ત રાજર્ષિ આહારાદિ કરવા છતા સિદ્ધિને પામ્યા, બાહુક શીતોદકનો પરિભોગ કરવા છતાં સિદ્ધિ પામ્યા અને નારાયણ નામના ઋષિ પરિણત ઉદક આદિનો પરિભોગ કરવા છતાં સિદ્ધિ પામ્યા.

અર્થાત્ આ અન્યતીર્થિકો આ રીતે આહાર, શીતોદક, પરિણત ઉદક આદિના પરિભોગ કરવા છતાં સિદ્ધિ પામ્યા પછી આ બધાંના ત્યાગનો શો અર્થ છે ?

એ જ રીતે આસિલ, દેવિલ, દ્વૈપાયન અને પારાસર આદિ ઋષિઓ શીતજળ, બીજ, હરિતકાય આદિના પરિભોગ કરવા છતાં સિદ્ધિ પામ્યા તે પ્રમાણે લોકમાં સંભળાય છે. આ ઋષિઓ ત્રેતા–દ્વાપર આદિમાં પ્રખ્યાત હતા. કુતીર્થિકો પોતાના જૂથને આ પ્રમાણે કહીને જણાવે છે કે આર્હત્ પ્રવચનમાં પણ ઋષિભાષિત આદિમાં આ વાત આવે છે.

આવી અન્યતીર્થિકોની વાતથી મંદ, બાળ, અજ્ઞાની વિષાદ પામે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*સૂય.મૂ. ૨૨૬ થી ૨૨૮ + વૃ;*

— x — x —

**૦ તામલિતાપસ કથા :–**

(*આ કથા દેવ–દેવી કથાનક વિભાગમાં ઇશાનેન્દ્રની કથામાં વિસ્તારથી આવી જ ગયેલ છે. અહીં માત્ર તામલીના તાપસપણા જેટલી કથાનો જ સાર રજૂ કરેલ છે. કથા માટે –* જુઓ ઇશાનેન્દ્ર)

તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નગરીમાં મૌર્યપુત્ર તામલી નામે ગાથાપતિ રહેતો હતો – x – x – x – તેણે પ્રાણામા પ્રવ્રજ્યા અંગીકાર કરવાનો વિચાર કર્યો – x – x – મુંડિત થઈને તેણે પ્રાણામા પ્રવ્રજ્યા અંગીકાર કરી. પછી અભિગ્રહ કર્યો કે આજથી હું નિરંતર છટ્ઠ–છટ્ઠ તપની આરાધના કરીશ. યાવજ્જીવ આ આરાધના કરતા પારણે આતાપના ભૂમિમાંથી ઉતરી ભિક્ષા લેવા જઈશ, તે સિવાય રોજ આતાપના ભૂમિમાં રહી સૂર્ય સન્મુખ બે હાથ ઊંચા કરી આતાપના લઈશ.

પારણાના દિવસે સ્વયંકાષ્ઠપાત્ર લઈ તામ્રલિપ્તીના ઉચ્ચ, નીચ, મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચરીને માટે ભ્રમણ કરી ભિક્ષાવિધિ દ્વારા શુદ્ધ ઓદન લાવીશ. તેને એકવીશ વખત ધોઈને ખાઈશ – એ પ્રમાણે તામલી તાપસ આહાર કરે છે.

તામલી તાપસની પ્રવ્રજ્યા પ્રાણામાપ્રવ્રજ્યા એટલા માટે કહેવાતી હતી કે, તે જે વ્યક્તિને જ્યાં જુએ ત્યાં તેને પ્રણામ કરતો. ઇન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્યા, રૌદ્રરૂપા ચંડિકા, રાજા યાવત્ સાર્થવાહને અથવા કાગડા, કુતરા, ચાંડાલ આદિમાંથી જેને જોતો તેને પ્રણામ કરતો. ઉચ્ચ વ્યક્તિને ઉચ્ચ રીતિથી અને નીચને જોઈને નીચ રીતિથી પ્રણામ કરતો હતો.

– x – x – x – છેલ્લે તેણે સંલેખના સ્વીકારી, અનશન કર્યું, પાદપોપગમન સંથારો સ્વીકાર્યો – યાવત્ – ઇશાનેન્દ્ર થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૧૬૦ થી ૧૭૩;* *ઉત્ત. ૪૮ + વૃ;*

— x — x —

**૦ જમદગ્નિ અને પરસુરામની કથા :–**

(*આ કથા સુભૂમ ચક્રવર્તીની કથા અંતર્ગત્ વિસ્તારથી આવી ગયેલ છે. અહીં તેમના તાપસપણાને આશ્રિને કથાસાર આપેલ છે.* કથા જુઓ સુભૂમ ચક્રી.)

અગ્નિક નામે એક બાળક તાપસની પલ્લિમાં પહોંચ્યો. તેનું નામ અગ્નિક હતું પણ જમ નામના તાપસે તેને ઉછેરીને મોટો કર્યો. તેથી તે જમના પુત્રરૂપે જમદગ્નિ નામે પ્રસિદ્ધ થયો. ઘોર તપશ્ચર્યાથી જગવિખ્યાત થયો.

તે વખતે પૂર્વજન્મના શ્રાવક એવા વૈશ્વાનર દેવ અને તાપસભક્ત એવા ધન્વંતરી દેવ વચ્ચે વિવાદ થયો કે કોનો ધર્મ શ્રેષ્ઠ ? – x – x – પરીક્ષા કરવા નીકળ્યા. – x – x – દીક્ષા લેવા નીકળેલા પદ્મરથ રાજાની પરીક્ષા કરી – x – x – દેવો તેને ક્ષોભિત ન કરી શક્યા – x – x – જમદગ્નિ પાસે ગયા – x – x – અપુત્રિયાની સદ્ગતિ થતી નથી તેમ કહેતા જમદગ્નિ તાપસ ક્ષોભિત થઈ ગયા.

ત્યારપછી જમદગ્નિ આતાપનાદિ તપ છોડીને મૃગકોષ્ઠક નગરે ગયા – x – x – જિતશત્રુ રાજાની કન્યા માંગી – x – x – કન્યાઓએ તેમનો અનાદર કરતા બધીને કુબડી બનાવી દીધી – x – x – ફળની લાલચ આપી રેણુકા બાલિકાને જમદગ્નિ લઈ ગયો – રેણુકા યૌવનવતી થઈ ત્યારે વિધિવત્ વિવાહ કર્યો – x – x – x – ઋતુકાળે જમદગ્નિએ રેણુકાને એવો ચરુ આપ્યો કે જેની સાધનાથી બ્રાહ્મણોમાં અગ્રેસર એવો પરાક્રમી પુત્ર થાય.

રેણુકાની વિનંતીથી અનંતવીર્ય સાથે પરણેલી રેણુકાની બહેન માટે પણ ક્ષત્રિય ચરુ સાધી આપ્યો – x – x – રેણુકાએ બ્રાહ્મણ ચરુને બદલે ક્ષત્રિય ચરુનું ભક્ષણ કર્યું. જમદગ્નિ અને રેણુકાનો પુત્ર થયો તેનું નામ રામ (પરશુરામ) રાખ્યું. અનંતવીર્યના પુત્રનું નામ કૃતવીર્ય રાખ્યું. રેણુકા પુત્ર રામે કોઈ વિદ્યાધરની સેવા કરી, તેણે રામને પરશુવિદ્યા આપી. ત્યારથી તે પરશુરામ નામે પ્રસિદ્ધ થયો.

કોઈ વખતે રેણુકા અનંત વીર્ય સાથે રતિક્રીડા મગ્ન બની. તેનાથી રેણુકાને એક પુત્ર થયો. પરશુરામને તેની જાણ થતા તેણે માતા તથા પુત્ર બંનેને મારી નાંખ્યા. તે જાણી અનંતવીર્યે જમદગ્નિ તાપસના આશ્રમનો વિનાશ કર્યો. પરશુરામે તે જાણી અનંતવીર્યને મારી નાંખ્યો. તે વાત કૃતવીર્યએ જાણી તેણે આવીને જમદગ્નિ તાપસને મારી નાંખ્યા. તેથી પરસુરામે કૃતવીર્યને મારી નાંખ્યો.

કૃતવીર્યની પત્ની તારાને સુભૂમ નામે પુત્ર થયો. પરશુરામની પરસુ જ્યાં જ્યાં ક્ષત્રિયને જોતી ત્યાં ત્યાં પ્રજ્વલિત થતી અને પરસુરામ તે પૃથ્વીને નક્ષત્રિય બનાવી દેતો એ રીતે સાત વખત તેણે પૃથ્વીને નક્ષત્રિયા કરી – x – x – x – અંતે સુભૂમ ચક્રવર્તી બન્યો. તેણે પરશુરામ તાપસને મારી નાંખ્યો.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.મૂ. ૬૩ની વૃ;* *આયા.ચૂ.પૃ. ૪૯;* *સૂય.ચૂ.પૃ. ૨૦૯;*

સૂય.મૂ. ૪૧૯ની વૃ; જીવા. ૧૦૫ + વૃ ભત્ત. ૧૫૩;
આવ.નિ. ૯૧૮ની વૃ; આવ.ચૂ.૧-પૃ. ૫૧૯, ૫૨૦; તિત્થો. ૪૮૧;
આવ.મ.વૃ.પૃ. ૨૩૭, ૨૩૯, ૩૭૫;

— x — x —

**૦ સ્કંદક પરિવ્રાજકની કથા :–**

(*આ કથા શ્રમણ વિભાગમાં સ્કંદક શ્રમણની કથામાં આવી ગયેલ છે, અહીં માત્ર તેના પરિવ્રાજકપણાનો કથાસાર રજૂ કરેલ છે. સ્કંદકની સમગ્ર કથા માટે* જુઓ સ્કંદક શ્રમણ કથા)

તે કાળે, તે સમયે કૃતંગલા નામની નગરી હતી. ત્યાં નીકટમાં શ્રાવસ્તી નામે નગરી હતી. ત્યાં કાત્યાયન ગોત્રીય ગર્દભાલ ઋષિનો શિષ્ય સ્કંદક નામે પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ તથા ઇતિહાસ, નિઘંટુ એ છનો સાંગોપાંગ અને રહસ્ય સહિત પ્રવર્તક, ધારક અને પારગામી હતો. છ અંગનો જ્ઞાતા હતો. ષષ્ઠિતંત્રમાં વિશારદ હતો. ગણિતશાસ્ત્ર, શિક્ષાશાસ્ત્ર, આચારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષ્શાસ્ત્ર તથા બીજા પણ અનેક બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નીતિ અને દર્શનશાસ્ત્રોમાં અત્યંત નિપુણ હતો.

કોઈ વખતે પિંગલ નિર્ગ્રંથે સ્કંદક પરિવ્રાજકને પૂછ્યું, હે માગધ ! શું લોક સાંત છે કે અનંત ? જીવ સાંત છે કે અનંત ? – x – x – x – ઇત્યાદિ – x – x – x – ત્યારે સ્કંદક તાપસ શંકા, કાંક્ષા, વિચિકિત્સાવાળો, ભેદ સમાપન્ન અને કલેશયુક્ત થયો. – x – x – x – મૌન ધારણ કરીને રહ્યો.

ત્યારપછી – x – x – x – સ્કંદક ભગવંત મહાવીર પાસે જવા નીકળ્યો – x – x – ભગવંતે ગૌતમસ્વામીને કહ્યું કે તું આજે તારા પૂર્વ સંગતિકને જોઈશ. – x – x – x – ગૌતમે તેનું સ્વાગત કર્યું – x – x – ભગવંત મહાવીરે તેને બોધ આપ્યો – x – x – લોક, જીવ, સિદ્ધિ ઇત્યાદિ વિશે વિશદ્ જ્ઞાન આપ્યું – x – x – x – સ્કંદકે દીક્ષા લીધી – x – x – વિવિધ કઠોર તપ કર્યા – x – x – x – અનશન કર્યું – x – x – x – અચ્યુતકલ્પે દેવતા થયો – x – x – મહાવિદેહે મોક્ષે જશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૧૧૨ થી ૧૧૭; અંત. ૪; અનુત્ત. ૧; ગચ્છા. ૧૦૦ની વૃ;*

— x — x —

**૦ પુદ્ગલ પરિવ્રાજકની કથા :–**

(*આ કથા વિસ્તારથી શ્રમણ વિભાગમાં આવી જ ગયેલ છે. અહીં માત્ર તેના પરિવ્રાજકપણાની કથાને સારરૂપે રજૂ કરેલ છે.*)

તે કાળે, તે સમયે આલભિકાનગરી હતી. ત્યાં શંખવનચૈત્ય હતું. તે ચૈત્યથી થોડે દૂર પુદ્ગલ પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ – યાવત્ – બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નયોમાં કુશળ હતો. નિરંતર છટ્ઠ–છટ્ઠનો તપ કરતો હતો. બે હાથ ઊંચા રાખી સૂર્ય સન્મુખ રહીને આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચરતો હતો.

ત્યારપછી પુદ્ગલ પરિવ્રાજકને – x – x – x - તપ, આતાપના અને પ્રકૃતિ

ભદ્રતાથી, પ્રકૃતિ ઉપશાંતતાથી, પ્રકૃતિથી અલ્પકષાયો હોવાથી – × – × – × – યાવત્ વિભંગ નામક જ્ઞાન ઉત્પન્ન થયું. વિભંગ જ્ઞાનથી તે બ્રહ્મલોક કલ્પવાસી દેવો પર્યંતની સ્થિતિને જોવા લાગ્યો.

ત્યારે પુદ્‌ગલ પરિવ્રાજકને આવો – × – × – સંકલ્પ થયો કે મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયા છે. દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે – યાવત્ – વધતા વધતા દશ સાગરોપમ થયા પછી દેવલોક વ્યુચ્છિન્ન થાય છે – × – × – × – તે આતાપના ભૂમિથી ઊભો થયો. ત્રિદંડ, કુંડિકા – યાવત્ – ભગવા વસ્ત્રો લીધા. આલભિકા નગરીના પરિવ્રાજક મઠ હતો ત્યાં આવ્યો, ઉપકરણો રાખ્યા પછી આલભિકા નગરીમાં સર્વ સ્થળે – × – × – પ્રરૂપણા કરવા લાગ્યો કે – × – × – × - દેવોની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. ઉત્કૃષ્ટ દશ સાગરોપમ છે. પછી દેવલોક વ્યુચ્છિન્ન થાય છે.

ત્યારે ત્યાં પધારેલા ભગવંત મહાવીરે – × – × – × – દેવલોક સંબધી યથાર્થ સ્થિતિનું કથન કર્યું – × – × – × – પુદ્‌ગલ પરિવ્રાજક ભગવંત સમીપે આવ્યો – × – × – × – ધર્મશ્રવણ કરી દીક્ષા લીધી – × – × – યાવત્ – × – × – સર્વ દુઃખોથી મુક્ત થયો.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૫૨૮ + વૃ;*

— × — × —

### ૦ મુદ્‌ગલ અન્યતીર્થિકની કથા :–

બુદ્ધનો એક અનુયાયી હતો તેનું નામ મુદ્‌ગલ હતું. તે સ્વાતિપુત્ર–શુદ્ધોદનસુત પ્રકાશિત માર્ગને અનુસરતો હતો. તેઓ એવું કહેતા કે, પરમાર્થને ન જાણતા ગૃહસ્થો સુખસાધનને પરિગ્રહરૂપે જુએ છે. પણ તે સાધુ માટે પરિગ્રહ નથી. આ વિષયમાં તે તેનો સ્વરુચિ વિરચિત માર્ગ માત્ર છે. ભગવંત કહે છે કે, આવા માર્ગનો ત્યાગ કરવો જોઈએ, તેના પરમાર્થને સમજવો જોઈએ. મુદ્‌ગલ આદિ સાથે આ વિષયમાં મહા–વિવાદ પણ થયેલ છે. પરંતુ તદ્વિષયક ચર્ચા વૃત્તિકાર મહર્ષિએ ક્યાંય દર્શાવી ન હોવાથી મુદ્‌ગલ અન્યતીર્થિક સંબંધે અમે વિશેષ કથા નોંધી શકતા નથી.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૮૨;* *આયા. ૯૩ની વૃ;*

— × — × —

### ૦ નારદ/કચ્છુલ્લનારદની કથા :–

(*નારદ ઋષિની કથા તથા તેનો પરીચય આ પૂર્વે પ્રત્યેકબુદ્ધ નારદ તથા દ્રૌપદી શ્રમણીની કથામાં આવી જ ગયેલો છે. આ ઉપરાંત કૃષ્ણવાસુદેવ કમલામેલા, અને સાગરચંદ્રની કથાઓમાં પણ નારદનો પરીચય–ઉલ્લેખ અને પ્રસંગ આવી ગયેલ છે. તેથી અહીં માત્ર તેનો સામાન્ય પરીચય અને કથન જ રજૂ કરેલ છે.*)

શૌર્યપુર નગરમાં જ્યારે સમુદ્રવિજય રાજા હતા ત્યારે ત્યાં યજ્ઞયશ નામનો એક

તાપસ હતો. તેને સૌમિત્રી નામે પત્ની હતી. તેમનો યજ્ઞદત્ત નામે પુત્ર હતો. સોમયશા પુત્રવધૂ હતી. તેઓનો પુત્ર નારદ હતો. જે કચ્છુલ્લનારદ પણ કહેવાય છે.

તેઓ ઉંછ વૃત્તિથી આજીવિકા ચલાવતા હતા. એક દિવસે ભોજન કરતા અને બીજે દિવસે ઉપવાસ કરતા હતા. યજ્ઞદત્ત અને સોમયશા નારદ (બાળક)ને અશોકવૃક્ષ નીચે પૂર્વાહ્ણકાળે રાખીને ભિક્ષાર્થે જતા. આ તરફ વૈશ્રમણકાયિક જૃંભક દેવો માર્ગમાં જતા હતા. તેમણે આ બાળક (નારદ)ને જોયો અવધિજ્ઞાન વડે જાણ્યું કે તે દેવનિકાયથી ચ્યવેલ છે. તેથી અનુકંપાથી તેના પર છાયા કરી, દુઃખમાં ઉષ્ણતામાં રહેલો હતો. તેમાંથી મુક્ત કર્યો. પછી તેને ગુપ્તવિદ્યા શીખવી. કોઈ કહે છે કે તે બાળભાવથી મુક્ત થયો ત્યારે પૂર્વભવની પ્રીતિથી વિદ્યાજૃંભક દેવે પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા શીખવેલી.

નારદ મણિપાદુકા અને સુવર્ણકુંડલ પહેરીને આકાશમાર્ગે ગમન કરતા કોઈ વખતે તે દ્વારાવતી પધાર્યા. વાસુદેવે પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપી ન શકવાથી કહ્યું કે પછી કહીશ સીમંધર સ્વામી અને યુગંધર તીર્થંકરને ત્યાં – ત્યાંના વાસુદેવ પૂછેલ તે જવાબ જાણીને નારદે આવીને કહ્યું કે, સત્ય એ શૌચ છે. વાસુદેવે પૂછયું તો પછી સત્ય શું છે ? નારદે ઉત્તર ન આપતા નિર્ભર્ત્સના કરી જવા દીધા. નારદે અતિ વિચારણા કરી. જાતિસ્મરણ થયું. પછી તેઓ પ્રત્યેકબુદ્ધ થયા. તેમણે ઋષિભાષિતનું પ્રથમ અધ્યયન "શૌચ"ની પ્રરૂપણા કરી.

આઠ બ્રાહ્મણ પરિવ્રાજકોમાં પણ નારદનો ઉલ્લેખ આવે છે. આ પરિવ્રાજકો ચાર વેદ, ઇતિહાસ અને નિઘંટુ શાસ્ત્રના અધ્યેતા હોય છે તેના સારગ, પારગ, ધારક, તથા છ અંગના જ્ઞાતા હોય છે. ષષ્ટિતંત્રમાં વિશારદ હોય છે ઇત્યાદિ. અંબડ પરિવ્રાજક અનુસાર જાણવું. તેઓ શૌચમૂલક ધર્મનું પરિપાલન કરે છે.

તેઓ એકબીજાને લડાવી મારવા માટે જાણીતા છે. આ વાત દ્રૌપદીની કથામાં અને કમલામેલા સાગરચંદ્રની કથામાં આવી ગયેલ છે – x – x – ઇત્યાદિ – x – x –

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૭૪ થી ૧૭૬; ઉવ. ૪૫; આવ.ચૂ.૧.પૃ. ૧૨૧; ૨–પૃ. ૧૯૪;*
*આવ.નિ. ૧૨૯૫ + વૃ; દસ.ચૂ.પૃ. ૧૦૬; દસ.નિ. ૧૯૩ની વૃ;*
*નંદી. ૪૬–વૃ; કલ્પસૂત્રવૃત્તિ;*

— x — x —

**૦ વૈશ્યાયન બાલતપસ્વીની કથા :–**

*(આ સંપૂર્ણ કથા ભગવંત મહાવીરના ચરિત્રમાં આવે છે. તેમાં "ભગવંતનું નવમું ચાતુર્માસ – અનાર્યભૂમિમાં" એ શિર્ષક હેઠળની કથામાં આ કથાનક નોંધાયેલું છે. ભગવંત મહાવીર અનાર્યભૂમિમાં નવમું ચોમાસુ કર્યા પછી છદ્મસ્થાવસ્થામાં જ વિહાર કરતા હતા. ગોશાળો પણ તેમની સાથે વિચરતો હતો. એ રીતે વિચરતા–વિચરતા કૂર્મગ્રામ પહોંચ્યા. ત્યાંનો આ કથા પ્રસંગ છે –)*

કૂર્મગ્રામ નગરની બહાર વૈશ્યાયન નામે બાલતપસ્વી હતો. નિરંતર છટ્ઠ–છટ્ઠ તપકર્મ કરતો, પોતાના બંને હાથ ઊંચા રાખીને સૂર્ય સામે ઊભો રહીને આતાપના ભૂમિમાં આતાપના લેતો હતો. – x – x – ગોબર ગ્રામમાં ગોશંખી કણબી હતો – x – x

– x – ચોરોએ ગામ ભાંગ્યું ત્યારે કોઈ સ્ત્રીને બાળકસહિત ચોરો ઉઠાવી ગયા – x – x – તે સ્ત્રીએ ત્યજેલ બાળકને કણબીએ પોતાની વંધ્યાપત્ની બંધુમતીને આપ્યો.

– x – x – x – કાળક્રમે તે બાળક યુવાન થયો. તેની માતાને ચોર લોકોએ કોઈ વેશ્યાને વેંચી દીધી હતી – x – x – પ્રખ્યાત ગણિકા બની – x – x – ગોશંખીનો પાલક પુત્ર યુવાન થયો – x – x – x – ગણિકાને ત્યાં જતા એવા તેણે પોતાની માતા સાથે જ ભોગ વિલાસ કર્યા – x – x – કુળ દેવતાની વાણીથી પોતાના અકાર્યનો ખ્યાલ આવ્યો – x – x – x – પછી તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પ્રાણામી નામક પ્રવજ્યા અંગીકાર કરી. તે વૈશ્યાપુત્ર હોવાથી વૈશ્યાયન કહેવાયો – x – x – વૈશ્યાયન તાપસની જટામાંથી જે જુઓ નીચે પડતી, તેને તે ફરી જટામાં મૂકી દઈ તેની રક્ષા કરતો હતો – x – x – x – ગોશાલકે તેની મશ્કરી કરી – x – x – વૈશ્યાયન તાપસે તેના પર તેજોલેશ્યા છોડી.

ત્યારપછી ભગવંત મહાવીરે શીતલેશ્યા છોડીને તેજોલેશ્યાનો પ્રભાવ વિનષ્ટ કર્યો. – x – x – ભગવંતની ઋદ્ધિ જોઈ વૈશ્યાયને તેમની પ્રશંસા કરી.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૬૪૦; ભત્ત. ૧૧૩; આવ.નિ. ૪૯૩ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૨૯૭, ૨૯૮; આવ.મ.વૃ.પૃ. ૨૮૬; કલ્પસૂત્ર વૃત્તિ;*

— x — x —

**૦ ઇન્દ્રનાગ અન્યતીર્થિકની કથા :–**

(*આ સંપૂર્ણ કથા* "**પ્રત્યેક બુદ્ધ ઇન્દ્રનાગ**" *કથામાં આવી ગયેલ છે. તેથી અહીં માત્ર તેની પરીચયાત્મક રજૂઆત કરેલી છે.*)

વસંતપુર (બીજા મતે જિર્ણપુર) નામે એક નગર હતું. ત્યાં ઇન્દ્રનાગ નામે એક બાળક હતો. મરકીનો ઉપદ્રવ થતાં તે બાળક એકલો જ બચ્યો. – x – x – ભિક્ષાથી આજીવિકા ચલાવવા લાગ્યો – x – x – સાર્થની સાથે રાજગૃહ જવા નીકળ્યો – x – x – અજીર્ણને કારણે તે જમ્યો નહીં ત્યારે સાર્થવાહને થયું કે, આ અવ્યક્તલિંગી – તપસ્વી લાગે છે – x – x – સાર્થવાહ સિવાય કોઈનું ભોજન તે લેતો ન હતો – x – x – લોકો કહેવા લાગ્યા કે આ એકપિંડિક છે – x – x – પછી તેણે એક મઠ બનાવ્યો, પોતાનું મસ્તક મુંડાવ્યું, ભગવા વસ્ત્રો ધારણ કર્યા. લોકોમાં તે પરિવ્રાજક રૂપે પ્રખ્યાત થયો.

ત્યારપછી તે રોજ કોઈપણ એક જ વ્યક્તિના ભોજનનો સ્વીકાર કરતો હતો. – x – x – ગૌતમસ્વામી સાથે એકપિંડિક અને અનેકપિંડિકપણાનો સંવાદ થયો – x – x – સત્ય સમજાતા – x – x – પૂર્વભવની સ્મૃતિ થઈ – x – x – x – યાવત્ તે પ્રત્યેકબુદ્ધ થયા. – x – x – દેવતા અર્પિત સાધુવેશ ધારણ કર્યો – x – x – મોક્ષે ગયા.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૧૨, ૧૩૪, ૧૩૯; આયા. ૧૩૯ની વૃ; આવ.નિ. ૮૪૭ + વૃ;*

આવ.ચૂ.૧–પૃ. ૪૬૬;　　　　　　ઋષિ. ૪૧;

— x — x —

**૦ પૂરણતાપસ કથા :–**

*(આ કથા ચમરેન્દ્રની કથામાં આવી જ ગયેલ છે. કેમકે તે ચમરેન્દ્રનો પૂર્વભવ છે. અહીં માત્ર તેના તાપસપણાનો ઉલ્લેખ જ કરેલ છે.)*

તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભારતવર્ષમાં વિંધ્યાચલની તળેટીમાં બેભેલ નામક સંનિવેશ હતું. ત્યાં પૂરણ નામે ગાથાપતિ રહેતો હતો. તેની સમગ્ર વક્તવ્યતા તામલી તાપસ સમાન છે. વિશેષ એ કે ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર બનાવેલ. તેમજ મુંડિત થઈને દાનામા નામની પ્રવજ્યા અંગીકાર કરેલી.

છટ્ઠના પારણે છટ્ઠ તપ કરતા, રોજ આતાપના ભૂમિમાં સૂર્ય સન્મુખ રહીને આતાપના લેતા. પારણે આતાપના ભૂમિમાંથી ઉતરી બેભેલ સંનિવેશમાં ઊંચ, નીચ, મધ્યમ કુળોમાં ગૃહ સામુદાનિક ભિક્ષા વિધિથી ભિક્ષાચરીએ જતાં પ્રાપ્ત ભિક્ષામાંથી પ્રથમ ખાનાની ભિક્ષા માર્ગમાં પથિકોને આપતા, બીજા ખાનાની ભિક્ષા કાગડા–કુતરાને આપતા, ત્રીજા ખાનાની ભિક્ષા કાચબા – માછલાને આપતા અને ચોથા ખાનાની ભિક્ષાથી સ્વયં આહાર કરતા હતા. ઇત્યાદિ – x – x – x –

– x – x – x – છેલ્લે અનશન કર્યું, યાવજ્જીવન આહાર–પાણીના પ્રત્યાખ્યાન કર્યા. પાદપોપગમન સંથારો કર્યો. – x – x – x – માસિકી સંલેખના કરી – x – x – ચમરઇન્દ્રરૂપે ઉત્પન્ન થયા.

*૦ આગમ સંદર્ભ :–*

*ભગ. ૧૭૨;*

— x — x —

**૦ કૌંડિન્ય – દત્ત અને શેવાલ તાપસની કથા :–**

*(આ કથા કૌડિન્ય – દત્ત શેવાલ શ્રમણોની કથામાં આવી ગયેલ છે. આ ત્રણે તાપસોની સ્વ શિષ્યો સાથેની કથાનો ઉલ્લેખ વજસ્વામીની કથામાં વજસ્વામીના પૂર્વભવના વર્ણન વખતે તથા ગૌતમસ્વામીની કથામાં ૧૫૦૦ તાપસોના પ્રતિબોધ અવસરે આવી જ ગયેલ છે. અત્રે તેનો કથાસાર રજૂ કરેલ છે.)*

જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને કહેલું કે જેઓ સ્વલબ્ધિએ અષ્ટાપદ તીર્થે જઈને ત્યાંના ચૈત્યોની વંદના કરે છે, તે આ જ ભવે મોક્ષ પામે છે, ત્યારે આ જનવાદ સાંભળીને કૌંડિન્ય, દત્ત અને શેવાલ એ ત્રણે તાપસો પોતપોતાના ૫૦૦–૫૦૦ શિષ્યો સાથે અષ્ટાપદ તીર્થે જવા પ્રવૃત્ત થયા.

કૌંડિન્ય તાપસ પરિવાર સહિત એકાંતર ઉપવાસ કરતા પારણે સચિત્ત કંદમૂલનો આહાર કરતા હતા. તે અષ્ટાપદની પ્રથમ મેખલા સુધી પહોંચ્યા. દત્તતાપસ પરિવાર સહિત છટ્ઠને પારણે છટ્ઠ કરતા હતા. પારણે પડેલા પત્ર–પુષ્પાદિનો આહાર કરતા હતા. તે અષ્ટાપદની બીજી મેખલાએ પહોંચ્યા, શેવાલ તાપસ પરિવાર અટ્ઠમને પારણે અટ્ઠમ કરતા હતા. પારણે સ્વયં મ્લાન બનેલી અર્થાત્ અચિત્ત વનસ્પતિનો આહાર કરતા હતા. તે બધાં અષ્ટાપદના ત્રીજી મેખલા સુધી પહોંચ્યા – x – x – x –

ગૌતમસ્વામીના પ્રતિબોધથી કૌંડિન્ય, દત્ત અને શેવાલ ત્રણે તાપસોએ પરિવાર સહિત દીક્ષા લીધી. દેવતાએ આપેલ સાધુવેશ ગ્રહણ કર્યો. – x – x – x – બધાં – x – x – x – કેવળજ્ઞાન પામ્યા.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૭૬૪ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૩૮૩; ઉત્ત.નિ. ૨૯૬ની વૃ;*

— x — x —

**૦ ગોવિંદ ભિક્ષુની કથા :–**

*(આ કથા શ્રમણ વિભાગમાં ગોવિંદ વાચકની કથામાં આવી ગયેલ છે. અત્રે માત્ર તેના ભિક્ષુપણાનો કથાસાર રજૂ કરેલ છે.)*

ગોવિંદ નામે એક ભિક્ષુ હતો. તે બુદ્ધ સાધુ હતો. ત્યારે તેને કોઈ જૈનાચાર્યએ વાદમાં અઢાર વખત હરાવ્યો. ત્યારે તેને થયું કે મારે આમના સિદ્ધાંતનું સ્વરૂપ જાણવું પડશે, તો જ હું તેમને વાદમાં જીતી શકીશ – x – x – તે જ આચાર્ય પાસે દીક્ષિત થયા – x – x – સામાયિકાદિ અધ્યયન કરતાં શુદ્ધ સમ્યકત્વને પ્રાપ્ત કર્યું – x – x – પુનઃ વ્રત ઉચ્ચર્યા – x – x – ત્યારબાદ ગોવિંદ આર્યએ કેટલીક નિર્યુક્તિ રચી. *વિશેષ વિગત માટે* કથા જુઓ ગોવિંદ વાચક.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ. ૨૭, ૬૦, ૨૨૮; ઠા. ૮૯૮, ૯૬૩ની વૃ; નિસી.ભા. ૩૬૫૬, ૫૫૭૩ + ચૂ. વવ.ભા. ૨૭૦૯, ૨૭૧૦ + વૃ; આવ.ચૂ.૨–પૃ. ૨૦૧, ૩૦૬, ૩૨૨; દસ.નિ. ૮૨ + વૃ; દસ.ચૂ.પૃ. ૫૩;*

— x — x —

**૦ પોટ્ટશાલ પરિવ્રાજકની કથા :–**

(*આ કથા નિહ્નવ વિભાગમાં* રોહગુપ્ત નિહ્નવની કથામાં આવી ગયેલ છે. અહીં *માત્ર પોટ્ટશાલ પરિવ્રાજકનો પરીચય માત્ર રજૂ કર્યો છે.*)

અંતરંજિકા નગરીમાં એક પરિવ્રાજક પાટાથી પોતાનું પેટ બાંધીને અને જાંબુના વૃક્ષની શાખા હાથમાં લઈને નગરીમાં ભ્રમણ કરતો હતો – x – x – x – તે કહેતો કે, મારું ઉદર ઘણાં જ્ઞાનથી ભરાઈ ગયું છે. ફાટી ન જાય તે માટે લોઢાના પટ્ટા વડે બાંધી લીધું છે. આખા જંબૂદ્વીપમાં મારો કોઈ પ્રતિવાદી નથી, તેમ દર્શાવવા માટે આ જંબૂવૃક્ષની શાખા હાથમાં રાખેલી છે.

ત્યારપછી તે પરિવ્રાજકે પટહ વગડાવ્યો – આખી નગરી શૂન્ય છે, સર્વે પર પ્રવાદી છે. કોઈ મારો પ્રતિવાદી નથી. આચાર્ય શ્રીગુપ્તના શિષ્ય રોહગુપ્તે તે પટહ પકડી લીધો – x – x – બંને વચ્ચે વાદ થયો – x – x – x – રોહગુપ્તે ત્રૈરાશિક મતની સ્થાપના કરી – x – x – પોટ્ટશાલ પરાજિત થતો હતો. તેથી પરાજયથી ક્રોધાવેશમાં આવી તેણે વૃશ્ચિક, સર્પ, ઉદર, મૃગ, સુવર, કાગડા અને સમળી વિદ્યા અનુક્રમે છોડી – x – x – રોહગુપ્તે પ્રતિવિદ્યા ભણીને પોટ્ટશાલને પરાજિત કર્યો ઇત્યાદિ – x – x –

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| ઠા. ૬૮૮ની વૃ; | નિસી.ભા. ૫૬૦૨ + ચૂ; | બુહ.ભા. ૭૫૬ની વૃ; |
| આવ.ભા. ૧૩૬ થી ૧૪૦ + વૃ; | આવ.નિ. ૭૭૮ થી ૭૮૮ – વૃ; | આવ.ચૂ.૧–પૃ. ૪૨૪; |
| ઉત્ત.મૂ. ૩૦૯ + વૃ; | ઉત્ત.નિ. ૧૬૫, ૧૭૨ ની વૃ; | કલ્પ. સ્થવિરાવલી વૃત્તિ; |

— x — x —

### ૦ બુદ્ધ/શાક્યની કથા :–

બુદ્ધને શાક્ય, સ્વાતિપુત્ર કે શુદ્ધોદન સુત નામે પણ ઓળખવામાં આવે છે. કોઈ સ્વાતિપુત્રને બુદ્ધના અનુયાયીરૂપે પણ ઓળખાવે છે.

આ બુદ્ધ અથવા શાક્ય બૌદ્ધ મતના સંસ્થાપક હતા. તેમના પિતાનું નામ શુદ્ધોદન હતું. તેમની માતાનું નામ માયા હતું.

તેઓ અપ્કાયની હિંસામાં પ્રવૃત્તિવાળા હતા, તેમના પ્રવચન અર્થાત્ સિદ્ધાંતને નવમાં સ્થાનાંગમાં મિથ્યા પ્રવચનરૂપે ઓળખાવેલ છે. પન્નવણા વૃત્તિમાં તેના દર્શનને કુદર્શન કહેલ છે. પિંડ નિર્યુક્તિમાં શ્રમણના પાંચ ભેદમાં એક ભેદ રૂપે શાક્યોનો ઉલ્લેખ જોવા મળે છે. ઉત્તરાધ્યયનમાં પણ તેમને કુતીર્થિકરૂપે ઓળખાવેલ છે. કેમકે તેઓ સત્કારાદિની એષણાવાળા છે. જે પ્રાણિપ્રિય વિષય હોય તેનો જ ઉપદેશ કરનાર કહ્યા છે. આ બુદ્ધને "ચનીક" નામે પણ ઓળખાવેલ છે.

– બુદ્ધનું સ્વતંત્ર કથાનક કે તેના સિદ્ધાંતોનું કોઈ વિશેષ નિરૂપણ પ્રાપ્ત થયું નથી. હાં, આર્દ્રકકુમાર સાથે બુદ્ધોના વાદનો પ્રસંગ જરૂર નોંધાયેલ છે. જે આર્દ્રકુમારની કથાથી જાણવો. *આ વાત સૂત્રકૃત્ આગમની નિર્યુક્તિ આદિમાં વર્ણવાએલ છે.*

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| આયા.મૂ. ૨૬, ૬૩, ૭૪, ૮૨ની વૃ; | સૂય.ચૂ.પૃ. ૪૧૭, ૪૨૯; | |
| ઠા. ૮૩૫ની વૃ; | જીવા.૧ની વૃ; | પન્ન. ૧૮૮ની વૃ; |
| આવ.ચૂ.૧–પૃ. ૫૪૨; | આવ.નિ. ૯૩૨ની વૃ; | પિંડનિ. ૪૮૩ + વૃ; |
| દસ.ચૂ.પૃ. ૧૭; | ઉત્ત.મૂ. ૩૦૮ + વૃ; | નંદી.મૂ.૧ની વૃ; |

— x — x —

### ૦ ગૈરિક તાપસની કથા :–

(*આ કથા કાર્તિક શ્રેષ્ઠીની કથામાં શ્રમણ વિભાગમાં આવી ગયેલ છે. જેનો કથાસાર અત્રે રજૂ કરેલ છે. વિસ્તૃત કથા માટે* જુઓ "કાર્તિક શ્રમણ" કથા)

તે કાળે, તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું. માસક્ષમણ – માસક્ષમણ કરતો એવો ગૈરિક તાપસ (એક પરિવ્રાજક) આવ્યો. ત્યારે કાર્તિક શ્રેષ્ઠી સિવાય બધાં તેના ભક્ત થયા. આ વાત જાણી ગૈરિક તાપસ તેના પર ઘણો ક્રોધિત થયો – x – x – રાજા જિતશત્રુએ તેને પારણા માટે નિમંત્રણ આપ્યું ત્યારે ગૈરિક તાપસે કહ્યું કે, જો કાર્તિક શ્રેષ્ઠી આવીને મને ભોજન પીરસે તો હું પારણું કરવાને આવું – x – x – રાજાભિયોગથી કાર્તિક શ્રેષ્ઠી આવ્યા. ત્યારે ગૈરિક તાપસે તેને નાક પર આંગળી ઘસી દર્શાવ્યું કે, તારું નાક કપાયુંને ?

કાર્તિક શ્રેષ્ઠી દીક્ષા લઈ – x – x – શક્રેન્દ્રરૂપે ઉત્પન્ન થયો. ગૈરિક તાપસ

સ્તેનાભિયોગથી અજ્ઞાન કષ્ટ કરી શક્રેન્દ્રના વાહનરૂપ ઐરાવણ દેવ (હાથી) થયો. – x – x – તેને જોઈને નાસતા ઐરાવણને તર્જના કરી શક્રએ મૂળરૂપે સ્થિર કર્યો.

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| *સૂય.ચૂ.પૃ. ૨૬૨;* | *ઠા. ૯૭૪ + વૃ;* | *ભગ. ૭૨૭;* |
| *આવ.મૂ. ૬૩ની વૃ;* | *આવ.ચૂ.૨–પૃ. ૨૭૬, ૨૭૭;* | *કલ્પ. ૧૪ની વૃ;* |

— x — x —

## ૦ ધર્મરુચિ તાપસની કથા :–

*(આ કથા પ્રત્યેકબુદ્ધ કથાનકોમાં આવે છે. પણ પૂર્વે તે પરિવ્રાજક/તાપસ હતા. તેના આ તાપસપણાનો કથાસાર અત્રે રજૂ કરેલ છે.)*

વસંતપુર નગરે જિતશત્રુ રાજા – x – x – ધારિણી રાણી – x – x – ધર્મરુચિ પુત્ર હતો – x – x – x – રાજા જિતશત્રુની સાથે ધર્મરુચિ યુવરાજે પણ તાપસ દીક્ષા અંગીકાર કરી – x – x – બંને તાપસપણે વિચરવા લાગ્યા. કોઈ વખતે અમાવાસ્યા આવી. તાપસના અધિપતિએ એવી ઉદ્‌ઘોષણા કરી કે, આવતીકાલે અમાવાસ્યા છે. તેથી સર્વે તાપસોએ ફળફૂલ આદિનો જે કંઈ સંગ્રહ કરવો હોય તે આજે જ કરી લેવો. આવતીકાલે અમાવાસ્યા હોવાથી છેદન–ભેદન ન કરવું.

ધર્મરુચિ તાપસને મનોમન થયું કે, આ આચાર કેટલો સારો છે ? હંમેશા આવો આચાર પાળવાનો હોય તો કેવું સુંદર ? – x – x – સાધુ ભગવંતોને જોઈને ધર્મરુચિએ પૂછ્યું કે, શું તમારે પણ આજે અનાકુટ્ટિ છે ? – x – x – સાધુએ કહ્યું, અમારે યાવજ્જીવન અનાકુટ્ટિ વર્તે છે – x – x – ધર્મરુચિ આ વાત પૂર્વે ક્યાંક શ્રવણ કરી છે તેમ લાગ્યું – x – x – જાતિસ્મરણ જ્ઞાન થયું – x – x – પૂર્વે સર્વ સાવદ્યનો ત્યાગ કર્યાનું યાદ આવ્યું – x – x – પ્રત્યેકબુદ્ધ થઈ ગયા.

*૦ આગમ સંદર્ભ :–*

| | | |
|---|---|---|
| *આયા. ૪ની વૃ;* | *આવ.નિ. ૮૭૭ + વૃ;* | *આવ.ચૂ.૧–પૃ. ૪૯૮;* |
| *આવ.નિ. ૮૭૬ની વૃ;* | | |

— x — x —

## ૦ શિવ તાપસની કથા :–

*(આ કથા શિવરાજર્ષિની કથામાં વિસ્તારથી આવી ગયેલી છે. અહીં માત્ર તેના તાપસપણાનો કથાસાર આપેલ છે.* કથા જુઓ "શિવરાજર્ષિ")

તે કાળે, તે સમયે હસ્તિનાપુર નગરમાં શિવ નામે રાજા હતો – x – x – x – તેણે કોઈ દિવસે – x – x – દિશાપ્રોક્ષિક પ્રવ્રજ્યા અંગીકાર કરવા વિચાર્યું. લોઢી, લોહકડાહ, કડછા, તાંબાના તાપસના ઉપકરણો લઈને ગંગાના કિનારે રહેતા વાનપ્રસ્થ તાપસો – x – x – પાસે મુંડિત થઈને દિશાપ્રોક્ષિક પ્રવ્રજ્યા અંગીકાર કરી. પછી અભિગ્રહ કર્યો કે, મારે જીવનપર્યંત છટ્ઠ ભક્ત તપ કરવો. નિત્ય આતાપના લેવી.

પ્રથમ છટ્ઠના પારણે આતાપના ભૂમિથી નીચે ઉતર્યો. વલ્કલ વસ્ત્ર પહેર્યા – x – x – કાવડ લીધી – x – પૂર્વ દિશાને પ્રોક્ષિત કરી – x – x – ત્યાં વિદ્યમાન કંદ,

મૂળ આદિ હરિત વનસ્પતિ ગ્રહણ કરી – x – x – કાવડ ભરી. – x – x - પાછા આવીને વેદિકા બનાવી – x – x – ગંગા સ્નાન કર્યું – x – x – આવીને અગ્નિ પ્રજ્વલિત કર્યો. અગ્નિની દક્ષિણ બાજુ સકથા, વલ્કલ, દીપ, શય્યા, ઉપકરણ, કમંડલુ, દારુદંડ સ્થાપ્યા.

ત્યારપછી મધુ, ઘી અને ચોખાથી અગ્નિમાં હોમ કર્યો. – x – x – વૈશ્વદેવ તથા અતિથિની પૂજા કરી – x – x – સ્વયં ભોજન કર્યું.

એ જ રીતે બીજી વખત દક્ષિણ દિશા પ્રોક્ષિત કરી, ત્રીજી વખત પશ્ચિમ દિશા પ્રોક્ષિત કરી, ચોથી વખત ઉત્તર દિશાપ્રોક્ષિત કરી, પૂર્વોક્ત વિધિએ સ્વયં ભોજન કર્યું.

કોઈ દિવસે – x – x – શિવ તાપસને વિભંગ જ્ઞાન થયું – x – x – સાત દ્વીપ અને સાત સમુદ્ર પર્યંત જોવા લાગ્યો – x – x – હસ્તિનાપુરમાં બધે કહેવા લાગ્યો કે, – x – x – સાત દ્વીપ, સાત સમુદ્રપર્યંત જ આ લોક છે, પછી લોકનો અંત થાય છે – x – x – ભગવંત મહાવીર સમોસર્યા – x – x – x – x – તેમણે અસંખ્યાતા દ્વીપ–સમુદ્ર પર્યંતનો બોધ આપ્યો – x – x – x – પરંપરાએ આ વાત સાંભળીને શિવ તાપસ ભગવંત મહાવીર પાસે આવ્યો – x – x –

ભગવંત મહાવીરથી તે તાપસ પ્રતિબોધ પામ્યો – x – x - તેણે દીક્ષા લીધી. – x – x – x – યાવત્ – x – x – મોક્ષે ગયો.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૭૩૨ + વૃ;* *ભગ. ૫૦૬ થી ૫૦૮;* *ભગ. ૫૨૪ની વૃ;*
*આવ.નિ. ૮૪૬ + વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૪૬૯;*

— x — x —

**૦ શુક્ર પરિવ્રાજક કથા :–**

*(આ કથા થાવચ્ચાપુત્ર શ્રમણ કથાની અંતર્ગત્ કથારૂપે વિસ્તારથી આવી ગયેલ છે. અહીં માત્ર તેના પરિવ્રાજકપણાંનો કથાસાર રજૂ કરેલ છે.)*

તે કાળે, તે સમયે શુક્ર નામક પરિવ્રાજક હતો. જે ચારે વેદોમાં, ષષ્ઠિતંત્રમાં સાંખ્યદર્શનમાં નિપુણ હતો. યમ, નિયમ, શૌચમૂલક પરિવ્રજક ધર્મથી યુક્ત હતો. દાનધર્મ, શૌચધર્મ, તીર્થ સ્નાનનો ઉપદેશ કરતો હતો. ભગવા વસ્ત્રો, ત્રિદંડ, કુંડિકા, કમંડલુ, છત્ર, છત્રાલિકા, અંકુશ, પવિત્રી, કેસરિકાએ ઉપકરણો લઈને ૧૦૦૦ પરિવ્રાજકોથી પરિવૃત્ત થઈને સૌગંધિકા નગરીના પરિવ્રાજક મઠે આવ્યો – x – x – સાંખ્ય મતથી પોતાના આત્માને ભાવિત કરતો વિચરવા લાગ્યો.

– x - x – પર્ષદા નીકળી, સુદર્શન પણ આવ્યો – x – x – શુક્ર પરિવ્રાજકે સાંખ્યમતનો ઉપદેશ આપ્યો. શૌચમૂલક ધર્મની પ્રરૂપણા કરી – x – x – શૌચથી જ સ્વર્ગે જવાય છે, તેમ પ્રરૂપણા કરી – x – x – સુદર્શને શૌચમૂલક ધર્મ સ્વીકાર્યો.

થાવચ્ચાપુત્ર અણગાર પધાર્યા – x – x – સુદર્શનને વિનયમૂલક ધર્મ કહ્યો – x – x – ખરેખર શુદ્ધિ શૌચથી પણ – x – x – વિરમણથી થાય છે, તે સમજાવ્યું – x – x – પ્રતિબોધ પામી સુદર્શને શ્રાવક ધર્મ સ્વીકાર્યો.

શુક્ર પરિવ્રાજક આ સમાચાર જાણી – x – x – સૌગંધિકા નગરી આવ્યો – x – x – સુદર્શન સાથે શુક્ર પરિવ્રાજક થાવચ્ચાપુત્ર પાસે પહોંચ્યા – x – x – થાવચ્ચાપુત્ર સાથે શુક્ર પરિવ્રાજકને યાત્રા, યાપનીય, અવ્યાબાધ, પ્રાસુકવિહાર ઇત્યાદિ વિષયે (વિસ્તારથી) – x – x – સંવાદ થયો – x – x – x – થાવચ્ચાપુત્રોના ઉત્તરથી પ્રતિબોધ પામીને શુક્રપરિવ્રાજકે શ્રમણ દીક્ષા અંગીકાર કરી – x – મોક્ષે ગયા.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૬૭, ૬૮;*

— x — x —

**૦ કપિલ અન્યતીર્થિકની કથા :–**

(ગૌતમસ્વામીનો જીવ જ્યારે) રાજકુમાર કપિલ હતો – x – x – ત્યારે ભગવંત મહાવીરનો જીવ જે મરીચિ હતો તેની પાસે પરિવ્રાજકપણાથી પ્રવ્રજિત થયો. (*આ કથા ભગવંત મહાવીરના* મરીચિની ભવની કથામાં *આવી ગયેલ છે.*)

ત્યારપછી કપિલે સાંખ્યમતની સ્થાપના કરી – x – x – આસુરી નામે તેનો શિષ્ય હતો – x – x – કપિલે તેને ષષ્ઠિતંત્રનું શિક્ષણ આપેલું.

*૦ આગમ સંદર્ભ :–*

*સૂય.નિ. ૨૭ની વૃ;* *ભગ. ૩૨ની વૃ;* *પણ્હ. ૧૧ની વૃ;*
*નિસી.ભા. ૩૩૫૪ની ચૂ;* *આવ.નિ. ૪૩૭ + વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૧૯૩, ૨૨૮;*
*દસ.ચૂ.પૃ. ૧૭;* *ઉત્ત.નિ. ૨૮ની વૃ;*

— x — x —

*ઋષિભાષિત પયન્નામાં જે પ્રત્યેકબુદ્ધોનો ઉલ્લેખ છે, તેના વિશે એમ જાણવા મળે છે કે આ બધાં પૂર્વે પરિવ્રાજકો/અન્યતીર્થિકો હતા. પણ બધાંની કથાઓ પ્રાપ્ત થતી નથી. યત્કિંચિત્ પ્રાપ્ત થઈ છે તે અહીં પ્રત્યેકબુદ્ધ કે શ્રમણ વિભાગમાં નોંધી જ છે. તેથી માત્ર એ ખ્યાલ રાખવું અન્યતીર્થિકોની કથામાં ઋષિભાષિતમાં જણાવેલા બધાં જ પ્રત્યેકબુદ્ધો અન્યતીર્થિક હતા.*

## મુનિ દીપરત્નસાગર સંકલિત અને અનુવાદિત અન્યતીર્થિક કથા સમાપ્ત

— x — x —

# ખંડ–૯ અન્ય કથાનક

*પૂર્વે ઉત્તમચરિત્રથી આરંભીને અન્યતીર્થિક સુધીના કથા વિભાગમાં સમાવેશ ન પામતી એવી કથાઓ આ વિભાગમાં રજૂ કરેલ છે.*

*તે માટે અમે બે અલગ–અલગ અધ્યયનો પસંદ કર્યા છે. (૧) પ્રથમ અધ્યયનમાં અમે ફક્ત "અશુભકર્મના વિપાકો" દર્શાવતી દશ કથાઓ લીધી છે અને (૨) બીજા અધ્યયનમાં આ સિવાયની કેટલીક કથાઓ સમાવેલ છે.*

## ❋ અધ્યયન–૧ દુઃખવિપાકી કથાઓ :–

આગમોમાં વિપાકશ્રુત નામે એક આગમ છે. જેના પ્રથમ શ્રુતસ્કંધમાં દુઃખ વિપાકમાં દશ અધ્યયનો ફરમાવેલા છે. તે આ પ્રમાણે–

**૦ મૃગાપુત્રની કથા :–**

તે કાળે, તે સમયે મૃગા ગ્રામ નામે નગર હતું. તેના ઇશાન ભાગે ચંદનપાદપ નામે ઉદ્યાન હતું. જે સર્વઋતુઓના પુષ્પો–ફળોથી સમૃદ્ધ હતું. તે ઉદ્યાનમાં સુધર્મા નામે યક્ષનું યક્ષાયતન હતું જે પૂર્ણભદ્ર ચૈત્ય સમાન પ્રાચીન હતું. તે મૃગાગ્રામ નગરમાં વિજય નામે એક ક્ષત્રિય રાજા રહેતો હતો. તે વિજય ક્ષત્રિયની મૃગા નામે રાણી હતી. જે અહીન, પ્રતિપૂર્ણ, પંચેન્દ્રિય શરીરવાળી હતી.

**૦ મૃગાપુત્રનું જન્માંધત્વ આદિ :–**

તે વિજય ક્ષત્રિયનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામે એક બાળક હતો. તે બાળક જન્મકાળથી જ અંધ, મુંગો, બહેરો, પંગુ, હુંડ અને વાત રોગી હતો. તે બાળકના હાથ, પગ, કાન, નેત્ર, નાસિકા પણ ન હતો. કેવળ તેના અંગોપાંગોનો આકારમાત્ર હતો તે પણ ઉચિત રૂપે ન હતો.

તે મૃગાદેવી તે મૃગાપુત્ર દારકને ગુપ્તભૂમિગૃહમાં ગુપ્તરૂપે આહારાદિ દ્વારા પાલનપોષણ કરતી પોતાનો સમય વ્યતીત કરતી હતી.

**૦ ગૌતમસ્વામી દ્વારા જન્માંધ પુરુષ સંબંધી પૃચ્છા :–**

તે મૃગાગ્રામ નગરમાં એક જન્માંધપુરુષ રહેતો હતો. આંખવાળા એક વ્યક્તિના સહારે તે આગળ–આગળ લઈ જવાતો હતો. જટાજૂટ જેવા અત્યંત અસ્તવ્યસ્ત, વિખરાએલા વાળથી યુક્ત મસ્તકવાળો અને અતિ મેલો–ધુળીયો હોવાથી સદૈવ તેની આસપાસ માખીઓ બણબણતી રહેતી હતી. તે મૃગાગ્રામ નગરના ઘેર ઘેર દૈન્યવૃત્તિથી ભીખ માંગીને પોતાની આજીવિકા ચલાવતો સમય વીતાવતો હતો.

તે કાળે, તે સમયે પૂર્વાનુપૂર્વી ક્રમે ગ્રામાનુગ્રામ સુખે સુખે વિચરતા શ્રમણ ભગવંત મહાવીર મૃગાગ્રામ નગરના ચંદન–પાદપ ઉદ્યાનમાં પધાર્યા. વંદનાર્થે પર્ષદા નીકળી.

ત્યારે વિજય ક્ષત્રિય પણ આ વાત જાણીને કોણિક રાજાની માફક નીકળ્યો – યાવત્ – પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યારે તે જન્માંધ પુરુષે લોકોના અવાજો, ભીડ, વાતચીત, કોલાહલ સાંભળીને પોતાની સાથેના પુરુષને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિય ! શું આજે મૃગાગ્રામમાં ઇન્દ્ર મહોત્સવ કે સ્કંદ મહોત્સવ છે અથવા કોઈ ઉદ્યાન–ગિરિયાત્રા છે. કે જેથી આ ઘણાં જ

ઉગ્ર–ભોગવંશીય આદિ એકજ દિશામાં મુખ રાખી જઈ રહ્યા છે ?

ત્યારે તે પુરુષે તે જન્માંધપુરુષને કહ્યું, હે દેવાનુપ્રિય ! આજે મૃગાગ્રામ ઇન્દ્ર મહોત્સવ આદિ કશું નથી. પણ હે દેવાનુપ્રિય ! ધર્મના આદિકર, તીર્થંકર શ્રમણ ભગવંત મહાવીર અહીં પધાર્યા છે. આ જ મૃગા ગ્રામ નગરના ચંદનપાદપ ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અભિગ્રહ લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરી રહ્યા છે. તેથી આ બધાં લોકો – યાવત્ – જઈ રહ્યા છે.

ત્યારે તે જન્માંધ પુરુષે તે પુરુષને કહ્યું, ચાલો આપણે પણ જઈએ અને શ્રમણ ભગવંત મહાવીરને વંદન–નમસ્કાર કરીએ, સત્કાર–સન્માન કરીએ. તેમજ કલ્યાણ, મંગલ, દેવ અને ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરીએ. ત્યારે તે જન્માંધપુરુષ તે પુરુષ દ્વારા લાકડીને સહારે લઈ જવાતો શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યો. ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા – યાવત્ – પર્યુપાસના કરવા લાગ્યો.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે વિજય રાજાને અને તે વિશાળ પર્ષદાને ધર્મોપદેશ આપ્યો. પર્ષદા પાછી ફરી, વિજય પણ ગયો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઇન્દ્રભૂતિ અણગાર – યાવત્ – સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા. તેમણે આ જન્માંધ પુરુષને જોયો. જોઈને તેમને જિજ્ઞાસા, સંશય, કુતૂહલ થયા. વિશેષ સંશય, જિજ્ઞાસા, કુતૂહલ થયા. તેઓ પોતાના સ્થાનેથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. ભગવંત ત્રણ વખત પ્રદક્ષિણા આપી. વંદન–નમસ્કાર કર્યા. ઉચિત સ્થાને રહીને શુશ્રુષા કરતા, બે હાથ જોડી, સવિનય પર્યુપાસના કરતા પૂછ્યું–

હે ભગવન્ ! શું એવો કોઈ પુરુષ હોય કે જે જન્માંધ, જન્માંધરૂપ હોય ?

હાં, ગૌતમ ! એવો પુરુષ છે.

**૦ ભગવંત દ્વારા મૃગાપુત્રનું સ્વરૂપ–નિવેદન :–**

હે ભગવન્ ! જન્માંધ, જન્માંધરૂપ એવો પુરુષ ક્યાં છે ?

હે ગૌતમ ! આ જ મૃગાગ્રામ નગરમાં વિજય ક્ષત્રિય અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામે બાળક છે, જે જન્માંધ અને જન્માંધરૂપ છે તે બાળકના હાથ, પગ, કાન, આંખ, નાક કશું નથી કેવળ તે અંગોપાંગની આકૃતિ–ચિહ્ન રૂપ છે. તે મૃગાદેવી તે મૃગાપુત્ર બાળકને ગુપ્તભૂમિ ગૃહમાં ગુપ્તરૂપે પાલન–પોષણ કરતી વિચરી રહી છે.

**૦ ગૌતમનું મૃગાપુત્રને જોવા જવું :–**

ત્યારપછી ગૌતમસ્વામીએ ભગવંતને વંદન–નમસ્કાર કરીને કહ્યું, હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું તે મૃગાપુત્ર બાળકને જોવા ઇચ્છું છું.

હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરની આજ્ઞા પામી, હર્ષિત–સંતુષ્ટ થયેલ ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીર પાસેથી નીકળ્યા. ત્વરા, ચપળતા, સંભ્રાતતા રહિત યુગાંતર ભૂમિનું નિરીક્ષણ કરતા, આગળ–આગળ ભૂમિની ચક્ષુ વડે પ્રમાર્જના કરતા કરતા મૃગાગ્રામ નગરથી નીકળી મૃગાદેવીના ઘેર આવ્યા.

ત્યારે મૃગાદેવીએ ગૌતમસ્વામીને આવતા જોયા, જોઈને તેણી હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમપ્રસન્ન અને હર્ષિના વશથી વિકસિત હૃદયવાળી થઈને પોતાના આસનેથી ઊભી થઈ, સાત–આઠ ડગલા સન્મુખ જઈ, ત્રણ વખત પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા. પછી કહ્યું, આપના પધારવાનું પ્રયોજન જણાવો.

ત્યારે ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું, હે દેવાનુપ્રિયા ! હું આપના પુત્રને જોવાને માટે અહીં આવ્યો છું.

ત્યારે મૃગાદેવીએ મૃગાપુત્ર પછી જન્મેલા ચાર પુત્રોને અલંકૃત્ કરીને ગૌતમસ્વામીના ચરણે વંદન કરાવ્યા. પછી કહ્યું, આ મારા પુત્રોને જુઓ.

ત્યારે ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું, હે દેવાનુપ્રિયા ! હું તમારા આ પુત્રોને જોવા નથી આવ્યો. તમારો જ્યેષ્ઠ પુત્ર મૃગાપુત્રદારક જે જન્માંધ અને જન્માંધરૂપ છે તથા જેને તમે ગુપ્તભૂમિગૃહમાં ગુપ્ત રીતે રાખીને ભોજન–પાન દ્વારા સાવધાનીથી પાલન–પોષણ કરી રહ્યા છો. તેને જોવાને માટે આવ્યો છું.

ત્યારે મૃગાદેવીએ ગૌતમસ્વામીને કહ્યું, હે ગૌતમ ! એવા કોણ જ્ઞાની અને તપસ્વી છે, જેણે મારી આ ગુપ્ત વાત આપને બતાવી અને આપે જાણી ?

ત્યારે ગૌતમ સ્વામીએ મૃગાદેવીને કહ્યું, મારા ધર્માચાર્ય શ્રમણ ભગવંત મહાવીર તથારૂપ જ્ઞાની અને તપસ્વી છે. જેમણે તમારી આ ગુપ્ત વાત મને શીઘ્ર બતાવી છે અને મેં જાણી છે. આ વાત ચાલતી હતી તેટલામાં મૃગાપુત્ર બાળકના ભોજનનો સમય થયો.

ત્યારે મૃગાદેવીએ ગૌતમસ્વામીને કહ્યું, હે ભદંત ! આપ અહીં જ રહો. રોકાઓ, ત્યાં સુધીમાં હું આપને મારા મૃગાપુત્ર બાળકને દેખાડું છું. એમ કહી તેણી ભોજનગૃહે પહોંચી, વસ્ત્ર બદલાવ્યા. લાકડાની ગાડી લીધી. વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજન લીધું. લાકડાની ગાડીને ઠેલીને ગૌતમસ્વામી પાસે આવી, પછી કહ્યું, હે ભદંત ! મારી પાછળ આવો. હું આપને મૃગાપુત્ર બાળકને દેખાડું.

ત્યારપછી મૃગાદેવી તે ગાડીને ખેંચતી–ખેંચતી ભૂમિગૃહે આવી, ચાર પડના વસ્ત્રથી મુખને બાંધ્યુ. ગૌતમસ્વામીને કહ્યું કે તમે પણ મુખવસ્ત્રિકાથી મુખને બાંધી લો. ત્યારે ગૌતમસ્વામીએ મુખવસ્ત્રિકાથી મુખ બાંધ્યુ.

ત્યારપછી મૃગાદેવીએ બીજી તરફ મુખ ફેરવી ભૂમિગૃહનું દ્વાર ઉઘાડ્યું. ત્યારે તેમાંથી દુર્ગંધ નીકળી. તે દુર્ગંધ મૃતસર્પ, મૃતગાય, મૃત કૂતરો, બિલાડી, મનુષ્ય, મહિષ, ઉંદર, હાથી, સિંહ, વાઘ, વરુ, સુવર, ચિતાના કલેવર જેવી, મરેલ, સડેલ, ગળેલ–જાનવર દ્વારા ખવાયેલ, ક્ષત–વિક્ષત વિકારયુક્ત, દુરભિગંધ અને કીડાઓથી વ્યાપ્ત, અશુચિ, વિકૃત, બીભત્સ, ભયાવહ મૃતકલેવરની દુર્ગંધ કરતાં પણ અધિક અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ ગંધવાળી હતી.

ત્યારપછી તે મૃગાપુત્ર બાળકે તે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભોજનની ગંધથી આકૃષ્ટ થઈને, તે ભોજનમાં મૂર્છિત, આસક્ત, ગૃદ્ધ અને તલ્લીન થઈને તે વિપુલ અશન આદિને મુખ વડે ખાઈને જલ્દી વિનષ્ટ કરી દીધું. પછી લોહી અને પરુ રૂપે પરિણત કરી દીધું, પછી તે લોહી અને પરુ ચાટવા લાગ્યો.

**૦ મૃગાપુત્રના પૂર્વભવની પૃચ્છા :–**

ત્યારપછી તે મૃગાપુત્ર દારકને જોઈને ગૌતમસ્વામીને આવો આધ્યાત્મિક, ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. આ બાળક પૂર્વના પ્રાચીન, દુશ્ચીર્ણ, દુષ્ટતાથી ઉપાર્જિત, દુષ્પ્રતિકાંત અશુભ પાપરૂપ કર્મોના ફળનો અનુભવ કરી રહ્યો છે. મેં નરક અને નૈરયિક જોયા નથી, પણ આ બાળક સાક્ષાત્ નરકને પ્રતિરૂપ વેદના વેદી રહ્યો છે. આવું વિચારી મૃગાદેવીને પૂછીને તેણીના ઘેરથી નીકળ્યા. મૃગાગ્રામના મધ્યભાગેથી થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કર્યા, કરીને આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! હું આપની આજ્ઞાથી મૃગાદેવીના ઘેર ગયો – યાવત્ – પૂર્વવત્ સર્વ વર્ણન કરવું – યાવત્ – મને વિચાર આવ્યો કે આ બાળક પૂર્વવત્ અશુભ કર્મોને વેદતો કાળ પસાર કરી રહ્યો છે. હે ભગવન્ ! તે પૂર્વભવે કોણ હતો ? તેનું નામ અને ગોત્ર શું હતા ? તેણે એવું શું કર્યું ? શું આચર્યું કે તે આવા પાપરૂપ ફળ ફળ વિશેષનો અનુભવ કરતો વિચરી રહ્યો છે ?

**૦ મૃગાપુત્રનો પૂર્વભવ–(અક્ખાઈ રાઠોડ) એકાદિ રાષ્ટ્રકૂટ :–**

શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું, હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શતદ્વાર નામક નગર હતું. જે ઋદ્ધિસંપન્ન, સ્તિમિત, સમૃદ્ધ હતું. ત્યાં ધનપતિ નામે રાજા હતો. તે શતદ્વાર નગરથી થોડે દૂર દક્ષિણપૂર્વ ભાગે વિજય વર્ધમાન નામે ખેટક હતું. જે ઋદ્ધિ સંપન્ન, સ્તિમિત, સમૃદ્ધ હતું. તે વિજય વર્ધમાન ખેટના ૫૦૦ ગામો હતો.

તે વિજય વર્ધમાન ખેટમાં એકાદિ નામક રાષ્ટ્રકૂટ (અકખાઈ રાઠોડ) રાજા દ્વારા નિયુક્ત પ્રતિનિધિ હતો. જે અધર્માનુગ, અધર્મિષ્ઠ, અધર્મકથી, અધર્મપ્રલોકી, અધર્મઅનુરાગી, અધર્મ આચરણ કર્તા અને અધર્મથી આજીવિકા ચલાવનાર દુઃશીલ, દુર્વ્રત, દુષ્પ્રત્યાનંદ હતો. તે એકાદિ રાષ્ટ્રકૂટ વિજય વર્ધમાન ખેટના ૫૦૦ ગામોનું આધિપત્ય, પુરોવર્તિત્ય, સ્વામિત્ય, પાલકત્વ, આજ્ઞૈશ્વર્યત્વ, સેનાપતિત્વ કરતો હતો.

**૦ એકાદિ રાષ્ટ્રકૂટ દ્વારા પ્રજા પીડન :–**

ત્યારે તે એકાદિ રાષ્ટ્રકૂટ વિજયવર્ધમાન ખેટના ૫૦૦ ગામોને અનેક પ્રકારના કર, મહેસૂલ, લાંચ, દમન, વ્યાજ, જૂઠા અપરાધ, અસ્ત્ર–શસ્ત્ર વેચવા, ચોરપોષણ, ગામાદિને આગ લગાડી, પથિકોનો ઘાત કરી પ્રજાને પીડતો, ધર્મવિમુખ કરતો, તિરસ્કારતો, તાડિત કરતો, નિર્ધન કરતો વિચરતો હતો.

ત્યારે તે એકાદિ રાષ્ટ્રકૂટ વિજય વર્ધમાન ખેટના ઘણાં જ રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ તથા અન્ય અનેક ગ્રામીણ પુરુષોના અનેક કાર્યોમાં, કાર્યસાધક હેતુમાં, ગુપ્ત વિચારોમાં, નિશ્ચયો અને વ્યવહારોમાં સાંભળવા છતાં પણ કહેતો હતો કે, મેં સાંભળ્યું નથી, ન સાંભળ્યું હોવા છતાં કહેતો કે મેં સાંભળેલ છે. જોવા છતાં નથી જોયું, ન જોવા છતાં જોયું છે તેમ કહેતો. બોલવા છતાં નથી બોલ્યો અને ન બોલવા છતાં બોલ્યો છું તેમ કહેતો હતો. ગ્રહણ કરવા છતાં નથી ગ્રહણ કર્યું, ગ્રહણ ન કરવા છતાં ગ્રહણ કર્યું છે તેમ કહેતો – જાણવા છતાં નથી

જાણતો અને ન જાણવા છતાં જાણું છું એમ કહેતો હતો.

આ પ્રકારે તે એકાદિ રાષ્ટ્રકૂટ આવા કર્મોથી, કાર્યોથી, વિદ્યાથી, વિજ્ઞાનથી, આચારપાલનથી અત્યધિક દુઃખના કારણભૂત મલિન પાપકર્મોનું અર્જન કરી વિચરતો હતો, ત્યારે કોઈ સમયે તે એકાદિ રાષ્ટ્રકૂટના શરીરમાં એક સાથે સોળ અસાધ્ય રોગો ઉત્પન્ન થઈ ગયા. તે આ પ્રમાણે – શ્વાસ, કાસ, જ્વર, દાહ, કુક્ષિશૂલ, ભગંદર, અર્શ, અજીર્ણ, નેત્રશૂળ, મસ્તક શૂળ, અરુચિ, નેત્રવેદના, કર્ણવેદન, ખરજ, જલોદર અને કોઢ.

**૦ એકાદિના રોગની અસાધ્યતા :–**

ત્યારે આવા અસાધ્ય રોગાતંકથી ગ્રસ્ત થઈને એકાદિ રાષ્ટ્રકૂટે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું, હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિજયવર્ધમાન ખેટના શ્રૃંગાટકો – યાવત્ – માર્ગોમાં ઉદ્‌ઘોષણા કરાવો કે એકાદિ રાષ્ટ્રકૂટને સોળ અસાધ્ય રોગાતંક ઉત્પન્ન થયા છે. તેથી જે કોઈ વૈદ્ય–વૈદ્યપુત્ર, જાણકાર–જાણકારપુત્ર, ચિકિત્સક–ચિકિત્સકપુત્ર એકાદિ રાષ્ટ્રકૂટને આ સોળ રોગાતંકોમાંના કોઈ એક રોગાતંકને પણ ઉપશાંત કરી દેશે તેને એકાદિ રાષ્ટ્રકૂટ વિપુલ ધન–સંપત્તિ આપશે. આવી ઉદ્‌ઘોષણા કરાવી મારી આજ્ઞા પાછી સોંપો, ત્યારે તે કૌટુંબિક પુરુષોએ પણ આજ્ઞાપાલનની સૂચના આપી.

ત્યારપછી વિજય વર્ધમાન ખેટકમાં આ ઉદ્‌ઘોષણા સાંભળીને અનેક વૈદ્યો – યાવત્ – ચિકિત્સકપુત્રો હાથમાં શસ્ત્રકોશ લઈને પોતપોતાના ઘેરથી નીકળ્યા. એકાદિ રાષ્ટ્રકૂટ પાસે આવ્યા. આવીને એકાદિ રાષ્ટ્રકૂટના શરીરની પરીક્ષા કરી, રોગાતંક ઉત્પત્તિનું કારણ પૂછયું, પછી તેઓએ અનેક પ્રકારના અભ્યંગો, માલિશ, ઉબટન, સ્નેહ, પાન, વમન, વિરેચન, સ્વેદન, અવદન, અપસ્નાન, અનુવાસન, વસ્તિકર્મ, નિરુહ, શિરોવેધ, તક્ષણ, પ્રતક્ષણ, શિરોવસ્તી, તર્પણ, પુટપાક, છલા, મૂલ, જડ, કંદ, પત્ર, પુષ્પ, ફળ, બીજ, શિલિકા, ગોલિકા, ઔષધિ, ભેષજયના ઉપચારથી રોગને ઉપશાંત કરવા પ્રયત્ન કર્યો પણ તેઓ એક પણ રોગ ઉપશાંત કરી ન શક્યા.

ત્યારે તે અનેક વૈદ્યો – યાવત્ – ચિકિત્સક પુત્રો શ્રાંત, દુઃખિત અને ખેદખિન્ન થઈને જ્યાંથી આવ્યા હતા, ત્યાં પાછા ચાલ્યા ગયા.

**૦ એકાદિનું નરક ગમન :–**

ત્યારપછી સેવકોથી પરિત્યક્ત, ઔષધ–ભૈષજથી વિરક્ત, સોળ રોગાતંકોથી ગ્રસ્ત, રાજ્ય, રાષ્ટ્ર, કોશ, કોઠાર, બળ, વાહન, પુર, અંતઃપુર,માં મૂર્છિત, આસક્ત, ગુદ્ધ અને લિપ્ત તથા રાજ્ય આદિની ઇચ્છા, પ્રાર્થના, સ્પૃહા અને અભિલાષા કરતો, વ્યથિત–પીડિત અને પરાધીન થઈને તે ૨૬૦ વર્ષની આયુ પૂર્ણ કરી, મૃત્યુ પામી રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમની સ્થિતિ વાળા નારકોમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થયો.

**૦ મૃગાપુત્રના ભવે મૃગાદેવીની વેદના આદિ :–**

ત્યારપછી એકાદિનો જીવ નરકથી નીકળીને આ જ મૃગાગ્રામ નગરમાં વિજય ક્ષત્રિયની મૃગાદેવીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ત્યારે તે મૃગાદેવીના શરીરમાં ઉત્કટ, પ્રગાઢ, પ્રચંડ, દુઃખદ, તીવ્ર અને અસહ્ય વેદના ઉત્પન્ન થઈ, તેમજ મૃગાદેવી વિજય ક્ષત્રિયને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમણામ થઈ ગઈ.

ત્યારપછી કોઈ સમયે મધ્યરાત્રિએ જાગતી તે મૃગાદેવીને આવો આંતરિક – યાવત્ – સંકલ્પ ઉત્પન્ન થયો કે, હું પહેલાં વિજયક્ષત્રિયને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ, ચિંતનીય, વિશ્વાસપાત્ર અને અનુમત હતી. પરંતુ જ્યારથી મારે આ ગર્ભ ઉત્પન્ન થયો છે ત્યારથી અનિષ્ટ – યાવત્ – અમણામ થઈ ગઈ છું. વિજય ક્ષત્રિય મારા નામ કે ગોત્રને પણ સ્મરણ કરવા ઇચ્છતો નથી. તો દર્શન અને પરિભોગની તે વાત ક્યાં રહી ? તેથી મારે આ ગર્ભને અનેક ગર્ભ શાતનાઓ, વિધિ, યાતના, ગાલના, મારણા આદિથી સડાવી, પડાવી, ગળાવી કે મારી દેવો જોઈએ. આમ વિચારી તેણી ગર્ભને વિનષ્ટ કરવા પ્રયત્ન કરવા લાગી. પણ તે ગર્ભ સડ્યો, પડ્યો, ગળ્યો કે મૃત્યુ પામ્યો નહીં.

જ્યારે તે મૃગાદેવી ગર્ભના સડન, પતન, ગલન કે મારણમાં સમર્થ ન થઈ ત્યારે શરીરથી શ્રાંત, મનથી દુઃખી, ખેદખિન્ન થઈને ઇચ્છા ન હોવા છતાં વિવશતાથી તે ગર્ભને ધારણ કરવા લાગી.

**૦ ગર્ભગત મૃગાપુત્રના રોગાતંક :–**

ગર્ભગત બાળકની જે આઠ નાડી અંદર તરફ અને આઠ નાડી બહારની તરફ વહે છે, તેમાંથી તેની આઠ નાડીઓમાં પરુ અને આઠ નાડીઓમાં લોહી વહેતું રહેતું હતું. તેમજ આ સોળ નાડીઓમાંથી બે–બે નાડી કાનના વિવરમાં, નેત્રોમાં, નાસિકા છિદ્રોમાં અને ધમનીઓમાં નિરંતર પરુ અને લોહીનો પરિસ્રાવ કરતી રહેતી હતી. તે બાળકને ગર્ભાવસ્થામાં જ ભસ્મક નામક વ્યાધિ થઈ ગઈ. જેનાથી તે બાળક જે કંઈ ખાતો તે શીઘ્ર નાશ પામતું અને લોહી તથા પરુમાં પરિણત થઈ જતું હતું. તે આ લોહી અને પરુ પણ ખાઈ જતો હતો.

**૦ મૃગાપુત્રનો દેખાવ જોઈને ફેંકી દેવાનો વિચાર :–**

ત્યારે નવ માસ પુરા થયા ત્યારે તે મૃગાદેવીએ જન્માંધ, મુંગા, બહેરા, પંગુ, હુંડ અને વાત રોગી બાળકને જન્મ આપ્યો. તે બાળકના હાથ, પગ, કાન, નાક, નેત્ર આદિ કંઈ ન હતું. તેની આકૃતિ માત્ર હતી. ત્યારે મૃગાદેવીએ તે બેડોળ અને જન્માંધ બાળકને જોઈને ભયભીત, ત્રસ્ત, વ્યાકુળ, ઉદ્વિગ્ન અને ભયગ્રસ્ત થઈને ધાવમાતાને બોલાવીને કહ્યું, તમે જાઓ અને આ બાળકને એકાંતમાં કોઈ ઉકરડામાં ફેંકી દો.

ત્યારે ધાવમાતાએ "સારું" એમ કહીને મૃગાદેવીની તે વાત સ્વીકારી. જ્યાં વિજય ક્ષત્રિય હતાં ત્યાં આવી, આવી બંને હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરીને કહ્યું, હે સ્વામી ! મૃગાદેવીએ આવા બેડોળ – યાવત્ – જન્માંધ બાળકને જન્મ આપ્યો છે. ત્યારપછી મૃગાદેવી તેને જોઈને ભયભીત – યાવત્ – થઈને મને બોલાવીને કહ્યું કે, – યાવત્ – આ બાળકને એકાંત સ્થાને ઉકરડામાં ફેંકી આવ. તેથી હે સ્વામી ! આપ મને આજ્ઞા આપો કે હું આ બાળકને એકાંત સ્થાને ફેંકી આવું કે નહીં ?

**૦ મૃગાપુત્રનું ભૂમિગૃહમાં સ્થાપન :–**

ત્યારપછી તે વિજય ક્ષત્રિયે તે ધાવમાતાની આ વાત સાંભળીને જલ્દીથી વ્યાકુળ થઈને મૃગાદેવી પાસે આવ્યો. આવીને મૃગાદેવીને કહ્યું, હે દેવાનુપ્રિયે ! આ તારો પહેલો ગર્ભ છે. જો તું તેને એકાંત ઉકરડામાં ફેંકી દઈશ તો તારા સંતાન સ્થિર થશે નહીં. તેથી

તું આ બાળકને ગુપ્ત ભૂમિગૃહમાં રાખીને ગુપ્ત રીતે આહારાદિ દ્વારા પાલન પોષણ કરતી વિચર. જેથી તારા ભાવિ સંતાન સ્થિર રહે.

ત્યારે તે મૃગાદેવીએ વિજય ક્ષત્રિયના આ કથનને "સારું" એમ કહીને સ્વીકાર કર્યો, સ્વીકારીને તે બાળકને ગુપ્ત ભૂમિગૃહમાં ગુપ્ત રીતે ભોજનપાન દ્વારા પાલન કરતી વિચરવા લાગી. આ પ્રમાણે હે ગૌતમ ! મૃગાપુત્ર દારક પોતાના પૂર્વકૃત્ દુશ્ચીર્ણ, દુષ્પ્રતિકાંત, અશુભ પાપકર્મોનું ફળ ભોગવતો વિચરી રહ્યો છે.

**૦ મૃગાપુત્રના આગામી ભવો :–**

હે ભગવન્ ! મૃગાપુત્ર દારક અહીંથી મૃત્યુ પામી ક્યાં જશે ?

હે ગૌતમ ! મૃગાપુત્ર બાળક ૨૬ વર્ષનું પૂર્ણ આયુ ભોગવી મૃત્યુ સમયે મૃત્યુ પામી આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહરૂપે ઉત્પન્ન થશે. તે સિંહ અધર્મી, ઘણાં નગરોમાં જેની ખ્યાતિ ફેલાયેલી છે એવો શૂર, દૃઢ પ્રહારી અને સાહસી થશે. અત્યધિક મલિન પાપકર્મો ઉપાર્જન કરીને મૃત્યુ પામીને રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમ પ્રમાણવાળા નારકમાં નૈરયિક રૂપે ઉપજશે.

ત્યાંથી તે સિંહનો જીવ નીકળીને સરિસર્પ થશે, મરીને બીજી નરકે ત્રણ સાગરોપમવાળા નારકમાં નૈરયિક થશે. ત્યાંથી નીકળીને પક્ષીઓમાં ઉત્પન્ન થઈ ત્રીજી નારકીમાં સાત સાગરોપમની સ્થિતિવાળા નારકમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી તે સિંહ થશે. ત્યાંથી ચોથી નારકોમાં, ત્યાંથી સર્પ થશે, ત્યાંથી પાંચમી નારકોમાં, ત્યાંથી સ્ત્રીરૂપે જન્મી પછી છટ્ઠી નારકીમાં, ત્યાંથી મનુષ્યરૂપે જન્મીને સાતમી નારકીમાં જશે.

ત્યાંથી નીકળી જલચર પંચેન્દ્રિય તિર્યંચોમાં મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર, સુંસુમાર આદિ યોનિઓમાં ઉત્પન્ન થનારી કુલ કોટીઓની સંખ્યા સાડા બાર લાખ છે. તે એક–એક યોનિ ભેદમાં લાખો વખત જન્મમરણ કરતો તેમાંને તેમાં વારંવાર ઉત્પન્ન થશે.

ત્યારપછી ત્યાંથી નીકળીને ચતુષ્પદોમાં, ઉરપરિસર્પોમાં, ભુજપરિસર્પોમાં, ખેચરોમાં, ચતુરિન્દ્રિઓમાં, ત્રિ–ઇન્દ્રિયોમાં, દ્વિ–ઇન્દ્રિયોમાં, વનસ્પતિક કટુ વૃક્ષોમાં, કટુક દુધાળા વૃક્ષોમાં, વાયુકાય, તે ઉકાય, અપ્કાય અને પૃથ્વી કાયોના જીવોમાં લાખો વખત જન્મ–મરણ કરતો વારંવાર તેમાં જ ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળી સુપ્રતિષ્ઠપુરમાં બળદરૂપે જન્મશે. ત્યાં જ્યારે તે બળદ યુવાન થશે ત્યારે કોઈ સમયે વર્ષાઋતુના પ્રારંભમાં ગંગા મહાનદીના કિનારાની માટીને ખોદતા નદીનો કિનારો તુટી જવાથી મૃત્યુ પામી તે જ સુપ્રતિષ્ઠ નગરમાં કોઈ શ્રેષ્ઠી કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે બાલ્યભાવ છોડીને બૌદ્ધિક વિકાસ અને યુવાવસ્થાથી સંપન્ન થયા પછી તથારૂપ સ્થવિરોની પાસે ધર્મશ્રવણ કરીને અને હૃદયમાં ધારણ કરીને મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અણગાર પ્રવજ્યાથી પ્રવ્રજિત થશે.

ત્યાં તે ઇર્યા, ભાષા, એષણા, આદાન ભાંડ માત્ર નિક્ષેપ, ઉચ્ચાર પ્રશ્રવણ ખેલ સિંઘાણ જલ પારિષ્ઠાપનિકા સમિતિથી યુક્ત, મન, વચન, કાયગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી અણગાર થશે. ઘણાં વર્ષો સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરીને, આલોચના–પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થઈ પામી સૌધર્મકલ્પે દેવ થશે.

ત્યારપછી ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં આઢ્ય, અપરાભૂત એવા કુળોમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં દૃઢ પ્રતિજ્ઞ સમાન કળા શીખશે – યાવત્ – સિદ્ધિ પ્રાપ્ત કરશે. બોધ પામશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે–

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૨૩; સૂય.મૂ. ૩૮૪ની વૃ; ઠા. ૯૬૮ની વૃ;*
*વિવા. ૩ થી ૧૦; નિસી.ભા. ૩૭૩૯ની ચૂ;*

— x — x —

## ૦ ઉજ્ઝિતક કથા :–

તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામક નગર હતું. જે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ હતું. તેના ઇશાન ખૂણામાં દૂતિપલાશ ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં સુધર્મા યક્ષનુ યક્ષાયતન હતું. તે નગરમાં મિત્ર નામે રાજા હતો તેને શ્રી નામે રાણી હતી.

તે વાણિજ્યગ્રામ નગરમાં સંપૂર્ણ પાંચો ઇન્દ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળી – યાવત્ – પરમ સુંદરી ૭૨ કળાઓમાં કુશળ, ગણિકાના ૬૪ ગુણોથી યુક્ત, ૨૬ પ્રકારના વિષયગુણોમાં રમણ કરનારી, ૨૧ પ્રકારના રતિગુણોમાં પ્રધાન, કામશાસ્ત્ર પ્રસિદ્ધ પુરુષના ૩૨ ઉપચારોમાં કુશળ, સુપ્ત નવ અંગોથી જાગૃત, અઢાર ભાષામાં પ્રવીણ, શ્રૃંગારપ્રધાન વેષયુક્ત ગીત, રતિ, ગાંધર્વ, નાટ્યમાં કુશળ, મનને આકર્ષિત કરનારી, ઉત્તમ ગતિથી યુક્ત, જેના વિલાસભવન પર ઊંચી ધ્વજા ફરકી રહી છે, જેને રાજા તરફથી પારિતોષિકના રૂપમાં છત્ર, ચામર, બાલવ્યજનિકા, કૃપાપૂર્વક પ્રદાન કરાયેલ હતા અને કર્ણીરથ નામક રથમાં ગમનાગમન કરનારી હતી, એવી **કામધ્વજાગણિકા** રહેતી હતી. જે ૧૦૦૦ ગણિકાનું સ્વામિત્વ, નેતૃત્વ કરતી સમય વ્યતિત કરતી હતી.

તે વાણિજ્યગ્રામ નગરમાં વિજયમિત્ર નામે એક ધની સાર્થવાહ રહેતો હતો. તેને અન્યૂન પંચેન્દ્રિય શરીરથી સંપન્ન સુભદ્રા નામે ભાર્યા હતી. તેમનો પુત્ર **ઉજ્ઝિતક** નામે સર્વાંગ સંપન્ન અને સુરૂપ બાળક હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વાણિજ્યગ્રામ નગરમાં પધાર્યા. પર્ષદા નીકળી. રાજા પણ કોણિકરાજાની માફક નીકળ્યો. ભગવંતે ધર્મ કહ્યો. પર્ષદા તથા રાજા બંને પાછા ફર્યા.

**૦ ગૌતમ દ્વારા ઉજ્ઝિતકની વધ્ય સ્થિતિનું દર્શન :–**

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ઇન્દ્રભૂતિ નામે અણગાર કે જે સંક્ષિપ્ત તેજોલેશ્યાના ધારક હતા, છટ્ઠની તપસ્યા કરતા હતા. તેઓ ભિક્ષાર્થે વાણિજ્યગ્રામ નગરમાં પધાર્યા. ત્યાં રાજમાર્ગે તેણે અનેક હાથીઓને જોયા. તે હાથીઓ યુદ્ધને માટે ઉદ્યત હતા. જેણે કવચ પહેરેલા, શરીરરક્ષક ઉપકરણ ધારણ કરેલા, જેનાથી તેના ઉદર દૃઢ બંધનથી બાંધેલા હતું. તેની ઝૂલની બંને તરફ ઘંટ લટકતા હતા. જે વિવિધ પ્રકારના મણિઓ અને રત્નોથી જડતિ વિવિધ પ્રકારના ગ્રૈવેયક પહેરેલા હતા. કવચાદિ સામગ્રી ધારણ કરેલા હતા. ધ્વજા તથા પંચવિધ શિરોભૂષણથી વિભૂષિત હતા. જેમના પર આયુધ અને પ્રહરણાદિ લઈને મહામત બેઠા હતા.

એ જ પ્રમાણે ત્યાં ઘણાં અશ્વોને પણ જોયા. જે યુદ્ધ માટે ઉદ્યત હતા. જેમને કવચ તથા શરીર રક્ષાના ઉપકરણ પહેરાવેલા હતા. તેમના શરીર પર સોનાની બનેલી ઝૂલ પડી હતી. તેમાં તનુત્રાણ લટકતા હતા. જેઓ બખ્તર અને લગામથી યુક્ત હતા. ક્રોધથી હોઠ ચાવતા હતા. ચામર અને સ્થાસકથી તેમને કટિભાગ પરિમંડિત હતો. તે અશ્વારોહી આયુધ અને પ્રહરણ ગ્રહણ કહેલા હતા.

એ જ પ્રમાણે અનેક પુરુષોને પણ જોયા. જે દૃઢ બંધનથી બાંધેલ લોહમય કુસૂલાદિથી યુક્ત કવચ શરીર પર ધારણ કરેલા, કસીને પટ્ટિકા બાંધેલા, ગળામાં ગ્રૈવેયક ધારણ કરેલા, ઉત્તમ ચિન્હપટ્ટ યુક્ત, આયુધો અને પ્રહરણોને ગ્રહણ કરેલા હતા.

તે પુરુષોની મધ્યે ગૌતમ સ્વામીએ એક પુરુષને જોયા, જેના હાથ પૃષ્ઠ ભાગે દોરીથી બાંધેલા હતા, નાક–કાન કાપેલા હતા, શરીર સ્નિગ્ધ કરેલું હતું. જેના કટિપ્રદેશે અને ઉપર વધ્ય પુરુષોચિત વસ્ત્રયુગ્મ ધારમ કરેલું. હાથમાં હથકડી હતી. કંઠમાં લાલ પુષ્પોની માળા હતી. ગેરુના ચૂર્ણથી જેને રંગેલ હતો. જે ભયત્રસ્ત અને પ્રાણધારણ કરવા માટે આકાંક્ષી હતો. જેને તલ–તલ કરીને ખંડિત કરતો હતો. તેના શરીરના માંસના નાના–નાના ટુકડા તેને ખવડાવતા હતા. તેને સેંકડો ચાબુકો મરાતા હતા. અનેક સ્ત્રી–પુરુષો વડે ઘેરાયેલો અને પ્રત્યેક ચૌટા આદિ પર ઉદ્‌ઘોષિત કરાતો હતો – હે મહાનુભવો ! આ ઉજ્ઝિતક બાળકને કોઈ રાજા કે રાજપુત્રએ કોઈ અપરાધ કર્યો નથી. પણ તેણે પોતાના કર્મોથી જ આ દુઃસ્થિતિ પ્રાપ્ત કરી છે.

**૦ ઉજ્ઝિતકના પૂર્વભવ સંબંધી પૃચ્છા :–**

ત્યારપછી તે પુરુષને જોઈને ગૌતમસ્વામીને આવો મનોસંકલ્પ ઉત્પન્ન થયો કે, અહો ! આ પુરુષ કેવી નરકતુલ્ય વેદના અનુભવી રહ્યો છે ? આમ વિચારતા વાણિજ્યગ્રામના ઉચ્ચ, નીચ, મધ્યમ ઘરોમાંથી યથાપર્યાપ્ત ભિક્ષા લઈને તેઓ શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. ભિક્ષા દેખાડી ભગવંતને વંદના–નમસ્કાર કરીને તેમને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્ ! આપની આજ્ઞાથી હું ભિક્ષાર્થે વાણિજ્યગ્રામમાં ગયો. ત્યાં મેં એક એવા પુરુષને જોયો જે સાક્ષાત્ નારકીય વેદના અનુભવતો હતો. હે ભગવન્ ! તે પુરુષ પૂર્વભવે કોણ હતો ? જે – યાવત્ – નરક જેવી વિષમ વેદના ભોગવી રહ્યો છે.

**૦ ઉજ્ઝિતકનો પૂર્વભવ "ગોત્રાસ" :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત ક્ષેત્રમાં હસ્તિનાપુર નામે એક સમૃદ્ધ નગર હતું. ત્યાં સુનંદરાજા હતો. તે હિમાલય પર્વત સમાન મહાન્ હતો તે હસ્તિનાપુર નગરના મધ્યમાં સેંકડો સ્તંભોથી નિર્મિત, સુંદર, મનોહર, પ્રાસાદીય એક વિશાળ ગોશાળા હતી. ત્યાં નગરના અનેક સનાથ અને અનાથ એવી નગરની ગાય, બળદ, નાની ગાય, ભેંસ, સાંઢ જેમને પ્રચુર માત્રામાં ઘાસ–પાણી મળતા હતા, તેઓ ભય અને ઉપસર્ગાદિથી રહિત થઈને પરમ સુખથી નિવાસ કરતા હતા.

તે હસ્તિનાપુરમાં ભીમ નામે કૂટગ્રાહ રહેતો હતો. તે સ્વભાવથી અધર્મી અને મુશ્કેલીએ પ્રસન્ન થનારો હતો. તેની ઉત્પલા નામે પત્ની હતી. જે અહીન પંચેન્દ્રિયવાળી હતી. કોઈ વખતે ઉત્પલા ગર્ભવતી થઈ. તેણીને ત્રણ માસ પછી દોહદ ઉત્પન્ન થયો.

તે માતાઓ ધન્ય છે, પુણ્યવતી છે, કૃતાર્થ છે, સુલાક્ષણા છે. તેમનું ઐશ્વર્ય સફળ છે, મનુષ્ય જીવન અને જન્મ પણ સાર્થક છે. જે અનેક અનાથ કે સનાથ પશુઓ – યાવત્ – વૃષભોના ઉધસ્, સ્તન, વૃષણ, પૂંછ, કકુદ, સ્કંધ, કર્ણ, નેત્ર, નાસિકા, જીભ, હોઠ, કંબલ કે જે શૂલ્ય, તળેલ, ભૃષ્ટ, શુષ્ક અને લવણસંસ્કૃત માંસની સાથે સુરા, મધુ, મેરક, સીધુ, પ્રસન્ના આ બધાં મદ્યોનો આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન તથા પરિભોગ કરતી પોતાતના દોહદપૂર્ણ કરે છે કાશ ! હું પણ મારા દોહદને આ જ રીતે પૂર્ણ કરું.

આવો વિચાર કરીને તે દોહદ પૂર્ણ ન થવાથી તે ઉત્પલા સૂકાવા લાગી. ભૂખ્યા જેવી લાગતી હતી. નિર્માંસ–અસ્થિ ચર્મવત્ થઈ ગઈ. રોગિણી અને રોગી સમાન શિથિલ શરીરી, નિસ્તેજ, દીન, ચિંતાતુર મુખવાળી થઈ ગઈ. તેનું શરીર ફીક્કુ તથા પીળું થઈ ગયું. નેત્ર તથા મુખ મુરઝાઈ ગયું. યથોચિત પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલ્ય, આભુષણ અને હાર આદિનો ઉપભોગ ન કરનારી, હાથ વડે મસળેલ માળા સમાન મ્લાન થઈ કર્તવ્ય–અકર્તવ્યથી વિવેકરહિત, ચિંતાગ્રસ્ત રહેવા લાગી.

ત્યારે ભીમ કૂટગ્રાહ ઉત્પલા કૂટગ્રાહિણી પાસે આવ્યો, તેણે આર્ત્ત ધ્યાન કરતી, ચિંતાગ્રસ્ત, ઉત્પલાને જોઈને બોલ્યો, દેવાનુપ્રિયે ! તું આ રીતે શોકાકૂળ થઈ, હથેળી પર મુખ રાખી આર્ત્તધ્યાન મગ્ન કેમ થઈ છો ?

હે સ્વામી ! ત્રણ માસ પૂર્ણ થતા મને આવો દોહદ ઉત્પન્ન થયો કે, તે માતાઓ ધન્ય છે – યાવત્ – જે પોતાનો દોહદ પૂર્ણ કરે છે. તે દોહદ પૂર્ણ ન થવાથી નિસ્તેજ અને હતોત્સાહ થઈને હું આર્ત્તધ્યાન મગ્ન છું.

ત્યારે ભીમ કૂટગ્રાહે કહ્યું, તું ચિંતાગ્રસ્ત અને આર્ત્તધ્યાન યુક્ત ન થા. હું તે બધું જ કરીશ જેનાથી તારો દોહદ પૂર્ણ થાય. આ પ્રકારે ઇષ્ટ, પ્રિય, કાંત, મનોહર, મનોજ્ઞ વચનોથી તેણીને આશ્વાસન આપ્યું.

ત્યારપછી ભીમ કૂટગ્રાહ અર્ધી રાત્રિએ એકલો જ દૃઢ કવચ પહેરી, ધનુષ્–બાણથી સજ્જિત થઈને, ગ્રૈવેયક ધારણ કરી, આયુધ–પ્રહરણ લઈને ઘેરથી નીકળ્યો અને હસ્તિનાપુર નગરમાં ગોમંડપે આવ્યો. ત્યાં નાગરિક પશુઓ – યાવત્ – વૃષભોમાંથી કોઈના ઊધસ્, કોઈના કંબલ આદિ અને કોઈના અન્યાન્ય અંગોપાંગોને કાપીને પોતાને ઘેર આવ્યો. આવીને પોતાની પત્ની ઉત્પલાને દેવા લાગ્યો.

ત્યારપછી તે ઉત્પલા તે અનેક પ્રકારના શૂલ આદિ પર પકાવેલા ગોમાંસોની સાથે અનેક પ્રકારની મદિરા આદિનું આસ્વાદન, વિસ્વાદન કરતી પોતાના દોહદ પરિપૂર્ણ કરે છે. એ રીતે તેણી પરિપૂર્ણ – સન્માનિત, વિનીત, વ્યુચ્છિન્ન અને સંપન્ન દોહદવાળી થઈને તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરે છે.

ત્યારપછી તે ઉત્પલા કૂટગ્રાહિણીએ નવ માસ પૂર્ણ થયા પછી પુત્રને જન્મ આપ્યો. જન્મતા જ તે બાળકે અતિ કર્ણકટુ અને ચીત્કારપૂર્ણ ભયંકર અવાજ કર્યો. તે બાળકના કઠોર, ચીત્કારપૂર્ણ શબ્દોને સાંભળીને હસ્તિનાપુરના ઘણાં સામાન્ય નાગરિક પશુ – યાવત્ – વૃષભ આદિ ભયભીત અને ઉદ્વેગને પ્રાપ્ત થઈને ચારે દિશામાં ભાગવા લાગ્યા. તેથી તેના માતાપિતાએ આ બાળકનું નામ ગોત્રાસ રાખ્યું. કેમકે તેના જન્મતા જ

ગાય વગેરે તે બાળકના ચીત્કારપૂર્વક આક્રંદનથી ઉદ્વિગ્ન થઈ ચારે તરફ ભાગેલી.

**૦ ગોત્રાસનું અધર્મીજીવન અને ગતિ :–**

ત્યારપછી તે ગોત્રાસ બાળક બાલ્યાવસ્થા પાર કરીને યુવાન થયો. કોઈ સમયે ભીમકૂટગ્રાહ મૃત્યુ પામ્યો. ત્યારે ગોત્રાસે પોતાના મિત્ર, જ્ઞાતિજન, નિજક, સ્વજન, સંબંધી અને પરિજન સહિત રુદન, વિલપન, આક્રંદન કરતા પોતાના પિતા ભીમ કૂટગ્રાહનો દાહ સંસ્કાર કર્યો. લૌકિક મૃતક ક્રિયા કરી.

ત્યારપછી સુનંદ રાજાએ કોઈ સમયે ગોત્રાસને કૂટગ્રાહ પદે સ્થાપ્યો. ગોત્રાસ પણ મહા અધર્મી અને દુષ્પ્રત્યાનંદ હતો. તે રોજ મધ્યરાત્રિ સમયે કવચ પહેરી, શસ્ત્રાસ્ત્ર ધારણ કરી ઘેરથી નીકળતો, ગોમંડપમાં જતો, અનેક ગાય આદિ નાગરિક પશુઓના અંગોપાંગ કાપીને આવતો. તે ગાય આદિ પશુઓના શૂલપક્વ, તળેલ, ભુંજેલ, સૂકા અને નમકીન માંસની સાથે મદિર આદિનું આસ્વાદન, વિસ્વાદન કરતો જીવન પસાર કરતો હતો.

ત્યારે તે ગોત્રાસ આ પ્રકારના કર્મોવાળો, આવા કાર્યોમાં પ્રધાનતાવાળો, આવી પાપવિદ્યાનો જ્ઞાતા તથા આવા ક્રૂર આચરણોવાળા વિવિધ પાપકર્મોનું ઉપાર્જન કરી ૫૦૦ વર્ષનું આયુ પૂર્ણ કરી ચિંતા અને દુઃખથી પીડિત થઈને મૃત્યુ પામી ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બીજા નરકમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયો.

**૦ ઉજ્ઝિતકરૂપે જન્મ :–**

વિજયમિત્રની સુભદ્રા પત્ની જાતનિંદુકા હતી. જન્મતા જ તેના બાળકો વિનાશ પામતા હતા. ગોત્રાસકૂટગ્રાહનો જીવ બીજી નરકથી નીકળી સીધો આ વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા પત્નીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. નવ માસ પૂર્ણ થયા પછી તે સુભદ્રા સાર્થવાહીએ પુત્રને જન્મ આપ્યો. જન્મતાં જ તે બાળકને ઉકરડામાં ફેંકાવી દીધો, પછી સુભદ્રા સાર્થવાહીએ તેને પાછો લેવડાવી લીધો.

ત્યારપછી ક્રમશઃ સંરક્ષણ અને સંગોપન કરતા તેને ઉછેરવા લાગી. ત્યારે તે બાળકના માતાપિતાએ સ્થિતિપતિતા અનુસાર પુત્રજન્મોચિત ક્રિયા કરી, ચંદ્ર, સૂર્ય દર્શન, જાગરણ આદિ મહાન્ ઋદ્ધિ અને સત્કાર સાથે કર્યા. અગિયારમો દિવસ વીત્યા બાદ બારમે દિવસે આ પ્રકારે માતાપિતાએ તે બાળકનું ગુણનિષ્પન્ન એવું નામકરણ કર્યું કે, આ બાળકને જન્મતાં જ ઉકરડામાં ફેંકી દીધેલ, તેથી અમારા આ બાળકનું "ઉજ્ઝિતક" નામ પ્રસિદ્ધ થાઓ. ત્યારપછી પાંચ ધાવમાતાઓ દ્વાર તે બાળક ઉછરવા લાગ્યો – યાવત્ – સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો.

**૦ વિજયમિત્ર–સુભદ્રાનું મૃત્યુ :–**

ત્યારપછી વિજયમિત્ર સાર્થવાહે વહાણ દ્વારા ગણિમ આદિ ચારે વેચવા યોગ્ય વસ્તુ લઈને લવણ સમુદ્રમાં પ્રસ્થાન કર્યું. પણ વહાણ વિનષ્ટ થઈ જવાથી તેની બધી મહામૂલ્ય વસ્તુઓ જલમગ્ન થઈ ગઈ. તે પોતે પણ સ્વયં ત્રાણરહિત અને અશરણ થઈને મૃત્યુ પામ્યો. ત્યારે ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સાર્થવાહોએ જ્યારે લવણસમુદ્રમાં વહાણનો નાશ, મૂલ્યવાન્ ક્રયાણકનું જલમગ્ન થવું અને વિજય મિત્રના મૃત્યુનો વૃત્તાંત સાંભળ્યો ત્યારે તેઓ જે હાથમાં આવ્યું તે ભાંડ–સાર આદિ લઈ એકાંત

સ્થાનમાં ચાલ્યા ગયા.

ત્યારપછી સુભદ્રા સાર્થવાહીએ જ્યારે વિજયમિત્ર સાર્થવાહના મૃત્યુ અને વહાણ નાશ થવાના સમાચાર સાંભળ્યા ત્યારે તે પતિવિયોગજન્ય મહાન્ શોકથી ગ્રસ્ત થઈ ગઈ, કુહાડાથી કપાયેલા ચંપક વૃક્ષની ડાળી માફક પૃથ્વીતલ પર પડી ગઈ, પછી એકાદ મુહૂર્ત બાદ તેણી આશ્વસ્ત થઈને અનેક મિત્રો, જ્ઞાતિજનો આદિથી ઘેરાઈને રુદન, ક્રંદન, વિલાપ કરતી વિજયમિત્રનું લૌકિક મૃતક ક્રિયા કર્મ કરે છે. પછી સુભદ્રા સાર્થવાહી પતિ વિયોગાદિથી ચિંતામગ્ન રહેતી કોઈ સમયે મૃત્યુ પામી.

**૦ ઉજ્ઝિતકનું સ્વેચ્છાચારી જીવન :–**

ત્યારપછી સુભદ્રા સાર્થવાહીના મૃત્યુના સમાચાર જાણીને નગરરક્ષકે ઉજ્ઝિતકને ઘરમાંથી કાઢી મૂક્યો. ત્યારે તે ઉજ્ઝિતકકુમાર વાણિજ્યગ્રામના ચોરે–ચૌટે, દ્યુતગૃહે, વેશ્યાગૃહે, મદ્યપાનગૃહે ભટકવા લાગ્યો. સ્વચ્છંદાચારી અને નિરંકુશ બનેલો તે ચોરી, જુગાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમનાદિ કરવા લાગ્યો. પછી કામધ્વજા વેશ્યા સાથે વિપુલ અને ઉદાર મનુષ્યસંબંધી વિષયભોગો ભોગવતો સમય વીતાવવા લાગ્યો.

ત્યારપછી તે વિજયમિત્ર રાજાની શ્રી નામક રાણીને યોનિશૂળ ઉત્પન્ન થયું. તેથી વિજયમિત્ર રાજા તેણીની સાથે કામભોગ ભોગવવા સમર્થ ન રહ્યો. કોઈ વખત તે રાજાએ ઉજ્ઝિતકકુમારને કામધ્વજાગણિકાને ત્યાંથી કઢાવી મૂક્યો અને પોતે કામધ્વજા વેશ્યા સાથે મનુષ્યસંબંધી ઉદાર–પ્રધાન વિષયભોગ ભોગવવા લાગ્યો.

કામધ્વજા ઘેરથી કાઢી મૂકાયા બાદ તેણીમાં જ મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન, તે ઉજ્ઝિતકકુમારને બીજે ક્યાંય સ્મૃતિ, રતિ, ધૃતિ પ્રાપ્ત ન થઈ, તેણીમાં જ ચિત્ત અને મનવાળો, તેણીના જ પરિણામ, અધ્યવસાય, પ્રત્યત્નવાળો, તેને મેળવવા ઉદ્યત, તેણીમાં જ મન–વચન અને ઇન્દ્રિયોને સમર્પિત કરનારો, તેણીની જ ભાવના ભાવતો કામધ્વજા વેશ્યાને ત્યાં જવાના ઉપાયો શોધવા લાગ્યો. અવસર મેળવી, ગુપ્તરૂપે તેણીના ઘરમાં પ્રવેશી કામધ્વજા સાથે વિપુલ ભોગ ભોગવવા લાગ્યો.

આ તરફ કોઈ સમયે રાજા સ્નાન, બલિકર્મ, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરીને, સર્વ અલંકારોથી અલંકૃત્ થઈને કામધ્વજા વેશ્યાને ઘેર આવ્યો. ત્યાં તેણે કામધ્વજા વેશ્યા સાથે ભોગ ભોગવતા ઉજ્ઝિતક કુમારને જોયો. જોતાં જ તે કોપાયમાન થઈ ગયો. પોતાના અનુચરો દ્વારા ઉજ્ઝિતક કુમારને પકડાવ્યો. યષ્ટિ, મુષ્ટિ, જાનુ, કૂર્પરના પ્રહારોથી તેના શરીરને ભાંગી નાંખ્યુ, અવકોટક બંધન વડે બાંધીને "આ જ પ્રકારે આ વધ્ય છે" તેવી આજ્ઞા કરી.

હે ગૌતમ ! આ રીતે તે ઉજ્ઝિતક પૂર્વકૃત્ પાપનું ફળ ભોગવી રહ્યો છે.

**૦ ઉજ્ઝિતકની ભાવિ ગતિ :–**

હે ભગવન્ ! આ ઉજ્ઝિતકકુમાર અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે ?

હે ગૌતમ ! તે ૨૫ વર્ષનું પૂર્ણ આયુ ભોગવી આજે ત્રિભાગાવશેષ દિવસે શૂળી દ્વારા ભેદાઈને મૃત્યુ પામી રત્નપ્રભાનારકીમાં ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાનરરૂપે

ઉત્પન્ન થશે. ત્યાં યુવાવસ્થા પામીને પશુસંબંધી ભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, આસક્ત, ભોગી થશે. ઉત્પન્ન વાનરબાળનું હનન કરશે. આવા કુકર્મમાં તલ્લીન તે મૃત્યુ પામીને આ જ જંબૂદ્વીપમાં ઇન્દ્રપુર નગરમાં ગણિકા પુત્રરૂપે ઉત્પન્ન થશે.

ત્યાં ઉત્પન્ન થતા જ તેને વર્દ્ધિતક બનાવી દેવાશે, નપુંસકને યોગ્ય કાર્ય શીખવાડશે. બાર દિવસ ગયા બાદ તેનું પ્રિયસેન નામ રાખશે. જ્યારે તે યુવાવસ્થા પ્રાપ્ત કરશે તથા વિજ્ઞ અને બુદ્ધિ આદિની પરિપક્વ અવસ્થા પ્રાપ્ત કરશે ત્યારે તે પ્રિયસેન નપુંસક રૂપ, યૌવન, લાવણ્યથી ઉત્કૃષ્ટ તથા ઉત્કૃષ્ટ શરીરવાળો થશે.

ત્યારપછી તે પ્રિયસેન નપુંસક ઇન્દ્રપુર નગરના રાજા, ઈશ્વર – યાવત્ – અન્ય મનુષ્યોને અનેક પ્રકારના પ્રયોગો, મંત્રો, ચૂર્ણ, ભસ્મ આદિથી હૃદયને શૂન્ય કરનાર, અદૃશ્ય કરનાર, વશ કરનાર, પ્રસન્ન કરનાર અને પરાધીન કરનારા પ્રયોગોથી વશીભૂત કરીને મનુષ્યસંબંધી ભોગો ભોગવતો સમય વીતાવશે. આ રીતે તે પાપપૂર્ણ કામો કર્યા કરશે.

તે પ્રિયસેન અનેક પાપકર્મોનું ઉપાર્જન કરીને ૧૨૧ વર્ષનું પરમ આયુ ભોગવીને, મૃત્યુ પામીને આ રત્નપ્રભા નરકમાં નારકરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી સરિસૃપ આદિ યોનિઓમાં જન્મ લેશે. ત્યાંથી મૃગાપુત્રની માફક સંસારભ્રમણ કરશે. પછી આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં ચંપાનગરીમાં ભેંસરૂપે જન્મ લેશે. ત્યાં ગોષ્ઠિકો તેને મારી નાંખશે.

ત્યારપછી તે જ નગરીમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે જન્મશે. બાલ્યાવસ્થા પસાર કરી યૌવનાવસ્થા પામીને તે તથારૂપ સ્થવિરોની પાસે બોધિલાભને પ્રાપ્ત કરશે. ત્યાંથી કાળ કરી સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે – યાવત્ – મૃગાપુત્ર માફક કર્મોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા.મૂ. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૧૧ થી ૧૬;*

— x — x —

**૦ અભગ્નસેનની કથા :–**

તે કાળે, તે સમયે પુરિમતાલ નામે નગર હતું. તેના ઇશાન ભાગે અમોઘદર્શી નામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘદર્શી યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં રાજા મહાબલ હતો.

તે પુરિમતાલ નગરના ઇશાન ખૂણાની સીમાન્તે શાલાટવી નામક ચોરપલ્લી હતી. જે પર્વતીય ગુફાઓના પ્રાંત ભાગે સ્થિત હતી. વાંસની જાળીની વાડરૂપ પ્રાકારથી ઘેરાયેલી હતી. છિન્ન પર્વતની ગર્તરૂપે ખાઈ વાળી હતી. તેમાં પાણીની પર્યાપ્ત સુવિધા હતી. ત્યાંથી ઘણે દૂર સુધી પાણી મળતું ન હતું. તેમાં મનુષ્યોને જવાના ઘણાં જ ગુપ્ત દ્વારો હતા. જાણકારો જ તેમાં નિર્ગમ કરી શકતા હતા. ઘણાં ચોરો દ્વારા ચોરીને લવાયેલ વસ્તુ પાછી લાવવાને ઉદ્યત મનુષ્યો પણ તેઓનો પરાજય કરી શકતા ન હતા.

તે શાલાટવી ચોરપલ્લીમાં વિજયનામક ચોર સેનાપતિ રહેતો હતો. તે મહા અધર્મી હતો – યાવત્ – તેના હાથ હંમેશા ખૂનથી રંગાયેલા રહેતા હતા. તેનું નામ અનેક નગરોમાં પ્રસિદ્ધ હતું. તે શૂરવીર, દૃઢ પ્રહારી, સાહસી, શબ્દવેધી તથા તલવાર અને લાઠીનો અગ્રગણ્ય યોદ્ધો હતો. તે સેનાપતિ તે ચોરપલ્લીમાં ૫૦૦ ચોરોનું સ્વામિત્વ, અગ્રેસરત્વ, નેતૃત્વ કરતો હતો.

તે વિજય ચોર સેનાપતિ અનેક ચોર, પારદારિક, ગ્રંથિભેદક, સંધિછેદક, ધૂર્ત આદિ લોકો તથા બીજા ઘણાં છિન્ન–ભિન્ન, શિષ્ટ મંડલીથી બહિષ્કૃત વ્યક્તિઓને માટે વાંસના વન સમાન ગોપક હતો. તે ચોર સેનાપતિ પુરિમતાલ નગરના ઇશાન ભાગના જનપદને, અનેક ગામો તથા નગરોનો નાશ કરતો, પશુઓનું હરણ કરતો, ચોરી કરતો, પથિકોને લુંટતો, ખાતર પાડતો, પીડિત કરતો, વિધ્વસ્ત કરતો, તર્જન તાડન કરતો, ધનધાન્યાદિથી રહિત કરતો તથા મહાબલ રાજાના રાજદેયકરને પણ વારંવાર સ્વયં ગ્રહણ કરતો વિચરતો હતો.

તે વિજય ચોર સેનાપતિની સ્કંદશ્રી નામની પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિયો યુક્ત સર્વાંગ સુંદરી પત્ની હતી. અભગ્નસેન નામે પુત્ર હતો. જે અન્યૂન પાંચ ઇન્દ્રિયોવાળો હતો. વિજ્ઞ–પરિપક્વ અને યુવાન હતો.

તે કાળે, તે સમયે પુરિમતાલ નગરમાં શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા, પર્ષદા નીકળી, રાજા પણ ગયો. ભગવંતે ધર્મદેશના આપી.

**૦ ગૌતમ દ્વારા સમગ્ર વધ્ય કુટુંબનું દર્શન :–**

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમ સ્વામી ભિક્ષાર્થે નીકળ્યા. તેમણે ઘણાં જ હાથી, ઘોડા, શસ્ત્રસજ્જ પુરુષોને જોયા. તે બધાંની વચ્ચે અવકોટક બંધનથી યુક્ત એક પુરુષને જોયો. રાજપુરુષો તે પુરુષોને ચત્વર પર બેસાડી તેની આગળ તેના આઠ લઘુપિતાઓને મારતા હતા. કશાદિ પ્રહારોથી તાડિત કરતા તેઓ દયનીય સ્થિતિ પ્રાપ્ત તે પુરુષને તેના જ શરીરમાંથી કાપેલ માંસના ટુકડા ખવડાવતા હતા અને લોહી પીવડાવતા હતા. બીજા ચત્વર પર તેની આઠ લઘુમાતાઓને તેની સમક્ષ તાડિત કરતા હતા – યાવત્ – લોહી પીવડાવતા હતા.

એ જ રીતે ત્રીજા ચત્વર પર આઠ મહાપિતાઓને, ચોથા ચત્વરે આઠ મહામાતાઓને, પાંચમાં પર પુત્રોને, છટ્ઠા પર પુત્રવધૂઓને, સાતમા પર જમાઈઓને, આઠમા પર પુત્રીઓને, નવમા પર પૌત્રોને, દશમા પર દોહિત્ર–દોહિત્રીઓને, અગિયારમાં પર દોહિત્રી પતિઓને, બારમા પર દોહિત્ર પત્નીને, તેરમા પર ફૂવાઓને, ચૌદમાં પર ફોઈઓને, પંદરમાં પર માસાને, સોળમાં પર માસીઓને, સત્તરમાં પર મામીઓને, અઢારમાં પર બાકીના મિત્ર, સ્વજન આદિને તે પુરુષ સન્મુખ મારતા હતા, તાડિત કરતા હતા. તે રાજપુરુષો તે બધાંના શરીરનું માંસ કાઢીને તે પુરુષને ખવડાવતા હતા.

ત્યારે ગૌતમસ્વામીને તે પુરુષને જોઈને એવો સંકલ્પ થયો – યાવત્ – પૂર્વવત્ નગરથી નીકળી ભગવંત મહાવીર પાસે આવી નિવેદન કર્યું – યાવત્ – હે ભગવન્ ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? જે આવા પ્રકારે પોતાના કર્મોનું ફળ પામી રહ્યો છે ?

**૦ અભગ્નસેનનો પૂર્વભવ :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપમાં ભારતવર્ષમાં પુરિમતાલ નામે સમૃદ્ધિપૂર્ણ નગર હતું. ત્યાં ઉદિત નામે રાજા હતો. તે નગરમાં નિર્ણય નામે અંડવણિક રહેતો હતો. તે આઢ્ય તેમજ અપરાભૂત હતો. અધર્મી – યાવત્ – પરમ અસંતોષી હતો. તે નિર્ણય અંડવણિકના અનેક દત્તભૃતિભક્તવેતન પુરુષો પ્રતિદિન કુદાલ અને વાંસની

ટોકરીઓ લઈને પુરિમતાલ નગરની ચારે તરફ અનેક કાગડીના, કબૂતરીના, શમળીના, બગલીના, મોરનીના, મુરઘીના તેમજ અનેક જલચર, સ્થલચર, ખેચર આદિ જીવોના ઇંડાઓ લઈને ટોકરીઓ ભરતા હતા, ભરીને નિર્ણય અંડવણિકને આપતા હતા.

ત્યારે તે નિર્ણય અંડવણિકના અનેક વેતન ભોગી પુરુષો આ ઘણાં ઇંડાઓને કડાઈ આદિમાં તળતા–સેકતા અને પકાવતા હતા. રાજમાર્ગની મુખ્ય દુકાનો પર ઇંડાના વ્યાપારથી આજીવિકા ચલાવતા હતા. તે નિર્ણય અંડવણિક પોતે પણ અનેક પકાવેલ, ભુંજેલ, સેકેલ ઇંડાઓને સુરા, મધુ, મેરક, જાતિ તથા સીધુ મદિરા સાથે આસ્વાદન કરતો જીવન વિતાવતો હતો.

**૦ નિર્ણય અંડવણિકનું મૃત્યુ અને અભગ્નસેનરૂપે જન્મ :–**

તે નિર્ણય અંડવણિક આવા પ્રકારના પાપકર્મોથી અત્યધિક પાપકર્મ ઉપાર્જિત કરીને ૧૦૦૦ વર્ષનું પરમ આયુ ભોગવી, મરીને ત્રીજી નરકે સાત સાગરોપમ સ્થિતિવાળા નૈરયિકરૂપે ઉત્પન્ન થયો.

તે નિર્ણય અંડવણિક નરકથી નીકળીને વિજય ચોરની સ્કંદશ્રી પત્નીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. પછી ત્રણ માસ પુરા થયા બાદ સ્કંદશ્રીને એવો દોહદ ઉત્પન્ન થયો કે, તે માતાઓ ધન્ય છે, જે મિત્રજ્ઞાતિજન આદિથી પરિવરીને તથા અન્ય સ્ત્રીઓ સાથે સ્નાનાદિ કરીને, અલંકૃત્ થઈને ઘણાં જ અશનાદિ પદાર્થો તથા સુરા, મધુ આદિ મદિરાનું આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન, પરિભોગ કરતી વિચરે છે.

ભોજન બાદ ઉચિત સ્થાને ઉપસ્થિત થઈ, પુરુષવેશ પહેરીને, દઢ બંધનોથી બદ્ધ, લોહમય બખ્તર ધારણ કરીને – યાવત્ – આયુધ અને પ્રહરણોથી યુક્ત હોય, ડાબા હાથમાં ઢાલ લઈને, ખુલી તલવાર સાથે, ખભે તરકશો લઈને, પ્રત્યંચાયુક્ત ધનુષ્યોથી સારી રીતે ફેંકાનાર બાણોથી, લટકતી અને ચલિત જંઘાઘંટીઓ દ્વારા તથા ક્ષિપ્રતૂર્ય વગાડવાથી મહાન્, ઉત્કૃષ્ટ, મહાધ્વનિથી સમુદ્રગર્જના સદૃશ આકાશમંડલને શબ્દાયમાન કરતી; શાલાટવી ચોરપલ્લીની ચારે તરફ ભ્રમણ કરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. હું પણ આ રીતે દોહદ પૂર્ણ કરું. પણ તેમ ન થવાથી તે સૂકાતી જતી – યાવત્ – આર્તધ્યાન કરવા લાગી.

ત્યારે વિજય ચોર સેનાપતિએ આર્તધ્યાન કરતી સ્કંદશ્રીને જોઈને પૂછયું, તું કેમ આર્તધ્યાનમાં ડૂબી છો ? સ્કંદશ્રીએ પોતાના દોહદની વાત કરી. ત્યારે વિજયચોરે સ્કંદશ્રીને કહ્યું, તું ચિંતા ન કર, તારા દોહદની ઇચ્છાનુકૂળ પૂર્તિ કરી શકીશ. ત્યારે તે સ્કંદશ્રી પ્રસન્ન થઈ, હર્ષાતિરેકથી અનેક સહચારીઓ અને ચોર મહિલાઓની સાથે સ્નાનાદિથી નિવૃત્ત થઈને, વિપુલ અશન–પાન અને મદિરા આદિનું આસ્વાદન કરવા લાગી. ભોજન કર્યા પછી ઉચિત સ્થાને એકત્રિત થઈને પુરુષવેશ ધારણ કરી, દઢ બંધન બદ્ધ, લોહમય કવચ ધારણ કરી – યાવત્ – ભ્રમણ કરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે.

**૦ અભગ્નસેનનો જન્મ અને સેનાપતિત્વ :–**

ત્યારપછી તે ચોર સેનાપતિની પત્ની સ્કંદશ્રીએ નવ માસ પૂર્ણ થયા પછી પુત્રને જન્મ આપ્યો. વિજય ચોરે દશ દિવસ પર્યંત મહાઋદ્ધિ સાથે કુલ ક્રમાગત સ્થિતિપતિત

ઉત્સવ મનાવ્યો. ત્યારપછી બાળકના જન્મના અગિયારમાં દિવસે વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર આદિને આમંત્રિત કરી જમાડ્યા અને કહ્યું કે, આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે તેણીને દોહદ ઉત્પન્ન થયો તે અભગ્ન રહ્યો માટે અભગ્ગસેન નામ થાઓ.

કાળક્રમે તે બાળક યુવાન થયો. આઠ કન્યા સાથે તેનો વિવાહ કરાયો. વિવાહમાં તેના માતાપિતાએ આઠ–આઠ વસ્તુઓ પ્રીતિદાનમાં આપી. તે ઊંચા પ્રાસાદોમાં રહીને મનુષ્યસંબંધી ભોગ ભોગવવા લાગ્યો. પછી કોઈ સમયે વિજય ચોર મૃત્યુ પામ્યો. અભગ્ગસેને ૫૦૦ ચોર સાથે રોતા, આક્રંદન–વિલાપ કરતા ઘણાં ઋદ્ધિ સત્કારપૂર્વક વિજય ચોરનું નીહરણ કર્યું, મૃતક કાર્યો કર્યા. પછી અભગ્ગસેન શોકરહિત થયો.

ત્યારપછી તે ૫૦૦ ચોરોએ મહોત્સવપૂર્વક અભગ્ગસેનને શાલાટવી ચોરપલ્લીનો ચોર સેનાપતિ બનાવ્યો. પછી તે અધાર્મિક, અધર્મનિષ્ઠ, અધર્મદર્શી – યાવત્ – રાજદેયકર પણ લઈ લેવા લાગ્યો. પછી અભગ્ગસેન ચોર સેનાપતિ દ્વારા અનેક ગામોના વિનાશથી સંતપ્ત તે દેશના લોકો એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહેવા લાગ્યા, ચોર સેનાપતિ અભગ્ગસેન પુરિમતાલ નગરના ઉત્તર દિશાના ઘણાં ગામોનો વિનાશ કરી રહ્યો છે. માટે આપણે મહાબલ રાજાને આ વાતથી સૂચિત કરવા યોગ્ય છે.

ત્યારપછી તે લોકો એકઠા થઈ મહાબલ રાજા પાસે મહાર્થ, મહાર્ઘ, મહાર્હ ભેટ લઈને આવ્યા. બંને હાથ જોડી, મસ્તકે અંજલિ કરી મહાબલ રાજાને તે ભેટ અર્પણ કરી – કહ્યું કે, હે સ્વામી ! શાલાટવી ચોરપલ્લીનો અભગ્ગસેન ચોર ગ્રામઘાત, નગરઘાત આદિ કરીને અમને નિર્ધન બનાવી રહ્યો છે. અમે ઇચ્છીએ છીએ કે આપની ભુજાઓની છાયામાં સંરક્ષિત થઈને અમે નિર્ભય અને ઉપસર્ગ રહિત થઈ સુખપૂર્વક વિચરીએ. આ પ્રમાણે કહીને પગે પડીને મહાબલ નરેશને વિજ્ઞપ્તિ કરી.

**૦ મહાબલ રાજા દ્વારા અભગ્ગસેનને પકડવો :–**

મહાબલ રાજા તે જનપદવાસીઓ પાસે આ વૃત્તાંત સાંભળી રુષ્ટ–કુપિત અને ક્રોધાયમાન થયો. કોટવાળને બોલાવીને તેણે કહ્યું, તું જા અને શાલાટવી ચોરપલ્લીને નષ્ટ–ભ્રષ્ટ કરી દે. તે અભગ્ગસેન ચોર સેનાપતિને જીવતો પકડી લાવ. દંડનાયકે રાજાની આજ્ઞા વિનયપૂર્વક સ્વકારી. દૃઢ લોહમય કવચ બાંધ્યું. શસ્ત્ર અને પ્રહરણોથી યુક્ત અનેક પુરુષોને સાથે લીધા. હાથમાં ઢાલ બાંધી – યાવત્ – સિંહનાદ આદિથી સમુદ્ર જેવી ગર્જનાથી આકાશને વિદીર્ણ કરતા પુરિમતાલ નગરેથી નીકળી શાલાટવી ચોરપલ્લી તરફ ગયો.

ત્યારે અભગ્ગસેનના ગુપ્તચરોએ આ વાત જાણી. તેઓએ ચોર સેનાપતિ અભગ્ગસેન પાસે આવીને બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી આ વૃત્તાંત જણાવ્યો. ત્યારે અભગ્ગસેને પોતાના ગુપ્તચરોની આ વાત સાંભળી, વિચારી ૫૦૦ ચોરોને બોલાવીને કહ્યું, હે દેવાનુપ્રિયો ! પુરિમતાલ નગરના રાજા મહાબલની આજ્ઞાથી – યાવત્ – દંડનાયકે ચોરપલ્લી પર આક્રમણ કરવાનું તથા મને જીવતો પકડવાનો નિશ્ચય કર્યો છે. તેથી તેઓ અહીં આવી પહોંચે તે પહેલા જ તેમને માર્ગમાં રોકી દેવા આપણે માટે ઉચિત છે. ૫૦૦ ચોરોએ આ વાત સ્વીકારી.

ત્યારપછી અભગ્ગસેન ચોર સેનાપતિએ અનેક પ્રકારે અશન આદિ ભોજન સામગ્રી

તૈયાર કરાવી. ૫૦૦ ચોરો સાથે સ્નાનાદિ કર્યા, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કર્યા. પછી વિપુલ અશનાદિ અને મદિરાઓનું યથારુચિ આસ્વાદન–વિસ્વાદન કર્યું. પછી આચમન કર્યું, પરમ શુદ્ધ થયા. ૫૦૦ ચોરો સાથે આર્દ્રચર્મ પર આરોહણ કર્યું. દૃઢ બંધનબદ્ધ લોહમય કવચ ધારણ કર્યા – યાવત્ – આયુધો અને પ્રહરણોથી સજ્જિત થઈને – યાવત્ – સિંહનાદ કરતા અભગ્નસેને સાલાટવી ચોરપલ્લીથી મધ્યાહ્ન સમયે પ્રસ્થાન કર્યું. ખાદ્ય પદાર્થો સાથે લઈને વિષમ અને દુર્ગ–વનમાં રહીને દંડનાયકની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ત્યારપછી તે કોટવાલ અભગ્ન ચોર સેનાપતિ હતો ત્યાં આવ્યો. તેની સાથે યુદ્ધ થયું. અભગ્નસેને તેને જલ્દીથી હતમથિત કરી દીધો. વીરોનો ઘાત કર્યો. ધજા–પતાકા નષ્ટ કરી દીધી, દંડનાયકનું માનમર્દન કરી તેને તેના સાથીઓ સાથે ભગાડી મૂક્યો.

ત્યારે તે દંડનાયક અભગ્નસેન દ્વારા હતમથિત આદિ થઈને તેજ, બળ, વીર્ય, પુરુષાર્થ અને પરાક્રમહીન થઈ, પુરિમતાલ નગરે મહાબલ નરેશ પાસે આવ્યો. આવીને બે હાથ જોડી, દશ નખ ભેગા કરી મસ્તકે અંજલિ કરી બોલ્યો – અભગ્નસેન ચોર ઉચ્ચ, નીચ, દુર્ગમાં પર્યાપ્ત ખાદ્ય તથા પેયસામગ્રી સાથે અવસ્થિત છે. તેથી ઘણી જ અશ્વ ગજ, યોદ્ધા, રથસહિત ચતુરંગિણી સેના સાથે પણ પકડવો અશક્ય છે.

ત્યારે રાજા સામ, ભેદ, ઉપપ્રદાન નીતિથી તેને વિશ્વાસમાં લાવવા પ્રવૃત્ત થયો. તે માટે રાજા તે ચોરના શિષ્યતુલ્ય, સમીપવર્તી પુરુષો તથા મિત્ર, જ્ઞાતિજન, સ્વજન આદિને ધન, સુવર્ણ, રત્ન, સારભૂત દ્રવ્યો દ્વારા તેઓને જુદા કરવા પ્રયત્ન કરવા લાગ્યો. અભગ્નસેનને પણ વારંવાર મહાર્થ, મહાર્ઘ, મહાર્હ ભેટ મોકલવા લાગ્યો. એ રીતે તેને વિશ્વાસમાં લીધો.

ત્યારપછી કોઈ અન્ય સમયે મહાબલ રાજાએ પુરિમતાલ નગરમાં મોટી, સુંદર, વિશાળ, પ્રાસાદીય, દર્શનીય, રમણીય એવી સેંકડો સ્તંભોવાળી કૂટાગારશાલા બનાવડાવી. ત્યારપછી તે કૂટાગાર શાળા નિમિત્તે ઉત્શૂલ્ક – યાવત્ – દશ દિવસના પ્રમોદોત્સવની ઉદ્‌ઘોષણા કરાવી. કૌટુંબિક પુરુષો દ્વારા અભગ્નસેનને કહેવડાવ્યું કે, હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરે મહાબલ નરેશે ઉત્શુલ્ક – યાવત્ – દશ દિવસની પ્રમોદોત્સવની ઘોષણા કરાવી છે. આપને માટે વિપુલ અશનાદિ, પુષ્પ, વસ્ત્ર, અલંકાર અહીં જ લાવીને ઉપસ્થિત કરે કે આપ સ્વયં અહીં પધારશો ?

ત્યારે મહાબલ રાજાના કૌટુંબિક પુરુષો પાસે આ આમંત્રણ જાણીને અભગ્નસેન ચોર સેનાપતિએ કહ્યું કે, હે ભદ્રપુરુષો ! હું પોતોજ પ્રમોદોત્સવમાં પુરિમતાલ નગરમાં આવીશ. ત્યારપછી અભગ્નસેને તેઓનો ઉચિત સત્કાર–સન્માન કરીને તેઓને વિદાય કર્યા.

ત્યારપછી મિત્ર, જ્ઞાતિજન અને પરિજનથી ઘેરાયેલો તે અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઈને – યાવત્ – પ્રાયશ્ચિત્તાદિ કરી, સમસ્ત આભુષણોથી અલંકૃત્ થઈને શાલાટવી ચોરપલ્લીથી નીકળ્યો. પુરિમતાલ નગરે મહાબલ નરેશ હતા ત્યાં આવ્યો. બે હાથ જોડી મસ્તકે અંજલિ કરી મહાબલ રાજાને જયવિજયથી વધાવ્યા. મહાર્થ, મહાર્ઘ, મહાર્હ ભેટ અર્પણ કરી. ત્યારપછી મહાબલ રાજાએ તે ભેટ સ્વીકારી સત્કાર–સન્માનપૂર્વક વિદાય કરી કૂટાગારશાળામાં રહેવા જગ્યા આપી.

ત્યારપછી મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું, તમે લોકો વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, અલંકાર અને મદિરાદિ તૈયાર કરાવી તે કૂટાગારશાલામાં ચોર સેનાપતિ અભગ્ન સેનની પાસે પહોંચાડો. કૌટુંબિક પુરુષોએ પણ તેમ કર્યું. ત્યારપછી અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઈને, સમસ્ત આભુષણો પહેરીને પોતાના અનેક મિત્રો–જ્ઞાતિજનો આદિ સાથે તે વિપુલ અશનાદિ તથા પંચવિધ મદિરાઓનું સમ્યક્ આસ્વાદન વિસ્વાદન કરતો પ્રમત્ત થઈને વિચરવા લાગ્યો.

ત્યારપછી મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને કહ્યું કે, તમે લોકો જઈને પુરિમતાલ નગરના દરવાજાને બંધ કરી દો અને અભગ્નસેનને જીવતો પકડીને મારી સામે લાવો. ત્યારે કૌટુંબિક પુરુષોએ રાજાની આજ્ઞા સ્વીકારી – યાવત્ – અભગ્નસેન ચોર સેનાપતિને મહાબલ રાજા સામે ઉપસ્થિત કર્યો.

**૦ અભગ્નસેનનો વધ અને ગતિ :–**

ત્યારપછી મહાબલ નરેશે અભગ્નસેન ચોર સેનાપતિને આ વિધિ મુજબ વધ કરવાની આજ્ઞા આપી. હે ગૌતમ ! આ પ્રકારે તે ચોર સેનાપતિ અભગ્નસેન પૂર્વોપાર્જિત પાપકર્મોના નરક તુલ્ય વિપાક ઉદયરૂપ ઘોર વેદના અનુભવી રહ્યો છે.

હે ભગવન્ ! તે અભગ્નસેન મૃત્યુ કરીને ક્યાં જશે ?

હે ગૌતમ ! તે ૩૭ વર્ષનું પરમ આયુ ભોગવી આજે ત્રિભાગાવશેષ દિવસે શૂળીએ ચઢાવાયા પછી મરીને રત્નપ્રભાનામક પ્રથમ નારકીમાં એક સાગરોપમવાળી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકપણે ઉપજશે.

ત્યાંથી નીકળી મૃગાપુત્રના સંસારભ્રમણ માફક પરિભ્રમણ કરશે – યાવત્ – પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાય આદિમાં લાખો વખત ઉપજશે. ત્યાંથી નીકળી વાણારસી નગરીમાં શૂકરરૂપે ઉત્પન્ન થશે. ત્યાં શિકારી તેનો ઘાત કરશે. પછી વાણારસી નગરીમાં શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળભાવ પૂર્ણ કરી યુવાન થઈ પ્રવ્રજિત થઈ, સંયમપાલન કરીને – યાવત્ – નિર્વાણ પદ પ્રાપ્ત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા.મૂ. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૧૮ થી ૨૩;*

— × — × —

**૦ શકટની કથા :–**

તે કાળે, તે સમયે સાહંજની નામક ઋદ્ધિ, સ્તિમિત, સમૃદ્ધ નગરી હતી. તેની બહાર ઇશાન ખૂણામાં દેવરમણ નામે ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘ નામક યક્ષનું પુરાતન યક્ષાયતન હતું. તે નગરીમાં મહચંદ રાજા હતો. તે હિમવંત સમાન મહાન્ હતો. તે મહચ્ચંદ્ર રાજાને સુષેણ મંત્રી હતો. જે સામ, ભેદ, દંડ, ઉપપ્રદાન નીતિના પ્રયોગ અને ન્યાય નીતિઓનો વિધિજ્ઞ તથા નિગ્રહેકુશલ હતો.

તે નગરીમાં સુદર્શના નામે એક સુપ્રસિદ્ધ ગણિકા રહેતી હતી.

તે નગરીમાં સુભદ્ર નામે સાર્થવાહ હતો. તે સુભદ્રની સર્વાંગ સુંદર એવી ભદ્રા પત્ની હતી. તેઓને શકટ નામે પુત્ર હતો. તે પંચેન્દ્રિયથી પરિપૂર્ણ – સુંદર શરીરથી સંપન્ન હતો.

તે કાળે, તે સમયે સાહંજની નગરી બહાર દેવરમણ ઉદ્યાનમાં શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા અને રાજા નીકળ્યા. ભગવંતે ધર્મ દેશના આપી, રાજા અને પર્ષદા પાછા ફર્યા.

**૦ ગૌતમસ્વામીનો પ્રશ્ન અને શકટનો પૂર્વભવ :–**

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થે નીકળ્યા. ત્યાં તેમણે હાથી–ઘોડા અને ઘણાં જ પુરુષોને જોયા. તેમની મધ્યે અવકોટક બંધનયુક્ત, નાક અને કાન કાપેલ – યાવત્ – ઉદ્‌ઘોષણા સહિત એક સસ્ત્રીક પુરુષને જોયો. જોઈને ગૌતમસ્વામીને પૂર્વવત્ વિચાર આવ્યો. ભગવંતને પ્રશ્ન કર્યો.

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં છગલપુર નગર હતું. ત્યાં સિંહગિરિ રાજા હતો. તે જ નગરમાં છણ્ણિક નામે એક છાગલિક કસાઈ રહેતો હતો. જે ધનાઢ્ય, અધર્મી – યાવત્ – દુષ્પ્રત્યાનંદ હતો. તે છણ્ણિક છાગલિકને ત્યાં અનેક બકરા, રોઝ, વૃષભ, ખરગોશ, મૃગબાળ, શૂકર, સિંહ, હરણ, મયૂર, મહિષના શત, સહસ્રયૂથ વાડામાં સમ્યક્ પ્રકારે રોકેલા રહેતા હતા.

ત્યાં વેતનભોજન અને ધન આપીને અનેક માણસો અજ આદિના સંરક્ષણ – સંગોપન કરવા માટે રાખેલા હતા. અનેક કિંકરપુરુષો હજારો બકરા આદિ પશુઓને મારીને તેના માંસને છરીથી કાપી–કાપીને છણ્ણિક છાગલિકને આપતા હતા. તેના બીજા અનેક નોકર તે ઘણાં જ બકરા આદિના માંસને તવી, કડાઈ, હાંડા આદિ પાત્રવિશેષોમાં, ભુંજતા, તળતા, શૂલ દ્વારા પકાવતા પોતાની આજીવિકા ચલાવતા હતા.

તે છણ્ણિક સ્વયં પણ તે માંસને સુરા આદિ પાંચ પ્રકારની મદિરા સાથે આસ્વાદન–વિસ્વાદન કરતો ત્યાં જીવન–યાપન કરતો હતો. તે છણ્ણિક છાગલિક માંસ–મદિરાને પોતાનું જીવન બનાવી દીધેલ. આ જ પાપકાર્યમાં તે સદા તત્પર રહેતો હતો. આ પાપકર્મ જ તેનું આચરણ હતું. તેનાથી તેણે કલેશોત્પાદક અને કાલુષ્યપૂર્ણ એવા ક્લિષ્ટ કર્મોનું ઉપાર્જન કરી, ૭૦૦ વર્ષનું આયુ પૂર્ણ કરી, મૃત્યુ પામી ચોથી નરકે દશ સાગરોપમ સ્થિતિવાળા નારકીઓમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

**૦ શકટકુમારનો જન્મ :–**

ત્યારે તે સુભદ્ર સાર્થવાહની ભદ્રાભાર્યા જાતનિંદુકા હતી. તેના બાળકો જન્મતાં જ મૃત્યુ પામતા હતા. આ તરફ છણ્ણિક છાગલિકનો જીવ ચોથી નરકથી નીકળીને સાહંજની નગરીમાં આ ભદ્રાની કુક્ષિમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો. પ્રસવકાળે તે ભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. ઉત્પન્ન થતાં જ માતા–પિતાએ તે બાળકને એક શકટ નીચે રાખ્યો. પછી ઉઠાવી લીધો. પછી તેનું સંગોપન અને સંવર્ધન કર્યું – યાવત્ – તેનું શકટ એવું નામ પાડ્યું.

શકટનું બાકીનું જીવન ઉજ્ઝિતક માફક જ જાણવું.

આ તરફ સુભદ્ર સાર્થવાહ લવણસમુદ્રમાં મૃત્યુ પામ્યો. શકટની માતા ભદ્રા પણ મૃત્યુ પામી. ત્યારે રાજપુરુષોએ શકટકુમારને ઘેરથી કાઢી મૂક્યો. પછી તે શકટકુમાર સાહંજની નગરીના શ્રૃંગાટક આદિ સ્થાનોમાં ભટકવા લાગ્યો. જુગારખાના અને શરાબખાનામાં જવા લાગ્યો.

કોઈ સમયે સુદર્શના ગણિકા સાથે તેને ગાઢ પ્રીતિ બંધાઈ. ત્યારે સિંહરાજાના મંત્રી સુષેણે કોઈ સમયે શકટકુમારને સુદર્શના ગણિકાના ઘેરથી કઢાવી મૂક્યો અને સુદર્શના ગણિકાને પોતાને ઘેર પત્નીના રૂપે રાખી લીધી. પછી તેણીની સાથે મનુષ્યસંબંધી ઉદાર કામભોગોનો યથારુચિ ઉપભોગ કરતો સમય વીતાવવા લાગ્યો.

ત્યારે શકટકુમાર સુદર્શના ગણિકામાં મૂર્છિત, ગૃદ્ધ, આસક્ત થઈને અન્યત્ર ક્યાંય પણ સુખ, રતિ, શાંતિ પામતો ન હતો. તેનું ચિત્ત, મન, લેશ્યા, અધ્યવસાય તેણીમાં જ લીન રહેતો હતા. તે સુદર્શના બાબતે જ વિચાર્યા કરતો, તેણીની જ ભાવનામાં ભાવિત રહેતો હતો. તે તેણીની પાસે જવાનો અવસર શોધતો રહેતો હતો.

એક વખત અવસર પ્રાપ્ત થતા તે સુદર્શનાના ઘરમાં ઘુસી ગયો. પછી તેણીની સાથે ભોગો ભોગવવા લાગ્યો. આ તરફ કોઈ દિવસે સ્નાન કરીને સર્વ અલંકારોથી વિભૂષિત થઈને સુષેણમંત્રી સુદર્શનાને ઘેર આવ્યો. આવતા જ તેણે સુદર્શનાની સાથે યથારુચિ કામભોગ ભોગવતા શકટકુમારને જોયો. જોઈને તે કોપાયમાન થયો – યાવત્ – શકટકુમારને પોતાના પુરુષોથી પકડાવી, લાકડી, મુટ્ઠી ઇત્યાદિનો માર મારીને તેના શરીરને મથિત કરીને અવકોટક બંધનથી બંધાવી દીધું.

**૦ શકટકુમારનું મૃત્યુ અને ભાવિગતિ :–**

ત્યારપછી સુષેણમંત્રી તે શકટકુમારને મહચંદ્ર રાજા પાસે લઈ ગયો. બંને હાથ જોડીને કહ્યું કે, હે સ્વામી ! આ શકટકુમારે મારા અંતઃપુરમાં પ્રવેશ કરવાનો અપરાધ કરેલ છે. ત્યારે રાજાએ મંત્રીને કહ્યું કે, તમે તમારી ઇચ્છાનુસાર દંડ કરી શકો છો. ત્યારે સુષેણ મંત્રીએ શકટકુમાર અને ગણિકા સુદર્શનાને પૂર્વોક્ત વિધિથી વધ કરવાની આજ્ઞા રાજપુરુષોને આપી. ત્યારે ગૌતમસ્વામીએ પૂછયું, હે ભગવન્ ! શકટકુમાર બાળક અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! શકટ ૫૭ વર્ષની આયુ ભોગવીને આજે ત્રિભાગશેષ દિવસ રહેશે ત્યારે એક મહાલોહમય તપેલી અગ્નિ સમાન દેદીપ્યમાન સ્ત્રી પ્રતિમાથી આલિંગિત કરાવાશે. પછી મૃત્યુ પામીને રત્નપ્રભાનામક પ્રથમ નરકભૂમિમાં નારકરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળી રાજગૃહનગરે માતંગકુળમાં યુગલ રૂપે ઉત્પન્ન થશે. યુગલના માતા–પિતા બારમા દિને તે બાળક-બાલિકાના નામ શકટકુમાર અને સુદર્શના રાખશે.

ત્યારપછી શકટ યૌવન પ્રાપ્ત કરશે. સુદર્શના પણ યુવાવસ્થાને પ્રાપ્ત થસે. તેણી રૂપ, યૌવન, લાવણ્યમાં ઉત્કૃષ્ટ–સુંદર શરીરવાળી થશે. ત્યારપછી સુદર્શનાના રૂપ, યૌવન, લાવણ્યની સુંદરતામાં મૂર્છિત થઈને શકટકુમાર પોતાની બહેન સુદર્શના સાથે મનુષ્યસંબંધી પ્રધાન કામભોગોનું સેવન કરતા જીવન વ્યતીત કરશે.

કોઈ સમયે તે શકટકુમાર સ્વયમેવ કૂટગ્રાહિત્વ પ્રાપ્ત કરી વિચરશે, તે મહાઅધર્મી અને દુષ્પ્રત્યાનંદ થશે. આવા અધર્મપ્રધાન કર્મોથી ઘણાં જ પાપકર્મોને ઉપાર્જિત કરી મૃત્યુ પામી રત્નપ્રભા નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થશે. તેનું સંસારભ્રમણ પણ પૂર્વવત્ જાણવું – યાવત્ – તે પૃથ્વીકાયાદિમાં લાખો વખત ઉત્પન્ન થશે. ત્યાંથી વાણારસીમાં મત્સ્યરૂપે જન્મ લેશે. ત્યાં મત્સ્ય ઘાતકો દ્વારા વધ પ્રાપ્ત થઈ, ત્યાંજ શ્રેષ્ઠીપુત્રરૂપે જન્મશે.

ત્યાં સમ્યકત્વ અને અણગાર ધર્મ પ્રાપ્ત કરીને સૌધર્મ નામક પ્રથમ દેવલોકે દેવ થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં શ્રમણપણાનું પાલન કરીને સિદ્ધ, બુદ્ધ થશે, સમસ્ત કર્મોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*
*ઠા. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૨૪થી ૨૬;*

— × — × —

**૦ બૃહસ્પતિદત્ત કથા :–**

તે કાળે, તે સમયે કૌશાંબી નગરી હતી. જે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ હતી. તે નગરીની બહાર ચંદ્રાવતરણ ઉદ્યાન હતું. ત્યાં શ્વેતભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. તે કૌશાંબીમાં શતાનીક રાજા હતો. તેને મૃગાદેવી રાણી હતી. તેઓનો ઉદાયન નામે પુત્ર હતો. જે સર્વેન્દ્રિય સંપન્ન અને યુવરાજ પદે અલંકૃત્ હતો. તે ઉદાયનની પદ્માવતી નામે પત્ની હતી.

તે શતાનીક રાજાને સોમદત્ત પુરોહિત હતો. જે ઋગ્વેદાદિ ચાર વેદોનો પૂર્ણ જ્ઞાતા હતો. તે સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામે પત્ની હતી. તે બંનેનો બૃહસ્પતિદત્ત નામે સર્વાંગસંપન્ન સુંદર બાળક હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર કૌશાંબી નગરની બહાર ચંદ્રાવતરણ ઉદ્યાનમાં પધાર્યા. ગૌતમસ્વામી પૂર્વવત્ કૌશાંબીમાં ભિક્ષાર્થે પધાર્યા. પાછા ફરતા રાજમાર્ગેથી નીકળ્યા.

**૦ ગૌતમસ્વામી દ્વારા વધ્ય પુરુષદર્શન તેનો પૂર્વભવ :–**

ગૌતમસ્વામીએ હાથી, ઘોડા, બહુસંખ્યક પુરુષો મધ્યે એક વધ્ય પુરુષને જોયો. મનોગત્ સંકલ્પ થયો. સ્વસ્થાને આવીને ભગવંતને તેનો પૂર્વભવ પૂછ્યો. ભગવંતે કહ્યું,

તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સર્વતોભદ્ર નામક એક ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ નગર હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. મહેશ્વર દત્ત પુરોહિત હતો. જે ઋગ્વેદાદિ વેદોમાં કુશળ હતો.

મહેશ્વરદત્ત પુરોહિત જિતશત્રુ રાજાનારાજ્યની અને બળની વૃદ્ધિ માટે પ્રતિદિન એક–એક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બાળકને પકડાવીને, જીવતા જ તેના હૃદયોના માંસપિંડોને ગ્રહણ કરાવતો હતો. જિતશત્રુ રાજા નિમિત્તે તેનાથી શાંતિ હોમ કરાવતો હતો. તે સિવાય તે પુરોહિત આઠમ અને ચૌદશે બબ્બે બાળકોને, ચાર–ચાર માસે ચાર–ચાર બાળકોના હૃદયોના માંસપિંડોથી શાંતિ હોમ કરતો હતો.

જ્યારે જ્યારે જિતશત્રુ રાજાનું કોઈ શત્રુની સાથે યુદ્ધ થતું ત્યારે–ત્યારે તે મહેશ્વર દત્ત પુરોહિત ૧૦૮ બ્રાહ્મણ બાળક – યાવત્ – ૧૦૮ શુદ્ર બાળકોનો – યાવત્ – જિતશત્રુ રાજાના વિજય નિમિત્તે શાંતિહોમ કરતો હતો. તેના પ્રભાવે જિતશત્રુ રાજા શીઘ્ર જ શત્રુનો વિધ્વંસ કરી દેતો.

આ પ્રકારે ક્રુર કર્મોનું અનુષ્ઠાન કરનાર, ક્રુર કર્મોમાં પ્રધાન, વિવિધ પ્રકારે પાપકર્મોને એકત્રિત કરી, ૩૦૦૦ વર્ષનું આયુ ભોગવી મહેશ્વરદત્ત પુરોહિત પાંચમી નરકમાં ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમની સ્થિતિવાળા નારક રૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળીને સીધો જ

અહીં કૌશાંબીમાં સોમદત્ત પુરોહિતની વસુદત્તા પત્નીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

**૦ બૃહસ્પતિ દત્તનો ભવ :–**

તે બાળકના માતાપિતાએ જન્મના બારમાં દિવસે નામકરણ કરતા કહ્યું કે, આ બાળક સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ હોવાથી તેનું નામ બૃહસ્પતિદત્ત રાખવું. પછી તે બાળક પાંચ ધાવમાતા દ્વારા પાલન કરાતો કાળક્રમે યુવાન થયો. તે ઉદાયનકુમારનો બાલ્યકાળથી પ્રિયમિત્ર હતો. બંને સાથે જન્મ્યા, રમ્યા, મોટા થયા.

ત્યારપછી જ્યારે શતાનીક રાજા કાળધર્મ પામ્યો. ત્યારે ઉદયન કુમાર ઘણાં રાજા, તલવર – યાવત્ – સાર્થવાહ આદિની સાથે રડતો, આક્રંદન અને વિલાપ કરતો શતાનીક નરેશનો રાજકીય ઋદ્ધિ અનુસાર નીહરણ અને મૃતકસંબંધી લૌકિક કાર્યો કરે છે. ત્યારપછી તે રાજા ઈશ્વર – યાવત્ – સાર્થવાહે મળીને મોટા સમારોહ સાથે ઉદયનકુમારના રાજ્યાભિષેક કર્યો. ઉદયનકુમાર હિમાલય પર્વત સમાન મહાન્ રાજા થયો.

**૦ બૃહસ્પતિદત્તનું પુરોહિતત્વ અને કુકૃત્ય :–**

ત્યારપછી બૃહસ્પતિદત્ત ઉદયન રાજાનો પુરોહિત થઈ ગયો. પૌરોહિત્ય કર્મ કરતો, સર્વસ્થાનો – સર્વ ભૂમિકાઓ તથા અંતઃપુરમાં પણ ઇચ્છાનુસાર બેરોકટોક ગમનાગમન કરવા લાગ્યો. ત્યારપછી તે ઉદયન રાજાના અંતઃપુરમાં સમય–કસમય, કાલ–અકાલ તથા રાત્રિ અને વિકાલે સ્વેચ્છાપૂર્વક પ્રવેશ કરતો ક્રમશઃ પદ્માવતીદેવી સાથે આસક્ત થયો. તેણીની સાથે ઉદાર, યથેષ્ટ, મનુષ્યસંબંધી કામભોગોનું સેવન કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

કોઈ સમયે ઉદયન નરેશ સ્નાનાદિ નિવૃત્ત થઈને સમસ્ત અલંકારોથી અલંકૃત થઈને જ્યાં પદ્માવતીદેવી હતી ત્યાં આવ્યો. તેણે બૃહસ્પતિદત્ત પુરોહિતને પદ્માવતી દેવી સાથે ભોગ ભોગવતો જોયો. જોતાં જ ક્રોધથી ધમધમી ઉઠ્યો. રાજપુરુષો દ્વારા બૃહસ્પતિદત્તને પકડાવી લાકડી, મુઠી, ઘૂંટણ, કોણી આદિના પ્રહારોથી તેનું શરીર ભગ્ન કરી દીધું. મથિત કરી દીધું. પછી આવા પ્રકારનો કઠોર દંડ દેવાની રાજપુરુષોને આજ્ઞા કરી. હે ગૌતમ ! આ રીતે બૃહસ્પતિદત્ત પૂર્વકૃત્ પાપકર્મોના ફળને પ્રત્યક્ષ અનુભવી રહ્યો છે.

**૦ બૃહસ્પતિ દત્તની ગતિ :–**

હે ભગવન્ ! બૃહસ્પતિદત્ત મૃત્યુ પામીને ક્યાં જશે ?

હે ગૌતમ ! તે ૬૪ વર્ષનું આયુ પૂર્ણ કરી દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે શૂળીએ ભેદાઈને મૃત્યુ પામી રત્નપ્રભા નરકમાં એક સાગરની સ્થિતિવાળા નારકોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળી મૃગાપુત્ર માફક ભવભ્રમણ કરશે. પછી હસ્તિનાપુરમાં મૃગરૂપે જન્મશે. ત્યાં શિકારી દ્વારા હણાશે. પછી હસ્તિનાપુરના શ્રેષ્ઠી કુળમાં પુત્રરૂપે જન્મશે.

ત્યાં તે સમ્યકત્વ પ્રાપ્ત કરશે. કાળ કરીને સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં અનગારવૃત્તિ ધારણ કરી, સંયમ આરાધી, સર્વ કર્મોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૨૭, ૨૮;*

**૦ નંદિવર્ધનની કથા :–**

તે કાળે, તે સમયે મથુરા નગરી હતી. ત્યાં ભંડીર ઉધાન હતું. સુદર્શન યક્ષનું આયતન હતું. શ્રીદામ રાજા અને બંધુશ્રી રાણી હતી. તેમને સર્વાંગ સંપન્ન અને યુવરાજ પદથી અલંકૃત્ નંદિવર્દ્ધન નામે પુત્ર હતો. શ્રીદામ નરેશને સુબંધુ મંત્રી હતો. જે સામ, દંડ, ભેદાદિમાં કુશળ હતો. તે મંત્રીને બહુમિત્રા પુત્ર નામક સર્વાંગ સંપન્ન, સુરૂપ બાળક હતો. શ્રીદામ નરેશને ચિત્ર નામે વાણંદ હતો. તે રાજાનું ક્ષૌરકર્મ કરતો, રાજાજ્ઞાથી સર્વ સ્થાનો, સર્વભૂમિકા તથા અંતઃપુરમાં બેરોકટોક આવાગમન કરતો હતો.

તે કાળે, તે સમયે મથુરા નગરીમાં ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા અને રાજા નીકળ્યા. ભગવંતે ધર્મ કહ્યો. પર્ષદા પાછી ફરી.

**૦ ગૌતમસ્વામીને વધ્ય પુરુષનું દર્શન :–**

તે સમયે ભગવાન્ મહાવીરના મુખ્ય શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થે નગરીમાં પધાર્યા. ત્યાં તેઓએ હાથી, ઘોડા, પુરુષોને જોયા. તે પુરુષોના મધ્યમાં – યાવત્ – ઘણાં નર નારીના વૃંદથી ઘેરાયેલા એક પુરુષને જોયો. રાજપુરુષોએ તે પુરુષને ચત્વર સ્થાને અગ્નિસમાન લોહમય સિંહાસન પર બેસાડે છે પછી કોઈ કોઈ રાજપુરુષ તેને અગ્નિસમાન ઉષ્ણ લોઢાથી પરિપૂર્ણ, કોઈ તામ્રપૂર્ણ, કોઈ ત્રપૂથી પૂર્ણ, કોઈ સીસાથી પૂર્ણ, કોઈ કલકલથી પૂર્ણ, ક્ષારયુક્ત તેલથી પૂર્ણ, અગ્નિસમાન તપ્ત કળશો દ્વારા મહાન્ રાજ્યાભિષેકથી તેનો અભિષેક કરે છે. ત્યારપછી તેને લોહમય સંડાસાથી પકડીને અગ્નિ સમાન તપેલ અયોમય, અર્દ્ધહાર – યાવત્ – પહેરાવે છે.

**૦ પૂર્વભવ વર્ણન :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં સિંહપુર નામક એક ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ નગર હતું ત્યાં સિંહરથ રાજા હતો. દુર્યોધન નામક કારાગારરક્ષક હતો. જે અધર્મી – યાવત્ – દુષ્પ્રત્યાનંદ હતો. દુર્યોધન નામના તે ચારકપાલના આવા ચારક ભાંડ હતા – અનેક પ્રકારની લોહમય કુંડીઓ હતી. જેમાંથી કોઈ તાંબાથી, કોઈ ત્રપુથી, કોઈ સીસાથી, કોઈ ચૂર્ણ મિશ્રિત જળથી, કોઈ ક્ષારયુક્ત તેલથી ભરી હતી. જે અગ્નિપર રાખી હતી. દુર્યોધન ચારકપાલ પાસે ઉષ્ટ્રિકાઓ હતી. જેમાંના કેટલાંક અશ્વમૂત્રથી, કોઈ હાથીના મૂત્રથી, કોઈ ઊંટના મૂત્રથી, કોઈ ગોમૂત્રથી, કોઈ મહિષમૂત્રથી, કોઈ બકરાના મૂત્રથી, કોઈ ભેડોના મૂત્રથી ભરેલી હતી.

તે દુર્યોધન ચારકપાલની પાસે અનેક હસ્તાંદુક, પાદાંદુક, હડિ અને શ્રૃંખલા તથા નિકર લગાવેલા હતા. તે દુર્યોધન ચારકપાલ પાસે વેણુલતા, નેતરના ચાબુકો, આંબલીના ચાબુકો, કોમળ ચર્મચાબુકો, સામાન્ય ચાબુકો, વલ્કલરશ્મિના પુંજ અને નીકટ રહેતા હતા.

તેની પાસે અનેક શિલા, લાકડીઓ, મુદ્ગરો, કનંજરોના પુંજ અને નીકટ રહેતા હતા. તે દુર્યોધન ચરકપાલ પાસે ચામડાની રસ્સી, સામાન્ય રસ્સી, વલ્કલ રજ્જુ, છાલની રસ્સી, કેશ રસ્સીના ઢગલા રહેતા હતા. તે દુર્યોધન ચારકપાલ પાસે અસિપત્ર, કરપત્ર, ક્ષુરપત્ર અને કદંબચીરપત્રના પણ ઢગ રહેતા. તેની પાસે લોઢાના ખીલા, વાંસની સળી, ચામડાના પટ્ટા આદિના ઢગ રહેતા. તેની પાસે અનેક સોયો, દમ્મણો તથા લઘુ મુદ્ગરોના

ઢગ રહેતા. તેની પાસે અનેક પ્રકારના શસ્ત્ર, પિપ્પલ, કુહાડા, નખછેદનક, ડાભના અગ્રભાગ જેવા તીક્ષ્ણ હથિયારોના ઢગ રહેતા હતા.

ત્યારે તે દુર્યોધન ચારકપાલ સિંહરથ રાજાના અનેક ચોર, પરસ્ત્રી લંપટ, ગ્રંથિભેદક, રાજાના અપકારી, ઋણધારકો, બાલઘાતકો, વિશ્વાસઘાતીઓ, જુગારી, ધૂર્ત પુરુષોથી પકડાવી ઊંધા માથે લટકાવતો, પછી લોહદંડ વડે મુખ ખોલતો, ખોલીને કોઈને તપ્ત તામ્ર, તો કોઈને રાંગા, સીસા, ચૂર્ણ મિશ્રિત જળ, કલકલ કરતું ઉષ્ણ જળ, ક્ષારયુક્ત તેલ પીવડાવતો હતો. તથા કેટલાંકનો આ બધાંથી અભિષેક કરતો હતો.

કેટલાંકને ઊંધે માથે લટકાવીને તેમને અશ્વમૂત્ર, હસ્તિમૂત્ર – યાવત્ – ભેડમૂત્ર પીવડાવતો હતો. કેટલાંકને અધોમુખ કરી વમન કરાવતો અને એ રીતે પીડતો, કોઈને હાથકડી, બેડી, હડિબંધન, નિગડબંધનોથી બાંધતો હતો. કેટલાંકના શરીર સંકોડતો-મરોડતો, કોઈને સાંકડથી બાંધતો હતો. કેટલાંકના હસ્તછેદન – યાવત્ – શસ્ત્રોથી ચીરતો, કોઈને વેણુલતા આદિથી મરાવતો.

કેટલાંકને ઉર્ધ્વમુખ પછાડી તેની છાતી પર શિલા અને લાકડા રાખી ઉત્કંપન કરાવતો, જેનાથી તે લોકોના હાડકા ટૂટી જતા હતા. કેટલાંકને ચર્મ કે સૂત્રરજ્જુથી હાથ-પગ બંધાવતો, કૂવામાં ઉલટો લટકાવતો, ગોથા ખવડાવતો, કેટલાંકને અસિપત્રો – યાવત્ – કલંબચીરપત્રોથી છેદન કરતો અને તેના પર ક્ષારમિશ્રિત તેલથી મર્દન કરાવતો. કેટલાંકના મસ્તક, કંઠમણિ, ઘુંટી, કોણી, જાનુ તથા ઘૂંટણોમાં લોઢાના ખીલા તથા વાંસની શલાકા ઠોકાવતો તથા વિંછીના કાંટાનો શરીરમાં પ્રવેશ કરાવતો.

કેટલાંકના હાથ કે પગની આંગળીઓમાં મુદ્ગરો દ્વારા સોય વગેરેનો પ્રવેશ કરાવી ભૂમિમાં ખોદાવતો, કેટલાંકને શસ્ત્રો તથા નખછેદનીથી અંગો છોલાવતો અને દર્ભ, કુશ તથા આર્દ્રચર્મ બંધાવતો. પછી ધૂપમાં સૂવડાવી તેના સૂકાયા બાદ ચડચડ શબ્દપૂર્વક તેનું ઉત્પાટન કરાવતો.

આ રીતે તે દુર્યોધન ચારકપાલક આવા પ્રકારની નિર્દયતાપૂર્ણ પ્રવૃત્તિને પોતાનું કર્મ, વિજ્ઞાન, આચરણ બનાવી અતિ પાપકર્મોનું ઉપાર્જન કરી ૩૧૦૦ વર્ષનું આયુ ભોગવી મૃત્યુ પામી છટ્ઠી નરકે ૨૨ સાગરોપમ સ્થિતિવાળા નારકોમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થયો.

**૦ નંદિષેણકુમારનો જન્મ, વૃદ્ધિ, રાજાવધનો પ્રયાસ :–**

તે દુર્યોધન ચારકપાલનો જીવ છટ્ઠી નરકેથી નીકળી આ મથુરા નગરીમાં શ્રીદામ રાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. નવ માસ પૂર્ણ થતાં બંધુશ્રીએ પુત્રને જન્મ આપ્યો. બારમે દિવસે તે બાળકનું નંદિષેણ (નંદિવર્ધન) નામ રાખ્યું. પાંચ ધાવમાતા દ્વારા મોટો થવા લાગ્યો. યુવાન થઈને યુવરાજ પદે અલંકૃત્ થયો. રાજ્ય અને અંતઃપુરમાં આસક્ત નંદીષેણકુમાર શ્રીદામ રાજાને મારીને સ્વયં રાજ્યશ્રી ભોગવવાની ઈચ્છા કરવા લાગ્યો. તે માટે તે શ્રીદામ રાજાના અનેક અંતર, છિદ્ર આદિના અવસરો શોધવા લાગ્યો.

શ્રીદામ નરેશના વધનો અવસર પ્રાપ્ત ન થવાથી નંદિષેણે (નંદિવર્ધને) કોઈ સમયે ચિત્ર નામના વાણંદને કહ્યું, તું શ્રીદામ રાજાના સર્વ સ્થાનો આદિમાં સ્વેચ્છાપૂર્વક આવ-જા કરી શકે છે. રાજાનું ક્ષૌરકર્મ પણ કરે છે. તો હે દેવાનુપ્રિય ! તું ક્ષૌરકર્મ અવસરે

તેમની ગરદનમાં અસ્તરો ઘુસેડી દે, તો હું તને અડધું રાજ્ય આપું. પછી તું પણ અમારી સાથે ઉદાર–પ્રધાન કામભોગોનો ઉપભોગ કરતો સાનંદ સમય વ્યતીત કરી શકીશ. ચિત્રવાણંદે નંદિષેણના ઉક્ત કથનનો સ્વીકાર કર્યો.

**૦ નંદિવર્ધનની હત્યા અને ભાવિ ગતિ :–**

પછી ચિત્ર વાણંદને આવો વિચાર આવ્યો કે કોઈ પ્રકારે શ્રીદામ રાજાને આ ષડ્યંત્રની ખબર પડી જશે તો ન જાણે મને કેવા કમોતે મારશે. તેથી ભયભીત થઈ એકાંતમાં શ્રીદામ રાજાની પાસે આવી, બે હાથ જોડી, અંજલિ કરી કહ્યું કે, હે સ્વામી ! નંદિષેણ (નંદિવર્ધન) કુમાર રાજ્યમાં આસક્ત – યાવત્ – અધ્યુપપન્ન થઈને આપનો વધ કરી સ્વયં રાજ્યલક્ષ્મી ભોગવવા ઇચ્છે છે. ત્યારે શ્રીદામ રાજાએ અત્યંત ક્રોધિત થઈ નંદિષેણકુમારને પકડાવી દઈ પૂર્વોક્ત વિધાનથી હત્યા કરવા આજ્ઞા આપી.

હે ગૌતમ ! આ રીતે તે પૂર્વકૃત્ પાપકર્મોનું ફળ ભોગવી રહ્યો છે.

હે ભગવન્ ! તે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! નંદિષેણકુમાર ૬૦ વર્ષનું આયુ ભોગવી મરીને આ રત્નપ્રભા નામક નરકમાં ઉત્પન્ન થશે. શેષ સંસારભ્રમણ મૃગાપુત્ર માફક જાણવું. પૃથ્વીકાયમાંથી નીકળીને તે હસ્તિનાપુર નગરમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થશે. ત્યાં માછીમારો તેની હત્યા કરશે.

પછી હસ્તિનાપુરનાં એક શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, પ્રવ્રજિત થશે. યથાવિધિ પાલન કરી મુક્તિ પામશે – યાવત્ – સર્વ દુઃખોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૨૯, ૩૦;*

— x — x —

**૦ ઉંબરદત્તની કથા :–**

તે કાળે, તે સમયે પાટલિખંડ નગર હતું ત્યાં વનખંડ ઉદ્યાન હતું. ત્યાં ઉંબરદત્ત યક્ષનું યક્ષાયતન હતું. તે નગરમાં સિદ્ધાર્થ રાજા હતો. તે જ નગરમાં સાગરદત્ત નામે ધનાઢ્ય સાર્થવાહ હતો. તેની ગંગદત્તા નામે પત્ની હતી. તે દંપતિને ઊંબરદત્ત નામે અન્યન અને પરિપૂર્ણ પંચેન્દ્રિયોથી યુક્ત સુંદર શરીરવાળો એક પુત્ર હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ત્યાં પધાર્યા – યાવત્ – ધર્મોપદેશ સાંભળીને રાજા તથા પર્ષદા પાછા ફર્યા.

**૦ ગૌતમસ્વામીને રોગી પુરુષનું દર્શન :–**

તે કાળે, તે સમયે ગૌતમસ્વામી પારણા નિમિત્તે ભિક્ષાર્થે નગરમાં પૂર્વ દિશાથી પ્રવેશ્યા. ત્યાં એક પુરુષને જોયો. તે પુરુષ કંડૂ, કોઢ, જલોદર, ભગંદર, અર્શના રોગથી ગ્રસ્ત હતો. તેને ખાંસી–શ્વાસ પણ હતા. તેના હાથ, પગ, મુખ સૂઝી ગયા હતા. હાથ–પગની આંગળીઓ સડી ગયેલી. નાક અને કાન ગળી ગયેલા ઘામાંથી પરુ આદિ ખદબદી રહ્યા હતા. કૃમિઓથી અત્યંત પીડિત તથા પડતા એવા પરુ આદિથી તેના ઘા ભરેલા હતા. તેના કાન અને નાક ગુમડાના રસી આદિ વહેવાથી ગળી ગયેલા. વારંવાર તે લોહી, પરુ,

કૃમિનું વમન કરી રહ્યો હતો.

તે પુરુષ કષ્ટોત્પાદક, કરુણાજનક અને દીનતાપૂર્ણ શબ્દ કરી રહેલો. તેની પાછળ માખીના ઝુંડ ભમી રહ્યા હતા. તેના વાળ અસ્તવ્યસ્ત હતા. થીગડાવાળા વસ્ત્ર તેણે પહેરેલા. તેનું ભિક્ષાપાત્ર માત્ર ફૂટલો ઘડો હતો. શકોરાના ટુકડો તેનું જલપાત્ર હતું. એના દ્વારા તે ભિક્ષાવૃત્તિ કરતો હતો.

ગૌતમસ્વામી ઉચ્ચ, નીચ, મધ્યમ ઘરોમાં ભિક્ષાર્થે ભ્રમણ કરતા પાટલિખંડ નગરથી નીકળી શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા. ભક્તપાનની આલોચના કરી, ભગવંતને દેખાડી, તેમની આજ્ઞાથી નિર્લેપ ભાવે આહાર કરી સંયમ અને તપથી પોતાની આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારપછી ગૌતમસ્વામી બીજી વખત ભિક્ષાર્થે નીકળ્યા. પાટલિખંડનગરની દક્ષિણ દિશાએથી પ્રવેશ્યા. તેણે ત્યાં રોગ વ્યાપ્ત પૂર્વ પુરુષને જોયો. ભિક્ષા લઈ પાછા આવ્યા.

ત્યારપછી ત્રીજી વખત છટ્ઠના પારણા નિમિત્તે તે જ નગરમાં પશ્ચિમ દિશાના દ્વારેથી પ્રવેશ્યા, ત્યાં તેમણે પૂર્વવર્ણિત પુરુષને જોયો. આ જ પ્રમાણે ગૌતમસ્વામી ચોથી વખત ભિક્ષાર્થે ઉત્તર દિશાથી તે જ નગરમાં પ્રવેશ્યા. ત્યારે પણ તે જ પુરુષને જોયું.

તે જોઈને તેમના મનમાં આવો સંકલ્પ થયો કે, અહો ! આ પુરુષ પૂર્વકૃત્ અશુભ કર્મોના કટુ વિપાકને ભોગવતો દુ:ખપૂર્ણ જીવન વીતાવે છે. – યાવત્ – પાછા ફરીને, આવીને ભગવંતને કહ્યું–

હે ભગવન્ ! હું છટ્ઠના પારણા નિમિત્તે પાટલિખંડ નગરમાં ગયો. પૂર્વ દિશાએથી પ્રવેશ કર્યો. મેં એક રોગી પુરુષને જોયો. ઇત્યાદિ સર્વ વર્ણન કર્યું. તો હે ભગવન્ ! આ પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? જે આવું રોગાક્રાંત કષ્ટપૂર્ણ જીવન વીતાવી રહ્યો છે.

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં વિજયપુર નામે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ નગર હતું. ત્યાં કનકરથ રાજા હતો. તેને ધન્વંતરી નામે વૈદ્ય હતો. જે આયુર્વેદના આઠ અંગોનો જ્ઞાતા હતો. તે વૈદ્ય શિવહસ્ત–શુભહસ્ત અને લઘુહસ્ત હતો.

તે ધન્વંતરી વૈદ્ય વિજયપુર નગરના રાજા કનકરથના અંત:પુર નિવાસી રાણીઓ તથા બીજા ઘણાં જ રાજા, ઈશ્વર – યાવત્ – સાર્થવાહો તથા બીજા પણ ઘણાં દુર્બળ, ગ્લાન, રોગી, વ્યાધિત, રુગ્ણ લોકોનો તથા સનાથો, અનાથો, શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુકો, કાપાલિક, કાર્પટિક અને આતુરોની ચિકિત્સા કરતો હતો.

તેઓને તે મત્સ્ય, કાંચબા, ગ્રાહ, મગર, સુંસુમાર, બકરા, ભેડ, ગવય, શૂકર, મૃગ, શસક, ગાય, ભેંસ, તિતર, બટેર, લાવક, કબૂતર, કુકડા, મોર આદિ તથા બીજા પણ અનેક જલચર, સ્થલચર તથા ખેચરો આદિના માંસને ખાવાનો ઉપદેશ આપતો હતો.

તદુપરાંત તે ધન્વંતરી વૈદ્ય પોતે પણ અનેકવિધ મત્સ્ય આદિમાં માંસ તથા બીજા અનેક જલચરાદિ જીવોનું માંસ તથા મત્સ્ય, મયૂર આદિના રસમાં પકાવેલ, તળેલ, ભુંજેલ માંસની સાથે પાંચ પ્રકારની મદિરાઓનું આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન, પરિભોગ કરતો સમય વ્યતીત કરતો હતો.

ત્યારે તે ધન્વંતરી વૈદ્ય આવા પાપકર્મ, વિજ્ઞાન, આચરણ પૂર્વક અત્યધિક પાપકર્મો

ઉપાર્જીને ૩૨૦૦ વર્ષનું આયુ ભોગવીને મૃત્યુ પામીને છટ્ઠી નરકે ૨૨–સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થયો.

**૦ ઊંબરદત્તનો જન્મ :–**

તે સમયે સાગરદત્તની પત્ની ગંગદત્તા જાતનિંદુકા હતી. તેના બાળકો જન્મતાં જ મૃત્યુ પામતા હતા. કોઈ મધ્યરાત્રિએ તેણીને થયું કે, હું દીર્ઘકાળથી સાગરદત્ત સાર્થવાહ સાથે મનુષ્યસંબંધી ઉદાર વિપુલ કામભોગોને ભોગવી રહી છું. પણ આજ સુધી મેં કોઈ જીવિત રહેનાર પુત્ર કે પુત્રીને જન્મ દેવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું નથી.

તે માતાઓ ધન્ય છે, કૃતપુણ્ય છે, તેમનો જન્મ અને જીવન બંને સફળ છે. જેના સ્તનોના દૂધમાં લુબ્ધ, મધુર ભાષણથી યુક્ત, વ્યક્ત તથા તોતળાતા વચનવાળા, સ્તનના મૂળથી કાંખ સુધી સરકતા, સુકુમાર હાથોથી પકડીને ગોદમાં સ્થાપિત કરાયેલા તેઓ પુનઃ પુનઃ સુમધુર કોમળ મંજુલ વચનો બોલનારા, પોતાની જ કુક્ષિથી ઉત્પન્ન બાળક કે બાલિકા છે તે માતાઓને ધન્ય છે.

હું અધન્યા, પુણ્યહીન છું. કેમકે મને એક પણ સંતાન પ્રાપ્ત થયું નથી. હવે મારે માટે એ શ્રેયસ્કર છે કે હું સવારે સૂર્યોદય થતા સાગરદત્ત સાર્થવાહને પૂછીને વિવિધ પ્રકારના પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા, અલંકાર લઈને અનેક જ્ઞાતિજનો, મિત્રો – યાવત્ – સંબંધી સ્ત્રીઓ સાથે પાટલિખંડ નગર બહાર ઉદ્યાનમાં ઊંબરદત્ત યક્ષના આયતને જઈને યક્ષની મહાર્હ પુષ્પાર્ચના કરીને તેમના ચરણમાં નતમસ્તક થઈને પ્રાર્થના કરું કે–

હે દેવાનુપ્રિય ! જો હું હવે જીવિત રહેનાર બાળકને જન્મ આપીશ તો તમારો યાગ, ભાગ, દેવભંડારાદિમાં વૃદ્ધિ કરીશ. આ પ્રમાણે તેણીએ સંકલ્પ કર્યો. સવારે સાગરદત્ત સાર્થવાહ પાસ આવી. "પૂર્વોક્ત" વાત કહી – યાવત્ – હું ઉંબરદત્ત યક્ષની માનતા માનું. સાગરદત્તે ગંગદત્તાના ઉક્ત પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

ત્યારપછી ગંગદત્તા વિવિધ પ્રકારના પુષ્પ, વસ્ત્ર, ગંધ આદિ પૂજા સામગ્રી લઈને મિત્ર, જ્ઞાતિજન આદિ મહિલા સાથે નીકળી. નગરની મધ્યે પુષ્કરિણી સમીપે પહોંચી. તેમાં પ્રવેશી જલમજ્જન, જલક્રીડા કરી, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કર્યા. ભીની સાડી પહેરી, પુષ્કરિણીથી બહાર આવી. પુષ્પાદિ સામગ્રી લઈ ઊંબરદત્ત યક્ષના આયતને પહોંચી. યક્ષને નમસ્કાર કર્યા. મોરપીંછી વડે યક્ષપ્રતિમાનું પ્રમાર્જન કર્યું. જળથી અભિષેક કર્યો. કષાયરંગી, સુગંધિત વસ્ત્રથી પ્રતિમા લુંછી. શ્વેત વસ્ત્રો પહેરાવ્યા. મહાર્હ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલ્ય, ચૂર્ણનું આરોપણ કર્યું. ધૂપ ઉવેખ્યો. યક્ષને પગે પડીને પૂર્વોક્ત પ્રાર્થના કરી, પાછી ફરી.

ત્યારપછી પેલો ધન્વંતરી વૈદ્યનો જીવ નરકથી નીકળી પાટલિખંડ નગરમાં ગંગદત્તા ભાર્યાની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. ત્રણ માસ પૂર્ણ થયા બાદ ગંગદત્તાને આવો દોહદ થયો કે, તે માતાઓ ધન્ય છે – યાવત્ – તેમનું જીવન સફળ છે. જે વિપુલ અશનાદિ અને મદિરા તૈયાર કરાવી અનેક મિત્ર આદિ મહિલાથી પરિવરીને પાટલિખંડ નગરની પુષ્કરિણીએ જાય છે. ત્યાં સ્નાનાદિથી નિવૃત્ત થઈને જ્ઞાતિજન આદિની મહિલાઓ સાથે આસ્વાદનાદિ કરતી દોહદ પૂર્ણ કરે છે.

જ્યારે સૂર્યોદય થયો ત્યારે સાગરદત્ત સાર્થવાહ પાસે આવીને કહ્યું કે, હે સ્વામી! તે માતાઓ ધન્ય છે – યાવત્ – ઉક્ત પ્રકારે પોતાનો દોહદ પૂર્ણ કરે છે. હું પણ મારો દોહદ પૂર્ણ કરવા ઇચ્છું છું. સાગરદત્ત સાર્થવાહે ગંગદત્તાને તે વાતમાં અનુમતિ આપી.

ત્યારપછી ગંગદત્તા પર્યાપ્ત માત્રામાં અશનાદિ આહાર તૈયાર કરાવી, મદિરાદિ પદાર્થ અને ઘણી જ પુષ્પાદિ પૂજા સામગ્રી લઈને મિત્ર, જ્ઞાતિજન આદિની મહિલા સાથે નીકળી – યાવત્ – સ્નાનાદિ કરી, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરી ઉંબરદત્ત યક્ષના આયતને આવી. ત્યાં પ્રથમની માફક પૂજાદિ કર્યા. પછી પુષ્કરિણીએ ગઈ. મિત્ર આદિ મહિલાઓએ ગંગદત્તાને સર્વાલંકારોથી વિભૂષિત કરી. પછી તે સર્વેની સાથે – યાવત્ – ગંગદત્તાએ પોતાનો દોહદ પૂર્ણ કર્યો. પછી સંપૂર્ણ, સંમાનિત, વિનિત દોહદવાળી તે ગર્ભને વહન કરવા લાગી.

ત્યારપછી નવ માસ પૂર્ણ થતાં ગંગદત્તાએ એક બાળકને જન્મ આપ્યો. સ્થિતિપતિતા મનાવી. તે બાળક ઉંબરદત્ત યક્ષની માનતા માનવાથી થયો હોવાથી તેનું ઉંબરદત્ત નામ રાખ્યું. તે બાળક પાંચ ધાવમાતાઓ દ્વારા ઉછેરાવા લાગ્યો. કોઈ દિવસે સાગરદત્ત સાર્થવાહ વિજયમિત્રની માફક મૃત્યુ પામ્યો. ગંગદત્તા પણ મૃત્યુ પામી. આ તરફ ઉજ્ઝિતકની માફક રાજપુરુષોએ ઉંબરદત્તને ઘેરથી કાઢી મૂક્યો.

**• ઉંબરદત્તને રોગાતંક અને ભાવિ ગતિ :–**

ત્યારપછી કોઈ સમયે ઉંબરદત્તના શરીરમાં એક સાથે સોળ રોગો ઉત્પન્ન થયા. જેવા કે શ્વાસ, કાસ – યાવત્ – કોઢ. આ સોળ રોગોથી અભિભૂત થયેલો ઉંબરદત્ત ખુજલી – યાવત્ – હાથ આદિના સડી જવાથી દુઃખપૂર્ણ જીવન વિતાવવા લાગ્યો.

હે ગૌતમ ! આ રીતે તે પૂર્વકૃત્ અશુભકર્મોનું ફળ ભોગવી રહ્યો છે.

હે ભગવન્ ! આ ઉંબરદત્ત બાળક મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! ઉંબરદત્ત ૭૨ વર્ષનું પરમ આયુ ભોગવી, મૃત્યુ પામી, રત્નપ્રભા નરકે નારકરૂપે ઉત્પન્ન થશે. ત્યાં મૃગાપુત્રની જેમ સંસાર ભ્રમણ કરશે. ત્યાંથી નીકળી હસ્તિનાપુરમાં કુકડારૂપે ઉત્પન્ન થશે. ત્યાં જન્મતાં જ ગોષ્ઠિકો દ્વારા તેની હત્યા થશે.

પુનઃ હસ્તિનાપુરમાં જ એક શ્રેષ્ઠિકૂળમાં ઉત્પન્ન થશે. ત્યાં તે સમ્યકત્વ પ્રાપ્ત કરશે. ત્યાંથી સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં અણગાર ધર્મ પ્રાપ્ત કરી યથાવિધિ સંયમની આરાધના કરી, કર્મક્ષય કરીને સિદ્ધ થશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા.મૂ. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૩૧;*

— × — × —

## ૦ શૌર્યદત્તની કથા :–

તે કાળે, તે સમયે શૌરિકપુર નામક નગર હતું. ત્યાં શૌરિકાવતંસક નામક ઉદ્યાન હતું. શૌરિકયક્ષનું આયતન હતું. શૌરિકદત્ત રાજા હતો. તે નગરની બહાર ઇશાનખૂણામાં માછીમારોનો વાડો હતો. ત્યાં સમુદ્રદત્ત નામક મચ્છીમાર હતો. તે મહાઅધર્મી – યાવત્ – દુષ્પ્રત્યાનંદ હતો. તેની સમુદ્રદત્તા નામની અન્યૂન અને પૂર્ણ પંચેન્દ્રિય શરીરવાળી પત્ની

હતી. તે દંપતિને શૌર્યદત્ત નામક સર્વાંગસંપન્ન સુંદર પુત્ર હતો.

તે કાળે, તે સમયે ભગવાન્ મહાવીર પધાર્યા – યાવત્ – પર્ષદા અને શૌરિકદત્ત રાજા ધર્મકથા સાંભળી પાછા ચાલ્યા ગયા.

**૦ ગૌતમસ્વામી દ્વારા પીડિત પુરુષનું દર્શન :–**

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ટ શિષ્ય ગૌતમ સ્વામી – યાવત્ – છટ્ઠના પારણે શૌરિકપુર નગરમાં ભિક્ષાર્થે ભ્રમણ કરતા યથેષ્ઠ આહાર લઈને શૌરિકપુર નગરથી નીકળ્યા.

મચ્છીમાર મોહલ્લા પાસેથી જતા એવા તેમણે વિશાળ જનસમુદાય વચ્ચે એક શુષ્ક, બુભૂક્ષિત, નિર્માંસ, ચર્માવૃત્ત માત્ર એવો અને ઉઠતા–બેસતા જેના હાડકાં કડકડ કરતા એવા પુરુષને જોયો. તેણે નીલુ વસ્ત્ર પહેરેલું. ગળામાં મત્સ્યકંટક લાગેલો હોવાથી કષ્ટાત્મક, કરુણાજનક અને દીનતાપૂર્ણ આક્રંદન કરી રહ્યો હતો. તે લોહી, પરુ, કૃમિનું વારંવાર વમન કરી રહ્યો હતો. તે જોઈને ગૌતમસ્વામીના મનમાં આવો સંકલ્પ થયો કે, અહો ! આ પુરુષ પૂર્વકૃત્ – યાવત્ – અશુભ કર્મોના ફળ સ્વરૂપ નરકતુલ્ય વેદના અનુભવી રહ્યો છે. આમ વિચારી ભગવંત મહાવીર પાસે પહોંચ્યા.

**૦ શૌર્યદત્તનો પૂર્વભવ :–**

હે ભગવન્ ! – યાવત્ – તે પુરુષ પૂર્વભવે કોણ હતો ?

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં નંદીપુર નગર હતું. ત્યાં મિત્રરાજા હતો. તેનો શ્રીયક નામે રસોઈયો હતો. તે મહા અધર્મી – યાવત્ – દુષ્પ્રત્યાનંદ હતો. તેના પૈસા તથા ભોજનરૂપ વેતન ગ્રહણ કરનારા અનેક મચ્છીમાર, વાગુરિક, શાકુનિક નોકર પુરુષો હતા. જે શ્લક્ષ્ણ મત્સ્યો – યાવત્ – પતાકાતિપતાકાઓ તથા બકરા – યાવત્ – મહિષો તથા તેતર – યાવત્ – મોરનો વધ કરીને શ્રીયક રસોઈયાને આપતા. અન્ય પણ ઘણાં પક્ષી ત્યાં પિંજરામાં બંધ કરેલા હતા. શ્રીયક રસોઈયાના અન્ય પણ ઘણાં પક્ષી ત્યાં પિંજરામાં બંધ કરેલા હતા. શ્રીયક રસોઈયાના અન્ય પણ અનેક વેતનથી કાર્ય કરનારા હતા. જે તેને તેતર – યાવત્ – મોરને પાંખ રહિત કરીને તેને લાવીને આપતા હતા. ત્યારે તે રસોઈયો અનેક જલચર, સ્થલચર, ખેચર જીવોનું માંસ લઈ સૂક્ષ્મ, વૃત્ત, દીર્ઘ, હ્રસ્વ ખંડ કરતો. તે ખંડોને પકાવતો, કેટલાંક સ્વતઃ પાકી જતા. કોઈ ગર્મી કે હવાથી પકાવાતા હતા.

તે કેટલાંકને કૃષ્ણવર્ણવાળા – યાવત્ – હિંગુલ વર્ણવાળા કરતો.

તે આ ખંડોને તક્ર, આમલક, દ્રાક્ષારસ, કપિત્થ તથા અનારના રસથી સંસ્કારિત કરતો. તેમજ મત્સ્યરસોથી ભાવિત કરતો.

તે માસખંડોને તળતો, સેકતો, શૂળમાં પરોવી પકાવતો.

આ રીતે મત્સ્ય, મૃગ – યાવત્ – મયૂર માંસના રસો તથા અન્ય ઘણાં જ લીલા શાકને તૈયાર કરતો. પછી રાજા મિત્રના ભોજન સમયે પ્રસ્તુત કરતો તે રસોઈયો પોતે પણ અનેક જલચર આદિના માંસ, રસ અને લીલા શાકની સાથે શૂલપક્વ, તળેલ, સેકેલ તથા છ પ્રકારની મદિરા આદિનું આસ્વાદનાદિ કરતો વિચરતો હતો.

ત્યારે આવા કર્મોને કરતો, તેમાં પ્રધાનતા રાખતો, તેનું વિજ્ઞાન જાણતો, આવા પાપોનું સર્વોત્તમ આચરણ કરતો તે શ્રીયક રસોઈયો અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરી ૩૩૦૦ વર્ષનું પરમ આયુ ભોગવીને મૃત્યુ પામીને છટ્ઠી નરકે ઉત્પન્ન થયો.

○ શૌર્યદત્તનો ભવ :–

તે સમયે, તે સમુદ્રદત્તા પત્ની મૃતવત્સા હતી. તેના બાળકો જન્મતાં જ મૃત્યુ પામતા હતા. તેણીએ ગંગદત્તાની માફક જ વિચાર કર્યો. પતિની આજ્ઞા લઈ માનતા માની. ગર્ભવતી થઈ. દોહદ પૂર્ણ કર્યા. સમુદ્રદત્તાએ પુત્રને જન્મ આપ્યો. શૌરિક યક્ષની માનતાથી જન્મેલ હોવાથી શૌર્યદત્ત (શૌરિકદત્ત) નામ રાખ્યું – યાવત્ – તે યુવાન થયો. કોઈ સમયે સમુદ્રદત્ત મૃત્યુ પામ્યો. શૌરિકદત્ત બાળકે અનેક મિત્ર, જ્ઞાતિ, સ્વજન આદિ સાથે સમુદ્રદત્તનું નિહરણ કર્યું. મૃતક ક્રિયા કરી. પછી કોઈ સમયે તે સ્વયં માછીમારોનો મુખી બની ગયો. ત્યારપછી તે મહાઅધર્મી – યાવત્ – દુષ્પ્રત્યાનંદ બન્યો.

ત્યારે શૌરિકદત્ત માછીમાર પૈસા અને ભોજનાદિ વેતનથી કામ કરનારા અનેક વેતનભોગી પુરુષ રાખ્યા. જે નાની હોડીઓ દ્વારા યમુના મહાનદીમાં પ્રવેશ કરતા. દ્રહોનું ગલન, મલન, મર્દન, મન્થન, વહન, પ્રવહનથી તેમજ પ્રપંચુલ, પ્રપંપુલ, મત્સ્યપુચ્છ, જુંભા, ત્રિસરા, ભિસરા, વિસરા, દ્વિસરા, હિલ્લિરિ, ઝિલ્લિરિ, લલ્લિરિ, જાલ, ગલ, કૂટપાશ, વલ્કબંધ, સૂત્ર બંધ અને બાલબંધ સાધનો દ્વારા કોમળ મત્સ્યો – યાવત્ – પતાકાતિપતાક મત્સ્ય વિશેષેને પકડીને તેનાથી નૌકાઓ ભરતા. નદીના કિનારે લાવતા, બહાર એક સ્થળે ઢગલા કરતા હતા.

ત્યારપછી તેને ત્યાં ધૂપમાં સૂકવતા. એ જ રીતે અન્ય વેતનભોગી પુરુષો ધૂપમાં સૂકાયેલ તે મત્સ્યોના માંસોને શૂલથી પકવતા, તળતા, સેકતા તથા તેને રાજમાર્ગે વિક્રયાર્થે રાખીને આજીવિકા કરતા સમય વ્યતીત કરતા હતા. શૌરિકદત્ત પોતે પણ તે મત્સ્યમાંસોની સાથે વિવિધ સુરા આદિનું સેવન કરતો વિચરતો હતો.

○ શૌરિકદત્ત (શૌર્યદત્ત)નું મૃત્યુ અને ગતિ :–

ત્યારે કોઈ સમયે શૂલપક્વ, તળેલ, સેકેલ મત્સ્ય માંસનો આહાર કરતી વખતે તે શૌરિકદત્તના ગળામાં માછલીનો કાંટો ફંસાઈ ગયો. તે કારણે તે ઘણી અસાધ્ય વેદના અનુભવવા લાગ્યો. અતિ દુઃખી શૌરિકે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું કે, શૌરિકપુર નગરમાં જઈને ઉચ્ચ સ્વરે ઘોષણા કરો કે, શૌરિકદત્તના ગળામાં મત્સ્યકંટક ફસાઈ ગયો છે. કોઈ વૈદ્ય, વૈદ્યપુત્ર, જાણકાર, જાણકારપુત્ર, ચિકિત્સક કે ચિકિત્સકપુત્ર તે મત્સ્યકંટકને કાઢી દેશે તો શૌરિકદત્ત તેને વિપુલ ધન આપશે.

ત્યારપછી ઘણાં જ વૈદ્ય – યાવત્ – ચિકિત્સકપુત્રો ત્યાં આવ્યા. તેમણે ઘણી જ ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી તથા પારિણામિકી બુદ્ધિથી સમ્યક્ પરિણમન કરતા વમન, છર્દન, અવપીડન, કવલગ્રાહ, શલ્યોદ્ધાર, વિશલ્યકરણાદિ ઉપચારોથી શૌરિકદત્તના ગળાનો કાંટો કાઢવા અને પરુ બંધ કરવા ઘણાં પ્રયત્નો કર્યા, પણ તેમાં તેઓ સફળ ન થયા. ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત થઈને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

આ રીતે વૈદ્યો નિષ્ફળ ગયા પછી તે શૌરિકદત્ત ઘણી જ વેદના ભોગવતો સૂકાઈને

– યાવત્ – અસ્થિપિંજર થઈ ગયો. તે દુઃખપૂર્વક સમય વિતાવતો હતો. હે ગૌતમ ! તે શૌરિકદત્ત પોતાના જ પૂર્વવત્ અશુભ કર્મોનું ફળ ભોગવી રહ્યો છે.

હે ભગવન્ ! તે શૌરિકદત્ત મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! ૭૦ વર્ષનું પરમ આયુ ભોગવી મૃત્યુ પામી રત્નપ્રભા નરકે ઉત્પન્ન થશે – યાવત્ – મૃગાપુત્ર માફક સંસારભ્રમણ કરશે. ત્યાંથી નીકળી હસ્તિનાપુરે મત્સ્ય થશે. માછીમારો તેનો વધ કરશે.

ત્યાંથી હસ્તિનાપુરમાં શ્રેષ્ઠીકુળે જન્મ લઈ સમ્યકત્વ પ્રાપ્ત કરશે. મરીને સૌધર્મકલ્પે દેવ થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી, ચારિત્ર લઈ, સમ્યક્ આરાધનાથી સિદ્ધ થશે – યાવત્ – સર્વ દુઃખોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા.મૂ. ૯૬૮ની વૃ; વિવા. ૩, ૩૨;*

— x — x —

**૦ દેવદત્તાની કથા :–**

તે કાળે, તે સમયે રોહિતક નગર હતું. ત્યાં પૃથ્વી અવતંસક નામક ઉદ્યાન હતું. તેમાં ધારણ યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં રાજા વૈશ્રમણ દથ હતો, તેને શ્રીદેવી નામે રાણી હતી. પુષ્પનંદી યુવરાજ હતો. તે રોહીતક નગરે દત્ત ગાથાપતિ હતો. જે ધની યાવત્ સંમાનનીય હતો. તેને કૃષ્ણશ્રી ભાર્યા હતી. તે દંપતિને દેવદત્તા નામે પુત્રી હતી. જે અન્યૂન, પૂર્ણ પંચેન્દ્રિય, સુંદર શરીરથી યુક્ત હતી.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા – યાવત્ – તેમની ધર્મદેશના સાંભળી રાજા અને પર્ષદા પાછા ગયા.

**૦ ગૌતમ સ્વામી દ્વારા વધ્યસ્ત્રીનું દર્શન :–**

તે કાળે, તે સમયે ભગવંતના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થે નગરમાં ગયા. ત્યાં ઘણાં હાથી, ઘોડા, પુરુષોને જોયા. તેમની મધ્યે અવકોટક બંધન બદ્ધ, નાક–કાન કપાયેલી – યાવત્ – શૂળીએ ચડાવાનારી એક સ્ત્રી તે જોઈને વિચાર આવ્યો કે આ સ્ત્રી નરકતુલ્ય વેદના ભોગવી રહી છે – યાવત્ – ભગવંત મહાવીર પાસે આવ્યા અને નિવેદન કર્યું કે, હે ભગવન્ ! આ સ્ત્રી પૂર્વભવે કોણ હતી ?

**૦ દેવદત્તાનો પૂર્વભવ :–**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુપ્રતિષ્ઠ નામે ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ નગર હતું. ત્યાં મહાસેન રાજા હતો. તેને ધારિણી આદિ ૧૦૦૦ રાણીઓ હતી. તેઓને સિંહસેન નામનો રાજકુમાર હતો – યાવત્ – કોઈ સમયે સિંહસેનકુમારને માટે ૫૦૦ સુવિશાલ પ્રાસાદાવતંસક બનાવાયા. પછી શ્યામા આદિ ૫૦૦ સુંદર રાજકન્યાઓ સાથે એક જ દિવસે તેનો વિવાહ કરાયો. ૫૦૦–૫૦૦ વસ્તુઓ પ્રીતિદાનમાં આપી. સિંહસેન યુવરાજ શ્યામા આદિ તે ૫૦૦ રાજકન્યાઓ સાથે પ્રાસાદોમાં રમણ કરતા સાનંદ વિચરવા લાગ્યો. કોઈ સમયે રાજા મહાસેન મૃત્યુ પામ્યો. સિંહસેને નિહરણ ક્રિયા કરી. પછી તે રાજા થયો. પછી સિંહસેન રાજા શ્યામાદેવીમાં મૂર્છિત, ગૃદ્ધ,

ગ્રથિત અને અધ્યુપપન્ન થઈને અન્ય દેવીઓનો આદર ન કરતો. તેમનું ધ્યાન રાખતો ન હતો. પણ તેમનો અનાદર અને વિસ્મરણ કરતો સમય વ્યતીત કરતો હતો.

ત્યારપછી એક સિવાયની ૫૦૦ દેવીઓની ૪૯૯ માતાઓને જ્યારે આ ખબર પડી કે રાજા સિંહસેન શ્યામાદેવીમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન થઈને અમારી કન્યાનો આદર કરતો નથી. ત્યારે તેઓએ નિશ્ચય કર્યો કે અમારે શ્યામાદેવીને અગ્નિ, વિષ, શસ્ત્રપ્રયોગથી જીવન રહિત કરી નાંખીએ. આવો વિચાર કરી સમય વિતાવવા લાગી.

આ તરફ શ્યામાદેવીને આ ષડ્યંત્રની ખબર પડી. ત્યારે તેણીએ વિચાર્યું કે, મારી ૪૯૯ સપત્નીઓની માતાઓ મારા જીવનનો અંત કરી દેવાનો અવસર શોધે છે. ન જાણે તેઓ મને કેવા કમોતે મારશે ? તે શ્યામા ભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયભીત થઈને કોપભવને આવીને માનસિક સંકલ્પોથી નિરાશ થઈ આર્તધ્યાન કરવા લાગી.

ત્યારે સિંહસેન રાજા આ વૃત્તાંત જાણીને કોપભવને ગયો. શ્યામાદેવી પાસે આવ્યો. નિરાશ, ચિંતિત, નિસ્તેજ શ્યામાદેવીને જોઈને કહ્યું, હે દેવાનુપ્રિયે ! તું કેમ અપહત મનઃસંકલ્પા થઈને આર્તધ્યાન કરે છે ?

સિંહસેન રાજાએ આ પ્રમાણે કહ્યું ત્યારે દૂધના ઉભરા સમાન તે ક્રુદ્ધ થઈને બોલી, હે સ્વામી ! મારી ૪૯૯ સપત્નીઓની માતાઓ – યાવત્ – મને જીવિતથી રહિત કરવા માટેનો અવસર જોઈ રહી છે. ન જાણે મને કયા કમોતે તેઓ મારશે ? આ કારણે ભયાક્રાન્ત થઈને હું કોપભવનમાં આર્તધ્યાન કરી રહી છું.

ત્યારે સિંહસેન રાજાએ શ્યામાદેવીને કહ્યું કે, હે દેવાનુપ્રિયે ! તું આ રીતે અપહત મનવાળી થઈને આર્તધ્યાન ન કર. નિશ્ચયથી હું એવો ઉપાય કરીશ કે તારા શરીરને ક્યાંયથી કોઈ પ્રકારે આબાધા કે પ્રબાધા થશે નહીં. આ પ્રમાણે શ્યામાદેવીને ઇષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોહર વચનોથી આશ્વાસન આપી ત્યાંથી નીકળી ગયો.

પછી તેણે કૌટુંબિક પુરુષોને કહ્યું કે, તમે લોકો જઈને નગરની બહાર પશ્ચિમ દિશામાં એક મોટી કૂટાગારશાળા બનાવો, જે સેંકડો સ્તંભોથી યુક્ત હોય, પ્રાસાદીય, અભિરૂપ, પ્રતિરૂપ, દર્શનીય હોય. તે કૌટુંબિક પુરુષોએ સિંહસેન રાજાની આજ્ઞા – યાવત્ – શિરોધાર્ય કરી – યાવત્ – વિશાળ કૂટાગારશાળા બનાવી રાજાને જણાવ્યું.

ત્યારપછી સિંહસેન રાજા કોઈ સમયે ૪૯૯ રાણીઓ અને તેની ૪૯૯ માતાઓને આમંત્રિત કરી. ત્યારે ૪૯૯ રાણીઓ તથા પ્રત્યેકની માતા સર્વ પ્રકારે વસ્ત્રો અને આભુષણોથી સુસજ્જિત થઈ પોતપોતાના વૈભવ અનુસાર સુપ્રતિષ્ઠ નગરમાં સિંહસેન રાજા પાસે આવી. સિંહસેન રાજાએ પણ તે ૪૯૯ રાણીઓ અને તે પ્રત્યેકની માતાને કૂટાગાર શાળામાં નિવાસ માટે સ્થાન આપ્યું.

ત્યારપછી સિંહસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું, હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ અશનાદિ તથા અનેકવિધ પુષ્પો, વસ્ત્રો, ગંધો, માળાઓ, અલંકારો લઈને કૂટાગાર શાળામાં પહોંચાડો. કૌટુંબિક પુરુષોએ રાજાજ્ઞા મુજબ સામગ્રી પહોંચાડી. ત્યારપછી સર્વાલંકારોથીત વિભૂષિત તે ૪૯૯ રાણીઓ અને પ્રત્યેકની માતાઓએ તે વિપુલ અશનાદિક અને સુરા આદિનું આસ્વાદન કર્યું અને ગાંધર્વ તથા નાટક–નર્તકોથી

ઉપગીયમાન–પ્રશસ્યમાન થતી વિચરવા લાગી.

ત્યારપછી સિંહસેન રાજા મધ્યરાત્રિએ અનેક પુરુષો સાથે ઘેરાઈને કૂટાગાર શાળાએ આવ્યો. બધાં જ દરવાજા બંધ કરાવી દીધા, ચારે તરફ આગ લગાડી દીધી. સિંહસેન રાજા દ્વારા આદીપ્ત કરાયેલ, સળગાવાએલ, ત્રાણ અને શરણરહિત થયેલી તે ૪૯૯ રાણીઓ અને તેની માતાઓ રુદન, ક્રંદન અને વિલાપ કરતી મૃત્યુ પામી.

**૦ સિંહસેન રાજાનું મૃત્યુ અને ગતિ :–**

આ પ્રકારના કર્મ–વિજ્ઞાન અને આચરણવાળો સિંહસેન રાજા અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને ૩૪૦૦ વર્ષનું આયુ ભોગવીને ૨૨ સાગરોપમની સ્થિતિવાળી છટ્ઠી નરકે નૈરયિકરૂપે ઉત્પન્ન થયો. – તે સિંહસેનનો જીવ નારકીથી નીકળીને આ રોહિતક નગરમાં દત્ત સાર્થવાહની કૃષ્ણશ્રીની કુક્ષિમાં પુત્રીરૂપે ઉત્પન્ન થયો.

**૦ દેવદત્તાનો ભવ :–**

ત્યારે તે કૃષ્ણશ્રીએ નવ માસ પૂર્ણ થતા એક કન્યાને જન્મ આપ્યો. તે અતિ કોમળ હાથ–પગવાળી તથા સ્વરૂપવાન્ હતી. પછી તે કન્યાના માતાપિતાએ બારમા દિવસે વિપુલ અશનાદિક તૈયાર કરાવ્યું – યાવત્ – મિત્ર, જ્ઞાતિજન, નિજક, સ્વજન, સંબંધીને નિમંત્રિત કરીને અને ભોજનાદિથી નિવૃત્ત થઈ તે કન્યાનું નામકરણ કરતાં દેવદત્તા નામ રાખ્યું. તે કન્યા પાંચ ધાવ માતા દ્વારા સંરક્ષણ અને વૃદ્ધિ પ્રાપ્ત કરતા બાલ્યાવસ્થાથી મુક્ત થઈ. ત્યારપછી યૌવન, રૂપ, લાવણ્યથી અત્યંત ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ. કોઈ વખતે દેવદત્તા સ્નાનાદિ નિવૃત્ત થઈને સમસ્ત આભુષણોથી વિભૂષિત થઈ અનેક દાસીઓ સાથે પોતાના મકાન ઉપર સોનાના દડા વડે ક્રિડા કરતી વિચરતી હતી.

આ તરફ સ્નાનાદિથી નિવૃત્ત – યાવત્ – સર્વાલંકાર વિભૂષિત વૈશ્રમણદત્ત રાજા અશ્વ પર બેસી અનેક પુરુષો સહિત અશ્વક્રિડાર્થે જતો દત્ત ગાથાપતિના ઘર પાસેથી નીકળ્યો. તેણે દેવદત્તા કન્યાને જોઈ. તેણીના રૂપ, યૌવન, લાવણ્યથી વિસ્મિત થયો. કૌટુંબિક પુરુષોને પૂછ્યું કે, આ બાલિકા કોણ છે ? તેનું નામ શું છે ? ત્યારે કૌટુંબિક પુરુષોએ કહ્યું, હે સ્વામી ! આ કન્યા દત્ત ગાથાપતિ અને કૃષ્ણશ્રીની પુત્રી છે.

**૦ પુષ્પનંદી સાથે દેવદત્તાના લગ્ન :–**

ત્યારપછી રાજા વૈશ્રમણદત્ત અશ્વવાહનિકાથી પાછા આવીને પોતાના આભ્યંતર સ્થાનીય બોલાવીને કહ્યું, તમે જાઓ અને દત્ત સાર્થવાહ તથા કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા કન્યાની પુષ્પનંદીની ભાર્યારૂપે માંગ કરો. ત્યારે તે આભ્યંતર સ્થાનીય પુરુષોએ રાજાની આજ્ઞા સ્વીકારી – યાવત્ – સ્નાનાદિ ક્રિયા કરીને તથા પ્રાવેશ્ય ઉત્તમ વસ્ત્રો પહેરીને દત્ત સાર્થવાહને ઘેર આવ્યા. દત્ત સાર્થવાહ પણ તેમને જોઈને પ્રસન્નતા સાથે ઊભો થયો, સાત–આઠ ડગલા સામે ચાલ્યો. તેઓનું સ્વાગત કરી આસને બેસવા કહ્યું, પછી આશ્વસ્ત, વિશ્વસ્ત થઈને સુખપૂર્વક આસને બેઠા. પછી દત્ત સાર્થવહે તેમને પૂછ્યું કે, આપના શુભાગમનનું પ્રયોજન કહો.

ત્યારે રાજપુરુષોએ કહ્યું કે, હે દેવાનુપ્રિય ! અમે આપની પુત્રી દેવદત્તા કન્યાની યુવરાજ પુષ્પનંદીની ભાર્યારૂપે માંગણી કરવા આવ્યા છીએ. જો અમારી માંગ આપને

યુક્ત, અવસર પ્રાપ્ત, શ્લાઘનીય લાગે તથા આ સંયોગ અનુરૂપ લાગે તો દેવદત્તાને યુવરાજ પુષ્પનંદી માટે આપો અને બતાવો કે તે માટે આપને શું ઉપહાર આપીએ ? ત્યારે દત્ત સાર્થવાહે કહ્યું–હે દેવાનુપ્રિયો ! મારે માટે આ જ ઉપહાર છે કે રાજા વૈશ્રમણદત્ત મારી આ પુત્રીને ગ્રહણ કરી મને અનુગૃહીત કરી રહ્યા છે. પછી ગાથાપતિદત્તે તે આભ્યંતર પુરુષોનું પુષ્પ, ગંધ, માલા તથા અલંકારાદિથી યથોચિત સત્કાર–સન્માન કરી વિસર્જિત કર્યા.

આભ્યંતર પુરુષોએ આવીને વૈશ્રમણ રાજાને બધો વૃત્તાંત કહ્યો.

ત્યારપછી કોઈ સમયે દત્ત ગાથાપતિએ શુભ તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્ત્તે વિપુલ અશનાદિ સામગ્રી તૈયાર કરાવી, મિત્ર, જ્ઞાતિજન આદિને આમંત્રિત કર્યા. સ્નાનાદિથી નિવૃત્ત થઈ, કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કર્યા. ભદ્રાસને સ્થિત થઈ વિપુલ અશનાદિકનું મિત્ર, જ્ઞાતિજન આદિ સાથે આસ્વાદન, વિસ્વાદન કર્યા પછી ઉચિત સ્થાને બેસી આચમન, ચોક્ષ, શુચિભૂત થઈને મિત્ર, જ્ઞાતિજન આદિનું વિપુલ પુષ્પ, માલા, ગંધ, વસ્ત્ર, અલંકારાદિથી સત્કાર, સન્માન કર્યો.

દેવદત્તા પુત્રીને સ્નાન કરાવી – યાવત્ – આભુષણોથી આભૂષિત કરી પુરુષ સહસ્રવાહિનીમાં બેસાડી, ઘણાં જ મિત્ર, જ્ઞાતિજન આદિથી પરિવરીને સર્વ પ્રકારની ઋદ્ધિ અને વાજિંત્રધ્વનિ સાથે વૈશ્રમણ રાજાને ત્યાં આવી રાજાને હાથ જોડીને વધાવ્યા. દેવદત્તા કન્યા અર્પણ કરી. ત્યારે વૈશ્રમણ રાજા દેવદત્તા કન્યાને જોઈને અતિ હર્ષિત થયો અને વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા. મિત્ર, જ્ઞાતિજન આદિને આમંત્રિત કરીને ભોજન કરાવ્યું. તેમનું પુષ્પ, વસ્ત્ર આદિથી સત્કાર–સન્માન કર્યા. ત્યારપછી પુષ્પનંદી અને દેવદત્તાને પાટ પર બેસાડી સોના–ચાંદીના કળશો વડે સ્નાન કરાવ્યું. સુંદર વેશભૂષાથી સુસજ્જિત કર્યા. અગ્નિહોમ કર્યો. પછી પુષ્પનંદીનું દેવદત્તા સાથે પાણિગ્રહણ કરાવ્યું.

ત્યારપછી વૈશ્રમણદત્ત રાજાએ પુષ્પનંદી અને દેવદત્તાનું સંપૂર્ણ ઋદ્ધિ – યાવત્ – મહાન્ વાદ્યધ્વનિ અને ઋદ્ધિ સમુદાય અને સન્માન સહ વિવાહ રચાવ્યો. ત્યારપછી દેવદત્તાના માતાપિતા તથા તેમની સાથે આવેલ મિત્ર, જ્ઞાતિજન આદિનો પણ વિપુલ અશનાદિ તથા વસ્ત્ર, ગંધ, માલા, અલંકારાદિથી સત્કાર–સન્માન કરીને વિદાય આપી.

રાજકુમાર પુષ્પનંદી શ્રેષ્ઠીકન્યા દેવદત્તાની સાથે ઉત્તમ પ્રાસાદમાં વિવિધ પ્રકારના વાદ્યો અને જ્યાં મૃદંગ આદિ વાગી રહ્યા છે. એવા બત્રીશ પ્રકારના નાટકો દ્વારા ઉપગીયમાન થતા સાનંદ મનુષ્યસંબંધી શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધરૂપ ભોગ ભોગવતા વિચરવા લાગ્યા.

**૦ દેવદત્તા દ્વારા શ્રીદેવીની હત્યા :–**

કોઈ દિવસે વૈશ્રમણ રાજા મૃત્યુ પામ્યો. શોકગ્રસ્ત પુષ્પનંદીએ ઋદ્ધિપૂર્વક તેમનું નિહરણ કર્યું. મૃતક કર્મ કર્યા – યાવત્ – તે રાજા બન્યો.

પુષ્પનંદી રાજા પોતાની માતા શ્રીદેવીનો પરમ ભક્ત હતો. પ્રતિદિન માતા શ્રીદેવીના ચરણોમાં પ્રણામ કરીને શતપાક–સહસ્રપાક તેલ વડે માલિશ કરાવતો હતો. અસ્થિ, માંસ, ત્વચાને સુખપ્રદ અંગમર્દનથી સુખશાંતિ પામતો હતો. સુગંધિત ગંધવર્તકથી

ઉદ્વર્તન કરાવતો. પછી ઉષ્ણ, શીત, સુગંધી જળથી સ્નાન કરાવતો. પછી વિપુલ અશનાદિ ચાર પ્રકારનું ભોજન કરાવતો. કૌતુક, મંગલ, પ્રાયશ્ચિત્ત કરાવતો. પરમ શુચિભૂત થઈ ભદ્રાસને બેસતો. ત્યારપછી જ મનુષ્યસંબંધી ઉદાર ભોગો ભોગવતો વિચરતો.

કોઈ સમયે મધ્યરાત્રિએ જાગતી દેવદત્તાના હૃદયમાં આ સંકલ્પ ઉત્પન્ન થયો કે, નિશ્ચયથી પુષ્પનંદી રાજા પોતાની માતા શ્રીદેવીને પૂજ્ય બુદ્ધિથી પરમ ભક્તિ કરે છે. પણ આ વિક્ષેપને કારણે હું પુષ્પનંદી રાજા સાથે પર્યાપ્તરૂપે ભોગો ભોગવી શકતી નથી. તેથી મારે શ્રીદેવીને વિષ–મંત્ર કે શસ્ત્ર પ્રયોગથી જીવનથીરહિત કરવી ઉચિત છે. જેથી હું પુષ્પનંદી સાથે ઉદાર–પ્રધાન ભોગોને યથેષ્ટ ભોગવી શકું.

ત્યારપછી કોઈ સમયે સ્નાન કરેલી શ્રીદેવી એકાંતમાં શય્યા પર સૂતી હતી. અવકાશ પ્રાપ્ત થતા દેવદત્તા પણ શ્રીદેવી પાસે આવી. પછી દેવદત્તાએ દિશા અવલોકન કર્યું. પછી ભોજનગૃહે આવી. લોહદંડ લીધો. લોહદંડ તપાવ્યો, અગ્નિ સમાન દેદીપ્યમાન કર્યો. લાલચોળ બનેલા તે દંડને સંડાસીથી પકડીને શ્રીદેવી પાસે આવીને તેણીની ગુદામાં ઘુસેડી દીધો. શ્રીદેવી અતિ વેદનાથી ચિત્કાર કરતી તત્કાળ મૃત્યુ પામી.

**૦ દેવદત્તાના વધનો આદેશ અને ભાવિગતિ :–**

ત્યારપછી શ્રીદેવીની દાસીઓ ભયાનક ચિત્કાર શબ્દો સાંભળી શ્રીદેવી પાસે આવી. ત્યાંથી દેવદત્તાદેવીને નીકળતી જોઈ. શ્રીદેવીને ત્યાં પ્રાણરહિત અને ચેષ્ટારહિત જોઈ. તે દાસીઓ રુદન, આક્રંદન, વિલાપ કરતી પુષ્પનંદી રાજા પાસે આવીને કહ્યું, નિશ્ચયથી હે સ્વામી ! શ્રીદેવીને દેવદત્તાદેવીએ અકાળે જ જીવનરહિત કરેલી છે.

ત્યારે પુષ્પનંદી રાજા આ વૃત્તાંત સાંભળી માતૃશોકથી આક્રાંત થઈ કુહાડીથી કાપેલા ચંપકવૃક્ષ સદૃશ ધડામથી પૃથ્વી પર પડી ગયો. મુહૂર્ત બાદ રાજા હોશમાં આવ્યો. અનેક રાજા, ઈશ્વર – યાવત્ સાર્થવાહ, મિત્રો – યાવત્ – પરિજનો સાથે રુદન, આક્રંદન, વિલાપ કરતો શ્રીદેવીનો મહાઋદ્ધિ–સત્કાર સાથે નિહરણ કૃત્ય કરે છે.

ત્યારપછી ક્રોધાવેશથી રુષ્ટ–કુપિત થઈ દેવદત્તાને રાજપુરુષો દ્વારા પકડાવી, પૂર્વોક્ત વિધાનથી "આ વધ્યા છે" તેવી આજ્ઞા આપી.

આ પ્રકારે નિશ્ચયથી હે ગૌતમ ! દેવદત્તાદેવી પોતાના પૂર્વકૃત્ અશુભ પાપ કર્મોનું ફળ ભોગવી રહી છે. હે ભગવન્ ! દેવદત્તાદેવી મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! દેવદત્તાદેવી ૮૦ વર્ષનું આયુ ભોગવી, મૃત્યુ પામી રત્નપ્રભા નામક નરકમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થશે. શેષ સંસાર ભ્રમણ મૃગાપુત્રાનુસાર કરતી – યાવત્ – વનસ્પતિ અંતર્ગત્ કટુવૃક્ષાદિમાં લાખો વખત ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળી ગંગપુરમાં હંસરૂપે ઉત્પન્ન થશે. ત્યાં શાકુનિકો દ્વારા વધ પામશે.

પછી તેણી ગંગપુરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે જન્મશે. ત્યાં સમ્યકત્વ પ્રાપ્ત કરી સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રે ઉત્પન્ન થઈ, દીક્ષા લઈ – યાવત્ – સિદ્ધિને પ્રાપ્ત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૯૯૮ની વૃ;* *વિવા. ૩, ૩૩;*

**૦ અંજૂની કથા :-**

તે કાળે, તે સમયે વર્દ્ધમાનપુર નગર હતું. ત્યાં વિજયવર્દ્ધમાન નામક ઉદ્યાન હતું. ત્યાં મણિભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં વિજયમિત્ર રાજા હતો. ધનદેવ નામક સાર્થવાહ રહેતો હતો. જે ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત હતો. તેની પ્રિયંગુ નામે પત્ની હતી. તેની ઉત્કૃષ્ટ શરીરવાળી સુંદર અંજૂ નામની બાલિકા હતી.

તે કાળે, તે સમયે ભગવંત મહાવીર પધાર્યા – યાવત્ – પર્ષદા અને રાજા ધર્મદેશના સાંભળીને પાછા ફર્યા.

તે સમયે ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થ ભ્રમણ કરતા વિજયમિત્ર રાજાની અશોકવાટિકાની સમીપથી જતા શુષ્ક, બુભૂક્ષિત, નિર્માંસ, કડકડ શબ્દથી યુક્ત અસ્થિચર્માવનદ્ધ તથા નીલી સાડી પહેરેલી – કષ્ટમય, કરુણોત્પાદક, દીનતાપૂર્ણ વચન બોલતી એક સ્ત્રીને જોઈ. શેષ કથન પૂર્વકથાનુસાર જાણવું – યાવત્ – ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને તે સ્ત્રીનો પૂર્વભવ પૂછ્યો.

**૦ અંજૂનો પૂર્વભવ :-**

હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં ઇન્દ્રપુર નગર હતું. ત્યાં ઇન્દ્રદત્ત રાજા હતો. પૃથ્વીશ્રી ગણિકા રહેતી હતી.

પૃથ્વીશ્રી ગણિકા અનેક ઈશ્વર, તલવર – યાવત્ – સાર્થવાહ આદિ લોકોને ચૂર્ણાદિના પ્રયોગથી વશવર્તી કરીને મનુષ્યસંબંધી ઉદારમનોજ્ઞ કામભોગોનો યથેષ્ઠરૂપે ઉપભોગ કરતી વિચરતી હતી.

ત્યારપછી આવા કર્મ, આમાં પ્રધાન, આમાં વિજ્ઞ અને આવા આચારવાળી તે પૃથ્વીશ્રી ગણિકા અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરી ૩૫૦૦ વર્ષનું પરમ આયુ ભોગવી મૃત્યુ પામીને છટ્ઠી નરકભૂમિમાં ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં નૈરયિકરૂપે ઉત્પન્ન થઈ.

ત્યાંથી નીકળી આ વર્ધમાનપુર નગરમાં તે ધનદેવ સાર્થવાહની પ્રિયંગૂ ભાર્યાની કૂક્ષીમાં કન્યારૂપે ઉત્પન્ન થઈ. ત્યારપછી પ્રિયંગૂએ નવમાસ પૂર્ણ થયા પછી કન્યાને જન્મ આપ્યો. તેનું અંજૂશ્રી નામ રાખ્યું. તેણીનું શેષ વર્ણન દેવદત્તા માફક જાણવું.

**વિજયમિત્ર સાથે લગ્ન, અંજૂશ્રીને યોનિશૂળ :-**

ત્યારે વિજયમિત્ર રાજા અશ્વક્રીડા નિમિત્તે જતા વૈશ્રમણદત્ત રાજાની માફક અંજૂશ્રીને જુએ છે. પોતાના માટે તેતલીપુત્ર અમાત્ય માફક અંજૂશ્રીની માંગણી કરે છે – યાવત્ – અંજૂશ્રી સાથે ઉન્નત પ્રાસાદોમાં આનંદ વિહરણ કરે છે.

કોઈ સમયે અંજૂશ્રીના શરીરમાં યોનિશૂળ ઉત્પન્ન થયું. તે જાણીને વિજયમિત્ર રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને – વર્ધમાનપુર નગરમાં જઈને સર્વ સ્થાને ઉદ્‌ઘોષણા કરવા કહ્યું કે, અંજૂશ્રીના યોનિશૂળને જે કોઈ વૈદ્ય – જ્ઞાયક કે ચિકિત્સક આદિ ઉપશાંત કરી દેશે તેને વિજયમિત્ર રાજા વિપુલ ધનસંપત્તિ પ્રદાન કરશે. કૌટુંબિક પુરુષોએ ઉદ્‌ઘોષણા કરી.

ત્યારપછી નગરના અનેક વૈદ્ય, જ્ઞાયક, ચિકિત્સક વિજયમિત્ર રાજાને ત્યાં આવ્યા.

પોતાની ઔત્પાતિકી આદિ બુદ્ધિ દ્વારા પરિણામને પ્રાપ્ત કરી વિવિધ પ્રયોગો દ્વારા અંજૂશ્રીના યોનિશૂળને ઉપશાંત કરવા પ્રયત્ન કર્યો. પણ યોનિશૂળ શાંત થયું નહીં.

જ્યારે તે વૈદ્ય આદિ અંજૂશ્રીના યોનિશૂળનું શમન કરવામાં નિષ્ફળ ગયા ત્યારે તેઓ ખિન્ન, શ્રાંત અને હતોત્સાહ થઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ગયા. ત્યારપછી અંજૂ–દેવી તે યોનિશૂળ વેદનાથી અભિભૂત થઈને શુષ્ક, બુભૂક્ષિત રહેતી, નિર્માંસ થઈને કષ્ટહેતુક, કરુણોત્પાદક અને દીનતાપૂર્ણ શબ્દોમાં વિલાપ કરતી વિચરવા લાગી.

હે ગૌતમ ! આ પ્રકારે રાણી અંજૂશ્રી પોતાના પૂર્વોપાર્જિત પાપકર્મોનું ફળ ઉપભોગ કરતી વિચરી રહી છે.

હે ભગવન્ ! અંજૂદેવી મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થશે ?

**૦ અંજૂદેવીનું મૃત્યુ અને ભાવિ ગતિ :–**

હે ગૌતમ ! અંજૂદેવી ૬૦ વર્ષનું આયુ ભોગવી કાળ કરીને રત્નપ્રભા નરક પૃથ્વીમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થશે. શેષ સંસાર ભ્રમણ દેવદત્તા મુજબ જાણવું. ત્યાંની ભવ સ્થિતિને પૂર્ણ કરીને આ સર્વતોભદ્ર નગરમાં મોરરૂપે જન્મ લેશે. ત્યાં મોર શિકારી દ્વારા તેનો વધ થશે. ત્યારપછી સર્વતો ભદ્ર નગરમાં જ કોઈ એક શ્રેષ્ઠીકૂળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાલ્યભાવનો ત્યાગ કરી, યુવાવસ્થાને પ્રાપ્ત કરીને, વિજ્ઞ થઈને, તથારૂપ સ્થવિરો પાસેથી બોધિલાભ પ્રાપ્ત કરશે. ત્યારપછી પ્રવ્રજ્યા અંગીકાર કરી સૌધર્મકલ્પે ઉત્પન્ન થશે.

હે ભગવન્ ! સૌધર્મકલ્પેથી ચ્યવીને તે ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમકૂળમાં જન્મ લેશે – યાવત્ – સિદ્ધ, બુદ્ધ થઈ સર્વે દુઃખોનો અંત કરશે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા.મૂ. ૯૬૮ની વૃ;* *વિવા. ૩, ૩૪;*

— × — × —

**મુનિ દીપરત્નસાગર સંકલિત–અનુવાદિત દુઃખ વિપાકી કથા સમાપ્ત**

— × — × —

## ખંડ–૯ અન્ય કથાનક–અધ્યયન–૨ પ્રકિર્ણક કથાઓ

**૦ કાલકુમારની કથા :–**

તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં ઋદ્ધિ આદિથી સંપન્ન ચંપાનગરી હતી. તેના ઇશાનભાગે પૂર્ણભદ્ર ચૈત્ય હતું. શ્રેણિક અને ચેલ્લણાનો પુત્ર એવા કોણિક નામે રાજા હતો. પદ્માવતી રાણી હતી.

તે જ નગરીમાં શ્રેણિક રાજાની પત્ની (રાણી) અને કોણિક રાજાની લઘુમાતા કાલી નામક રાણી હતી. જે સુકોમલ અંગ, પ્રત્યંગવાળી – યાવત્ – સુરૂપા હતી.

તે કાલીદેવીને પુત્ર કાલકુમાર હતો. તે સુકોમલ – યાવત્ – સુરૂપ હતો. ત્યારે કાલકુમાર ૩૦૦૦ હાથી, ૩૦૦૦ રથ, ૩૦૦૦ અશ્વ, ત્રણ કરોડ મનુષ્યોને લઈને ગરુડવ્યૂહમાં – યાવત્ – રથમૂસલ સંગ્રામમાં પ્રવૃત્ત થયો.

**૦ કાલીદેવી દ્વારા કાલકુમારની ગતિ વિશે પૃચ્છા :–**

કોઈ વખતે કાલીદેવીને એવો સંકલ્પ ઉત્પન્ન થયો કે, મારો પુત્ર કાલકુમાર – યાવત્ – રથમૂસલ સંગ્રામમાં પ્રવૃત્ત થયો છે. તો શું તે વિજય પ્રાપ્ત કરશે કે નહીં ? જીવતો રહેશે કે નહીં ? શત્રુને પરાજિત કરશે કે નહીં ? શું હું કાલને જીવિત જોઈ શકીશ ? ઇત્યાદિ વિચારતા તે ઉદાસ થઈ ગઈ. નિરુત્સાહિત થઈને – યાવત્ – આર્તધ્યાનમાં મગ્ન થઈ ગઈ.

તે સમયે શ્રમણ ભગવંત મહાવીર ચંપાનગરીએ પધાર્યા. પર્ષદા નીકળી, ત્યારે આ વૃત્તાંત જાણી કાલીદેવી હર્ષિત થઈ, તેણીને – યાવત્ – આવો વિચાર આવશે – તથારૂપ શ્રમણ ભગવંતોનું નામશ્રવણ જ મહાન્ ફલપ્રદ છે તો તેમની સમીપે જઈ વંદન–નમસ્કાર કરવાના ફળના વિષયમાં તો કહેવાનું જ શું હોય ? – યાવત્ – ભગવંતની સમીપે જાઉં, પર્યુપાસના કરું અને પૂર્વોક્ત પ્રશ્નો પૂછું.

ત્યારપછી કાલીરાણીએ કૌટુંબિક પુરુષોને બોલાવી શ્રેષ્ઠ ધાર્મિકરથ લાવવા કહ્યું. પછી તેણીએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું – યાવત્ – અલ્પ પણ મૂલ્યવાન્ આભુષણોથી વિભૂષિત થઈ, કુબ્જાદાસી – યાવત્ – મહત્તરા વૃંદ સાથે અંતઃપુરથી નીકળી. પરિજનોથી પરિવરીને પૂર્ણભદ્ર ચૈત્યે આવી. તીર્થંકરના છત્રાદિ અતિશય જોતા જ ધાર્મિક શ્રેષ્ઠ રથ રોક્યો. નીચે ઉતરીને શ્રમણ ભગવંત મહાવીર પાસે પહોંચી. ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા. શુશ્રૂષા કરતી વિનયપૂર્વક પર્યુપાસના કરવા લાગી.

ત્યારે ભગવંત મહાવીરે તે કાલીદેવી અને વિશાળ પર્ષદાને ધર્મ કહ્યો. શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મશ્રવણ કરી, હૃદયમાં અવધારીને કાલી રાણી હર્ષિત, સંતુષ્ટ – યાવત્ – વિકસિતહૃદયા થઈને શ્રમણ ભગવંતને વંદન–નમસ્કાર કરીને કહ્યું કે, હે ભગવન્ ! મારો પુત્ર કાલકુમાર સંગ્રામમાં પ્રવૃત્ત થયો છે – યાવત્ – હું કાલકુમારને જીવિત જોઈ શકીશ કે નહીં ?

હે કાલી ! તારો પુત્ર કાલકુમાર – યાવત્ – રથમૂસલ સંગ્રામમાં લડતા, વીરવરોને

આહત, મર્દિત, ઘાતિત કરતા અને તેની સંકેતસૂચક ધ્વજા–પતાકાઓને ભૂમિસાત કરતા દિશાદિને આલોકશૂન્ય કરતા રથથી રથને લડાવતા ચેટકરાજાની સામે આવ્યો. ત્યારે ચેટકરાજા ક્રોધાભિભૂત – યાવત્ – ધમધમતા ધનુષ્યને ઉપાડ્યું. બાણ હાથમાં લીધું. બાણ ચઢાવ્યું. કાન સુધી ખેંચ્યુ. એક જ વખતમાં આહત કરીને, રક્તરંજિત કરી નિષ્પ્રાણ કરી દીધો. હે કાલી ! તે કાલકુમાર મરણને પ્રાપ્ત થયો છે – યાવત્ – હવે તું કાલકુમારને જીવિત જોઈ શકીશ નહીં.

**૦ કાલી દેવીનો આઘાત, કાલકુમારની ગતિ :–**

શ્રમણ ભગવંત મહાવીર પાસે આ કથન સાંભળીને અને હૃદયમાં અવધારીને કાલીરાણી ઘોર પુત્રશોકથી અભિભૂત, ચંપકલતા સમાન પછાડ ખાઈને ધડામ કરતી પૃથ્વી પર પડી ગઈ. કેટલેક સમયે જ્યારે કાલીદેવી આશ્વસ્ત થઈ, પછી ઊભી થઈને ભગવંતને વંદન–નમસ્કાર કર્યા. પછી કહ્યું, હે ભગવન્ ! તે એ પ્રમાણે જ છે, ભગવન્ ! એમ જ છે. આ અવિતથ, અસંદિગ્ધ, સત્ય છે. આ વાત એ જ પ્રમાણે છે, જે આપે બતાવી છે.

હે ભગવન્ ! કાલકુમાર રથમૂસલ સંગ્રામ કરતા ચેટક રાજાના એક જ આઘાતથી જીવનરહિત થઈને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ?

હે ગૌતમ ! તે કાલકુમાર મૃત્યુ પામીને ચોથી પંકપ્રભા પૃથ્વીના હેમાભ નરકમાં દશ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

હે ભગવન્ ! કયા પ્રકારના ભોગ–સંભોગોને ભોગવવાથી, કેવા આરંભ અને સમારંભથી તથા કેવા આચારિત અશુભકર્મોના ભારથી મરણ પામીને તે કાલકુમાર ચોથી પંકપ્રભાપૃથ્વીમાં – યાવત્ – નૈરયિકરૂપે ઉત્પન્ન થયો ?

હે ગૌતમ ! રાજગૃહ નગર હતું. શ્રેણિક રાજા હતો. અભયકુમાર રાજ્ય ધુરાનો ચિંતક હતો. ચેલણારાણીને કોણિક નામે પુત્ર થયો. *(ઇત્યાદિ સર્વ કથન કોણિક રાજાની કથામાં શ્રાવક વિભાગમાં વિસ્તારથી આવી ગયેલ છે)* – યાવત્ – કોણિક રાજાના કહેવાથી કાલ આદિ કુમારો ઉપસ્થિત થયા. ત્યારપછી કાલકુમાર ગરુડવ્યૂહના અગિયારમાં ભાગે કોણિક રાજાની સાથે રસમૂસલ સંગ્રામ કરતો હત–મથિત થઈ ગયો ઇત્યાદિ જે પ્રમાણે ભગવંતે કાલીદેવીને કહ્યું તે પ્રમાણે – યાવત્ – મૃત્યુ પામ્યો.

હે ગૌતમ ! આ પ્રકારના આરંભોથી, અશુભ કાર્યોથી તે કાલકુમાર મરણ પામીને ચોથી પંકપ્રભાના હેમાભ નરકમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયો છે.

હે ભગવન્ ! તે કાલકુમાર ચોથીનરક નીકળીને ક્યાં જશે ?

હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે આઢ્યકુળ છે, તેમાં જન્મ લઈ દૃઢ–પ્રતિજ્ઞની સમાન સિદ્ધ, બુદ્ધ, મુક્ત – યાવત્ – પરિનિર્વાણને પ્રાપ્ત થશે, દુઃખોનો અંત કરશે.

આ કાલકુમારને પદ્માવતી નામે પત્ની હતી. તેઓને પદ્મ નામે કુમાર હતો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિર. ૫ થી ૧૯;* *કપ્પ. ૧;* *આવ.નિ. ૧૨૮૪ની વૃ;*

*આવ.ચૂ.૨–પૃ. ૧૭૧, ૧૭૨;*

— × — × —

**૦ સુકાલકુમારની કથા :–**

તે કાળે, તે સમયે ચંપાનગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. કોણિક રાજા હતો. પદ્માવતી પટ્ટરાણી હતી. તે જ ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની (રાણી) અને કોણિક રાજાની લઘુમાતા એવી સુકાલી રાણી હતી. તે સુકાલી દેવીનો પુત્ર સુકાલકુમાર હતો. જે સુકોમલ – યાવત્ – સુરૂપ હતો.

શેષ સર્વ કથન કાલકુમાર અનુસાર જાણવું અર્થાત્ સુકાલી રાણીએ શ્રમણ ભગવંત મહાવીરને પૂછ્યું કે, મારા પુત્ર સુકાલકુમારને જીવિત જોઈશ કે નહીં ? ભગવંતે કહ્યું કે, તે ચેટક રાજાના બાણથી મૃત્યુ પામીને ચોથી પંકપ્રભા નારકીએ ગયો – યાવત્ – તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સર્વ કર્મોનો અંત કરશે. (કથા કાલકુમાર મુજબ)

આ સુકાલકુમારને મહાપદ્મા નામે પત્ની હતી. મહાપદ્મકુમાર પુત્ર હતો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિર. ૫, ૨૦;* *કપ્પ. ૨;*

— × — × —

**૦ મહાકાલ આદિકુમાર કથા :–**

મહાકાલ આદિ બાકીના આઠ કુમારોની કથા સંપૂર્ણપણે કાલકુમારની કથા અનુસાર જ જાણવી. બધાં કોણિક સાથે રથમુસલ સંગ્રામમાં ગયા. બધા ગરુડવ્યૂહના અગિયારમાં ભાગના દંડનાયક હતા. બધાંની માતાએ ભગવંતને પોતાના પુત્રોની ગતિ પૂછેલી. બધાં જ મૃત્યુ પામીને ચોથી નરકે ગયા – યાવત્ – બધાં મહાવિદેહે મોક્ષે જશે.

ફક્ત નામોના ફેરફાર છે તે આ પ્રણાણે–

**૦ મહાકાલકુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની મહાકાલી રાણીને પુત્ર હતો. મહાકાલની પત્ની ભદ્રા હતી અને પુત્રનું નામ ભદ્ર હતું.

**૦ કૃષ્ણકુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની કૃષ્ણ રાણીનો પુત્ર હતો. કૃષ્ણની પત્ની સુભદ્રા હતી. સુભદ્ર તેનો પુત્ર હતો.

**૦ સુકૃષ્ણ કુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની સુકૃષ્ણા રાણીનો પુત્ર હતો. સુકૃષ્ણની પત્ની પદ્મભદ્રા હતી. તેમનો પુત્ર પદ્મભદ્ર હતો.

**૦ મહાકૃષ્ણ કુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની મહાકૃષ્ણારાણીનો પુત્ર હતો. મહાકૃષ્ણની પત્ની પદ્મસેના હતી. પદ્મસેન તેનો પુત્ર હતો.

**૦ વીરકૃષ્ણ કુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની વીરકૃષ્ણા રાણીનો પુત્ર હતો. વીરકૃષ્ણની પત્ની પદ્મગુલ્મા હતી. પદ્મગુલ્મ તેનો પુત્ર હતો.

**૦ રામકૃષ્ણકુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની રામકૃષ્ણ રાણીનો પુત્ર હતો. રામકૃષ્ણની પત્નીનલિન ગુલ્મા હતી. નલિનગુલ્મા હતી. નલિનગુલ્મ તેનો પુત્ર હતો.

**૦ પિતૃસેનકૃષ્ણકુમારની કથા :–** શ્રેણિક રાજાની પત્ની પિતૃસેનકૃષ્ણારાણીનો પુત્ર હતો. પિતૃસેનકૃષ્ણકુમારની પત્ની આનંદા હતી. તેઓને આનંત્ર નામે પુત્ર હતો.

**૦ મહાસેનકૃષ્ણકુમારની કથા :–** આ શ્રેણિકની પત્ની મહાસેનકૃષ્ણા રાણીનો પુત્ર હતો. મહાસેનકૃષ્ણકુમારની પત્નીનું નામ નંદના હતું તેઓનો પુત્ર નંદન હતો.

*૦ આગમ સંદર્ભ :–*
*નિર. ૨૧;* *કપ્પ. ૩;*

— x — x —

**૦ મહેશ્વરની ઉત્પત્તિની કથા :–**

વૈશાલી રાજા ચેટકની પુત્રી સુજ્યેષ્ઠાએ વૈરાગ્ય પામીને પ્રવ્રજ્યા અંગીકાર કરી. (*આ સંપૂર્ણ કથન માટે જુઓ* સુજ્યેષ્ઠા શ્રમણની કથા)

કોઈ વખતે સુજ્યેષ્ઠા સાધ્વીજી ઉપાશ્રયની અંદર આતાપના લઈ રહ્યા હતા. તે વખતે પેઢાલ નામનો પરિવ્રાજક વિદ્યાસિદ્ધ (વિદ્યાધર) પોતાની વિદ્યા કોઈને આપવા માટે યોગ્ય પુરુષની ગવેષણા કરતો હતો. ત્યારે તેને વિચાર આવ્યો કે જો બ્રહ્મચારિણીનો પુત્ર થાય તો તે સમર્થ–શક્તિમાન પુત્ર બને.

ત્યારે આતાપના લેતી સુજ્યેષ્ઠાસાધ્વીને જોઈને તેણે ધુમાડો વિકુર્વ્યો. પોતાની વિદ્યાના વિપર્યાસથી (ભ્રમરરૂપ કરીને તેણીની યોનિમાં પ્રવેશ કરી) ત્યાં વીર્યનું સ્ખલન કર્યું. સમય વીતતા સુજ્યેષ્ઠાનો ગર્ભવૃદ્ધિ પામ્યો. ત્યારે અતિશયજ્ઞાનીને પૂછવામાં આવ્યું કે, આ સાધ્વી તો શીલવતી અને બ્રહ્મચારિણી છે, તો પણ આમ કેમ બન્યું ? ત્યારે જ્ઞાની મહાત્માએ જણાવ્યું કે, આમાં આ સાધ્વીનો કોઈ જ દોષ નથી. તેણીના કામ વિકારનું ફળ નથી. ત્યારપછી શ્રાદ્ધ કુળમાં તે બાળક વૃદ્ધિ પામ્યો. કોઈ વખતે તે પુત્ર સાધ્વીજીઓ સાથે સમવસરણમાં ભગવંત સમીપે ગયો.

**૦ કાલસંદીપ વિદ્યાધરનું સત્યકી દ્વારા મૃત્યુ થશે તે કથન :–**

તે વખતે સમોસરણમાં કાલસંદીપ નામે વિદ્યાધર આવ્યો. તેણે ભગવંત મહાવીરને વંદન કરીને પૂછયું કે, હે સ્વામી ! મને કોનાથી (મૃત્યુનો) ભય છે ? ભગવંતે કહ્યું કે, આ સત્યકી (બાળક) તને મારનાર થશે. ત્યારે કાલસંદીપે (પેઢાલ અને સુજ્યેષ્ઠના પુત્ર સત્યકીને જઈને કહ્યું કે–) અરે ! તું મને મારવાનો છે ? એમ કહી સત્યકીને લાત મારીને પાડી દીધો. ત્યારપછી સત્યકી યુવાન થયો. ત્યારે પેઢાલ પરિવ્રાજકે તેનું સાધ્વી પાસેથી હરણ કરી લીધું. સત્યકીને વિદ્યાઓ શીખવી.

સત્યકી મહારોહિણી વિદ્યાની આ પૂર્વેના છ ભવથી સાધના કરતો હતો. આ તેનો સાતમો ભવ હતો. પૂર્વે પાંચ ભવમાં રોહિણી (વિદ્યા)એ તેને મારી નાંખ્યો હતો. છટ્ઠા ભવમાં તેનું માત્ર છ માસનું આયું જ બાકી રહ્યું હોવાથી તેણે રોહિણી વિદ્યા ગ્રહણ કરેલી નહીં. આ સાતમાં ભવમાં ફરી સાધના શરૂ કરી. અનાથ મૃતક વડે ચિતા બનાવી, તેને પ્રજ્વલિત કરી આર્દ્રચર્મ પ્રાવરણ કરીને ડાબા અંગુઠાથી ત્યાં સુધી ફેરવ્યા કર્યું, જ્યાં સુધી કાષ્ઠ બળવા લાગ્યા. તેટલામાં કાલસંદીપ વિદ્યાધર આવીને લાકડા ફેંકવા લાગ્યો. સાત રાત્રિ પસાર થતા રોહિણી વિદ્યાની દેવી જાતે ઉપસ્થિત થયા. તેણે કાલસંદીપને કહ્યું કે, તું આને વિઘ્ન ન કર. હું સત્યકીને વિદ્યાસિદ્ધિ ઇચ્છું છું.

જ્યારે વિદ્યા સિદ્ધ થઈ ત્યારે તેની દેવીએ કહ્યું કે, તું શરીરનું એક અંગ મને આપ, જ્યાંથી હું તારા શરીરમાં પ્રવેશ કરું. સત્યકીએ લલાટમાં પ્રતિષ્ઠિત કરી. વિદ્યાએ પણ કપાળ મધ્યે પ્રવેશ કર્યો. ત્યાં છિદ્ર થઈ ગયું. દેવીએ તેના પર ખુશ થઈને ત્યાં ત્રીજી

આંખ બનાવી લીધી. ત્યારપછી સત્યકીએ વિચાર્યું કે, આણે રાજકુલીન એવી સાધ્વીને – મારી માતાને દૂષિત કરી છે, તેથી તેણે પેઢાલને મારી નાંખ્યો.

ત્યારે સત્યકીનું **રુદ્ર એવું નામ પડ્યું.** ત્યારપછી કાલસંદીપ તરફ જોયું. કાલસંદીપ ત્યાંથી ભાગ્યો. સત્યકી તેની પાછળ પડ્યો. તે ઉપર–નીચે ભાગવા લાગ્યો. છેલ્લે તેને લવણ સમુદ્રમાં મારી નાંખ્યો.

**૦ મહેશ્વર નામકરણ અને સત્યકીની હત્યા :–**

ત્યારપછી તે વિદ્યાચક્રવર્તી સત્યકી ત્રણે સંધ્યા સર્વ તીર્થંકરોને વંદન કરીને, નૃત્યવિધિ દર્શાવી પછી ક્રીડા–રમણ કરતો હતો. તેથી ઇન્દ્રે તેનું **મહેશ્વર નામ પાડ્યું.** તે પણ બ્રાહ્મણો પરત્વેના દ્વેષથી બ્રાહ્મણોની સો–સો કન્યાઓનો વિનાશ કરતો (ભોગવતો) હતો. બીજાના અંતઃપુરમાં જઈને પણ કામક્રીડા કરી આવતો હતો.

તેને બે શિષ્યો હોવાનું કહેલ છે – નંદીશ્વર અને નંદી. તે પુષ્પક વિમાન વડે ક્રીડા કરતા હતા. એ પ્રમાણે કાળ પસાર થતો હતો.

કોઈ વખતે ઉજ્જૈનીમાં રાજા પ્રદ્યોતના અંતઃપુરમાં એક શિવાદેવીને છોડીને ક્રમશઃ બધી જ રાણીને તેણે ભોગવી. ત્યારે રાજા પ્રદ્યોતે વિચાર્યું કે, કયા ઉપાય વડે આનો વિનાશ કરવો ? તે વખતે ઉમા નામની એક રૂપવતી ગણિકા હતી. પ્રદ્યોત રાજાએ તેણીને આ કાર્ય સોંપ્યું. તેણી ધૂપ ગ્રહણ કરી રાત્રિના અગાસીમાં પોતાના રૂપને પ્રગટ કરતી સત્યકી વિદ્યાધરના માર્ગમાં ઊભી રહેવા લાગી. કોઈ કાળે સત્યકી તેનામાં મુગ્ધ બનીને ત્યાં અવતર્યો. ત્યારે તેણી પાસે બે પુષ્પો હતા વિકસિત અને મુકુલિત. ઉમાએ મુકુલિત પુષ્પ અર્પણ કર્યું. મહેશ્વરે વિકસિત પુષ્પ માટે હાથ લંબાવ્યો ત્યારે તેણીએ કહ્યું કે, મારા જેવી સુંદર કન્યા સામે કેમ જોતો નથી ? ત્યારે મહેશ્વર સત્યકી તેના રૂપને નીરખવા લાગ્યો. હરાયેલા હૃદયથી તેણીની સાથે જ વસવા લાગ્યો.

ભોગોમાં મગ્ન બનેલા બંને એ પ્રમાણે કાળ વ્યતીત કરી રહ્યા છે. કોઈ દિવસે ઉમાએ મહેશ્વરને પૂછ્યું કે, તું તારી વિદ્યાને કયા સમયે તારાથી દૂર રાખે છે. મહેશ્વરે કહ્યું કે, હું જ્યારે મૈથુન સેવન કરું છું તેટલી વખત મારી વિદ્યા દૂર હોય છે. ઉમાએ આ વાત પ્રદ્યોત રાજાને જણાવીને કહ્યું કે, તમે મને મારશો નહીં.

ત્યારે કોઈ ભાલાની કલામાં નિપુણ પુરુષે પોતાનું કૌશલ્ય દેખાડતા પત્રોના ઢગલામાં વિંધીને કહ્યું કે, આ રીતે તું બચી જઈશ. પછી પ્રદ્યોતે તે પુરુષને આજ્ઞા કરી કે, મહેશ્વર જ્યારે ઉમા સાથે સંભોગરત હોય ત્યારે તું બંનેને જ મારી નાખજે. ત્યારે તે મનુષ્યો ગુપ્ત રીતે ગયા. સંભોગરત એવા મહેશ્વર અને ઉમા બંનેને મારી નાંખ્યા.

ત્યારે નંદીશ્વરે તે વિદ્યાથી અધિષ્ઠિત એવી શિલા આકાશમાં વિકુર્વી – ઉચ્ચ સ્વરે કહ્યું કે, હવે તમે બધાં જ મરવાના છો. ત્યારે રાજા નગરજનો સાથે ભીના વસ્ત્રો પહેરીને આવ્યો. પોતાના અપરાધની ક્ષમા યાચના કરવા લાગ્યો ત્યારે નંદીએ કહ્યું કે, જે અવસ્થામાં તમે આને મારી નાંખ્યો છે એ જ અવસ્થામાં *(યોનિમાં રહેલ લિંગની)* તમે પૂજા કરવાનું સ્વીકારો, તો જ તમને બધાંને મુક્ત કરું. તથા નગરે નગરે તમે આવી મૂર્તિઓની સ્થાપના કરો તો બચશો. ત્યારે રાજાએ તે વાતને સ્વીકારી અને મહેશ્વરના (લિંગના)

મંદિરો બનાવ્યા. **આ રીતે મહેશ્વરની ઉત્પત્તિ થઈ.**

પેઢાલપુત્ર સત્યકી – જેને મહેશ્વર અને રુદ્ર નામે પણ ઓળખે છે તે અનુત્તર એવા પ્રધાન–ક્ષાયિક દર્શન યુક્ત હોવા છતાં ચારિત્રરહિત હોવાને કારણે તેમજ સ્પર્શના વિષયમાં રક્ત બનીને નરકગતિને પામ્યા. તે વ્રતરહિત – નિરભિગ્રહ શ્રાવક હતો. શુદ્ધ સમ્યકત્વના બળે તે શ્રેણિક અને કૃષ્ણ મહારાજાની માફક આગામી ઉત્સર્પિણીમાં ભરતક્ષેત્રમાં સર્વભાવવિદ્ નામે તીર્થંકર થશે.

*(જો કે સ્થાનાંગ સૂત્ર ૮૭૦, ૮૭૧ જોતા આ વાતમાં મતભેદ જણાય છે ત્યાં જે નવ જીવોએ ભગવંત મહાવીરના શાસનમાં તીર્થંકર નામ કર્મ બાંધ્યુ છે તેમાં સત્યકીનો ઉલ્લેખ નથી, પણ આવતી ચોવીસીમાં ચતુર્યામ ધર્મની પ્રરૂપણા કરનાર નવ જીવોમાં સત્યકીનો ઉલ્લેખ છે – જો કે આ નવ જીવોમાં કૃષ્ણ વાસુદેવનો પણ ઉલ્લેખ છે કે, જેઓ આવતી ચોવીસીમાં તીર્થંકર થવાના આગમ પ્રમાણો અન્યત્ર મળે જ છે. વળી અભયદેવસૂરિ કૃત્ સ્થાનાંગ વૃત્તિમાં સૂત્ર–૮૭૨ની વૃત્તિમાં આ બધાં મધ્યમ તીર્થંકર રૂપે ઉત્પન્ન થનારા છે તો કોઈ કેવલીરૂપે એવો સ્પષ્ટ પાઠ છે, પણ તેમાં નવ જીવોમાંના કોણ તીર્થંકર થશે અને કોણ સામાન્ય કેવલી થશે તે વાત સ્પષ્ટ કરેલ નથી)*

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૯૭; આયા. ૧૦૬, ૧૧૦ની વૃ; ઠા. ૮૭૧ની વૃ;*
*સમ. ૩૫૬, ૩૬૨; નિસી.ભા. ૩૭૪૪ની વૃ; આવ.ચૂ.૨–પૃ. ૧૭૪ થી ૧૭૬;*
*આવ.નિ. ૧૧૬૦, ૧૧૮૪ની વૃ; દસ.નિ. ૧૮૫ની વૃ;*

— x — x —

### ૦ એલાષાઢની કથા :–

ધૂર્તાખ્યાનનું એક પાત્ર છે. (આ કથા દૃષ્ટાંત વિભાગમાં ધૂર્તાખ્યાનના દૃષ્ટાંતમાં આપેલી છે. મૂલદેવની કથામાં પણ આ પાત્રનો ઉલ્લેખ થયેલ છે) તેણે કલ્પિત કથા કરતા કહેલું કે, એક વખત તે જંગલમાં ગયેલો. ચોરોને જોઈને તેણે બધી ગાયોને ઘાબળામાં મૂકી એક કપડામાં બાંધી દીધેલી. માથા ઉપર તેનું પોટલું મૂકીને ભાગ્યો. વગેરે–વગેરે.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૨૯૨ થી ૨૯૪ + ચૂ;*

— x — x —

### ૦ કંસની કથા :–

મથુરાના રાજા ઉગ્રસેનનો એક પુત્ર કંસ નામે હતો. તેના લગ્ન જરાસંધની પુત્રી સાથે થયેલા. પોતાના પિતાને જેલમાં નાખી કંસ રાજા બની ગયેલો. તેને કૃષ્ણ વાસુદેવે મારી નાંખેલ. *(જુદા જુદા આગમોમાં કંસની કથા કંઈક આ પ્રમાણે છે–)*

કંસે કોઈ વખતે સ્નેહથી વસુદેવને મથુરા આવવા નિમંત્રણ આપેલું. દેવકી કંસના કાકા દેવકની પુત્રી હતી. કંસે વસુદેવને દેવકી સાથે વિવાહ કરવા વિનંતી કરી. પછી તેઓ બંને મૃતીકાવતી નગરી તરફ ચાલ્યા. માર્ગમાં નારદઋષિ મળ્યા. ત્યારે નારદઋષિએ તેમને કહેલું કે, આ ઘણો જ યોગ્ય સંબંધ છે. ત્યારપછી વસુદેવ અને દેવકીના લગ્ન થયા. તે વખતે કંસના નાના ભાઈ અતિમુક્ત મુનિ ત્યાં પધારેલા. પારણાર્થે કંસને ત્યાં ગયા.

તે વખતે કંસની સ્ત્રી જીવયશાએ મદિરાના કેફમાં અતિમુક્ત મુનિ સાથે ઘણું જ

અજુગતું વર્તન કર્યું. ત્યારે તે જ્ઞાનીમુનિએ કહેલું કે, જેના નિમિત્તે તમે આ મહોત્સવ કરી રહ્યા છો તેનો સાતમો ગર્ભ તારા પતિ કંસ અને પિતા જરાસંધને હણનાર થશે.

ત્યારે કંસે વિચાર્યું કે, આ વાતની કોઈને પણ જાણ થાય તે પહેલા મારા મિત્ર વસુદેવ પાસે દેવકીના સાત ગર્ભ માંગી લઉં. પછી મદિરા ન પીધી હોવા છતાં ઉન્મત્ત હોય તેવો દેખાવ કરીને કંસ વસુદેવ પાસે ગયો. વસુદેવે તેનો યોગ્ય સત્કાર કર્યો. ત્યારે કંસે દેવકીના સાત ગર્ભ માંગ્યા. સરળ મનવાળા વસુદેવે તેની આ વાત કબૂલ રાખી.

તે વખતે ભદ્દિલપુરમાં નાગ નામે સારથી હતો. તેને સુલસા નામે પત્ની હતી. અતિમુક્ત મુનિએ કહેલું કે, આ કન્યા મૃતવત્સા થશે. સુલસાએ હરિણેગમેષી દેવની સાધના કરી. દેવે પ્રસન્ન થઈને કહ્યું કે, કંસે વસુદેવ પાસે દેવકીના સાત ગર્ભ માંગ્યા છે. હું તને તેના પુત્રો અર્પણ કરીશ અને તારા મૃત બાળકો દેવકીને સોંપી દઈશ. દેવે તે પ્રમાણે જ કર્યું. ત્યારે કંસે દેવકી પાસે મૂકાયેલા સુલસાના પુત્રોને ગ્રહણ કરીને પત્થરની શીલા સાથે અથડાવ્યા અને પોતે જ તેને મારી નાંખ્યા છે તેમ માનવા લાગ્યો. દેવકીના છ એ પુત્રો સુલસાને ત્યાં ઉછરવા લાગ્યા.

કોઈ વખતે દેવકીએ સાત મહાસ્વપ્નો જોયા. ગર્ભ ધારણ કર્યો. કૃષ્ણ વાસુદેવને જન્મ આપ્યો. કંસે રાખેલા ચોકીદારે દેવતાના પ્રભાવથી નિદ્રાવશ થઈ ગયા. દેવકીના કહેવાથી વસુદેવ તે બાળકને નંદના ગોકુળમાં લઈ ગયા. નંદની સ્ત્રી યશોદાએ એક પુત્રીને જન્મ આપેલો તેને દેવકી પાસે લાવ્યા. તેટલામાં કંસના ચોકીદારો જાગી ગયા. તેઓ એ પુત્રી લઈને કંસ પાસે ગયા. ત્યારે કંસને થયું કે, આ તો કન્યા છે. તે મને ક્યાં મારવાની હતી, માટે મુનિનું વચન મિથ્યા થયું છે તેથી તે બાલિકાની નાસિકા છેદી છોડી દીધી.

કોઈ વખતે કંસને નિમિત્તયાએ કહ્યું કે, ઋષિવચન કદાપી મિથ્યા ન થાય, માટે દેવકીનો સાતમો ગર્ભ અન્ય ક્યાંય પણ જીવતો જ હોવો જોઈએ. તમે તમારા અરિષ્ટ નામના બળદને, કેશી નામના અશ્વને અને દુર્દાન્ત એવા ખર અને મેષને વૃંદાવનમાં છૂટા મૂકો. જે આ ચારેને મારી નાંખશે તે દેવકીનો સાતમો ગર્ભ હશે અને તમને હણનાર થશે. નૈમિત્તિકના વચનાનુસાર કંસે કર્યું. કૃષ્ણે તેને હણ્યા.

ત્યારપછી કંસે પુરી પરીક્ષા કરવા માટે સત્યાભામાના વિવાહની યુક્તિ ગોઠવી કહ્યું કે, જે આ ધનુષ્ય ચઢાવશે તેને મારી બેન સત્યભામા પરણાવીશ. કૃષ્ણે ધનુષ્ય ચઢાવ્યું. કંસની માયાયુક્તિ જાણી ગયેલા વસુદેવ તુરંત કૃષ્ણને ગોકુળમાં મોકલી દીધા. એ રીતે કંસે વિવિધ પરીક્ષા દ્વારા જાણ્યું કે આ જ દેવકીનો સાતમો ગર્ભ છે.

ત્યારે ભય અને ક્રોધથી કંપતા કંસે તેને તુરંત જ મારી નાખવા હુકમ કર્યો. ત્યારે કૃષ્ણે કંસને પકડીને ભોય પર પટકી દીધો. કંસનો મુગટ પડી ગયો, વસ્ત્રો ખસી ગયા, તેના નેત્રો ભયથી સંભ્રમ પામ્યા. પછી કૃષ્ણે કહ્યું કે, તેં તારી રક્ષાને માટે ફોગટ જ ગર્ભ હત્યાઓ કરી, હવે તું બચવાનો નથી. તેના મસ્તક પર પગ મૂકી કંસને મારી નાંખ્યો.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા. ૬૩ની વૃ;* *સૂય.ચૂ.પૃ. ૩૪૦;* *પણ્હા. ૧૯;*
*પણ્હા ૨૦ની વૃ;* *નાયા. ૧૭૦;*

**૦ કલ્કીની કથા :–**

હે ગૌતમ ! દુરંત પ્રાંત તુચ્છ લક્ષણવાળો, ન દેખવા લાયક, રૌદ્ર, ક્રોધી, પ્રચંડ, આકરો, ઉગ્ર ભારે દંડ કરનાર, મર્યાદા વગરનો, નિષ્કરુણ, નિર્દય, ક્રૂર, મહાક્રૂર, પાપ મતિવાળો, અનાર્ય, મિથ્યાદષ્ટિ એવો કલ્કિ નામનો રાજા પાડલિપુત્ર નગરે થશે.

પાપી એવો આ રાજા ભિક્ષાભ્રમણ કરવાના વૃત્તિવાળા શ્રી શ્રમણ સંઘને કદર્થના પમાડશે, હેરાન કરશે, જ્યારે તે કલ્કિ રાજા કદર્થના કરશે ત્યારે હે ગૌતમ ! જે કોઈ ત્યાં શીલયુક્ત મહાનુભવ, અચલિત સત્ત્વવાળા, તપસ્વી અણગારો હશે, તેઓનું સાન્નિધ્ય વજ્રપાણિ, ઐરાવણ વાહન એવા સૌધર્મેન્દ્ર કરશે. તે વખતે શ્રીપ્રભ નામના મહાયશા, મહાસત્ત્વવાળા, મહાગુણ ભાગ અણગાર જૈનશાસનમાં વર્તતા હશે.

*૦ આગમ સંદર્ભ :–*

*મહાનિ. ૮૨૨;* *તિત્થો. ૬૭૩;*

— × — × —

**૦ કચ્છ, મહાકચ્છ, નમિ, વિનમીની કથા :–**

*(કચ્છ આદિ ચારેની કથા આ પૂર્વે આવી ગયેલ છે. જેમાં કચ્છ અને મહાકચ્છનું વર્ણન મુખ્યત્વે તીર્થંકર ઋષભદેવની કથામાં અને નમિ – વિનમીનું વર્ણન મુખ્યત્વે ચક્રવર્તી ભરતની કથામાં આવી ગયેલ છે. અહીં તેમનો સામાન્ય પરીચય આપેલ છે.)*

**કચ્છ** – ભગવંત ઋષભદેવનો એક પુત્ર કચ્છ હતો. મહાકચ્છ તેનો ભાઈ હતો. જ્યારે ભગવંત ઋષભદેવે દીક્ષા લીધી ત્યારે તેમની સાથે કચ્છે અને મહાકચ્છે પણ દીક્ષા ગ્રહણ કરેલી. થોડો વખત તેઓ ભગવંત ઋષભની સાથે પણ વિચર્યા હતા. પણ ભિક્ષા મળતી ન હોવાથી થોડા સમય બાદ દીક્ષા છોડીને તેઓ જટાધારી તાપસ થઈ ગયા હતા. નમિ કચ્છનો પુત્ર હતો.

**મહાકચ્છ** – મહાકચ્છની કથા ઉક્ત કચ્છની કથા માફક જ જાણવી. વિશેષ એ કે તેનો પુત્ર વિનમી હતો.

**નમિ** – ભગવંત ઋષભનો પૌત્ર અને કચ્છના પુત્રનું નામ નમિ હતું. જ્યારે ભગવંતે દીક્ષા લીધી ત્યારે તેમણે બધાં પુત્રોને રાજ્યનો ભાગ આપેલો, તે વખતે નમિ અને વિનમિ ત્યાં હાજર ન હોવાથી તેમને રાજ્યભાગ મળેલો ન હતો. તેથી તેઓ ભગવંતની પાછળ–પાછળ રાજ્યભાગ માટે ફરતા હતા.

ત્યારે નાગકુમાર ધરણેન્દ્રએ તેમને સમજાવેલ કે ભગવંત તો હવે રાજ્યાદિનો ત્યાગ કરી ચૂક્યા છે, તેમની પાસે રાજ્યનો ભાગ માંગવો ઉચિત નથી. પછી ધરણેન્દ્રએ તેમને કેટલીક વિદ્યાઓ શીખવી હતી. ત્યારપછી નમિએ વિનમી સાથે વૈતાઢ્યગિરિની શ્રેણિમાં કેટલાંક નગરો વસાવ્યા હતા.

જ્યારે ભરત ચક્રવર્તી દિગ્વીજય યાત્રાએ નીકળ્યા અને વૈતાઢ્યગિરિ પહોંચ્યા, ત્યારે નમિ–વિનમિનું તેની સાથે મહાયુદ્ધ થયેલું. પણ તેને ચક્રવર્તી જાણી પછી નમિ–વિનમિ તેને શરણે ગયેલા. ત્યારે નમિએ ભરત ચક્રવર્તીને મહાર્ઈ, મહાર્ઘ, મહાર્થ ભેટણું ઉપહાર તરીકે આપેલું હતું.

૦ **વિનમિ** – ભગવંત ઋષભના પૌત્ર અને મહાકચ્છના પુત્રનું નામ વિનમિ હતું. તેની કથા તો નમિ પ્રમાણે જ છે. વિશેષ એ કે તેની પુત્રી સુભદ્રા નામે હતી. જે તેણે ભરત ચક્રવર્તીને સ્ત્રીરત્નરૂપે ઉપહારમાં આપેલી હતી.

*૦ આગમ સંદર્ભ :–*

*જંબૂ. ૧૦૩; આવ.નિ. ૩૧૭; આવ.ભા. ૩૧ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૧૬૦ થી ૧૬૨; ૨–પૃ. ૨૦૦, ૨૦૧; કલ્પ–વૃત્તિ;*

— x — x —

## ૦ કલ્પ (કલ્પક)ની કથા :–

કપિલ નામે કોઈ બ્રાહ્મણ હતો, જે નગરની બહારના ભાગમાં વસતો હતો. વિકાલે–સંધ્યાકાળે સાધુઓ આવ્યા. ત્યારે વિહાર કરવો મુશ્કેલ હતો (નગર પ્રવેશ કરવો યોગ્ય ન હતો) તેથી તે અગ્નિહોત્ર કપિલના ઘેર રહ્યા. ત્યારે કપિલ બ્રાહ્મણને વિચાર આવ્યો કે, હું આમને કંઈ પૂછું, જેથી તેઓ કંઈ જાણે છે કે નહીં તે ખ્યાલ આવે. તેના પ્રશ્નોના આચાર્ય દ્વારા સંતોષકારક ઉત્તરો મળ્યા, તેથી તે જ રાત્રિએ કપિલ શ્રાવક થયો.

એ પ્રમાણે કાળ પસાર થતો હતો. અન્ય કોઈ વખતે સાધુઓ તેના ઘેર ચોમાસુ રહ્યા. તેમને એક પુત્ર થયો ત્યારે તેને કોઈ વ્યંતરી વળગી સાધુને કલ્પ્ય એવા ભાજનની નીચે તેને સ્થાપિત કર્યો તેના પ્રભાવથી તે જીવી ગયો. તેથી તેનું કલ્પક એ પ્રમાણે નામ રાખ્યું, પછી તે કપિલ અને તેની પત્ની મૃત્યુ પામ્યા.

કલ્પક પણ ચૌદ વિદ્યાનો પારગામી બન્યો. પાટલીપુત્રમાં તેનું નામ વિખ્યાત બન્યું. તે ઘણો સંતોષી હોવાથી દાનાદિની ઈચ્છા રાખતો ન હતો. કન્યા મળતી હતી, તેની પણ ઇચ્છા ન કરી. અનેકશત છાત્રોથી પરિવરેલો તે ભ્રમણ કરતો હતો.

આ તરફ કલ્પકના પ્રવેશ–નિર્ગમન સ્થાનમાં એક મરુક હતો. તેની પુત્રીને જલોદર વ્યાધિ થયો હતો. તેનું શરીર જાડું થવા લાગ્યું. અતિ રૂપવતી હોવા છતાં કોઈ તેને વરતું ન હતું. તે મોટી થઈ ગઈ. ઋતુવંતીકાળ થયો. કોઈ વખતે તેણીની માતાએ યુક્તિથી કલ્પક સાથે તેણીનો સ્વીકાર કરાવ્યો. જનપવાદ ભયથી કલ્પકે લગ્ન કર્યા. ઔષધ સંયોગ વડે તેણીને તંદુરસ્ત બનાવી.

નગરના રાજાના સાંભળવામાં આવ્યું કે કલ્પક પંડિત છે. તેથી તેણે કલ્પકને બોલાવીને અમાત્યપદ માટે વિનંતી કરી – પણ કલ્પકે તેની વાત સ્વીકારી નહીં અને કહ્યું કે, નિરપરાધને કંઈ કરવું શક્ય નથી. ત્યારે તે રાજા કલ્પકના છિદ્રો શોધવા લાગ્યો. કોઈ વખતે રાજાએ ધોબીને બોલાવીને કહ્યું કે, તું કલ્પકના વસ્ત્રો ધુવે છે કે નહીં ? તેણે કહ્યું કે, હા, ધોઉં છું. ત્યારે રાજાએ કહ્યું કે, તને વસ્ત્ર આપે ત્યારે તું પાછા ન આપતો.

કોઈ વખતે ઇન્દ્રમહોત્સવ સમયે તેની પત્નીએ વસ્ત્રો રંગાવવા કહ્યું. કલ્પકે તે વાત ન સ્વીકારી. ત્યારે તેણીએ ખૂબ ઝઘડો કરતા, કલ્પકે તેની વાત સ્વીકારી. તેણીને રંગારાને ઘેર લઈ ગઈ. રંગારાએ કહ્યું કે, હું વિનામૂલ્યે રંગી આપીશ. કેટલાક દિવસે તેણે વસ્ત્રો માંગ્યા. આજે આપું, કાલે આપું એમ કરતા સમય વીતવા લાગ્યો. અવસર વીતી ગયો તો પણ વસ્ત્રો ન આપ્યા. બીજે વર્ષે ન આપ્યા, ત્રીજે વર્ષે પણ ન આપ્યા.

ત્યારે રોષિત થયેલા કલ્પકે કહ્યું કે, હવે હું તારા લોહી વડે વસ્ત્રોને રંગીશ અથવા અગ્નિમાં પ્રવેશ કરીશ. તે છરી લઈને ગયો, રંગારાનું ઉદર ચીરીને લોહી વડે વસ્ત્ર રંગ્યા. રંગારાની પત્નીએ રાજાને ફરિયાદ કરી. ત્યારે કલ્પકને ચિંતા થઈ કે આ તો રાજાએ માયા કરી છે. તે વખતે મેં અમાત્ય પદ ન સ્વીકાર્યું, તેનું આ પરિણામ છે. જો મેં પ્રવ્રજ્યા લીધી હોત તો આ દિવસ ન આવત.

હવે હું જાતે જ જઉં, જેથી મને પકડવા ન આવે. તેમ વિચારી રાજકુલે ગયો. રાજા ઊભો થયો. કલ્પકે કહ્યું કે, આજ્ઞા આપો. હવે હું શું કરું ? ત્યારે રાજાએ પૂછયું કે, મેં તને જે કહ્યું હતું તે બાબતે કંઈ વિચાર્યું ? કલ્પકે કહ્યું, તમે કહો તે કરું.

તે વખતે રંગારાઓ આવ્યા, પણ રાજા સાથે કલ્પકને સંલાપ કરતા જોઈને નાસી ગયા. પછી તે રાજાના મંત્રીરૂપે રહ્યો. ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા. અનેક પુત્રરત્નો ઉત્પન્ન થયા. કોઈ વખતે પુત્રના પાણિગ્રહણ સમયે અંતઃપુર સહિત રાજાને ભોજન કરાવવા તૈયાર કરી, રાજા રાણીને આપવા આભુષણ હથિયાર ઘડાવવા લાગ્યો. તેના પર દ્વેષવાળા જૂના મંત્રીએ રાજાના કાન ભંભેર્યા કે કલ્પક આપની વિરુદ્ધ કાવતરું ઘઢી રહ્યો છે. રાજાએ કોપાયમાન થઈને કલ્પકને સકુટુંબ કૂવામાં ઉતાર્યો. તેમાં રહેલા સર્વે માટે એક સેતિકા પ્રમાણ બાફેલા કોદ્રવાની ઘેંશ તથા પાણીની એક કાવડ આપેલી.

ત્યારે કલ્પકે કહ્યું કે, આપણા કુળનો વિનાશ થવાનો છે. માટે જે કોઈ કુળનો ઉદ્ધાર કરી શકે તથા વેરનો બદલો વાળી શકે, તેણે ઘેંશ ખાવી, બીજાએ નહીં. ત્યારે કુટુંબીજનોએ કહ્યું કે, તે માટે તમે જ સમર્થ છો. તમે જ ભોજન કરો. બાકીના સર્વેએ ભક્ત પ્રત્યાખ્યાન અનશન કર્યું. તે બધાં દેવલોક પામ્યા. કલ્પક ભોજન કરીને પ્રાણ ધારણ કરવા લાગ્યો.

તે દરમ્યાન આસપાસના વિસ્તારમાં કલ્પકના મૃત્યુની વાત પ્રસરી ગઈ. ત્યારે આજુબાજુના રાજાએ પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો. નંદ રાજા હોશકોશ વગરનો થઈ ગયો. ત્યારે કલ્પકનું કોઈ જીવે છે કે નહીં, તેની તપાસ કરાવી. ત્યારે દૂર્બળ દેહવાળો કલ્પક બહાર આવ્યો. ઔષધોપચારથી તેનું શરીર પૂર્વવત્ થઈ ગયું. કલ્પકને કિલ્લા ઉપર ચડાવ્યો. શત્રુ રાજા તેને જોઈને ક્ષણવારમાં પલાયન થઈ ગયો.

ત્યારપછી નંદરાજા પાસે ભંડાર, સૈન્ય આદિ ઘટી ગયા છે, તેમ જાણી વિરોધી રાજા ઉપદ્રવ કરવા લાગ્યા. ત્યારપછી નંદરાજાએ સંધિ માટે કોઈ લાયક પુરુષને મોકલવા કહ્યું. પછી કલ્પક અને તે પુરુષો થોડા અંતરે એકઠા થયા. ત્યારે કલ્પકે હાથની સંજ્ઞાથી તેમને ઘણું સમજાવ્યા. જેમકે શેરડીના સાંઠાને ઉપર–નીચે કાપી નાખ્યો હોય આદિ.

ત્યારે વિરોધી રાજાનો પુરુષ કલ્પકની સંજ્ઞાથી કંઈ સમજી શક્યો નહીં. પછી કલ્પકને પ્રદક્ષિણા કરીને પાછો આવી ગયો. બીજો પણ તદ્દન વિલખો બની પાછો આવ્યો. તેને પૂછયું ત્યારે તે લજ્જાથી કંઈ જ બોલી શક્યો નહીં. વિરોધી રાજા સમજી ગયા કે કલ્પકે આને વશ કરી લીધો લાગે છે. પછી શંકામાં પડેલા તે દરેક દિશામાં નાશભાગ કરવા લાગ્યા. કલ્પકે રાજાને કહ્યું, હવે તેની પાછળ પડીને તેના હાથી, ઘોડા, ધન, સૈન્ય વગેરે સ્વાધીન કરી લો. રાજાએ ફરી કલ્પકને અમાત્યપદે સ્થાપ્યો.

કલ્પકે પોતાની બુદ્ધિથી સર્વ રાજ્ય કાર્યો સ્વાધીન કર્યા. પહેલાંના વિરોધી મંત્રીને પકડાવી મજબૂત કેદખાનામાં નાંખ્યો. તેણે સામનીતિથી બધાં શત્રુઓને મૂળ સહિત ઉખેડી નાંખ્યા. કલ્પકનો પ્રભાવ વૃદ્ધિ પામ્યો. *વૈનેયિકી બુદ્ધિમાં પણ આ દૃષ્ટાંત આવે છે.*

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૨–પૃ. ૧૮૦ થી ૧૮૩; આવ.નિ. ૧૨૮૪ની વૃ; નંદી. ૧૦૨ની વૃ;*

— x — x —

### ૦ કોકાસ તથા કાકવર્ણ જિતશત્રુની કથા :–

*(આવશ્યક સૂત્રમાં આ કથા કર્મસિદ્ધના દૃષ્ટાંતમાં આવે છે.)*

સોપારક નગરમાં રથકારની દાસીને કોઈ બ્રાહ્મણથી દાસચેડ ઉત્પન્ન થયો. તે મૌનભાવ ધારણ કરીને રહેતો હતો. જાણે કંઈ જાણતો જ ન હોય. રથકાર પોતાના પુત્રને શિક્ષણ આપતો, પણ તે મંદબુદ્ધિનો હોવાથી કંઈ શીખતો ન હતો. પણ દાસપુત્રે તે બધી શિક્ષા ગ્રહણ કરી. કોઈ વખતે રથકાર મૃત પામ્યો. રાજાએ તેના ગૃહમાં સારભૂત હતું તે બધું તે દાસપુત્રને આપી દીધું.

આ તરફ ઉજ્જૈનીમાં રાજા શ્રાવક હતો. તેને ચાર શ્રાવકો હતા. એક રસોઈયો હતો, તે રસોઈ બનાવતો. જમવા માત્રથી પચી જતું. અથવા બે, ત્રણ, ચાર, પાંચ યામે પણ પચી જતું. તેને પસંદ ન પડે તો ન જમતો. બીજો શ્રાવક અભ્યંજન કરતો, તે કુડવ પ્રમાણ તેલ શરીમાં પ્રવેશ કરાવતો અને બહાર કાઢી શકતો. ત્રીજો શય્યાની રચના કરતો, તેમાં સુતેલો પહેલા યામે જાગે અથવા બીજે, ત્રીજે, ચોથે જાગી જાય અથવા સુખેથી સુવે. ચોથો શ્રાવક શ્રીગૃહિક રચતો, તેમાં પ્રવેશ કરે ત્યારે કશું જ દેખાતું નથી. આ તેઓની આવડતો હતી.

તે રાજા પુત્રરહિત હતો. કામભોગથી નિર્વિણ્ણ થઈ પ્રવ્રજ્યાનો ઉપાય વિચારવા લાગ્યો. આ તરફ પાટલીપુત્રમાં જિતશત્રુ રાજા હતો. તેણે પેલા રાજાની નગરીનો રોધ કર્યો. તેટલામાં એ રાજાને પૂર્વકર્મ પરિણતિથી ગાઢ શૂળ ઉત્પન્ન થયું. તે રાજાએ ભક્ત પ્રત્યાખ્યાન કર્યા, દેવલોકે ગયો.

નગરજનોએ જિતશત્રુ રાજાને તે નગરી આપી. તેણે શ્રાવકોને બોલાવ્યા અને પૂછયું, કિંકર–નોકરો ક્યાં છે ? તે ભાંડાગારિક દ્વારા પ્રવેશ થયા પણ તેને કંઈ દેખાતું ન હતું. બીજા દ્વારા દેખાડવામાં આવ્યું. શય્યાપાલકે એવી શય્યા બનાવી, જેને કારણે મુહૂર્તે–મુહૂર્તે જાગી જતો હતો. રસોઈયાએ એવું ભોજન બનાવ્યું કે વારંવાર જમવા લાગ્યો. અભ્યંગન કરનારે તેલનો પ્રવેશ કરાવી એક પગનું તેલ બહાર ન કાઢ્યું અને કહ્યું કે, જે મારા જેવો કુશળ હોય તે તેલ કાઢી બતાવે.

ત્યારે તે જિતશત્રુ રાજા તે તેલથી દાઝતો કાળા વર્ણનો થઈ ગયો. તેથી તેનું **કાકવર્ણ** નામ પડી ગયું.

આ તરફ સોપારક નગરમાં દુકાળ પડ્યો. તે કોકાસ ઉજ્જૈની ગયો. પોતાને રાજા કોઈ રીતે જાણે તેમ કર્યું. રાજાએ જાણીને તેને નોકરીમાં રાખ્યો. તેણે આકાશગામી કીલિકા પ્રયોગથી નિર્મિત એવું ગરુડ બનાવ્યું. તે રાજા કોકાશ અને દેવી સાથે તે ગરુડ

વડે આકાશમાર્ગે ચાલ્યા. પછી જે તેને નમે નહીં તેને તે કહેતો કે હું આકાશ માર્ગે આવી તેને મારી નાંખીશ. તે બધાં જ આજ્ઞાવર્તી થયા.

તે દેવીને બાકીની દેવીઓએ પૂછયું, કીલિકા વડે યંત્ર નિવર્તે છે ? એક દેવીએ જતી વેળાએ ઇર્ષ્યાથી નિવર્તનકીલિકા ગ્રહણ કરી. જ્યારે પાછા વળવાની વેળા આવી, ત્યારે તે નિવર્તતું ન હતું. પછી ઊંચે જતા તે ગરુડની પાંખ તુટી ગઈ. પાંખ વગરનો તે પડી ગયો. ત્યારપછી તેના સંઘાત નિમિત્તે કોકાશ નગરમાં ગયો. ત્યાં રથકારે રથનું નિર્માણ કર્યું. પણ તેમાં એક ચક્રનું નિર્માણ થયું. બીજા ચક્ર માટે સામગ્રી ઘટી. ત્યારે તે તે–તે ઉપકરણો શોધવા લાગ્યો.

તેણે કહ્યું કે, ઘેર જઈને ઉપકરણો લાવું છું. રાજકુળમાંથી પ્રાપ્ત થતા નથી. પછી રથકાર ગયો. કોકાસે તેનું સંઘટન કરી દીધું. તે ચક્ર ઊંચુ કરીને આવતો હતો. ત્યારે નિર્માણ કરીને કોકાસ ચાલ્યો ગયો. તુરંત રથકારે જઈને રાજાને કહ્યું કે, કોકાસ આવી ગયો છે. જેના બળ વડે કાકવર્ણ જિતશત્રુએ સર્વે રાજાને વશમાં કર્યા છે, તુરંત ત્યાંના રાજાએ કોકાસ આવ્યો છે તેમ જાણીને તુરંત જ કોકાસને પકડી લીધો. જિતશત્રુ રાજાને પણ દેવી સાથે પકડી લીધો. ભોજન બંધ કર્યું.

ત્યારપછી કોકાસે શિલ્પસિદ્ધ યુક્તિથી કાકવર્ણ જિતશત્રુ રાજાના પુત્રને જણાવ્યું ત્યારે કાકવર્ણ પુત્રે આવીને સમગ્ર નગર ઘેરીને ગ્રહણ કર્યું. માતા–પિતા અને કોકાશને મુક્ત કરાવ્યા. તે વખતે કોકાસે એવી યુક્તિ કરેલી કે તેઓને પકડનાર રાજાનો વિશિષ્ટ મહેલ બનાવેલો. તે રાજાના પુત્રાદિ સહિત તે સાત માળાવાળા મહેલમાં ભેગા કર્યા, પછી એક કીલિકા એવી રીતે મારેલી કે આખો મહેલ સંપુટ બની ગયેલો. તેઓને પકડનારા રાજા તે સંપુટની મધ્યમાં ફસાઈ ગયેલો. આ રીતે તેના શિલ્પસિદ્ધપણાથી પોતાના રાજા–રાણીને છોડાવી લીધા.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૯૩૦ + વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૫૪૦;* *દસ.ચૂ.પૃ. ૧૦૩;*

— × — × —

## ૦ કાલસૌકરિક (કાલસોરિય) કથા :–

૦ પરીચય – રાજગૃહીમાં રહેતો એક જેનું નામ કાલસૌકરિક હતું. તે કાલસૌરિક નામે પણ પ્રસિદ્ધ હતો. આ કસાઈ રોજ ૫૦૦ પાડાઓને મારતો હતો. ભગવંત મહાવીરે જ્યારે રાજા શ્રેણિકને કહ્યું કે, જો કાલસૌકરિક કસાઈને તું પાડા મારતા અટકાવી શકે તો તમારું નરકગમન અટકાવી શકશે. પરંતુ રાજા શ્રેણિકનો પ્રયત્ન સફળ ન થયો.

આ કાલસૌકરિક કસાઈ મરીને સાતમી નરકે ગયો. તેને સુલસ નામે પુત્ર હતો. પરંતુ તે અહિંસામાં શ્રદ્ધાવાન્ હતો. *કથા જુઓ સુલસ.*

**૦ કાલસૌકરિક કસાઈ** – *(આ કથા પૂર્વે શ્રેણિક રાજા અને સુલસની કથામાં શ્રાવક વિભાગમાં આવી ગયેલ છે. તેનો કથાસાર આ પ્રમાણે છે–)*

રાજગૃહ નગરમાં કાલસૌકરિક કસાઈ હતો. તે રોજ ૫૦૦ પાડાઓ મારતો હતો – × – × – × – કોઈ વખતે સમોસરણમાં તેને છીંક આવી ત્યારે દર્દુરાક દેવ બોલ્યો

– "જીવ નહીં – મર નહીં." તે વિષયે શંકિત થયેલા રાજા શ્રેણિકને ભગવંતે જણાવ્યું કે, કાલસૌકરિક પ્રાણિવધમાં રત છે અને મૃત્યુ પામીને સાતમી નરકે જવાનો છે. માટે તે દેવ બોલ્યો કે, "ન જીવ–ન મર."

– x – x – x – નરકગતિમાં અવશ્ય જનાર શ્રેણિકે જ્યારે ભગવંત મહાવીરને પૂછયું કે, મારે બચવાનો કોઈ ઉપાય ? ભગવંતે કહ્યું કે, જો તમે કાલસૌકરિક કસાઈને એક દિવસ માટે પ્રાણિવધ બંધ કરાવી શકો તો તમારી દુર્ગતિ અટકી શકે – x – x – શ્રેણિકે કાલસૌકરિકને કહ્યું કે, તું આજે પ્રાણિહત્યા ન કરે તો હું તને ઘણો ધનવાન્ બનાવું. પણ તેણે શ્રેણિકનું વચન ન સ્વીકાર્યું. ત્યારે તેને અંધારા કુવામાં ઉતાર્યો. બીજે દિવસે ભગવંતને વંદના કરીને કહ્યું કે, મેં એક દિવસ માટે કાલસૌકરિક પાસે હત્યા બંધ કરાવી – x – x – ભગવંતે કહ્યું કે, તારી વાત બરોબર નથી. તે કૂવામાં પાડાની આકૃતિ બનાવીને મનોમન હત્યા કરતો હતો.

લાંબા કાળની હત્યાના પરિણામે તેણે ઘણા કર્મો સંચિત કર્યા. જેના પરિણામે તેના શરીરમાં મહારોગો ઉત્પન્ન થયા. તેને ક્યાંય સુખ શાંતિ ન મળી – યાવત્ – તીક્ષ્ણ કાંટાની શય્યા પર સુવડાવ્યો અને તેના શરીરે વિષ્ટાદિનું લેપન કર્યું ત્યારે તેને શાંતિ મળી – x – x – અંતે તે મૃત્યુ પામીને સાતમી નરકે ગયો.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૧૩૬; સૂય.ચૂ.પૃ. ૧૫૨, ૩૨૭; સૂય. ૩૦૦, ૪૪૦ની વૃ;*
*ઠા. ૨૫૦, ૨૫૫, ૩૫૮, ૩૭૬ની વૃ; ભગ. ૮૦૪, ૯૬૮ની વૃ;*
*જીવા. ૧૧૮ની વૃ; નિસી.ભા. ૧૩ની ચૂ; આવ.ચૂ.૨–પૃ. ૧૬૧, ૧૬૯, ૨૭૩;*
*આવ.નિ. ૧૨૮૪ની વૃ; આવ.મૂ. ૨૬ અંતર્ગત્ ધ્યાનશતક–૨૬ની વૃ;*

— x — x —

### ૦ કુરુચંદની કથા :–

(*આ કથા ભગવંત ઋષભ અને શ્રેયાંસના પૂર્વભવોના શિર્ષક હેઠળ* – તીર્થંકર ઋષભ *ની કથામાં આવી ગયેલ છે.*)

કુરુચંદ નામે રાજા હતો. તેની પત્ની (રાણી) કુરુમતી દેવી હતી. તેમનો હરિચંદ્રકુમાર નામે પુત્ર હતો. તે રાજા નાસ્તિકવાદી હતો. તેના મતે આ બધો ઇન્દ્રિયનો સમાગમ માત્ર હતો. પુરુષોની પરિકલ્પના હતી, મદ્યાંગમાં રહેલ મદ માત્ર હતો. તેનાથી વિશેષ કશું નહીં. પરભવનું સંક્રમણ તે માનતો હતો. સુકૃત્–દુષ્કતનું ફળ સ્વર્ગ કે નરક છે તેવું તે માનતો ન હતો.

તે ઘણાં જીવોના વધને માટે સમુદ્યત રહેતો હતો. છરાની જેમ તે એકાંતધારવાળો હતો. શિલરહિત અને વ્રતરહિત હતો. તેણે આ રીતે આવા અશુભ કર્મોથી ઘણો કાળ વ્યતીત કર્યો. મરણ કાળે અશાતાવેદનીયની બહુલતાથી નરક પ્રતિરૂપક પુદ્ગલ પરિણામો ઉત્પન્ન થયા. તેને સુમધુર ગીતો આક્રોશ જેવા લાગવા માંડ્યા. મનોહર રૂપો વિકૃત લાગવા માંડ્યા. ક્ષીર–ખાંડ મિશ્રિત ભોજન માંસ–પરુ જેવા લાગવા માંડ્યા. ચંદનનું અનુલેપન તેને અંગારા જેવું લાગવા માંડ્યું. હંસતુલ્ય મસૃણ શય્યા કંટક જેવી લાગવા

માંડી. તેના આ તથાવિધ વિપરીત ભાવો જાણીને કુરુમતી દેવી સાથે હરિચંદ્રકુમાર ગુપ્તપણે પ્રતિચરિત થયો.

તે કુરુચંદ રાજા આ પ્રમાણે પરમદુઃખી થઈને મૃત્યુ પામ્યો. તેની નીહરણક્રિયા કરીને હરિચંદ્ર જનપદ સહિત, ગંધસમૃદ્ધ અને જ્ઞાતિજનોનું પાલન કરવા લાગ્યો. તે ક્રમશઃ ધર્મબુદ્ધિ, ધર્મમતિ થયો – x – x – x – ઉત્પન્ન કેવળજ્ઞાનયુક્ત અણગારને પૂછયું, હે ભગવન્ ! મારા પિતા કુરુચંદ્ર કઈ ગતિમાં ગયા ? ત્યારે ભગવંતે કહ્યું કે, વિપરિત વિષય પામીને અંતે તે સાતમી નરકીમાં ગયા.

હે હરિચંદ્ર ! તારા પિતા અનિવારિત પાપાશ્રવ, ઘણાં જીવોને પીડા કરવી, પાપકર્મના ગુરુપણાથી તે નરકે ગયા. ત્યાં પરમ દુર્વિસહ, નિરુપમ, નિષ્પ્રતિકાર, નિરંતર અને સાંભળતા જ સચેતન જીવોને ભયજનક લાગે એવા દુઃખને અનુભવે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૧૬૯, ૧૭૦;*

— x — x —

**૦ અપ્રતિષ્ઠાન નરકે જનાર કેટલાંક પાત્રો :–**

*(જીવાજીવાભિગમ સૂત્ર–૧૦૫માં સાતમી પૃથ્વીના મહાનરકાવાસનું સ્વરૂપ સમજાવતી વખતે પાંચ મહાપુરુષોનું દૃષ્ટાંત અપાયેલ છે તે આ પ્રમાણે–)*

આ પાંચ મહાપુરુષ સર્વોત્કૃષ્ટ હિંસાદિ પાપકર્મોને એકત્રિત કરીને મૃત્યુના સમયે મરણ પામીને અપ્રતિષ્ઠાન નામક સાતમી નરકના મહાનરકાવાસમાં ઉત્પન્ન થયા – (૧) જમદગ્નિના પુત્ર પરશુરામ, (૨) લચ્છતિપુત્ર દઢાયું, (૩) ઉપરિચર વસુરાજ, (૪) ચક્રવર્તી કૌરવ્યસુભૂમ, (૫) ચુલણીપુત્ર બ્રહ્મદત્ત ચક્રવર્તી. તેઓ ત્યાં વર્ણથી કાળા, કાળી છબી વાળા, અત્યંત કાળા – યાવત્ – જાજ્વલ્યમાન વિપુલ અને યાવત્ અસહ્ય વેદનાને વેદી રહ્યા છે.

(૧) પરશુરામની કથા સ્વતંત્રપણે અન્યતીર્થિકમાં આવી ગયેલ છે.

(૨) દઢાયુ લચ્છઈ (લક્ષ્મી)નો પુત્ર હતો. વિશેષ કથા મળી નથી.

(૩) વસૂરાજા – આકાશ અધિષ્ઠિત સ્ફટિક સિંહાસને બેસીને રહેતો તે વાત લોકપ્રસિદ્ધ છે. સત્યવાદી એવો આ વસુરાજા પ્રાણાંતે પણ અસત્ય બોલતો ન હતો. તેના એ સત્વથી આવર્જાયેલ દેવોએ કરેલા પ્રાતિહાર્યથી તે ઉપર આકાશમાં ફરતો (રહેતો) હતો. તેણે કોઈ વખતે હિંસવેદાર્થના પ્રરૂપક પર્વત રાજાનો પક્ષ લીધો અને સમ્યગ્ દૃષ્ટિ નારદનો પક્ષ ન લીધો. ત્યારે તેના અસત્ય વચનથી કોપેલા દેવતાએ સિંહાસન પરથી થપ્પડ મારીને પાડી દીધો. રૌદ્રધ્યાને આરૂઢ થઈને સાતમી નરકે ગયો.

(૪) સુભૂમ – આઠમો ચક્રવર્તી થયો. તેની કથા ચક્રવર્તી કથામાં જોવી.

(૫) બ્રહ્મદત્ત – છેલ્લા ચક્રવર્તીની કથા ચક્રવર્તી વિભાગમાં જોવી.

*૦ આગમ સંદર્ભ :–*

*જીવા. ૧૦૫ + વૃ;*

— x — x —

**૦ અસંયતિઓની પૂજા :–**

ભગવંત ઋષભદેવ પૂર્વે અનંતો કાળ ગયો તે પહેલાની કોઈક બીજી ચોવીસીમાં સાત હાથની કાયાવાળા, જગત્‌માં આશ્ચર્યભૂત, દેવેન્દ્રોના સમૂહથી વંદાએલ, શ્રેષ્ઠતર, ધર્મશ્રી નામના છેલ્લા ધર્મતીર્થંકર હતા. તેમના તીર્થમાં સાત આશ્ચર્યો થયા હતા.

કોઈ સમયે તે તીર્થંકર ભગવંત પરિનિર્વાણ પામ્યા. ત્યારપછી કાલક્રમે અસંયતોનો સત્કાર કરાવવારૂપ આશ્ચર્ય વહેવાનો પ્રારંભ થયો, તે સમયે ત્યાં લોકોની અનુવૃત્તિથી તેમજ મિથ્યાત્વથી આવરિત થયેલ, અસંયતોની પૂજા કરવામાં અનુરાગી થયેલા ઘણા સમૂહને જાણી તે કાળે, તે સમયે નહીં જાણેલા શાસ્ત્રના સદ્‌ભાવવાળા, ત્રણ ગારવરૂપ મદિરામાં મુંઝાએલા નામ માત્રના આચાર્ય અને ગચ્છનાયકોએ શ્રાવકો પાસેથી ધન મેળવીને દ્રવ્ય એકઠું કરી કરીને હજાર સ્તંભોવાળું ઊંચું એવું દરેક મમત્ત્વભાવથી પોતપોતાના નામનું ચૈત્યાલય કરાવીને તેઓ દુરંતપંત લક્ષણવાળા અધમાધમી તે જ ચૈત્યાલયોમાં રહેવા સાથે તેનું રક્ષણ કરવા લાગ્યા.

તેઓમાં બલવીર્ય, પરાક્રમ, પુરુષાર્થ હોવા છતાં તે પુરુષકાર પરાક્રમ બળવીર્યને છુપાવીને ઉગ્ર અભિગ્રહો કરવા અનિયત વિહાર કરવાનો ત્યાગ કરીને, છોડીને નિત્યવાસનો આશ્રય કરીને, સંયમ આદિમાં શિથિલ થઈને રહેલા હતા. પછીથી આ લોક, પરલોકના નુકસાનની ચિંતાનો ત્યાગ કરીને, લાંબા કાળનો સંસાર અંગીકાર કરીને તે જ મઠ અને દેવકુળોમાં અત્યંત પરિગ્રહ, બુદ્ધિ, મૂર્છા, મમત્વકરણ, અહંકાર વગેરે કરીને સંયમ માર્ગમાં પાછા પડેલા પરાભવિત થયા પછી પોતે વિવિધ પુષ્પોની માળા આદિથી (ગૃહસ્થોની જેમ) દેવાર્ચન કરવા ઉદ્યમશીલ બન્યા.

જે વળી શાસ્ત્રના સારભૂત શ્રેષ્ઠ એવા સર્વજ્ઞનું વચન છે, તેને ઘણાં જ દૂરથી ત્યાગ કર્યું. તે આ પ્રમાણે સર્વે જીવો, સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે સત્વોને હણવા નહીં, વેદના ન આપવી, પરિતાપ ન પમાડવો, ગ્રહણ ન કરવા, વિરાધના ન કરવી, કિલામણા ન કરવી, ઉપદ્રવ ન કરવો, કોઈપણ જીવને ત્રિવિધ–ત્રિવિધે મારવા નહીં, મરાવવા નહીં, મારનારની અનુમોદના કરવી નહીં. આવી પોતે સ્વીકારેલી મહાવ્રતની પ્રતિજ્ઞા પણ ભૂલી ગયા. વળી હે ગૌતમ ! મૈથુન એકાંતે કે નિશ્ચયથી કે દૃઢપણે તેમજ જળ અને અગ્નિનો સમારંભ, સર્વથા, સર્વ પ્રકારે મુનિ સ્વયં વર્જે, આવા પ્રકારનો ધર્મ, ધ્રુવ, શાશ્વત, નિત્ય છે, એમ લોકોના દુઃખને જાણનાર સર્વજ્ઞ તીર્થંકર ભગવંતોએ પ્રરૂપેલું છે. ઇત્યાદિ બધું ભૂલી ગયેલા.

*૦ આગમ સંદર્ભ :–*
*મહાનિ. ૮૩૭;*

— × — × —

**૦ પ્રદ્યોતની કથા :–**

*(– વ્યવહારમાં પ્રદ્યોત રાજા ચંડપ્રદ્યોતના નામથી પ્રસિદ્ધ છે.)*

(*પ્રદ્યોતની કથા આ પૂર્વે શ્રમણ વિભાગમાં* ઉદાયન રાજર્ષિ અને અભયકુમારની કથામાં, *શ્રમણી વિભાગમાં* રાણી મૃગાવતી અંગારવતી અને રાણી શિવાની કથામાં શ્રાવક વિભાગમાં

શ્રેણિક રાજાની કથામાં, અન્ય/પ્રકીર્ણ કથામાં મહેશ્વર/સત્યકીની *કથામાં ઉદયન, ધુંધુમાર પાલક ઇત્યાદિ કથાનકોમાં વિવિધ પ્રસંગોરૂપે આવી જ ગયેલ છે. તેથી અહીં પ્રદ્યોતની કથા પરીચયાત્મકરૂપે તથા તેની વિવિધ ઘટનાના સંદર્ભો સહિત નોંધી છે.*)

**૦ પરીચયાત્મક કથા :–**

પ્રદ્યોત ઉજ્જૈનીનો રાજા હતો. તેનો *(ભગવતીજી સૂત્ર–૫૮૭માં)* મહસેન નામે પણ ઉલ્લેખ છે. *(ઉત્તરાધ્યયન નિર્યુક્તિ–૯૪–વૃત્તિમાં)* તેનું નામ ચંડપ્રદ્યોત પણ કહેલ છે. જ્યારે ભગવંત મહાવીરે પ્રવ્રજ્યા અંગીકાર કરી ત્યારે પ્રદ્યોત નાનો હતો.

પ્રદ્યોત રાજાને આઠ રાણીઓ હતી. જેમાં અંગારવતી અને શિવાના નામો પ્રસિદ્ધ થયા છે. જેમાં શિવા વૈશાલીના રાજા ચેટકની પુત્રી હતી અને અંગારવતી રાજા ધુંધુમારની પુત્રી હતી. (*–અંગારવતીના લગ્ન રાજા પ્રદ્યોત સાથે કઈ રીતે થયા તે માટે શ્રમણી વિભાગમાં* અંગારવતી શ્રમણીની કથા જોવી)

પાલક અને ગોપાલક બંને રાજા પ્રદ્યોતના પુત્રો હતા. (*જેમના વિશે ધર્મઘોષ શ્રમણની કથામાં લખાઈ ગયેલ છે.* તેને વાસવદત્તા નામે એક પુત્રી હતી. જેના લગ્ન ઉદયન સાથે થયા. (*આ કથા શ્રાવક વિભાગમાં મૃગાવતી પુત્ર* ઉદયનકુમારની કથામાં જોવી) અને પ્રદ્યોતના મુખ્ય અમાત્ય–પ્રધાનનું નામ ખંડકર્ણ હતું.

રાજા પ્રદ્યોતના ચાર રત્નો કહેવાતા હતા, તે આ પ્રમાણે – (૧) રાણી શીવા, (૨) અનલગિરિ હાથી, (૩) લોહજંઘદૂત, (૪) અગ્નિભિરુ રથ. *(તે સંબંધી કથા શ્રમણ વિભાગમાં અભયકુમારની કથામાં આવી ગયેલ છે.)* તેમજ પ્રદ્યોત રાજાના કાળમાં ઉજ્જૈનીમાં એક વિખ્યાત વાણિજ્યગૃહ (આધુનિક બજાર) હતું.

પ્રદ્યોતે મૃગાવતીને પોતાની પત્ની બનાવવા માટે કૌશાંબી નગરીએ રાજા શતાનિક પર ચઢાઈ કરેલી. આ મૃગાવતી, રાજા શતાનિકની પત્ની, રાજા પ્રદ્યોતની શાળી (પત્નીની બહેન) હતી. (*આ સમગ્ર કથા શ્રમણી વિભાગમાં* મૃગાવતીની કથામાં નોંધેલ છે.)

પ્રદ્યોત રાજાએ રાજા શ્રેણિક પર રાજગૃહી નગરીને ઘેરો ઘાલીને હુમલો કરવા પ્રયત્ન કરેલો. પણ અભયકુમારની બુદ્ધિથી, તે નિષ્ફળ ગયો. ત્યારે પ્રદ્યોતે તેનો બદલો લેવા ગણિકાઓને કપટી શ્રાવિકા બનાવીને મોકલી અને પ્રપંચથી અભયકુમારને પકડી લીધો હતો. ત્યાંથી અભયકુમાર પોતાના વિશિષ્ટ બુદ્ધિકૌશલ્યથી છટકી જઈને પ્રદ્યોત રાજાને પકડીને રાજગૃહે પાછો આવી ગયો *(આ સમગ્ર કથા વિસ્તારથી – શ્રમણ વિભાગમાં અભયકુમારની કથામાં તથા શ્રેણિક પરના આક્રમણની વાત શ્રાવક વિભાગમાં શ્રેણિકની કથામાં છે.)*

રાજા પ્રદ્યોતે પાંચાલના કંપીલપુરના રાજા દુર્મુખ પર પણ આક્રમણ કરેલું હતું. કેમકે તે દુર્મુખ પાસે વિશિષ્ટ કોટિનો દૈવી મુગટ હતો. જેના કારણે તે જવ રાજાના બે મુખ દેખાતા હતા. ત્યાં પણ રાજા પ્રદ્યોત પરાજય પામ્યો. કથા જુઓ પ્રત્યેકબુદ્ધ દ્વિમુખ. ત્યાં પ્રદ્યોતને દ્વિમુખ રાજાની પુત્રી મદન–મંજરી સાથે પ્રેમ થયો અને રાજાએ પછી તે બંનેના લગ્ન કર્યા.

રાજા પ્રદ્યોતે વિતિભય નગરે જઈને રાજા ઉદાયન અને પ્રભાવતી રાણીની દાસી એવી દેવદત્તા (કુબ્જગૂલિકા)ને અનલગિરિ હાથી પર લઈને ભગવંતની મૂર્તિ સહિત

ભાગ્યો હતો. પછી ઉદાયન રાજાએ તેના પર ચડાઈ કરી, પકડી લીધો અને ઉદાયન રાજાનો બંદી બન્યો. *(આ સમગ્ર કથા શ્રમણ વિભાગમાં ઉદાયન રાજર્ષિની કથામાં, શ્રમણી વિભાગમાં પ્રભાવતીની કથામાં, શ્રાવિકા વિભાગમાં દેવદત્તાની કથામાં આવી ગયેલ છે.)*

પ્રદ્યોત રાજાના અંતઃપુરને દૂષિત કરનાર સત્યકી–મહેશ્વરને તેણે ઉમા વૈશ્યાની મદદ લઈ ફસાવીને મારી નાંખ્યો. પછી નંદી દેવના આગ્રહથી શિવલિંગોની સ્થાપના અને પૂજા શરૂ કરેલી *(આ કથા પ્રકીર્ણ કથા વિભાગમાં મહેશ્વરની ઉત્પત્તિની કથામાં આવી ગયેલ છે.)*

પ્રદ્યોત રાજાની પટ્ટરાણી એવી અંગારવતી – શિવા આદિ આઠેએ ભગવંત મહાવીરની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરેલી હતી. તે વખતે મૃગાવતીના પૂછવાથી ભગવંત મહાવીરના સમવસરણમાં બિરાજમાન ચંડપ્રદ્યોતે તે સર્વેને દીક્ષા લેવા માટે અનુમતિ આપેલી હતી. *(આ વૃત્તાંત મૃગાવતીની કથામાં આવી ગયેલ છે.)*

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૬૪, ૮૭; સૂય.મૂ. ૬૬૭ની વૃ; ઠા. ૩૬૦, ૭૩૨ની વૃ;*
*ભગ. ૫૮૭; પણ્હ. ૨૦ની વૃ; નિસી.ભા. ૩૧૮૪ + ચૂ;*
*બુહ.ભા. ૪૨૨૦ + વૃ; વવ.ભા. ૭૮૩ + વૃ; દસા.નિ. ૯૮ની ચૂ;*
*આવ.ચૂ.૧–પૃ. ૮૯, ૯૧, ૨૪૯, ૪૦૦, ૪૦૧, ૫૫૭; ૨–પૃ. ૧૫૯ થી ૧૬૪, ૧૬૭, ૧૮૯, ૨૦૦, ૨૭૦; આવ.નિ. ૧૩૦૩ + વૃ;*
*આવ.નિ. ૮૭, ૭૭૬, ૯૪૯, ૧૨૮૪, ૧૨૮૭, ૧૫૫૦ની વૃ;*
*દસ.ચૂ.પૃ. ૫૩; ઉત્ત.નિ. ૯૪ની વૃ; નંદી. ૧૦૭ની વૃ;*
*કલ્પસૂત્ર ચૂ.પૃ. ૯૮; કલ્પસૂત્ર–વૃત્તિ (ભ.મહાવીર કથા)*

— x — x —

### ૦ પાલકની કથા :–

કૃષ્ણ વાસુદેવને અનેક પુત્રોમાં પાલક અને શાંબ એ બે પુત્રો પણ હતા. કોઈ વખતે ભગવંત અરિષ્ટનેમિ દ્વારિકામાં સમોસર્યા ત્યારે કૃષ્ણ વાસુદેવે કહ્યું કે, આવતીકાલે જે ભગવંતને પ્રથમ વંદન કરવા જશે, તેને તે જે માગશે તે હું આપીશ. ત્યારે શાંબે શય્યામાંથી ઉઠીને ત્યાં ને ત્યાં રહી જ ભગવંતને ભાવથી વંદના કરી. જ્યારે પાલક રાજ્યના લોભથી અશ્વરત્ન લઈને જલ્દીથી ગયો અને જ્યાં ભગવંત બિરાજમાન હતા, ત્યાં જઈને વંદન કર્યું, પરંતુ તે અભવ્યસિદ્ધિક હોવાથી હૃદયના આક્રોશપૂર્વક વંદન કર્યું.

ત્યારપછી વાસુદેવ કૃષ્ણ ભગવંતની વંદનાર્થે નીકળ્યા. ભગવંતને વંદન–નમસ્કાર કરીને પૂછ્યું કે, હે ભગવંત શાંબ અને પાલકમાંથી આપને પ્રથમ વંદન કોણે કર્યું ? ત્યારે ભગવંતે જણાવ્યું કે, દ્રવ્યથી પાલકે પ્રથમ વંદન કર્યું. જ્યારે ભાવથી શાંબે પ્રથમ વંદન કર્યું. ત્યારે કૃષ્ણ મહારાજાએ શાંબને ઇચ્છિત દાન આપ્યું.

*(આ દૃષ્ટાંત આવશ્યક સૂત્રમાં દ્રવ્ય અને ભાવ વંદનને માટે અપાયેલ છે જ્યારે નિશીથ ભાષ્ય–૧૩ની ચૂર્ણિમાં ભક્તિ અને બહુમાનની ચતુર્ભંગીમાં અપાયેલ છે.)*

*૦ આગમ સંદર્ભ :–*

*નિશી.ભા. ૧૩ની ચૂ; આવ.નિ. ૧૧૦૪ + વૃ; આવ.ચૂ.૨–પૃ. ૧૯;*

— x — x —

**૦ મંડિત ચોરની કથા :–**

બેન્નાતટ નગરે મંડિક નામે તંતુવાય (વણકર) હતો. તે પારકું દ્રવ્ય ચોરવાની ટેવવાળો હતો. તે દુષ્ટવ્રણયુક્ત વાળો છે તેવું લોકોમાં ફેલાવી ઘુંટણમાં હંમેશા ભીનો લેપ લગાવી રાજમાર્ગે તંતુવાય શિલ્પ (વણકર કર્મથી) જીવન જીવતો હતો. જ્યારે તે ચાલતો–ફરતો ત્યારે પણ હાથમાં દંડ લઈને પગ વડે પિડા પામતો હોય તે રીતે ક્યાંય પણ જતો–આવતો. પરંતુ રાત્રિના ખાતર પાડીને દ્રવ્ય પ્રાપ્ત કરી નગરની નીકટના ઉદ્યાનમાં કોઈ જગ્યાએ ભૂમિગૃહે જઈને તે ચોરીનું દ્રવ્ય દાટી કે છુપાવી દેતો હતો.

તે સ્થાને તે મંડિત ચોરની બહેન રહેતી હતી. તે ભૂમિગૃહ મધ્યે એક કુવો હતો. ત્યાં તે ચોર દ્રવ્યને ભરીને લાવતો. તેની બહેન કૂવા પાસે પૂર્વેથી રાખેલા આસને બેસીને પગને ધોવાના બહાને જતી, પગ વડે તે દ્રવ્ય ગ્રહણ કરીને કૂવામાં નાંખતી. એ પ્રમાણે નગરને ધમરોળતા કાળ વીતતો જતો હતો. ચોર પકડનાર (કોટવાળ) તેમને પકડી શકતા ન હતા. તે નગરમાં ઉપદ્રવ વધતો ગયો.

ત્યાં મૂળદેવ રાજા હતો. *(તે કઈ રીતે રાજા બન્યો. તે વૃત્તાંત મૂળદેવની કથામાં જોવો)* તેણે કોઈ બીજા નગરરક્ષકની સ્થાપના કરી. તે પણ ચોરને પકડી ન શક્યો. ત્યારે મૂળદેવ પોતે નીલપટ્ટ ઓઢીને રાત્રે નીકળ્યો. મૂળદેવ ઓળખાય નહીં તે રીતે એક સભામાં બેસીને રહ્યો. જ્યારે તે મંડિત ચોર ત્યાં આવ્યો ત્યારે તેણે પૂછયું, અહીં કોણ બેઠલ છે ? ત્યારે મૂળદેવે કહ્યું કે, હું કાર્પટિક છું.

ત્યારે મંડિત ચોર તેને સાથે લઈને ચાલ્યો. કોઈ ઈશ્વરના ઘરમાં ખાતર પાડ્યું. ઘણું બધું દ્રવ્ય ચોર્યું. મૂળદેવની પીઠ પર ચઢાવીને નગરની બહાર ગયા. મૂળદેવની આગળ જઈને ચોરે તલવાર વડે ભૂમિ ખોદી. ભૂમિગૃહમાં ગયા. ચોરે ત્યાં દ્રવ્યને છૂપાવવાનું શરૂ કર્યું. પોતાની બહેનને કહ્યું કે, આ મહેમાનને પગ ધોવા પાણી વગેરે આપ.

ત્યારે તેણીએ કૂવાના તટ પાસે બેસીને, પગ ધોવાના બહાને પગ વડે દ્રવ્ય ગ્રહણ કરી કૂવામાં નાંખી દઉં એમ વિચાર્યું. પગ ધોતી વખતે મૂલદેવના અતિ સુકુમાર પગ જોઈને તેણીને લાગ્યું કે, આ તો કોઈ ભૂતપૂર્વ રાજા છે અને રાજ્યભ્રષ્ટ થયો જણાય છે. તેણીને મૂલદેવ પરત્વે અનુકંપા થઈ. તેથી તેણીએ તેના પગના તળીયે સંજ્ઞા કરી કે, અહીંથી નાશી જા નહીં તો ફોગટનો માર્યો જઈશ. ત્યારે મૂલદેવ ચૂપચાપ ભાગી ગયો.

ત્યારપછી મંડિતની બહેને બૂમો પાડવી શરૂ કરી કે, આ તો ભાગી જાય છે, ભાગી જાય છે. મંડિત તલવાર લઈને તેની પાછળ દોડ્યો. મૂળદેવે રાજપથે અતિ નીકટ જાણીને ગોપાઈને બેસી ગયો. ચોર ત્યાં તલવાર પછાડીને પાછો ચાલ્યો ગયો. પછી ભૂમિગૃહે પાછો ફર્યો. સવારે પાછો રાજમાર્ગની શેરીમાં ચાલ્યો ગયો. ત્યાં તંતુવાય કર્મ કરવા લાગ્યો. તેને રાજાના પુરુષોએ બોલાવ્યો.

મૂલદેવે તેને બોલાવી આસન આપ્યું. તેનો સત્કાર કર્યો તેની સાથે ઘણી જ મીઠી વાતો કરી. પછી કહ્યું કે, મને તારી બહેન પરણાવ. મંડિતે પોતાની બહેનના મૂલદેવ સાથે વિવાહ કર્યા. રાજા તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. કેટલાંક દિવસો ગયા બાદ રાજાએ મંડિત પાસે દ્રવ્ય (નાણાં) મંગાવ્યા. ત્યારે મંડિતે લાવીને ઘણું બધું દ્રવ્ય આપ્યું. રાજાએ

પણ તેનો સત્કાર કર્યો. અન્યદા ફરી દ્રવ્ય માંગ્યુ. મંડિતે ફરી પણ દ્રવ્ય આપ્યું. ત્યારે રાજાએ મંડિતનો અતીવ સત્કાર–સન્માન કર્યા.

આ પ્રકારે તેની પાસેથી બધું જ દ્રવ્ય પાછું મેળવી લીધું. પછી તેની બહેનને પૂછયું કે, હવે મંડિત પાસે કંઈ દ્રવ્ય છે ? ત્યારે તેણીએ કહ્યું કે, બસ આટલું જ દ્રવ્ય હતું. ત્યારે તે મંડિતને મૂલદેવ રાજાએ શૂળીએ ચડાવી દીધો. *(આ જ રીતે ધર્માર્થી જીવોએ સંયમના હેતુથી નિર્જરાની અભિલાષાથી જીવન ધારણ કરવું જોઈએ.)*

*૦ આગમ સંદર્ભ :–*

*ઉત્ત.ચૂ.પૂ. ૧૧૮, ૧૧૯;* *ઉત્ત.મૂ. ૧૨૨ની વૃ;*

— × — × —

**૦ મમ્મણની કથા :–**

*(આ કથાના અંશો રાજા શ્રેણિકની કથામાં આવી ગયેલ છે.)*

રાજગૃહી નગરીમાં મમ્મણ નામે એક ગૃહસ્થ હતો. તેને ઘણાં કલેશથી, ઘણી પીડા વેઠીને પુષ્કળ દ્રવ્ય એકઠું કરેલું હતું. તે પૂરું ખાતો કે પીતો પણ ન હતો. તેણે પોતાના પ્રાસાદના ઉપરના ભાગમાં એક બળદ તૈયાર કર્યો હતો – આ બળદ અનેક ક્રોડ દ્રવ્યોનો બનેલો હતો. તે સમગ્ર બળદ સુવર્ણમય અને પર્યાપ્ત માત્રામાં દિવ્ય રત્નોથી યુક્ત હતો. તેના શીંગડા શ્રેષ્ઠ વજ્રરત્નના બનેલા હતા અને તે બળદ વિશાળકાય હતો.

ત્યારપછી તે મમ્મણ શ્રેષ્ઠીએ તેવો જ અનેક ક્રોડો દ્રવ્યોનો બીજો બળદ બનાવવો શરૂ કર્યો. તે પણ ઘણો બધો નિર્માણ પામ્યો. પરંતુ હજી પહેલા બળદ જેવો જ તે બળદ પૂર્ણ થયો ન હતો. તેટલામાં ચોમાસું આવ્યું. ત્યારે તે બળદના નિર્માણ નિમિત્તે માત્ર કછોટો મારીને નદીના પૂરમાંથી લાકડાઓને ઉતારતો હતો.

આ તરફ રાજા પોતાની રાણી સહિત વર્ષામાં અવલોકન નિમિત્તે નીકળેલો હતો. ત્યારે રાણીએ મમ્મણને આવી સ્થિતિમાં જોતા તેણીને અતિ કરુણા ઉત્પન્ન થઈ કે, અરેરે ! આ ઘણો ગરીબ લાગે છે ત્યારે તેણી અમર્ષથી બોલી કે, આ પ્રમાણે સત્ય વાત સાંભળી છે કે, રાજાઓ મેઘનદી સદૃશ હોય છે. ઇત્યાદિ. જુઓ આ બિચારો ગરીબ પેટ ભરવા માટે કેટલો કલેશ કરી રહ્યો છે.

ત્યારે રાજાએ તેને બોલાવીને કહ્યું કે, તું કેમ આટલું કષ્ટ ભોગવે છે ? (તારે શું દુઃખ છે ?) ત્યારે મમ્મણે કહ્યું કે, મારા બે બળદની જોડી પુરી થતી નથી. ત્યારે રાજાએ કહ્યું, હું તને સો બળદ આપું, તારે જોઈએ તે લઈ લે. ત્યારે મમ્મણે કહ્યું મારે તે બળદોનું કોઈ પ્રયોજન નથી. મારી પાસે એક બળદ છે તેવો જ બીજો બળદ મારે તો પૂરિત કરવો છે. ત્યારે રાજાએ પૂછયું કે, તારી પાસે કેવો બળદ છે ? ત્યારે મમ્મણે કહ્યું કે, મારે ઘેર ચાલો તો તમને બતાવું. ઘેર લઈ જઈને તેણે પોતાનો સુવર્ણ–રત્નનો બનાવેલો બળદ બતાવ્યો. રાજાએ કહ્યું કે, હું મારો આખો રાજ્યભંડાર ઠાલવી દઉં તો પણ હું તારો આ બીજો બળદ બનાવી ન શકું. તારે આટલી બધી ઋદ્ધિ છે, છતાં તું આવું કૃપણ જીવન જીવે છે. તારી તૃષ્ણાને ધિક્કાર છે.

મમ્મણે કહ્યું કે, જ્યાં સુધી હું આ બળદને પુરો ન કરી શકું ત્યાં સુધી મને સુખ–

શાંતિ થશે નહીં. તે પુરો કરવાના ઉપાયો શરૂ કર્યા. હાથી, ઘોડા, સેવકો આદિ મોકલવા રાજાએ કહ્યું, આ માટે તું આવો કલેશ કરી રહ્યો છે. મમ્મણે કહ્યું, મારું શરીર કલેશ સહન કરવા સમર્થ છે. રાજા કહે તું જ તારા મનોરથ પૂર્ણ કર. તારા સિવાય બીજો કોઈ તારા મનોરથ પૂર્ણ કરી શકશે નહીં. રાજા શ્રેણિક આટલું કહીને ચાલ્યો ગયો. ઘણાં સમયે મમ્મણે પોતાના તે બળદને પૂરિત કર્યો.

*(આવશ્યકમાં આ દૃષ્ટાંત અર્થસિદ્ધને આશ્રીને અપાયું છે.)*

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૮૬; સૂય.ચૂ.પૃ. ૨૩૭; સૂય.મૂ. ૪૯૦ની વૃ;*
*આવ.નિ. ૯૩૫ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૩૭૧, ૫૪૩;*

— x — x —

### ૦ મૂલદેવની કથા :–

ઉજ્જૈની નામે નગરી હતી. ત્યાં જિતશત્રુ નામે રાજા હતો. તે નગરમાં અચલ નામે સાર્થવાહ હતો. તે નગરમાં દેવદત્તા નામે ગણિકા હતો. તથા ધૂર્ત, ચોર, ઠગારા, વ્યસની, ચતુર, વિદ્વાન્ અને ધાર્મિકોમાં જે મુખ્યરૂપે પ્રસિદ્ધિને પામેલો, રાજકૂળમાં જન્મેલો, રાજલક્ષણોથી સંપૂર્ણ એવો મૂલદેવ નામનો ધૂર્ત–દ્યુતકાર હતો. દેવદત્તા સાથે સાચા સ્નેહથી વિષયસુખ ભોગવતા તેના દિવસો આનંદમાં પસાર થતા હતા.

**૦ દેવદત્તા સાથેનો પ્રેમ–અચલ દ્વારા વિઘ્ન :–**

કોઈ સમયે અચલે મૂલદેવની સાથે દેવદત્તાને જોઈ. અચલ તેણીને જોઈને આકર્ષિત થયો. તેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. એમ વિચારી તે દેવદત્તાને અનેક ભેટ–સોગાદો મોકલવા લાગ્યો. તેથી તેણી અચલ પ્રત્યે સ્નેહ દેખાડવો શરૂ કર્યો. કોઈ વખતે પોતાને ત્યાં આવેલા અચલનો આસનાદિ આપી સત્કાર કર્યો, તેની સાથે ભોગ વિલાસમાં તેણી સમય પસાર કરવા લાગી. પણ તેના હૃદયમાં તો મૂલદેવજ વસેલો હતો.

દેવદત્તાની માતાને આ વાતનો ખ્યાલ આવી ગયો. તેણીએ પુત્રીને કહ્યું કે, આ દ્યુતકારમાં તું કેમ મોહિત થયેલી છે ? આ અચલને જો, તે કેવો ધનવાન્ છે ! ત્યારે દેવતત્તાએ કહ્યું, હે માતા ! મૂલદેવ છે તે પંડિત છે, બુદ્ધિમાન છે, નિપુણ છે. અચલ પાસે માત્ર ધન જ છે. ત્યારે તેની માતાએ કહ્યું કે, શું તે અધિક વિજ્ઞાન જાણે છે ? દેવદત્તાએ કહ્યું કે, તે ૭૨ કળાઓમાં પંડિત છે.

પરીક્ષા કરવા માટે તેણીએ અચલને કહેવડાવ્યું કે, દેવદત્તાને શેરડી ખાવાની ઇચ્છા થઈ છે ? તેની માતાએ જઈને કહ્યું, ત્યારે અચલે વિચાર્યું કે, આને કેટલી શેરડી મોકલવી કે, જેનાથી દેવદત્તા ખુશ થઈ જાય. તેણે ગાડુ ભરીને શેરડીના સાંઠા મોકલ્યા. દેવદત્તાએ કહ્યું કે, શું હું કંઈ હાથણી છું ? આટલી શેરડીના સાંઠા ખાવાની હતી ?

ત્યારે દેવદત્તાએ કહ્યું કે, હવે મૂલદેવ પાસે જા અને તેને કહો કે, દેવદત્તા શેરડી ખાવાની અભિલાષા રાખે છે. ત્યારે અક્કાએ જઈને તે મૂલદેવને કહ્યું. ત્યારે તેણે ક્યાંકથી શેરડી લીધી. તેને સારી રીતે છોલી, પછી તેના નાના–નાના ટુકડા કર્યા. તેને સુવાસિત કરીને પછી દેવદત્તાને શેરડી ખાવા લાયક જાણીને મોકલી.

ત્યારે દેવદત્તાએ કહ્યું, જુઓ, આને વિજ્ઞાન કહેવાય. ત્યારે દેવદત્તાની માતા મૌન રહી. પછી મૂલદેવ તરફ દ્વેષને ધારણ કરતી તે અક્કાએ અચલને કહ્યું, હું એવું કંઈક કરીશ જેથી મૂલદેવ પકડાઈ જશે. ત્યારે અચલ તેને ૧૦૮ સુવર્ણદીનાર ભાડારૂપે આપીને ગયો. તેણીએ જઈને દેવદત્તાને કહ્યું કે, હવે અચલ તારી સાથે જ રહેશે. તેણે આ સુવર્ણદીનાર આપેલી છે. પછી અપરાહ્ન કાળે જઈને અક્કાએ તે દેવદત્તાને કહ્યું, અચલને કંઈ ત્વરિત કાર્ય આવી જતા તે ગામ ગયો છે.

**૦ મૂળદેવનો દેવદત્તાને ત્યાંથી નિકાલ :–**

ત્યારે દેવદત્તાએ મૂલદેવને બોલાવવા માટે મોકલ્યો. ત્યારે તુરંત જ મૂલદેવ ત્યાં આવ્યો. તે દેવદત્તાની સાથે ત્યા રહીને રમણ કરવા લાગ્યો. ત્યારે દેવદત્તાની માતાએ અચલને સંદેશો મોકલ્યો. અચલ તુરંત જ બીજા દ્વારેથી ત્યાં પ્રવેશ્યો. ઘણાં પુરુષો સાથે આવીને સમગ્ર ગર્ભગૃહને વીંટીને ઊભા રહ્યા. ત્યારે મૂલદેવ અતિ સંભ્રમથી શય્યાની નીચેના ભાગે છૂપાઈ ગયો. તે અચલે ધ્યાનમાં રાખ્યું.

ત્યારપછી દેવદત્તાની દાસચેટીઓ અચલના શરીરને સ્નાન અને અભ્યંગન આદિ માટેની સામગ્રી લઈને ત્યાં ઉપસ્થિત થઈ. અચલ તે જ શય્યા પર બેસીને બોલ્યો, આ જ શય્યા પર બેસીને હું અભ્યંગન અને સ્નાન કરીશ. દેવદત્તા બોલી કે, તેનાથી તો આ શય્યા વિનાશ પામશે. અચલે કહ્યું કે, હું તને ઉત્કૃષ્ટતર શય્યા આપીશ. મેં એ જ પ્રમાણે સ્વપ્ન જોયેલું કે, આ જ શય્યામાં બેસીને હું અભ્યંગન અને સ્નાન કરીશ. ત્યારે તેણીએ આ પ્રમાણે જ કર્યું.

તે વખતે સ્નાન, વિલેપનાદિના જળથી આર્દ્ર બનેલ મૂલદેવને અચલે વાળ પકડીને બહાર ખેંચ્યો. તેણીને કહ્યું કે, તું હમણાં જ અહીંથી જતો રહે, અન્યથા તને હમણાં જ જીવિતથી રહિત કરી દઈશ. જો તું અહીં કદાપી ન આવે તો જ હું તને મુક્ત કરીશ. આ પ્રમાણે અચલે કહ્યું, ત્યારે મૂલદેવ અપમાનીત થઈ, લજ્જાથી ઉજ્જૈનીથી નીકળી ગયો. પછી તે પથમાં ભાતારહિત એવો બેન્નાતટના માર્ગે ચાલ્યો.

રસ્તામાં તેને એક પુરુષ મળ્યો. *(જેનું નામ અન્યત્ર સધડો બ્રાહ્મણ બતાવેલ છે.)* મૂલદેવે તેને પૂછ્યું, તું ક્યાં જાય છે ? તેણે કહ્યું કે, હું બેન્નાતટ નગરે જઈ રહ્યો છું. મૂલદેવે તેને કહ્યું, ચાલો આપણે સાથે જઈએ. તે પુરુષે પણ કહ્યું કે, ભલે એમ કહીએ. તે બંને બેન્નાતટ તરફ ચાલ્યા. માર્ગમાં એક અટવી આવી. તે પુરુષ પાસે તો શંબલ–ભાથું હતું. મૂલદેવને થયું કે, આ મને તેમાંથી ભાગ આપશે. હમણાં કે પછી જરૂર સંવિભાગ કરશે એમ વિચારી મૂલદેવ ચાલ્યો જાય છે. પણ તે પુરુષ કંઈ આપતો નથી.

એ રીતે ત્રીજો દિવસ થયો. અટવી પુરી થઈ ગઈ. મૂલદેવે પૂછ્યું, અહીં હવે કોઈ ગામ છે ? તે પુરુષે કહ્યું કે, હવે અહીંથી થોડો રસ્તો કાપતા જ ગામ આવે છે, બહુ દૂર નથી. મૂલદેવે પૂછ્યું, તું ક્યાં વસે છે ? તેણે કહ્યું કે, હું અમુક ગામમાં રહું છું. મૂળદેવે પૂછ્યું કે, હું આ ગામમાં કઈ રીતે જઈ શકું ? ત્યારે તે પુરુષે તેને માર્ગ દેખાડ્યો. મૂલદેવ તે ગામે ગયો. ત્યાં ભિક્ષા માટે ભટકતા તેને બાફેલા અડદ (કુલ્માષ) મળ્યા. પછી તે ગામમાંથી નીકળી ગયો.

**૦ દાનના પ્રભાવે મૂલદેવનું રાજા થવું :–**

તે વખતે કોઈ સાધુ ભગવંત માસક્ષમણના પારણાર્થે ભિક્ષા નિમિત્તે ગામમાં પ્રવેશ કરી રહ્યા હતા. મૂલદેવને સંવેગ ભાવ ઉત્પન્ન થયો, તેણે પરમ ભક્તિથી તે કુલ્માષ (બાફેલા અડદ) વડે સાધુને પ્રતિલાભિત કર્યા. તેને કહ્યું કે, "તે મનુષ્યને ધન્ય છે, જે કુલ્માષ વડે સાધુને પારણું કરાવે છે. ત્યાં રહેલા દેવતાએ કહ્યું, હે પુત્ર ! તું આ ગાથાનો પશ્ચાર્ધ પૂર્ણ કરવા દ્વારા તું જે માંગે તે તને આપું.

ત્યારે મૂલદેવે તે પંક્તિ પૂરી કરતા કહ્યું કે, "ગણિકા દેવદત્તા અને સહસ્ર હાથી સહિતનું રાજ્ય. ત્યારે દેવતાએ કહ્યું કે, તને ઘણી જલ્દીથી આ બધું પ્રાપ્ત થઈ જશે. *(અહીં માનવભવની દુર્લભતાના દશ દૃષ્ટાંતોમાં આગળ એવું જણાવેલ છે કે, મૂલદેવ પછી ધર્મશાળામાં સૂતો હતો ત્યારે તેણે પૂર્ણચંદ્ર મંડલનું પાન કર્યું હોય તેવું સ્વપ્ન જોયું. તેણે વિધિવત્ સ્વપ્નશાસ્ત્ર જ્ઞાતાને પૂજા–અર્ચાદિ કરીને પૂછયું ત્યારે તેણે પહેલા પોતાની કન્યા મૂળદેવને પરણાવી, પછી કહ્યું કે, આ સ્વપ્નના ફળ સ્વરૂપે તને સાત દિવસમાં રાજ્યની પ્રાપ્તિ થશે.)*

મૂલદેવ બેન્નાતટ નગરે ગયો. તે નિર્ધન હતો, તેથી ખાતર પાડવા માટે ગયો. પણ કોટવાળ દ્વારા પકડાઈ ગયો. તેને વધ કરવાને માટે લઈ જતા હતા. તેટલામાં પુત્રરહિત એવો રાજા મૃત્યુ પામ્યો. તેથી અશ્વને અધિવાસિત કરીને રવાના કરેલ. તે અશ્વએ મૂલદેવ પાસે આવીને તેના પર અભિષેક કર્યો. ત્યારે તે મૂલદેવ રાજા થયો. તેણે પેલા પુરુષને (સધડા બ્રાહ્મણને) બોલાવ્યો. તેને કહ્યું કે, તારો સાથ હોવાથી હું અહીં સુધી પહોંચી ગયો. અન્યથા હું માર્ગમાં જ કદાચ નાશ પામ્યો હોત. તેથી તને હું આ એક ગામ ભેટ આપું છું. હવે કદાપી તારું મોઢું દેખાડતો નહીં.

ત્યારપછી મૂલદેવે ઉજ્જૈનીના રાજા સાથે પ્રીતિ બાંધી, દાન, માન, સત્કારાદિ પૂજા કરી. પછી અવસર જોઈને તેણે દેવદત્તાની માંગણી કરી. તે રાજાએ પણ પ્રતિઉપકાર રૂપે તેને દેવદત્તા આપી. મૂલદેવે તેણીને અંતઃપુરમાં રાખી, ભોગ ભોગવવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે અચલ વહાણ દ્વારા બેન્નાતટ નગરે આવ્યો. તેણે જે શુલ્ક ચૂકવવાનું હતું. તે ન ચૂકવ્યાથી મૂલદેવે તેને પકડી લીધો. તેણે દ્રવ્ય છુપાવેલું હતું, તેથી પુરુષો દ્વારા બાંધીને રાજા પાસે હાજર કર્યો. ત્યારે મૂળદેવે અચલને પૂછયું કે, તું મને જાણે છે ? અચલે કહ્યું, તમને રાજાને કોણ ન ઓળખે ? ત્યારે તેણે કહ્યું કે, હું મૂળદેવ છું. પછી તેણે અચલનો સત્કાર કરી વિસર્જિત કર્યો.

**૦ મૂલદેવ દ્વારા મંડિત ચોરને પકડવો :–**

*(આ સમગ્ર વૃત્તાંત આ પૂર્વની મંડિત કથામાં આવી ગયો છે.)*

**૦ ઔત્પાતિકી બુદ્ધિના વિષયમાં મૂળદેવનું દૃષ્ટાંત :–**

મૂળદેવ અને કંડરીક માર્ગે જતા હતા. ત્યારે એક પુરુષને મહિલા સાથે જોયો. કંડરિક તેના રૂપમાં મૂર્છિત થયો. મૂલદેવે કહ્યું કે, હું કંઈક કરીશ. ત્યારપછી મૂલદેવ તેને એક વનનિકુંજમાં સ્થાપીને રહ્યો. જેટલામાં તે પુરુષ મહિલા સાથે આવ્યો, મૂળદેવે તેને કહ્યું, અહીં મારી સ્ત્રી પ્રસૂતા છે. જો તું આ સ્ત્રીને મારી સાથે મોકલે તો સારું તેણે મહિલાને મોકલી. ત્યારે તે મહિલા કંડરીક સાથે રમણ કરી પાછી આવી. આવીને પછી

વસ્ત્ર ગ્રહણ કરીને તે ધૂર્તસ્ત્રી હસતા–હસતા બોલી કે, બાળક થયો નહીં. આ તે બંનેની ઔત્પાતિકી બુદ્ધિ.

**૦ અપરિશ્રાવી દ્વારે લૌકિક દૃષ્ટાંતમાં મૂલદેવ :–**

રાજા, શ્રેષ્ઠી, અમાત્ય, આરક્ષક, મૂલદેવ એક પુરોહિત પત્ની બટુકી કે જે અતીવ રૂપવતી હતી. તેમાં અધ્યુપપન્ન થયા. તેણીએ બધાંને સંકેતથી બોલાવ્યા. તે બધાં આવીને દ્વારે ઊભા રહ્યા. બટુકીએ કહ્યું કે, જો મહિલારહસ્ય જાણતા હો તો અંદર પ્રવેશ કરો. તેઓએ કહ્યું કે, અમે જાણતા નથી. માત્ર મૂલદેવે કહ્યું કે, હું જાણું છું. તેણીએ કહ્યું, તું આવી જા. મૂલદેવે અંદર ગયો. તેણીએ કહ્યું કે, શું રહસ્ય છે ?

મૂલદેવે કહ્યું, મારી નાંખવા છતાં બીજાને ન કહે. તું વિદગ્ધ અને કામુક છે. સંતુષ્ટ થયેલી. તુષ્ટ થયેલી તે બટુકીએ મૂલદેવ સાથે આખી રાત્રિ રમણ કર્યું. પ્રભાતે રાજાએ મૂલદેવને પૂછ્યું, મહિલાનું રહસ્ય શું છે ? ત્યારે મૂલદેવે કહ્યું, હું આ વિષયમાં કંઈ જાણતો નથી. રાજાએ તેના વધને માટે કહ્યું, તો પણ મૂલદેવ ન બોલ્યો. ત્યારે તે બ્રાહ્મણીએ આવીને કહ્યું, મહિલાનું રહસ્ય શું છે.

**૦ ધૂર્તાખ્યાનના દૃષ્ટાંતમાં મૂલદેવ :–**

(આ કથન દૃષ્ટાંત વિભાગમાં ધૂર્તાખ્યાનમાં જોવું)

**૦ લૌકિક નિરપેક્ષ વિષયમાં મૂલદેવનું દૃષ્ટાંત :–**

એક રાજા નિરપેક્ષ હતો. તેના રાજ્યમાં જ્યારે મૂલદેવ ચોરી કરતો હતો. કોઈ વખતે આરક્ષકોએ પકડી લીધો. તેને રાજા પાસે લાવ્યા. રાજાએ તે ચોરનો વધ કરવા આજ્ઞા આપી. ત્યારપછી તે રાજા તત્ક્ષણ પોતાના આવાસ સ્થાને ગયો અને ક્ષણવારમાં મૃત્યુ પામ્યો. તે વાતનું રહસ્ય ફક્ત બે વ્યક્તિ જાણતા હતા. વૈદ્ય અને અમાત્ય.

રાજાને સંતાન ન હોવાથી અશ્વને અધિવાસિત કરી સર્વત્ર તેને ફેરવવા લાગ્યા, જેથી કોઈ રાજલક્ષણયુક્ત પુરુષ મળે તો તેને રાજારૂપે સ્થાપી શકાય. તે વખતે મૂલદેવને વધ માટે લઈ જવાતો હતો. ત્યારે તે અશ્વે મૂલદેવને અભિષિક્ત કર્યો. ત્યારે જ્યાં રાજા પ્રચ્છન્નપણે પડદા પાછળ રખાયો હતો ત્યાં મૂલદેવને લાવવામાં આવ્યો. ત્યારે વૈદ્ય અને અમાત્ય રાજાના હાથ ઉપર તરફ કરી ચાલ્યા ગયા. પછી જાહેર કર્યું કે, રાજાની આજ્ઞાથી મૂલદેવને રાજાપણે સ્થાપ્યો છે. પણ રાજા મુખેથી જાહેર કરી શકતા નથી. પછી મૂલદેવનો રાજ્યાભિષેક કર્યો.

કેટલાંક લોકો મૂલદેવનો પરાભવ કરતા હતા, વિનય કરતા ન હતા. ત્યારે મૂલદેવને થયું કે, હું આ મુર્ખથી પરાભવ પામી રહ્યો છું. મારે હવે તેમને શાસિત કરવા પડશે. પછી બીજે દિવસે મસ્તક પર ઘાસનો મુગટ બનાવી આસ્થાન મંડલિકામાં બેઠો. ભોજિકાઓ પરસ્પર કહેવા લાગ્યા કે, હજી આ તેના ચોરપણાને છોડતો નથી. તે સાંભળીને મૂલદેવને રોષ ઉત્પન્ન થયો. ત્યારે મૂલદેવના પ્રભાવથી રાજ્યદેવતા અધિષ્ઠિત અસિ લતાથી કેટલાંકના મસ્તક કપાઈ ગયા. ત્યારે બાકીના અંજલિ કરીને મૂલદેવની આજ્ઞાને માનવા લાગ્યા ઇત્યાદિ.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસીભા. ૨૯૪, ૬૫૧૭ + ચૂ;* *બુહ.ભા. ७६० + વૃ;*
*વવ.ભા. ૪૫૪, ૧૮૯૨ થી ૧૮૯૪ + વૃ;* *આવ.ચૂ.૧-પૃ. ૫૪૯;*
*આવ.નિ. ૯૪૦ની વૃ;* *દસ.ચૂ.પૃ. ૫૬, ૧૦૫, ૧૦૯;* *ઉત્ત. ૧૨૨ + વૃ;*
*ઉત્ત.ચૂ.પૃ. ૧૧૮ થી ૧૨૧;* *નંદી. ૯૮ + વૃ;*

— × — × —

**૦ સુજ્ઞશ્રીની કથા :–**

*(આ સંપૂર્ણ કથા શ્રમણ વિભાગમાં સુસઢની કથામાં આવી ગયેલ છે.)*

સંબુક્કનગરના એક બ્રાહ્મણ સુજ્ઞશિવની પુત્રીનું નામ સુજ્ઞશ્રી હતું. સુસઢ તેમનો પુત્ર હતો. કોઈ વખતે દુષ્કાળવશ સુજ્ઞશિવે તેણીને ગોવિંદ બ્રાહ્મણને વેંચી દીધેલી. કાળક્રમે અજાણતાં સુજ્ઞશિવના લગ્ન તેની પુત્રી સુજ્ઞશ્રી સાથે લગ્ન કર્યા. તેણીએ સુસઢને જન્મ આપ્યા પછી તેણી મૃત્યુ પામીને છટ્ઠી નરકે ગઈ. (કથા જુઓ સુસઢ.)

*૦ આગમ સંદર્ભ :–*

*મહાનિ. ૧૪૮૪, ૧૫૧૪ થી ૧૫૧૬, ૧૫૨૪;*

— × — × —

**૦ સુમતિની કથા :–**

*(આ સંપૂર્ણ કથા પૂર્વે શ્રમણ વિભાગમાં નાગીલ શ્રમણની કથામાં (નાગિલ–સુમતિ) આવી ગયેલ છે. અહીં તો માત્ર પરીચય આપેલ છે.)*

મગધમાં કુશસ્થળ નગરમાં સુમતિ નામે એક શ્રાવક હતો. તે નાગીલ શ્રાવકનો ભાઈ હતો. બંને ભાઈઓ નિર્ધન થઈ જવાથી ધન કમાવવા માટે દેશાંતર જવા નીકળ્યા – × – × – માર્ગમાં સાધુને જોયા. – × – × – સાધુના કુશીલ આચરણને જોઈને નાગિલ ત્યાંથી જુદો પડ્યો – × – × – સુમતિને તીર્થંકરના વચનમાં શ્રદ્ધા ન થઈ – × – × – તેણે એ વેશધારી, કુશીલાચારી સાધુ પાસે દીક્ષા લીધી.

તીર્થંકર વચનની અશ્રદ્ધાને કારણે તથા કુશીલ સંસર્ગને કારણે મરીને સુમતિ પરમાધામી દેવ થયો, પછી અંડગોલિક મનુષ્યનો ભવ પામ્યો. *(તેનું વિસ્તૃત અને બિહામણું વર્ણન નાગીલની કથામાં છે.)* ત્યારપછી વિકૃષ્ટ ભવભ્રમણ કરી મોક્ષે જશે.

*૦ આગમ સંદર્ભ :–*

*મહાનિ. ૬૫૪ થી ૬૮૧;*

— × — × —

**૦ સુલસાની કથા :–**

*(આ કથાનો મોટો ભાગ શ્રમણ વિભાગમાં ગજસુકુમાલની કથામાં અને શ્રાવિકા વિભાગમાં દેવકીની કથામાં આવી ગયેલ છે.)*

તે કાળે, તે સમયે ભદ્દિલપુરે નાગ નામે ગાથાપતિ હતો, તેની પત્નીનું નામ સુલસા હતું. નૈમિતિકે કહેલું કે, આ કન્યા જન્મજાત નિંદુ છે. તેથી તે બાલ્યપણાથી હરિણેગમેષી દેવની ભક્ત થઈ. સુલસા ભક્તિ–બહુમાનપૂર્વક તે દેવની આરાધના કરવા લાગી. તે જે બાળકને જન્મ આપતી તે બધાં જ મૃત્યુ – વિનાશ પામતા હતા.

તે વખતે દેવકીને જે–જે પુત્રો થતા તેને તે દેવ સુલસાની અનુકંપાથી લાવી–લાવીને સુલસા પાસે લાવીને મૂકતો હતો. દેવકીના તે પુત્રોને સુલસા પોતાના પુત્રો હોય તે રીતે મોટા કરતી હતી. એ રીતે છ પુત્રોને લાવીને હરિણેગમેષીએ સુલસા પાસે મૂક્યા.

આ છ એ પુત્રોના નામ આ પ્રમાણે હતા :– (૧) અનીયસ, (૨) અનંતસેન, (૩) અનિહત, (૪) વિદ્વત્, (૫) દેવયશ અને (૬) શત્રુસેન. આ છ એ ભાઈઓએ ભગવંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી.

આ વાત ભગવંત અરિષ્ટનેમિએ દેવકીને જણાવી.

*(ઉક્ત કથા આવશ્યક ચૂર્ણિ–પૃષ્ઠ–૩૫૭ ઉપર જણાવેલી છે. આ જ કથા "અંતગડદસા" નામક આગમમાં ગજસુકુમાલ કથામાં પણ આવે છે. પણ થોડી ભિન્ન રીતે આવેલ છે. તે આ પ્રમાણે છે–)*

*(અંતગડદસા સૂત્ર–૧૩ મુજબ કથા–)*

તે કાળે, તે સમયે ભદ્દિલપુર નામના નગરમાં નાગ નામે ગાથાપતિ હતો. તે ઋદ્ધિસંપન્ન હતો. નાગરિકોમાં પ્રતિષ્ઠિત હતો. તે નાગ ગાથાપતિને સુલસા નામે પત્ની હતી. તે સુલસા ગાથાપત્નીને બાલ્યાવસ્થામાં જ કોઈ નિમિતજ્ઞએ કહેલું કે, આ બાલિકા નિંદુ થશે. ત્યારે તે સુલસા બાલ્યાકાળથી જ હરિણૈગમેષી દેવની ભક્ત બની ગઈ. તેણે હરિણૈગમેષી દેવની એક પ્રતિમા બનાવી. રોજ પ્રાતઃકાળે સ્નાન કરીને – યાવત્ – દુઃસ્વપ્ન નિવારણાર્થે પ્રાયશ્ચિત્ત કરી, આર્દ્ર સાડી પહેરી, તે પ્રતિમાની બહુમૂલ્ય પુષ્પોથી અર્ચના કરતી. ત્યારપછી ઘુટણ ટેકવીને પંચાંગી પ્રણામ કરતી. પછી જ આહાર આદિ પોતાની રોજિંદી ક્રિયાઓ કરતી.

ત્યારે તે સુલસા ગાથાપત્નીની તે ભક્તિ અને બહુમાનથી તે દેવ પ્રસન્ન થઈ ગયો. પછી હરિણેગમેષી દેવ સુલસા ગાથાપત્નીને અને દેવકીને સમકાળે ઋતુમતી કરતો, સમકાળે બંનેને ગર્ભધારણ થતા અને સમકાલે જ બાળકને જન્મ આપતી. પ્રસવકાળે સુલસા મૃત બાળકને જન્મ આપતી ત્યારે તે હરિણૈગમેષી દેવ સુલસા પર અનુકંપા કરવા માટે તેના મૃત બાળકને લઈને દેવકી પાસે જતો. દેવકીના સુકુમાર બાળકને તે દેવ પોતાના બંને હાથોમાં ગ્રહણ કરીને સુલસા ગાથાપત્ની પાસે લાવીને રાખી દેતો હતો.

આ રીતે તે દેવે દેવકીના છ બાળકોને સુલસા ગાથાપત્ની પાસે મૂક્યા. તેથી તે નાગ અને સુલસાના પુત્રો કહેવાતા હતા. શેષ કથા પૂર્વવત્ જાણવી.

*આગમ સંદર્ભ :–*

*અંત. ૧૦, ૧૩;* *આવ.ચૂ.૧–પૃ. ૩૫૭;*

— × — × —

**મુનિ દીપરત્નસાગર સંકલિત–અનુવાદિત પ્રકીર્ણક કથા પૂર્ણ**

# ખંડ–૧૦ દૃષ્ટાંત–ઉપનય

**❋ ભૂમિકા :–**

*આ પૂર્વે લખાયેલી કથાઓમાં પણ નિષ્કર્ષ તો નીકળી જ શકે, તો પણ આ વિભાગ અલગરૂપે ગોઠવવાના બે હેતુઓ છે :– (૧) જે કથા મનુષ્ય વિભાગ કે દેવ–દેવી કથામાં આવતી જ નથી તેને ગોઠવવા અલગ ખંડ જરૂરી છે. જેમકે તુંબડાનું દૃષ્ટાંત. (૨) ભગવંતે સ્વમુખે જે દૃષ્ટાંત આપીને શ્રમણ–શ્રમણીઓને ઉપદેશ આપેલ છે. તેનું માહાત્મ્ય જળવાઈ રહે તે રીતે અલગ નિદર્શન કરવું.*

*અમારી આ વિભાગ પસંદગીનો સ્રોત મુખ્યત્વે "નાયાધમ્મ કહાઓ" આગમમાં છે. કેમકે તેના પ્રથમ શ્રુતસ્કંધના ૧૯ અધ્યયનોમાં ૧૪ અધ્યયનો એવા છે જેમાં ભગવંતે કથા કે દૃષ્ટાંતના આધારે ઉપનય કહેલો છે. આ ઉપરાંત નિશીથસૂત્રના ભાષ્ય અને ચૂર્ણી, બૃહત્કલ્પના ભાષ્ય અને વૃત્તિ, વ્યવહારભાષ્ય અને વૃત્તિ જીતકલ્પ ભાષ્ય, આવશ્યક સૂત્રની નિર્યુક્તિ, ચૂર્ણિ, વૃત્તિ, પિંડ, નિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, ઉત્તરાધ્યયન વૃત્તિ, સંથારગ અને મરણ સમાધિ પયન્ના આદિ આગમોમાં વિવિધ વિષયોને સમજાવવા દૃષ્ટાંતો અપાયેલા છે.*

*પૂજ્ય આગમોદ્ધારક આચાર્યશ્રીએ પણ આવા જ કારણોસર તેઓએ પસંદ કરેલા બાવન આગમિક વિષયોમાં "દૃષ્ટાંત" નામક એક અલગ વિષય પસંદ કર્યો હતો. અમે તેમના સ્વપ્નને અહીં મૂર્તિમંત કરી રહ્યા છીએ.*

## ૦ મયૂરી અંડનું દૃષ્ટાંત :–

તે કાળે, તે સમયે ચંપા નામક નગરી હતી. તેના ઇશાન ખૂણામાં સુભૂમિ ભાગ ઉદ્યાન હતું. તે સર્વઋતુઓના ફળ–ફૂલથી સંપન્ન અને રમણીય હતું. નંદનવન સદૃશ શુભ અને શીતલ છાયા વ્યાપ્ત હતું. તે ઉદ્યાનની ઉત્તરે એક માલૂકાકચ્છ હતો, તેમાં એક શ્રેષ્ઠ મયૂરીએ પુષ્ટ, શ્વેત, વ્રણરહિત, ઉપદ્રવરહિત તથા પોલી મુટ્ઠી સમાન બે મયૂરી ઇંડાનો પ્રસવ કર્યો. તે તેણીની પાંખના વાયુથી ઇંડાની રક્ષા, સંગોપન, સંવેષ્ટન કરતી હતી.

**૦ ચંપાનગરીમાં બે સાર્થવાહ પુત્રો :–**

તે ચંપાનગરીમાં બે સાર્થવાહ પુત્રો હતા. જિનદત્તપુત્ર અને સાગરદત્તપુત્ર બંને સાથે જન્મ્યા, મોટા થયા, રમ્યા, વિવાહિત થયા. બંનેને પરસ્પર પ્રીતિ હતી. એકબીજાને અનુસરનારા હતા. એકબીજાના હૃદયનું ઇચ્છિત કાર્ય કરતા હતા. એકબીજાના ઘરમાં કૃત્ય અને કરણીય કરતા વિચરતા હતા.

કોઈ સમયે તે સાર્થવાહ પુત્રો એક ઘેર ભેગા થયા. ત્યારે પરસ્પર સંવાદ થયો કે, જે પણ આપણે સુખ–દુઃખ, પ્રવ્રજ્યા કે વિદેશગમન પ્રાપ્ત થાય, તેનો બધાંનો આપણે એકબીજાની સાથે જ નિર્વાહ કરવો. આ પ્રમાણે બંનેએ પરસ્પર પ્રતિજ્ઞા કરી, પછી પોતપોતાના કાર્યમાં જોડાયા.

**૦ દેવદત્તા ગણિકા પાસે સાર્થવાહ પુત્રોનું ગમન :–**

તે ચંપાનગરીમાં દેવદત્તા નામે ગણિકા હતી. તેણી સમૃદ્ધ અને વિપુલ ભોજન–પાન યુક્ત હતી. ૬૪ કળામાં નિપુણ, ૬૪ ગુણોથી યુક્ત, ૨૯ પ્રકારે વિશેષ ક્રીડા કરનારી, કામક્રીડાના ૨૧ ગુણોમાં કુશળ, ૩૨ પ્રકારે પુરુષ ઉપચારમાં કુશળ, સુપ્ત નવે અંગો જાગૃત અને ૧૮ દેશી ભાષામાં નિપુણ હતી. સુંદર વેશભૂષાયુક્ત અને શ્રૃંગારના સ્થાન સદૃશ હતી. સુંદર ગતિ, ઉપહાસ, વચન, ચેષ્ટા, વિલાસ, લલિતસંલાપમાં કુશળ, યોગ્ય

ઉપચારમાં ચતુર હતી.

તેના ઘર પર ધ્વજા ફરકતી હતી. ૧૦૦૦ મૂલ્ય દેતા પ્રાપ્ત થતી હતી. રાજા દ્વારા તેણીને છત્ર, ચામર, વીંઝણો પ્રાપ્ત થયેલા. કર્ણીરથ નામક વાહન પર આરૂઢ થઈને આવતી–જતી તેમજ ૧૦૦૦ ગણિકાઓનું આધિપત્ય કરતી હતી.

તે સાર્થવાહ પુત્રો કોઈ સમયે મધ્યાહ્ને ભોજન પછી, આચમન કરીને, સ્વચ્છ અને પવિત્ર થઈ સુખાસને બેઠા. ત્યારે તેઓને પરસ્પર સંવાદ થયો કે, આપણે કાલે સૂર્યોદય બાદ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તથા ધૂપ, પુષ્પ, ગંધ અને વસ્ત્ર લઈને દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનમાં ઉદ્યાનની શોભા અનુભવતા વિચરીએ. બીજે દિવસે સૂર્યોદય થતાં કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું–

હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશનાદિ તૈયાર કરો. પછી વિપુલ અશનાદિ લઈને સુભૂમિભાગ ઉદ્યાને નંદાપુષ્કરિણીએ જાઓ. ત્યાં સ્થૂણામંડપ તૈયાર કરો. જળ સીંચી, સફાઈ કરી, લીંપણાદિ કરો. પછી અમારી ત્યાં રાહ જુઓ. કૌટુંબિક પુરુષોએ આજ્ઞાનુસાર બધાં કાર્યો સંપન્ન કર્યા.

ત્યારપછી સાર્થવાહ પુત્રોએ ફરી કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું કે, જલ્દીથી એક સમાન ખુર અને પૂંછડાવાળા, ચિત્રિત, તીક્ષ્ણ સીંગડાવાળા, ચાંદીની ઘંટડીવાળા, સ્વર્ણજડિત સૂત્રની દોરીના નાથથી બાંધેલા તથા નીલકમલ કલગીથી યુક્ત શ્રેષ્ઠ યુવાન બળદોથી જોડેલ, વિવિધ પ્રકારના મણિ, રત્ન, સુવર્ણની ઘંટડીના સમૂહથી યુક્ત, શ્રેષ્ઠ લક્ષણવાળો રથ લાવો. – યાવત્ – કૌટુંબિક પુરુષોએ રથ ઉપસ્થિત કર્યો.

ત્યારપછી તે સાર્થવાહ પુત્રોએ સ્નાન કર્યું – યાવત્ – રથારૂઢ થયા. દેવદત્તા ગણિકાને ઘેર આવ્યા. રથમાં ઉતરી દેવદત્તાગણિકાને ત્યાં પ્રવેશ્યા. ત્યારે દેવદત્તા ગણિકા સાર્થવાહ પુત્રોને જોઈને હર્ષિત–સંતુષ્ટ થઈને સાત–આઠ ડગલા સામે ગઈ, સાર્થવાહ પુત્રોને કહ્યું, આપના આગમનનું પ્રયોજન કહો. ત્યારે સાર્થવાહ પુત્રોએ દેવદત્તા ગણિકાને કહ્યું, હે દેવાનુપ્રિયા ! અમે તારી સાથે સુભૂમિભાગ ઉદ્યાનની શ્રીને અનુભવતા વિચરવા ઇચ્છીએ છીએ. દેવદત્તા ગણિકાએ તેમની વાત સ્વીકારી.

તેણી સ્નાન કરી, મંગલકૃત્ય કરી – યાવત્ – લક્ષ્મી સમાન વેશ ધારણ કરી સાર્થવાહ પુત્રો પાસે આવી. પછી તે ત્રણે રથારૂઢ થઈને સુભૂમિભાગ ઉદ્યાનમાં નંદા પુષ્કરિણી હતી ત્યાં આવ્યા. રથમાંથી ઉતરી નંદા પુષ્કરિણીમાં અવગાહન કર્યું. જલમજ્જન, જલક્રીડા કરી, દેવદત્તા સાથે બહાર નીકળ્યા. સ્થૂણામંડપે આવ્યા. મંડપમાં પ્રવેશી સર્વાલંકારથી વિભૂષિત થયા. આશ્વસ્ત–વિશ્વસ્ત થયા. ભદ્રાસને બેઠા. દેવદત્તા ગણિકા સાથે વિપુલ અશનાદિ તથા પુષ્પ, ગંધ, ધૂપ આદિનો ઉપભોગ કરતા વિચરવા લાગ્યા. ત્યારપછી દેવદત્તા સાથે મનુષ્યસંબંધી વિપુલ કામભોગ ભોગવ્યા.

ત્યારપછી તે સાર્થવાહ પુત્રો દિવસના પાછલા પ્રહરમાં દેવદત્તા ગણિકા સાથે સ્થૂણામંડપથી નીકળી, હાથમાં હાથ પકડી, સુભૂમિ ભાગમાં બનેલ આલિ, કદલી, લતા, આસન, પ્રેક્ષા, મંડન, મોહન, સાલ અને પુષ્પોના બનેલા ગૃહોમાં ઉદ્યાનની શોભા અનુભવતા વિચરવા લાગ્યા.

**૦ સાર્થવાહ પુત્રો દ્વારા મયૂરી અંડનું ગ્રહણ :–**

ત્યારપછી તે સાર્થવાહ પુત્રો માલુકાકચ્છ તરફ ચાલ્યા. તે વનમયૂરી તેમને આવતા જોઈને ડરી ગઈ, તેણી જોરજોરથી અવાજ કરતી કેકારવ કરતી માલુકાકચ્છથી બહાર નીકળી. એક વૃક્ષની જાળ પર રહીને તે સાર્થવાહ પુત્રો તથા માલુકાકચ્છને અપલક દૃષ્ટિએ જોવા લાગી. ત્યારે સાર્થવાહ પુત્રોએ પરસ્પર કહ્યું કે, આ વનમયૂરી આપણને જોઈને ભયભીત, સ્તબ્ધ, ત્રસ્ત, ઉદ્વિગ્ન થઈને ભાગી છે. જોરજોરથી અવાજ કરતી હતી અને આપણને તથા માલુકાકચ્છને જોઈ રહી છે, તેનું કોઈ કારણ હોવું જોઈએ. પછી તેઓ માલુકાકચ્છમાં ગયા. ત્યાં બે પુષ્ટ અને વૃદ્ધિગત મયૂરી અંડને જોયા.

ત્યારે પરસ્પર કહ્યું કે, વનમયૂરીના આ ઇંડાને આપણી ઉત્તમ જાતિની મુરઘીના ઇંડા સાથે રાખી દેવા યોગ્ય છે. તેનાથી આપણી જાતિવંત મુરઘી આ ઇંડાનું સંગોપન, સંરક્ષણ, સંવર્ધન કરશે તો આપણી પાસે બે ક્રીડા કરતા મોર તૈયાર થશે. એમ વિચારી પોતપોતાના દાસપુત્રોને બોલાવી તે મયૂરી ઇંડાને પોતાની મુરઘીના ઇંડા સાથે મૂકાવ્યા.

ત્યારપછી તે સાર્થવાહ પુત્રો દેવદત્તા ગણિકા સાથે સુભૂમિભાગ ઉદ્યાનની શોભા અનુભવતા, વિચરીને પોતાના રથમાં આરૂઢ થઈ ચંપા નગરીમાં દેવદત્તા ગણિકાને ઘેર આવ્યા. ગણિકાને વિપુલ જીવિકા યોગ્ય પ્રીતિદાન આપ્યું. તેણીનું સત્કાર–સન્માન કર્યાં. પછી પોતાને ઘેર ગયા.

**૦ સાગરદત્ત પુત્ર વિશે કથન અને તેનો ઉપનય :–**

ત્યારપછી તેમાં જે સાગરદત્તપુત્ર હતો, તે બીજે દિવસે મયૂરી અંડક પાસે આવ્યો. તે મયૂરી અંડકના વિષયમાં શંકિત, આકાંક્ષિત, વિચિકિત્સ, ભેદ પ્રાપ્ત અને કલુષતા પ્રાપ્ત થયો અને વિચારવા લાગ્યો કે આ મયૂરી અંડકમાંથી ક્રીડા કરતો મોર થશે કે નહીં ? તે વારંવાર ઇંડાનું ઉદ્વર્તન કરવા લાગ્યો. આસારણ, સંસરણ, ચલિત, હિલિત કરવા લાગ્યો. કાન પાસે લઈ જઈને ખખડાવવા લાગ્યો. ત્યારે તે મયૂરી અંડ વારંવારના ઉદ્વર્તનથી – યાવત્ – નિર્જીવ થઈ ગયું. થોડીવારે સાગરદત્તપુત્રે આવીને જોયું તો ઇંડુ પોચું પડી ગયું, ત્યારે તેને થયું કે, અરેરે ! આ મયૂરી પુત્ર મારે ક્રીડા યોગ્ય ન થયો. એમ વિચારી તે ખેદખિન્ન–નિષ્ફળ મનોરથ થયો.

**નિષ્કર્ષ** – હે આયુષ્યમાન્ શ્રમણો ! આ પ્રકારે જે સાધુ–સાધ્વી આચાર્યાદિ પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પાંચ મહાવ્રત કે છ જીવનિકાય કે નિર્ગ્રંથ પ્રવચનમાં શંકિત યાવત્ કલુષિત થાય છે. તે આજ ભવનમાં અનેક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા દ્વારા હીલના યોગ્ય, નિંદા, ગર્હા, પરિભવને યોગ્ય થાય છે અને પરભવે પણ ઘણું પરિભ્રમણ કરે છે.

**૦ જિનદત્તપુત્ર વિશે કથન અને તેનો ઉપનય :–**

જિનદત્ત પુત્ર મયૂરી અંડ પાસે આવ્યો. તેના વિશે નિઃશંક રહ્યો, આ ઇંડામાંથી નિશ્ચયથી ક્રીડા કરનાર સુંદર મોર થશે તેમ માની ઇંડાને ઉલટ–પુલટ આદિ કશું જ ન કર્યું. પરિપક્વ સમયે ઇંડુ ફૂટયું અને મોરનો જન્મ થયો. ત્યારે જિનદત્ત પુત્ર તે મોરને જોઈને હર્ષિત–સંતુષ્ટ થયો. મયૂરપોષકોને બોલાવીને કહ્યું કે, તમે આ મોરને પોષ્ય પદાર્થોથી સંરક્ષણ–સંગોપન કરી ઉછેરો અને તેને નૃત્યકળા શીખવાડો. તેઓએ પણ આ

વાત સ્વીકારી – યાવત્ – મોરને નૃત્યકળા શીખવાડી.

ત્યારપછી તે મોર વિજ્ઞ અને યુવાન થયો. ગુણયુક્ત થયો. માન, ઉન્માન, પ્રમાણથી તેની પાંખો અને પીછા પરિપૂર્ણ થયા. રંગબેરંગી થયો. પીંછામાં સેંકડો ચંદ્રક હતા. તે નીલકંઠ અને નૃત્યકુશલ થયો. ચપટી વગાડતાં જ અનેક પ્રકારના સેંકડો કેકારવ કરતો વિચરવા લાગ્યો. ત્યારે તે મયૂરપોષકોએ તે મોરને જિનદત્તપુત્રને સોંપ્યો. તે સાર્થવાહ પુત્રે હર્ષિત–સંતુષ્ટ થઈને મયુરપોષકોને જીવિકા યોગ્ય વિપુલ પ્રીતિદાન આપ્યું.

ત્યારપછી તે મોર જિનદત્તપુત્ર દ્વારા ચપટી વગાડતાં જ પુંછડાના ભંગ સમાન પોતાની ગર્દન હલાવતો, તેના શરીરે પ્રસ્વેદ થતો, તેના નેત્રના ખૂણા શ્વેત વર્ણી થઈ જતા. તે વિખરાતા પીંછાને શરીરથી જુદા કરી દેતો. ચંદ્રક આદિથી યુક્ત પિંછાના સમૂહને ઊંચા કરતો, સેંકડો કેકારવ કરતો નૃત્ય કરતો. પછી તે જિનદત્તપુત્ર તે મોરને લઈને ચંપાનગરીમાં સર્વત્ર સેંકડો, હજારો, લાખોની હોડમાં વિજય પ્રાપ્ત કરતો હતો.

**નિષ્કર્ષ :–** હે આયુષ્યમાન્ શ્રમણો ! આ પ્રકારે આપણા જે સાધુ–સાધ્વી દીક્ષિત થઈને પાંચ મહાવ્રતો, છ જીવનિકાયો તથા નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા રહિત થાય છે. તે આ ભવમાં અનકે શ્રમણો અને શ્રમણીઓમાં માન–સન્માન પ્રાપ્ત કરીને – યાવત્ – સંસારરૂપી અટવી પાર કરી જશે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૫૫ થી ૬૧;*

— × — × —

## ૦ કાચબાનું દૃષ્ટાંત :–

તે કાળે, તે સમયે વાણારસી નગરી હતી. તેની બહાર ગંગા મહાનદીના ઇશાન ખૂણામાં મૃતગંગાતીર નામક દ્રહ હતું. તેનો સુંદર સુશોભિત કિનારો હતો. પાણી ઊંડુ અને શીતલ હતું. તે સ્વચ્છ અને નિર્મળ જળથી પરિપૂર્ણ હતું. કમલિનીઓના પત્ર અને પુષ્પથી આચ્છાદિત હતું. અનેક ઉત્પલો, પદ્મો, કુમુદો, નલિનો તથા સુભગ, સૌગંધિક પુંડરીક, મહાપુંડરીક શતપત્ર, સહસ્રપત્ર આદિ કમળોથી તથા કેસર પ્રધાન અન્ય પુષ્પોથી સમૃદ્ધ હતું. તેથી પ્રાસાદીય – યાવત્ – પ્રતિરૂપ હતું.

તે દ્રહમાં સેંકડો, હજારો, લાખો મત્સ્યો, કચ્છો, ગ્રાહો, સુંસુમાર જાતિના જળચરો ભય, ઉદ્વેગરહિત સુખપૂર્વક રમણ કરતા હતા. તે મૃતગંગાતીર દ્રહની નજીક એક મોટો માલુકાકચ્છ હતો. તેમાં બે પાપી શિયાળ હતા. તેઓ પાપાચરક, ચંડ, રૌદ્ર, ઇષ્ટપ્રાપ્તિમાં દત્તચિત્ત અને સાહસી હતા. તેમના હાથ–પગ રક્તરંજિત રહેતા હતા. તેઓ માંસાર્થી, માંસાહારી, માંસપ્રિય, માંસલોલુપ હતા. માંસની ગવેષણા કરતા રાત્રે અને સાંજે ભટકતા અને દિવસમાં છૂપાઈ રહેતા હતા.

ત્યારે કોઈ દિવસે સૂર્યાસ્ત પછી, સંધ્યાકાળ પૂર્ણ થયે, જ્યારે કોઈક જ મનુષ્ય ફરતા હોય અને બાકીના ઘેર વિશ્રામ કરતા હોય ત્યારે મૃતગંગાતીર દ્રહમાંથી આહારાર્થે બે કાચબા નીકળી ચારે તરફ ફરતા પોતાની આજીવિકા માટે વિચરવા લાગ્યા.

આહારાર્થી અને આહારગવેષક બંને પાપી શીયાળ માલુકાકચ્છથી નીકળીને

મૃતગંગાતીરદ્રહે આવ્યા. ત્યાં ચારે તરફ ફરતા આહારની શોધ કરતા તેમણે બે કાચબાને જોયા. બંને કાચબા તરફ તે આગળ વધ્યા. કાચબાઓએ તે પાપી શીયાળને આવતા જોયા. તેઓ ડર્યા, ત્રસ્ત થયા, ભાગ્યા, ઉદ્વેગ પામ્યા, ભયભીત થયા. તેઓએ પોતાના હાથ, પગ, ડોકને પોતાના શરીરમાં ગોપવી દીધા. નિશ્ચલ, નિષ્પંદ, મૌન થઈ ગયા.

તે પાપી શિયાળો ત્યાં આવ્યા. કાચબાને ફેરવવા લાગ્યા. સ્થાનાંતરિત કરવા લાગ્યા. સરકાવા, ચલાવવા, હટાવવા, સ્પર્શવા, ક્ષુબ્ધ કરવા, નખ વડે ફાડવા, દાંત વડે ચુંથવા પ્રયત્નશીલ થયા. પણ તે કાચબાના શરીરને થોડી કે વધુ બાધા ઉત્પન્ન કરવામાં કે ચામડી છેદન કરવા સમર્થ ન બન્યા. એ રીતે શિયાળે બે–ત્રણ વખત કર્યું પણ નિષ્ફળ ગયા. ત્યારે શ્રાંત–તાંત થઈ, થાકીને, ખેદિત થયા. ધીમે ધીમે પાછા ખસીને એકાંતમાં ચાલ્યા ગયા. નિશ્ચલ, નિષ્પંદ, મૂક થઈને બેસી ગયા.

**૦ એક કાચબાની ચંચળતા અને દૃષ્ટાંતનો ઉપનય :–**

એક કાચબાએ ઘણાં સમયે તે શિયાળને દૂર ગયેલા માનીને ધીમે ધીમે પોતાનો એક પગ કાઢ્યો. તે જોઈને ઉત્કૃષ્ટ ગતિથી, શીઘ્ર, ચપળ, ત્વરિત, ચંડ, જયયુક્ત અને વેગથી કાચબા પાસે પહોંચી તેના માંસ અને લોહીનો આહાર કર્યો. વિશેષ કંઈ ન કરી શકવાથી પાછા દૂર ચાલ્યા ગયા. આ પ્રમાણે કાચબાના ચારે પગ માટે સમજવું – યાવત્ – તેણે ગર્દન બહાર કાઢી, તે જોઈને શીઘ્રતાથી શિયાળ આવ્યા. તેને નખથી વિદારી, દાંત વડે તોડીને કપાળને અલગ કરી દીધું – યાવત્ – કાચબો જીવનરહિત થઈ ગયો.

આ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! આપણા જે સાધુ–સાધ્વી આચાર્ય આદિ પાસે દીક્ષિત થઈને ઇન્દ્રિયોનું ગોપન કરતા નથી. તે આ ભવમાં ઘણાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા દ્વારા હેલણાદિ પામે છે. પરલોકે પણ ઘણો દંડ પામી અનંત સંસારમાં ભ્રમણ કરે છે.

**૦ બીજી કાચબાની સ્થિરતા અને દૃષ્ટાંતનો ઉપનય :–**

ત્યારપછી તે પાપી શિયાળો બીજા કાબચા પાસે ગયા. તે કાચબાને ચારે તરફથી ઉલટ–પલટ કરી જોયો – યાવત્ – દાંતો મારવા લાગ્યા. પણ તેઓ લેશમાત્ર સફળ ન થયા. પછી શિયાળો બીજી અને ત્રીજીવાર દૂર ચાલ્યા ગયા. પરંતુ કાચબાએ પોતાના એક અંગને બહાર ન કાઢ્યું. તેથી શિયાળ તેને કંઈ આબાધા કે વિબાધા પહોંચાડી ન શક્યા. ત્યારે તેઓ શ્રાંત, કલાંત, પરિતાંત થઈને, ખિન્ન થઈને ચાલ્યા ગયા.

ત્યારપછી તે કાચબાએ તે પાપી શિયાળોને દીર્ઘકાળે દૂર ગયા જાણીને ધીમેથી પોતાની ડોક બહાર કાઢી. ચારે દિશામાં જોયું. એક સાથે ચારે પગ બહાર કાઢ્યા. ઉત્કૃષ્ટ કૂર્મગતિથી મૃતગંગાતીરદ્રહે આવીને પોતાના મિત્ર, જ્ઞાત, નિજક, સ્વજન, સંબંધી, પરિજનોને મળી ગયો.

હે આયુષ્યમાન્ શ્રમણો ! આ રીતે આપણા જે શ્રમણ–શ્રમણી પાંચે ઇન્દ્રિયોનું ગોપન કરે છે, તે આ જ ભવમાં અનેક શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા દ્વારા અર્ચનીય, વંદનય, નમસ્કરણીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય થાય છે. તેઓ કલ્યાણ, દેવ, ચૈત્યરૂપ તથા ઉપાસનીય બને છે. પરલોકમાં પણ છેદનાદિ કષ્ટ પામતા નથી. તેઓ

અનાદિ–અનંત સંસાર કાંતારનો પાર પામી જઈને મુક્ત થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૬૨;*

— × — × —

## ૦ તુંબનું દૃષ્ટાંત :–

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં શ્રેણિક રાજા હતો. તે રાજગૃહ નગર બહાર ઇશાન ખૂણામાં ગુણશીલક ચૈત્ય હતું.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમથી વિચરતા – યાવત્ – રાજગૃહ નગરે ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. યથાપ્રતિરૂપ અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. પર્ષદા નીકળી, શ્રેણિક રાજા પણ નીકળ્યો. ભગવન્ ધર્મદેશના આપી. પર્ષદા તથા રાજા શ્રેણિક પાછા ફર્યા.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ઇન્દ્રભૂતિ અણગાર શ્રમણ ભગવંત યથોચિત સ્થાને રહીને – યાવત્ – આત્મધ્યાને લીન થઈને વિચરતા હતા. ત્યારે ઉત્પન્ન શ્રદ્ધાથી ઇન્દ્રભૂતિએ શ્રમણ ભગવંત મહાવીરને પૂછયું, ભગવન્ ! જીવ કઈ રીતે શીઘ્ર જ ગુરુતા કે લઘુતાને પ્રાપ્ત થાય છે ?

### ૦ તુંબના દૃષ્ટાંતથી જીવના ગુરુત્વની સમજ :–

હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ એક મોટા, સૂકા, અછિદ્ર, અખંડિત તુંબને દર્ભ અને કુશથી લપેટે. પછી માટીનો લેપ કરે. સૂકાઈ ગયા પછી ફરી દર્ભ અને કુશથી લપેટે. ફરી માટીનો લેપ કરે. લીંપીને ધૂપમાં સૂકાવે. આ જ પ્રકારે ત્રીજી, ચોથી – યાવત્ – આઠમી વખત દર્ભ–કુશ લપેટતો જાય અને માટીનો લેપ ચડાવી–ચડાવીને તુંબડાને સૂકવતો જાય. પછી તેને અગાધ–અપૌરુષિક પાણીમાં નાંખી દે, તો નિશ્ચયથી હે ગૌતમ ! તે તુંબડુ માટીના આઠ લેપોને કારણે ગુરુતા પ્રાપ્ત કરી ભારે અને ગુરુ થઈને તે પાણીમાં તળીયે બેસી જાય છે. આ જ પ્રકારે હે ગૌતમ ! જીવ પણ પ્રાણાતિપાત – યાવત્ – મિથ્યા દર્શનશલ્યથી ક્રમશઃ આઠ કર્મપ્રકૃતિ ઉપાર્જે છે. તે કર્મોની ગુરુતાને કારણે ભારેપણાથી ગુરુતા પામી, મૃત્યુ બાદ આ પૃથ્વી તળમાં નીચે નરકના તળીયે પહોંચે છે. આ રીતે જીવ શીઘ્ર ગુરુત્વ પામે છે.

### ૦ તુંબ દૃષ્ટાંતે જીવના લઘુત્વની સમજ :–

હે ગૌતમ ! જયારે તે તુંબડાનો પહેલો માટી–લેપ ભીનો થઈ ગળી જઈને પરિશટિત થઈ જાય ત્યારે તે તુંબ પૃથ્વીતળથી થોડે ઊંચે આવે છે. પછી બીજો મૃતિકાલેપ ભીનો થઈ – ખસીને નીકળી જાય ત્યારે તુંબડુ કંઈક વધુ ઊંચે આવે છે. આ જ પ્રકારે તે આઠે મૃતિકાલેપ ખશી જાય ત્યારે તે તુંબડુ નિર્લેપ, બંધનમુક્ત થઈને જળની ઉપર આવી જાય છે.

આ જ પ્રકારે હે ગૌતમ ! પ્રાણાતિપાત વિરમણ – યાવત્ – મિથ્યાદર્શન શલ્ય વિરમણથી જીવ ક્રમશઃ આઠે કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને આકાશતલ તરફ ઊંચે જઈને લોકાગ્ર ભાગે સ્થિત થઈ જાય છે. આ પ્રકારે જીવ શીઘ્ર લઘુત્વને પ્રાપ્ત કરે છે.

*૦ આગમ સંદર્ભ :–*
*નાયા. ૭૪;*

— × — × —

**૦ અક્ષત–શાલિનું દૃષ્ટાંત :–**

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. શ્રેણિક રાજા હતો. રાજગૃહ નગરના ઇશાન ભાગે સુભૂમિભાગ ઉદ્યાન હતું.

**૦ ધન્ય સાર્થવાહ અને તેનો પરિવાર :–**

તે રાજગૃહ નગરમાં ધન્ય નામે સાર્થવાહ હતો. તે સમૃદ્ધિશાળી – યાવત્ – અપરાભૂત હતો. તેની ભદ્રા નામે પત્ની હતી. તેની પાંચે ઇન્દ્રિય અને શરીરના અવયવો પરિપૂર્ણ હતા – યાવત્ – સુરૂપા હતી. તેઓને ચારે પુત્રો હતા – ધનપાલ, ધનદેવ, ધનગોપ, ધનરક્ષિત. ચાર પુત્રવધૂઓ હતી – ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા, રોહિણી.

**૦ ધન્ય સાર્થવાહને પુત્રવધૂની પરીક્ષા કરવાનો વિચાર :–**

ધન્ય સાર્થવાહને કોઈ દિવસે મધ્યરાત્રિએ એવો વિચાર આવ્યો કે, નિશ્ચયથી હું રાજગૃહનગરમાં રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિને અને પોતાના કુટુંબના પણ અનેક કાર્યો, કરણીયો, કૌટુંબિક કામો, મંત્રણા, ગુપ્ત વાત, રહસ્યો, નિશ્ચય, વ્યવહારમાં, પૃચ્છા યોગ્ય, મેઢી સમાન, પ્રમાણભૂત, આધાર, આલંબન, ચક્ષુ સમાન, પથદર્શક અને સર્વ કાર્યોમાં અગ્રેસર છું.

– પરંતુ ન જાણે મારા બીજા સ્થાને જવાથી, સ્થાનચ્યૂત થયા પછી, મૃત્યુ બાદ, ભગ્ન, રુગ્ણ, વિશીર્ણ, પતન, પરદેશગમન પછી મારા કુટુંબનો આધાર, અવલંબન, પ્રતિબંધ કરનાર કોણ થશે ?

તેથી મારા માટે ઉચિત થશે કે કાલે સૂર્યોદય થયા પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવી મિત્ર, જ્ઞાત, નિજક, સ્વજન, સંબંધી, પરિજનો આદિને તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહના સમુદાયને આમંત્રિત કરીને તે મિત્ર, જ્ઞાત – યાવત્ – કૂલગૃહ વર્ગને અશનાદિથી, ધૂપ, પુષ્પ, ગંધ, વસ્ત્ર, માળા, અલંકાર આદિથી સત્કાર–સન્માન કરી તે મિત્ર આદિ સમક્ષ તથા ચારે પુત્રવધૂના કુલગૃહ સમક્ષ પુત્રવધૂની પરીક્ષા કરવાને માટે પાંચ–પાંચ શાલિ–અક્ષત આપું. તેથી જાણી શકું કે, કઈ પુત્રવધૂ કઈ રીતે તેની રક્ષા કરે છે, સારસંભાળ રાખે છે અથવા તેની વૃદ્ધિ કરે છે.

આ પ્રમાણે વિચારીને બીજા દિવસે મિત્ર આદિને તથા ચારે પુત્રવધૂઓના કુલગૃહને આમંત્રિત કર્યા. પછી વિપુલ અશનાદિ તૈયાર તૈયાર કરાવ્યા. પછી ધન્ય સાર્થવાહે સ્નાન કર્યું, ભોજનમંડપમાં આવીને સુખાસને બેઠો. પછી મિત્ર આદિને તથા પુત્રવધૂના કુલગૃહ વર્ગ સાથે વિપુલ અશનાદિ ભોજન કર્યું – યાવત્ – તેમના સત્કાર–સન્માન કર્યા. તે સર્વેની સમક્ષ પાંચ અક્ષત–શાલિના દાણા લીધા.

**૦ ચારે પુત્રવધૂઓને અક્ષત–શાલિ આપવા :–**

ત્યારપછી મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવીને કહ્યું, હે પુત્રી ! તું આ પાંચ ચોખાના દાણા લે. તેનું તું સંરક્ષણ–સંગોપન કરજે. જ્યારે હું પાછા માંગુ ત્યારે આ જ

પાંચ ચોખા મને પાછા આપજે. પછી પાંચ ચોખા આપી તેણીને વિદાય કરી.

ધન્ય સાર્થવાહ પાસેથી પાંચ શાલિ–અક્ષત લઈ, એકાંતમાં ગઈ. પછી તેણીને મનોમન એવો વિચાર આવ્યો કે, કોઠારમાં ઘણાં અક્ષત–શાલિ ભરેલા છે. જ્યારે પિતાજી પાંચ અક્ષત–શાલિ માંગશે ત્યારે બીજા શાલિ અક્ષત આપી દઈશ. એમ વિચારી તે પાંચ ચોખાના દાણા એક તરફ ફેંકી દઈને પોતાના કામે લાગી ગઈ.

આ જ પ્રમાણે બીજી પુત્રવધૂ ભોગવતીને પણ પાંચ દાણા આપ્યા, તેણી આ પાંચ શાલિ અક્ષત છોલીને ખાઈ ગઈ.

આ જ પ્રમાણે ત્રીજી પુત્રવધૂ રક્ષિકાને પાંચ દાણા આપ્યા. તેણીને થયું કે, બધાંની હાજરીમાં મને પાંચ શાલિ અક્ષત આપ્યા. તેનું કારણ હોવું જોઈએ. તેથી તેણીએ શુદ્ધ વસ્ત્રમાં તે દાણા બાંધ્યા. રત્નોની ડબ્બી લઈ તેમાં રાખી દીધા. ત્રણે કાળ તેની સારસંભાળ રાખવા લાગી.

પછી ધન્ય સાર્થવાહે ચોથી પુત્રવધૂ રોહિણીને પાંચ અક્ષતશાલી આપ્યા. તેણીએ વિચાર્યું કે, મારે આ પાંચ દાણાનું સંરક્ષણ, સંગોપન અને વૃદ્ધિ કરવી જોઈએ. આ પ્રમાણે વિચારી તેણે કુલગૃહના પુરુષોને બોલાવ્યા. કહ્યુ કે, તમે આ પાંચ શાલિ–અક્ષતોને ગ્રહણ કરો. પછી જ્યારે વર્ષાઋતુનો આરંભ થાય ત્યારે નાની ક્યારીને સારી રીતે સાફ કરી આ પાંચ દાણા તેમાં વાવી દેજો. સારી રીતે તેનો ઉત્ક્ષેપ–નિક્ષેપ કરજો. પછી ક્યારીની ચારે તરફ વાડ લગાવજો. તેના છોડનું સંરક્ષણ–સંગોપન કરીને અનુક્રમે તેની વૃદ્ધિ કરજો.

તે કૌટુંબિકોએ રોહિણીની વાત સ્વીકારી. પાંચ શાલિઅક્ષત લઈ ગયા. વર્ષાઋતુના આરંભે તેને વાવી દીધા. તેનું સંરક્ષણ આદિ કરતા અનુક્રમે તે દાણા પાકી ગયા. તે શ્યામ કાંતિવાળા – યાવત્ – નિકુરંબભૂત થઈને પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ થઈ ગયા. તે શાલિવૃક્ષમાં પાંદડા આવ્યા, છાલવાળા થયા, ગર્ભિત થયા, પ્રસૂત થયા, સુગંધવાળા થયા, બંધાઈને પક્વ થઈ ગયા. પછી શલ્યકિત, પત્રકિત અને હરિતપર્વકાંડ થઈ ગયા. શાલિ ઉત્પન્ન થયા.

ત્યારપછી તે કૌટુંબિકોએ તે શાલિ પત્રવાળા – યાવત્ – શલાકાવાળા તથા વિરલપત્રવાળા જાણીને તેને લણ્યા. હાથ વડે તેનું મર્દન કર્યું. સાફ કર્યા. તેનાથી તે નિર્મળ, પવિત્ર, અખંડ અને અસ્ફૂટિક અને સૂપડાથી ઝાટકીને સાફ કરેલા થયા. તે એક માગધપ્રસ્થ પ્રમાણ થઈ ગયા. ત્યારપછી કૌટુંબિકોએ તે પ્રસ્થ પ્રમાણ શાલિ અક્ષતોને નવીન ઘડામાં ભર્યા. તેના મુખ પર માટીનો લેપ કર્યો. તેને મુદ્રિત કર્યા. કોઠારમાં રાખી સંરક્ષણ–સંગોપન કરવા લાગ્યા.

ત્યારપછી તે કૌટુંબિકોએ બીજી વર્ષાઋતુના પ્રારંભે મહાવૃષ્ટિ થઈ ત્યારે ફરી ક્યારા બનાવ્યા. તે શાલિને વાવ્યા – યાવત્ – લણ્યા – યાવત્ – તે શાલિ અનેક કુડવ પ્રમાણ થઈ ગયા. તેને કોઠારમાં રાખી દઈ તેનું સંરક્ષણ – સંગોપન કરવા લાગ્યા.

ત્યારપછી ત્રીજી વર્ષાઋતુ આવી. મહાવૃષ્ટિ થયા બાદ અનેક ક્યારીઓ સારી રીતે સાફ કરી – યાવત્ – તે શાલિ વાવીને લણ્યા. ત્યારે અનેક કુંભપ્રમાણ શાલિ થઈ ગયા. એ જ રીતે ચોથી વર્ષાઋતુમાં કરતા તે શાલિ સેંકડો કુંભ પ્રમાણ થઈ ગયા. તેને

કોઠારમાં રાખી તેનું સંરક્ષણ અને સંગોપન કરવા લાગ્યા.

**૦ પાંચ વર્ષે ધન્ય સાર્થવાહ દ્વારા શાલિઅક્ષત પાછા માંગવા :–**

ત્યારપછી જ્યારે પાંચમું વર્ષ ચાલી રહ્યું હતું. ત્યારે ધન્ય સાર્થવાહને મધ્યરાત્રિએ વિચાર આવ્યો કે પાંચ વર્ષ પૂર્વે મેં ચારે પુત્રવધૂઓને પરીક્ષા નિમિત્તે પાંચ શાલિ અક્ષત આપેલા. તો કાલે હું સૂર્યોદય બાદ પાછા માંગુ – યાવત્ – જાણું કે કોણે શું કર્યું છે ?

ધન્ય સાર્થવાહે બીજે દિવસે સૂર્યોદય બાદ વિપુલ અસન, પાન, ખાદિમ, સ્વાદિમ બનાવડાવ્યા. મિત્રો આદિને તથા પુત્રવધૂના કુલગૃહ વર્ગ સમક્ષ પહેલા ઉજ્જિકાને બોલાવીને કહ્યું કે–

મેં પાંચ વર્ષ પૂર્વે આ બધાંની સમક્ષ તને પાંચ શાલિ અક્ષત આપીને કહેલ કે, હું માંગુ ત્યારે આ પાંચ દાણા મને પાછા આપજે. શું આ વાત ઠીક છે ? ઉજ્જિકાએ કહ્યું, હાં સત્ય છે. તો હે પુત્રી ! મને તે પાંચ દાણા પાછા આપ. ઉજ્જિકા કોઠારમાં ગઈ. પાંચ શાલિ અક્ષત લાવીને ધન્ય સાર્થવાહને આપી દીધા. ત્યારે ધન્ય સાર્થવાહે સોગંદ આપીને પૂછયું કે, હે પુત્રી ! શું આ પાંચ શાલિ અક્ષત તે જ છે કે બીજા છે ? ત્યારે ઉજ્જિકાએ કહ્યું કે, હે તાત ! પાંચ વર્ષ પૂર્વે આપે પાંચ દાણા આપી સંરક્ષણ–સંગોપન કરવાનું કહેલું – યાવત્ - તે પાંચ દાણા તો મેં ફેંકી દીધેલા. આ શાલિ અક્ષત તે નથી પણ બીજા છે.

ધન્ય સાર્થવાહ ઉજ્જિકાની આ વાત સાંભળી, અવધારીને ક્રુદ્ધ થયો, કુપિત થયો, ક્રોધથી ધમધમી ઉઠ્યો. તે મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂઓની સામે તે ઉજ્જિકાને કુલગૃહનો કચરો કાઢનારી, છાણા થાપનારી, રાખ ફેંકનારી, પગ ધોવા પાણી દેનારી અને બહારના દાસીના કાર્યો કરનારી રૂપે નિયુક્ત કરી દીધી.

**ઉજ્જિકા કથાનો નિષ્કર્ષ** – આ પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો ! જે સાધુ કે સાધ્વી આચાર્યાદિ પાસે પ્રવ્રજ્યા લઈને પાંચ મહાવ્રતોનો પરિત્યાગ કરી દે છે, તેઓ ઉજ્જિકાની માફક આ જ ભવમાં અનેક શ્રમણ–શ્રમણી, શ્રાવક–શ્રાવિકાના અવહેલનાનું પાત્ર બને છે – યાવત્ – અનંત સંસારમાં પરિભ્રમણ કરશે.

ભોગવતીના વિષયમાં પણ આ પ્રમાણે જાણવું. વિશેષ એ કે તેને ખાંડવા, કૂટવા, પીસવા, દળવા, રાંધવા, પીરસવા, પ્રસંગોમાં સ્વજનોને ઘેર જઈને લાણી આપવા આદિ કાર્યો સોંપી ઘરના અંદરના કાર્યો કરનારી દાસીપણે નિયુક્ત કરી.

**ભોગવતી કથાનો નિષ્કર્ષ :–** આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે સાધુ–સાધ્વી પાંચ મહાવ્રતના ભંજક છે તે આ જ ભવમાં અનેક શ્રમણ–શ્રમણી, શ્રાવક–શ્રાવિકાના અવહેલનાનું પાત્ર બને છે.

આ જ પ્રમાણે રક્ષિકાના વિષયમાં જાણવું. વિશેષ એ કે જ્યાં તેનું નિવાસગૃહ હતું ત્યાં તે ગઈ. મંજૂષા લાવી. ખોલીને રત્નના ડબ્બામાંથી તે પાંચ શાલિના દાણા લઈને ધન્ય સાર્થવાહને આપ્યા તે સમયે ધન્ય સાર્થવાહે પૂછયું કે, આ તે જ પાંચ શાલિ છે કે બીજા ? ત્યારે રક્ષિકાએ તેણીને પાંચ શાલિઅક્ષત આપ્યા ત્યારથી આજ પર્યંતનો બધો વૃત્તાંત કહ્યો – યાવત્ – હે તાત ! આ તે જ પાંચશાલિ અક્ષત છે.

ત્યારે ધન્ય સાર્થવાહ રક્ષિકાની તે વાત સાંભળી હર્ષિત અને સંતુષ્ટ થયો. તેને

ઘરમાં હિરણ્યની, કાંસા વગેરેના વાસણોની, વસ્ત્રોની, વિપુલ ધન, ધાન્ય, કનક, રત્ન, મણિ, મુક્તા, શંખ, શિલા, પ્રવાલ, રત્ન આદિની ભાંડાગારિણી રૂપે નિયુક્ત કરી.

**૦ રક્ષિકાની કથાનો નિષ્કર્ષ :–**

આ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! – યાવત્ – જે સાધુ–સાધ્વી દીક્ષિત થઈને પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે. તે આ ભવમાં ઘણાં જ શ્રમણ–શ્રમણી, શ્રાવક–શ્રાવિકાને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય થાય છે.

રોહિણીના વિષયમાં પણ એ જ કહેવું. વિશેષ એ કે જ્યારે ધન્ય સાર્થવાહે તેણીની પાસે પાંચ શાલિ–અક્ષત માંગ્યા તો તેણીએ કહ્યું કે, હે તાત ! આપ મને ઘણાં ગાડા–ગાડી આપો. જેથી હું આપને તે પાંચ શાલિ–અક્ષત પાછા આપી શકું. કેમકે પાંચ વર્ષ પૂર્વે આપે મને આ મિત્રો, જ્ઞાતિજનો આદિ સમક્ષ પાંચ દાણા આપેલા અને તેનું સંરક્ષણ–સંગોપન આદિ કરવા કહેલું – યાવત્ – હવે તે સેંકડો કુંભપ્રમાણ થઈ ગયા છે.. ઇત્યાદિ પૂર્વોક્ત દાણાંને વાવ્યા–લણ્યા, ફરી વાવ્યા ઇત્યાદિ સંપૂર્ણ વૃત્તાંત જણાવ્યો. તેથી હે તાત ! હું આપને તે પાંચ શાલિના દાણા ગાડા–ગાડીઓ ભરીને આપી રહી છું.

ત્યારે ધન્ય સાર્થવાહે તેણીને ઘણાં જ છકડા–છકડી આપ્યા. રોહિણી પોતાના કુલગૃહે આવી. કોઠાર ખોલ્યો, છકડા–છકડી ભર્યા. ભરીને રાજગૃહનગરના મધ્યભાગે થઈને ધન્ય સાર્થવાહ પાસે આવી. ત્યારે રાજગૃહ નગરના શ્રૃંગાટક આદિ માર્ગોમાં અનેક લોકો પરસ્પર પ્રશંસા કરતા બોલવા લાગ્યા કે, ધન્ય સાર્થવાહ ધન્ય છે. જેને રોહિણી જેવી પુત્રવધૂ છે. જેણીએ પાંચ શાલિ અક્ષતને ગાડા–ગાડી ભરી પાછા આપ્યા.

ધન્ય સાર્થવાહે તે પાંચ શાલિઅક્ષતને છકડાં–છકડી ભરીને પાછા અપાતા જોયા, ત્યારે હર્ષિત અને સંતુષ્ટ થઈને તેને સ્વીકારી, તે મિત્રો, જ્ઞાતિજનો આદિ તથા ચારે પુત્રવધૂના કૂલગૃહવર્ગ સમક્ષ રોહિણીને કુલગૃહ વર્ગના અનેક કાર્યોમાં – યાવત્ – રહસ્યોમાં પૂછવા યોગ્ય યાવત્ ગૃહકાર્ય સંભાળનાર અને પ્રમાણભૂતરૂપે નિમી.

**૦ રોહિણી કથાનો નિષ્કર્ષ :–** આ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે સાધુ–સાધ્વી આચાર્યાદિ પાસે દીક્ષિત થઈને પોતાના પાંચ મહાવ્રતોમાં વૃદ્ધિ કરે છે. તેને ઉત્તરોત્તર અધિક નિર્મળ બનાવે છે. તે આ ભવમાં અનેક શ્રમણો–શ્રમણી, શ્રાવક–શ્રાવિકાઓને પૂજ્ય થઈને – યાવત્ – સંસ્કારથી મુક્ત થઈ જાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૭૫;*

— × — × —

## ૦ ચંદ્રમાનું દૃષ્ટાંત :–

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. ત્યાં શ્રેણિક રાજા હતો. નગર બહાર ઇશાન ખૂણામાં ગુણશીલ ચૈત્ય હતું.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પૂર્વાનુપૂર્વીક્રમે ગ્રામાનુગ્રામ સુખે સુખે વિચરતા ગુણશીલ ચૈત્ય પધાર્યા. પર્ષદા નીકળી. શ્રેણિક રાજા પણ નીકળ્યો. ધર્મોપદેશ સાંભળી પર્ષદા અને શ્રેણિક પાછા ફર્યા.

ત્યારપછી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને પૂછ્યું, જીવ કઈ રીતે વૃદ્ધિને અને કઈ રીતે હાનિને પ્રાપ્ત કરે છે ?

**૦ ચંદ્રમાના દૃષ્ટાંતથી હાનિની સમજ :–**

હે ગૌતમ ! જે રીતે કૃષ્ણ પક્ષની એકમનો ચંદ્ર પૂર્ણિમાના ચંદ્રની અપેક્ષા વર્ણ, સૌમ્યતા, સ્નિગ્ધતા, કાંતિ, દીપ્તિ, યુક્તિ, છાયા, પ્રભા, ઓજસ્, લેશ્યા અને મંડલથી હીન હોય છે. આ જ પ્રકારે બીજનો ચંદ્ર એકમના ચંદ્રની અપેક્ષાએ વર્ણથી – યાવત્ – મંડલથી હીન હોય છે. એ જ રીતે ત્રીજનો ચંદ્ર બીજના ચંદ્રની અપેક્ષાએ વર્ણ – યાવત્ – મંડળથી હીન હોય છે – યાવત્ – આ જ પ્રકારે અમાસનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષા એ વર્ણ – યાવત્ – મંડલથી સર્વથા નષ્ટ થાય છે.

આ જ પ્રમાણે હે આયુષ્યમન્ શ્રમણો ! જે સાધુ–સાધ્વી પ્રવ્રજિત થઈને ક્ષાંતિ–ક્ષમાથી હીન થાય છે. મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, સત્ય, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્યથી હીન થાય છે. તે ક્રમશઃ ક્ષમાથી અધિકાધિક હીન – યાવત્ – બ્રહ્મચર્યથી અધિકાધિક હીન થતા જાય છે. આ પ્રમાણે હીન–હીનતર થતાં તેના ક્ષમા – યાવત્ બ્રહ્મચર્ય ગુણ નષ્ટ થાય છે.

**૦ ચંદ્રમાના દૃષ્ટાંતથી વૃદ્ધિની સમજ :–**

જે રીતે શુક્લપક્ષની એકમનો ચંદ્ર અમાસના ચંદ્રની અપેક્ષાએ વર્ણ – યાવત્ – મંડલથી અધિક હોય છે. પછી બીજનો ચંદ્ર એકમના ચંદ્રની અપેક્ષાએ વર્ણ – યાવત્ – મંડલથી અધિકતર હોય છે. એ જ ક્રમે વૃદ્ધિંગત થતો પૂનમનો ચંદ્ર ચૌદશના ચંદ્રની અપેક્ષાએ પરિપૂર્ણ વર્ણ – યાવત્ – મંડલવાળો થાય છે. એ જ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! – આપણા જે સાધુ–સાધ્વી આચાર્યાદિ પાસે દીક્ષિત થઈને ક્ષમા યાવત્ બ્રહ્મચર્યથી અધિક વૃદ્ધિ પામે છે – યાવત્ – ક્ષમા – યાવત્ – બ્રહ્મચર્યથી અધિકાધિક વૃદ્ધિ પામતા જાય છે. તેઓ નિશ્ચયથી ક્ષમા આદિથી પરિપૂર્ણ થઈ જાય છે.

આ પ્રમાણે જીવ હાનિ કે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૪૧;*

— × — × —

**૦ દાવદ્રવનું દૃષ્ટાંત :–**

તે કાળે, તે સમયે રાજગૃહ નગર હતું. શ્રેણિક રાજા હતો. નગરની બહાર ઇશાન ખૂણામાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમે વિચરતા ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. પર્ષદા અને રાજા શ્રેણિક નીકળ્યો. ભગવંતે ધર્મ કહ્યો. પર્ષદા અને શ્રેણિક પાછા ફર્યા. ત્યારપછી ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને પૂછ્યું, હે ભગવન્ ! જીવ કઈ રીતે આરાધક અને કઈ રીતે વિરાધક થાય છે ?

**૦ દાવદ્રવવૃક્ષના દૃષ્ટાંતે દેશ અને આરાધક–વિરાધકપણું :–**

હે ગૌતમ ! જેમ એક સમુદ્રના કિનારે દાવદ્રવ નામક વૃક્ષ હતું. તે કૃષ્ણ વર્ણવાળું – યાવત્ – નિકુરંબ રૂપ છે. પત્ર, ફળ, પોતાની હરિયાળીને કારણે મનોહર અને શ્રી વડે

અતીવ શોભિત હતું. જ્યારે દ્વીપ સંબંધી ઇષત્ પુરોવાત, પથ્યવાત, મંદવાત, મહાવાત વાય છે. ત્યારે ઘણાં દાવદ્રવ વૃક્ષ પત્ર આદિથી યુક્ત થઈને ઊભા રહે છે તો કોઈ કોઈ દાવદ્રવ વૃક્ષ જીર્ણ થઈને ખરવા લાગે છે. તે પીળા પત્ર, પુષ્પ, ફળવાળા થઈ જાય છે અને સૂકા વૃક્ષની માફક મુરઝાયેલા ઊભા રહે છે.

આ જ પ્રમાણે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે સાધુ કે સાધ્વી – યાવત્ – દીક્ષિત થઈને જેઓ અનેક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના પ્રતિકૂળ વચનો સમ્યક્ પ્રકારે સહન કરે છે – યાવત્ – વિશેષરૂપે સહે છે. પણ અન્યતીર્થીના તથા ગૃહસ્થોના દુર્વચનોને સમ્યક્રૂપે સહન કે વિશેષ સહન કરતા નથી, આવા પુરુષોને હું દેશવિરાધક કહું છું.

જ્યારે સમુદ્રસંબંધી ઇષત્ પુરો, પથ્ય, પશ્ચાત્, મંદ કે મહાવાત વહે છે, ત્યારે ઘણાં દાવદ્રવ વૃક્ષો જીર્ણ જેવા થઈ જઈ ઝડી જાય છે – યાવત્ – મુરઝાઈને ઊભા રહે છે. પણ કોઈ કોઈ દાવદ્રવ વૃક્ષ પત્રિત–પુષ્પિત અને અત્યંત શોભાયમાન થઈને રહે છે.

આ જ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે સાધુ કે સાધ્વી દીક્ષિત થઈને અનેક અન્યતીર્થિકો અને ગૃહસ્થોના દુર્વચનો સમ્યક્ પ્રકારે સહન કરે છે. પણ અનેક સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓના દુર્વચન સમ્યક્ પ્રકારે સહન કરતા નથી તે દેશારાધક છે.

**૦ દાવદ્રવ વૃક્ષના દૃષ્ટાંતે સર્વારાધક–સર્વવિરાધકપણાની સમજ :–**

જ્યારે દ્વીપ કે સમુદ્રસંબંધી એક પણ ઇષત્ પુરો, પથ્ય, પશ્ચાત્ – યાવત્ – મહાવાત વહેતો ન હોય, ત્યારે બધાં દાવદ્રવ વૃક્ષ જીર્ણસદૃશ – યાવત્ – મુરઝાઈ જાય છે. આ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! જેઓ પ્રવ્રજિત થઈને અનેક સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા, અન્યતીર્થિક અને ગૃહસ્થોના દુર્વચનો સમ્યક્ પ્રકારે સહન કરતા નથી તે સર્વવિરાધક છે.

જ્યારે દ્વીપ અને સમુદ્ર સંબંધી ઇષત્ પુરો, પથ્ય, પશ્ચાત્ – યાવત્ – મહાવાત વહેતો હોય ત્યારે પણ બધાં દાવદ્રવ વૃક્ષો પત્રિત, પુષ્પિત, ફલિત – યાવત્ – સુશોભિત રહે છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! આ જ પ્રમાણે જે સાધુ–સાધ્વી, અનેક શ્રમણ–શ્રમણી, શ્રાવક–શ્રાવિકા, અન્યતીર્થિકો અને ગૃહસ્થોના દુર્વચનોને સમ્યક્ પ્રકારે સહન કરે છે તેઓને મેં સર્વારાધક કહેલા છે.

હે ગૌતમ ! આ પ્રકારે જીવ આરાધક અને વિરાધક થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૪૨;*

— × — × —

**૦ અશ્વનું દૃષ્ટાંત :–**

તે કાળે, તે સમયે હસ્તિશીર્ષ નગર હતું. તે નગરમાં ઘણાં નૌકાવણિકો રહેતા હતા. તેઓ ધનાઢ્ય – યાવત્ – અપરાભૂત હતા. કોઈ વખતે તે બધા નૌકાવણિકો પરસ્પર મળ્યા. અર્હન્નકની માફક તેઓએ સમુદ્રયાત્રાએ જવા વિચાર્યું. લવણ સમુદ્રમાં ઘણાં યોજનો સુધી ગયા.

**૦ નૌકા વણિકોનું કાલિકદ્વીપે પહોંચવું :–**

તે સમયે તે વણિકોને માકંદીપુત્રોની માફક સેંકડો ઉત્પાત થયા. – યાવત્ – સમુદ્રી તોફાન શરૂ થયું. ત્યારે તે નૌકા તોફાની વાયુથી વારંવાર કાંપવા લાગી, ચલાયમાન, ક્ષુબ્ધ થવા લાગી. ત્યાં જ ભમવા લાગી. તે સમયે નૌકા નિર્યામકની બુદ્ધિ મારી ગઈ, શ્રુતિ નષ્ટ થઈ ગઈ અને સંજ્ઞા પણ ગાયબ થઈ ગઈ. તે દિશાવિમૂઢ થઈ ગયો. તેને એ પણ જ્ઞાન ન રહ્યું કે, પોતવાહન કયા પ્રદેશમાં છે કે કઈ દિશા કે વિદિશામાં જઈ રહ્યું છે ? તેનું મન સંકલ્પ ભંગ થઈ ગયું – યાવત્ – તે ચિંતાલીન થયો.

તે સમયે ઘણાં કુક્ષિધાર, કર્ણધાર, ગબ્ભિલ્લક તથા નૌકાવણિક્ નિર્યામકની પાસે આવ્યા. તેને કહ્યું, હે દેવાનુપ્રિય ! તું નષ્ટ મનસંકલ્પ વાળા થઈને તેમજ મુખ હથેલી પર રાખીને ચિંતા કેમ કરી રહ્યો છે ? ત્યારે તે નિર્યામકે તે અનેક કુક્ષિધારક – યાવત્ – નૌકાવણિકોને કહ્યું, મારી મતિ મારી ગઈ છે – યાવત્ – આ નૌકા ક્યાં જઈ રહી છે, તે પણ મને ખબર નથી. તેથી હું ભગ્ન મનોરથ થઈને ચિંતાગ્રસ્ત છું.

ત્યારે તે કર્ણધારાદિ તે નિર્યામકની વાત સાંભળી ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન થયા. તેઓએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું, હાથ જોડીને અનેક ઇન્દ્ર, સ્કંદ આદિ દેવોને ભગવંત મલ્લિકથામાં કહ્યા મુજબ મસ્તકે અંજલિ કરીને માનતા કરવા લાગ્યા.

થોડા સમયે તે નિર્યામક લબ્ધમતિ, લબ્ધશ્રુતિ, લબ્ધસંજ્ઞ અને અદિઙ્મૂઢ થયો. શાસ્ત્રજ્ઞાન થયું. હોશ આવ્યા, દિશા જ્ઞાન થયું. ત્યારે તે નિર્યામકે તે અનેક કુક્ષિધાર આદિને કહ્યું, મને બુદ્ધિ પ્રાપ્ત થઈ છે – યાવત્ – મારી દિશામૂઢતા નષ્ટ થઈ છે. આપણે કાલિકદ્વીપ નજીક પહોંચ્યા છીએ. તે કાલિકદ્વીપ દેખાઈ રહ્યો છે.

ત્યારે તે કુક્ષિધાર, કર્ણધાર – યાવત્ – નૌકાવણિક તે સાંભળીને હર્ષિત અને સંતુષ્ટ થયા. પછી દક્ષિણ દિશાનુકૂલ વાયુની સહાયતાથી કાલિકદ્વીપે પહોંચી લંગર નાંખ્યા. નાની નૌકાઓ દ્વારા કાલિકદ્વીપમાં ઉતર્યા. ત્યાં ઘણી જ ચાંદી, સોના, રત્ન, હીરાની ખાણો અને અશ્વો જોયા.

આ અશ્વો ઉત્તમ જાતિના હતા. તેઓ જાતિવંત હતા, નીલવર્ણયુક્ત રેણુ સમાન વર્ણના હતા. શ્રોણિક સૂત્ર વર્ણવાળા હતા. તે અશ્વોને વણિકોએ જોયા. તેઓની ગંધથી અશ્વો ડરેલ, ત્રસ્ત, ઉદ્વિગ્ન, ભયભીત થયા. તેઓ ઘણાં યોજન દૂર ભાગી ગયા. ત્યાં તેમને ઘણું ગોચર પ્રાપ્ત થયું. ઘણાં ઘાસ અને પાણી મળવાથી તેઓ નિર્ભય અને નિરુદ્વેગ થઈને સુખપૂર્વક ત્યાં વિચરવા લાગ્યા.

ત્યારે તે નૌકાવણિકોએ પરસ્પર કહ્યું, આપણે અશ્વોનું શું પ્રયોજન છે ? અહીં ઘણી જ ચાંદી, સોના, રત્નો, હીરાની ખાણો છે. તેથી આપણે ચાંદી, સોના, રત્નો, હીરાથી વહાણો ભરવા શ્રેયસ્કર છે. આ પ્રકારે પરસ્પર વાત સ્વીકારીને તેઓએ સોના, ચાંદી, રત્નો, હીરા, ઘાસ, અન્ન, કાષ્ઠ અને મીઠા પાણીથી પોતાના વહાણ ભરી લીધા.

ત્યારપછી દક્ષિણ દિશાનુકૂલ વાયુથી ગંભીર પોતવહનપટ્ટને આવ્યા. આવીને જહાજના લંગર નાંખ્યું. ગાડા–ગાડી તૈયાર કર્યા. લાવેલા તે ચાંદી, સોના – યાવત્ હીરાને નાની નૌકાઓ દ્વારા લઈ જઈને ગાડા–ગાડી જોડ્યા. હસ્તિશીર્ષ નગરે પહોંચ્યા.

**૦ હસ્તિશીર્ષ નગરે કનકકેતુ રાજા પાસે ગમન :–**

હસ્તિશીર્ષ નગરની બહાર અગ્રઉદ્યાનમાં સાર્થને રોક્યો. ગાડા–ગાડી ખોલ્યા. પછી બહુમૂલ્ય ઉપહાર લઈને હસ્તિશીર્ષ નગરમાં ગયા. **કનકકેતુ રાજા** પાસે જઈને રાજા સમક્ષ ઉપહાર ધર્યો. કનકકેતુ રાજાએ તે બહુમૂલ્ય ઉપહારનો સ્વીકાર કર્યો. પછી રાજાએ તેમને કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે લોકો ગામ – યાવત્ – આકરોમાં ઘુમો છે. વારંવાર લવણસમુદ્રનું અવગાહન કરો છો. કોઈ આશ્ચર્યજનક વસ્તુ જોઈ ? ત્યારે નૌકાવણિકે કનકકેતુ રાજાને કહ્યું, અમે કાલિકદ્વીપે ગયેલા. ત્યાં ઘણાં જ અશ્વો જોયા તે વિસ્મયકારી હતા.

ત્યારે રાજાએ તેઓને કહ્યું, તમે મારા કૌટુંબિક પુરુષો સાથે જાઓ અને કાલિકદ્વીપના અશ્વોને અહીં લાવો. ત્યારે તે નૌકાવણિકોએ રાજાની આજ્ઞાને વિનયપૂર્વક સ્વીકારી. ત્યારપછી કનકકેતુ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને નૌકાવણિકો સાથે કાલિકદ્વીપે અશ્વ લેવા જવા કહ્યું, તેઓએ પણ રાજાની આજ્ઞા સ્વીકારી.

**૦ કાલિકદ્વીપે અશ્વો લાવવા ગમન :–**

ત્યારપછી કૌટુંબિક પુરુષોએ ગાડા–ગાડી સજાવ્યા. તેમાં અનેક વીણા, વલ્લકી, ભ્રામરી, કચ્છપી, ભંભા, ષટ્ભ્રમરી આદિ વિવિધ વીણાઓ લીધી. શ્રોત્રેન્દ્રિયને યોગ્ય બીજી પણ ઘણી વસ્તુઓથી ગાડા–ગાડી ભર્યા. પછી કૃષ્ણ અને શુક્લવર્ણીય કાષ્ઠ, ચિત્ર, પુસ્ત, લેપ્યકર્મો તથા વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ માળા અને ચક્ષુ ઇન્દ્રિય યોગ્ય દ્રવ્યો લીધા. પછી ઘણાં જ કોષ્ઠ, કેતકી, પત્ર, ચોયત્વક્, તગર, એલા, હ્રી બેર, ઉશીર, ચમ્પક, મરુક, દમનક, જાતી, યૂથિકા, મલ્લિકા, વાસંતી, કપૂર અને પાટલપુટો તથા અન્ય પણ ઘ્રાણેન્દ્રિયને પ્રિય લાગનાર પદાર્થોથી ગાડાગાડી ભર્યા.

ત્યારપછી ઘણાં ખાંડ, ગોળ, સાકર, મત્સ્યંડિકા, પુષ્પોત્તર તથા પદ્મોતર જાતિની શર્કરા આદિ અન્ય અનેક જિહ્વેન્દ્રિયને યોગ્ય દ્રવ્યો લીધા. ત્યારપછી કોયતક, કંબલ, પ્રાવરણ, જીન, મલય વિશેષ પ્રકારના આસન મઢ્યા, શિલાપટ્ટક – યાવત્ – હંસગર્ભ તથા અન્ય સ્પર્શનેન્દ્રિય યોગ્ય દ્રવ્યોથી ગાડા–ગાડી ભર્યા.

આ બધાં દ્રવ્યો ભરીને તેમણે ગાડા–ગાડી જોડ્યા. ગંભીર પોતપટ્ટને પહોંચ્યા, ગાડા–ગાડી ખોલ્યા. પોતવહન તૈયાર કરી, તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધના દ્રવ્ય તથા કાષ્ઠ, તૃણ, જળ, ચોખા, લોટ, ગોરસ તથા અન્ય અનેક પોતવહન યોગ્ય પદાર્થો ભર્યા. ઉક્ત સામાન પોતવહનમાં ભરીને દક્ષિણદિશાના અનુકૂળ પવનથી કાલિકા દ્વીપે આવ્યા, આવીને લંગર નાંખ્યુ. તે ઉત્કૃષ્ટ શબ્દાદિ પદાર્થોને નાની–નાની નૌકાઓ દ્વારા કાલીકદ્વીપે ઉતારી.

**૦ અશ્વોને આકર્ષવાના પ્રયત્નો :–**

તે ઘોડાઓ જ્યાં જ્યાં બેસતા, સુતા, આળોટતા હતા, ત્યાં ત્યાં તે કૌટુંબિક પુરુષો તે વીણા આદિ શ્રોત્રેન્દ્રિયને પ્રિય વાદ્ય વગાડતા વિચરવા લાગ્યા. ચારે તરફ જાળ પાથરી. પછી નિશ્ચલ, નિષ્પંદ અને મૂક થઈને રહ્યા.

ત્યારપછી તે અશ્વોના બેસવા આદિના સ્થાને તેઓએ અનેક કૃષ્ણ – યાવત્ –

શુક્લ વર્ણવાળા કાષ્ઠકર્મ – યાવત્ – સંઘાતિમ તથા બીજા અનેક ચક્ષુઇન્દ્રિય યોગ્ય પદાર્થો રાખીને ત્યાં જાળ બિછાવી.

ત્યારપછી તે અશ્વોના બેસવા આદિના સ્થાને તેઓએ અનેક કોષ્ઠપુટ તથા બીજા ઘ્રાણેન્દ્રિયને પ્રિય પદાર્થોના ઢગલા કર્યા. ચારે તરફ જાળ બિછાવી – યાવત્ – મૂક થઈને બેસી ગયા.

ત્યારપછી તે અશ્વોના બેસવા આદિના સ્થાને તેઓએ ગોળ – યાવત્ – અન્ય ઘણાં જિહ્વેન્દ્રિય યોગ્ય પદાર્થોના ઢગલા કર્યા. તે સ્થાનો પર ખાડા ખોદી ગોળ, ખાંડ આદિના પાણી ભર્યા ચારે તરફ જાળ બિછાવી – યાવત્ – તેઓ મૂક થઈને બેઠા.

ત્યારપછી તે અશ્વોના બેસવા આદિના સ્થાને તેઓએ શિલાપટ્ટક આદિ અન્ય સ્પર્શનેન્દ્રિય યોગ્ય આસ્તરણ આદિ રાખીને ચારે તરફ જાળ બિછાવી – યાવત્ – તેઓ મૂક થઈને બેઠા.

**૦ અશ્વના દૃષ્ટાંતે ઇન્દ્રિય નિગ્રહની સમજ :–**

ત્યારે તે અશ્વો ત્યાં આવ્યા. કેટલાંક અશ્વોએ આ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધને અપૂર્વ જાણીને તે ઉત્કૃષ્ટ શબ્દાદિમાં મૂર્છિત, ગૃદ્ધ, આસક્ત ન થઈને તે ઉત્કૃષ્ટ શબ્દાદિથી દૂર ચાલ્યા ગયા. જ્યાં પ્રચુર ઘાસ, પાણી હતા ત્યાં જઈને નિર્ભય, ઉદ્વેગરહિત થઈ સુખે–સુખે વિચરવા લાગ્યા.

આ પ્રકારે હે આયુષ્યમાન્ શ્રમણો ! જે સાધુ–સાધ્વી શબ્દાદિ વિષયોમાં આસક્ત થતા નથી, તેઓ આ લોકમાં ઘણાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓને પૂજનીય બની, સંસાર કાંતારને પાર કરી જાય છે.

**૦ અશ્વના દૃષ્ટાંતે ઇન્દ્રિયાસકતોની દુર્ગતિની સમજ :–**

તેમાંના કેટલાંક અશ્વો તે ઉત્કૃષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ હતી ત્યાં પહોંચ્યા. તેઓ તેમાં મૂર્છિત, ગૃદ્ધ અને આસક્ત થઈ, તેના સેવનમાં પ્રવૃત્ત થઈ ગયા. તે ઉત્કૃષ્ટ શબ્દાદિને સેવતા તે અશ્વોને કૌટુંબિક પુરુષોએ જાળ દ્વારા બાંધી લીધા. તેમને પકડી લીધા. નૌકા દ્વારા પોતવહનમાં લાવ્યા. લાવીને પોતવહનને તૃણ, કાષ્ઠ આદિ આવશ્યક પદાર્થોથી ભર્યા. પછી નૌકાવણિકો દક્ષિણ દિશાના અનુકૂળ પવન સાથે ગંભીર પોતપટ્ટને આવ્યા. પોતવહન લાંગરીને ઘોડાને ઉતાર્યા. પછી હસ્તિશીર્ષ નગરે કનકકેતુ રાજા પાસે પહોંચી બંને હાથ જોડી, અભિવાદન કરીને અશ્વો ઉપસ્થિત કર્યા. રાજાએ પણ તે નૌકાવણિકોનું શુલ્ક માફ કરી, તેમનો સત્કાર–સન્માન કરી વિદાય કર્યા.

ત્યારપછી કનકકેતુ રાજાએ કાલિકદ્વીપ મોકલેલા કૌટુંબિક પુરુષોને બોલાવી તેમના સત્કાર–સન્માન કરીને વિદાય આપી.

ત્યારપછી રાજાએ અશ્વમર્દકોને કહ્યું કે, તમે અશ્વોને વિનીત કરો. અશ્વમર્દકોએ રાજાની આજ્ઞા સ્વીકારી. તેઓએ અશ્વોના મુખ, કાન, નાક, ખુર આદિ બાંધ્યા. કટક બાંધી, ચોકડા ચઢાવી, તોબરા ચઢાવી, પટતાનક લગાવી, ખસ્સી કરી, વેલ, વેંત, લતા, ચાબુક અને ચામડાના કોરડાના પ્રહાર કરી વિનીત કરીને રાજા પાસે લાવ્યા.

ત્યારપછી કનકકેતુ રાજાએ તે અશ્વમર્દકોના સત્કાર, સન્માન કરીને વિદાય આપી.

ત્યારપછી તે અશ્વો અનેક પ્રકારે દુઃખ પ્રાપ્ત થયા.

આ પ્રમાણે હે આયુષ્યમાન શ્રમણો ! જે સાધુ–સાધ્વી દીક્ષિત થઈને પ્રિય શબ્દાદિ વિષયોમાં ગૃદ્ધ, મુગ્ધ, આસક્ત થાય છે. તેઓ આ લોકમાં અનેક શ્રમણ–શ્રમણી, સાધુ–સાધ્વીના અવહેલના પાત્ર થાય છે અને ચાતુર્ગતિક સંસારમાં પુનઃ પુનઃ ભ્રમણ કરે છે.

**૦ ઇન્દ્રિય નિગ્રહનો ઉપદેશ :–**

શ્રુતિ સુખદ વીણા, તલ–તાલ, વાંસળીના શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દોમાં અનુરક્ત અને શ્રોત્રેન્દ્રિય વશવર્તી જીવો આનંદ માને છે પણ શ્રોત્રેન્દ્રિયની દુર્દાન્તતાનો દોષ એ છે કે તીતરના શબ્દને સહન ન કરતો પારધી તેને વધ અને બંધનમાં નાંખે છે.

ચક્ષુઇન્દ્રિય વશીભૂત અને રૂપોમાં અનુરુક્ત પુરુષ સ્ત્રીઓના સ્તન, જઘન, વદન, હાથ, પગ, નેત્રોમાં ગર્વિષ્ઠ બનેલી સ્ત્રીઓની વિલાસ યુક્ત ગતિમાં રમણ કરે છે પણ ચક્ષુઇન્દ્રિયની દુર્દાન્તતાનો દોષ એ છે કે પતંગ જલતી આગમાં જઈને પડે છે.

સુગંધમાં અનુરક્ત અને ઘ્રાણેન્દ્રિય વશવર્તી પ્રાણી શ્રેષ્ઠ અગર, ધૂપ, માલ્ય અને અનુલેપન વિધિમાં રમણ કરે છે, પણ ઘ્રાણેન્દ્રિયની દુર્દાન્તતાનો દોષ એ છે કે ગંધ પ્રિય સર્પ બિલમાંથી નીકળી પકડાય છે.

રસમાં આસક્ત અને જિહ્વેન્દ્રિય વશવર્તી પ્રાણી પાંચ પ્રકારના રસયુક્ત અનેક ખાદ્ય, પેય, લેહ્ય પદાર્થોમાં આનંદ માને છે. પણ જિહ્વેન્દ્રિયની દુર્દાન્તતાનો દોષ એ છે કે ગલમાં લગ્ન થઈને જળથી બહાર ખેંચાયેલ મત્સ્ય સ્થળમાં ફેંકાઈને તડપવા લાગે છે.

સ્પર્શનેન્દ્રિય વશીભૂત જીવો તેને અધીન થઈ પીડિત થઈને વિભિન્ન ઋતુઓમાં સેવન કરવાથી સુખોત્પાદક વૈભવસહિત, મનને સુખ દેનારા માળા, સ્ત્રી આદિમાં રમણ કરે છે, સ્પર્શનેન્દ્રિયની દુર્દાન્તતાનો દોષ એ છે કે લોહઅંકુશ હાથીના મસ્તકને પીડે છે.

જેઓ કલ, રિભિત અને મધુર તંત્રી, તલતાલ તથા વાંસળીના શ્રેષ્ઠ અને મનોહર વાદ્યોના શબ્દમાં અનાસક્ત વશાર્ત્તમરણે મરતા નથી.

સ્ત્રિઓના સ્તન, જઘન, મુખ, હાથ, પગ, નયન તથા ગર્વિષ્ઠ, વિલાસ ગતિ આદિ સમસ્તરૂપોમાં અનાસક્ત વશાર્ત્તમરણે મરતા નથી.

ઉત્તમ અગર, શ્રેષ્ઠ ધૂપ, પુષ્પમાળા તથા શ્રીખંડ આદિના લેપનની ગંધમાં અનાસક્ત વશાર્ત્તમરણે મરતા નથી.

ષડ્રસ ખાદ્ય, પેય, લેહ્ય પદાર્થોમાં અનાસક્ત વશાર્ત્ત મરણે મરતા નથી.

વિભિન્ન ઋતુઓમાં સેવનથી સુખ દેનારા, વૈભવસહિત, મનને આનંદ દેનારા સ્પર્શમાં અનાસક્ત વશાર્ત્ત મરણે મરતા નથી.

સાધુઓએ ભદ્ર શ્રોત્રના વિષય શબ્દ પર, શુભાશુભરૂપ ચક્ષુના વિષય મળે ત્યારે, ઘ્રાણેન્દ્રિયને પ્રાપ્ત શુભાશુભ ગંધમાં, જિહ્વેન્દ્રિયને પ્રાપ્ત શુભાશુભ રસોમાં અને સ્પર્શનેન્દ્રિયના વિષય બની પ્રાપ્ત શુભ અથવા અશુભ સ્પર્શોમાં સાધુએ કદાપી તુષ્ટ કે રુષ્ટ ન થવું જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૮૪ થી ૨૦૬;*

**❋ નાયાધમ્મકહાની પૂર્વે લખાયેલી કથા તથા તેના ઉપનયોનો સંદર્ભ :–**

**૦ સંઘાટનું દષ્ટાંત :–**

આ ધન્ય સાર્થવાહ અને વિજયચોરની કથા છે. જે શ્રમણ વિભાગમાં ધન્ય શ્રમણની કથામાં લખાઈ ગયેલ છે – પરીગ્રહમાં લુબ્ધની દશા અને કેવળ સંયમ નિર્વાહાર્થે અશનાદિ ગ્રહણ કરનારના પરિતસંસાર વિશેનો ઉપનય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૪૨ થી ૫૪;*

— x — x —

**૦ શૈલકનું દષ્ટાંત :–**

આ કથા શ્રમણવિભાગમાં શૈલકરાજર્ષિની વિસ્તૃત કથારૂપે આવી ગયેલ છે – પ્રમાદી સાધુ–સાધ્વીની અવહેલના અને સંસારભ્રમણ તથા અપ્રમત વિહારી સાધુ–સાધ્વીની પૂજનીયતા અને સંસાર પરિતતાએ કથાનો ઉપનય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૬૩ થી ૭૩;*

— x — x —

**૦ માકંદીપુત્રોનું દષ્ટાંત :–**

આ કથા જિનપાલિત શ્રમણરૂપે લખાઈ ગઈ છે. જેમાં ઉપનયરૂપે કામભોગ આસક્તની નિંદનીયતા અને સંસારભ્રમણ તથા કામભોગની પુનઃ અભિલાષા ન કરનાર સંસાર સમુદ્રને પાર કરે છે, તે દર્શાવેલ છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૧૦ થી ૧૪૦;*

— x — x —

**૦ નંદીફલનું દષ્ટાંત :–**

ધન્ય સાર્થવાહની કથામાં શ્રમણ વિભાગમાં આ કથા આવી ગયેલ છે. નંદીફળના દષ્ટાંતથી ઇન્દ્રિય ભોગોમાં આસક્ત થનારને હસ્તાદિ છેદન અને સંસાર પરિભ્રમણનું ફળ તથા ઇન્દ્રિયભોગોમાં અનાસક્ત રહેનારને આ ભવમાં પૂજનીયપણાની પ્રાપ્તિ અને સંસાર અટવી પાર કરવી સરળ બને છે. તે કહ્યું છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૧૫૭;*

— x — x —

**૦ સુંસુમાનું દષ્ટાંત :–**

આ કથા શ્રમણ વિભાગમાં ચિલાતિપુત્રની કથામાં લખાઈ ગયેલ છે તેને ઉપનય જણાવતા ભગવંતે સાધુ–સાધ્વીને આહાર માત્ર સંયમ નિર્વાહાદિ માટે કરવાનો ઉપદેશ આપેલ છે. ઔદારિક શરીરાર્થે આહાર કરનારની દુર્ગતિ કહી છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નાયા. ૨૦૮ થી ૨૧૨;*

— x — x —

**૦ પુંડરીકનું દૃષ્ટાંત :–**

શ્રમણ વિભાગમાં પુંડરીકની કથામાં આ દૃષ્ટાંત આવી ગયેલ છે. તેમાં વમેલા કામભોગોના પુનઃ સેવનથી થતી દુર્ગતિ અને કામભોગોથી પ્રતિઘાત પ્રાપ્ત ન કરનારને ચતુર્ગતિ સંસારનો અંત થવા વિશેનો ઉપનય છે.

*૦ આગમ સંદર્ભ :–*
*નાયા. ૨૧૩ થી ૨૧૮;*

— x — x —

*–૦– હવે હાથીના દૃષ્ટાંતથી આરંભીને ભિક્ષુપાસક સુધીના ૨૮ દૃષ્ટાંતો પિંડનિર્યુક્તિ તથા વૃત્તિ મુજબના જુદા જુદા દોષોના દૃષ્ટાંતો છે.*

**૦ ગવેષણા દોષમાં હાથીનું દૃષ્ટાંત :–**

આનંદ નામે નગર હતું. ત્યાં રિપુમર્દન નામે રાજા હતો. ધારિણી નામે રાણી હતી. તે નગર સમીપે સેંકડો હાથીઓના સમૂહથી વ્યાપ્ત એવું વન હતુ. એક વખતે રાજાને હાથીઓ પકડવાનો વિચાર આવ્યો. તેણે તત્કાળ હાથીઓ પકડવા માટે રાજપુરુષોને આજ્ઞા કરી. ત્યારે રાજપુરુષોએ વિચાર્યું કે હાથીઓને બરૂનો ચારો ઇષ્ટ છે, પણ તે ગ્રીષ્મઋતુમાં સંભવે નહીં. વર્ષાઋતુમાં જ પ્રાપ્ત થાય. તેથી જે રેંટ વડે મોટા સરોવરોને ભરીએ તો નળના વનો અત્યંત ઉગેલા થશે.

ત્યારપછી નળના વનની ચોતરફ જાળ માંડી. યૂથાધિપતિ સહિત હાથીનો સમૂહ ભમતો–ભમતો ત્યાં આવ્યો. ત્યારે તે નળવનને જોઈને યૂથાધિપતિએ કહ્યું કે, આ નળવન સ્વાભાવિક ઉગેલા નથી. આપણને પકડવા માટે કોઈએ કપટ રચના કરી છે. કેમકે ગ્રીષ્મઋતુમાં જળથી ભરેલા સરોવરો કે નળના વનો સંભવતા નથી. જો તમે એમ માનો કે વિંધ્યાચળના નિર્ઝરણાના પ્રવાહથી આ સરોવરો ભરાયા છે. તો તે વાત પણ યોગ્ય નથી કેમકે પૂર્વે પણ આ ઝરણાઓ હતા જ.

જેઓએ યૂથાધિપતિનું વચન અંગીકાર કર્યું. તેઓ દીર્ઘકાળ સુધી વનમાં સ્વેચ્છાએ ફરનારા અને સુખી થયા અને જે હાથીઓએ તે વાત ન સ્વીકારી તેઓ બંધન–ક્ષુધા આદિ દુઃખોને ભજનારા થયા.

અહીં યૂથપતિએ આ નળવન સદોષ છે કે નિર્દોષ છે ? એમ જે વિચાર્યું તેને દ્રવ્ય ગવેષણા જાણવી. અર્થાત્ શ્રમણ–શ્રમણીએ આ રીતે દોષિતતાની ગવેષણા કરવી જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૯૮, ૯૯ + વૃ;*

— x — x —

**૦ ઉદ્‌ગમ દોષમાં લાડુપ્રિયકુમારનું દૃષ્ટાંત :–**

શ્રીસ્થલક નામે નગર હતું. ત્યાં ભાનુ નામે રાજા હતો. રુકિમણી રાણી હતી. તેમનો સુરૂપકુમાર પુત્ર હતો. પાંચ ધાત્રી વડે પાલન કરાતો તે પુત્ર કુમારપણાને પામ્યો.

શુક્લ પક્ષના ચંદ્રની માફક કળા વડે વૃદ્ધિ પામતો તે મનોહર સ્ત્રી જનના હૃદયને રંજન કરતી યુવાવસ્થાને પામ્યો. તેને સ્વભાવથી જ લાડુ પ્રિય હતા. તેથી લોકો તેને લાડુપ્રિય નામે ઓળખવા લાગ્યા.

કોઈ વખતે તે કુમાર વસંત કાળે સભા મંડપમાં આવ્યો. ત્યાં તે મનોહર સ્ત્રીઓના ગીત, નૃત્યાદિ જોવામાં પ્રવર્ત્યો. ભોજનવેળાએ તેની માતાએ ઉત્તમ શરાવના સંપુટમાં અને બાકીના પરિવારને માટે ઘડામાં લાડુ નાંખીને મોકલ્યા. ત્યારે બધાંએ તે લાડુ ખાધા.

પછી રાત્રિએ ગીત, નૃત્યાદિકમાં વ્યાકુળ ચિત્તપણાને લીધે જાગરણ થવાથી તે લાડુ પચ્યા નહીં. તેથી અજીર્ણ દોષના પ્રભાવથી તેનો અધો વાયુ અત્યંત અશુચિગંધવાળો નીકળ્યો. તે ગંધના પુદ્‌ગલો તેના નાકમાં પેઠા. તે વખતે તેને વિચાર આવ્યો કે, આ લાડુ ઘી, ગોળ, કણિકના અર્થાત્‌ શુચિદ્રવ્યથી ઉત્પન્ન થયેલા છે. પરંતુ આ દેહ જ અશુચિથી ઉત્પન્ન થયેલો અને અશુચિમય છે. તેના સંસર્ગથી જ આ લાડુ અશુચિમય બન્યા છે. વળી બીજા પણ અનેક પદાર્થો જે સ્વભાવથી શુચિ–સુગંધવાળા છે, તો પણ તે શરીરના સંબંધથી ક્ષણમાત્રમાં દુર્ગંધવાળા બની જાય છે.

તેથી અશુચિરૂપ અનેક સેંકડો અપાયોથી વ્યાપ્ત એવા પણ આ શરીરને માટે જે મનુષ્યો ગૃહવાસમાં નરકાદિક કુગતિમાં પાડનારા પાપકર્મોને સેવે છે, તેઓ ચેતનાસહિત છે તો પણ મોહમય નિદ્રા વડે તેમનું વિવેકરૂપી ચેતન હણાયેલું હોવાથી પરમાર્થથી તેઓને અચેતન જ જાણવા. તેઓનું શાસ્ત્રાદિકનું જ્ઞાન પણ પરમાર્થથી તો કેવળ શરીરના પરિશ્રમ–ખેદરૂપ ફળવાળું જ જાણવું.

આ પ્રમાણે અશુચિ ભાવનાને ભાવતા ભાવતા તે લાડુપ્રિય કુમારને વૈરાગ્ય ઉત્પન્ન થયો. સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્રનો ઉદ્‌ગમ થયો. પછી કેવળજ્ઞાનનો ઉદ્‌ગમ થયો.

આ રીતે આહારના ઉદ્‌ગમની અશુચિ વિચારણા તેને કેવળજ્ઞાનના ઉદ્‌ગમ માટે નિમિત્ત બની.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૧૦૧, ૧૦૩ થી ૧૦૫ + વૃ;*

— x — x —

**૦ પ્રતિસેવન દોષમાં ચોરનું દૃષ્ટાંત :–**

કોઈ ગામમાં ઘણાં ચોરો હતા. તેઓ કોઈ વખતે નગરમાંથી ગાયોનું હરણ કરીને ગામની સન્મુખ ચાલ્યા. માર્ગમાં તેમને બીજા કેટલાંક પથિક ચોરો મળ્યા. તેઓ પણ તેમની સાથે ચાલ્યા. છેવટે તે પોતાના સ્થાને પહોંચ્યા. ત્યાં સ્વદેશમાં આવ્યા હોય તેમ નિર્ભય થઈ ભોજનની વેળા થવાથી કેટલીક ગાયોને મારીને તેના માંસ પકાવવા લાગ્યા. આ વખતે ત્યાં કેટલાંક પથિકો પણ આવ્યા. ત્યારે ચોરોએ તેમને પણ ભોજનને માટે નિમંત્રણ આપ્યું. ત્યારપછી માંસ પક્વ થતાં કેટલાંક ચોરો અને તે પથિકો ભોજન કરવા લાગ્યા અને કેટલાંક ગોમાંસનું ભોજન કરવું તે મહાપાપ છે તેમ માનીને તે ભોજન કર્યું નહીં. કેવળ બીજાઓને પીરસવાનું કામ કર્યું.

આ અવસરે ખુલ્લા તીક્ષ્ણ ખડ્‌ગને ધારણ કરનારા ભયાનક કોટવાળો આવ્યા.

તેમણે ખાનારા અને પીરસનારા બધાંને પકડ્યા. તે વખતે જે પથિકો માર્ગમાં મળ્યા હતા. તેઓ તો "અમે પથિક છીએ" એમ કહ્યું તો પણ તેઓ ગોમાંસના ભક્ષણ અને પીરસવાનું કાર્ય કરનારા સર્વેને ચોરની જેમ જ દુષ્ટ માનીને પકડ્યા અને મારી નાંખ્યા.

○ **દૃષ્ટાંતનો ઉપનય** એ છે કે આધાકર્મને પીરસનારા અથવા પાત્રને ધારણ કરનારા સર્વે પ્રતિસેવન દોષથી કર્મબંધન કરે છે. અહીં ગોમાંસ ખાનારને આધાકર્મી ખાનાર જાણવા. પીરસનારને પ્રતિસેવન કરનારા જાણવા. માર્ગના સ્થાનને મનુષ્યજન્મ જાણવો. ખડ્ગને કર્મો જાણવા અને મરણને નરકાદિ કુગતિ જાણવી.

*○ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૧૪૧, ૧૪૨ + વૃ;*

— × — × —

**○ પ્રતિશ્રવણ દોષમાં રાજપુત્રનું દૃષ્ટાંત :–**

ગુણ સમૃદ્ધ નગર હતું. ત્યાં મહાબલ રાજા હતો, શિલા રાણી હતી. તેમને વિજિતસમર નામે કુમાર હતો. તેણે રાજ્યગ્રહણ કરવાની ઇચ્છાથી પિતાના માટે દુષ્ટ આશયવાળો થઈને વિચાર્યું કે, મારો આ પિતા વૃદ્ધ થયો છે. તો પણ મરતો નથી. તેથી મારા સુભટોની સહાયથી તેને મારી નાંખુ. આ પ્રમાણે વિચારી સુભટો સાથે તેણે મંત્રણા કરી. તે વખતે કેટલાંક સુભટો તેમના સહાયક થયા. કેટલાંકે આ કાર્યમાં અનુમતિ આપી, તો કેટલાંક મૌન રહ્યા. જ્યારે બીજી કેટલાંકે આ વાતનો અસ્વીકાર કરીને રાજાને કહી.

સમસ્ત વૃત્તાંત સાંભળીને તે રાજપુત્રને, તેના સહાયકોને, તે કાર્યમાં અનુમતિ આપનારને તથા મૌન રહેનારને – એ સર્વેને મોતને ઘાટ ઉતાર્યા. જેમણે સમસ્ત વૃત્તાંત કહી દીધો, તેમનું બહુમાન કર્યું.

**દૃષ્ટાંત ઉપનય** – કાર્ય કરનાર, સહાયક, અનુમોદક અને મૌન રહેનારા બધાં જ પ્રતિશ્રવણના દોષી છે. અર્થાત્ આધાકર્મી વાપરનાર, વાપરવાનું કહેનાર કે મૌન રહેનાર ત્રણે પ્રતિશ્રવણના દોષી છે.

*○ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૧૪૩ + વૃ;*

— × — × —

**○ સંવાસ દોષમાં પલ્લીનું દૃષ્ટાંત :–**

વસંતપુર નામે નગર હતું. ત્યાં અરિમર્દન રાજા હતો. પ્રિયદર્શના રાણી હતી. ત્યાં ભીમા નામે પલ્લી હતી. તેમાં ભિલ્લ જાતિના ચોરો રહેતા હતા. તથા વણિગ્જનો પણ રહેતા હતા. તે ચોરો હંમેશા પલ્લીમાંથી નીકળી અરિમર્દન રાજાના નગરને ઉપદ્રવિત કરતા હતા. રાજાનો એવો કોઈ સામંત કે માંડલિક ન હતો. જે તેઓને જીતી શકે.

કોઈ વખતે તે ભિલ્લોના ઉપદ્રવથી ઘણો જ કોપાયમાન થયેલો રાજા પોતે મોટું સૈન્ય લઈને ભિલ્લપલ્લીમાં ગયો. તે વખતે ભિલ્લો પલ્લી મૂકીને તેમની સામે યુદ્ધે ચડ્યા. રાજા પ્રબળ સૈન્યથી સહિત હોવાથી તે સર્વેને હણવા લાગ્યો. આ પ્રમાણે હણાતા કેટલાંક ત્યાંજ મરણ પામ્યા. કેટલાંક નાસી ગયા.

ત્યારે ક્રોધિત થયેલા રાજાએ પોતે જ પલ્લી ગ્રહણ કરી તે વખતે ત્યાં વસતા વણિગ્જનોએ અમે ચોર નથી, તેથી રાજા અમને કંઈ જ નહીં કરે એમ માની ત્યાંથી નાસી ન ગયા. પણ રાજાએ તેઓને પણ પકડી લીધા. ત્યારે તેઓએ વિનંતી કરી કે, હે દેવ ! અમે વણિક છીએ, ચોર નથી. તે સાંભળી રાજાએ કહ્યું કે, તમે ચોર કરતા પણ અધિક અપરાધી છે. કેમકે તમે અમારા અપરાધી એવા ચોરોની સાથે રહો છો.

**દૃષ્ટાંત ઉપનય** – આધાકર્મનું ભોજન કરનારની સાથે સંવાસ કરવો તે પણ દોષનું કારણ છે. કેમકે આધા કર્મના ત્યાગીને પણ દર્શન, ગંધ અને પરિકથા એ ત્રણે ભાવો સંવાસથી વાસિત કરે છે.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૧૪૭ + વૃ;*

— × — × —

**૦ અનુમોદના દોષમાં રાજદુષ્ટનું દૃષ્ટાંત :–**

શ્રીનિલય નામે નગર હતું. તેમાં ગુણચંદ્ર રાજા હતો. ગુણવતી રાણી આદિ અંતઃપુર હતું. તે નગરમાં સુરૂપ નામે વણિક રહેતો હતો. તે ઘણો જ સ્વરૂપવાન્ હતો. સુંદર સ્ત્રી તેનામાં આસક્ત રહેતી. તે પણ પર સ્ત્રીની લાલસાવાળો હતો.

કોઈ વખતે રાજાના અંતઃપુર પાસેથી તે પસાર થયો ત્યારે અંતઃપુરની સ્ત્રીઓએ તેને રાગથી નીહાળ્યો. તેણે પણ તેઓની અભિલાષા સહિત દૃષ્ટિ કરી. તેથી પરસ્પર પ્રીતિ થઈ. પછી દૂતીની મદદથી તે હંમેશાં ત્યાં જઈને રાણીઓને ભોગવવા લાગ્યો.

કેટલેક કાળે રાજાએ આ વૃત્તાંત જાણ્યો. તેથી જ્યારે તે અંતઃપુરમાં પ્રવેશ્યો ત્યારે રાજપુરુષો પાસે તેને પકડાવી દીધો. પછી જે આભરણોથી વિભૂષિત થઈને તે અંતઃપુરમાં પ્રવેશ કરતો હતો. તે જ આભરણો સહિત નગર મધ્યે ચૌટા ઉપર સર્વલોકોની સમક્ષ વિચિત્ર કદર્થનાપૂર્વક તેને મારી નાંખ્યો.

તે રાજા અંતઃપુરની દુષિતતાથી મનમાં અત્યંત ખેદ પામેલો હતો. તેથી સુરૂપને મારવા છતા તેનો રોષ ઘટતો ન હતો. તેથી તેણે બાતમીદારોને મોકલ્યા અને કહ્યું કે, તે દુરાત્મા વણિકની જેઓ પ્રશંસા કે નિંદા કરતા હોય, તે સર્વે મને જણાવો. ત્યારે તે ચરપુરુષો કાર્પટિકના વેષે સમગ્ર નગરમાં ફરવા લાગ્યા. ત્યારે કેટલાંક પુરુષો બોલતા હતા કે, જન્મેલા મનુષ્યે અવશ્ય મરવાનું તો છે જ, પણ જે રાણીઓ આપણને જોવા પણ મળતી નથી, તે રાણીને આ વણિકે દીર્ઘકાળ ભોગવીને મર્યો તેને ધન્ય છે.

કેટલાંક નગરજનો એ પ્રમાણે બોલતા હતા કે, આ બંને લોકથી વિરુદ્ધ કાર્ય કરનારા હોવાથી તેઓ અધન્ય છે. કેમકે રાજરાણી તો માતા તુલ્ય છે. તેથી તેની સાથે સંચરનારો આ પુરુષ કઈ રીતે પ્રશંસાને પાત્ર બની શકે ?

ત્યારે તે ચરપુરુષોએ આ બંને પ્રકારના પુરુષોનો વૃત્તાંત રાજાને જણાવ્યો. ત્યારે રાજાએ જેઓ તેની નિંદા કરનારા હતા. તેમને સારી બુદ્ધિવાળા છે એમ જાણી તેમનું બહુમાન કર્યું અને જેમણે સુરુપ વણિકની અનુમોદના કરી તેમને મારી નાંખ્યા.

**૦ દૃષ્ટાંત ઉપનય** – આધાકર્મ ભોજન કરનાર સાધુ–સાધ્વીને જોઈને કેટલાંક

તેમને ધન્ય માને છે અને કેટલાંક ધિક્કારે છે. ત્યારે ભગવંતે નિષેધ કરેલા ભોજન કરનારની અનુમોદના કરનારા પણ કર્મથી બંધાય છે. તેથી તે નિગ્રહને લાયક છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૧૪૯ + વૃ;*

— x — x —

**૦ આધાકર્મ સંભવ દોષમાં શાલિનું દૃષ્ટાંત :–**

સંકુલ નામે એક ગામ હતું. ત્યાં જિનદત્ત શ્રાવક રહેતો હતો. જિનમતિ તેમની પત્ની હતી. તે ગામમાં કોદરા અને રાલક ઘણાં ઉત્પન્ન થતા. તેથી તેનો જ કૂર ઘેરઘેર અટન કરનારા સાધુઓને પ્રાપ્ત થતો હતો. વસતિ પણ સ્ત્રી, પશુ, પંડક આદિ રહિત હતી. તેમજ કલ્પ્ય હતી. ત્યાં સ્વાધ્યાય પણ વિઘ્નરહિત થતો હતો. માત્ર ત્યાં શાલિ ઓદન પ્રાપ્ત થતા ન હતા.

કોઈ વખતે તે સંકુલ ગામની નજીક ભદ્રિલ નામના ગામમાં કોઈ આચાર્ય મહારાજ પધાર્યા. તેમણે સંકુલ ગામે ક્ષેત્રપ્રત્યુપ્રેક્ષણા માટે સાધુઓને મોકલ્યા. સાધુઓએ ત્યાં આવીને યથાવિધિ જિનદત્ત શ્રાવક પાસે વસતિ માંત્રી. જિનદત્તે પણ સાધુદર્શનથી હર્ષિત થયેલા હૃદયે તેઓને કલ્પ્ય વસતિ દેખાડી. સાધુ ત્યાં રહ્યા.

શાસ્ત્રોક્ત રીતે ભિક્ષાટન કરવા વડે અને બહિર્ભૂમિને વિશે આખા ગામની પ્રત્યુપ્રેક્ષણા કરી. જિનદત્ત શ્રાવકે પણ વસતિમાં આવીને યથાવિધિ સર્વ સાધુઓને વંદના કરી, મહત્તરક સાધુને પૂછ્યું કે, તમને વસતિ યોગ્ય લાગી ? ત્યારે તે મહત્તરક સાધુએ કહ્યું, "વર્તમાન યોગ". ત્યારે જિનદત્તને લાગ્યું કે, આ ક્ષેત્ર આ સાધુઓને પસંદ પડેલ લાગતું નથી. ત્યારે તેણે વિચાર્યું કે, બીજા સાધુઓ પણ અહીં આવે છે, છતાં અહીં કોઈ રહેતું કેમ નથી ?

એમ વિચારીને તેણે કોઈ સરળ સાધુને પૂછયું, ત્યારે તેણે સત્ય વૃત્તાંત જણાવ્યો. આ ક્ષેત્ર સર્વ પ્રકારે યોગ્ય છે, પણ અહીં આચાર્ય મહારાજને યોગ્ય શાલિ ઓદન મળતા નથી, તેથી અહીં રહેવા યોગ્ય બનતું નથી. પછી આ કારણ જાણીને તે જિનદત્ત શ્રાવકે બીજા ગામમાંથી શાલિના બીજ લાવીને પોતાના ગામના ખેતરમાં વવરાવ્યા. તેથી ઘણા શાલી ઉત્પન્ન થયા.

કોઈ વખતે વિહાર કરતા ત્યાં સાધુઓ પધાર્યા. તે વખતે તે શ્રાવકે વિચાર્યું કે, આ સાધુઓને મારે શાલિ ઓદન આપવા. જેથી આ ક્ષેત્ર આચાર્ય મહારાજને યોગ્ય છે, એમ જાણીને આચાર્યાદિ સાધુ અહીં પધારે. વળી જો માત્ર મારે ત્યાં શાલિ ઓદન મળશે તો તેમને આધાકર્મની શંકા ઉત્પન્ન થશે. તેથી સર્વે સ્વજનોને ત્યાં પણ શાલિ મોકલી દઉં. સ્વજનોને પણ શાલિ ઓદન રાંધવા સૂચના આપી.

આ સર્વ વૃત્તાંત બાળકોએ પણ જાણ્યો. એષણા સમિતિયુક્ત સાધુ ભિક્ષા માટે અટન કરતા હતા ત્યારે બાળકોના વચનો સાંભળ્યા કે, આ શાલિ ઓદન તે સાધુ આવ્યા માટે રંધાયા છે, મારી માતાએ ખાવા માટે આપ્યા છે – ઇત્યાદિ – આવી, આવી વાતો સાંભળીને સાધુઓએ વિચાર્યું કે, આ બાબતે નિશ્ચય કરવો જરૂરી છે.

જ્યારે સાધુઓને નિશ્ચય થયો કે, આ આધાકર્મ દોષવાળા જ ઓદન છે ત્યારે તે સર્વે ઘરોનો ત્યાગ કરીને બીજા ઘરોમાં ભિક્ષા માટે અટન કરવા લાગ્યા. જેઓને ત્યાં પર્યાપ્ત ગૌચરી ન મળી તે બીજા ગામમાં ભિક્ષાને માટે નીકળ્યા. આ પ્રમાણે **આધાકર્મ દોષનો સંભવ** જણાય ત્યાં સાધુઓએ ભિક્ષાદિ ગ્રહણ કરવા ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૧૮૪ થી ૧૮૯ + વૃ;*

— × — × —

**૦ આધાકર્મીના અભોજ્યત્વમાં બિલાડાના માંસનું દૃષ્ટાંત :–**

વક્રપુર નામે નગર હતું. ત્યાં ઉગ્રતેજા નામે સિપાઈ રહેતો હતો. તેને રૂકિમણી નામે પત્ની હતી. કોઈ વખતે ઉગ્રતેજાનો મોટો ભાઈ સોદાસ તેમને ત્યાં પરોણા તરીકે આવ્યો. ત્યારે ઉગ્રતેજાએ માંસ ખરીદીને પત્નીને આપ્યું. રૂકિમણી કામકાજમાં વ્યસ્ત હતી. ત્યાં બિલાડો માંસ ખાઈ ગયો. એટલામાં ઉગ્રતેજા અને સોદાસને ભોજનનો સમય થઈ, રુકિમણી વ્યાકુળ થઈ ગઈ.

તે વખતે કોઈ મરેલા કાર્પટિકનું માંસ કોઈ કૂતરાએ ભક્ષણ કરીને તેણીના ઘરના આંગણામાં રુકિમણીના દેખતાં જ વમન કરી ગયો. તેણીએ વિચાર્યું કે બીજું માંસ ખરીદવા જઈશ તો ઘણું મોડું થઈ જશે. તેથી આ જ માંસને ધોઈને મસાલો નાંખીને પકાવી દઉં. તેટલામાં સોદાસ અને ઉગ્રતેજા ભોજન કરવા બેઠા. તેણીએ તે માંસ પીરસ્યું. ત્યારે ઉગ્રતેજાએ ગંધાદિ વિશેષથી જાણ્યું કે, આ તો વમન કરેલું માંસ છે.

તેણે ધમકાવીને રુકિમણીને પૂછ્યું, ત્યારે ભયભીત થયેલી રુકિમણીએ સત્ય હકીકત કહી દીધી. ત્યારે તેઓએ તે માંસનોત્યાગ કરી રુકિમણીને ઠપકો આપીને ફરીથી બીજું માંસ લાવીને રંધાવ્યું અને તે ખાધું.

**દૃષ્ટાંત ઉપનય** – જે રીતે કૂતરાએ વમેલ માંસ સંસ્કાર્યા પછી પણ ખાવા લાયક થાય ખરું ? એ પ્રમાણે આધાકર્મ પણ અભોજ્ય છે.

કોઈ આચાર્ય આ દૃષ્ટાંતને જુદી રીતે વર્ણવતા કહે છે કે, રુકિમણીના ઘેર અતિસારના વ્યાધિથી પીડાતો કોઈ કાર્પટિક આવેલો. તેણે અતિસારના વ્યાધિથી ઠલ્લામાં માંસના કકડા કાઢ્યા. તે વખતે તેને જ ધોઈ, સંસ્કારિત કરી રુકિમણીએ રાંધેલા.

આ વૃત્તાંત ઉગ્રતેજાની સપત્નીના પુત્ર ગુણમિત્રે જાણ્યો હતો. તેણે ભોજન વેળા પોતાના પિતા અને કાકાને અટકાવ્યા અને સાચો વૃત્તાંત જણાવી તે ન ખાવા કહ્યું.

આ રીતે જેમ નિષ્ઠાગત માંસ અભોજ્ય છે તેમ આધાકર્મ ભોજન પણ સાધુ–સાધ્વીને અભોજ્ય છે.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૧૪, ૨૧૫ + વૃ;*

— × — × —

**૦ અવિધિ પરિહરણમાં શાલિનું દૃષ્ટાંત :–**

શાલિગ્રામ નામક ગામે ગ્રામણી નામે વણિક હતો. તેની પત્નીનું નામ પણ ગ્રામણી

હતું. કોઈ વખતે તે વણિક પોતાની દુકાને ગયો. તે વખતે ભિક્ષાભ્રમણ કરતા કોઈ અકોવિદ–ભદ્રિક સાધુએ તેના ઘેર પ્રવેશ કર્યો. ત્યારે ગ્રામણી ભાર્યા તેમને આપવા શાલિઓદન લાવી. સાધુએ આધાકર્મ દોષની શંકા નિવારવા તેણીને પૂછયું કે, હે શ્રાવિકા! આ શાલિ ક્યાંના છે. તેણીએ કહ્યું વણિકને ખબર.

ત્યારે તે સાધુ શાલિ ઓદન ગ્રહણ ન કરીને બજારે ગયો, ત્યાં વણિકને પૂછયું, ત્યારે વણિકે કહ્યું, મગધ દેશની સીમાએ ગોબર નામના ગામથી આ શાલિ આવે છે તે સાંભળી તે સાધુ ગોબરગામ તરફ ચાલ્યા. વળી માર્ગમાં તેને શંકા થઈ કે કોઈ શ્રાવકે આ માર્ગ સાધુને માટે કર્યો હશે. આધાકર્મની શંકાથી તે ઉન્માર્ગે ચાલ્યો.

તે વખતે ઉન્માર્ગમાં સર્પ, કાંટા અને શિકારી પશુઓ વડે તે ઉપદ્રવ પામ્યો. તે કોઈ દિશા જાણતો ન હતો. તથા આધાકર્મની શંકાથી વૃક્ષની છાયાનો પણ ત્યાગ કરવાથી મસ્તક પર સૂર્યનો તાપ પામીને મૂર્છા પામ્યો. ઘણો જ વ્યથિત થયો.

આ પ્રમાણે અવિધિએ આધાકર્માદિ દોષનો ત્યાગ કરવાથી જ્ઞાનાદિકનો ભાગી થતો નથી. તેથી દ્રવ્ય, કુળ, દેશ અને ભાવને આશ્રીને વિધિ પ્રમાણે દોષનો ત્યાગ કરવો.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૨૦ થી ૨૨૨ + વૃ;*

— × — × —

**૦ ભોજન શુદ્ધ–પરિણામ અશુદ્ધ – સંઘ ભોજનનું દૃષ્ટાંત :–**

શતમુખ નામે નગર હતું. ત્યાં ગુણચંદ્ર શ્રેષ્ઠી રહેતો હતો. તેને ચંદ્રિકા નામે પત્ની હતી. જિનશાસનાનુરાગી એવા તેણે ઉન્નત શિખરવાળું જિનચૈત્ય કરાવ્યું. તેમાં ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરાવી. ત્યારપછી તેણે સંઘભોજન આપવાનું પ્રારંભ્યું.

તે વખતે નીકટના ગામમાં કોઈ સાધુવેષનો વિડંબક સાધુ હતો. તેણે લોક પરંપરાએ સંઘભોજનની વાત સાંભળી. તે વખતે તે સાધુ સંઘ ભોજન લેવા આવ્યો. સંઘ ભોજન તો અપાઈ ગયું હતું. તેથી તે સાધુએ શ્રેષ્ઠી પાસે યાચના કરી. ત્યારે શ્રેષ્ઠીએ ચંદ્રિકાને કહ્યું કે, આ સાધુને ભોજન આપ. તેણીએ કહ્યું કે, સર્વ કંઈ અપાઈ ગયું છે.

ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે, મારી પોતાની રસોઈમાંથી આપ. ત્યારે તેણીએ પરિપૂર્ણ ભોજન આપ્યું. પછી આ સંઘનું ભોજન છે એવી બુદ્ધિથી તેને ગ્રહણ કરી ઉપાશ્રયે જઈને વાપર્યું. ત્યારે તે સાધુએ શુદ્ધ ભોજન વાપર્યું હોવા છતાં પરિણામથી તો તે અશુદ્ધ ભોજન જ હતું. અશુદ્ધ અધ્યવસાય હોવાથી તે સાધુને કર્મનો બંધ થયો. કેમકે ભોજન શુદ્ધ પણ પરિણામ અશુદ્ધ હતા.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૩૦ + વૃ;*

— × — × —

**૦ ભોજન અશુદ્ધ પણ પરિણામ શુદ્ધે–ખીરભોજન દૃષ્ટાંત :–**

પોતનપુર નગર હતું. ત્યાં ૫૦૦ સાધુથી પરિવરેલા ઉદ્યત વિહારી રત્નાકર નામે આચાર્ય ભગવંત પધાર્યા. તેમાં પ્રિયંકર નામે એક તપસ્વી સાધુ પણ હતા. તે નિરંતર

માસક્ષમણને પારણે માસક્ષમણ કરતા હતા. કોઈ વખતે પારણાના દિવસે પાસેના ગામમાં વહોરવા ગયા, જેથી તેને માટે કોઈ આધાકર્મી આહાર ન બનાવે.

તે ગામમાં યશોમતી શ્રાવિકા હતી. તેણીએ લોક મુખેથી સાંભળેલ કે આજે પ્રિયંકરમુનિને માસક્ષમણના પારણાનો દિવસ છે. તેથી તેણીએ તે દિવસે "કદાચ આ તપસ્વી માટે ત્યાં પારણા માટે પધારે" એવી બુદ્ધિએ શાલિના ઓદનની ઉત્તમ ખીર રાંધી. ત્યારપછી "કદાચ આધાકર્મની શંકાથી સાધુ ન લે તો ?" એમ વિચારી તેણીએ શરાવલામાં બાળકોને થોડી થોડી ખીર આપી શીખવી રાખ્યું કે, જો કોઈ તપસ્વી સાધુને આવતા જુઓ તો બોલવા લાગજો કે, હે માતા ! અમે તો ઘણી ખીર ખાધી છે હવે અમે ખાઈ શકતા નથી. પછી હું તમને ઠપકો આપું ત્યારે ફરી બોલજો કે, માતા ! તું રોજ ખીર જ કેમ બનાવે છે ?

તે તપસ્વીમુનિ ભિક્ષાર્થે ભ્રમણ કરતા–કરતા તેણીને ઘેર આવ્યા. તે વખતે મનોમન પરમ ઉલ્લાસ પામી. પછી બાળકો તેમને શીખવ્યા પ્રમાણે બોલવા લાગ્યા. તેથી તેણીએ સાધુને કહ્યું, આ બાળકોને ખીર રુચતી નથી, આપને ખપ આવે તો લઈ જાઓ. ત્યારે તે સાધુએ શંકારહિત થઈને ખીર ગ્રહણ કરી, તેણીએ પણ ભક્તિ વત્સલતાથી ખીર વડે પાત્ર ભરી દીધું.

સાધુએ શંકારહિત અને વિશુદ્ધ અધ્યવસાયવાળા થઈ તે ખીર લઈને કોઈ વૃક્ષની નીચે ગયા. ઇર્યાપથ પ્રતિક્રમણ કર્યું. પછી સ્વાધ્યાયાદિ કરી ભાવના કરવા લાગ્યા કે મને આજે ઉત્તમ એવું ખીરનું ભોજન મળેલ છે, જો કોઈ સાધુ આવે તો સંવિભાગ કરું. આ પ્રકારે તે ઉત્તમોઉત્તમ ભાવના ભાવવા લાગ્યા. પછી મૂર્છારહિતપણે તેમણે આ ખીરને વાપરી. પણ વૃદ્ધિ પામતા વિશુદ્ધ અધ્યવસાયવાળા થકી તેઓ કેવળજ્ઞાનને પામ્યા.

આ રીતે આહાર અશુદ્ધ હોવા છતાં પરિણામની શુદ્ધિ અને ભગવંતની આજ્ઞાની આરાધના કરવાના વિશુદ્ધ ભાવોથી આધાકર્મી આહાર વાપરવા છતાં શુદ્ધ પરિણામો થકી કેવળજ્ઞાન થયું.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૩૧ થી ૨૩૩ + વૃ;*

— × — × —

**૦ આજ્ઞા આરાધના અને ખંડન વિષયે ઉદ્યાનગમન–દૃષ્ટાંત :–**

ચંદ્રાનના નગરી હતી. ત્યાં ચંદ્રાવતંસક રાજા હતો, ત્રિલોકરેખા નામે રાણી હતી. તે રાજાને બે ઉદ્યાન હતા. સૂર્યોદય અને ચંદ્રોદય. કોઈ વખતે વસંતઋતુમાં પોતાના અંતઃપુર સહિત તે રાજા ક્રિડાર્થે સૂર્યોદય ઉદ્યાનમાં જવા વિચાર્યું. ત્યારે નગરમાં ઘોષણા કરાવી કે કોઈએ સૂર્યોદય ઉદ્યાનમાં જવું નહીં. ઘાસ–લાકડા વગેરે માટે જવું પડે તો ચંદ્રોદય ઉદ્યાનમાં જવું. ત્યારપછી રાજાએ સૂર્યોદય ઉદ્યાનના રક્ષકોને આજ્ઞા કરી કે આ ઉદ્યાનમાં કોઈને પ્રવેશ કરવા દેવો નહીં. રાત્રે રાજાને વિચાર આવ્યો કે, સૂર્યોદય ઉદ્યાન પૂર્વ સન્મુખ છે. તેથી મધ્યાહ્ન પર્યંત સૂર્ય સામો આવશે. તેથી હું ચંદ્રોદય ઉદ્યાનમાં જઈશ. રાજા પ્રાતઃકાળે ચંદ્રોદય ઉદ્યાનમાં ગયો.

આ તરફ પટહ સાંભળીને કેટલાંક દુર્જનોએ વિચાર કર્યો કે, આપણે રાજરાણીને જોઈ નથી. પ્રાતઃકાળે રાજા અંતઃપુર સહિત ઉદ્યાનમાં આવવાનો છે. તો ઘટાટોપ વૃક્ષમાં ગુપ્ત રીતે રહીને રાણીઓને જોઈશું. એ પ્રમાણે વિચારી વિશાળ વૃક્ષોની શાળામાં તેઓ છુપાઈ ગયા. તેવામાં કોઈ પ્રકારે ઉદ્યાનપાલકે આ જાણ્યું ત્યારે તેઓને પકડીને બાંધી દીધા. તે જ વખતે કેટલાંક તૃણ અને કાષ્ઠના અર્થી લોકો ચંદ્રોદય ઉદ્યાનમાં ગયા. ત્યાં રાજાને સ્વેચ્છાપૂર્વક રાણીઓ સાથે ક્રીડા કરતા જોયો. તેઓને પણ ઉદ્યાન રક્ષકોએ પકડીને બાંધી દીધા.

ત્યારપછી ઉદ્યાનમાંથી નીકળી નગરી તરફ પાછા ફરતા તે બંને પ્રકારના લોકોને ઉદ્યાનપાલકોએ રાજાને દેખાડ્યા. બંને પ્રકારના પુરુષોનો વૃત્તાંત સાંભળ્યો. જેઓએ સૂર્યોદય ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. તે સર્વે આજ્ઞાના ભંજક હતા, તેથી તેમને મારી નાંખ્યા. ચંદ્રોદય ઉદ્યાને અચાનક આવી ચડેલાએ રાજાજ્ઞાનો ભંગ કરેલ ન હતો, તેથી તે બધાંને છોડી મૂક્યા.

**દૃષ્ટાંત ઉપનય** – આધાકર્મના અધ્યવસાયવાળા તેવું ભોજન ન કરે તો પણ સૂર્યોદય ઉદ્યાનમાં પ્રવેશેલ પુરુષો માફક આજ્ઞા વિરાધક હોવાથી વિનાશ પામે છે. પરિણામથી વિશુદ્ધ એવા તેવું ભોજન કરે તો પણ આજ્ઞાના ભંજક ન હોવાથી ચંદ્રોદય ઉદ્યાનમાં પ્રવેશેલા પુરુષોની માફક મુક્ત રહે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૨૩૪ થી ૨૩૭ + વૃ;*

— × — × —

**૦ એષણામાં ઉપયોગ વિષયે ગોવત્સનું દૃષ્ટાંત :–**

ગુણાલય નામે નગર હતું. ત્યાં સાગરદત્ત નામે શ્રેષ્ઠી હતો. તેની શ્રીમતી નામે પત્ની હતી. તે શ્રેષ્ઠીએ મંદિરનો જિર્ણોદ્ધાર કરીને ઉત્તમોત્તમ મંદિર બનાવ્યું. તે શ્રેષ્ઠીને ગુણચંદ્ર, ગુણસેન, ગુણચૂડ અને ગુણશેખર નામે ચાર પુત્રો હતા. અનુક્રમે પ્રિયંગુલતિકા, પ્રિયંગુરુચિકા, પ્રિયંગુસુંદરી અને પ્રિયંગુસારિકા ચાર પુત્રવધૂ હતી.

કેટલોક કાળ જતા શ્રેષ્ઠીની ભાર્યા મરણ પામી. શ્રેષ્ઠીએ ઘરની સર્વ સંભાળ પ્રિયંગુલતિકાને સોંપી. તે શ્રેષ્ઠીના ઘેર વાછરડા યુક્ત એવી એક ગાય હતી. ગાય બહાર ચરવા જતી, વાછરડો ઘેર જ રહેતો. તેને વહુઓ યથાયોગ્ય ચારો–પાણી આપતી.

કોઈ દિવસે ગુણચંદ્ર અને પ્રિયંગુલતિકાના પુત્ર ગુણસાગરના લગ્નનો દિવસ આવ્યો. સર્વે વહુઓ વિશિષ્ટ આભરણથી વિભૂષિત થઈને સ્વ–પર મંડનાદિમાં વ્યસ્ત હતી. તેથી વાછરડો ભૂલાઈ ગયો. કોઈએ તેને ચારો–પાણી આપ્યા નહીં. મધ્યાહ્ને તે શ્રેષ્ઠી વાછરડો હતો ત્યાં જઈ ચડ્યો. શ્રેષ્ઠીને આવતા જોઈને વાછરડો આરડવા લાગ્યો.

ત્યારે શ્રેષ્ઠીએ જાણ્યું કે, આ વાછરડો ભૂખ્યો–તરસ્યો છે. તેથી કોપાયમાન થઈને તેણે પુત્રવધૂઓને તાડના–તર્જના કરી. તેથી વહુઓ ઉતાવળે યથાયોગ્ય ચારો–પાણી લઈ વાછરડા પાસે ચાલી. તે વખતે વાછરડો દેવીની જેમ શોભતી ઉત્તમ વહુઓ કે શોભતા ઘરમાંથી કશું જોતો નથી. માત્ર પોતાના માટે લવાતા ચારા પાણીઓને જ જુએ છે.

**દૃષ્ટાંત ઉપનય** – સાધુએ પણ ક્ષુધાના ઉપશમનાદિ માટે ભિક્ષા માટે અટન કરે ત્યારે આહારની ગવેષણા સિવાય અન્ય કોઈ વસ્તુ કે સ્ત્રી આદિમાં દૃષ્ટિ કે ઉપયોગ રાખવો ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૪૭, ૨૪૮ + વૃ;*

— × — × —

**૦ દ્રવ્યપૂતિમાં મણિભદ્ર યક્ષાયતનનું દૃષ્ટાંત :–**

સમિલ્લ નામે નગર હતું. નગર બહાર મણિભદ્રનું યક્ષાયતન હતું. કોઈ વખતે તે નગરમાં શીતળાનો વ્યાધિ ઉત્પન્ન થયો. ત્યારે કેટલાંકે માણિભદ્ર યક્ષની માનતા માની – જો અમે આ ઉપદ્રવથી મુક્ત થઈશું તો આઠમ આદિ તિથિએ તમારી ઉજવણી કરીશું. પછી તેઓ કોઈ પ્રકારે ઉપદ્રવથી મુક્ત થયા. તેઓ માનવા લાગ્યા કે આ યક્ષનો જ ચમત્કાર છે.

ત્યારે તેઓએ દેવશર્મા નામના પુજારીને વેતનથી ત્યાં રાખ્યો અને કહ્યું કે, એક વર્ષ સુધી આઠમાદિ તિથિએ તારે અહીં યક્ષમંડપને લીંપણ આદિ કરી પવિત્ર રાખવો. તે પૂજારીએ તે વાત સ્વીકાર કરી. કોઈ દિવસે આજે ઉજમણી છે એમ જાણીને તે સભાને લીંપવા માટે સૂર્યોદય પહેલાં જ કોઈ ગાયના વાડામાં છાણ લેવા માટે પ્રવેશ્યો. તે વખતે કોઈ નોકરે અજીર્ણ થવાથી તે જ વાડામાં દુર્ગંધી અજીર્ણની વિષ્ટા કરેલી હતી. ત્યાં અકસ્માત જ કોઈ ભેંશે આવીને છાણનો પોદડો મૂકેલો હતો.

દેવશર્મા ત્યાં આવ્યો. પોદડા વડે ઢાંકાએલી અજીર્ણ વિષ્ટાને તેણે જાણી નહીં. તેથી એ જ રીતે પોદડા સહિત તેને ગ્રહણ કરી લીધી. પછી યક્ષમંડપને લિંપ્યો. ઉજમણી માટે આવેલા માણસો જેટલામાં ત્યાં જમવા માટે બેઠા કે તુરંત અત્યંત દુર્ગંધ આવવા લાગી. ત્યારે દેવશર્માને પૂછ્યું કે, આ દુર્ગંધ ક્યાંથી આવે છે ? તેણે કહ્યું, આ વિષયે હું કંઈ જાણતો નથી.

ત્યારે તેઓએ સારી રીતે તપાસ કરતા લીંપણમાં વાલ આદિના કણિયા જોયા, મદિરાની ગંધ જાણી, તેથી ખબર પડી કે લીંપણમાં વિષ્ઠા ભળેલી છે. ત્યારે સર્વે ભોજનને અશુચિ જાણીને ત્યાગ કર્યો. લીંપણને મૂળ સહિત ઉખેડી નાંખીને બીજા છાણ વડે સભાને લીંપી. બીજા ભોજનાદિક તૈયાર કરાવ્યા.

આ દ્રવ્યપૂતિનું દૃષ્ટાંત છે. ઉદ્‌ગમ કોટિના અવયવ માત્રથી મિશ્ર અશનાદિક શુદ્ધ હોવા છતાં દૂષિત થાય છે, માટે તેનો ત્યાગ કરવો.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૨૬૯, ૨૭૦ + વૃ;*

— × — × —

**૦ પરભાવક્રીત દોષમાં દેવશર્મા મંખનું દૃષ્ટાંત :–**

શાલિગ્રામ નામે ગામે દેવશર્મા નામે મંખ રહેતો હતો. તેને ત્યાં વર્ષાકાળે કોઈ વખતે સાધુઓ ચોમાસુ રહ્યા. ત્યારે તે મંખ સાધુની ક્રિયાને તથા રાગદ્વેષ રહિતપણાને

જોઈને તેમની ભક્તિમાં લીન બન્યો. તેથી તે રોજ તેઓને ભક્તાદિક માટે નિમંત્રિત કરવા લાગ્યો. ત્યારે સાધુઓ તેને શય્યાતરપિંડ જાણીને નિષેધ કરતા હતા.

ત્યારે તે મંખે વિચાર્યું કે, આ સાધુઓ મારે ઘેર કંઈ ભોજન આદિ ગ્રહણ કરતા નથી. જો કદાચ બીજાના ઘેરથી અપાવું તો ગ્રહણ કરશે નહીં. તેથી ચોમાસુ પૂર્ણ થવા આવ્યું ત્યારે સાધુઓને પૂછ્યું કે, આપને કઈ દિશામાં જવા ભાવના છે ? ત્યારે સાધુઓએ પોતાના ભાવ પ્રમાણે જે દિશામાં જવું હતું તે કહી દીધું.

ત્યારપછી તે મંખ જે દિશામાં જઈ ગોકુળમાં પોતાનો પટ્ટ દેખાડી વચન કુશળતાથી લોકોને વશ કર્યા. ત્યારે તે લોકો પ્રસન્ન થઈને તેને ઘૃત–દૂધ આદિ આપવા લાગ્યા. ત્યારે તેણે કહ્યું કે, હું જ્યારે માંગુ ત્યારે આપજો. પછી વર્ષાકાળ વીત્યે સાધુઓ વિહાર કરતા તે દિશામાં આવ્યા. ત્યારે તે મંખે પોતાની ઓળખાણ ન થાય તે રીતે પૂર્વે નિષેધ કરેલા ઘી–દૂધ આદિ એકઠા કરીને રાખ્યા, પછી સાધુઓને નિમંત્રણા કરી.

ત્યારે સાધુઓએ પોતાના જ્ઞાન પ્રમાણે છદ્મસ્થ દૃષ્ટિથી ગૌચરીના દોષો વિચાર્યા. તેમને તે આહાર શુદ્ધ જણાતા ગ્રહણ કર્યો. ભગવંતની આજ્ઞાનુસાર તેમણે ગવેષણા કરી. જો તેઓને તેમાં ક્રીત, અભ્યાહૃત કે સ્થાપના દોષ જણાયો હોત તો ગ્રહણ ન જ કરત. પણ અહીં પરભાવક્રીત હતું.

સાધુઓએ જાણીને આ રીતે પરભાવક્રીત આહાર લેવો ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૩૩૮, ૩૩૯ + વૃ;*

— × — × —

**૦ પ્રામિત્ય દોષ સંબંધે ભગિનીનું દૃષ્ટાંત :–**

કોશલા નામે દેશમાં કોઈ ગામ હતું. ત્યાં દેવરાજ નામે કુટુંબી રહેતો હતો. સારિકા નામે તેની પત્ની હતી. સમ્મત આદિ પુત્રો અને સમ્મતિ આદિ ઘણી પુત્રીઓ હતી. આખું કુટુંબ શ્રાવકધર્મી હતું. તે જ ગામમાં શિવદેવ શ્રેષ્ઠી હતો. તેને શિવા નામે ભાર્યા હતી.

કોઈ દિવસે તે ગામમાં સમુદ્રઘોષ નામે આચાર્ય પધાર્યા. તેમની પાસે જિનપ્રરૂપિત ધર્મ સાંભળી સંવેગ થવાથી સંમતે દીક્ષા લીધી. કાળક્રમે સંમત સાધુ સમર્થ ગીતાર્થ થયા. તેણે વિચાર્યું કે, મારો કોઈ કુટુંબીજન દીક્ષા ગ્રહણ કરે તો સારું. આ પ્રમાણે વિચારી ગુરુ આજ્ઞાપૂર્વક તેઓ પોતાના બંધુના ગામે આવ્યા.

ત્યાં બહારના પ્રદેશમાં કોઈ પરિણત ઉંમરવાળા પુરુષને તેણે પૂછ્યું કે, અહીં દેવરાજ નામના કુટુંબીના કોઈ સંબંધી છે ? ત્યારે તેણે કહ્યું કે, ફક્ત સંમતિ નામક વિધવા પુત્રી જીવે છે. તે સાંભળી સંમત સાધુ તેણીને ઘેર ગયા. તેણીએ ભાઈમુનિને આવતા જોઈને બહુમાનપૂર્વક તેમને વંદના કરી, પછી પર્યુપાસના કરવા લાગી. તેણે ભાઈમુનિ નિમિત્તે કંઈક આહાર બનાવવા વિચાર્યું. ત્યારે સાધુએ કહ્યું કે, અમને નિમિત્ત આહાર કલ્પતો નથી.

ત્યારે સંમતિ દરિદ્ર હોવાથી, કોઈ વણિકને ત્યાંથી બે પળી તેલ ઉધાર લીધું. તે પણ રોજ બમણું થાય તે રીતે પરત કરવાની શરતે લાવેલી. ભાઈમુનિને તેણે વહોરાવ્યું. તેમણે પણ શુદ્ધ છે તેમ માનીને ગ્રહણ કર્યું. પછી ભાઈ મુનિએ ધર્મ કહ્યો. તેથી કોઈના ઘરનું કામ કરીને ઉધાર લાવેલ તેલ પાછું આપી શકી નહીં. બીજે દિવસે ભાઈમુનિએ વિહાર કર્યો, તેથી શોક વ્યાપ્ત બનેલી તે બીજે દિવસે પણ બે પડી તેલ પરત કરી શકી નહીં. ત્રીજી દિવસે તેલનું દેવું ચાર પળી થઈ ગયું, તેથી તેટલું દેવું ભરપાઈ ન કરી શકી.

એ પ્રમાણે તેણીનું વધતા–વધતા ઘડા પ્રમાણ થઈ ગયું. ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે, જો મારું દેવું ન ભરી શકે, તો મારી દાસી થા. તેણીએ દાસીપણું અંગીકાર કરવું પડ્યું. કેટલાંક વર્ષે સંમત સાધુ વિહાર કરતા તે જ ગામે પાછા આવ્યા. પોતાની બહેનને ઘરમાં ન જોઈ. પછી તેની ભાળ મેળવતા ખબર પડી કે તેણીએ દાસીપણું કરવુ પડે છે. ત્યારે તેણે બહેનને કહ્યું કે, તું ચિંતા ન કર, હું તને છોડાવી દઈશ.

ત્યારપછી સંમતમુનિ શિવદેવ વણિકને ત્યાં પ્રવેશ કર્યો. ભિક્ષા આપવા માટે શિવા શેઠાણી હાથ ધોવા પ્રવૃત્ત થઈ. તે જોઈને સાધુએ તેનો નિષેધ કર્યો. અમારે આ રીતે ભિક્ષા ન કલ્પે. તે વખતે નીકટમાં રહેલા શ્રેષ્ઠીએ કહ્યું કે, આમાં કયો દોષ છે ? ત્યારે સાધુએ કાય–વિરાધનાદિ દોષોને જણાવ્યા. ત્યારે આદરવાળા શ્રેષ્ઠીએ તેને કહ્યું કે, આપની વસતિ ક્યાં છે ? અમે ધર્મશ્રવણ માટે આવીએ.

ત્યારે સંમત સાધુએ કહ્યું કે, હજુ મને વસતિ મળેલ નથી. ત્યારે શિવ વણિકે પોતાના ઘરમાં વસતિ આપી. હંમેશાં તેમની પાસે ધર્મશ્રવણ કરવા લાગ્યો. પછી તેણે સમ્યકત્વ સહિત અણુવ્રતો સ્વીકાર્યા. પછી અભિગ્રહોનું વર્ણન સાંભળીને શિવદેવે પણ નિયમ કર્યો કે, કોઈપણ પ્રવ્રજ્યા અંગીકાર કરે તો મારે તેનો નિષેધ ન કરવો. ત્યારે શિવદેવનો મોટો પુત્ર અને સંમતિ બંને દીક્ષા લેવા તૈયાર થયા. શ્રેષ્ઠીએ બંનેને અનુમતિ આપતા તેઓએ દીક્ષા ગ્રહણ કરી.

સાધુએ આ રીતે પ્રામિત્યદોષયુક્ત ભિક્ષા ગ્રહણ કરવી નહીં.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૩૪૫ થી ૩૪૭ + વૃ;*

— × — × —

**૦ અભ્યાહૃત દોષ વિષયમાં મોદક ભોજનું દૃષ્ટાંત :–**

કોઈ ગામમાં ધનાવહ આદિ ઘણાં શ્રાવકો અને ધનવતી આદિ ઘણી શ્રાવિકાઓ હતા. સર્વે એક જ કુટુંબના હતા. કોઈ દિવસે તેમને ત્યાં વિવાહ મહોત્સવ થયા પછી ઘણાં મોદક આદિ વધ્યા હતા. ત્યારે તેમને થયું કે આ સાધુઓને આપીએ જેથી આપણને ઘણું પુણ્ય થાય. કેટલાંક સાધુ ઘણાં દૂર છે, કેટલાંક નજીક છે. નદી હોવાથી અપ્કાય વિરાધનાને ભયે આવશે નહીં. વળી આવે તે પણ કદાચ આધાકર્મની શંકાથી ગ્રહણ કરશે નહીં. માટે આપણે જ ગુપ્ત રીતે જઈને તેમને વહોરાવીએ.

વળી તેમને થયું કે સાધુઓને અશુદ્ધ માનીને ગ્રહણ ન પણ કરે, તો આપણે

બ્રાહ્મણાદિને આપીએ તો સાધુઓને તે જોઈને અશુદ્ધ હોવાની શંકા ન રહે. તેથી સાધુઓના આવાગમનના સ્થાને રહીને આપણે મોદક આપીએ. આ પ્રમાણે વિચારીને કોઈ મંદિરના બહારના ભાગે રહીને બ્રાહ્મણાદિને થોડું થોડું આપવા લાગ્યા.

તે સમયે ઉચ્ચારાદિકને માટે નીકળેલ સાધુઓને જોઈને નિમંત્રણ કરી, ત્યારે સાધુઓએ તેને નિર્દોષ આહાર માની ગ્રહણ કર્યો. પછી તે સાધુઓએ બીજા સાધુઓને આ વાત કરી. અમુક સ્થાને એષણીય અશનાદિ પ્રાપ્ત થાય છે. તે સાંભળી તેઓ પણ ગ્રહણ કરવા આવ્યા. કેટલાંક તેમને ઘણાં મોદકાદિ આપવા લાગ્યા. તો કેટલાંક માયાકપટથી તેમને અટકાવવા લાગ્યા કે થોડું આપો, બાકીનું આપણા ભોજનને માટે થશે. ઇત્યાદિ.

હવે જે સાધુઓ પ્રથમાલિકા (નવકારશી)વાળા હતા. તેમણે તો વાપર્યું, પણ પોરિસી આદિ પ્રત્યાખ્યાનવાળા હતા તેઓએ પણ આહાર કરવો શરૂ કર્યો. પુરિમડ્ઢવાળા સાધુએ આહાર શરૂ કરેલ ન હતો. ત્યારે શ્રાવકોએ વિચાર્યું કે હવે સાધુઓએ વાપરી લીધું હશે. તેથી તેમને વંદનાદિ કરીને આપણે પોતપોતાના સ્થાને જઈએ.

આ પ્રમાણે વિચારી કંઈક અધિક પ્રહર થયો ત્યારે સાધુને ત્યાં પહોંચી નૈષેધિકી કરી શ્રાવકોચિત વ્યવહાર કરવા લાગ્યા. ત્યારે સાધુઓને થયું કે આ શ્રાવકો ઘણાં વિવેકી લાગે છે. પરંપરાએ જાણ્યું કે, તેઓ અમુક ગામના છે. તેથી નિશ્ચય કરતા જાણ્યું કે, આ લોકો તો આપણા નિમિત્તે જ અહીં મોદકાદિ આહાર લાવ્યા હતા. ત્યારે જેમને પુરિમડ્ઢ પ્રત્યાખ્યાન હતું. તેઓએ આહાર ન કર્યો. જેમણે હાથમાં કોળીઓ લીધેલો તેમણે પણ પાત્રમાં પાછો મૂકી દીધો. જેમણે મુખમાં મૂકેલ પણ ગળે ઉતારેલ ન હતો, તેમણે મુખમાંથી બહાર કાઢી રાખની કુંડીમાં નાંખી દીધો. બાકીનું બધું જ પરઠવી દીધું.

આ રીતે સાધુઓએ અભ્યાહૃત દોષને વર્જવો જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૩૬૫ થી ૩૬૮ + વૃ;*

— x — x —

**૦ માલાપહૃત દોષમાં ભિક્ષુનું દૃષ્ટાંત :–**

જયંતપુર નામે નગર હતું. ત્યાં યક્ષદિન્ન નામે ગૃહપતિ હતો. તેને વસુમતી નામે પત્ની હતી. કોઈ વખતે ધર્મરુચિ નામક સાધુએ ભિક્ષા માટે પ્રવેશ કર્યો. ઇન્દ્રિય નીગ્રહી, રાગદ્વેષરહિત અને એષણા સમિતિયુક્ત તે સાધુને જોઈને યક્ષદિન્નને વિશિષ્ટ દાન આપવાના પરિણામ થયા. તેણે વસુમતીને કહ્યું, આદરસહિત મોદક આપ.

તે વખતે મોદક ઊંચે ટાંગેલા સિક્કામાં હતા. તેણી તે લેવા ઊભી થઈ, તે વખતે માલાપહૃત ભિક્ષા જાણીને તે સાધુ ઘરમાંથી નીકળી ગયા. ત્યારપછી તુરંત જ તે ઘેર કોઈ ભિક્ષુક આવ્યો. ત્યારે યક્ષદિન્ને પૂછયું કે, હે ભિક્ષુ ! હમણાં અહીં આવેલા સાધુએ સીક્કામાંથી લાવીને અપાતી ભિક્ષા કેમ ન લીધી ? ત્યારે તે ભિક્ષુ ઉપરના દ્વેષથી આ પ્રમાણે બોલ્યો કે, પૂર્વભવે દાન દીધું નથી તેવા આ રાંકડા છે. તેથી પૂર્વકર્મના યોગો તમારા જેવા શ્રેષ્ઠીના ઘેર સ્નિગ્ધ અને મધુર ભોજન પામતા હતા. પણ હવે તો તેમને

ગરીબનું અંતપ્રાંતાદિક ભોજન જ ખાવાનું છે. ત્યારપછી તે યક્ષદિન્ને તે જ મોદક વસુમતીને કહીને તે ભિક્ષુને અપાવ્યા. ત્યારે તેણી મોદક લેવા ચડી.

તે વખતે ઘડામાં ઉત્તમ દ્રવ્યથી બનાવેલા મોદકની સુગંધથી કોઈ પ્રકારે ત્યાં સર્પ આવીને રહેલો હતો. વસુમતી પગની પાની ઊંચી કરીને જેવો મોદક લેવા ઘડામાં હાથ નાંખતી હતી કે તે સર્પ તેને ડસ્યો. તે વખતે ચિત્કાર કરતી તે પૃથ્વી પર પડી. તે વખતે યક્ષદિન્ને ફુત્કાર કરતા સર્પને જોયો. ત્યારે મંત્રવાદીઓને બોલાવ્યા. ઔષધો મંગાવ્યા. તેના વડે તેણી નિરોગી થઈ.

ફરી ધર્મરુચિ સાધુ ત્યાં ભિક્ષાર્થે આવ્યા. યક્ષદિન્ને તેમને ઠપકો આપતા કહ્યું કે, તમે તે વખતે સર્પને જોવા છતાં કેમ ઉપેક્ષા કરી ? ત્યારે તે સાધુ બોલ્યો કે, મેં સર્પને જોયો ન હતો. પણ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા મુજબ અમે માલાપહૃત ભિક્ષા ગ્રહણ કરતા નથી. તેથી હું પાછો ફર્યો હતો. તે સાંભળીને યક્ષદિન્નને થયું કે, અહો ! ભગવંતે સાધુઓને આ કેવો નિરપાય ધર્મ કહ્યો છે. ઇત્યાદિ વિચારીને તેમણે ધર્મરુચિને વંદના કરી.

ત્યારપછી યક્ષદિન્ને તેમને જિનેશ્વર કથિત ધર્મ પૂછ્યો. સાધુએ પણ સંક્ષેપથી તેને ધર્મ કહ્યો. ત્યારે તેનું માયાસૂનવીય દૂર થયું. યથાસ્થિત હેય–ઉપાદેયને જોવા લાગ્યો. ત્યારપછી મધ્યાહ્ને ગુરુ પાસે આવીને વિશેષ પ્રકારે ધર્મ સાંભળીને તે દંપતીએ સંવેગ પામી દીક્ષા લીધી. આ રીતે સાધુએ માલાપહૃત દોષનો ત્યાગ કરવો જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૩૮૮, ૩૮૯ + વૃ;*

— × — × —

**૦ માલાપહૃત દોષ સંબંધે મોદકદાનનું દૃષ્ટાંત :–**

જયંતી નામે નગરી હતી. તેમાં સુરદત્ત નામે ગૃહપતિ હતો. તેને વસુંધરા નામે પત્ની હતી. કોઈ વખતે તેને ત્યાં ભિક્ષાને માટે ગુણચંદ્ર સાધુએ પ્રવેશ કર્યો. પ્રશાંત, નિસ્પૃહી એવા તેમને આવતા જોઈને સુરદત્તે વસુંધરાને કહ્યું કે, માળ ઉપરથી મોદક લાવીને સાધુને આપ. તે વખતે તે સ્ત્રી ગર્ભવતી હતી. તો પણ પતિની આજ્ઞા માની મોદક લાવવા માટે નીસરણી ઉપર ચઢવા પ્રયત્ન કરવા લાગી. તે વખતે માલાપહૃત ભિક્ષા સંયતને ન કલ્પે, તેમ વિચારી સાધુ ઘરમાંથી નીકળી ગયા.

તે વખતે કોઈ કાપિલમતનો ભિક્ષુ ભિક્ષાર્થે આવ્યો. ત્યારે તે સુરદત્તે તેને પૂછયું, હે ભિક્ષુ ! તે સાધુએ માળ ઉપરથી આણેલી ભિક્ષા કેમ ગ્રહણ ન કરી ? ત્યારે ઇર્ષ્યા વશ તે સંબંધ વિનાનું કંઈક બોલી ગયો. ત્યારે સુરદત્તે વસુંધરાને તે ભિક્ષુને મોદક આપવા કહ્યું. વસુંધરા મોદક લેવા નીસરણી ઉપર ચડવા જતી હતી. ત્યારે તેણીનો પગ લપસ્યો, ગર્ભિણી હોવાથી તે પડી ગઈ, નીચે ઘંટુલો હતો. તેનો ખીલો વાગતા તેણીની કુક્ષિ ફાટી ગઈ, ગર્ભ તરફડતો બહાર પડી ગયો. પછી ગર્ભ અને વસુંધરા બંને મરણ પામ્યા.

ફરી કોઈ વખતે ગુણચંદ્ર સાધુ ભિક્ષાર્થે તેને ત્યાં આવ્યા. ત્યારે સુરદત્તે તેમને પૂછયું કે, હે પૂજ્ય ! જેમ તમે જ્ઞાનચક્ષુ વડે આવનારા વિનાશને જોઈને ભિક્ષાનો ત્યાગ

કર્યો, ત્યારે તમે અમને વિપત્તિની વાત કેમ ન કરી ? ત્યારે સાધુએ કહ્યું કે, હું કંઈ પણ જાણતો નથી. કેવળ અમને સર્વજ્ઞનો એવો ઉપદેશ છે કે, સાધુને માલાપહૃત ભિક્ષા કલ્પે નહીં ઇત્યાદિ – પૂર્વવત્ ભિક્ષુના દૃષ્ટાંત મુજબ જાણવું – યાવત્ – સુરદત્તે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. *(ઉપનય પૂર્વવત્ જાણવો.)*

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૩૯૧ + વૃ;*

— x — x —

**૦ આચ્છેદ્ય દોષના સંદર્ભમાં ગોવાળની કથા :–**

વસંતપુર નામે નગર હતું. ત્યાં જિનદાસ શ્રાવક હતો. રુકિમણી તેની પત્ની હતી. તેમને ત્યાં વત્સરાજ નામે ગોવાળ હતો. તે દર આઠમે દિવસે સર્વે ગાય–ભેંસોના દૂધને ગ્રહણ કરતો હતો. કોઈ વખતે સાધુનું એક સંઘાટક (યુગલ) ભિક્ષા માટે આવ્યા. તે જ દિવસે દૂધ લેવાનો ગોવાળનો વારો આવ્યો. તેણે સર્વે ગાય–ભેંસને દોહી. જિનદાસ શ્રાવકે સાધુયુગલને ઉત્તમ પાત્ર જાણી તેમને ભક્તિથી અશનાદિ આપ્યા પછી, પે'લા ગોવાળનું દૂધ બળાત્કારે લઈને આપ્યું.

તે વખતે ગોવાળને સાધુ પર દ્વેષ થયો, પણ માલિકના ભયથી કંઈ બોલ્યો નહીં. ત્યારપછી દૂધનું પાત્ર કંઈક ઉણું લઈને ઘેર ગયો. તેની પત્ની તે જોઈને રોષ પામી. ત્યારે ગોવાળે સત્ય વાત કહેતા તેણી પણ સાધુ પર આક્રોશ કરવા લાગી. નાના બાળકો પણ ઓછું દૂધ જોઈને રડવા લાગ્યા. આ પ્રમાણે સમગ્ર કુટુંબને વ્યાકુળ જોઈ તે ગોવાળને સાધુ ઉપર ઘણો રોષ ઉત્પન્ન થયો.

ત્યારે તે ગોવાળ તે સાધુને મારવા ચાલ્યો. માર્ગમાં સાધુને જોઈને લાકડી લઈને તેની પાછળ દોડ્યો. સાધુનું તે તરફ ધ્યાન ગયું. તેને કોપાયમાન જોઈને વિચાર્યું કે, જિનદાસે બળાત્કારે આની પાસેથી દૂધ લઈને મને આપ્યું તેથી તે મારવા આવે છે.

ત્યારે સાધુ પ્રસન્ન વદન થઈને તેમની સન્મુખ ચાલ્યા. તેમણે ગોવાળને કહ્યું કે, તારા માલિકના આગ્રહથી મેં દૂધ લીધું હતું, લે તું તારું દૂધ પાછું ગ્રહણ કર. આમ કહેતા તેનો કોપ શાંત થઈ ગયો. તેણે સાધુને કહ્યું, હે સુવિહિત ! હું તમને મારવા આવેલ, પણ આપના વચનથી મારો કોપાગ્નિ શાંત થયો છે તેથી તમે જ તે દૂધ ગ્રહણ કરો. મેં તો તમને પ્રાણનો નાશ કર્યા વિના છોડી મૂક્યા પણ ફરીથી આવું આચ્છેદ્ય ગ્રહણ કરશો નહીં. એમ કહી તે ગોવાળ પાછો ફર્યો.

આ રીતે સાધુએ આચ્છેદ્ય દોષયુક્ત આહાર લેવો ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૩૯૭, ૩૯૮ + વૃ;*

— x — x —

**૦ અનિસૃષ્ટ દોષ વિષયમાં મોદકનું દૃષ્ટાંત :–**

રત્નપુર નગરમાં માણિભદ્ર આદિ બત્રીશ મિત્રો હતા. તેઓએ કોઈ વખતે ઉજાણી નિમિત્તે સામાન્ય મોદકો કરાવ્યા. પછી ઉજાણીએ ગયા. ત્યાં એકને મોદકનું રક્ષણ કરવા

રોકી, બાકીના ૩૧ નદીએ સ્નાન કરવા ગયા. તે અવસરે કોઈ લોલુપ સાધુ ભિક્ષા માટે આવ્યો. તેણે મોદકને જોયા. ત્યારે લંપટપણાથી ધર્મલાભ આપીને તે પુરુષ પાસે મોદક માંગ્યા. ત્યારે તે બોલ્યો, હે પૂજ્ય ! આ મોદક મને એકલાને આધીન નથી. પણ બીજા ૩૧ મિત્રોના પણ આ મોદક છે. તેથી હું કેમ આપું ?

ત્યારે તે સાધુએ કહ્યું કે, તેઓ ક્યાં છે ? તેણે કહ્યું કે, તે નદીએ સ્નાન કરવા ગયા છે. ત્યારે ફરીથી સાધુએ કહ્યું કે, શું તું બીજાના મોદક વડે પુણ્ય કરવા સમર્થ નથી ? તું ખરેખર ! મૂઢ છે. વળી જો તું બત્રીશે મોદકો મને આપે તો પણ તારા ભાગમાંથી તો એક જ મોદક જાય છે. તેથી અલ્પ વ્યય કરીને પણ તું મને સર્વે મોદકો આપી પુણ્ય ઉપાર્જન કર.

આ પ્રમાણે કહેતા તેણે સર્વે મોદકો આપ્યા. સાધુનું પાત્ર ભરાઈ ગયા. ત્યારે હર્ષિત થયેલ તે સાધુ ત્યાંથી નીકળ્યો. તેવામાં તે માણિભદ્રાદિ તેમની સન્મુખ આવ્યા. તેઓએ સાધુને પૂછ્યું, હે પૂજ્ય ! આ પાત્રમાં શું છે ? ત્યારે સાધુને લાગ્યું કે, આ તે મોદકના સ્વામી લાગે છે. જો સત્ય કહીશ તો તેઓ મોદક પાછા માંગશે. ત્યારે સાધુ મૌન રહ્યા. ત્યારે ભારથી નમેલા સાધુને જોઈને શંકાથી પાત્ર જોવા માંગ્યું. તેમાં મોદકો જોઈને કોપાયમાન થયેલા તેઓએ મોદકરક્ષક પુરુષને કહ્યું કે, શું આને તે સર્વે મોદકો આપી દીધાં ? ત્યારે તે ભયથી કંપતો બોલ્યો કે, મેં આપ્યા નથી. ત્યારે માણિભદ્રાદિકે સાધુને કહ્યું, હે પાપી ! તું ચોર છે, સાધુવેશની વિંડબના કરનાર છે. તું અત્યારે ચોરીના માલસહિત પકડાયો છે. હવે તારો છુટકારો કેમ થશે ?

એમ કહી તેના વસ્ત્ર–પાત્ર ખેંચ્યા. પછી તેમને રાજકુળમાં લઈ ગયા. ત્યારે લજ્જાથી તે સાધુ કંઈ બોલી શક્યા નહીં.

**દૃષ્ટાંત ઉપનય** – આ રીતે વસ્તુના માલિક ન હોય તો તેમના એકની પાસેથી અર્થાત્ અનિસૃષ્ટ દોષયુક્ત ગ્રહણ કરવું નહીં.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૪૦૮ થી ૪૧૧ + વૃ;*

— × — × —

**૦ દૂતિ દોષના વિષયમાં સ્વગ્રામદૂતીનું દૃષ્ટાંત :–**

વિસ્તીર્ણ નામે ગામ હતું, તેની નજીક ગોકુલ નામે ગામ હતું. વિસ્તીર્ણ ગામમાં ધનદત્ત નામે કુટુંબી રહેતો હતો. તેને પ્રિયમતી નામે પત્ની હતી. દેવકી નામે પુત્રી હતી. તેણીને તે જ ગામમાં સુંદર નામે માણસ પરણ્યો. તેમને બલિષ્ઠ નામે પુત્ર થયો. રેવતી નામે પુત્રી થઈ. તે રેવતી ગોકુળ ગામના સંગમ નામના માણસને પરણી.

પ્રિયમતી મૃત્યુ પામી. ધનદત્તે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ગુરુ સાથે વિચરવા લાગ્યા. કેટલેક કાળે તે વિસ્તીર્ણ ગામે આવ્યા. પોતાની પુત્રી દેવકીની વસતિમાં રહ્યા. તે વખતે તે બંને ગામને પરસ્પર વૈર ચાલતું હતું. તે વખતે વિસ્તીર્ણ ગ્રામવાસીએ ગોકુળ ગ્રામ પર ધાડ માટે તૈયાર કરી. તે જ વખતે ધનદત્ત સાધુ ગોકુળગ્રામે ભિક્ષા લેવા ચાલ્યા. ત્યારે દેવકી પુત્રીએ કહ્યું, આપ ગોકુળ ગામ જાઓ

છો. તો આપની દોહિત્રી (મારી પુત્રી) રેવતીને કહેજો કે, તારી માતાએ કહ્યું છે કે, આ ગામના લોકો મારા ગામ ઉપર ધાડ મારવા આવવાના છે. તેથી તારી મિલ્કત એકાંતમાં ગોપવી દેજે.

તે સાધુએ તે પ્રમાણે જ કર્યું. આ વાત રેવતીએ પોતાના પતિ સંગમને કહી. સંગમે આખા ગામને કહી. આખું ગામ સન્નદ્ધબદ્ધ કવચવાળું થયું. બીજે દિવસે વિસ્તીર્ણ ગામના લોકો મોટી ધાડ લઈને આવ્યા. પરસ્પર મોટું યુદ્ધ થયું. તેમાં સુંદર અને બલિષ્ઠ પણ ધાડમાં ગયેલા. સંગમ ગોકુળ ગામમાં જ વસતો હતો. ત્રણે મૃત્યુ પામ્યા.

તે વખતે દેવકી પતિ, પુત્ર અને જમાઈનું મરણ સાંભળીને વિલાપ કરવા લાગી. તેને નિવારવા ગામલોકો આવ્યા. પૂછયું કે, જો ગોકુળ ગામે ધાડ આવતી ન જાણી હોત તો આ કોઈ મરત નહીં. તેથી બતાવ કે કયા દુષ્ટે આ વાત કરી દીધેલી ? આવું લોકવચન સાંભળી તે ક્રોધ પામીને બોલી કે મેં અજાણતાથી જ મારા પિતામુનિ સાથે સંદેશો મોકલેલો. ત્યારે તે સાધુ સર્વ સ્થાને ધિક્કાર પામ્યા. તેમજ પ્રવચનની મલિનતા થઈ.

તેથી સાધુએ આ રીતે દૂતી કાર્ય કરવું ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૪૬૮, ૪૬૯ + વૃ;*

— × — × —

**૦ નિમિત્ત દોષ વિષયે ગ્રામનાયકનું દૃષ્ટાંત :–**

કોઈ ગ્રામનાયક પોતાની પત્નીને ઘેર મૂકી યાત્રાએ ગયેલો. તેની પત્નીને કોઈ સાધુએ નિમિત્ત વડે વશ કરી. દૂર ગયેલા ગામનાયકે વિચાર્યું કે, હું ગુપ્ત રીતે એકલો ઘેર જઈને મારી પત્નીની ચેષ્ટા જોઉં કે, તે સુશીલ છે કે દુઃશીલ છે ? તેણીએ સાધુ પાસેથી પતિનું આગમન જાણીને સર્વ પરિવારને તેની સામે મોકલ્યો. ગામનાયકે તેમને પૂછયું કે, હે ભાઈઓ ! તમે મારું આગમન કઈ રીતે જાણ્યું ? તેઓ બોલ્યા કે, અમને ભોગિનીએ કહ્યું, તે વખતે તે સાધુ તેના ઘેર આવેલ હતા.

ભોગિનીને ખાતરી કરાવવાપૂર્વક તેણે ગ્રામનાયક જે વાતો કરેલી, જે સ્વપ્ન જોયેલું, તેણીના શરીર પર જે નિશાનીઓ હતી ઇત્યાદિ સર્વે કહ્યું. ત્યારે ગામનાયક ઘેર આવ્યો. તેણીએ તેનો યથોચિત સત્કાર કર્યો. ગામનાયકે તેણીને પૂછયું કે, તેં મારું આગમન કઈ રીતે જાણ્યું ? તેણી બોલી કે, સાધુના નિમિત્ત જ્ઞાનથી. ત્યારે તેણે પૂછયું કે તેની કોઈ બીજી પ્રતીતિ છે ? ત્યારે તેણીએ સર્વ વૃત્તાંત કહ્યો. વળી તેણીએ કહ્યું કે, માર ગુહ્ય પ્રદેશે જે તલ છે, તે પણ સાધુએ કહ્યું, ત્યારે તે ઇર્ષ્યાથી સળગી ગયો.

તેણે કોપાયમાન થઈને સાધુને પૂછયું, હે સાધુ ! બતાવો આ ઘોડીના ગર્ભમાં શું છે ? સાધુએ કહ્યું, પાંચ તિલકવાળો વછેરો છે. તે સાંભળી તેણે વિચાર્યું કે, જો આ વાત સત્ય હશે તો સાધુની બધી વાત સત્ય માનીશ. અન્યથા આમને મારી નાખીશ. આ પ્રમાણે વિચારીને તેણે ઘોડીનો ગર્ભ વિદાર્યો. ત્યારે તરફડતો પાંચ તિલકવાળો વછેરો ગર્ભમાંથી

પડ્યો. ત્યારે ગામનાયકનો કોપ શાંત થઈ ગયો. (વછેરો મરણ પામ્યો.)

તેથી આ રીતે સાધુએ નિમિત્તદોષ સેવવો ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૪૭૨ થી ૪૭૪ + વૃ;*

— x — x —

**૦ જાતિ આજીવકમાં બ્રાહ્મણપુત્ર કથનનું દૃષ્ટાંત :–**

ભિક્ષા માટે અટન કરતા કોઈ સાધુએ કોઈ બ્રાહ્મણના ઘેર પ્રવેશ કર્યો. ત્યાં તેના પુત્રને હોમાદિક ક્રિયા કરતો જોઈને તેની સન્મુખ પોતાની જાતિ પ્રગટ કરવા માટે તે બોલ્યો કે, હોમાદિક ક્રિયાને અવિતથપણે કરવાથી આ તમારો જ પુત્ર જણાય છે. અથવા આ સમ્યક્ પ્રકારે ગુરુકૂળમાં રહ્યો લાગે છે. અથવા આ પુત્ર આચાર્યના ગુણો સૂચવે છે, તેથી આ અવશ્ય મોટો આચાર્ય થશે.

તે સાધુએ આ પ્રમાણે કહ્યું, ત્યારે બ્રાહ્મણ બોલ્યો, હે સાધુ ! તમે અવશ્ય બ્રાહ્મણ છો જેથી હોમાદિકને જાણો છો. તે સાંભળી સાધુ મૌન રહ્યા. આ રીતે તેણે પોતાની જાતિ પ્રગટ કરી. આમ કરવામાં અનેક દોષો છે. તે આ પ્રમાણે – જો તે બ્રાહ્મણ ભદ્રિક હોય તો જાતિના પક્ષપાતથી ઘણો આહારાદિક અપાવે. તે જાતિ ઉપજીવનનું નિમિત્ત છે, તેથી ભગવંતે તેનો નિષેધ કર્યો છે.

જો તે બ્રાહ્મણ પ્રાંત હોય તો – આ પાપાત્મા ધર્મભ્રષ્ટ થયો છે, તેણે બ્રાહ્મણપણાનો ત્યાગ કર્યો છે એમ વિચારી ઘરમાંથી કાઢી મૂકે ઇત્યાદિ અનાદર કરે. આ જ પ્રમાણે ક્ષત્રિયાદિકને વિશે જાણવું.

તેથી સાધુએ જાતિ આજીવિકા પ્રાપ્ત ન કરવી જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૪૭૭ + વૃ;*

— x — x —

**૦ ક્રોધપિંડના વિષયમાં મૃત માસિક ભોજનનું દૃષ્ટાંત :–**

હસ્તકલ્પ નામક નગરમાં કોઈ બ્રાહ્મણને ઘેર મરેલાના નિમિત્તે માસિક ભોજન અપાતું હતું. તે વખતે કોઈ સાધુ માસક્ષમણને અંતે ભિક્ષા માટે આવ્યા. તેમણે બ્રાહ્મણને અપાતા ઘેબર જોયા. તે સાધુને દ્વારપાળે નિષેધ કર્યો. ત્યારે ક્રોધથી તે સાધુ બોલ્યા કે, આ મૃતક માસિક ભોજન તમે ન આપ્યું તો હવે બીજા માસિકમાં આપશો. આ પ્રમાણે કહીને તે સાધુ ત્યાંથી નીકળી ગયા.

હવે દૈવયોગે તે જ ઘરમાં પાંચ–છ દિવસ બાદ બીજો મનુષ્ય મરી ગયો. તેના માસિકમાં ભોજન દેવાનું હતું. ત્યારે તે સાધુ ફરી માસક્ષમણને પારણે ત્યાં પહોંચ્યા. તે જ પ્રમાણે દ્વારપાળે નિષેધ કર્યો. ત્યારે ફરી ક્રોધિત થઈ બોલ્યા કે, ફરી બીજા માસિકમાં તમે મને ભોજન આપશો.

ત્યારપછી દૈવયોગે ફરી તે જ ઘરમાં કોઈ મરણ પામ્યું. આ જાણી તે સ્થવિર દ્વારપાળે વિચાર્યું કે, પહેલાં પણ આ સાધુએ બે વખત આવો શાપ આપેલો, બે મનુષ્ય

મરી ગયા. હવે ત્રીજી વખત કોઈનું મૃત્યુ ન થાઓ. એવી અનુકંપાથી તેણે ગૃહનાયકને બધી વાત કરી. તેણે આવીને આદર સહિત સાધુને ખમાવીને ઘેવર વગેરે તેમને ઇચ્છા પ્રમાણે આપ્યું. તેથી સાધુએ આવો ક્રોધપિંડ ગ્રહણ ન કરવો જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૫૦૨ + વૃ;*

— x — x —

**૦ માનપિંડ વિષયમાં ક્ષુલ્લક સાધુનું દૃષ્ટાંત :–**

ગિરિપુષ્પિત નામક નગરમાં સિંહ નામે આચાર્ય સપરિવાર પધાર્યા. એક વખત તે નગરમાં સેવક્કિ (સેવ)નો ઉત્સવ હતો. તે દિવસે સૂત્રપોરિસી બાદ એક સ્થાને યુવાન સાધુ એકઠા થયા. તેમનો પરસ્પર સંલાપ થયો. તેમાં કોઈક સાધુ બોલ્યા કે, આ બધામાંથી કયા સાધુ સવારમાં સેવ લાવશે ? ત્યારે ગુણચંદ્ર નામક ક્ષુલ્લક સાધુ બોલ્યા, હું લાવીશ. ત્યારપછી તેઓએ કહ્યું કે, જો તે સેવ સર્વ સાધુઓને પરિપૂર્ણ નહીં થાય, અથવા ઘી–ગોળરહિત હોય તો તેનું કંઈપણ પ્રયોજન નથી. તેથી જો અવશ્ય લાવવી જ હોય તો પરિપૂર્ણ ઘી–ગોળસહિત લાવવી. ત્યારે ક્ષુલ્લક સાધુ બોલ્યા કે, તમે ઇચ્છો છો તેવી જ લાવીશ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને નંદીપાત્ર લઈને ભિક્ષાને માટે તે નીકળ્યા. કોઈ કૌટુંબિકને ઘેર ગયા.

ત્યાં તેણે ઘણી સેવ જોઈ, તથા ઘી–ગોળ પણ ઘણાં તૈયાર કરેલા જોયા તે વખતે તેણે અનેક વચનો વડે સુલોચના નામક કૌટુંબિકપત્ની પાસે યાચના કરી, પણ તેણીએ સર્વથા નિષેધ કર્યો. ત્યારે ઇર્ષ્યા પામેલા ક્ષુલ્લકે કહ્યું કે, હું ઘી–ગોળ સહિત આ સેવને અવશ્ય ગ્રહણ કરીશ. સુલોચના પણ કોપાયમાન થઈને બોલી કે, જો તું આ સેવમાંથી કંઈપણ પામે, તો મારી નાસિકા પર પ્રસ્રવણ કર્યું તેમ જાણવું. તે સાંભળી ક્ષુલ્લક – "આ કાર્ય અવશ્ય કરવું" તેમ વિચારીને તેના ઘરમાંથી બહાર નીકળી ગયો.

ત્યારપછી કોઈને પૂછયું કે, આ ઘર કોનું છે ? તેણે કહ્યું, વિષ્ણુમિત્રનું છે. ત્યારે તે ક્ષુલ્લક સાધુએ સભામાં જઈને પૂછયું કે, હે મનુષ્યો ! અહીં વિષ્ણુમિત્ર કોણ છે ? ત્યારે તે લોકોએ પ્રયોજન પૂછયું. સાધુએ કહ્યું કે, મારે તેમની પાસે કંઈક યાચના કરવાની છે. ત્યારે હાસ્ય કરીને તેઓ બોલ્યા કે, તે કૃપણ છે, તેથી તમને કંઈપણ આપશે નહીં.

તે વખતે વિષ્ણુમિત્રએ પોતાની અપભ્રાજના ન થાય, એમ વિચારી સાધુ પાસે જઈને કહ્યું, હું જ વિષ્ણુમિત્ર છું. માંગો. ત્યારે ક્ષુલ્લક સાધુ બોલ્યા કે, સ્ત્રીને આધીન એવા છ પુરુષોમાંથી જો તું એક પણ ન હો તો તારી પાસે યાચના કરું. તે સાંભળી લોકો બોલ્યા કે, તે છ પુરુષ કોણ ? જેમાંનો આ વિષ્ણુમિત્ર એક હોય તેમ તમે કહો છો–

ત્યારે ક્ષુલ્લક સાધુએ કહ્યું કે, (૧) શ્વેતાંગુલિ, (૨) બકોડ્ડાયક, (૩) કિંકર, (૪) સ્નાયક, (૫) ગૃદ્ધ ઇવ રિંખી, (૬) હદજ્ઞ. તે આ પ્રમાણે–

(૧) શ્વેતાંગુલિ – કોઈ ગામમાં કોઈ પુરુષ પોતાની પત્નીની ઇચ્છા પ્રમાણે વર્ત્તનારો હતો. તે સવારે ભોજન માંગે ત્યારે તેની પત્ની કહેતી – તમે જ ચૂલામાંથી રાખ બહાર કાઢો. પાડોશીને ત્યાંથી અગ્નિ લાવો, તેના વડે અગ્નિ સળગાવો, ચૂલા પર

વાસણ મૂકો. એ પ્રમાણે રસોઈ તૈયાર કરો, પછી હું તમને પીરસું. તે પુરુષ હંમેશાં તેમ કરતો, રોજ રાખ કાઢવાથી તેની શ્વેત અંગુલિ થઈ જવાથી, લોકો તેને શ્વેતાંગુલિ કહેવા લાગ્યા.

(૨) બકોડ્ડાયક :– કોઈ ગામમાં કોઈ પુરુષ પોતાની પત્નીના મુખદર્શન સુખમાં લંપટ હતો. તેથી તેણીની આજ્ઞામાં વર્તતો હતો. કોઈ વખતે તેની પત્નીએ કહ્યું કે, તું જે આજ્ઞા આપે, તે હું કરું જ છું. પણ લોકો ન જુએ માટે રાત્રિના છેલા પ્રહરે તળાવમાંથી પાણી ભરી લાવે છે. તેના આવાગમનથી અને ઘડાના અવાજથી તળાવમાં રહેલા બગલા ઉડી જતા હતા. આ વૃત્તાંત જાણીને લોકો તેને બકોડ્ડાયક કહેવા લાગ્યા.

(૩) કિંકર :– કોઈ ગામમાં કોઈ પુરુષ પત્નીના સ્તન, જઘનાદિનો સ્પર્શ કરવામાં લંપટ હોવાથી પત્નીની ઇચ્છા મુજબ વર્તતો હતો. તે રોજ ઉઠીને હાથ જોડીને કહેતો કે, હું શું કરું ? તે જે–જે કામ સોંપતી તે કામ તે પુરુષ કરતો હતો, તેથી લોકો તેને કિંકર નામે બોલાવતા હતા.

(૪) સ્નાયક :– કોઈ ગામમાં એક પુરુષ પત્નીની આજ્ઞામાં રહેતો હતો. કોઈ દિવસે તેની પત્નીએ કહ્યું કે, હું સ્નાન કરવા ઇચ્છું છું. તેણીએ કહ્યું, આમળાને શિલા પર વાટો, સ્નાનની ધોતી પહેરે. તેલનો માલીશ કરો, ઘડાને હાથમાં લ્યો, પછી તળાવમાં સ્નાન કરીને જળથી ભરીને આવો. તેણે પત્નીની આજ્ઞાનું તે રીતે રોજ પાલન કરવાનું શરૂ કર્યું. લોકોએ તેને સ્નાયક નામે બોલાવવો શરૂ કર્યો.

(૫) ગૃધ્ર ઇવ રિંખી :– કોઈ ગામમાં કોઈ પુરુષ પત્નીની આજ્ઞાનું પાલન કરતો હતો. એકદા તે સ્ત્રી રસોઈ કરવા બેઠી. તેણે તેણીની પાસે ભોજન માંગ્યુ. તેણીએ કહ્યું, થાળી લાવો. ત્યારે તેણીએ ભોજન પીરસ્યું. તેણી બોલી – ભોજનના સ્થાને જઈને જમો. તેણે તેમ કર્યું. પછી તેણે ઓસામણ માંગ્યુ. પત્ની બોલી થાળી લઈને મારી પાસે આવો. ત્યારે તે ગૃધ્ર પક્ષીની માફક ઉભડક પગે ત્યાં ગયો. એ જ પ્રમાણે તેણે તક્રાદિક ગ્રહણ કર્યા. લોકોએ આ વૃત્તાંત જાણીને તેનું નામ ગૃધ્ર ઇવ રિંખી પાડી દીધું.

(૬) હદજ્ઞ :– કોઈ ગામમાં પત્નીનું મુખ જોવામાં લંપટ કોઈક પુરુષ તેણીના હુકમને તાબે હતો. તેને એક પુત્ર થયો. તે પારણામાં જ રહ્યો. તે બાળક વિષ્ટા કરતો હતો. તે વિષ્ટાથી તે પારણું અને બાળકના વસ્ત્રો ખરડાતાં હતાં. ત્યારે તેણી કહેતી હતી કે, બાળકને સાફ કરો, વસ્ત્રો ધુવો. ત્યારે તેણીની આજ્ઞાનું પાલન કરવા લાગ્યો. આ રીતે તે બાળકના હદન પ્રક્ષાલન કરતો હોવાથી તેનું નામ હદજ્ઞ પાડી દીધું.

આ પ્રમાણે ક્ષુલ્લક સાધુએ કહ્યું ત્યારે સભામાં સર્વ લોકો અટ્ટહાસ્ય કરીને કહ્યું કે, હે ક્ષુલ્લક ! આ વિષ્ણુમિત્ર તો છ એ પુરુષોના ગુણોને ધારણ કરે છે. તેથી સ્ત્રીપ્રધાન એવા આની પાસે તમે કાંઈ પણ માંગશો નહીં. ત્યારે વિષ્ણુમિત્ર બોલ્યો કે, હું કંઈ તે છ પુરુષો જેવો નથી, તેથી આપ મારી પાસે માંગો.

ત્યારે ક્ષુલ્લકે કહ્યું કે, મને ઘી–ગોળ સહિત સેવથી મારું પાત્ર ભરી દો. વિષ્ણુમિત્રે કહ્યું કે, ચાલો આપું. પછી તે ક્ષુલ્લકને સાથે લઈ પોતાને ઘેર ચાલ્યો. ઘરનું દ્વાર આવતા ક્ષુલ્લકે કહ્યું, હું પહેલા પણ તમારે ઘેર આવેલો. તમારી પત્નીએ પ્રતિજ્ઞા કરી છે કે, તે મને

કંઈપણ નહીં આપું. તેથી હવે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો. ત્યારે વિષ્ણુમિત્રે કહ્યું, તમે ક્ષણ વાર અહીં રહો. પછી આપને બોલાવીશ.

ત્યારપછી વિષ્ણુમિત્ર ઘરમાં પ્રવેશ્યો. તેણે પોતાની પત્નીને પૂછ્યું કે, તે સેવતિકા રાંધી, ઘી—ગોળ તૈયાર કર્યા ? તેણી બોલી કે, હા, સર્વ પરિપૂર્ણ કર્યું છે. ગોળ જોઈને તે બોલ્યો કે, આ ગોળ થોડો છે, માળ ઉપરથી ઘણો ગોળ લાવ, જેથી બ્રાહ્મણોને હું જમાડું.ત્યારે તે સ્ત્રી માળે ચડી, તેણે નીસરણી લઈ લીધી. પછી ક્ષુલ્લકને બોલાવી પાત્ર ભરાય તેટલી સેવ અને ઘી—ગોળ આપવાનો આરંભ કર્યો.

તેટલામાં ગોળ લઈને સુલોચના માળ ઉપરથી ઉતરવા ગઈ, પણ નીસરણી ન જોઈ, વિસ્મયથી ચારે તરફ જોયું. ત્યારે ક્ષુલ્લકને દેવાતી ઘી—ગોળ સહિત સેવને જોઈ. તે વખતે હું આ ક્ષુલ્લક વડે પરાભવ પામી. તેથી "આને ન આપો – આને ન આપો" એમ મોટા શબ્દ વડે પોકારવા લાગી. ક્ષુલ્લકે પણ તેણીની સન્મુખ જોઈને. મેં તારી નાસિકા ઉપર મૂત્ર કર્યું – એમ પોતાની નાસિકા ઉપર આંગળી મૂકીને દેખાડ્યું. પછી ક્ષુલ્લક પોતાની વસતિમાં ગયા.

**દૃષ્ટાંતનો ઉપનય** – આ રીતે માનપિંડ સાધુએ ગ્રહણ ન કરાય. કેમકે ઉક્ત દૃષ્ટાંતમાં દ્વેષ થવાનો, આત્માની વિપત્તિનો અને શાસનની ઉફ્ફાહણાનો દોષ સંભવે છે.

*૦ આગમ સંદર્ભ :–*
*પિંડનિ. ૫૦૩ + વૃ;*

— × — × —

### ૦ લોભપિંડમાં સિંહકેસરા લાડુનું દૃષ્ટાંત :–

ચંપા નામે નગરી હતી. ત્યાં સુવ્રત નામે સાધુ હતા. એક દિવસે તે નગરીમાં મોદકનો ઉત્સવ થયો. તે દિવસે સુવ્રત સાધુએ વિચાર્યું કે, આજે મારે સિંહકેસરા લાડુ જ વહોરવા. આ પ્રમાણે વિચારી ભિક્ષા લેવા ચાલ્યા. લોભથી બીજી કોઈ વસ્તુ વહોરતા ન હતા. સિંહકેસરા લાડુ ન મળવાથી તે અઢી પ્રહર સુધી ભમ્યા. તો પણ સિંહકેસરા લાડુ ન મળવાથી તે ચિત્તભ્રમ થઈ ગયા.

તેથી જે ઘરમાં પ્રવેશતા ત્યાં તે "ધર્મલાભ" કહેવાને બદલે સિંહકેસરા–(લાભ) એમ બોલવા લાગ્યા. એ પ્રમાણે આખો દિવસ ભમી રાત્રિએ પણ તે જ પ્રમાણે ભમતા બે પ્રહર ગયા. ત્યારે કોઈ શ્રાવકને ઘેર પહોંચ્યા. ધર્મલાભને બદલે સિંહકેસરા એમ બોલ્યા. તે શ્રાવક ગીતાર્થ અને સમજુ હતો. તેણે વિચાર્યું કે, આ સાધુને ક્યાંય સિંહકેસરા લાડુ પ્રાપ્ત થયા નથી, તેથી ચિત્તભ્રમ થયો લાગે છે. એમ જાણીને તેમના ચિત્તની સ્થિરતા માટે સિંહકેસરા લાડુનું ભરેલ પાત્ર તેની પાસે મૂક્યું. હે ભગવન્ ! આ સર્વે લાડુ ગ્રહણ કરો.

ત્યારપછી સિંહકેસરા લાડુ ગ્રહણ કરતાં તેનું ચિત્ત સ્વસ્થ થયું. પછી શ્રાવકે કહ્યું, હે ભદંત ! આજે મારે પુરિમડ્ઢનું પ્રત્યાખ્યાન કરેલ છે. તે પૂર્ણ થયું કે નહીં ? સુવ્રત સાધુએ આકાશ તરફ જોઈને ઉપયોગ મૂક્યો. તારા મંડળથી જાણ્યું કે, અર્ધરાત્રિ થઈ છે. ત્યારે તેમને તેમના મૂઢ આચરણ માટે પસ્તાવો થયો. શ્રાવકને કહ્યું કે, લોભથી સંસારમાં

ડૂબતા એવા મારું રક્ષણ કરીને મને સારી પ્રેરણા આપી.

ત્યારપછી આત્મનિંદા કરતા તેમને કેવળજ્ઞાન થયું.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૫૨૦, ૫૨૧ + વૃ;*

— × — × —

**૦ વિદ્યાપિંડના વિષયમાં ભિક્ષૂપાસકનું દૃષ્ટાંત :–**

ગંધસમૃદ્ધ નગરમાં ધનદેવ નામે ભિક્ષૂપાસક હતો. તે ઘેર ભિક્ષાર્થે આવતા સાધુઓને કાંઈપણ આપતો ન હતો. કોઈ વખત યુવાન સાધુઓ એક સ્થાને ભેગા થયા. તેઓને સંવાદ થયો કે, આ ધનદેવ અતિપ્રાંત છે. તે સાધુઓને કાંઈપણ આપતો નથી. તો તેમની પાસેથી ઘી–ગોળ અપાવે તેવો કોઈ સાધુ છે ? ત્યારે તેમાંના કોઈ એક સાધુએ કહ્યું કે, જો મને અનુજ્ઞા આપો તો હું લાવી આપું.

ત્યારપછી તે સાધુ તેને ઘેર ગયા. વિદ્યા વડે તેને મંત્ર્યો. ત્યારે તેણે સાધુઓને કહ્યું, હું તમને શું આપું ? તેમણે કહ્યું કે, ઘી, ગોળ, વસ્ત્ર આપો. ત્યારે તેણે સાધુઓને ઘી, ગોળ વગેરે (સ્વજનો દ્વારા) ઘણું અપાવ્યું. ત્યારપછી તે ક્ષુલ્લક સાધુએ વિદ્યા સંહરી લીધી. એટલે તે ભિક્ષૂપાસક પોતાના મૂળસ્વભાવ પર આવ્યો. પછી જ્યારે તેણે ઘી વગેરે જોયું ત્યારે કોણે મારા ઘૃતાદિક હરણ કર્યા ? કોણે મને છેતર્યો ? એમ વિલાપ કરવા લાગ્યો. ત્યારે તેના પરિવારે કહ્યું, તમે જ અમારા હાથે સાધુઓને અપાવ્યું. હવે આમ કેમ બોલો છો ? તે સાંભળી ધનદેવ મૌન થઈ ગયો.

સાધુએ આ રીતે વિદ્યાપિંડ ગ્રહણ ન કરવું. તેથી જુગુપ્સાદિ દોષ થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પિંડનિ. ૫૩૩, ૫૩૪ + વૃ;*

— × — × —

*ભત્ત પરિણ્ણા :– આ પ્રકિર્ણકમાં કેટલાંક અતિસંક્ષિપ્ત દૃષ્ટાંત છે. વિવિધ આરાધક–વિરાધકના નામ અને તેનો કિંચિત્ માત્ર પરીચય છે. જો કે તેમાંના ઘણાં દૃષ્ટાંત પૂર્વે શ્રમણ–શ્રમણી આદિ વિભાગોમાં વિસ્તારથી આવી ગયા છે. જેની આગમ સંદર્ભમાં તે–તે કથાને અંતે નોંધ પણ કરી જ છે. તો પણ અહીં તેનો પુનઃઉલ્લેખ થયેલ છે. તે ભક્તપરિજ્ઞાનું માહાત્મ્ય જાળવવાના હેતુથી અને આરાધક–વિરાધક દૃષ્ટાંતરૂપ પાત્રોના પરીચય માટે નોંધેલ છે.*

*આગમ સંદર્ભ નોંધ :– દૃષ્ટાંતો અતિ–અતિ લઘુ હોવાથી તેમના–તેમના ક્રમાનુસાર આગમ સંદર્ભ બધાં આરાધકોના નામોને અંતે ક્રમસહિત એક સાથે જ આપેલ છે.*

(૧) મૃગાવતી :– વંદન, ખામણાં અને સ્વનિંદા વડે સો ભવનું ઉપાર્જેલ કર્મ એક ક્ષણ માત્રમાં મૃગાવતી રાણીની માફક ક્ષય કરે છે.

(૨) દત્ત :– મિથ્યાત્ત્વથી મૂઢ ચિત્તવાળો, સાધુ ઉપર દ્વેષ રાખવા રૂપી પાપથી તુરૂમણિ નગરીના દત્તરાજાની માફક આ લોકમાં જ તીવ્ર દુઃખ પામે છે.

(૩) કૃષ્ણ અને શ્રેણિક :– શુદ્ધ સમકિતી પરંતુ અવિરતિ જીવ પણ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. જેમ જેમનું આગામી કાળે કલ્યાણ થવાનું છે એવા હરિવંશના

પ્રભુ એટલે કે કૃષ્ણ વાસુદેવ અને શ્રેણિક રાજાઓએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

(૪) નંદમણિકાર :– રાજગૃહ નગરમાં નંદમણિકાર શેઠનો જીવ જે દેડકો થયો હતો (પછી દર્દુરાક દેવ બન્યો) તેની જેમ શ્રી જિનેશ્વર ભગવંતોની ભક્તિ ઉત્તમ કુળમાં ઉત્પત્તિ અને સુખની નિષ્પત્તિ કરે છે.

(૫) કમલયક્ષ :– માઠાં કર્મ કરનારો મહાવત જેને ચોર કહીને શૂળીએ ચઢાવેલો તે પણ "નમો જિણાણં" (નમો અરિહંતાણં) કહેતો શુભ ધ્યાને વર્તતો કમલપત્રના જેવી આંખોવાળો યક્ષ થયો.

(૬) સુદર્શન :– અજ્ઞાની ગોવાળ પણ નવકાર મંત્ર આરાધીને મરણ પામ્યો, તે ચંપાનગરીમાં શ્રેષ્ઠીપુત્ર સુદર્શન નામે પ્રખ્યાત થયો.

(૭) યવરાજર્ષિ :– જો લૌકિક શ્લોક વડે યવરાજર્ષિએ રાજાને મરણ થકી બચાવ્યો. તે રાજા રૂડું સાધુપણો પામ્યો, તો જિનેશ્વર ભગવંતના કહેલા સૂત્રો વડે જીવ મરણના દુઃખથી છૂટે એમાં શું કહેવું ?

(૮) ચિલાતીપુત્ર :– ઉપશમ, વિવેક, સંવર એ પદના સ્મરણ માત્રથી તેટલાં જ શ્રુતજ્ઞાનવાળો ચિલાતીપુત્ર જ્ઞાન તેમજ દેવપણું પામ્યો.

(૯) ચંડાલ :– સુંસુમાર દ્રહને વિશે ફેંકાએલ છતાં ચાંડાલ પણ એક દિવસમાં એક જીવ બચાવવાથી ઉત્પન્ન થયેલ અહિંસા વ્રતના ગુણ વડે દેવતાનું સાનિધ્ય પામ્યો.

(૧૦) વસુરાજા :– એક વખત પણ બોલેલ જૂઠ ઘણાં સત્ય વચનોનો નાશ કરે છે.કેમકે એક અસત્ય વચન વડે વસુરાજા નરકમાં ગયો.

(૧૧) કીઢીડોશી–શ્રાવકપુત્ર :– ચોરીથી નિવર્તેલો શ્રાવકનો પુત્ર જેમ સુખ પામ્યો – કીઢી નામની ડોશીને ઘેર ચોર પેઠા. તે ચોરોના પગોને વિશે ડોશીએ મોરપિંછ વડે અંગુઠો ચિતર્યો, તે નિશાનીએ ઓળખીને શ્રાવકના પુત્રને છોડીને બધા ચોરોને માર્યા.

(૧૨) ગૃદ્ધવણિક આદિ :– કામિત જીવ સુખનું તુચ્છપણું જોતો નથી. પરિણામે રૌદ્રનરકની વેદનાઓ અને ઘોર સંસાર સાગરના વહનને તે જીવ પામે છે – જેમ–

૦ કામના સેંકડો બાણો વડે વિંધાએલો તે ગૃદ્ધવણિક રાજાની સ્ત્રીએ પાયખાનાની ખાળમાં નાંખ્યો, ત્યાં અનેક દુર્ગંધોને સહન કરતો રહ્યો.

૦ કામાસક્ત માણસ વૈશ્યાયનતાપસ માફક ગમ્ય અગમ્યને જાણતો નથી–

૦ જેમ કુબેરદત્ત શેઠ તુરંત બાળકને જન્મ આપનારી પોતાની માતા સાથે સુરત (વિષય) સુખથી રક્ત થયેલો રહ્યો.

(૧૩) દેવરતિ :– સાકેત નગરનો દેવરતિ નામે રાજા રાજ્યના સુખથી ભ્રષ્ટ થયો, કારણ કે રાણીએ પાંગળા ઉપરના રાગના કારણે તેને નદીમાં ફેંક્યો અને તે બુડ્યો.

(૧૪) ગંગદત્ત :– રાગને લીધે જેણે રાગગર્ભિત નિયાણું કર્યું.

વિશ્વભૂતિ – દ્વેષને કારણે જેણે દ્વેષગર્ભિત નિયાણું કર્યું.

ચંડપિંગલ :– ધર્મને માટે હીન કુળાદિકની પ્રાર્થના કરવી રૂપ મોહગર્ભિત નિયાણું કર્યું.

આ નિયાણ (શલ્ય) વડે શલ્યરહિત મુનિના મહાવ્રતો, અખંડ અને નિરતિચાર

મુનિના મહાવ્રતો પણ નાશ પામે છે.

(૧૫) ઇન્દ્રિયરાગથી થતી હાનિ :— શ્રોત્ર ઇન્દ્રિય વડે પરદેશ ગયેલા સાર્થવાહની સ્ત્રી, ચક્ષુના રાગ વડે મથુરાનો વાણિયો, ઘ્રાણને વિશે રાજપુત્ર, જીહ્વાના રસથી સોદાસ, સ્પર્શઇન્દ્રિય વડે દુષ્ટ સોમાલિકાનો રાજા નાશ પામ્યો. એકૈક વિષયે જો તે નાશ પામ્યા તો પાંચે ઇન્દ્રિયોમાં આસક્તનું શું થાય ? વિષયની અપેક્ષા કરનારો જીવ દુસ્તર ભવ સમુદ્રમાં પડે છે અને વિષયથી નિરપેક્ષ હોય તે ભવસમુદ્રમાં તરે છે. તે વિષયમાં રત્નદ્વીપની દેવીને મળેલા (જિનપાલિત અને જિનરક્ષિત નામના) બે ભાઈઓનું દૃષ્ટાંત છે.

(૧૬) કષાયના પરિણામ :— ક્રોધ વડે નંદ વગેરે, માન વડે પરસુરામ આદિ, માયા વડે પાંડુ આર્યા અને લોભ વડે લોભનંદ આદિ દુઃખને પામ્યા.

(૧૭) ઉત્તમાર્થ આરાધક :— શિયાલણીથી અતિશય ખવાતા, ઘોર વેદના પામતા પણ અવંતિસુકુમાલ ધ્યાન વડે આરાધના પામ્યા, સિદ્ધાર્થ (મોક્ષ) જેને પ્યારો હતો એવા ભદંત સુકોસલ પણ ચિત્રકૂટ પર્વતે વાઘણ વડે ખવાતા મોક્ષ પામ્યા. ગોકુળમાં પાદપોપગમ અનશન કરનાર ચાણક્ય મંત્રીને સુબંધુ મંત્રીએ સળગાવેલા છાણાંથી બળાયા છતાં ઉત્તમાર્થને પામ્યા.

*૦ આગમ સંદર્ભ :— (પૂર્વે લખેલો અંક દૃષ્ટાંતનો છે અને પછી લખાયેલો અંક "ભત્તપરિણ્ણા" આગમનો છે.*

૧–૫૦, ૨–૬૨, ૩–૬૭, ૪–૭૫, ૫–૭૮, ૬–૮૧, ૭–૮૭, ૮–૮૮, ૯–૯૬, ૧૦–૧૦૧, ૧૧–૧૦૬, ૧૨–૧૧૧ થી ૧૧૩, ૧૩–૧૨૨, ૧૪–૧૩૫ થી ૧૩૭, ૧૫–૧૪૫ થી ૧૪૭, ૧૬–૧૫૩, ૧૭–૧૬૦ થી ૧૬૨;

— × — × —

*સંથારગ — આ પ્રકિર્ણકમાં કેટલાંક અતિ સંક્ષિપ્ત દૃષ્ટાંત છે. જેમાં સંથારાની આરાધના કરનારાના નામ અને તેનો કિંચિત્ માત્ર પરીચય છે. જો કે તેમાંના ઘણાં દૃષ્ટાંતો પૂર્વે શ્રમણ–શ્રમણી આદિ વિભાગોમાં વિસ્તારથી આવી ગયેલા છે. જેની નોંધ તેમના આગમ સંદર્ભોને અંતે પણ કરી જ છે. તો પણ આ વિભાગમાં તેનો ફરી ઉલ્લેખ કર્યો છે. તે સંથારગ–આરાધકોના માહાત્મ્ય દર્શાવવાને માટે છે.*

*આગમ સંદર્ભ નોંધ — દૃષ્ટાંતો અતિ–અતિ લઘુ હોવાથી તે–તે દૃષ્ટાંતની સાથે જ "સંથારગ" આગમના ક્રમાંકો મૂકી દીધા છે.*

(૧–૫૬, ૫૭) **અર્ણિકાપુત્ર આચાર્ય :—** પોતનપુરમાં પુષ્પચૂલા આર્યાના ધર્મગુરુ શ્રી અર્ણિકાપુત્ર પ્રખ્યાત હતા. તેઓ એક અવસરે નાવ દ્વારા ગંગાનદીને પાર કરતા હતા. નાવમાં બેઠેલા લોકોએ તે વેળાએ તેમને ગંગામાં ધકેલી દીધા. ત્યારબાદ અર્ણિકાપુત્ર આચાર્યે તે સમયે સંથારાને સ્વીકારી સમાધિપૂર્વક મરણને પ્રાપ્ત કર્યું.

(૨–૫૮ થી ૬૦) **સ્કંદકસૂરિ–૫૦૦ શિષ્યો :—** કુંભકાર નગરમાં દંડકરાજાના પાપબુદ્ધિ પાલક નામના મંત્રીએ **સ્કંદકકુમાર** દ્વારા વાદમાં પરાજિત થવાના કારણે, ક્રોધવશ બની માયાપૂર્વક પંચમહાવ્રતયુક્ત એવા શ્રી સ્કંદકસૂરિ આદિ ૫૦૦ નિર્દોષ સાધુઓને યંત્રમાં પીલી નાંખ્યા. મમતારહિત, અહંકારથી પર તેમજ પોતાના

શરીરને વિષે પણ અપ્રતિબદ્ધ એવા તે ૪૯૯ મહર્ષિ પુરુષો તે રીતે પીલાવા છતાંય સંથારાને સ્વીકારીને આરાધકભાવમાં રહીને મોક્ષને પામ્યા.

(૩–૬૧, ૬૨) **દંડરાજર્ષિ–યવરાજર્ષિ :–** દંડ નામના પ્રખ્યાત રાજર્ષિ કે જેઓ પ્રતિમાને ધારણ કરનારા હતા. એક અવસરે યમુનાવક્ર નગરમાં ઉદ્યાનમાં તેઓ પ્રતિમાને ધારણ કરીને કાર્યોત્સર્ગ ધ્યાને ઊભા હતા, ત્યાં યવન રાજાએ તે મહર્ષિને બાણથી વીંધી નાંખ્યા, તેઓ તે વેળાયે સંથારાને સ્વીકારી, આરાધક ભાવમાં રહ્યા. ત્યારબાદ યવનરાજાએ સંવેગ પામીને શ્રમણપણાને સ્વીકાર્યું, શરીરને વિશે સ્પૃહારહિત બનીને કાયોત્સર્ગધ્યાને ઊભા રહ્યા. તે અવસરે કોઈએ તેઓને બાણથી વીંધ્યા, છતાંયે સંથારાને સ્વીકારી તે મહર્ષિ સમાધિમરણને આપ્યા.

(૪–૬૩, ૬૪) **સુકોશલ ઋષિ :–** સાકેતપુરના શ્રી કીર્તિધર રાજાના પુત્ર **શ્રી સુકોશલ ઋષિ** ચાતુર્માસના માસક્ષમણના પારણાના દિવસે, પિતામુનિ સાથે પર્વત પરથી ઉતરતા હતા, તે વેળાએ વાઘણ એવી પૂર્વજન્મની માતાએ તેઓને ફાડી ખાધા, છતાંયે તેમણે ગાઢ રીતે ધીરતાપૂર્વક પોતાના પ્રત્યાખ્યાનમાં પુરા ઉપયોગશીલ રહ્યા. વાઘણથી ખવાતા એવા તેણે અંતે સમાધિપૂર્વકના મરણને પ્રાપ્ત કર્યું.

(૫–૬૫, ૬૬) **અવંતિસુકુમાલ :–** ઉજ્જૈની નગરીમાં અવંતિસુકુમાલે સંવેગ ભાવને પામીને દીક્ષા લીધી. યોગ્ય અવસરે પાદપોપગમન અનશન સ્વીકારીને તેઓ શ્મશાન મધ્યે એકાંત ધ્યાને રહ્યા હતા. રોષાયમાન એવી શિયાલણે તેઓને ત્રાસપૂર્વક ફાડી ખાધા. આ રીતે ત્રણ પ્રહર સુધી ખવાતાં તેઓ સમાધિપૂર્વક મરણને પામ્યા.

(૬–૬૭ થી ૬૯) **કાર્તિકાર્ય ઋષિ :–** શરીરનો મલ, રસ્તાની ધૂળ અને પરસેવા આદિથી કાદવમય શરીરવાળા, પણ શરીરનાં સહજ અશુચિ સ્વભાવના જ્ઞાતા, સુરવણગ્રામના શ્રી કાર્તિકાર્યઋષિ શીલ તથા સંયમગુણોના આધારરૂપ હતા. ગીતાર્થ એવા તે મહર્ષિનો દેહ અજીર્ણ રોગથી પીડાતો હોવા છતાંયે તેઓ સદાકાળ સમાધિ ભાવમાં રમણ કરતા, એક સમયે રોહિડક નગરમાં પ્રાસુક આહારને ગવે,તા તે ઋષિને પૂર્વવૈરી કોઈ ક્ષત્રિયે શક્તિના પ્રહારથી વિંધ્યા. દેહ ભેદાવા છતાંયે તે મહર્ષિ એકાંત ઉજ્જડ અને તાપ વિનાની વિશાલ ભૂમિ પર પોતાના દેહને ત્યજીને સમાધિમરણને પામ્યા.

(૭-૭૦ થી ૭૨) **ધર્મસિંહ :–** પાટલીપુત્ર નગરમાં શ્રી ચંદ્રગુપ્ત રાજાનો શ્રી ધર્મસિંહ નામક મિત્ર હતો. સંવેગભાવ પામીને તેણે ચંદ્રગુપ્તની લક્ષ્મીનો ત્યાગ કરી પ્રવ્રજ્યા સ્વીકારી. શ્રી જિનકથિત ધર્મમાં સ્થિત એવા તેઓએ કોલ્લપુર નગરમાં અનશન સ્વીકાર્યું અને ગૃધ્રપૃષ્ઠ પ્રત્યાખ્યાનને શોક રહિતપણે કર્યું. તે વેળા જંગલમાં હજારો પશુઓએ તેઓના શરીરને ચૂંથવા માંડ્યું. આમ જેનું શરીર ખવાઈ રહ્યું છે એવા એ મહર્ષિ, શરીરને વોસિરાવીને પંડિત મરણને પામ્યા.

(૮–૭૩ થી૭૫) **ચાણક્ય :–** પાટલિપુત્ર નગરમાં ચાણક્ય નામે મંત્રી પ્રસિદ્ધ હતો. અવસરે સર્વ પ્રકારના પાપારંભોથી નિવૃત્ત થઈને તેઓએ ઇંગિની મરણને સ્વીકાર્યું. ત્યારબાદ ગાયોના વાડામાં પાદપોપગમ અનશને સ્વીકારીને તેઓ કાયોત્સર્ગ ધ્યાને ઊભા

રહ્યા. આ પ્રસંગે પૂર્વવૈરી સુબંધુમંત્રીએ અનુકૂલ પૂજાના બહાને તેમને છાણાથી સળગાવ્યા. આમ શરીર સળગવા છતાંયે તે ચાણક્ય ઋષિએ સમાધિમરણ પ્રાપ્ત કર્યું.

(૭–૭૬ થી ૭૮) **અમૃતઘોષ રાજર્ષિ :–** કાકંદી નગરીમાં શ્રી અમૃતઘોષ નામે રાજા હતો. યોગ્ય અવસરે તેણે પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યાને ગ્રહણ કરી. સૂત્ર અને અર્થમાં કુશલ તથા શ્રુતના રહસ્યને પામનાર એવા તે રાજર્ષિ શોકરહિતપણે પૃથ્વી પર વિહાર કરતાં ક્રમશઃ કાકંદી નગરી પધાર્યા. ત્યાં ચંડવેગ નામના વૈરીએ તેઓના શરીરને શસ્ત્રપ્રહારથી છેદી નાંખ્યું. શરીર છેદાઈ રહ્યું છે, તેવી વેળાએ પણ તે મહર્ષિ સમાધિભાવમાં સ્થિર રહ્યા અને પંડિત મરણને પ્રાપ્ત કર્યું.

(૧૦–૭૯, ૮૦) **લલિતઘટા બત્રીશ પુરુષો :–** કૌશાંબી નગરીમાં લલિતઘટા બત્રીશ પુરુષો પ્રખ્યાત હતા. તેઓએ સંસારની અસારતાને જાણીને શ્રમણપણાને ગ્રહણ કર્યું. શ્રુત સાગરના રહસ્યને પ્રાપ્ત કરનારા એવા તેઓએ શરીરના મમત્વથી રહિત બની, યોગ્ય અવસરે પાદપોપગમ અનશનને સ્વીકાર્યું. અકસ્માત્ નદીના પૂરથી તણાતાં મોટાદ્રહમાં તેઓ ખેંચાઈ ગયા. આવા અવસરે પણ તેઓએ સમાધિપૂર્વક પંડિતમરણને પ્રાપ્ત કર્યું.

(૧૧–૮૧ થી ૮૩) **સિંહસેન ઉપાધ્યાય :–** કુણાલ નગરમાં વૈશ્રમણદાસ નામનો રાજા હતો. તેને રિષ્ઠ નામે મંત્રી હતો જે મિથ્યાદૃષ્ટિ અને દુરાગ્રહ વૃત્તિવાળો હતો. તે નગરમાં કોઈ વખતે મુનિવરોને વિશે વૃષભ સમાન, ગણિપિટકરૂપ શ્રી દ્વાદશાંગીના ધારક તથા સમસ્ત શ્રુતસાગરના પારને પામનાર અને ધીર એવા શ્રી ઋષભસેન આચાર્ય સપરિવાર પધાર્યા. તેમના શિષ્ય શ્રી સિંહસેન ઉપાધ્યાય કે જેઓ અનેક પ્રકારના શાસ્ત્રાર્થ રહસ્યના જ્ઞાતા, તથા ગણની તૃપ્તિને કરનારા હતા. તેમને રાજમંત્રી રિષ્ઠની સાથે વાદ થયો. વાદમાં રિષ્ઠ પરાજિત થયો. આથી રોષથી ધમધમતા, નિર્દય એવા તેણે પ્રશાંત અને સુવિહિત શ્રી સિંહસેન ઋષિને અગ્નિથી સળગાવી મૂક્યા. શરીર અગ્નિથી બળી રહ્યું છે. આ અવસ્થામાં તે ઋષિવરે સમાધિ મરણને પ્રાપ્ત કર્યું.

(૧૨–૮૪) **કુરૂદત્ત શ્રેષ્ઠીપુત્ર :–** હસ્તિનાગપુરના કુરુદત્ત શ્રેષ્ઠીપુત્રે સ્થવિરો પાસે દીક્ષા સ્વીકારી. કોઈ સમયે નગરના ઉદ્યાનમાં તેઓ કાયોત્સર્ગ ધ્યાને ઊભા હતા. ત્યાં ગોપાળે નિર્દોષ એવા તેઓને શાલ્મલીવૃક્ષના લાકડાની જેમ સળગાવી મૂક્યાં, છતાં યે આ અવસ્થામાં તેઓએ સમાધિપૂર્વક પંડિત મરણ પ્રાપ્ત કર્યું.

(૧૩–૮૫) **ચિલાતીપુત્ર :–** ચિલાતીપુત્ર નામના ચોરે ઉપશમ, વિવેક, સંવરરૂપ ત્રિપદીને સાંભળીને દીક્ષા ગ્રહણ કરી, તે અવસરે તેઓ ત્યાંજ કાયોત્સર્ગધ્યાને રહ્યા. કીડીઓએ તેમના શરીરને ચાલણીની જેમ છિદ્રવાળું કર્યું. આમ શરીર ખવાતું હોવા છતાંયે તેઓ સમાધિમરણને પામ્યા.

(૧૪–૮૬) **ગજસુકુમાલ :–** શ્રી ગજસુકુમાલ ઋષિ નગરના ઉદ્યાનમાં કાયોત્સર્ગધ્યાને રહ્યા હતા. નિરપરાધી અને શાંત એવા તેઓને કોઈ પાપાત્માએ હજારો ખીલાથી જાણે મઢેલ હોય એવી રીતે લીલા ચામડાથી બાંધી, પૃથ્વી પર પછાડ્યા, તેમ છતાં તેઓએ સમાધિમરણને પ્રાપ્ત કર્યું. *(આ ગજસુકુમાલ કૃષ્ણવાસુદેવના ભાઈ સિવાયના બીજા*

*કોઈ ઋષિ હોવા જોઈએ)*

(૧૫–૮૭) **સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ** :– મંખલી ગોશાળાએ નિર્દોષ એવા શ્રી સુનક્ષત્ર ને સર્વાનુભૂતિ નામના શ્રી મહાવીર ભગવંતના શિષ્યોને તેજોલેશ્યાથી બાળી નાંખ્યા હતા. તે રીતે સળગતાં તે બંને સમાધિભાવને સ્વીકારીને પંડિતમરણને પામ્યા.

*૦ આગમ સંદર્ભ :–*

*(ઉપરોક્ત કથાના ક્રમાંકની બાજુમાં લખેલા અંકો – તે તે કથાના "સંથારગ" આગમના સંદર્ભ ક્રમાંકો છે.)*

— × — × —

*૦ **મરણસમાધિ** :- આ પ્રકિર્ણકમાં પણ કેટલાંક અતિ સંક્ષિપ્ત દૃષ્ટાંતો છે. જેમાં સમાધિમરણ આરાધકોના નામ અને અતિ અલ્પ પરિચય કથાનકો છે. તેમાંના ઘણાં દૃષ્ટાંતો કથાસ્વરૂપે શ્રમણ–શ્રમણી આદિ વિભાગોમાં આવી ગયા છે. તેમજ ભત્તપરિણ્ણા અને સંથારગના દૃષ્ટાંતોમાં પણ આવી ગયા છે. તો પણ આ વિભાગમાં તેમનો પુનઃ ઉલ્લેખ સમાધિ મરણ પ્રાપ્ત કરનાર મહર્ષિની મહત્તા દર્શાવવા કરેલ છે – જોકે સંથારગમાં આવેલ દૃષ્ટાંતનો માત્ર ઉલ્લેખ કર્યો છે.*

*– **આગમ સંદર્ભ** :– કથાના ક્રમ અને નામની સાથે – જે અંકો છે તે આ કથાનો મરણસમાધિ આગમનો આગમ સંદર્ભ દર્શાવે છે.*

(૧–૪૨૪, ૪૨૫) **જિનધર્મ શ્રાવક** :– કાંચનપુરે જિનધર્મનામક શ્રેષ્ઠી હતો, તે શ્રાવક હતો. તેનું આ પ્રમાણે ચરિત્ર છે. જે રીતે તેણે વિતતમુનિ દ્વારા પરમ દુષ્કર ઉપસર્ગો સહન કર્યા, તે રીતે સુવિહિતોએ ઉત્તમાર્થની આરાધના કરવા ઉપસર્ગોને સહન કરવા જોઈએ.

(૨–૪૨૬, ૪૨૭) **મેતાર્યમુનિ** :– જે મેતાર્યમુનિના મસ્તકે કસીને બંધાયેલ આર્દ્રચર્મને કારણે બંને આંખો બહાર નીકળી ગઈ. (ડોળા ધસી પડ્યા) તો પણ મેરુગિરિ જેવા અચલ તે સંયમથી ચલિત ન થયા. ક્રૌંચ પક્ષીનો અપરાધ હોવા છતાં, ક્રૌંચ પક્ષીનું નામ ન આપ્યું, પણ પ્રાણિ દયાથી ક્રૌંચના જીવનની રક્ષા પોતાના પ્રાણના ભોગે કરી તે મુનિને હું નમસ્કાર કરું છું.

(૩–૪૨૮ થી ૪૩૧) **ચિલાતિપુત્ર** :– ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ જ પદ વડે જેમણે સમ્યક્ પ્રકારે ધર્મને જાણ્યો અને સંયમમાં સારી રીતે આરૂઢ થયા, તે ચિલાતિપુત્રને નમસ્કાર કરું છું. જેમના લોહીની ગંધથી આવેલી કીડીઓએ તેમના શરીરને ખાવાનું શરૂ કર્યું અને તેમના કાનમાં પ્રવેશીને કીડીઓ મસ્તક સુધી પહોંચી તેવા દુષ્કરકારકને વંદુ છું. તે ચિલાતી પુત્રના દેહને કીડીઓએ ચાલણી જેવો કરી દીધો તો પણ તેની ઉપર લેશમાત્ર પ્રદ્વેષ મનમાં ધારણ ન કર્યો, તેવા ધીર ચિલાતીપુત્ર ધર્મથી ચલિત ન થયા તેવા દુષ્કરકારકને વંદુ છું.

(૪–૪૩૨, ૪૩૩) **ગજસુકુમાલ** :– પિતૃવનમાં પોતાના જ શ્વશૂરે બાળી દીધા તો પણ જેઓ ધર્મથી ચલિત ન થયા તે દુષ્કરકારક ગજસુકુમાલને વંદુ છું. જે રીતે તેમણે સમ્યક્ પ્રકારે એ હુતાશન (અગ્નિ)ને સહન કર્યો, તે રીતે સુવિહિતોએ શરીરને પીડાદાયક ઉપસર્ગોને સહન કરવા જોઈએ.

(૫–૪૩૪, ૪૩૫) **સાગરચંદ્ર** :– કમલામેલાનું હરણ કરનાર સાગરચંદ્રને

નભસેને સોયો વડે મારી નાંખ્યો, તો પણ દેવલોકથી આવીને તેણે નભસેનને કરતા સંતાપનું નિવારણ કર્યું. તેમની જે ક્ષમા, જે ભાવ અને જે દુષ્કર પ્રતિમા હતા તેને હે ગુણાકાર ! અણગાર ! તું પણ હૃદયમાં ધારણ કર.

(૬–૪૩૬ થી ૪૪૦) **અવંતિસુકુમાલ :–** રાત્રિ સમયે નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળીને ઉજ્જૈનીમાં ધીર એવા અવંતિ સુકુમાલને દેવલોકનું સ્મરણ થયું. તેણે શ્રમણ દીક્ષા ગ્રહણ કરી, સર્વ દિવ્ય આહારનો ત્યાગ કર્યો. બહાર પાદપોપગમન અનશન સ્વીકારીને રહ્યા. પોતાના કાયાના મમત્વનો ત્યાગ કરી દીધો, ત્યારે શિયાલણી તેને ખાવા લાગી, તો પણ મેરુ પર્વતની જેમ નિષ્કંપ રહ્યા તે દુષ્કરકારકને વંદુ છું. જ્યારે તેઓ કાળધર્મ પામ્યા. ત્યારે દેવોએ સુગંધીપુષ્પ અને જળની વૃષ્ટિ કરી, જે ભૂમિ આજપર્યંત સુગંધયુક્ત છે. જે રીતે તે મુનિએ ત્યાં સમ્યક્ પ્રકારે શુભ મનથી ઇંગિનીમરણ અંગીકાર કર્યું અને ઉત્તમાર્થને સાધ્યો તેને મનમાં સારી રીતે ધારણ કર.

(૭–૪૪૧, ૪૪૨) **ચંદ્રાવતંસક :–** જેઓ નિશ્ચયથી અભિગ્રહને ગ્રહણ કરે છે, દેહનો ત્યાગ કરવો પડે તો પણ અભિગ્રહથી ચલિત થતા નથી. તે ચંદ્રાવતંસક રાજાની માફક સ્વકાર્યને સિદ્ધ કરે છે. દીવો પ્રગટે ત્યાં સુધી કાયોત્સર્ગમાં નગેન્દ્રની જેમ નિશ્ચલ રહીને જે રીતે તેમણે પ્રતિજ્ઞાપાલન કર્યું, તે રીતે તમે પ્રતિજ્ઞાપાલન કરો.

(૮–૪૪૩) **દમદંતઋષિ :–** જે રીતે દમદંત મહર્ષિની કૌરવોએ નિંદા કરી અને પાંડવોએ સ્તુતિ કરી ત્યારે બંને પરત્વે સમભાવથી વર્ત્યા એ રીતે સર્વત્ર સમભાવી થવું.

(૯–૪૪૪) **સ્કંદકશિષ્ય :–** (જે રીતે) સ્કંદક ઋષિના શિષ્યો ઘાણીમાં પીલાતા હતા, તો પણ મનમાં દ્વેષ ધારણ કર્યા વિના શુક્લ મહાધ્યાનમાં સંસક્ત મનવાળા રહ્યા.

(૧૦–૪૪૫ થી ૪૪૭) **ધન્ય–શાલિભદ્ર :–** ધન્ય અને શાલિભદ્ર બંને મહર્દ્ધિક તપસ્વી અણગારોએ નાલંદા નીકટ વૈભારગિરિ સમીપે શિલા યુગલ પર એક સાથે પાદપોપગમન સંથારાને સ્વીકાર્યો અને અન્યૂન એક માસ માટે અનશને રહ્યા, સર્વાંગનો ત્યાગ કર્યો (વોસિરાવ્યા) શીત અને તાપથી તેમના અંગો ગળી ગયા. અસ્થિ ભગ્ન થયા, માંસ–સ્નાયુ નાશ પામ્યા, બંને મહર્ષિ અનુત્તરવાસી એવા મહર્દ્ધિક દેવો થયા.

(૧૧–૪૪૮, ૪૪૯) **હાથી :–** જે રીતે સ્વનામક બંને હાથીના આજપર્યંત અસ્થિનિવેશ, દેવતાના અનુભાવથી લોકમાં આશ્ચર્યરૂપે વર્તે છે, તે હાથી માંસચર્મવત્ અને દુર્બળ થવા છતાં સ્વયં ચલિત ન થયા તે પ્રકારે અલ્પ પણ દુઃખને સહન કરવું.

(૧૨–૪૫૦ થી ૪૬૫) **પાંડવ :–** *(આ કથા શ્રમણ વિભાગમાં પાંડવોની કથામાં લખાયેલી છે તે પ્રમાણે જ જાણવી)*

(૧૩–૪૬૬) **દંડ અણગાર :–** આતાપના ભૂમિમાં રહેલ દંડ અણગારે વીરની માફક બાણનો ઘાત સહન કર્યો અને સમ્યક્તયા પરિનિર્વૃત્ત થયા.

(૧૪–૪૬૭, ૪૬૮) **સુકોશલ :–** ચિત્રકૂટ પર્વત પર પ્રતિમામાં સુસ્થિત એવા સુકોશલ મુનિ પોતાની જ માતા જે મરીને વાઘણ બની હતી તેના દ્વારા ખવાયા છતાં અકલુષભાવે રહ્યા, તે રીતે સાધુએ ક્ષમા ધારણ કરવી.

(૧૫-૪૬૯ થી ૪૭૨) **ક્ષુલ્લકમુનિ** :- જ્યારે વજ્રઋષિ ૫૦૦ શિષ્યો સાથે રથાવર્ત્ત પર્વતે ગયા, માત્ર એક ક્ષુલ્લકને ન લઈ ગયા, તે સુયશવાળા મુનિ અન્ય પર્વતે રહ્યા. ત્યાં તે ઉપર તળે રહેલા એકાકી, ધીર, નિશ્ચયમતિક મુનિ પોતાના શરીરને વોસિરાવીને રહ્યા, ત્યાં તેમનું શરીર ઓગળી ગયું. અતિ સુકુમાલ એવા તે મુનિ સૂર્યના કિરણોના તાપથી માખણના પિંડ માફક વિલીન થઈને દેવલોકે ઉત્પન્ન થયા. ત્યારે તેના શરીરની રથલોકપાલોએ પૂજા કરી. તેથી આજ પર્યંત તે પર્વત રથાવર્ત્તગિરિ નામે લોકમાં વિખ્યાત છે.

(૧૬-૪૭૩, ૪૭૪) **વજ્રસ્વામી** :- ભદંત વજ્રસ્વામી પણ બીજા પર્વતે (અનશન દ્વારા ઉત્તમાર્થને સાધ્યો ત્યારે) કુંજર સહિત શક્રે સારી રીતે તેમના દેહની પૂજા કરી રથસહિત પ્રદક્ષિણા કરી. એ રીતે સુરવરેન્દ્ર રથ રહિત તે પર્વતની પ્રદક્ષિણા કરી તેથી તેને કુંજરાવર્ત્ત પર્વત કહે છે.)

(૧૭-૪૭૫-૪૭૭) **અવંતિસેન અને મણિપ્રભ** :- કૌશાંબીને મણિપ્રભે જ્યારે ઘેરી લીધી. અવંતીસેન ઘેરાઈ ગયો ત્યારે ધર્મયશ મુનિથી પ્રતિબોધ પામી દીક્ષા લીધી. વત્સકાતીરે ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. નિર્મમ અને નિરહંકાર એવા તેમણે પર્વતના કંદરની શિલાએ એકાકીપણે ઉત્તમાર્થની સાધના કરી, આવો ભાવ સાધુએ ધારણ કરવો.

(૧૮-૪૭૮) **અર્હન્નક** :- જે રીતે સુકુમાલ એવા અર્હન્નકે ઉષ્ણશિલાપટ્ટકે અનશન કરી શરીરને દ્રાવિત કર્યું, તે તેમનો ઉત્સાહને ચિંતવ.

(૧૯-૪૭૯, ૪૮૦) **ચાણક્ય** :- નિર્ઘૃણ સુબુદ્ધિએ પાદપોપગત ચાણક્યને છાણા વડે સળગાવ્યા છતાં ચલિત ન થયા, તેમની ધૃતિ ચિંતનીય છે.

(૨૦-૪૮૧ થી ૪૮૩) **બત્રીશ ઘટા પુરુષ** :- *(આ દૃષ્ટાંત "સંથારગ" પયન્નમાં આપ્યા પ્રમાણે જાણવું)*

(૨૧-૪૮૪) **ઇલાપુત્ર** :- જે રીતે ઇલાપુત્રના દૃષ્ટાંતમાં તે સંવેગ પામ્યો. તે રીતે જેનાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તે સર્વ આદર વડે કરવું જોઈએ.

(૨૨-૪૮૬) **હસ્તિમિત્ર** :- ઉજ્જૈનીના હસ્તિમિત્રને સાર્થ સાથે જતા વનમાં કંટક લાગતા પગ વીંધાયો, ભક્ત પ્રત્યાખ્યાન કર્યું.

(૨૩-૪૮૭) **ધનમિત્ર** :- ઉજ્જૈનીનો એક સાર્થવાહ, તૃષ્ણા પરીષહ સહન કરતો સમાધિ મૃત્યુ પામ્યો.

(૨૪-૪૮૮, ૪૮૯) **મુનિચંદ્ર તથા ચાર મુનિ** :- રાજગૃહે મુનિચંદ્ર ઋષિએ મહાઘોર પરીષહો સહન કર્યા. રાજગૃહીથી જ નીકળેલા પ્રતિમા પ્રતિપન્ન ચાર મુનિઓ શીત પરીષહથી ક્રમે ક્રમે એકૈક પ્રહરે સિદ્ધિ પામ્યા.

(૨૫-૪૯૦ થી ૫૦૪) **ઉષ્ણાદિ પરીષહ** :- ઉષ્ણ પરીષહથી તગર નગરીમાં અર્હન્નક, મશક પરીષહથી ચંપામાં સુમનોભદ્ર ઋષિ, ઉજ્જૈનીમાં ક્ષમાશ્રમણ આર્યરક્ષિતે અચેલકત્વ પરીષહ સહન કર્યા. અરતિમાં જાતિસૂકર, સ્ત્રીના વિષયે સ્થૂલભદ્ર, ચર્યા પરીષહમાં દત્ત, નૈષેધિકીમાં કુરુદત્તસુત, ગજસુકુમાલ અને કૌશાંબીમાં સોમદત્તાદિના દૃષ્ટાંતો જાણવા. આક્રોશ પરીષહના વિષયમાં મથુરામાં મથુરક્ષપક તથા

રાજગૃહમાં અર્જુન માળીનું દૃષ્ટાંત જાણવું. કુંભકારકટ નગરમાં સ્કંધક ઋષિના શિષ્યો યંત્રમાં પીલાયા, અલાભના વિષયમાં કૃષિ પારાસર ઢંઢનું દૃષ્ટાંત જાણવું. એ જ રીતે મથુરામાં જિતશત્રુસુત અણગાર કાલવૈશિક મુદ્ગલશૈલ શિખરે શ્રૃંગાલ દ્વારા ખવાયા, શ્રાવસ્તિમાં જિતશત્રુપુત્રએ તૃણ સ્પર્શ સહ્યો, ચંપામાં નંદક સાધુ જુગુપ્સાના વિષયમાં, મથુરામાં ઇન્દ્રદત્ત અસત્કાર પરીષહથી પીડાયા. પ્રજ્ઞાપરીષહમાં આર્યકાલક અને સાગર ક્ષમાશ્રમણના દૃષ્ટાંત જાણવા. જ્ઞાનના વિષયમાં અશકટાતાત અને સ્થૂલભદ્ર તથા દર્શન પરીષહમાં અષાઢાભૂતિ આચાર્યનું દૃષ્ટાંત જાણવું. આ પ્રકારે મુનિઓએ વિવિધ પરીષહ સહન કરવા જોઈએ.

*(* અહીં મરણ સમાધિમાં માત્ર દૃષ્ટાંતોના નામો છે, તેની કથાઓ ઉત્તરાધ્યયન વૃત્તિમાં છે. જે આ કથાનુયોગમાં તે–તે નામો મુજબની કથામાં પૂર્વે લખાઈ ગયા છે, ત્યાંથી જોઈ શકાય)*

(૨૬–૫૦૮ થી ૫૨૧) **સિંહચંદ્ર અને સિંહસેન :–** *(આ કથા વિસ્તારથી આ જ નામથી પ્રાણી કથાઓમાં હાથીની કથા આદિમાં આવી ગયેલ છે.*

(૨૭–૫૨૨ થી ૫૨૪) **બે સર્પની કથા :–** *(આ કથા પ્રાણિવિભાગમાં સર્પની કથા નામથી અપાઈ ગયેલ છે.)*

(૨૮–૬૩૮) **પુંડરીક–કંડરીક :–** એક જ અહોરાત્રના દૃઢ પરિણામથી (ઉર્ધ્વ પરિણામી) પુંડરીક અનુત્તર વિમાને ગયા, જ્યારે (અધોપરિણામથી) કંડરીક અધમગતિમાં ગયો.

(અંતે કંઈક મર્યાદા સ્વીકાર :– *મરણ સમાધિના દૃષ્ટાંતોમાં કેટલાંક નામ માત્ર છે, કેટલાંક સામાન્ય ઉલ્લેખવાળા જ દૃષ્ટાંત છે. તેથી ઉક્ત મરણસમાધિ દૃષ્ટાંત અપૂર્ણ પણ લાગશે. ક્યાંક કેટલુંક છૂટી પણ ગયું છે તેની પ્રતીતિ થશે અને ક્યાંક અનુવાદમાં સ્પષ્ટીકરણો મૂકવા જરૂરી બન્યા તેમ પણ લાગશે – તે તે સર્વ સ્થાને આ નામોની મૂળ કથા શ્રમણ આદિ વિભાગોમાં જોઈ જવા વિનંતી)*

*૦ આગમ સંદર્ભ :–*

*(કથાનકના ક્રમની બાજુમાં આપેલ ગુજરાતી અંકો આગમસંદર્ભ છે.)*

— × — × —

મુનિ દીપરત્નસાગર સંકલિત પયન્નાસૂત્રાનુસાર દૃષ્ટાંતો સમાપ્ત

— × — × —

*નિર્યુક્તિ–ભાષ્ય–ચૂર્ણિ–વૃત્તિ આધારિત દૃષ્ટાંતો હવે અ–કારાદિ ક્રમે રજૂ કરેલ છે.*

**૦ અગદ :– (વૈનેયિકી બુદ્ધિનું આ દૃષ્ટાંત છે.)**

કોઈ વખતે એક રાજા દુશ્મનોથી ઘેરાઈ ગયો. દુશ્મન સૈન્ય ઘણું મોટું હતું. રાજાને તેનો સામનો કરવો મુશ્કેલ લાગ્યો. ત્યારે તેણે વિચાર્યું કે, જો પાણીમાં ઝેર ભેળવી દેવામાં આવે તો નગરનો વિનાશ કરવા આવી રહેલ સૈન્યને ખતમ કરી દઈ શકાય. તેણે અગદ નામના વૈદ્યને બોલાવ્યો અને કહ્યું કે, આ પાણીના સરોવરને ઝેરી બનાવી દો. ત્યારે વૈદ્ય માત્ર જવ જેટલા પ્રમાણમાં ઝેર લઈને આવ્યો. તે જોઈને રાજા રોષાયમાન થયો કે આટલા માત્ર ઝેરથી શું થઈ શકે ? વૈદ્યે કહ્યું કે, આ લક્ષવેધી ઝેર છે.

ત્યારે એક ક્ષીણ આયુષ્યવાળા હાથીને લાવ્યા. તેના પુંછડાના વાળ ઝેરવાળા કર્યા.

તે જ વાળ વડે તે ઝેર આપ્યું. તે તુરંત વિનાશ પામ્યો. પછી તેમાંથી બધું વિષમય થવા લાગ્યું. આ રીતે તે શતસહસ્ર વેધી ઝેરનો પ્રભાવ હતો. ત્યારે રાજાએ પૂછયું કે, આના નિવારણની કોઈ વિધિ છે ખરી ? વૈદ્યે કહ્યું, તે પણ છે. અગદે તેને ઉપશાંત કરવાની વિધિ પણ બતાવી. આ અગદની વૈનેયિકી બુદ્ધિનું દૃષ્ટાંત છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૯૪૪ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૫૫૪; નંદી. ૧૦૨ + વૃ;*

— x — x —

**૦ અગડદત્ત :– (દ્રવ્યનિદ્રા પ્રતિષેધનું દૃષ્ટાંત છે.)**

ઉજ્જૈનીમાં જિતશત્રુ રાજા હતો. અમોઘરથ નામે રથિક હતો તેને યશોમતી નામની પત્ની હતી. અગડદત્ત પુત્ર હતો. અગડદત્ત નાનો હતો ત્યારે જ તેના પિતા મૃત્યુ પામ્યા. તેણે પોતાની વારંવાર રડતી માતાને રડવાનું કારણ પૂછયું ત્યારે તેણીએ કહ્યું કે, આવા અમોઘપ્રહારી રથિક તારા પિતા હતા. ત્યારે અગડદત્તે પૂછયું કે, એવું કોઈ છે કે, જે મને આ વિદ્યા શીખવે. ત્યારે માતાએ કહ્યું કે, કૌશાંબીમાં દૃઢપ્રહારી નામે તારા પિતાનો મિત્ર છે તે શીખવી શકે. ત્યારે અગડદત્ત કૌશાંબી ગયો. તેણે બાણ, અસ્ત્ર, શસ્ત્ર, રથચર્યા કુશળ એવા દૃઢપ્રહારી આચાર્યને જોયા.

ત્યારપછી તેણે પણ પોતાના પુત્રની માફક અગડદત્તને બધી વિદ્યાકળાઓ શીખવી. કોઈ દિવસે ગુરુજનની અનુજ્ઞા લઈને તે વિદ્યાસિદ્ધ પોતાની શિક્ષાનું દર્શન કરાવવા રાજકુળે ગયા. ત્યાં પોતાની બધી કળા બતાવી. સર્વે લોકો હતહૃદયવાળા થઈ ગયા. ત્યારે રાજાએ કહ્યું કે, આમાં કોઈ આશ્ચર્ય કે વિસ્મયનું કારણ નથી. બોલ તારે શું જોઈએ છે ?

રાજાએ કહ્યું કે, પૂર્વે અહીં સંધિછેદકો હતા. અત્યારે પણ દ્રવ્યનું હરણ, ચોરી વગેરે થાય છે. માટે તું આ નગરનું રક્ષણ કર. પછી સાત અહોરાત્રમાં ચોરના સ્વામીને પકડી લાવવાનો નિર્ણય કરો. રાજાએ પણ તે વાત સ્વીકારી. ત્યારપછી અગડદત્ત ખુશ થતો નીકળ્યો. તેણે વિચાર્યું કે, આવા ચોર આદિ લોકો વિવિધ–છદ્મ વેશે ભટકતા હોય છે. તો હું તેમની આવા સ્થાનોમાં તલાશ કરું.

ત્યાંથી નીકળી કોઈ શીતળ છાયાવાળા વૃક્ષની નીચે દુર્બલમલિન વસ્ત્ર ધારણ કરી, ચોરને પકડવાનો ઉપાય વિચારવા લાગ્યો. તે જ વૃક્ષની છાયામાં કોઈ પરિવ્રાજક પણ પ્રવેશ્યો. તેના લક્ષણો જોઈને અગડદત્તને થયું કે નક્કી આ ચોર જણાય છે. તે પરિવ્રાજકે તેને પૂછયું, તમે કોણ છો ? કયા નિમિત્તે ફરી રહ્યા છો ? અગડદત્તે કહ્યું કે, હું ઉજ્જૈનીનો છું, સંપત્તિ ખલાસ થઈ જતા ભટકી રહ્યો છું. ત્યારે તેણે કહ્યું કે, હું તને વિપુલ ધન આપીશ.

ત્યારપછી રાત્રિ પડી. તે પરિવ્રાજકે ત્રિદંડનું શસ્ત્ર બનાવ્યું અને બોલ્યો કે, હું નગરમાં જઈ રહ્યો છું ત્યારે સાશંક એવો અગડદત્ત તેની પાછળ ચાલ્યો. તેને થયું કે આ જ તે ચોર છે. પછી તે પરિવ્રાજક કોઈ પુણ્યવાન્‌ના શ્રીભવનમાં સંધિછેદ કરીને ગયો. અનેક ભાંડાદિથી ભરેલ પેઢીઓ કાઢી, ત્યાં તે સ્થાપીને ગયો. અગડદત્તે તેનો પીછો કર્યો.

તેટલામાં તે પરિવ્રાજક દેવકુલેથી દરિદ્ર પુરુષોને લઈને આવ્યો. તે બધી પેટીઓ ગ્રહણ કરી. નગરથી નીકળી ગયા. પછી પરિવ્રાજકે અગડદત્તને કહ્યું કે, અહીં જીર્ણોદ્યાનમાં થોડી નિદ્રા લઈએ. પછી નીકળીશું.

જ્યારે દરિદ્રપુરુષો સૂઈ ગયા ત્યારે પરિવ્રાજક અને અગડદત્ત બંને શય્યામાં ઊંઘવાનો ડોળ કરવા લાગ્યા. અગડદત્ત ધીમેથી ઉઠીને વૃક્ષની છાયામાં સંતાઈ ગયો. દરિદ્રપુરુષોને નિદ્રાવશ જાણી તે પરિવ્રાજકે તેમને મારી નાંખ્યા. અગડદત્તને ત્યાં ન જોયો એટલે તેને શોધવા લાગ્યા. તેને પરિવ્રાજકને એક જ પ્રહારથી પાડી દીધો. પછી તેના કહેવા પ્રમાણે શ્મશાનના પશ્ચિમ ભાગે ગયો. ત્યાં પરિવ્રાજકની બહેન હતી. તેણીને પરિવ્રાજકની તલવાર આદિ નિશાની દેખાડી. પછી ચુપચાપ તેણીનું ચરિત્ર જોવા લાગ્યો. તેણીએ અગડદત્તને વિશ્રામ લેવા કહ્યું.

ત્યારે અગડદત્ત તે શય્યામાંથી પ્રચ્છન્નપણે ખસી ગયો. તેણીએ પહેલાથી રાખેલી શીલા ત્યાં પછાડીને બોલી કે હાશ ! મારા ભાઈનો હત્યારો ખતમ થઈ ગયો. અગડદત્તે બહાર નીકળી તેણીને વાળ વડે પકડી લીધી. તેણીને પકડીને રાજગૃહે લઈ ગયો. પછી રાજઋદ્ધિ પામ્યો.

આ પ્રમાણે અપ્રમત્ત રહેનારા કલ્યાણના ભાગી થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૪૫૨; ઉત્ત.મૂ. ૧૨૧ની વૃ; ઉત્ત.ચૂ.પૃ. ૧૧૬;*

— x — x —

**૦ અગારી :– (આહારના વિષયમાં એક દૃષ્ટાંત)**

અગારીએ કોઈ પરિવ્રાજિકાને પતિના વશીકરણનો ઉપાય પૂછયો. તેણીએ અભિમંત્રિત ચોખા આપ્યા. પછી અગારીએ પતિની અનુકંપાથી તેને આપવાને બદલે ચોખા ફેંકી દીધા. તે ચોખા કોઈ ગધેડાએ ખાધા. તે ગધેડા મંત્રથી વશીકૃત્ થઈને આવીને અગારીના ઘરના દ્વારે માથું પછાડવા લાગ્યો. કેમકે તે મંત્રિત ચોખા ખાઈ જવાથી વશીકૃત્ થઈ ગયેલો.

(આ દ્રવ્યાભિયોગનું દૃષ્ટાંત છે – સાધુએ આ અભિયોગનો ત્યાગ કરવો જોઈએ)

*૦ આગમ સંદર્ભ :–*

*ઓહનિ. ૯૩૨, ૯૩૩ + વૃ;*

— x — x —

**૦ અચ્ચંકારિયભટ્ટા :– (માનના વિષયમાં આ દૃષ્ટાંત છે.)**

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું, ત્યાં જિતશત્રુરાજા, ધારિણી રાણી, સુબુદ્ધિ મંત્રી, ધન્ય શ્રેષ્ઠી અને તેની ભદ્રા નામે પત્ની હતી. તેઓની ભટ્ટા નામે પુત્રી હતી. માતા–પિતા સર્વ પરિજનને કહેતા કે, આ જે કરી શકે તે બીજી કોઈ કરી શકે નહીં. ત્યારે લોકોએ તેનું 'અચ્ચકારિય ભટ્ટા' નામ પાડી દીધું. તે ઘણી રૂપવતી હતી. ઘણાં લોકો તેને વરવા તૈયાર હતા.

ધનશ્રેષ્ઠીએ કહ્યું, જો આની સામે ચુંકાર પણ ન કરે, તેને હું આ કન્યા

આપીશ. કોઈ દિવસે સુબુદ્ધિમંત્રી સાથે તે પરણી. તે તેણીની સામે ચુંકારો પણ કરતો ન હતો. તે અમાત્ય રાત્રિના એક યામ પૂર્ણ થયો ત્યારે રાજકાર્ય સંપન્ન કરીને આવતો. ભટ્ટા રોજ તેના પર ગુસ્સે થતી કે તમે વેળાસર આવતા નથી. કોઈ વખતે રાજાને થયું કે આ મંત્રી આટલો જલ્દી કેમ ઘેર જાય છે ? રાજાને કોઈએ કહ્યું કે, તે પત્નીની આજ્ઞાનો ભંગ કરતો નથી. કોઈ વખતે રાજાએ તેને કામમાં રોકી રાખ્યો.

ત્યારપછી ઘેર પહોંચ્યો ત્યારે ભટ્ટાએ દ્વાર બંધ કરી દીધા. અમાત્યએ બારણું ખોલવા બહુ વિનંતી કરી. ઝઘડો થતા તેણી પિતાના ઘેર જવા ચાલી પણ સર્વાલંકાર વિભૂષિતા તેણીને ચોરે પકડી લીધી. પછી પોતાની પત્ની બનવા કહ્યું. પણ તેણી શીલભંગ કરવા ઇચ્છતી ન હતી. પછી તેણી ત્યાં લાવણ્યરહિત થતી ગઈ. કોઈ વખતે તેણીનો ભાઈ ત્યાં આવ્યો. તેણીને ઓળખીને ધન આપીને તેણીને છોડાવી વમન–વિરેચનાદિ દ્વારા ફરીથી તે નવયૌવના થઈ ગઈ.

પછી અમાત્ય પણ તેણીને સમજાવીને પાછી ઘેર લઈ ગયો. ત્યારે તેણીએ અભિગ્રહ લીધો કે મારે કદી ક્રોધ કે અભિમાન ન કરવું.

*૦ આગમ સંદર્ભ :–*

*સૂય.ચૂ.પૃ. ૧૦૫; ગચ્છા.વૃ. ૯૮ની વૃ;*
*નિસી.ભા. ૩૧૯૪ થી ૩૧૯૬ + વૃ; દસા. ૧૦૯, ૧૧૦ + વૃ;*

— × — × —

## ૦ અજિતસેન :– (ગુણચંદ્ર – બાલચંદ્ર)

*(વોસિરાવવાની ક્રિયા ન કરવાથી કર્મબંધ, કરવાથી કર્મબંધના અભાવના વિષયમાં દૃષ્ટાંત)*

વસંતપુર નગરમાં અજિતસેન રાજા હતો, ત્યાં બે કુલપુત્ર હતા. જેમાં એક શ્રમણ–શ્રાદ્ધ (સમકિતી) હતો, બીજો મિથ્યાદૃષ્ટિ હતો. કોઈ વખતે રાત્રિએ ઘોડા પર આરૂઢ થઈ સંભ્રમથી જલ્દી જવા ગયો ત્યારે તેઓના ખડ્ગો પડી ગયા ત્યારે શ્રાવક કુલપુત્રે તેને અધિકરણ જાણી હાથમાં લીધું નહીં, પણ ત્યાગ કર્યો. જ્યારે મિથ્યાદૃષ્ટિએ બીજું ખડ્ગ લઈ લીધું. પણ રાજાને કંઈ વાત ન કરી.

કોઈ વખતે કોટવાળ તેમને પકડી લાવ્યા. રાજાએ કોપાયમાન થઈને પૂછ્યું, ત્યારે ગુણચંદ્રએ રાજા પાસે સત્ય વૃત્તાંત જણાવ્યો. જ્યારે બાલચંદ્રએ સાચી વાત જણાવી નહીં. ત્યારે જેમનું ખડ્ગ ખોવાઈ ગયેલ પણ પ્રમાદથી શોધ્યું ન હતું અને જુઠું બોલ્યો હતો. તે કુલપુત્રને સજા કરી, પણ જેણે સત્ય કહ્યું તેને મુક્ત કર્યો.

આ રીતે જેઓ પ્રમાદને વશ થઈને ન વોસિરાવવા રૂપ દોષનું સેવન કરે છે તેઓ અપરાધ પ્રાપ્ત થઈને જન્માંતરે દેહાદિને વોસિરાવતા નથી. જેઓ વોસિરાવવા રૂપ ક્રિયા કરે છે તે કર્મબંધનોથી મુક્ત થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*પન્ન. ૫૨૮ની વૃ;*

— × — × —

**૦ અર્જુન ચોર :– (રૂપના મોહમાં જીંદગી ગુમાવનારનું દૃષ્ટાંત)**

કોઈ વખતે અર્જુન ચોરને અગડદત્ત સાથે યુદ્ધ થયું. પણ અગડદત્ત કોઈ રીતે તેને પરાજિત કરવા સમર્થ ન બન્યો. ત્યારે તેણે પોતાની અતિ રૂપવતી પત્નીને સર્વાલંકારથી વિભૂષિત કરી રથના અગ્રભાગે બેસાડી. ત્યારે તે સ્ત્રીના રૂપના દર્શનથી વ્યામોહ પામેલો અર્જુન ચોર યુદ્ધકરણમાં વિસ્મૃતિવાળો થઈ સ્ત્રીના રૂપમાં મોહિત થઈ ગયો. ત્યારે અગડદત્તે તેને મારી નાંખ્યો. એ જ રીતે શ્રુતના ઉપયોગમાં વ્યાક્ષેપ થતા પ્રાણના વિનાશને પ્રાપ્ત કરે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૧૦૬; આયા. ૧૧૦ની વૃ; વવ.ભા. ૨૬૫૫ + વૃ;*

— × — × —

**૦ અર્તન :– (બત્રીશ યોગસંગ્રહમાં "આલોચના" વિષયે દૃષ્ટાંત)**

ઉજ્જૈની નામે નગરી હતી, ત્યાં જિતશત્રુ રાજા હતો. તેને બળવાન્ એવો અટ્ટણ (અર્તન) નામે મલ્લ હતો. સોપારકનગરે પૃથ્વીપતિ રાજાને સિંહગિરિ નામે મલ્લ હતો. દર વર્ષે અટ્ટનમલ્લથી અપભ્રાજિત થઈને તેમણે માત્સ્યિકમલ્લ દ્વારા અટ્ટનને હરાવ્યો. તે આ રીતે – અટ્ટનમલ્લ પ્રતિવર્ષે વિજય મેળવતો અને સિંહગિરિ રાજા પાસેથી ઘણું દ્રવ્ય પ્રાપ્ત કરતો હતો. તે રાજાએ વિચાર્યું કે, આ બહારથી આવીને જીતીને જાય છે તે મારી અપભ્રાજના કરે છે. તેણે માત્સ્યિકમલ્લને જોઈને તેની પરીક્ષા કરી. પછી તેનું પોષણ કર્યું. તેના દ્વારા અટ્ટનમલ્લ પરાજય પામ્યો.

અટ્ટનમલ્લ પોતાના આવાસે આવી વિચારવા લાગ્યો કે મારે શું કરવું ? તેણે તપાસ આરંભી. સૌરાષ્ટ્રમાં ભૃગકચ્છહરિણી ગામે એક ખેડૂતને જોયો. એક હાથે હળ હાંકતો હતો. એક હાથે કપાસ લણતો હતો. ત્યાં ઊભા રહીને તેને જોયા કર્યો. રાત્રે તેને ત્યાંજ રહેવા માટે અટ્ટને વસતિ માંગી, તેને ત્યાં રહ્યો. પછી તે ખેડૂતની પત્નીને આશ્વાસિત કરી તેને ઉજ્જૈની લઈ ગયો. તેને સારી રીતે તૈયાર કર્યો. મલ્લયુદ્ધ શીખવ્યું. પહેલા દિવસે તે ખેડૂત કર્પાસમલ્લ અને માત્સ્યિક મલ્લના યુદ્ધમાં કોઈ જીત્યું નહીં. ત્રીજે દિવસે અટ્ટનની શિક્ષા પ્રમાણે લડતા તે ખેડૂત કર્પાસમલ્લ જીતી ગયો. સત્કાર પામ્યો. ઉજ્જૈનીએ પાંચ પ્રકારના ભોગોને પામ્યો. માત્સ્યિક મલ્લ મૃત્યુ પામ્યો.

અહીં અટ્ટનને સ્થાને આચાર્ય જાણવા, મલ્લને સ્થાને સાધુ છે તેમ સમજવું, ગુરુના કહ્યા પ્રમાણે નિવેદન કરવું તેને આલોચના સમજવી. તેથી નિશ્ચયથી વિજયપતાકા મળે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૨૭૯ + વૃ; આવ.ચૂ.૨–પૃ. ૧૫૨; ઉત્ત.મૂ. ૧૧૬ની વૃ;*

— × — × —

**૦ અનંગ :- (વેદમૂઢનું દૃષ્ટાંત)**

વેદમૂઢ અર્થાત્ અતી વેદોદયથી અનંગક્રીડા કરે છે તે.

આનંદપુર નગર હતું, ત્યાં જિતારી રાજા હતો, વીશ્વસ્થા રાણી હતી. તેને અનંગ નામે પુત્ર હતો. બાળપણમાં આંખનો રોગ થવાથી નિત્ય રડતો રહેતો. કોઈ

વખતે તેની માતાએ નગ્નપણે તેને બે સાથળની વચ્ચે રાખીને ગ્રહણ કર્યો. ત્યારે તેના સ્તનાદિનો સ્પર્શથી તે બાળક સાથે તેના અંગો ભિંસાતા હતા. તે વખતે તે બાળક રડતો બંધ થઈ ગયો. માતાના ઉપાય મળી ગયો, પછી વારંવાર તે પ્રમાણે કરવા લાગી. તે બાળક પણ આવા અંગોપાંગ સ્પર્શથી શાંત થવા લાગ્યો. મોટો થયો તો પણ તે એ જ ક્રિયામાં ગૃદ્ધ રહેવા લાગ્યો. માતાને પણ તેનામાં પ્રીતિ જન્મી. તે રાજા મૃત્યુ પામ્યો. પછી અનંગરાજા થઈને માતાને ભોગવવા લાગ્યો. સચીવાદિના રોકવા છતાં પણ તે પ્રવૃત્તિ ન છોડી.

*આગમ સંદર્ભ :–*

*ગચ્છા. ૮૪ની વૃ;* *નિસી.ભા. ૩૬૯૮ની ચૂ;* *બુહ.ભા. ૫૨૧૮ + વૃ;*

— x — x —

**૦ અનંધ :– (વ્યુદ્ગ્રાહિત મૂઢનું દૃષ્ટાંત)**

અંધપુર નગરે અનંધ રાજા હતો. તેણે અંધ ભોજન રાખ્યું. અંધલકને દીધું ત્યાં ખાન–પાન આદિ સારી રીતે ગ્રહણ કરી રાખ્યું. તેને બહુ બધું ધન ભેગું કર્યું. કોઈ વખતે તેને કોઈ ધૂર્ત્તે જોયો. તેણે અંધલક સાથે મિથ્યા ઉપચાર શરૂ કર્યો. કોઈ વખતે તે ધૂર્ત્તે અંધલકને કહ્યું, હું તમારો દાસ છું. તેથી હું અહીં રહ્યો છું. રાજા જ તે અંધલકના માતાપિતા હતા. કોઈ વખતે તે રાત્રિના તેને થોડે દૂર લઈ ગયો. પછી કહ્યું કે, અહીં ચોર વસે છે. જે કંઈ હોય તે આપી દો. તેણે વિશ્વાસથી તેને આપી રાખ્યું. એ રીતે તેને વ્યુદ્ગ્રાહિત કરી ચોર બધું હરણ કરી ગયો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૩૭૦૦ની ચૂ;* *બુહ.ભા. ૫૨૨૬ + વૃ;*

— x — x —

**૦ અર્હદત્ત :– (આત્મ વિરાધના સંદર્ભે દૃષ્ટાંત)**

અર્હદત્ત જેને વૃત્તિકાર અર્હન્નક નામે ઓળખાવે છે. *(અર્હન્નકનું દૃષ્ટાંત શ્રમણ વિભાગમાં અર્હન્નક નામથી આવી ગયેલ છે.)* તગર નગરીના દત્ત અને ભદ્રાનો પુત્ર હતો. ત્રણેએ દીક્ષા લીધી. અર્હમિત્ર તેમના ગુરુ હતા. દત્તમુનિના કાળધર્મ બાદ અર્હન્નકને ભિક્ષાર્થે જવું પડ્યું. તે તાપ સહન કરી શકતા ન હતા. તેને જોઈને કોઈ સ્ત્રી તેના તરફ મોહિત થઈ અર્હન્નક મુનિ દીક્ષા છોડી તેની સાથે રહેવા લાગ્યા. ત્યારે ભદ્રા સાધ્વી પાગલ જેવા થઈ અર્હન્નક–અર્હન્નક કરતા ભટકવા લાગ્યા. તે જોઈને અર્હન્નકે તેણીની માફી માંગી, ફરી દીક્ષા લીધી અને અગ્નિ ધખંતી શિલાએ અનશન કર્યું. (કથા જુઓ – અર્હન્નક)

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૧૮૧;* *આયા. ૧૬૯ની વૃ;* *અર્હન્નક કથા મુજબ*

— x — x —

**૦ સ્ત્રી અથવા મૈથુનને કારણે થયેલા સંગ્રામોના દૃષ્ટાંત :–**

જેને કારણે પૂર્વકાળમાં અનેક મનુષ્યોનો સંહાર થયો, યુદ્ધો થયા. તે બધાંનું મૂળ

કારણ મૈથુન હતું. તેવી સ્ત્રીઓમાંથી કેટલાંકના દૃષ્ટાંતો આ પ્રમાણે (पण्हावागरण – આગમમાં) છે. – જેમકે – સીતા, દ્રૌપદી, રુકિમણી, પદ્માવતી, તારા, કાંચના, રક્ત-સુભદ્રા, સત્યભામા, અહિલ્યા, કિન્નરી, સ્વર્ણગુલિકા, સુરૂપ વિદ્યુન્મતી, રોહિણી આદિ.

*(અહીં ફક્ત નામનિર્દેશ જ છે. તેમાંની કેટલીક સ્ત્રીઓની કથા તે–તે નામ પ્રમાણે પૂર્વના વિભાગોમાં આવી ગયેલ છે.*

*૦ આગમ સંદર્ભ :–*

*પણ્હ. મૂ. ૨૦ + વૃ;*

— x — x —

**૦ ઇન્દ્ર :– (પુરઃકર્મ વિષયે લૌકિક દૃષ્ટાંત)**

ઇન્દ્રએ ઉડંકઋષિની પત્નીને અતિ રૂપવતી જોઈ. ત્યારે તેની સાથે વિષયાસક્ત બન્યો. ઋષિ પત્નીને ભોગવીને જતો હતો. ત્યારે ઉડંક ઋષિએ તેને જોયો. રોષાયમાન થયેલા ઋષિએ તેને શ્રાપ આપ્યો. તે બ્રહ્મ વધ્યાના શ્રાપતી ભયભીત થઈને કુરુક્ષેત્રમાં પ્રવેશ્યો. તે બ્રહ્મવધ્યા કુરુક્ષેત્રની નીકટ ભમતી હતી. ઇન્દ્ર પણ તેના ભયથી ક્યાંય જતો ન હતો. ઇન્દ્ર વિના ઇન્દ્રસ્થાનક શૂન્ય થઈ ગયું. ત્યારે બધાં દેવો ઇન્દ્રને શોધતા–શોધતા કુરુક્ષેત્રે આવ્યા. તેઓએ ઇન્દ્રને દેવાલયે આવવા કહ્યું, ત્યારે ઇન્દ્રે કહ્યું કે, જો અહીંથી નીકળીશ તો મને બ્રહ્મવધ્યા વળગશે. ત્યારે દેવોએ બ્રહ્મવધ્યાના ચાર ટુકડા કર્યા. એક વિભાગ સ્ત્રીના ઋતુકાલે સ્થાપ્યો, બીજો વિભાગ ઉદકમાં, ત્રીજો બ્રહ્મનૂના સુરાપાનમાં અને ચોથો વિભાગ ગુરુપત્નીના અભિગમે સ્થાપ્યો. પછી ઇન્દ્ર દેવલોકે ગયો. આ રીતે બ્રહ્મહત્યાવત્ કર્મબંધ જાણવો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી. ૪૦૯૭ + ચૂ;*

— x — x —

**૦ ઇન્દ્રદત્ત :– (સ્ત્રીસંગથી થતી હાનિનું દૃષ્ટાંત)**

જે રીતે એક ધનાઢ્યનો પુત્ર ઇન્દ્રદત્ત હતો, તેણે કોઈ વખતે તે ગવાક્ષમાં ઊભેલી રાજકુમારીને જોઈને તેનામા આસક્ત બન્યો. રાજકુમારી નીચે દોરડું ફેંકતી, ઇન્દ્રદત્ત તે પકડીને ઉપર જતો, તે તેના દર્શનાદિમાં ઘણો જ મૂર્છિત થયેલો હતો. દર્શનમાંથી તે સ્પર્શ, આલિંગન, ચુંબન આદિમાં લિપ્ત બન્યો. કોઈ વખતે રાજપુરુષો તેને ગવાક્ષમાંથી ઉતરતો જોઈ ગયા. પછી દંડા વડે ફટકાર્યો.

આ રીતે સ્ત્રી સંગની અભિલાષા કરનારને પહેલા અર્થોપાર્જન પ્રવૃત્તિ કરવી પડે છે. પછી અગણિત એવા ભૂખ, તરસ, શીત, ઉષ્ણાદિ પરીષહોનો દંડ ભોગવવો પડે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૧૮૬;* *આયા.મૂ. ૧૭૨ની વૃ;*

— x — x —

**૦ ઇન્દ્રદત્ત અને સુરેન્દ્રદત્ત :– (તિતિક્ષા પરીષહનું દૃષ્ટાંત)**

*(આ દૃષ્ટાંત ઉત્તરાધ્યયનમાં માનવભવની દુર્લભતામાં પણ છે.)*

ઇન્દ્રપુર નામે નગર હતું. ત્યાં ઇન્દ્રદત્ત રાજા હતો. તેને બાવીસ પુત્રો હતા. તે પુત્રો તેને પ્રાણ સમાન પ્યારા હતા. એક અમાત્યની પુત્રી પરિણત વયવાળી હતી. તેણી કોઈ વખતે ઋતુસ્નાતા હતા. તેણીને જોઈને રાજાએ પૂછયું, આ કોણ છે ? તેઓએ કહ્યું, તમારી રાણી છે. ત્યારે તે તેની સાથે એક રાત્રિ રહ્યો. તેણીને ગર્ભ રહ્યો. અમાત્યે તેણીને પહેલાથી જ કહેલું કે, જો તને ગર્ભ રહે તો મને કહેવું.

તેણીને નવ માસે પુત્રનો જન્મ થયો. તેણીનો દાસીપુત્રો પણ તે દિવસે જન્મ્યો. તે આ પ્રમાણે – અગ્નિ, પર્વતક, બહુલિક, સાગર. તે બધાં સાથે જ કલાચાર્ય પાસે કળા શીખવા લાગ્યા. તે વખતે આચાર્ય તેને મારતા, કુટતા, પીટતા. તે બાળક તેને ગણકારતો ન હતો. બીજા બાવીશ કુમારોએ પણ તે કળા ગ્રહણ કરી. તે આચાર્ય જેને જેને શીખવતા તેને મારતા–કૂટતા. જો કોઈ માતા વગેરેને ફરિયાદ કરે તો કહેતા કે શું આ બધું સુલભ છે ?

આ તરફ મથુરામાં જિતશત્રુ નામે રાજા હતો. તેને નિર્વૃત્તિ નામે કન્યા હતી. રાજાએ તેણીને કહ્યું કે, તને જે ગમે તે તારો પતિ થાઓ. તેણી બલ–વાહનાદિ સાથે ઇન્દ્રપુર નગરે ગઈ. ત્યાં તેણીએ મત્સ્યવેધ (ચક્રવેધ) પરીક્ષા ગોઠવી. તેને રાધાવેધ પણ કહે છે. રાજા પોતાના પુત્રો સાથે ગયો. બધાં કુમારો નિષ્ફળ ગયા, ત્યારે રંક વેશે રહેલા સુરેન્દ્રદત્તે રાધાવેધ કર્યો. રાજાએ પૂછયું કે, આ કોણ છે ? ત્યારે અમાત્યએ તેને સર્વ વૃત્તાંત જણાવી કહ્યું કે, આ તમારો જ પુત્ર છે. તેનું સુરેન્દ્રદત્ત નામ રાખેલું છે.

ત્યારે રાજાએ હર્ષિત થઈને કહ્યું કે, હે પુત્ર ! તારું કલ્યાણ થાઓ. તે નિર્વૃત્તિ કન્યા અને રાજ્યનું સુખ પ્રાપ્ત કર્યું. ઇત્યાદિ – આને દ્રવ્ય તિતિક્ષા જાણવી.

— × — × —

### ૦ ઉત્કુરુટ :– (અરિહંત પ્રવચને વિષયે પાંચ વૈચિત્ર્યોમાંનું એક)

કુણાલા નગરીમાં કુરુટ અને ઉત્કુરુડ નામે બે ઉપાધ્યાય જળનિર્ગમન માર્ગના મૂળે વસતા હતા. વર્ષાવાસે દેવતાએ અનુકંપન કર્યું, નાગરો બહાર નીકળ્યા. ત્યારે કુરુટે રોષ વડે કહ્યું, હે દેવ ! વરસો. ઉત્કુરુટે કહ્યું કે, પંદર દિવસ સુધી. ફરી કુરુટે કહ્યું, મુષ્ટિ પ્રમાણ ધારાથી વરસ. ઉત્કુરુટે કહ્યું કે, જેવો રાત્રે તેવો દિવસે વરસ.

ત્યારપછી કુણાલા નગરીએ પંદર દિવસ સુધી ધારાબદ્ધ વર્ષા વરસી. સમગ્ર કુણાલ જનપદ જળમય બની ગયું. ત્યારપછી ત્રીજે વર્ષે સાકેત નગરે બંને કાળ કરી અધઃસપ્તમી પૃથ્વીમાં બાવીશ સાગરોપમ સ્થિતિક નૈરયિક રૂપે ઉત્પન્ન થયા. કુણાલાનગરીના વિનાશ કાળથી તેરમે વર્ષે ભગવંત મહાવીરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૬૦૧;* *આવ.નિ. ૧૦૨૩ની વૃ;* *ઉત્ત.ચૂ.પૃ. ૧૦૮;*

— × — × —

### ૦ ઉદિતોદય :– (પારિણામિકી બુદ્ધિનું દૃષ્ટાંત)

પુરિમતાલ નગરે ઉદિતોદય રાજા અને શ્રીકાંતાદેવી હતા. તે બંને શ્રાવક હતા.

કોઈ વખતે તેને ત્યાં આવેલ પરિવ્રાજિકા પરાજય પામી. દાસીઓએ પણ મોં મચકોડવા આદિ દ્વારા વિડંબના કરી તેણીએ કાઢી મૂકી. દ્વેષપૂર્વક તે વારાણસીએ ધર્મરુચી રાજા હતો ત્યાં ગઈ. પટ્ટ પર શ્રીકાંતાનું રૂપ બનાવી ધર્મરુચી રાજાને દેખાડ્યું. તે રાજા તેણીમાં આસક્ત થયો. દૂતને શ્રીકાંતાની માંગણી કરવા મોકલ્યો. તેનું અપમાન કરીને કાઢી મૂક્યો. ત્યારે તે સૈન્ય સહિત ત્યાં આવ્યો. નગરને ઘેરી લીધું. ઉદિતોદયે વિચાર્યું કે, નિરર્થક લોકના મૃત્યુથી શું લાભ ?

ઉદિતોદય રાજાએ ઉપવાસ કરી વૈશ્રમણ દેવની આરાધના કરી. તેણે નગર સહિત બધાંનું સંહરણ કર્યું. આ તે રાજાની પારિણામિકી બુદ્ધિ જાણવી.

*૦ આગમ સંદર્ભ :–*

*વિવા. ૨૦;* *આવ.નિ. ૯૪૯, ૧૫૪૫ + વૃ;*

*આવ.ચૂ.૧–પૃ. ૫૪૯;* *નંદી. ૧૬૯ની વૃ;*

— x — x —

**૦ કપિલ :– (નપુંસક ઉપકરણ ઉપઘાત વિષયે દૃષ્ટાંત)**

સુસ્થિત નામે આચાર્ય હતા. તેને કપિલ નામે શિષ્ય હતો. તે શય્યાતરની પુત્રી સાથે ક્રીડા કરતો હતો. તેણીમાં આસક્ત થયો. કોઈ વખતે તે શય્યાતર પુત્રી એકાકી નજીકમાં ગાયને દોહવા વાડામાં ગઈ. તેણી પછી દૂધ–દહીં લઈને આવતી હતી. કપિલ તે વાડા પાસેથી ભિક્ષાચર્યાર્થે જતો હતો. તેણે માર્ગમાં અનિચ્છા છતાં તેણીને બળાત્કારે ભોગવી. તે કર્બટકથી નજીકમાં તેણીનો પિતા ખેતી કરતો હતો. તેણીએ તેને જઈને વાત કરી. તેણે પણ પુત્રીની ભિન્નયોનિમાંથી વહીને પૃથ્વી પર પડતું લોહી જોયું. તે હાથમાં કુહાડો લઈ રોષથી દોડ્યો. કપિલ તે વખતે ભિક્ષા લઈને પાછો આવતો તેણે જોયો. તેણે સાગારિક સહિત ઘરમાંથી કાઢી મૂક્યા. તે પણ આચાર્ય પાસે ન ગયો. તેણે આ પ્રમાણે ઉપકરણના ઉપઘાતથી નપુંસક વેદ ઉદીર્ણ કર્યો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૩૫૭૬ની ચૂ;* *બૃહ.ભા. ૫૧૫૪ + વૃ;*

— x — x —

**૦ કપિલબટુક :– (શુદ્ધભાવે થતી નિર્જરાનું દૃષ્ટાંત)**

ત્રિપૃષ્ઠના ભવમાંથી નીકળીને (ત્રિપૃષ્ઠે મારેલ) સિંહ પણ સંસારભ્રમણ કરતો રાજગૃહીમાં કપિલ બ્રાહ્મણનો બટુક થયો. ભગવંત મહાવીરના વચનથી પણ ઉપશમ ન પામ્યો. ગૌતમસ્વામી દ્વારા અનુશાસિત કરતા ઉપશમ પામ્યો. દીક્ષા પણ ગ્રહણ કરી. અહીં ભગવંત કરતા હીનગુણી હોવા છતાં ગૌતમ થકી તેના ભારેકર્મીપણાથી, નિવૃત્ત થઈ, ઘણી નિર્જરા પામ્યો.

*(આ કથાનક ભગવંત મહાવીર કથામાં પણ જોવું)*

*૦ આગમ સંદર્ભ :–*

*વવ.ભા. ૨૬૩૪ + વૃ;*

— x — x —

**૦ કપિલા :– (ભક્તિ પણ નહીં – બહુમાન પણ નહીં તેનું દૃષ્ટાંત)**

જ્યારે શ્રેણિક રાજા નરકે જશે, તેવું કથન ભગવંત મહાવીરે કર્યું, ત્યારે વ્યથિત થયેલા શ્રેણિકે નરકથી બચવાનો ઉપાય પૂછ્યો. ત્યારે ભગવંત મહાવીરે કહ્યું કે, જો કપિલાદાસી સાધુને દાન આપે, સન્માન કરે તો તું નરકે ન જાય. ત્યારે શ્રેણિક મહારાજાએ તે કપિલા બ્રાહ્મણીને સાધુને વંદના કરવા તથા દાન આપવા કહ્યું, તેણી ન માની, તેને મારી, ધમકી આપી, તો પણ ન માની. કેમકે તેણીમાં ભક્તિ પણ ન હતી અને બહુમાન પણ ન હતું.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૧૩ની ચૂ;* *આવ.ચૂ.૨–પૃ. ૧૬૯;* *આવ.નિ. ૧૨૮૪–વૃ;*

— × — × —

**૦ કાલોદાયી :– (રાત્રે આહાર ગ્રહણ કરવા સંબંધે દૃષ્ટાંત)**

ભગવંતે રાત્રિભોજનનો પ્રતિષેધ કર્યો છે. તે ન માનવું તે આજ્ઞાભંગ છે. તે વિષયમાં મિથ્યાત્વે ભિક્ષુનું દૃષ્ટાંત છે.

કાલોદાયી નામે એક ભિક્ષુ હતો. રાત્રિએ કોઈ બ્રાહ્મણના ઘેર ભિક્ષાર્થે પ્રવેશ્યો. બ્રાહ્મણી જ્યારે તેને માટે ભિક્ષા લેવા ગઈ ત્યારે ઘણાં અંધકારને કારણે ખીલો ન જોયો. તે ખીલો ઘુસી જતાં તેનું પેટ ફાટી ગયું. તે ગર્ભવતી હતી. ગર્ભ તરફડતો પડ્યો અને મૃત્યુ પામ્યો. તેણી પણ મૃત્યુ પામી. તેને જોઈને લોકો કહેવા લાગ્યા કે, આ અદૃષ્ટ ધર્મવાળા છે. આ પ્રમાણે સાધુ પણ જો રાત્રે ભિક્ષા માટે નીકળે તો ભગવંતના સર્વજ્ઞત્વમાં શંકા ઉત્પન્ન થાય. તેમજ સંયમ અને આત્મ વિરાધના પણ થાય છે.

*૦ આગમ સંદર્ભ :–*

*બૃહ.ભા. ૨૮૪૧ની વૃ;*

— × — × —

**૦ કુચિકર્ણ :– (વર્ગણા સંબંધે દૃષ્ટાંત)**

આ ભરતક્ષેત્રમાં મગધ જનપદમાં કુચિકર્ણ નામે ધનપતિ હતો. તેની પાસે ઘણી ગાયો હતી. હજારોની સંખ્યામાં તે ગાયોના અલગ–અલગ પાલનને માટે ઘણાં વર્ગો પાડી, ગોવાળો રાખ્યો હતો. તેઓની વચ્ચે પરસ્પર કલહ થતો હતો. તેથી તેના અવ્યામોહને માટે લાલ, સફેદ, કાળી, કાબરચિતરી એવા ભેદે ગાયોના વર્ગો પાડેલા હતા. તે વિષયક આ દૃષ્ટાંત છે.

અહીં ગોપપતિના સ્થાને તીર્થંકર, ગોપને સ્થાને શિષ્યો,ગાય સદૃશ પુદ્ગલાસ્તિકાય પરમાણુ આદિ વર્ગણા કલ્પવી.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૪૪;* *આવ.નિ. ૩૯ની વૃ;*

— × — × —

**૦ કોંકણક :– (અપરાધ પદે સીદાતા સાધુનું દૃષ્ટાંત)**

એક વૃદ્ધ પોતાના પુત્ર સાથે પ્રવ્રજિત થયો. તે પુત્ર તેને ઘણો જ ઇષ્ટ હતો. તેણે

કહ્યું, હું ઉપાનહ વિના ચાલી શકતો નથી. ત્યારે અનુકંપાથી તે વૃદ્ધ મુનિએ તેને ઉપાનહ આપ્યા. ફરી કહ્યું કે, તાપથી મારું માથું ફાટી જાય છે. ત્યારે તેને છત્ર આપ્યું. પછી માથું ફાટે છે તેમ કહ્યું ત્યારે ખલિતો કર્યો. ફરી તેણે કહ્યું હું ભિક્ષાર્થે જવા સમર્થ નથી. ત્યારે તેને ઉપાશ્રયમાં રહેવા અનુજ્ઞા આપી. પછી ભૂમિએ સૂઈ નહીં શકું કહેતા સંથારાની અનુજ્ઞા આપી. લોચ કરી નહીં શકું તેમ કહેતા અસ્તરા વડે મુંડન કરાવ્યું. એ જ રીતે તેને સ્નાન માટે અનુજ્ઞા આપી, વસ્ત્ર યુગલ આપ્યા.

આ પ્રમાણે તે કુંકણકે જે–જે માંગ્યું, તે–તે સ્નેહબુદ્ધિથી તેને સ્થવિરમુનિ આપતા ગયા. એ પ્રમાણે સમય જતાં તેણે કહ્યું કે, હું અવિરત્તિ વિના (સ્ત્રી વિના) રહી શકતો નથી. ત્યારે વૃદ્ધ મુનિએ કહ્યું, દુષ્ટ ! ચાલતો થા. અયોગ્ય જાણીને તેને કાઢી મૂક્યો. પછી સંખડી ભોજનના અજિર્ણથી મૃત્યુ પામ્યો. મરીને પાડો થયો. ભાર વહન કરવા લાગ્યો.

તે સ્થવિર મુનિ પણ શ્રમણ પર્યાય પાળીને, કાળધર્મ પામીને દેવલોકે ઉત્પન્ન થયો. અવધિજ્ઞાનથી પોતાના પુત્રશિષ્યને જોયો. સ્નેહથી તેને પ્રતિબોધ કરવા વિચાર્યું. તેને પૂર્વભવની બધી વાતો યાદ કરાવી ત્યારે તે પાડાને ઇહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. દેવે તેને પ્રતિબોધ કર્યો. પછી ભક્ત પ્રત્યાખ્યાન કરીને દેવલોકે ગયો – આ રીતે અપરાધપદનું વર્જન કરવું જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*દસ.નિ. ૧૭૬ + વૃ;*

— × — × —

**૦ કોંકણકદારક :– (અનનુયોગ સંબંધે દૃષ્ટાંત)**

કોંકણક દેશમાં એક દારક હતો. તેની માતા મૃત્યુ પામી. પિતાને બીજી સ્ત્રી પ્રાપ્ત ન થઈ. કોઈ વખતે તેનો પુત્ર લાકડા લેવા ગયો. ત્યારે પિતાએ વિચાર્યું કે, પુત્ર છે ત્યાં સુધી મને કોઈ સ્ત્રી પ્રાપ્ત થશે નહીં. તો આ પુત્રને મારી નાંખુ. તેણે પુત્રને બાણ લાવવા કહ્યું. તે પુત્ર દોડ્યો. તેણે પોતાના પુત્રને વિંધી નાંખ્યો. પુત્રે પૂછ્યું કે, તમે મને કેમ બાણ માર્યું ? ફરીરથી બાણ માર્યું. અહીં પુત્રે એમ વિચાર્યું કે, મને અજાણતા વિંધ્યો તે અનનુયોગ. હું આને મારી નાંખુ એમ જાણીને માર્યો તે અનુયોગ.

*૦ આગમ સંદર્ભ :–*

*બુહ.ભા. ૧૭૨ + વૃ; આવ.નિ. ૧૩૪ + વૃ; આવ.ચૂ.પૃ. ૧૬૨;*

— × — × —

**૦ કુંચિત :– (પ્રાયશ્ચિત્ત વૃદ્ધિનું દૃષ્ટાંત)**

કુંચિત નામે એક તાપસ હતો. ફળને માટે અટવીમાં ગયો. તેણે નદીમાં મૃત મત્સ્ય જોયો. તેણે અલ્પસાગારિક વિચારી ખાધો. તે અનુચિત આહારથી અજીર્ણ થતા આગાઢ ગ્લાનિ થઈ. વૈદ્યે તેને પૂછ્યું કે, શું ખાધું હતું ? તાપસે કહ્યું કે, ફળ સિવાય કશું ખાધું નથી. વૈદ્યે કહ્યું, કંદાદિથી તારું શરીર નિષ્કાષાયિત થયું છે, તું ઘી પી. તેણે સારી રીતે ઘી પીધું. વ્યાધિ વધી. ફરી પૂછ્યું, વૈદ્યે કહ્યું કે, તું સાચું બોલ. ત્યારે કહ્યું કે, મેં મત્સ્ય

ખાધેલ. વૈદ્યે સંશોધન, વમન, વિરેચન ક્રિયાદિ દ્વારા તેને સ્વસ્થ કર્યો.

ઉપનય – જો પર્યાલોચન કર્યું હોય તો પશ્ચાત્ ક્રિયા ન થાય. શુદ્ધિ માટે સમ્યક્ પ્રકારે અતિચાર આલોચના કરવી જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૬૩૯૯ + ચૂ;*

— × — × —

**૦ કુલપુત્ર :– (ક્રોધના અસત્યપણાનું દૃષ્ટાંત)**

કોઈક કુલપુત્રના ભાઈને વૈરીએ મારી નાંખ્યો. તેની માતાએ કહ્યું, હે પુત્ર ! પુત્રઘાતકનો ઘાત કર. ત્યારે તે કુલપુત્ર તેને પકડીને લાવ્યો. માતાની સામે આવીને કહ્યું, હે ભાઈના હત્યારા ! હું તને કઈ રીતે મારું ? તેણે કહ્યું, હું તમારે શરણે આવ્યો છું. તેની માતાએ કહ્યું કે, શરણે આવેલાને મારવો નહીં. કુલપુત્રે કહ્યું કે, મારા રોષને કઈ રીતે સફળ કરું ? માતાએ કહ્યું, બધે રોષને પ્રગટ ન કરાય. ત્યારે તેણે તેને માફ કર્યો. કરી છોડી દીધો.

*૦ આગમ સંદર્ભ :–*

*ઉત્ત.ચૂ.પૂ. ૩૨;* *ઉત્ત.મૂ. ૧૪ની વૃ;*

**૦ કેશી (સત્યકી) :– (ચતુર્થવ્રત ભંગ ક્યારે ન કહેવાય ?)**

જે રીતે તે આર્યાને પુરુષનો સંવાસ ન કરવા છતાં તે પુરુષે કથંચિત્ ઉપાત્ત બીજ પુદ્ગલો વડે તેને પ્રસુતા કરી. તે આર્યિકાને (સાધ્વીને) વ્રત ભંગ થયો ન કહેવાય. કેમકે તેણીના પરિણામ વિશુદ્ધ હતા. *(વિશેષ કથા સુજ્યેષ્ઠાની અને સત્યકીની જોવી)*

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૪૫૪ની વૃ;* *બુહ.ભા. ૪૧૩૭;*

— × — × —

**૦ કોંકણક :– (દ્રવ્ય પ્રતિબંધ વિષયે દૃષ્ટાંત)**

કોઈ રાજાએ એક કોંકણક અને બીજા અમાત્યને કોઈ અપરાધના વિષયમાં સમાન સજા કરી. જો પાંચ દિવસમાં તેઓ નિર્વિષય ન થાય તો તેમનો અવશ્ય વધ કરવા કહ્યું. કોંકણક દૂધી, તુંબી, કાંજી–કાંજીનું પાણી ભરીને ક્ષણમાં ગયો, ત્યારે અમાત્ય જેટલામાં ભંડી, ગ્રંથી, બળદ, કાયાનુકપોતી ભરવા ગયો તેટલામાં પાંચ દિવસો પૂરા થઈ ગયા. તેથી તેને શૂળીએ ચડાવ્યો, તે મૃત્યુ પામ્યો. જે રીતે તે અમાત્ય કુટુંબના ઉપકરણમાં પ્રતિબદ્ધ થયો તો વિનાશ પામ્યો. કોંકણક પ્રતિબદ્ધ ન થયો તો બચી ગયો.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૩૮૧૪ની ચૂ;* *વવ.ભા. ૪૨૮૯, ૪૨૯૦ + વૃ;*

— × — × —

**૦ કોંકણક :– (મૃષાવાદ ન સેવવાનો લાભ)**

કોંકણક શ્રાવકને લોકોએ કહ્યું, ઘોડો નાસી રહ્યો છે તેને લઈ આવ. તેણે આહત

કરતા મૃત કરીને લાવ્યો. તેને પૂછ્યું તારો કોઈ સાક્ષી છે ? ઘોડાના સ્વામીએ કહ્યું, આનો પુત્ર મારો સાક્ષી છે. તેના પુત્રએ કહ્યું, આ વાત સત્ય છે. ત્યારે તે સંતુષ્ટ થયો. લોકો દ્વારા તે પ્રશંસા અને પૂજા પામ્યો. એ પ્રમાણે મૃષાવાદ વિરમણના ગુણો જાણવા.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.મૂ. ૬૫ની વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૨૮૫;*

— x — x —

**૦ કોંકણક સાધુ :– (થીણદ્ધિ નિદ્રાનું દૃષ્ટાંત)**

એક આચાર્ય ઘણાં શિષ્ય પરિવાર સહિત વિચરતા સંધ્યા કાળ સમયે અનેક સિંહવાળી અટવીમાં પહોંચ્યા. તે ગચ્છમાં દૃઢ સંઘયણવાળા એક કોંકણક સાધુ હતા. ગુરુએ કહ્યું, હે આર્યો ! અહીં સાવજ નો ઉપદ્રવ થાય તેનું નિવારણ કરે તેવા કોઈ સાધુ છે ? ત્યારે તે કોંકણગ સાધુએ કહ્યું, કઈ રીતે નિવારણ કરું ? વિરાધના કરીને કે વિરાધના કર્યા વિના ? શક્ય હોય ત્યાં સુધી વિરાધના ન કરવી, પછી વિરાધના કરવી જ પડે તો દોષ નથી.

ત્યારે તે કોંકણગ સાધુએ કહ્યું, સુખે સુવો. હું તમારું રક્ષણ કરીશ. સાધુઓ સૂઈ ગયા. તે એકલા જાગતા સિંહને જોતા રહ્યા. સિંહને "હટ" કહ્યું તો ન ગયો. કપડાં વડે માર્યો ચાલ્યો ગયો. ફરી આવતો જોયો. તેને થયું કે આ બરાબર પરિતાપિત થયો નથી. તેથી પાછો આવ્યો. પણ સવારે જોયું તો એકૈક પ્રહરે તેણે એક સિંહને આહત કરેલ, તે ત્રણે સિંહ મરેલા પડ્યા હતા.

ત્યારે તે કોંકણકે આચાર્ય પાસે આલોચના કરી, શુદ્ધિ કરી. એ રીતે આચાર્ય પાસે કારણે અપરાધની શુદ્ધિ થઈ શકે.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૨૮૯, ૩૮૧૪ની ચૂ;*

— x — x —

**૦ કોંકણક :– (અનર્થદંડે સંબંધે દૃષ્ટાંત)**

કોઈ કોંકણકે દીક્ષા લીધી. વાયુને વાતો જોઈને તેણે વિચાર્યું કે મારા પુત્રો શું કરતા હશે ? તેઓ તો પ્રમાદી છે, તેમને પોતા કે પારકા વિશે કોઈ બુદ્ધિ નથી, ઇત્યાદિ– *(તેઓ ખેતર ખેડશે નહીં, તો કંઈ પાકશે નહીં, પછી પોતે શું ખાસે ? બીજાને શું ખવડાવશે ? બાપડા દુઃખી થઈ જશે. એ પ્રમાણે ઇરિયાવહી દરમ્યાન ચિંતવના કરી. આ તેનું અપધ્યાન આચરણ કહેવાય.)*

*૦ આગમ સંદર્ભ :–*

*ગચ્છા ૪૩ની વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૨૯૭;* *આવ.મૂ. ૭૨ની વૃ;*
*કલ્પસૂત્ર–વૃત્તિ.*

— x — x —

**૦ ભારવાહી પુરુષનું દૃષ્ટાંત :–**

કોંકણગ દેશમાં કોઈ દુર્ગમાં ભાંડાદિને ચઢાવતા–ઉતારતા તેમાં કોઈને

ગુરુભારવાહી રૂપે રાજાએ સ્થાપ્યો. તેને એવી આજ્ઞા આપેલી કે તેણે કોઈને માર્ગ ન આપવો. રાજા આવે તો પણ માર્ગેથી ખસવું નહીં – × – × – કોઈ સાધુને આવતો જોઈ તે માર્ગેથી ખસી ગયો. સાધુને માર્ગ આપ્યો. ભારવાહકોએ રોષાયમાન થઈ એ વાત રાજાને કરી – × – × – રાજાએ તેને કહ્યું કે, તે મારી આજ્ઞાનો ભંગ કર્યો ? તેણે કહ્યું, હે દેવ ! તમે ગુરુભારવાહીને માર્ગ આપવા કહેલું માટે મેં માર્ગ આપ્યો.

ત્યારે રાજાએ પૂછ્યું કઈ રીતે ? તે ભારવાહકે કહ્યું કે, તે અવિશ્રાંતપણે અઢાર હજાર શીલાંગનો ભાર વહન કરે છે. જેટલો ભાર મારેથી વહન કરવો શક્ય નથી. આ સાંભળી રાજા પ્રતિબોધ પામ્યો. ઊભો થઈને સન્મુખ ગયો. *(આને કર્મસિદ્ધનું દૃષ્ટાંત જાણવું)*

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૯૨૯ની વૃ;*

— × — × —

**૦ કોડીસર :– (દ્રવ્ય આવશ્યક સંબંધે દૃષ્ટાંત)**

ગિરિનગરે કોડીસર નામે એક રત્નવણિક હતો. તે રક્તરત્નો વડે ઘરને પ્રદીપ્ત (પ્રકાશમાન) રાખતો હતો. તેને જોઈને સર્વલોક તેની પ્રશંસા કરતા – અહો ! આ વણિક્ ધન્ય છે જે નિત્ય દેવ સન્મુખ અગ્નિ વડે તર્પણ કરે છે. કોઈ વખતે ત્યાં અગ્નિ પ્રગટ્યો પ્રબળ વાયુ વહેતો હતો. આખું નગર બળી ગયું. પછી રાજાએ તેને દેશ નિકાલ કર્યો. બીજા નગરે પણ કોઈ તેમ કરતો હતો. ત્યાં રાજાને તે વાતની ખબર પડી, તેનું સર્વસ્વ હરણ કરી લીધું, તેને કાઢી મૂક્યો. જંગલમાં જઈને કેમ અગ્નિ પ્રગટાવતો નથી ?

જે રીતે તે વણિકનું અવશેષ દ્રવ્ય બળી ગયું. તે રીતે અગીતાર્થ એવા વસંતપુર નગરે રહેલા સંવિગ્નનો પણ સાધુઓએ ત્યાગ કર્યો. તે દ્રવ્ય આવશ્યક જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૭૯;* *આવ.નિ. ૭૯ની વૃ;*

— × — × —

**૦ કોલગિની :– (માયા વિષયમાં દૃષ્ટાંત)**

એક કોલગિની કુમારી હતી. તેના માતા–પિતા બીજે ગામ ગયેલા હતા. તેણી એકલી રહેલી. ચોરો તેના ઘરમાં પ્રવેશ્યા. તેણી પોતાની સાથે વાત કરતી હોય તેમ બોલી. હું મામાના દિકરાને અપાઈ છું. તો મને પુત્ર પણ થશે. તેનું હું ચંદ્ર એ પ્રમાણે નામ રાખીશ. તેને હું બોલાવીશ – ઓ ચંદ્ર ! ઓ ચંદ્ર ! તે સાંભળીને પાડોશમાં રહેતો ચંદ્ર આવ્યો. તે જોઈને ચોરો નાસી ગયા.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૫૨૫;* *આવ.નિ. ૯૧૮ની વૃ;*

— × — × —

**૦ ખંડકર્ણ :– (સમ્યક્ પરિકર્મ સંબંધી પરીક્ષાનું દૃષ્ટાંત)**

અવંતીપતિ પ્રદ્યોતને ખંડકર્ણ નામે મંત્રી હતો. કોઈ વખતે રાજા પાસે સાહસિક

નામે સાહસ્રિકયોધી મલ્લ આવ્યો. ખંડકર્ણ અમાત્યે મહાકાલ શ્મશાનમાં છાગ, સુરાકુટ અને મદિરાઘટ વડે તેની પરીક્ષા કરી. ત્યાં તાલ પ્રમાણ પિશાચના હાથમાં માંસ આપ્યું. બીજો મલ્લ આવ્યો. તેની પણ તે જ પ્રમાણે પરીક્ષા કરી. કેવળ તાલ પિશાચના ભયથી તે ચાલ્યા ગયેલા. પણ તે મલ્લ માંસ ખાધ, દારૂ પીને ઊભો રહ્યો. તાલપિશાચે આવીને હાથ ફેલાવીને કહ્યું કે, મને પણ આપ. ત્યારે તે સહસ્રયોધી મલ્લે ડર્યા વિના પિશાચને પણ આપ્યું. પોતે પણ ખાધું. આ વાત રાજાના ગુપ્તચર પુરુષોએ ખંડ કર્ણને જણાવી. તેઓએ જાણ્યું કે ખરેખર આ સહસ્રયોધી છે.

આ પ્રમાણે આચાર્યોએ પણ તપ વગેરે દ્વારા આ સમ્યક્ પરિકર્મા છે કે નહીં ? તેની પરીક્ષા કરવી જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*વવ.ભા. ૭૮૩ + વૃ;*

— x — x —

**૦ ગંધપ્રિય :– (ઘ્રાણ ઇન્દ્રિય વિષયે મૃત્યુ)**

ગંધપ્રિય નામે કુમાર હતો, તે વારંવાર નાવ દ્વારા ક્રીડા કરવા જતો. શૌક્ય માતાએ પેટીમાં વિષ રાખીને નદીમાં વહાવી. તેણે એકાંતમાં આ પેટી જોઈ. પેટીને બહાર કાઢી. ઉઘાડવા માટે પ્રયત્ન કર્યો. તેમાં પેટીમાં એક કપડામાં વીંટેલ સમુદ્ગક (ડબ્બો) જોયો. તેને ઉઘાડીને સુંઘવા ગયો. સુંઘતાની સાથે જ મૃત્યુ પામ્યો.

ઘ્રાણેન્દ્રિય વશ જીવને આવા દુઃખો પડે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા. ૧૧૦ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૫૩૩; આવ.નિ. ૯૧૮ની વૃ;*

— x — x —

**૦ ચારુદત્ત :– (દ્રવ્ય માર્ગનું દૃષ્ટાંત)**

એક ગાથાપતિનો પુત્ર હતો. તેણે પોતાની સર્વ સંપત્તિ વેશ્યા પાછળ વેડફી દીધી. ત્યારપછી તે આજીવિકા માટે તેના મામા સાથે અહીં–તહીં સર્વત્ર ભટકવા લાગ્યો. તે ત્યારપછી સુવર્ણભૂમિ પણ ગયો – આ તેનો દ્રવ્ય માર્ગ જાણવો.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૫૦; સૂય.ચૂ.પૃ. ૨૩૯, ૨૪૦; સૂય.નિ. ૧૦૮ વૃ;*

— x — x —

**૦ જિનદાસ (દામન્નક) :– (પચ્ચક્ખાણના ફળનું દૃષ્ટાંત)**

રાજપુર નગરે એક કુલપુત્ર થયો. તેને જિનદાસ નામે મિત્ર હતો. તે તેને સાધુ પાસે લઈ ગયો. તેણે મત્સ્ય માંસનું પચ્ચક્ખાણ કર્યું. દુકાળમાં લોકો માછલા ખાવા લાગ્યા. તે પણ શ્યાલ મહિલાના કહેવાથી ગયો. માછલાની પીડા જોઈને તેને પચ્ચક્ખાણ યાદ આવ્યું. તેણે માછલાને છોડી દીધો. એ રીતે ત્રણ દિવસમાં ત્રણ વખત માછલાને પકડ્યો અને છોડી દીધો. પછી તે જિનદાસમિત્ર અનશન કરીને રાજગૃહ નગરમાં મણિકાર શ્રેષ્ઠી પુત્ર દામન્નક નામે થયો.

આઠ વર્ષિય મરકી રોગ તેના કુળે થયો. ત્યાં સુધી તે સાગરપોત સાર્થવાહના ઘેર રહ્યો. તે ઘરમાં ભિક્ષાર્થે આવ્યા, સાધુયુગલે કહ્યું કે, આ બાળક આ ઘરનો સ્વામી થશે. આ વાત સાર્થવાહે સાંભળી. તેથી તે સાર્થવાહે બાળકને મારી નાંખવા માટે ચાંડાલોને સોંપી દીધો. તે ચાંડાલો તે બાળકને દૂર લઈ જઈ, માત્ર આંગળી છેદી, ડરાવીને દેશ બહાર કાઢી મૂક્યો. નાશતા એવા તેને કોઈ ગોષ્ઠાધિપતિએ ગ્રહણ કર્યો. પુત્રની જેમ રાખ્યો. દામન્નક યુવાન થયો.

કોઈ વખતે સાગરપોત સાર્થવાહે તેને જોઈને પરિજનોને પૂછયું કે, આ બાળક કોણ છે ? તેણે કહ્યું કે, તે બાળક અહીં અનાથ આવેલો. તેથી સાર્થવાહે લેખ આપીને તેને રવાના કર્યો. તે રાજગૃહીની બહાર દેવકૂળના પરિસરમાં સુતો હતો. સાગરપોતને વિષા નામે કન્યા હતી. તે પૂજા કરવા આવેલી તેણે દામન્નકને જોયો. પોતાના પિતાએ લખેલો લેખ વાંચ્યો. તેમાં લખેલું હતું કે, આ કુમારને વિષ આપી દેશો. તે કન્યાએ વિષને બદલે તેમાં વિષા કરી દીધું. તે નગરમાં પ્રવેશ્યો. તત્કાલ તેના વિષા સાથે લગ્ન થયા.

જ્યારે સાગરપોત સાર્થવાહ આવતો હતો. ત્યારે તેણે સાગરપુત્રના મરણના સમાચાર સાંભળ્યા તે સાંભળી સાગરપોત સાર્થવાહનું હૃદય ફાટી ગયું. રાજાએ દામન્નકને તે ઘરનો સ્વામી બનાવ્યો. ભોગ અને સમૃદ્ધિ બંને પામ્યો. પછી રાજાએ તેને શ્રેષ્ઠીપણે સ્થાપ્યો. બોધિલાભ પામ્યો. ફરી ધર્માનુષ્ઠાન આચરીને દેવલોકે ગયો. એ રીતે પરલોકમાં પણ સુખ પામ્યો.

અથવા શુદ્ધ પચ્ચકખાણના પ્રભાવથી દેવલોકે ગયો. પછી બોધિલાભ થયો. સારાકુળમાં જન્મ પામ્યો, સુખની પરંપરા પામતો છેલ્લે સિદ્ધિગતિમાં ગયો. કોઈ આચાર્ય કહે છે કે તે જ ભવે સિદ્ધિ ગતિમાં ગયો.

– ઉપનય – આ પ્રમાણે પચ્ચખાણનું ફળ જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૬૨૦ + વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૩૨૪;*

— x — x —

### ૦ જિતશત્રુ :– (અસ્વાધ્યાય કાળે સ્વાધ્યાયનો દોષ)

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું, જિતશત્રુ રાજા હતો. તેણે પોતાના દેશમાં ઘોષણા કરાવી, મ્લેચ્છ રાજા આવે છે, તો ગામ–નગર છોડીને દુર્ગમાં જઈને રહેવું તો તમે વિનાશ પામશો નહીં. પછી જેઓ રાજાના વચનથી દુર્ગ આદિમાં રહ્યા તે વિનાશ ન પામ્યા. જેઓ દુર્ગ આદિમાં ન ગયા. તે મ્લેચ્છ રાજાથી વિનાશ પામ્યા. વળી પાછા રાજાએ તેમને આજ્ઞા ભંગની સજારૂપે જે કાંઈ બાકી રહેલું તેને પણ દંડ્યા. એ રીતે અસ્વાધ્યાય કાળે જો સ્વાધ્યાય કરે તેને બે તરફથી દંડ થાય છે. આ ભવે દેવતા દ્વારા છળાય છે, પરભવે જ્ઞાનાદિ વિરાધના આશ્રિત પ્રાયશ્ચિત્ત આવે છે.

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૬૦૭૬ની ચૂ;*

— x — x —

### ૦ જિતશત્રુ :– (ક્ષિપ્તચિતતાનું દષ્ટાંત)

જિતશત્રુ નામે રાજા હતો. તેની દીક્ષા થઈ. તથાવિધ સ્થવીરો પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધેલી. પ્રવ્રજ્યા પછી તેને ગ્રહણ–આસેવન શિક્ષા શરૂ થઈ. કાલાંતરે તે વિદેશ ગયા. પોતનપુરમાં પરતીર્થિ સાથે વાદ થયો. વાદમાં તેમણે જિનસાસનની મહાપ્રભાવના કરી. તેઓ મોક્ષમાં ગયા. તેની એક બહેન (ભાઈ) ભાઈના રાગથી રાજ્યલક્ષ્મી છોડીને દીક્ષિત થયા. તે પોતાના ભાઈમુનિના કાલધર્મના સમાચાર સાંભળી ક્ષિપ્તચિત્ત બન્યા.

*૦ આગમ સંદર્ભ :–*

*બુહ.ભા. ૬૧૯૮, ૬૧૯૯ + વૃ; (માં બહેને દીક્ષા લીધી તેમ કહ્યું છે.)*

*વવ.ભા. ૧૦૭૫, ૧૦૭૬ + વૃ; (માં ભાઈએ દીક્ષા લીધી તેમ કહ્યું છે.)*

— × — × —

### ૦ ડોડિણી :– (જમાઈની પરીક્ષાનું દષ્ટાંત)

ડોડિણી નામે ગણિકા હતી. તેણે અપ્રશસ્તરૂપે પરીક્ષા કરી. તે બ્રાહ્મણીને ત્રણ પુત્રીઓ હતી. તે પરણાવવા લાયક થઈ. તેને થયું કે, આ સુખી થાય. પહેલી પુત્રીને કહ્યું કે, આવાસ ભવનમાં તારા પતિને મસ્તકે પગ વડે લાત મારવી, તો પણ તે કંઈ ન કહે તો તારે મને જણાવવું. જો તે સ્નેહથી એમ કહે કે, અરે ! પ્રિયતમા તારા સુકુમાલ ચરણમાં પીડા થઈ છે ? તો જણાવજે. જ્યારે તેમ બન્યું ત્યારે માતા તે સાંભળીને ખુશ થઈ, પુત્રીને કહ્યું, તું તારા ઘેર ખુશીથી રહે. તારો પતિ આજ્ઞાકારી છે.

બીજીને પણ તેમ શીખવ્યું. તેનો પતિ થોડો ગુસ્સે થયો, પછી શાંત થઈ ગયો. ત્યારે માતાએ કહ્યું, તારો પતિ ક્ષણિક રોષવાળો જ છે, ત્યારપછી ત્રીજી પુત્રીને પૂછયું, તેણીએ કહ્યું કે, મારા પતિએ મને ખૂબ જ માર્યો. ત્યારે માતાએ કહ્યું, તારો પતિ દુરારાધ્ય થશે. માટે દેવની માફક તેની સમ્યક્ આરાધના કરજે.

આ અપ્રશસ્ત પરીક્ષાનું દષ્ટાંત છે.

*૦ આગમ સંદર્ભ :–*

*અનુઓ. ૭૯ની વૃ;*

— × — × —

### ૦ તુંડિક :– (યાત્રાસિદ્ધનું દષ્ટાંત)

એક ગામે તુંડિક વણિક્ હતો. તેને સો–હજાર વખત પ્રવહણ ભગ્ન થયેલું. તો પણ તે યાત્રાથી અટકતો ન હતો. તે બોલતો કે, જે જળમાં નાશ પામ્યું, તે જળમાં જ પ્રાપ્ત થશે. પુનઃ પુનઃ તે ભાંડો ગ્રહણ કરીને યાત્રાએ જતો હતો. તેના નિશ્ચયથી દેવતા પ્રસન્ન થયા. તેને પ્રચુર–પ્રચુર દ્રવ્ય આપ્યું. પછી પૂછયું કે, બીજું પણ તારા માટે શું કરીએ ? તેણે કહ્યું કે, જે મારું નામ લઈને સમુદ્રનું અવગાહન કરે તે વિપત્તિરહિત પાછો આવે. દેવે તે વાત પણ સ્વીકારી. આ પ્રમાણે તે યાત્રાસિદ્ધ હતો.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૯૩૬ + વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૫૪૩;*

— × — × —

### ૦ તોસલિ :– (વ્યાઘાત મરણનું દૃષ્ટાંત)

તોસલિ નામે આચાર્ય હતા. વનમાં મહિષી દ્વારા ઉપસર્ગ થયો. તોસલિદેશે ઘણી મહિષીઓ હતી. તેમાં કોઈ એકે સાધુને અટવીમાં પરેશાન કર્યા. ભૂખથી પીડાઈને નિર્વાહ અશક્ય બનતા તેમણે ચારે પ્રકારના આહારનો પરિત્યાગ કર્યો. આ વાઘાતિમ મરણનું દૃષ્ટાંત જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.નિ. ૨૬૭ + વૃ;* *આયા.ચૂ.પૃ. ૨૪૯;*

— x — x —

### ૦ તોસલિક :– (આચાર્યને શિષ્યોએ કેમ સાચવવા ?)

કોઈ વણિક્ સમુદ્રમાં ગયેલો. વહાણને ગાઢ તોફાન નડ્યું. તે વણિકે ડરીને ઉપ–યાચના શરૂ કરી. તેણે માનતા માની કે, જો હું આ તોફાનમાંથી ઉગરીશ તો મણિમય એવી બે જિનપ્રતિમા કરાવીશ, ત્યારે દેવતાના અનુભાવથી તોફાન શાંત થઈ ગયું. પાર ઉતર્યા પછી લોભથી એક મણિરત્નમાંથી એક જ જિનપ્રતિમા કરાવી. પછી બીજા મણિરત્નથી બીજી પ્રતિમા પણ કરાવી. પછી તે ઘણાં પ્રયત્નથી પ્રતિમાનું રક્ષણ કરવા લાગ્યો. તેમાં એક પ્રતિમામાં એવો પ્રાતિહાર્ય ઉત્પન્ન થયો કે, તે સ્વયં પ્રકાશિત બની. તૌસલિક રાજાએ આ વાત જાણી ત્યાર તે પ્રતિમા ગ્રહણ કરીને પોતાના શ્રીગૃહ ભાંડાગારમાં મુકી દીધી. પછી મંગલ બુદ્ધિથી તે પ્રતિમાની પૂજા કરવા લાગ્યો. જે દિવસથી તે પ્રતિમા શ્રીગૃહમાં આવી, ત્યારથી કોશાદિમાં વૃદ્ધિ થવા લાગી.

– આ રીતે પ્રતિમાની જેમ આચાર્યને શિષ્યોએ સાચવવા જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*વવ.ભા. ૨૫૫૬ થી ૨૫૬૧ + વૃ;*

— x — x —

### ૦ દેવદત્તા :– (અર્થ કથાનું દૃષ્ટાંત)

કોઈ વખતે બ્રહ્મદત્તકુમાર, અમાત્યપુત્ર, શ્રેષ્ઠીપુત્ર અને સાર્થવાહ પુત્ર પરસ્પર વાત કરતા હતા કે, આપણામાંનો કોણ કઈ રીતે આજીવિકા ચલાવશે ? (જીવશે ?) ત્યારે રાજપુત્રે કહ્યું, હું પુણ્ય વડે જીવું છું, અમાત્ય પુત્રે કહ્યું, હું બુદ્ધિ વડે જીવું છું, શ્રેષ્ઠીપુત્રે કહ્યું, હું રૂપથી જીવું છું. સાર્થવાહ પુત્રે કહ્યું, હું દક્ષપણાથી જીવું છું.

તેઓ જ્યાં કોઈ જાણતા ન હોય તેવા નગરે ગયા. સાર્થવાહ પુત્રને દક્ષતાથી ભોજનાદિ લાવવા કહ્યું. તે કોઈ સ્થવિરવણિકની દુકાને રહ્યો. ત્યાં ઘણાં ખરીદનારા આવતા હતા. તે વખતે સાર્થવાહ પુત્રે પોતાની દક્ષતાથી તેને પડીકા બાંધવા આદિમાં મદદ કરી, વણિકને ઘણો લાભ થયો ત્યારે વણિકે તેને ભોજનાદિ માટે નિમંત્રણ આપ્યું. ત્યારે ચારે મિત્રો તેને ત્યાં ગયા. વિપુલ અશનાદિનો ભોગ કર્યો.

બીજે દિવસે વણિક પુત્રને કહ્યું, તે રૂપથી જીવવામાં માનતો હતો. દેવદત્તા નામની પુરુષ દ્વેષિણી ગણિકાને ત્યાં ગયો. તેના રૂપમાં ક્ષુબ્ધ બનેલી ગણિકાએ દાસીની માફક

તેને આવકાર્યો, બધાંને ભોજન પ્રાપ્ત થયું. ત્રીજે દિવસે અમાત્ય પુત્રનો વારો આવ્યો. તેણે બુદ્ધિથી જે પુત્ર જે માતાનો હતો તે માતાને બુદ્ધિપૂર્વક શોધી કાઢી. બુદ્ધિ દ્વારા સર્વેને ભોજનની પ્રાપ્તિ કરાવી. ચોથે દિવસે રાજપુત્રનો વારો આવ્યો. તે વખતે નગરનો રાજા અપુત્રીઓ મરણ પામેલો. અશ્વએ રાજપુત્રને રાજારૂપે અધિવાસિત કર્યો – એ રીતે અર્થોપાર્જન થયું.

*૦ આગમ સંદર્ભ :–*

*દસ.ચૂ.પૃ. ૧૦૪;* *દસ.નિ. ૧૯૧, ૧૯૨ની વૃ;*

— x — x —

**૦ ધર્મઘોષ :– (દ્રવ્યાપત્તિમાં દૃઢ ધર્મીત્વ)**

ઉજ્જૈની નગરીમાં (ધન) વસુ નામે વણિક્ હતો. તેણે ચંપાનગરી જવા માટે ઉદ્‌ઘોષણા કરાવી. ત્યારે ધર્મઘોષ નામના અણગાર પણ ધનવસુની અનુજ્ઞાથી સાથે ચાલ્યા. અટવીમાં દૂર ગયા ત્યારે ભિલ્લ લોકોએ હુમલો કર્યો. સાર્થ અહીં–તહીં ભ્રષ્ટ થઈ ગયો. તે અણગાર અન્ય લોકોની સાથે અટવીમાં પ્રવેશ્યા. તેઓ મૂળ આદિ ખાઈને પાણી પીતા હતા. તેઓએ નિમંત્રણા કરી, પણ ધર્મઘોષ અણગારે તેનો સ્વીકાર ન કર્યો. કોઈ શિલાતલે ભક્ત પ્રત્યાખ્યાન કર્યું. અદીનપણે વેદના સહન કરતા તેમને કેવળજ્ઞાન થયું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૨૮૧ + વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૧૫૪, ૧૫૫;*

— x — x —

**૦ ધનસાર્થવાહ :– (દ્રવ્ય અટવીનું દૃષ્ટાંત)**

વસંતપુર નગર હતું, ત્યાં ધન નામે સાર્થવાહ હતો. તેણે બીજા નગરે જવા માટે ઘોષણા કરાવી. તે સાર્થમાં ઘણાં કાર્પટિક આદિ ભેગા ચાલ્યા. તેઓ પરસ્પર પથિકોના ગુણોનું વર્ણન કરતા હતા. તેમ કરતા ઘણાં કાળે ઇચ્છિત નગરે પહોંચ્યા.

*(આ દૃષ્ટાંતમાં મૂળ કથાને અંતે ઋજુ અને વિષમ અટવીની વ્યાખ્યા અને સ્પષ્ટીકરણ છે. તે મુજબ ઋજુ અટવીમાં ઉપસર્ગો થતા હતા. વિષમ અટવીમાં પરિણામે પહોંચવું સરળ હતું. તેથી વિષમ અટવી પસંદ કરી. તેને દ્રવ્ય અટવીનું દૃષ્ટાંત જાણવું)*

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૫૦૯;* *આવ.નિ. ૯૦૫ + વૃ;*

— x — x —

**૦ ધર્મઘોષ :– (સંવેગ–વિપ્રયોગનું દૃષ્ટાંત)**

મથુરાનો એક વણિક હતો. કોઈ કાળે તેનો સુવર્ણકળશ નાશ પામ્યો, એ રીતે ચારે દિશાએથી વિનાશના સમાચાર આવવા શરૂ થયા. ઊભો થયો ત્યાં સ્નાનપીઠ નાશ પામી. જમવા બેઠો ત્યાં સોના–રૂપાના ભાજનો નાશ પામવા લાગ્યા. શ્રીગૃહે ગયો ત્યાં જોયું તો નિધાન નાશ પામ્યું. આભરણો પણ ન દેખાયા. જ્યાં વ્યાજે નાણાં મૂકેલા, તેઓએ પણ કહી દીધું કે, અમે તમને ઓળખતા નથી. જે દાસ–દાસી વર્ગ હતો, તે પણ ચાલ્યો ગયો.

ત્યારે તેણે વિચાર્યું કે, હું દીક્ષા લઈ લઉં.

ત્યારપછી ધર્મઘોષ આચાર્ય પાસે દીક્ષા લીધી. સામાયિકાદિ અગિયાર અંગો ભણ્યા. કુતૂહલથી તે ઉત્તર મથુરા ગયા. તેનું નાશ પામેલ બધું જ દ્રવ્ય આવી ગયું હતું. તે સાધુ જ્યારે ઘરમાં પ્રવેશ્યા. ત્યારે તેની પુત્રી વીંઝણો લઈને ઊભી રહી. પછી સાધુએ ભોજનમંડપ જોયો. ત્યાં ભિક્ષા મળી, તે લઈને આવ્યા. પછી ભાંડોપકરણને જોવા લાગ્યા. ત્યારે ગુરુએ પૂછ્યું કે, આ શું કરો છો ? સાધુએ સમગ્ર વૃત્તાંત નિવેદિત કર્યો.

આ રીતે પહેલા જે બધું જ ગયું હતું તે બધું જ શ્વશૂર ગૃહે જોઈને તેને જ્ઞાન થયું કે, આ તો બધો સંપ્રયોગ અને વિપ્રયોગ છે.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.ચૂ.૧–પૃ. ૪૭૩;*

— × — × —

**૦ ધર્મરુચિ :– (અપ્રશસ્ત દ્વેષનું દૃષ્ટાંત)**

નંદ નામે નાવિક હતો. તે લોકોને ગંગાનદી પાર કરાવતો હતો. કોઈ વખતે ધર્મરુચિ નામના અણગાર તેની નાવ દ્વારા ગંગાનદી પાર ઉતર્યા. લોકો મૂલ્ય ચૂકવી ચાલ્યા ગયા. નંદે ધર્મરુચિ સાધુને રોક્યા. ભિક્ષાની વેળા પણ પસાર થઈ ગઈ. તો પણ તેમને છોડ્યા નહીં. કેમકે સાધુ મૂલ્ય ક્યાંથી ચૂકવે ? રોષથી તેણે સાધુને રેતીના ઉષ્ણતાપમાં ઊભા રાખ્યા. તૃષાથી સૂકાવા લાગ્યા. ત્યારે રોષથી છોડ્યા.

તે સાધુ દૃષ્ટિવિષ લબ્ધિવાળા હતા. તેણે નંદ નાવિકને બાળી નાંખ્યો. તે મરીને કોઈ ઘરમાં ગરોળીરૂપે જન્મ્યો. સાધુ પણ વિચરતો તે ગામે ગયા. ભોજનપાન ગ્રહણ કરીને આહાર કરવા માટે સભામંડપમાં ગયા. તેને જોતા જ પેલી ગરોળી (ગૃહકોકિલ) ક્રોધિત થઈ, ભોજન સ્થાને કચરો નાંખ્યો. સાધુ બીજા સ્થાને ગયા. એમ ઉપદ્રવ થતો જ ગયો. ત્યારે સાધુને જ્ઞાનથી ખ્યાલ આવ્યો કે, આ તો પે'લા નંદ નાવિકનો જીવ જ છે, ફરી તેને બાળી નાંખ્યો. લાંબા કાળે તે મૃતગંગાએ હંસ થયો.

જ્યારે સાધુ મહામાસમાં ગંગા પાર કરતા હતા ત્યારે તે હંસે તેની પાંખ વડે તેમને ભીંજવી દીધા. પછી તે સિંહરૂપે જન્મ્યો. સાધુ સાથે સાથે તે પર્વતેથી જઈ રહ્યા હતા. ત્યારે તે સિંહે સાર્થને ભેદી નાંખ્યો. ફરી સાધુએ તેને બાળી નાંખ્યો. ત્યાંથી વારાણસીમાં બટુક થયો. ત્યાં પણ ભિક્ષા જતા તે સાધુને ધૂળ આદિથી ઉપસર્ગ કર્યો. ફરી બાળી નાંખ્યો.

ત્યારપછી તે નંદનો જીવ રાજા થયો. જાતિસ્મરણ જ્ઞાન થતા, પૂર્વેના બધા અશુભ કાર્યો યાદ આવ્યા. ત્યારે તેણે વિચાર્યું કે, જો હવે સાધુને મારીશ તો ઘણાં ભવો ભટકવા પડશે. એટલે તેણે પોતાના પૂર્વભવોનો એક શ્લોક બનાવીને મૂક્યો. જાહેર કર્યું કે જે આ શ્લોકને પૂર્ણ કરશે તેને અર્ધું રાજ્ય આપીશ. વિચરતા એવા સાધુએ શ્લોકને પૂર્ણ કર્યો. રાજા સાંભળીને મૂર્છા પામ્યો. પછી સાધુની માર્ગણા કરી. જ્યાં સાધુ હતા ત્યાં આવ્યો, વંદન કર્યા અને શ્રાવક થયો.

ધર્મરુચિ પણ આલોચના–પ્રાયશ્ચિત્ત કરી મોક્ષે ગયા.

*૦ આગમ સંદર્ભ :–*
*આવ.નિ. ૯૧૮ની વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૫૧૬;*

— x — x —

**૦ ધર્મિલ :– (પચ્ચક્ખાણના ફળનું દૃષ્ટાંત)**

પચ્ચક્ખાણ કરવાથી થતા લાભના વિષયમાં આ દૃષ્ટાંત છે. *(જો કે ત્યાં માત્ર એટલું સૂચન જ છે કે વસુદેવહિંડી ગ્રંથથી આ કથા જાણવી.)*

*૦ આગમ સંદર્ભ :–*
*સૂય.ચૂ.પૃ. ૩૯૦;* *આવ.ચૂ.૨–પૃ. ૩૨૪;*
*આવ.નિ. ૧૬૨૦ + વૃ;* *દસ.ચૂ.પૃ. ૩૨૮;*

— x — x —

**૦ ધૂર્તાખ્યાન :– (માયા દ્વારમાં દૃષ્ટાંત)**

ઉજ્જૈની નામે નગરી હતી. તેના ઉત્તર પાર્શ્વે એક જીર્ણ ઉદ્યાન હતું. ત્યાં ઘણાં ધૂર્તો આવતા. ત્યાં સસગ, એલાષાઢ, મૂલદેવ, ખંડપાણ અને એક સ્ત્રીએ પાંચે ભેગા થયા. એકૈક પાસે પાંચ–પાંચ ધૂર્તસત્વ હતા, ધૂર્તિણી પાસે ૫૦૦ ખંડપાણ હતા.

કોઈ દિવસે વર્ષાકાળે વાદળો હતા ત્યારે ભૂખ્યા થતા આ પ્રકારની વાત થઈ. આપણને ભોજન કોણ આપે ? મૂલદેવે કહ્યું કે, જે અનનુભૂત શ્રુત હોય તે કહો. જે તેની પ્રતીતિ ન કરાવી શકે તે બધાં ધૂર્તોને ભોજન કરાવે બધાંએ તેની વાત કબૂલ રાખી.

એલાષાઢે દૃષ્ટાંત કથન શરૂ કર્યું, હું ગાયોને લઈને અટવીમાં ગયો. મેં ચોરોને આવતા જોયા. ત્યારે મેં મારો કાંબળો પાથર્યો. તેમાં બધાં ગાયોને રાખી દીધી. તેનું પોટલું બાંધ્યું. બાંધીને ગામમાં આવી ગયો. ગામ મધ્યે મેં બળદને દ્રહમાં રમમાણ જોયો. ગાયો પણ તે જોવા લાગી. ક્ષણ માત્રમાં કલકલ કરતા તે ચોરો ત્યાંથી જ પસાર થયા. તે ગામમાં દ્વિપદ, ચતુષ્પદ, એક વાલુંક પ્રવેશ્યા. ચોરો પાછળ ગયા. વાલુંકને કોઈ અજગર ગ્રસી ગયો. તે અજગરને કોઈ અજગલ વડે પકડાયો. તે અજગલને કોઈ ઢંકે ગ્રહણ કર્યો. તે ઉડીને કોઈ વૃક્ષની શાખાએ બેઠો. તેનો એક પગ લટકતો હતો. તે વૃક્ષ નીચે કોઈ સ્કંધાવાર સ્થિત થયો. ત્યાં તે ઢંકને ગજવર ગળી ગયો. તે ઉઠવા ગયો. તે ગજવર ચાલવા લાગ્યો. તેણે કલકલ કર્યું. તે વખતે શબ્દવેધીએ બાણ માર્યું. તે મૃત્યુ પામ્યો. રાજાએ તેનું પેટ ચીરાવ્યું. અજગલ નીકળ્યો. એમ પેટ ચીરતા ગયા અને એકૈક જીવ બહાર આવતો ગયો.

પછી હું પણ તે ગામ પાસેથી ગાયો લઈને નીકળી ગયો. બધાં પોતપોતાના સ્થાને ગયા, હું પણ ગાયને છોડીને અહીં આવ્યો. બોલો આ વાત બરાબર છે. ત્યારે બાકીના બધાં બોલ્યા, સત્ય, સત્ય છે એલાષાઢે પૂછ્યું કે, તો પછી ગાયો કાંબળામાં કઈ રીતે આવી ? ત્યારે બાકીના બોલ્યા કે, આ તો ભારહશ્રુતિમાં આવે છે. જેમકે–

પહેલા બધું એક જ સ્થાને હતું. તે જળમાં ઇંડુ થયું. તે ઇંડામાં પર્વત સહિત વન–જંગલ હતું. જો ઇંડામાં આખું જગત્ સમાઈ જાય તો તારા કાંબળામાં ગાયો કેમ ન સમાય ? જો વિષ્ણુના ઉદરમાં સુર, અસુર, નારક સહિત, પર્વત, વન, જંગલ વગેરે બધું સમાઈ

જાય, એવા વિષ્ણુ દેવકીના ઉદરમાં સમાઈ જાય, જો બધું શક્ય બને તો તું કહે છે તે કેમ શક્ય ન બને ?

પછી સસક કહેવા લાગ્યો, હું કૌટુંબિક પુત્ર, ક્યાંક ખેડતો હતો. હું શરદકાલે ખેતરમાં ગયો, તેમાં તલ થયા. તે એટલા મોટા થયા કે કુહાડાથી છેદવા પડ્યા. ઇત્યાદિ – x – x – તલના છોડ કુલાલ ચક્રની માફક પરિભ્રમણ કરતા હતા. વાદળા પણ તલની જ વૃષ્ટિ કરતા હતા. ભ્રમણ કરતા ચક્રની માફક તે તેલ પીલાયા. ત્યારે તિલોદા નામની નદીમાં પુર આવ્યું. ત્યાં તિલ ચાલણી ખુંચી જતા મરી ગયો. મર્યા પછી તેનું ચામડું પણ દાંતરડા વડે કાપ્યું. તેલના રસથી ભર્યું. હું પણ દસ ઘડા તેલ પી ગયો. પછી તેલ પ્રતિપૂર્ણ દયિત લઈને ગામમાં પ્રવેશ્યો. એમ ભમતો ભમતો અહીં આવ્યો. મેં આવો પૂર્વે અનુભવ કર્યો. જેને પ્રતીતિ ન થાય તે ભોજન આપે.

ત્યારે બાકીનાએ કહ્યું કે, આવો ભાવ ભારહ રામાયણની શ્રુતિમાં જોવા મળે છે – તેના કટ, તટ, હાથીઓએ મદબિંદુથી ભાંગી નાંખ્યા. નદી હાથી, રથ, ઘોડાને વહાવવા લાગી.

પછી મૂળદેવે શરૂ કર્યું. તરુણવયે હું ઇચ્છિત સુખાભિલાષી હતો. ધારાધરણ કરવા માટે સ્વામીગૃહે છત્ર–કમંડલ જોયું. હું વનમાં ગયો, મારો વધ કરવા આવનાર હાથીને જોઈને હું ડરી ગયો. પોતાને અશરણ જાણી, ન દેખાવા માટે નાળચા વાટે હું કમંડલમાં ચાલ્યો ગયો. તે હાથી પણ મારા વધને માટે અંદર આવ્યો. છ માસ સુધી તે હાથીને તે કુંડીમાં ભમાડ્યો. છ માસ પછી હું બહાર આવ્યો. તે હાથી પણ બહાર આવ્યો. તો પણ તે કુંડીમાં એક વાળ માત્રનો સ્પર્શ થયો નહીં. હું પણ પછી આગળ જોતો–જોતો સ્વામી ગૃહે પહોંચ્યો. ત્યારપછી ભૂખ–તરસથી મેં ગણાય નહીં તેટલા ધારિયાની ધારાએ છ માસ ખાધું–પીધું, પછી અહીં આવ્યો. બોલો આ સત્ય છે ?

તેઓએ કહ્યું કે, બરાબર છે. કેમકે જે રીતે બ્રહ્માના મુખથી વિપ્રો નીકળ્યા. હાથમાંથી ક્ષત્રિયો, પેટમાંથી વૈશ્યો અને પગેથી શુદ્રો નીકળ્યા. જ્યારે આટલા લોકો તેના ઉદરમાં સમાઈ ગયા તો તું અને હાથી કુંડીમાં કેમ ન સમાઓ ? પછી કોઈ વખતે બ્રહ્મા વિષ્ણુનો ઉફાહ માટે દોડ્યા. દિવ્ય સહસ્ર વર્ષ સુધી દોડ્યા. તો પણ શિવના લિંગનો છેડો ન મળ્યો. તો જ્યારે આવડું મોટું લિંગ ઉમાના શરીરમાં સમાઈ શકે તો તું અને હાથી કુંડીમાં કેમ ન સમાઈ શકો ? વળી વિષ્ણુએ જગત્ રચ્યું. તેની નાભિમાંથી બ્રહ્મા પદ્મગર્ભ સમાન નીકળ્યા. તો પણ તેની નાભિમાં કાદવ ન લાગ્યો, તો પછી તું અને હાથી નીકળ્યા, તો પણ એક વાળ માત્ર પણ સ્પર્શ ન થયો તેમાં નવાઈ શી ? ઇત્યાદિ – x – x –

પછી ખંડપાણાએ કથા કહી. એ જ રીતે ધૂતણીએ કથા કહી. આ બધો લૌકિક મૃષાવાદ જાણવો – x – x –

*૦ આગમ સંદર્ભ :–*

*નિસી.ભા. ૨૯૪, ૫૨૧૧ની ચૂ.* *બુહ.ભા. ૨૫૬૪ની વૃ.*

— x — x —

**૦ નંદિની :– (ભોગથી રોગોત્પત્તિનું દૃષ્ટાંત)**

નંદિની નામે એક ગણિકા હતી. તે સ્ત્રીઓના ૬૪ ગુણોથી યુક્ત હતી. સહસ્ર–લક્ષ શ્રૃંગારના આગાર સમ સુંદર વેશયુક્ત, સંગત હસિત, છત્ર, ચામર, વીંઝણકથી યુક્ત હતી. રાજકુળમાં જતી–આવતી. તે અતિ કામભોગમાં આસક્ત રહેતી હતી. તેમ કરતા તેના દેહમાં ઘણો રોગાતંક ઉત્પન્ન થયા. તે નક્કામી થઈ જતા, અન્ય યૌવનવંતી ગણિકાને સ્થાપીને રહેવા લાગી. તે પણ રાજકુળમાં સ્વચ્છંદ મતિ વિચરવા લાગી. તેણી પણ પછીથી રોગિણી થઈ ગઈ – ઇત્યાદિ –

તેથી ભોગનો સંગ કરવો ન જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૭૧;*

— x — x —

**૦ ચેટીનું ઉદાહરણ :– (સંસાર દંડનું દૃષ્ટાંત)**

વસંતપુરમાં જીર્ણ શ્રેષ્ઠી અને નવગ શ્રેષ્ઠીની પુત્રીને પરસ્પર પ્રીતિ થઈ. કોઈ વખતે નવકની પુત્રી અલંકાર સજ્જ થઈ નીકળી. કિનારે અલંકાર રાખી નદીમાં ઉતરી, જીર્ણ શ્રેષ્ઠીની પુત્રી તેને લેવા માટે દોડી. એક ચેટીએ તેણીને રોકી, બીજીએ આક્રોશ કર્યો. ત્યારે માતાપિતાએ તેણીને કહ્યું કે, મૌન રહે. નવકની પુત્રી નાહીને પોતાના ઘેર ગઈ. પછી ઘરેણા માંગ્યા. જીર્ણ શ્રેષ્ઠીની પુત્રીએ ન આપ્યા. મામલો રાજકુળે ગયો. પણ કોઈ સાક્ષી હતા નહીં. પછી તેણીના વ્યવહાર અવસરે આભરણ પહેરવા કર્યું. ત્યારે જીર્ણશ્રેષ્ઠીની ચેટી કયું ઘરેણું ક્યાં પહેરવું તે ખબર પડતી ન હતી. ત્યારે ખબર પડી કે આ આભરણ આના લાગતા નથી. પછી બીજી ચેટીને પહેરવા કહ્યું. તે ચેટીએ ક્રમસર પહેર્યા. તેના પરથી આભરણ કોના છે તે ખ્યાલ આવી ગયો. ત્યારે જીર્ણ શ્રેષ્ઠીએ તેણીનો દંડ કર્યો.

એ જ રીતે ઉત્સર્ગને સ્થાને અપવાદની સ્થાપના કરવાથી સંસારરૂપી દંડે દંડાય.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૩૬ની વૃ;*

— x — x —

**૦ પદ્માવતી અને વજ્રભૂતિ :– (દ્રવ્ય પરિચ્છેદનું દૃષ્ટાંત)**

ભૃગુકચ્છ નગરમાં નભોવાહન રાજા હતો. તેની પદ્માવતી રાણી હતી. તે નગરમાં વજ્રભૂતિ આચાર્ય હતા. તે મહાકવિ હતા. પણ દેખાવમાં મંદરૂપ કે કુરૂપ હતા. તેની કવિત્વ શક્તિના અનેક કિસ્સા અંતપુરમાં ગુંજતા હતા. તે પદ્માવતી તેની કાવ્યશક્તિથી હતહૃદયા થઈને તેમને જોવા માટે તડપવા લાગી. પછી રાજાની અનુજ્ઞાથી દાસી પરિવારથી પરિવરીને વજ્રભૂમિ પાસે ગઈ પણ પોતે છુપાઈને રહી. પદ્માવતીએ કહ્યું કે, વજ્રભૂતિ આચાર્ય કોણ છે ? ત્યારે વજ્રભૂતિ આચાર્ય બોલ્યા કે, બહાર ગયા છે. દાસીએ જણાવ્યું કે, આ જ વજ્રભૂતિ છે. ત્યારે તેના વિરૂપપણાને જોઈને તેણીનો રાગ ચાલ્યો ગયો – આ દ્રવ્ય પરિચ્છેદ જાણવો.

*૦ આગમ સંદર્ભ :–*
*વવ.ભા. ૧૪૦૮ + વૃ;*

— x — x —

**૦ પુષ્પશાલ અને ભદ્રા :– (શ્રોત્રેન્દ્રિયથી મૃત્યુ)**

વસંતપુર નગરે પુષ્પશાલ નામે ગાંધર્વિક હતો. તે ઘણો સુંદર સ્વરવાળો પણ દેખાવે વિરુપ હતો. તેના ગીત–સંગીત લોકોના હૃદય હરી લીધા હતા. તે નગરનો કોઈ સાર્થવાહ યાત્રાએ ગયેલો. ભદ્રા તેની પત્ની હતી. તેણીએ કોઈ કાર્યના બહાને દાસીને બહાર મોકલી. ભદ્રા સંગીત સાંભળવામાં તલ્લીન બનીને ઊભી રહી, કેટલો કાળ વીતી ગયો તે ખબર ન પડી. પછી ભદ્રાને પુષ્પશાલને જોવાની તાલાવેલી જાગી.

કોઈ દિવસે નગર દેવતાની યાત્રા હતી. આખા નગર સાથે તેણી પણ ગઈ. પાછા વળતા થાકીને તેણી પરિસરમાં સૂઈ ગઈ. પુષ્પશાલે તેના ઘર પાસે જઈને પ્રત્યૂષ સમયે ગાયન આરંભ્યુ. ભદ્રા તેમાં લીન બની ગઈ. તેણી મનોમન ચિંતવવા લાગી કે તેણીએ લેખ મોકલ્યો, પુષ્પશાલ આવ્યો. ઘરમાં પ્રવેશ્યો. હવે સમીપમાં જ છે. તેણી ઊભી થઈને આવકારવા ગઈ તેટલામાં અગાસીએથી પડીને મૃત્યુ પામી – આ શ્રોત્ર સુખનું દુઃખ.

*૦ આગમ સંદર્ભ :–*
*આયા.મૂ. ૧૧૦ની વૃ; આવ.ચૂ.૧–પૃ. ૫૨૯, ૫૩૦; આવ.નિ. ૯૧૮ની વૃ;*

— x — x —

**૦ પુષ્પશાલસુત :– (વિનયનું દૃષ્ટાંત)**

મગધ દેશમાં ગોબ્બર ગામે પુષ્પશાલ ગાથાપતિ હતો. તેને ભદ્રા નામે પત્ની હતી. તેનો પુત્ર પુષ્પશાલસુત નામે પ્રસિદ્ધ હતો. તેણે માતા–પિતાને પૂછયું, ધર્મ શું છે ? તેમણે કહ્યું કે, સમ્યક્ પ્રકારે શ્રવણ કરવું તે અથવા શુશ્રૂષા કરવી તે. કોઈ દિવસે ગ્રામભોજિક આવ્યો. તે બંનેએ સંભ્રાન્ત થઈ પરોણો કર્યો. પુષ્પશાલસુતે વિચાર્યું કે, આની પૂજા કરું તો મને ધર્મ પ્રાપ્ત થશે. તેની શુશ્રુષા કરી. પછી બીજાની–ત્રીજાની એમ કરતા શ્રેણિક રાજાની શુશ્રુષા કરવા લાગ્યો. કોઈ વખતે ભગવંત મહાવીર સમોસર્યા. શ્રેણિક સર્વઋદ્ધિથી વંદન કરવા નીકળ્યો. પુષ્પશાલસુતે કહ્યું કે, હું તમારી જોડે રહીશ. ભગવંતે કહ્યું, મારી સાથે તો રજોહરણ–પાત્રા સહિત જ રહી શકાય.

આ પ્રમાણે સાંભળતાં જ તે બોધ પામ્યો. આ પ્રમાણે વિનય વડે તેને સામાયિકની પ્રાપ્તિ થઈ.

*૦ આગમ સંદર્ભ :–*
*આયા.ચૂ.પૃ. ૧૨૦; આવ.નિ. ૮૪૭ + વૃ; આવ.ચૂ.૧–પૃ. ૪૬૯;*

— x — x —

**૦ પૃથ્વી (પુઢવી) :– (અર્થ માંડલીમાં વિનયનું દૃષ્ટાંત)**

શાતવાહન રાજાને પૃથ્વી નામે પટ્ટરાણી હતી. કોઈ વખતે રાજા ક્યાંય ગયો હતો, ત્યારે રાણીએ અંતઃપુરની બીજી રાણીઓ સહિત શાતવાહન રાજાનો વેષ ધારણ કર્યો. રાજાની સભામાં બેઠી. પતિની માફક લીલા કરતી (પ્રવૃત્તિ કરતી) ત્યાં રહી. રાજા પાછો

આવ્યો. તે પ્રદેશમાં પ્રવેશ કર્યો. પતિની જેમજ પ્રવૃત્તિ કરતી તે પૃથ્વી રાણી રાજા શાતવાહને આવતા જોવા છતાં ઊભી ન થઈ. તે ઊભી ન થઈ એટલે બાકીની રાણીઓ પણ ઊભી ન થઈ. ત્યારે તે રાજા રોષાયમાન થયો. તું મહાદેવી છો, છતાં ઊભી ન થઈ તે બરાબર ન કર્યું. ત્યારે તે પૃથ્વી દેવી રાજાને કહ્યું, તમારા સભાસ્થાને બેઠેલ દાસ હોય તો પણ સ્વામીપણાના સંપૂર્ણ ગુણવાન્ છે. રાજા આવવા છતાં ઊભા ન થવું તે આ સ્થાનનો પ્રભાવ છે. તમે પણ આ સ્થાને બેસો છો ત્યારે ગુરુ સિવાય કોઈ પણ આવે તો ઊભા થતા નથી. હું તમારા સ્થાને બેસીને તમારા જેવી જ પ્રવૃત્તિ કરતી હતી, તેથી ઊભી ન થઈ. જો હું આ સ્થાને બેસી ન હોત તો જરૂર ઊભા થઈને તમારો આદર કરત. રાજા ખુશ થયો.

એ જ રીતે આચાર્યો તીર્થંકરને સ્થાને છે. તેથી કોઈ પણ આવે ત્યારે અર્થ માંડલીમાંથી તેમણે ઊભા થવાનું ન હોય.

*૦ આગમ સંદર્ભ :–*

*વવ. ૨૬૪૧ થી ૨૬૪૩ + વૃ;*

— × — × —

**૦ ભદ્રગમહિષી :–**

વૈરભાવનું ઉપશમન કરવાથી અને ક્ષમાયુક્તતા તથા દર્શનને કારણે ભદ્રગમહિષી લઘુહિમવંતે દેવપણે ઉત્પન્ન થયા.

*૦ આગમ સંદર્ભ :–*

*મરણ. ૫૨૪;*

— × — × —

**૦ મતિ અને સુમતિ :– (ધૃતિમાં મતિ રાખવાનું દૃષ્ટાંત)**

પાંડુ મથુરા નગરી હતી. ત્યાં પાંચ પાંડવો રહેતા. તેઓએ દીક્ષા લઈ પોતાના પુત્રને રાજ્યે સ્થાપ્યો. તેમના વંશમાં પાંડુસેન નામે રાજા થયો. તેને બે પુત્રીઓ હતી. મતિ અને સુમતિ. તે બંને સૌરાષ્ટ્રમાં ઉજ્જયંત પર્વતે ચૈત્યોને વાંદીને જળમાર્ગે વહાણમાં આવતી હતી, ત્યારે સમુદ્રમાં તોફાન ઉઠ્યું. તે બંનેએ ગાઢરૂપે પોતાના આત્માને સંયમમાં જોડી દીધો. વહાણ ભાંગી ગયું. સંયતત્વ અને સ્નાતકત્વપણાથી કાળ કરીને તેણી બંને કાળધર્મ પામી મોક્ષે ગઈ. એકત્ર શરીરે ઉછળી. તે વખતે લવણાધિપતિ સુસ્થિત દેવે મહિમા કર્યો. ત્યાં દેવોદ્યોત થયો. ત્યાં પ્રભાસ નામક તીર્થ થયું.

આ રીતે ધૃતિમાં મતિ રાખી યોગ સંગ્રહ કરવો જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૩૦૧ + વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૧૯૭;*

— × — × —

**૦ મંગુ (આચાર્ય) :– (રસગૃદ્ધિનું દૃષ્ટાંત)**

મથુરા નગરીમાં યુગપ્રધાન, શ્રુતભંડાર, સદ્ધર્મદેશક, ઉગ્રવિહારી, અંગોપાંગને સંલીન કરવાના મનવાળા, લોકપ્રસિદ્ધ એવા આર્ય મંગુ નામે આચાર્ય હતા. કોઈ સમયે

ક્રિયાદિરહિત સુકુમાર શરીરી બની ગયા. શ્રાવકોના કુળમાં મમત્વવાળા થઈ ત્રણ ગૌરવયુક્ત બન્યા. શ્રાવકો નિરંતર ભક્તિથી આહારાદિ આપવા લાગ્યા. ત્યાં ઘણો સમય રોકાયા. નવકલ્પ વિહારાદિનો ત્યાગ કર્યો. તેમનો પ્રમાદ વૃદ્ધિ પામવા લાગ્યો. આલોચના કર્યા વિના કાળધર્મ પામીને તે જ નગરની ખાઈની નજીકના યક્ષભવનમાં અત્યંત હલકી કોટિના કિલ્બિષિક જાતિના દેવ–યક્ષ થયા.

વિભંગ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણીને તે દેવ ચિંતવવા લાગ્યા કે, પાપી એવા મેં પ્રમાદી થઈને જિનમતના રત્નનિધાનને મેળવીને પણ શ્રમણપણાને નિષ્ફળ બનાવ્યું. હવે ફરી મને મનુષ્યભવ આદિ સામગ્રી ક્યારે મળશે ? તે વખતે આહારની લાલસાથી રસ ગારવમાં ખૂંચ્યો, તો ચાંડાળ જાતિ સમાન એવા કિલ્બિષિક નામની હલકી જાતિમાં અસુરપણું પામ્યો. મેં શાસ્ત્રો જાણવા છતાં આત્મા માટે કંઈ ઉદ્યમ ન કર્યો.

એમ વિચારતા રોજ તે પોતાના દુશ્ચરિત્રને નિંદવા લાગ્યા. શોકમાં દિવસો પસાર કરે છે. હવે તે જ સ્થંડિલ ભૂમિ જતા–આવતા પોતાના શિષ્યોને જોઈને તેમને પ્રતિબોધ કરવા માટે યક્ષપ્રતિમાના મુખમાંથી લાંબી જીભ બહાર કાઢીને રહેતા. ત્યારે તે જોઈને મુનિઓ દરરોજ કહેવા લાગ્યા કે, અહીં જે કોઈ દેવ, યક્ષ, કિન્નર હોય તે પ્રગટ થઈને કહો, અમે આ લાંબી જીભનું રહસ્ય સમજી શકતા નથી. ત્યારે ખેદ સહિત તે યક્ષે કહ્યું કે, હે તપસ્વીઓ ! હું તમારો ગુરુ આર્ય મંગુ છું. તે વખતે ક્રિયામાં પ્રમાદી બન્યો હતો. આહાર લાલસામાં ગૃદ્ધ બન્યો હતો. તેનું આ અશુભ કર્મફળ ભોગવી રહ્યો છું.

ત્યારે શિષ્યોએ પૂછયું કે, હે શ્રુતનિધિ ! તમે શિક્ષા આપવામાં અતિશય દક્ષ હતા. તો આ અધમ યક્ષયોનિમાં કેમ ઉત્પન્ન થયા ? ત્યારે યક્ષે કહ્યું કે, આહાર લાલસા, રસગૃદ્ધિ અને સદ્ધર્મમાં શિથિલ ભાવવાળા આવી હલકી યોનિને પામે તેમાં શું આશ્ચર્ય કે વિસ્મય હોય ? તમે મારી આ ગતિને જાણો, જો સારી ગતિ પામવી હોય તો દુર્લભ એવા સંયમમાં પ્રમાદનો ત્યાગ કરજો. મોક્ષમાર્ગે પ્રયત્નશીલ બનજો.

એ રીતે તેમના શિષ્યો પ્રતિબોધ પામ્યા.

*૦ આગમ સંદર્ભ :–*

*ગચ્છા ૯૯ની વૃ;* *નિસી.ભા. ૩૨૦૦ + ચૂ;* *નિસી.ભા. ૧૧૧૬ની ચૂ;*
*બુહ.ભા. ૧૪૪ની વૃ;* *વવ.ભા. ૨૬૮૧ + વૃ;*
*આવ.ચૂ.૧–પૃ. ૫૮૨, ૨–પૃ. ૮૦;* *નંદી. ૩૧ + વૃ;*

— x — x —

**૦ મંડુકકલિત :– (પારિણામિકી બુદ્ધિનું દૃષ્ટાંત)**

(આ દૃષ્ટાંત નાગદત્તની કથામાં આવી ગયેલ છે. દૃષ્ટાંતસાર–)

કોઈ સાધુ, શૈક્ષ સાધુ સાથે ભિક્ષા લેવા ગયા. માર્ગમાં તેનાથી દેડકી મરી ગઈ, આલોચના ન કરી, બાળસાધુએ યાદ કરાવતા મારવા દોડ્યા. થાંભલામાં ભટકાઈ મૃત્યુ પામ્યા. દૃષ્ટિવિષ સર્પ થયા, પ્રાસુક આહારથી જીવવા લાગ્યા. ગારુડીએ મારી નાંખ્યા, મરીને રાજપુત્ર નાગદત્ત થયા. દીક્ષા લીધી. ઘણી જ ભૂખ લાગતી હતી. રોષ ન કરવાનો

અભિગ્રહ લીધો. તે ગચ્છમાં ચાર તપસ્વી હતા. તો પણ દેવી નાગદત્ત મુનિને વંદન કરીને ગયા. તપસ્વીએ પૂછયું કે, ત્રિકાલ ભોજીને કેમ વંદન કર્યું ? ભાવક્ષપકને વંદુ છું, દ્રવ્ય ક્ષપકને નહીં તેના ભોજનમાં તપસ્વીએ બળખો નાંખ્યો. નાગદત્તે તેમની માફી માંગી. નિર્વેદ પામતાં પાંચે મોક્ષે ગયા – આ તે સર્વેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ. ૧૬૧; આવ.ચૂ.૧–પૃ. ૫૬૧; આવ.નિ. ૯૫૦ની વૃ;*

— x — x —

**૦ મગધશ્રી અને મગધસુંદરી :– (અપ્રમાદ વિષયક દૃષ્ટાંત)**

રાજગૃહ નગરીમાં જરાસંઘ રાજા હતો. તેને બે મુખ્ય ગણિકા હતી. મગધસુંદરી અને મગધશ્રી. મગધશ્રી વિચારવા લાગી કે જો આવું ન થયું હોત તો મેં બીજાના માનનું ખંડન ન કર્યું હોત. રાજા પણ મારી હથેળીમાં હોત. મગધસુંદરી પણ તેણીના છિદ્રો શોધતી હતી. તે વખતે મગધશ્રીએ નૃત્ય દિવસે કર્ણિકારમાં સુવર્ણની મંજરી વિષ વાસિત કરી. કેસર સમાન સોયો પણ નાંખી દીધી. તે મગધસુંદરીની મહત્તરિકાએ જાણ્યું. ભ્રમરા કર્ણિકામાં કેમ આવતા નથી ? નક્કી પુષ્પો દોષિત છે. જો આ પુષ્પોમાં અચોક્ષા વિષ ભેળવેલ હશે તો ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરીને ગણિકા મૃત્યુ પામશે. કોઈ ઉપાયથી નિવારણ કરવું પડશે.

તેણીએ મંગલ ગાન શરૂ કર્યું. તેણીનું ગાયન સાંભળી રાજાએ વિચાર્યું કે, આ અપૂર્વ ગીત છે. તે ગણિકાએ પણ જાણ્યું કે, આ પુષ્પો દોષિત લાગે છે. ગીત, નર્તન, વિલાસનો ત્યાગ કરી, તે છળાઈ નહીં. નૃત્ય–ગીતમાં અપ્રમત્ત બની તેણી જરા પણ સ્ખલિત ન થઈ.

આ પ્રમાણે સાધુઓએ પણ પાંચ પ્રકારના પ્રમાદથી પોતાનું રક્ષણ કરી યોગ સંગ્રહ કરવો જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૩૧૪ + વૃ; આવ.ચૂ.૨–પૃ. ૨૦૯;*

— x — x —

**૦ મગધસેના :– (મહાશ્રદ્ધી વિષયક દૃષ્ટાંત)**

રાજગૃહ નગરમાં મગધસેના ગણિકા હતી. તેને ત્યાં કોઈ વખતે ધન સાર્થવાહ ઘણું દ્રવ્ય આપીને આવ્યો. તેના રૂપ, યૌવન, ગુણ, દ્રવ્ય સંપદાથી મગધસેનાએ તેની અભિસારિકા બની. તેણી કોઈ વખતે ઘણી દુઃખી હતી. તેણીનું પરિમ્લાન વદન જોઈને જરાસંધે વિચાર્યું કે, આ દુઃખી કયા કારણે છે ? કોઈની સાથે આકર્ષાયેલી છે ? ત્યારે તેણીએ કહ્યું કે, અમર સાથે. આ અમર કેવો છે ? તેણીને સત્ય વૃત્તાંત કહ્યો. પછી અમરાયમાણ કામભોગાભિલાષુકનું સ્વરૂપ જણાવ્યું. ત્યારે તેણીને મહાશ્રદ્ધી જાણી.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.ચૂ.પૃ. ૮૬; આયા.મૂ. ૯૬ની વૃ;*

— x — x —

○ મયુરંક :– (ધાતુનિધિ દર્શનના દોષનું દૃષ્ટાંત)

મયૂરંક નામે રાજા હતો. તેણે મયૂર અંકિત દીનાર તૈયાર કરાવી. તે દીનાર વડે નિધાન સ્થાપિત કર્યું. તેમાં ઘણો સમય ગયો. કોઈ નૈમિત્તિકે નિધિલક્ષણ વડે તે જાણ્યું. તે લઈ ગયો. તે દીનાર વ્યાપારી પાસે રાજપુરુષોએ જોઈ. રાજપુરુષો તે વણિકને રાજા સમીપે લઈ ગયા. રાજાએ પૂછ્યું કે, આ દીનાર તને ક્યાંથી મળી ? તેણે નામ આપ્યું. એ રીતે તે નિધિ ખોદનારને પકડ્યો અને દંડિત કર્યો.

સાધુ માટે નિધિ કાયવધનું, અસંયતપરિભોગનું અધિકરણ બને છે માટે ધાતુ નિધિ દર્શનનો ત્યાગ કરવો.

*○ આગમ સંદર્ભ :–*
*નિસી.ભા. ૪૩૧૬ની ચૂ;*

— × — × —

○ મુરુંડ :– (ગમનાગમન સંબંધે શુકનાદિ દૃષ્ટાંત)

પાટલિપુત્ર નગરે મુરુંડ નામે રાજા હતો. તેના દૂતને પુરુષપુર નગરે જવાનું થયું. તે સચીવને મળ્યો. પછી રાજાને રાજાને જોવા આવ્યો. લાલ વસ્ત્રવાળા ભિક્ષુ અશુકનવાળા થાય છે એમ વિચારી દૂત રાજભવને ન પ્રવેશ્યો. ત્રીજે દિવસે રાજાએ પૂછ્યું કે, દૂત હજી પ્રવેશતો કેમ નથી ? સચિવ દૂતના આવાસે ગયો. તેને પૂછ્યુ કે, તું રાજભવનમાં કેમ જતો નથી ? તેણે કહ્યું, પહેલે દિવસે બૌદ્ધ ભિક્ષુને જોઈ અપશુકન થતા પાછો ફર્યો. બીજે–ત્રીજે દિવસે પણ ગયો. તેમજ થવાથી પાછો ફર્યો. ત્યારે અમાત્યએ કહ્યું, આ ગલીમાં અપશુકનત્વ યોગ્ય નથી. ત્યારે દૂતે રાજભવનમાં પ્રવેશ કર્યો.

*○ આગમ સંદર્ભ :–*
*બૃહ.ભા. ૨૨૯૨ થી ૨૨૯૪ + વૃ;* *નંદી. ૧૦૨ની વૃ;*

— × — × —

○ મૂક :– (અરતિ–રતિ સંબંધે દૃષ્ટાંત)

કૌશાંબી નગરીએ તાપસ નામે શ્રેષ્ઠી હતો. તે મરીને પોતાના ઘેર સૂકરરૂપે જન્મ્યો. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને તે જ દિવસે પુત્રએ મારી નાંખ્યો. પછી તે જ ઘેર સર્પરૂપે જન્મ્યો. ત્યાં પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યાં પણ તેને મારી નાંખ્યો. પછી તે ઘરમાં જ પૌત્રરૂપે જન્મ્યો. ત્યાં પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. તે વિચારવા લાગ્યો કે મારે પુત્રરૂપે વર્તવું કે તાતરૂપે ? પછી તેણે મૂકત્વ ધારણ કર્યું. ધર્મશ્રવણ કરી શ્રાવક થયો.

આ તરફ કોઈ બ્રાહ્મણદેવે મહાવિદેહે તીર્થંકરને પૂછ્યું કે, હું સુલભબોધિ છું કે દુર્લભબોધિ ? ત્યારે ભગવંતે કહ્યું કે, દુર્લભ બોધિ છો. ફરી પૂછ્યું કે, હું ક્યાં ઉત્પન્ન થઈશ ? ભગવંતે કહ્યું, કૌશાંબીએ મૂકનો ભ્રાતા થઈશ, તે મૂક દીક્ષા લેશે. તે દેવ ભગવંતને વંદન કરીને મૂંગા પાસે ગયો. તેને ઘણું દ્રવ્ય આપીને કહ્યું, હું તારા પિતૃઘેર ઉત્પન્ન થઈશ. અમુક પર્વતે મેં સદા પુષ્પ, ફળવાળો આંબો બનાવ્યો છે. તને પુત્ર થાય

ત્યારે ત્યાં જઈને નામ લખજે. ત્યારે તને આમ્રફળ લાવીને આપીશ. તું મને ધર્મથી પ્રતિબોધિત કરજે. તે પ્રમાણે તેને કહીને દેવ ગયો.

અન્યદા કોઈ કાળે તે દેવ ચ્યવીને તેણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તે મૂકે દેવે કહ્યા પ્રમાણે કર્યું. યોગ્ય કાળે પુત્ર જન્મ્યો. ત્યારપછી તે મૂક પ્રવ્રજિત થયો. કાળધર્મ પામી દેવલોકે ગયા. અવધિજ્ઞાનથી પૂર્વભવ જોયો. નીચે આવીને પેલો દેવ જે ત્યાં પુત્રરૂપે જન્મેલો તેને ઘણી મહેનતે પ્રતિબોધ કર્યો. તેણે પ્રવ્રજ્યા લીધી. ફરી પેલાએ દીક્ષા છોડી દીધી. એ રીતે ત્રણ વખત પ્રતિબોધ કરી દીક્ષા અંગીકાર કરાવી. પછી ઘણાં – × – × – × – ઉપાયોથી તેને પ્રતિબોધ કર્યો.

પૂર્વે તેને સંયમ અરતિ હતી, પછી ઘણી મહેનતે બોધ પામ્યા પછી રતિ ઉત્પન્ન થઈ – આ અરતિ પરીષહનું દૃષ્ટાંત છે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઉત્ત.ચૂ.પૃ. ૬૩ થી ૬૫;* *ઉત્ત.નિ. ૯૮ની વૃ;*

— × — × —

**૦ રોહગ :– (બુદ્ધિમાનત્વનું દૃષ્ટાંત)**

*(અહીં રોહકને દૃષ્ટાંત સ્વરૂપે નોંધેલ છે કથા સ્વરૂપે નહીં)*

અવંતી નગરી પાસે નટ નામે ગામે ભરત નામે નટ હતો. તેની પહેલી સ્ત્રી મરણ પામી, તે સ્ત્રીથી ઔત્પાતિકી બુદ્ધિવાળો રોહક નામે પુત્ર હતો. ભરત બીજી સ્ત્રી સાથે પરણ્યો. તે સ્ત્રી રોહકને પૂરું ખાવા–પીવા આપતી ન હતી. રોહકે કહ્યું કે, તું મને પૂરું ખાવા આપતી નથી. હું તને તેનું ફળ બતાવીશ. પણ તે રોહકને ગણકારતી ન હતી.

કોઈ દિવસે રોહક રાત્રે ઉઠીને તેના પિતાને બોલ્યો, જુઓ આ કોઈ પુરુષ આપણા ઘરમાંથી નાસી જાય છે. તે સાંભળીને ભરતે શંકાથી વિચાર્યું કે, જરૂર મારી સ્ત્રી કુલટા છે. એવા વહેમથી તે તેણી પ્રત્યે પ્રીતિરહિત થયો. તે સ્ત્રીએ જાણ્યું કે, આ રોહકનું કામ છે. તેણે રોહકને કહ્યું કે, મારો અપરાધ ક્ષમા કર. ત્યારે રોહકે કહ્યું, સારું હું બધું ઠીક કરી દઈશ.

કોઈ રાત્રે ભરતનટ ચાંદનીમાં બેઠા હતા. તેની શંકા નિવારવા રોહકે બાળચેષ્ટાથી કહ્યું કે, હે પિતા ! જુઓ આ કોઈ માણસ જાય છે. ભરતે હાથમાં ખડ્ગ લીધું. ત્યારે રોહકે આંગળી વડે પોતાની છાયા બતાવીને કહ્યું, આ રહ્યો, પહેલા પણ આવો જ માણસ મેં જોયો હતો. ત્યારે ભરત ફરી પોતાની પત્ની પર પ્રીતિવાળો થયો.

કોઈ વખતે રોહકે રેતીમાં કિલ્લાસહિત અવંતી નગરી દોરી. તે વખતે જ રાજા ત્યાં આવ્યો. રોહકે દોરેલી નગરી વચ્ચે થઈને ચાલ્યો. રોહકે તેને કહ્યું, આ માર્ગે ન ચાલો. જુઓ આ મારો રાજ દરબાર જુઓ. રાજાએ આશ્ચર્ય પામીને કહ્યું કે, અહો ! આ બાળકની બુદ્ધિ તીવ્ર છે, જેણે મારી નગરીને આબેહૂબ ચીતરી છે. રાજાને થયું આ રોહક ઘણો બુદ્ધિમાન છે. તે રાજાને ૪૯૯ મંત્રીઓ હતા. મારે સર્વાધિક બુદ્ધિમાન્ મંત્રી જોઈએ. જેથી રાજ તેજ વૃદ્ધિ પામે. તેમ માની રોહકની પરીક્ષા કરવા વિચાર્યું.

રાજાએ જાહેર કર્યું કે, તમારા ગામ બહાર મોટી શિલા છે. તે શિલાને ઉપાડ્યા

વિના જ રાજાને બેસવા યોગ્ય મંડપ કરી તેનું ઢાંકણ તે શિલા કરો. રોહકે તે જાણ્યું. ત્યારે કહ્યું કે, શિલાની નીચેથી ખોદો. જરૂર પડે ત્યાં થાંભલાઓ ગોઠવો. શિલાને ઉપાડ્યા વિના જ ભોંયરાની જેમ ફરતી ભીંત કરો. એટલે મંડપ તૈયાર થઈ જશે.

રાજાએ ફરી તે ગામમાં મેંઢો મોકલ્યો. પંદર દિવસ પછી આ મેંઢો પાછો આપો ત્યારે તેનું વજન આટલું જ હોવું જોઈએ. રોહકે કહ્યું, તેમાં શું ? એક વરૂ લાવીને સામે રાખો. મેંઢાને ખોરાક આપી પુષ્ટ કરો. તેનું વજન વધશે નહીં – ઘટશે પણ નહીં.

ફરી રાજાએ કુકડો મોકલીને કહ્યું કે, બીજા કુકડા વિના આ કુકડાને એકલો લડાવવો. રોહકે તેની સામે દર્પણ મૂકાવ્યો. કૂકડો પોતાના પ્રતિબિંબને બીજો કુકડો માની અહંકારથી લડવા માંડ્યો.

ફરી રાજાએ આજ્ઞા કરી, નદીની રેતીના દોરડાં વણીને લાવો. રોહકે તુરંત જ કહેવડાવ્યું તમે એક નમુનાનું દોરડું મોકલો જેથી અમે તમારી જરૂરિયાત મુજબના દોરડા બનાવીને મોકલી આપીશું.

ફરી રાજાએ રોગી–વૃદ્ધ અને મરવા પડેલા હાથીને મોકલ્યો. પછી કહેવડાવ્યું કે, આ હાથી મરી ગયો એમ કહ્યા વિના હંમેશા મને તેના ખબર મોકલાવો. હાથી તો રાત્રે જ મરી ગયો. રોહકે કહ્યું, હું કહું તેમ કરો. જેમકે – હાથી ઉઠતો નથી, બેસતો નથી, ખાતો નથી, પીતો નથી કોઈ ચેષ્ટા કરતો નથી ઇત્યાદિ. પણ મરી ગયો તેમ ન કહ્યું.

ફરી રાજાએ આજ્ઞા કરી કે, તમારા ગામના કૂવો જલ્દી અહીં મોકલાવો. રોહકે કહેવડાવ્યું કે, ગામડાના કૂવા સ્વભાવથી બીકણ હોય છે. નગરનો માર્ગ બતાવનાર કૂવાને કહો કે તે અહીં આવીને આ કૂવો લઈ જાય.

ફરી રાજાએ આજ્ઞા કરી કે, અગ્નિના સંબંધ વિના ખીર રાંધીને મોકલો. રોહકે કહ્યું, ચોખાને પાણીમાં પલાળો, સૂર્યના કિરણથી તપાવો, ઝાણ અને પલાલની ગરમી આપો, તે ચોખાને દૂધની ભરેલી તપેલીમાં મૂકો એટલે ખીર થઈ જશે.

રાજા તેની બુદ્ધિથી પ્રભાવિત થયો. તેથી કહેવડાવ્યું કે, તારે શુક્લ કે કૃષ્ણ પક્ષ, રાત્રિ કે દિવસ, છાયો કે તડકો, ચાલીને કુકે ઉડીને, માર્ગે કે ઉન્માર્ગે નહીં અને નાહીને કે નાહ્યા વગર એવી રીતે આવવું, રોહકે કંઠ સુધી સ્નાન કર્યું, ગાડાંના ચીલા મધ્યે ચાલ્યો, ઘેટા પર બેસીને, સંધ્યા સમયે, અમાવાસ્યા અને પડવાના દિવસ મધ્યે એ રીતે ગયો.

ઇત્યાદિ – x – x – ઇત્યાદિ – x – x – રોહકની બુદ્ધિના અનેક દૃષ્ટાંતો નંદીસૂત્ર આદિમાં નોંધાયેલા છે.

*૦ આગમ સંદર્ભ :–*

*ઠા. ૩૯૫ની વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૫૪૫;*

*નંદી. ૯૭ની વૃ;*

— x — x —

**૦ વિજયા :– (પ્રમાદ ન કરવા સંબંધે દૃષ્ટાંત)**

ભૃગુકચ્છ નગરે વિજય નામે એક આચાર્યના શિષ્ય હતા. તેમને ઉજ્જૈની

કોઈ કાર્ય માટે મોકલ્યા. વિજયમુનિ નીકળ્યા. તેને માર્ગમાં ગ્લાન કાર્યથી કંઈ વ્યાક્ષેપ થયો. માર્ગમાં અકાલ વર્ષથી અટક્યા. નટપેટક ગામે ચોમાસુ રહ્યા. તેણે વિચાર્યું કે, ગુરુકુળવાસ અહીં છે નહીં. તેમના ઉપદેશ પ્રમાણે કરીશ. તેમણે સ્થાપનાચાર્ય કર્યા. એ પ્રમાણે આવશ્યકાદિ ચક્રવાલ સામાચારી સર્વે જાણવી. એ પ્રમાણે તે ક્યાંય સ્ખલના ન પામ્યા. ક્ષણે ક્ષણે ઉપયોગ રાખતા કે મેં શું કર્યું ? સાધુએ આ રીતે અપ્રમત્ત રહેવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૩૧૫ + વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૨૦૯;*

— x — x —

**૦ વિમલ :– (સમ્યગ્ દર્શનથી શુદ્ધિનું દૃષ્ટાંત)**

સાકેતે મહાબલ નામે રાજા હતો. દૂતને પૂછ્યું કે, બીજા રાજાને ત્યાં હોય તેવું, મારે ત્યાં શું નથી ? તેણે કહ્યું, ચિત્રસભા નથી. રાજાએ ચિત્રસભા કરાવી. ત્યાં બે ચિત્રકારો આવ્યા. બંનેને અર્ધો–અર્ધો ભાગ ચિત્ર કરવા માટે આપ્યો. વચ્ચે પડદો રખાવ્યો. એકે ચિત્રોનું નિર્માણ કર્યું, બીજાએ ભૂમિ વિમલ કરી. રાજા તેમનાથી તુષ્ટ થયો. સન્માન કરી પૂછ્યું. એકે કહ્યું કે, મેં માત્ર ભૂમિ વિમલ કરી છે. ચિત્રો આલેખ્યા નથી. રાજાએ પૂછ્યું કેવી વિમલ ભૂમિ કરી છે ? ત્યારે પડદો લઈ લીધો. ત્યારે સામેની ભીંતના ચિત્રો નિર્મલતર દેખાવા લાગ્યા – આ રીતે સમ્યક્ત્વ વિશુદ્ધ કરવું જોઈએ.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૨૯૭ + વૃ;* *આવ.ચૂ. ૨–પૃ. ૧૯૪;*

— x — x —

**૦ વીરક :– (કૃતિકર્મ વંદનનું દૃષ્ટાંત)**

દ્વારિકામાં વાસુદેવ કૃષ્ણ અને વીરક કોલિક હતો. તે કૃષ્ણવાસુદેવનો ભક્ત હતો. *(ઇત્યાદિ કથા કૃષ્ણ વાસુદેવ મુજબ જાણવી – x – x –)* કોઈ વખતે ભગવંત અરિષ્ઠનેમિ સમોસર્યા કૃષ્ણ નીકળ્યા. બધાં સાધુઓને દ્વાદશાવર્ત્ત વંદન કર્યું. ત્યારે વીરકે પણ કૃષ્ણની અનુવૃત્તિથી વંદન કર્યું. અહીં કૃષ્ણે ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કર્યું અને તીર્થંકર નામકર્મ પણ બાંધ્યું. તે ભાવકૃતિકર્મ. જ્યારે વીરકે વંદન કર્યું તે દ્રવ્યકૃતિકર્મ જાણવું.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૧૧૦૪ની વૃ;* *આવ.ચૂ.૨–પૃ. ૧૬;*

— x — x —

**૦ વીરઘોષ :–**

મોરાગ સંનિવેશનો એક સુતાર હતો. તેણે દશપલ પ્રમાણ કરોટક લઈને મહિસેન્દુ વૃક્ષની નીચે સ્થાપેલ.

*૦ આગમ સંદર્ભ :–*

*આવ.નિ. ૪૬૫ + વૃ;* *આવ.ચૂ.૧–પૃ. ૨૭૬;* *આવ.મ.વૃ.પૃ. ૨૭૨;*

— x — x —

**૦ સરજસ્ક :– (પટ્ટકનું દૃષ્ટાંત)**

કોઈ એક ગામે બગીચા સમીપે એક કૂપિકા હતી. ત્યાં સ્ત્રીઓ પાણી ભરતી. તે બગીચામાં એક સરજસ્ક (ધૂળીયો) તાપસ રહેતો હતો. તે કૂવાના તટે ઉદાર અવિરતિ કાને જોઈને તેણીને વિદ્યા અભિમંત્રિત પુષ્પો આપ્યા. તેણીએ તે પુષ્પોને ઘેર જઈને નીશાપટ્ટકે તેને સ્થાપ્યા. પછી તે પટ્ટકને અર્ધરાત્રિએ ઘરના દ્વારે પીટ્યો. ત્યારે ગૃહસ્થોએ ઘરમાંથી નીકળીને પુષ્પયુક્ત પટ્ટક જોયો. લોકોએ પૂછતા તેણે જે સત્ય હતું તે જણાવ્યું. તે તાપસને કાઢી મૂકીને સરજસ્ક કહી દીધો.

તેથી સાધ્વીએ પોતા માટે ગૃહસ્થ પાસેથી વસ્ત્રો ન લેવા પણ ગણના ધારકોએ તેને આપવા.

*૦ આગમ સંદર્ભ :–*

*આયા.મૂ. ૧૬૨, ૪૮૯ની વૃ;* *બૃહ.ભા. ૨૮૧૯ + વૃ;*

— x — x —

**૦ સુકુમાલિકા :– (સ્પર્શનેન્દ્રિય વિષયે દૃષ્ટાંત)**

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેને સુકુમાલિકા પત્ની હતી. તે ઘણાં સુકુમાલ સ્પર્શવાળી હતી. રાજા રાજ્યની ચિંતા કરવાને બદલે હંમેશાં તેની સાથે ભોગ ભોગવતો રહેતો. કોઈ વખતે સામંત રાજાની મંત્રણા દ્વારા નોકરોને કહીને રાણી સહિત રાજાને કાઢી મૂક્યો. તેના પુત્રને રાજ્યે સ્થાપ્યો. તેઓ અટવીમાં ગયા. સુકુમાલિકાને તરસ લાગી, તેથી પાણી માંગ્યુ. તેણીની આંખો બંધ કરીને રાજાએ કહ્યું, તું ડરતી નહીં. પોતાનું લોહી પીવડાવ્યું.

